# અલ્લાહના રસુલો

-: લેખક :-

મરહુમ મિશનરી અલીભાઇ માહમદ બાબવાણી

[ ALL RIGHTS RESERVED ]

આવૃત્તિ ૨જી ] સને ૧૯૬૭ [ પ્રત ૩૦૦૦

-: પ્રકાશક :-

ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા વતી

ઓન. જન. સેક્રેટરી

**સુલતાન આઇ. અલાના**

કરીમઆબાદ, ઇમામવાડા રોડ, મુંબઇ-૯

-: મુદ્રક :-

**હબીબ એમ. વીરાણી**

ઇસ્માઇલી પ્રીન્ટીંગ પ્રેસ, બીમપુરા, ડોંગરી સ્ટ્રીટ, મુંબઇ-૯

કિંમત રૂા. ૬

# અલ્લાહના રસુલો

-: લેખક :-

મરહુમ મિશનરી અલીભાઇ માહમદ બાબવાણી

[ ALL RIGHTS RESERVED ]

આવૃત્તિ ૨જી] સને ૧૯૬૭ [પ્રત ૩૦૦૦

-: પ્રકાશક :-

ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા વતી

ઓન. જન. સેક્રેટરી

**સુલતાન આઇ. અલાના**

કરીમઆબાદ, ઇમામવાડા રોડ, મુંબઇ-૯

-: મુદ્રક :-

**હબીબ એમ. વીરાણી**

ઇસ્માઇલીઆ પ્રીન્ટીંગ પ્રેસ, ભીમપુરા, ડોંગરી સ્ટ્રીટ, મુંબઇ-૯

કિંમત રૂા. ૬

# પ્રસ્તાવના

હિંદની ઇસમાઇલીઆ એસોસીએશન તરફથી એકાદ દશકા અગાઉ પ્રગટ થયેલ પુસ્તક "અલ્લાહના રસુલો" જેણે પોતાના પ્રકાશકકાળથી આજ દિન સુધી સતત લોકપ્રિયતા જાળવી રાખેલ છે એવા એ સર્વપ્રિય પુસ્તકની બીજી આવૃતિ આજે અમે કોમની સેવાંમાં રજુ કરી રહયા છીએ. આ પુસ્તકના લેખક મરહુમ મિશનરી અલીભાઈ મામદ બાબવાણી છે, જેઓ પોતાના લખેલા અને ખુબજ લોકપ્રિય બનેલા પુસ્તકની બીજી આવૃતિના પ્રકાશન વખતે આપણા સૌની વચ્ચે આ દુનિયામાં હાજર નથી. વરસો સુધી હિંદની ઇસમાઇલીઆ એસોસીએશન હસ્તક મરહુમે એક મિશનરી તરીકે સેવા આપવા સાથે ધાર્મિક સાહિત્યના સર્જનમાં પણ મહાન ફાળો આપ્યો હતો. તેઓ એક પ્રખર અભ્યાસી અને કોમના પ્રથમ કક્ષાના વિદ્વાન હતા. લેખન, સંશોધન અને ચિંતન એ તેમના માટે ખોરાક બની ગયેલ અને જ્યાં સુધી તેમના શરિરે તેમને સાથ આપ્યો હતો ત્યાં સુધી તેઓ આ મહાન પ્રવૃતિમાં ઓતપ્રોત રહયા હતા. તેમના અવસાનથી ઇસમાઇલી જગતને એક અભ્યાસી મિશનરી, પ્રખર વિદ્યવાન અને પ્રથમ કક્ષાના સંશોધકની જે ખોટ પડી છે તે આજે પણ નથી પુરાઇ, કદાચ ઘણા લાંબા સમય સુધી આ ખોટ સાલ્યા કરશે. મૌલાના હાઝર ઈમામે તેમના વિષે તા. ૨૮-૧૨-૬૫ના નવાજેશ કરેલા મુબારક તાલીકામાં જે કંઇ ફરમાવ્યું હતું તે અહિં ટાંકવું પ્રસંગોચિત ગણાશે.

મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું કે,

"મરહુમ મિશનરીએ ઘણા વરસો સુધી દાખલારૂપ સેવાઓ બજાવી હતી અને તેથી તેમનો શોક વિશાળ પ્રમાણમાં સાલશે અને સઘળાઓ તેમની ખોટ અનુભવશે. તેઓ અમારા હૃદય અને વિચારોમાં તેમજ દુઆઓમાં છે."

પુસ્તકની બીજી આવૃતિના પ્રકાશન સમયે તેના મરહુમ વિદ્વાન લેખકને ભાવભરી અંજલી આપવા ઉપરાંત પુસ્તક માટે વિશેષ કંઇ કહેવાની એ માટે આવશ્યકતા નથી રહેતી કારણ છેલ્લા એક દાયકાથી આ પુસ્તકે લોક હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. પુસ્તકની પ્રથમ આવૃતિ વેચાઈ જતાં, અને બીજી આવૃતિ પ્રગટ થાય તે સમયના ગાળા દરમિયાન આ પુસ્તક માટે દેશ અને દરિયાપારથી સતત માંગણીઓ આવતી રહેતી હતી અને એજ બતાવે છે કે આ

પુસ્તકના મહત્વથી સઘળાઓ જાણકાર છે અને તેથીજ પ્રસ્તાવનાના લાંબા વિવરણને કોઇ અવકાશ રહેતો હોય એમ હું માનતો નથી. છેલ્લે "ઇસમાઇલી"માં આ પુસ્તક ક્રમશ: પ્રગટ કરવામાં આવ્યું ત્યારે તેના દરેક હપ્તાઓ ભારે રસપુર્વક વંચાયા. જેઓએ આ પુસ્તક વાંચ્યું હતું તેઓએ "ઇસમાઇલી"માં નવેસરથી તેનું વાંચન શરૂ કર્યું અને જેઓએ નોહતું વાંચ્યું તેઓએ વાંચ્યા પછી પુસ્તક માટેની માંગણીઓ વધુ જોરદાર બનાવી. ઇસમાઇલીઆ એસોસીએશન માટે આ અત્યંત આનંદનો વિષય છે તો સાથે સાથે હૃદય દુ:ખ પણ અનુભવે છે કારણ પોતાના કાર્યની સિધ્ધિ જોવા માટે તેના લેખક આજે આપણા વચ્ચે હાજર નથી. મૌલાના હાઝર ઇમામે મરહુમ મિશનરી અલીભાઇ મામદ બાબવાણીના રૂહની અખંડ શાંતિ માટે દુઆઓ આપી છે જે માટે આ તર્ફે ઈમામે ઝમાનના શુક્રાના અદા કરૂં છું.

આ પુસ્તકની પહેલી આવૃતિને ઉમળકાભેર આવકાર મલ્યો હતો અને બીજી આવૃતિને પણ જોશભેર આવકાર મળશે એવી આશા રાખું છું.

સ્નેહાધિન

**ગુલામઅલી શકુર મોરાણી**

પ્રેસીડેન્ટ,

ઇસમાઈલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયા, મુંબઇ.

મુંબઈ તા. ૧લી જુન, ૧૯૬૭

# અનુક્રમણિકા

| વિષય | પાનું |
| --- | --- |
| ૧ ઇલાહી નુર અને પૃથ્વીની ઉત્પતિ | ૧ |
| ૨ શયતાનનો પુર્વ ઇતિહાસ | ૩ |
| ૩ અબુલ બશર હઝરત આદમ (અ૦) | ૬ |
| ૪ સૈયદોના મુળ પુરૂષ હઝરત શીશ (અ૦) | ૧૨ |
| ૫ હઝરત ઇદરીસ (અ૦) | ૧૭ |
| ૬ નવી દુનિયાના આદમ હઝરત નુહ (અ૦) | ૨૧ |
| ૭ હઝરત હુદ (અ.) | ૩૦ |
| ૮ શદાદનો અહેવાલ | ૩૮ |
| ૯ હઝરત સાલેહ (અ૦) | ૪૩ |
| ૧૦ નમરૂદ | ૪૮ |
| ૧૧ હઝરત ઇબ્રાહિમ (અ૦) | ૪૯ |
| ૧૨ હઝરત ઇબ્રાહિમ (અ.) નું અગ્નિ પરિક્ષામાંથી મુકત થઈ પરદેશ ગમન કરવું. | ૫૭ |
| ૧૩ હઝરત ઇસમાઇલ (અ૦) ની કુરબાની | ૬૭ |
| ૧૪ ,, ઇબ્રાહિમ (અ.)ના અન્ય કેટલાક પ્રસંગો | ૭૧ |
| ૧૫ ,, લુત (અ.) | ૭૯ |
| ૧૬ ,, ઇસમાઇલ ઝબિઉલ્લાહ | ૮૫ |
| ૧૭ ,, ઇસહાક (અ૦) તથા હ. યાકુબ (અ૦) | ૮૮ |
| ૧૮ ,, યુસુફ અલયહીસ્સલામ | ૯૩ |
| ૧૯ ,, અય્યુબ (અ૦) | ૧૨૬ |
| ૨૦ હ. સિકંદર ઝુલકરનૈન | ૧૩૩ |
| ૨૧ ,, શોએબ (અ૦) | ૧૩૯ |

૨૨ ફિરઓન બાદશાહની હકીકત ૧૪૪
૨૩ હઝરત મુસા કલિમુલ્લાહ ૧૪૯
૨૪ મિસરથી મદીયન તરફ હ. મુસા (અ૦) નું પ્રયાણ ૧૫૫
૨૫ હ૦ મુસા (અ૦) ને પયગમ્બરી મળવી. ૧૬૦
૨૬ હ૦ મુસાનું મિસરથી જવું અને ફિરઓનનું લશ્કર સહિત ગારત થવું. ૧૭૨
૨૭ હ૦ મુસા (અ૦) નું કોહેતુર ઉપર જવું ૧૭૫
૨૮ બની ઇસરાઇલીઓની ગૌપુજા ૧૭૮
૨૯ બાદશાહ કારૂન અને તેનું ગારત થવું ૧૮૨
૩૦ આમીલ મકતુલ બિન સુલેમાન ૧૮૬
૩૧ ઔઝ બિન ઉનુક ૧૮૯
૩૨ હ૦ મુસા (અ૦)ની હ૦ ખીઝર (અ૦) સાથે મુલાકાત ૧૯૩
૩૩ હ૦ મુસા (અ૦) અને હ૦ હારૂન (અ૦)ની વફાત ૧૯૯
૩૪ હઝરત યુશા બિન નુન અને બલઅમ બિન બાઉર ૨૦૧
૩૫ હઝરત દાઉદ (અ૦) અને બાદશાહ તાલુત ૨૦૫
૩૬ હ. દાઉદ (અ૦) સાથે તાલુતની દુશ્માવટ ૨૦૯
૩૭ ,, ,, ,, ને પયગમ્બરી મળી ૨૧૧
૩૮ ,, ,, ,, નો અદલ ઇન્સાફ ૨૧૩
૩૯ ,, ,, ,, ઉપર આવેલી મુસીબત ૨૧૭
૪૦ ,, ,, ,, એ બે ખેડુતોનો કરેલ અદલ ઇન્સાફ ૨૨૦
૪૧ ,, ,, ,, ના દરબારમાં એક ડોશીની હવા વિરૂધ્ધ ફરીયાદ ૨૨૧
૪૨ માતાની આજ્ઞા પાલન કરનાર પુત્રને ખુદા તરફથી મળેલો બદલો ૨૨૩
૪૩ ખુદાઈ ફરમાનનું ઉલ્લંઘન કર્યું તો વાંદરા બની ગયા ૨૨૫
૪૪ હ૦ દાઉદ (અ૦) ની વફાત ૨૨૬
૪૫ લુકમાન હકીમની તેના ફરઝંદને કરેલી વસિયત ૨૨૭

| | | |
|---|---|---|
| ૪૬ | હઝરત સુલેમાન (અ૦) | ૨૩૩ |
| ૪૭ | હ૦ સુલેમાન (અ૦) સાથે કીડીઓના બાદશાહની વાતચિત | ૨૩૬ |
| ૪૮ | ,, ,, ,, અને શાહઝાદી બીલકીશ | ૨૩૮ |
| ૪૯ | ,, ,, ,, ની સીદુન શહેર ઉપર ચડાઈ | ૨૪૫ |
| ૫૦ | ,, ,, ,, ઉપર બલા આવવાનું કારણ | ૨૪૭ |
| ૫૧ | હઝરત યુનુસ (અ૦) | ૨૫૨ |
| ૫૨ | હઝરત જરજીસ (અ૦) | ૨૫૬ |
| ૫૩ | હઝરત ઝકરીયા (અ૦) અને હ૦ યાહયા (અ૦) | ૨૬૧ |
| ૫૪ | હઝરત ઇસા (અ૦) | ૨૬૭ |
| ૫૫ | હ૦ ઇસા (અ૦) નું પયગમ્બરી કાર્ય | ૨૭૩ |
| ૫૬ | ,, ,, ,, અને ઝમઝમા બાદશાહની ખોપરી | ૨૮૨ |
| ૫૭ | ખાતેમુલ અંબીયા હ. મોહમ્મદ મુસ્તફા રસુલ (સ. અ. વ.) | ૨૮૬ |
| ૫૮ | હ૦ મોહમ્મદ મુસ્તફા રસુલ (સ. અ. વ.) ના આગમન પુર્વેનું આરબ પ્રજાનું જીવન | ૨૮૬ |
| ૫૯ | ,, ,, ,, ના પુર્વજો | ૨૮૮ |
| ૬૦ | ,, ,, ,, ની બાલ્યાવસ્થા | ૨૮૯ |
| ૬૧ | ,, ,, ,, ની યુવાવસ્થા અને શાદી | ૨૯૦ |
| ૬૨ | ,, ,, ,, ની હીજરત પછીના વર્ષો | ૨૯૯ |

# લેખકનું નિવેદન

પયગમ્બરોના જીવન વૃતાંતની ઝાંખી કરાવતું ગુજરાતી ભાષામાં એક પુસ્તક હોવાની જરૂરીયાત ઘણા સમય થયા જણાયા કરતી હતી. આ જરૂરીયાત પુરી પાડવા ઈસમાઈલીઆ એસોસીએશન ફોર ભારતના પ્રેસીડેન્ટ સાહેબ વઝીર મહમદઅલી-ભાઈ જી. ફાઝલભાઈ જે. પી. એ મને તેવું પુસ્તક લખવા સુચના કરી. એ સુચના અનુસાર પયગમ્બરોને લગતા કેટલાક પુસ્તકોનો અભ્યાસ કર્યો અને ત્યારબાદ તેવું પુસ્તક લખવાનો પ્રયાસ ચાલુ કર્યો. પરિણામે અવ્વલ પયગમ્બર હઝરત આદમ (સ. અ. વ.) થી ખાતેમુલ અંબિયા હઝરત મુહમ્મદ મુસ્તફા (ર. સ. અ. વ.) સુધીના પયગંબરોના જીવનની ઝાંખી કરાવતું આ "અલ્લાહના રસુલો" નામનું પુસ્તક લખીને તૈયાર કર્યું.

પયગંબરોના આયુષ્ય ઘણા જ મોટા હોવા વિષે ઘણા મતમતાંતરો જોવામાં આવે છે. એ જમાનાના માણસોના જીવન વિષે પણ ઘણા મત છે. તેમ પયગંબ-રોના જન્મ અને વફાત વિષેના "સન" નો પણ ચોકકસ એક મત જણાતો નથી, જો અને વિષેના સળંગ ઇતિહાસના અભાવે ચોકકસ નિર્ણય કરવો મુશ્કેલ છે. આમ હોવાથી એ બાબતને ગૌણ લેખી અભ્યાસ દ્વારા વંચાયેલા પુસ્તકોમાંથી એવા સન રજુ કર્યા છે.

આ પુસ્તક આમ જનતાને પોતાના ઇલ્મમાં એ વિષયમાં માર્ગદર્શન મળે એ હેતુથી લખ્યું છે.

પયગમ્બરોના જીવન પવિત્ર છે અને તે પવિત્રતા જળવાઇ રહે તે માટે અદબશીલ અને મર્યાદિત ભાષામાં રજુ કરવા બનતો પ્રયાસ કર્યો છે, તે છતાં અપવાદરૂપ પ્રસંગો વાએઝ દ્વારા રજુ કરવા માટે વિવેક બુધ્ધિની કસોટીએ ચડાવી રજુ કરવા એ બહુ જરૂરી છે.

આ પુસ્તક કસસુલ અંબીયા, અહેવાલે અંબીયા, બાયબલ, ઇસમાઇલી પ્રેસ પ્રકાશિત કુરઆન, ઇસ્ફિહાની કૃત કુરઆન, સિરતે નબવી, તેમજ અન્ય પુસ્તકોના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. મજકુર પુસ્તકોમાંથી શબ્દે શબ્દ ન લેતા સારરૂપે ફકરાઓ લઈ તેની વ્યવસ્થિત રીતે સંકલના કરી, અને પધ્ધતિસર અને

ક્રમવાર ગોઠવી સાદી અને સરળ ભાષામાં લખ્યું છે. ઉપરોકત ગ્રંથોનો આ પુસ્તકમાં આધાર લીધો હોવાથી મજકુર ગ્રંથકાર મહાશયોનો હું ઋણી છું અને તેઓનો અહિં અંતઃકરણપુર્વક ઉપકાર માનું છું.

પુસ્તક તૈયાર થવા પહેલાં તેમાં ઘટતા સુધારા વધારા કરવા પ્રેસીડેન્ટ સાહેબની સુચના અનુસાર અનુભવી વાઇઝ આલીજાહ મોહમદભાઇ મુરાદઅલી તથા હુ. મુખી એચ. એ. પેનવાલાને વાંચન અર્થે આપ્યું. તેઓએ તેનું વાંચન કરી પુસ્તકને વધુ સુંદર બનાવવા અભિપ્રાય આપ્યો. પરિણામે મી. પેનવાલાએ પુસ્તકને ફરી લખ્યું અને વાઇઝ આ. મોહમદભાઇ મુરાદઅલીએ સાથે બેસી માર્ગદર્શન કરાવ્યું. ત્યારબાદ આલીજાહ વલીમોહમદભાઇ નાનજી હુદાએ વાકય રચના સુધારી તૈયાર કર્યું, તે બદલ તેઓનો પણ આભાર વ્યકત કરૂં છું.

ખુદાતઆલા આ દુનિયામાં કોઇપણ નેક કામ કરવા જ્યારે પણ ઈરાદો કરે છે, ત્યારે ઇન્સાનો મારફત તે કામ પાર પાડે છે. આવા નેક કામના કારણ રૂપ ખુદાવિંદ આલમીન પોતેજ હોય છે. ઇન્સાન માત્ર નિમીત હોય છે. સારૂં અને શ્રેષ્ટ બધું એના તરફથીજ હોય છે. જ્યારે ભુલ અને દોષ બધા ઇન્સાનના હોય છે. એ દ્રષ્ટિએ આ પુસ્તકમાં જે કંઇ ખામી રહી ગઇ હોય તે મારી અપુર્ણતા સમજી હંસ વૃતિ રાખી ઉદાર ભાવે પુસ્તક વાંચવા, તેમ તેનો અન્ય ઇલ્મ પ્રેમી વાંચક વર્ગમાં પ્રચાર કરવા વિનંતી છે.

**એ. એમ. બાબવાણી.**

# અલ્લાહના રસુલો

યાને

# સત્યના પયગામધારીઓ

## ઇલાહી–નુર અને પૃથ્વીની ઉત્પતિ

પયગમ્બરોના જીવનવૃતાંત જાણવા પહેલાં પૃથ્વીની ઉત્પતિ વિષેની હકીકત તે સાથે સંકળાએલી હોઇ તેની ટુંક વિગત જાણવી પણ જરૂરી છે.

મખલુકાતમાં દ્રષ્ટિગોચર થતી વસ્તુઓમાંની કોઇ પણ વસ્તુ–અનાદિકાળમાં ન હતી. તે વખતે માત્ર અલ્લાહનું નુર હતું. અલ્લાહ 'અઝલી' અને 'અબદી' છે તેમજ અનાદિ ને અનંત છે. એ પોતાના ઝાતી ગુણો વડે જાહેર અને 'સિફાતી' ગુણો વડે બાતિન છે. કુરાને શરીફમાં 'ઝાહેર' 'બાતિન' 'અવ્વલ' 'આખર' એવા શબ્દો મળી આવે છે. આ મુદ્દો 'ગંજે મખ્ફી'માંથી પ્રકાશિત થયો છે. આ ઇલાહી રાઝ રહસ્યથી ભરપુર હોઇ તેનો પાર પામવાની કોઇ મનુષ્યની શકિત નથી.

જે સમયે રૂહાનીઓ આલમે અરવાહમાં હતી અને તેમને સ્વરૂપ અપાયું નહોતું ત્યારે એ 'નુર' અર્શ ઉપર જલ્વાગર હતું. તે પછી તે નુર પ્રકાશમાન થઇ આકાશ ઉપર 'કુતુબતારા'માં ઝળકયું. હઝરત મુસા (સ.) ના સામે એ 'નુર' ઝાડમાં પ્રકાશિત થયું, ખાતેમુન્નબી હઝરત મુહમ્મદ (સ.) ના યુગમાં આપની પેશાની મુબારકમાં રોશન થયું અને તે પછી અવ્વલ ઇમામ હઝરત અલી (અ. સ.) ના સીના મુબારકમાં જલ્વાગર થયું.

હ. આદમ (અ.) પહેલાં પયગમ્બર છે. તેમને અબુલ-બશર યાને ઇન્સાનોના પિતા તરીકે ઓળખવામાં આવે છે. હ. આદમ (અ.) માં ખુદાઇ નુર હોવાથી તેમને ખલીફ઼ તરીકે પણ સંબોધવામાં આવે છે. 'ઇન્ની–જાએલુન ફીલ અર્ઝે ખલીફ઼ા' એટલે "હંમેશા માટે હું જમીન ઉપર ખલીફ઼ મુકરર કરીશ." એવા ઇલાહી કલામમાં 'ફ઼િલ અર્ઝ' શબ્દમાં સ્થાનને લગતો સ્પષ્ટ ખુલાસો છે. 'જાએલુન' બનાવીશ અને ખલીફ઼ા એ બે શબ્દો વચ્ચે દુનિયા શબ્દ આવેલો છે તે એ બાબતનું સમર્થન કરે છે કે 'હુજ્જત' અર્થાત ખુદાનો પ્રતિનિધિ ખુદાએ સર્જેલ સર્વ મખ્લુક માટે આ ધરતી ઉપર સદાકાળ કાયમ રહેશે

ઇમામીઓ ઇમામને ખુદાના ખલીફ઼ તરીકે માને છે. અને ઇમામ આ ધરતી ઉપર ફ઼ાતીમિ વંશમાંથી સીના–બસીના–ઉતરતાં કયામત સુધી કાયમ રહેશે. આમ તો નુરે મુહમ્મદીના ખાનદાનનો એ વંશવેલો પુરાતન કાળથી હસ્તી ધરાવે છે. આજે ઝમાનાના ઇમામમાં જે ઇલાહી નુર જલ્વાગર છે તે આદમના પુશ્તમાં જલ્વાગર થયું હતું અને તે પછી દરેક પળે એક હાદીના સ્વરૂપમાં ધરતી ઉપર મૌજુદ ને કાયમ રહયું છે.

જ્યારે જ્યારે પયગંબરોને સોંપાયેલા કાર્યો મુસ્કેલીભર્યા જણાયા છે ત્યારે ત્યારે પાત્ર રૂપી ઇમામોએ પયગંબરોને મદદ કરી તેમનું કાર્ય આસાન બનાવ્યું છે.

સૃષ્ટિની ઉત્પતિ ક્યારે થઇ ? એ સવાલ વિદ્વાનોને હમેશાં મુંઝવતો રહયો છે; એનો નિર્ણય અત્યાર સુધી કોઇ કરી શકયું નથી અને કરી શકવાનું પણ નથી. કારણ કે, આ ઇલાહી રાઝ છે. તેનો ઉકેલ માનવી માટે અશક્ય છે. આ વિષે વીદ્વાનો વચ્ચે ઘણા મતમતાંતરો છે એવી પણ માન્યતા છે કે હ. આદમ (અ.) નું વજુદ હસ્તીમાં આવ્યું તે દરમિયાન પિસ્તાલીસ કરોડ, ત્રેત્રીસ લાખ, સાઠ હજાર ને સાતસો વર્ષ પસાર થઇ ગયા હતા. કુરાને શરીફ઼, બાયબલ અને ઇસમાઇલી શાસ્ત્રો પ્રમાણે છ દીવસમાં દુનીયાની રચના કરવામાં આવી છે. ઉત્પતી કાળનો એક દીવસ લાખો વર્ષનો ગણાય છે. એવા છ દીવસો દરમીયાન સૃષ્ટીનું નીર્માણ થયું અને ત્યારબાદ હ. આદમ (અ.) નું સર્જન કર્યાનો પણ મત છે.

કુરઆને શરીફ઼ની તફ઼સીરોથી જણાય છે કે જ્યારે કંઇ નહોતું ત્યારે માત્ર પાણી હતું અને તેના ઉપર અલ્લાહપાકનું તખ્ત હતું. જ્યારે પરવરદિગારને દુનિયા સર્જવાની ઇચ્છા થઇ ત્યારે પાણીમાં મોજું પ્રગટ કર્યું, મોજામાંથી ફ઼ીણ

પ્રગટયું, એ ફીણ ચોતરફ જામી ગયું. આ જામેલા ફીણમાંથી પૃથ્વી બંધાઇ છે અને તે પછી પ્રાણધારી પ્રાણીઓ અને ઝાડ–વનસ્પતિ હસ્તીમાં આવ્યા છે.

અન્ય કેટલાક મત પ્રમાણે સૃષ્ટિની ઉત્પતિને ચાર–કરનમાં વહેંચી નાંખવામાં આવી છે.

પહેલે કરન ચોવીસ લાખ અઢાર હજાર વર્ષનો હતો અને એ સમયે ફિરસ્તાઓનું અસ્તિત્વ હતું. બીજો કરન અઢાર લાખ, વીસ હજાર વર્ષનો હતો, જેમાં નસનાસ અર્થાત મનુષ્યને મળતા આવે તેવા જાનવરોની આબાદી હતી. ત્રીજો કરન બાર લાખ, બાવીસ હજાર વર્ષનો હતો, જે સમયે દોઢસો માણસો કરી વંશવૃધ્ધિ વગરતું એકલવાયુ જીવન પસાર કરી રહયા હતા. ચોથો કરન આઠ લાખ પચ્ચીસ હજાર વર્ષનો હતો, જે સમયે દુનિયાની આબાદી ઘોડાઓની હતી. આ છેલ્લો કરન પુરો થયા પછી હ. આદમ (અ.)નું આગમન થયું.

એ ગણત્રી અનુસાર દુનિયાની ઉત્પતિ કયારે થઇ એ વિષે હજી ચોકકસ નિર્ણય કરી શકાયો નથી. તેમજ વિજ્ઞાન કે વિદ્વાનો પણ એકમત થઇ શકયા નથી, છતાં હ. નબી. મુહમ્મદ (સ.)ની વિલાદત સુધીમાં અગિયાર અબજ, નવ્વાણું લાખ વર્ષ વીતી ગયા હતા એવી સામાન્ય માન્યતા છે. પરંતુ અંતિમ સત્ય, તો અલ્લાહ સિવાય અન્ય કોઇ જાણતું નથી.

ગમે તેમ પરંતુ આ આખી મખ્લુકાત ખુદાવંદતાલાએ પોતાના નુર વડે, પોતાની ઇચ્છા પ્રમાણે બનાવી છે. અને એ ખુદાઇ નુર એક હતું, એક છે અને એકજ રહેશે.

## શયતાનનો પુર્વ ઈતિહાસ

સૃષ્ટિસર્જન પછી, તેની વૃધ્ધિ અને સતત સર્જન કાર્ય અર્થે, પ્રાણધારી તત્ત્વ પૃથ્વી ઉપર હોવું જ જોઇએ એવી પ્રતીતિ થઇ.

તફસીકુલ અઝકિયામાં વિશ્વાસપાત્ર ઇસ્લામી પુસ્તકોના આધારે જણાવેલું છે કે, હકતાલાએ ધરતી ઉપર પ્રથમ 'પ્રાણધારી' હસ્તી તરીકે જીન્નો સર્જ્યા તેઓ દુનિયામાં વસવાટ કરી રહયા હતા. અને ખુદાના હુકમની તાબેદારી કરી, તેના ગુણગાનમાં મશગુલ રહી પવિત્ર જીવન ગાળતા હતા. દરમિયાન સોમા નામના જીન્ને શરાબની શોધ કરીને તેનું પાન કર્યું સાથે પોતાના સાથીઓને પણ તેનું

પાન કરાવ્યું. પવિત્ર જીવન ગાળનારા જીન્નોને તેનો સ્વાદ લાગતાં તેઓની પવિત્રતા નાશ પામી, અને તેઓ દુરાચારી બની ગયા.

એ દરમિયાન ઇબ્લીશ નામનો જીન્ન જેનું નામ હારિસ પણ હતું, અને જે આલિમ અને ફાઝિલ પણ હતો, તે પોતાની કોમની ગુમરાહી અને ખુદ પરસ્તી જોઇ દુરાચારીઓથી દુર જવા પોતાના એક હજાર સાથીઓને સાથે લઇને એકાંતમાં જીવન ગુજારવા ચાલ્યો ગયો. ત્યારબાદ ખુદાવંદતાલાએ કુમાર્ગે ચઢેલી કોમને તક આપી અને તેઓ પર કહેર નાઝિલ ન કરતા પોતાની હુજ્જત પુરી કરવા હારિસને તેના સાથીઓમાંથી એક મલ્કુસ ઇબ્ને મલાહિસને મોકલી ગુમરાહોને હિદાયત કરવાનો હુકમ ફરમાવ્યો. પણ જીન્ન કોમના સરદારે તેની ધારણા જાણી લઇને તેને મારી નાખ્યો. હારિસે ખુદાના ફરમાન વડે ફરીથી બીજા જીન્નને મોકલ્યો, જેને પણ જીન્નોએ મારી નાખ્યો. એવી રીતે હારિસના નવસો નવ્વાણું સાથીઓ માર્યા ગયા. તે પછી હારિસે યુસુફ ઇબ્ને યાસફને મોકલ્યો. તેણે જઇને હક તરફ દઅવત કરી, પરંતુ તેને પણ જીન્નાતોએ કેદ કરીને તેલની ધગધગતી કડાઇમાં નાંખી બાળી ભસ્મ કરી નાખ્યો. આથી પૃથ્વી કકળી ઉઠી અને પાક પરવરદિગારે જીન્નોનો નાશ કરવા પહેલા આસમાન પરથી ફિરસ્તાઓને પૃથ્વી ઉપર ઉતારીને ઇબ્લીસની સરદારી હેઠળ મુકયા.

ફિરસ્તાઓ અને જીન્નો વચ્ચે યુધ્ધ થયું, તેમાં જીન્નો પરાજીત થયા. જે થોડા બચ્ચા તેઓ કોહે–કાફ અને બહરે–મુહીતના ટાપુઓ ભણી નાસી ગયા અને તેજ સ્થળે ભરાઇ બેઠા; ત્યાંથી તેઓ કદી પાછા ફર્યાં નહીં.

આ જીતથી હારિસનો સિતારો ચમકી ઉઠયો. ફિરસ્તાઓ તેને આકાશમાં લઇ ગયા. આ પછી તે ફિરસ્તાઓ વચ્ચે રહેવા લાગ્યો. ત્યાં ભારે ખંતથી તેણે ઇબાદત બંદગી ચાલુ રાખી અને તેની રિયાઝ (તપોબળ) ફિરસ્તાઓથી પણ વધી ગઇ. ફિરસ્તાઓ પણ આ જોઇને દંગ થઇ ગયા.

હારિસે ફિરસ્તાઓને પોતાની તરફેણમાં લઇ જિન્નોના ઝઘડામાં પોતે કોઇ ભાગ ન લીધો હોવાની કેફિયત તેમના મારફત પરવરદિગાર પાસે રજુ કરી. પરીણામે તેને અમાન બક્ષવામાં આવી અને તે પછી તે ફિરસ્તાઓ સાથે રહેવા લાગ્યો. દુનીયાના સંચાલનની બાબતમાં ફિરસ્તાઓને જો કોઇ હુકમે ઇલાહી થતો તો ઇબ્લીસ તેઓની સાથે જઇ, આગળ રહીને બજાવી લાવતો. ઉપરાંત ઇબ્લીસ ફિરસ્તાઓ સાથે ઇબાદતમાં પણ મશગુલ અને વીષય વાસનાથી દુ

રહેતો. સામાન્ય રીતે એવી વાત મશહૂર છે કે, જમીનની સપાટી ઉપર ઇબ્લીસે સાત લાખ વર્ષ પર્યંત ઇબાદત કરી હતી. તેણે એવી એક પણ જગ્યા મુકી નહોતી જ્યાં તેણે સિજદો કર્યો ન હોય. આના પ્રતાપે તેની આબિદ તરીકે ખ્યાતી થઇ. દરેક આસમાન ઉપર તેની બંદગીને લઇ તેના જુદા જુદા નામો રાખવામાં આવ્યા, અર્થાત પહેલા આકાશ ઉપર આબિદ, બીજા પર ઝાહિદ, ત્રીજા પર આદાબ, ચોથા પર સાલેહ, પાચમાં પર ખાશેઅ, છઠા પર શાકિર અને સાતમા પર મુતીઅ તરીકે ઇબ્લીશ મશહૂર થયો. તે પછી ઇબ્લીસે બહેસ્તમાં પ્રવેશ કર્યો અને પાક પરવરદિગારનો અઝીઝ થયો અને તેને અઝાઝિલ તરીકે સંબોધવામાં આવ્યો.

પાક પરવરદિગારે જમીન અને આસમાનના પ્રદેશો અને જન્નતનો ખજાનો હારિસને ઇનાયત કર્યો હતો. જેથી ઇબ્લીસ કોઇ વેળા પોતાની બંદગીનું પાથરણું પૃથ્વીના સર્વથી હેઠળના ભાગમાં બિછાવતો, તો કોઇ વેળા તે આકાશના મહેરાબમાં ઇબાદત કરવા બેસતો હતો. તેને જ્યારે ઇચ્છા થતી ત્યારે તે બહેસ્તમાં પરવરદિગારની બંદગી અને ઇતાઅત કરતો તો કદી અર્શ તળે કરૂંબીઓ સાથે તસ્બીહ અને તહેલીલમાં મસ્ત રહેતો. અંતે તેની બુધ્ધી અને વિચારશકિતએ તેને ભરમાવ્યો. કરૂંબીઓથી પોતે ઉચ્ચતર છે અને ફિરસ્તાઓથી અફઝલ છે એવો તેને ગર્વ થયો અને આ રીતે તે ગર્વ તેને અધમતા તરફ દોરવા લાગ્યો.

એક સમયે અઝાઝિલ બહેસ્તના દરવાજા પાસેથી જ્યારે પસાર થતો હતો ત્યારે દરવાજા ઉપર લખેલું હતું કે "ખુદાવંદી દરબારખાનાના મુકર્રબો (નિકટમાં રહેનારાઓ) માંનો અને હુઝુરે સરમદીનો એક સર્વથી વીશેષ માનીતો અઝીઝ (વહાલો), જે ઇબાદત અને પરહેઝગારીથી સરફરાઝ છે, અને મરતબામાં પોતાની જીન્સથી ઘણો આ'લા છે, તે મારી ફરમાન-બરદારીમાં કસુર અને મગરૂરી કરશે, જેના પરીણામે હું તેને ઉચ્ચ દરજ્જા પરથી રદ કરી ખુદાવંદી દરબારમાંથી શર-મીંદો કરી હાંકી કઢાડીશ અને તે પછી તે કદી પણ ખુદાનો સ્વીકારાયલો અઝીઝ બની શકશે નહીં."

ઇસરાફીલ ફિરસ્તાએ લોહે મહેફુઝમાં લખાએલું એ લખાણ જોયું. ત્યારે તે ભયથી ગભરાઇને રૂદન કરવા લાગ્યો. અન્ય ફિરસ્તાઓ પણ આ બીનાથી બહુ પરેશાન થયા. અંતે એ વીષય ઉપર વીચાર કરીને તેઓએ નકકી કર્યું કે સઘળા ફિરસ્તાઓમાં અઝાઝિલ ચડીયાતો હોઇ તેના પાસે જઇને બારેતાલાની હુઝુરમાં દુઆ માંગવાની અરજ કરવી, કદાચ તેની દુઆની બરકતથી આપણે સલામત

રહીએ. આથી સઘળા ફિરસ્તાઓ અઝાઝીલ પાસે આવ્યા અને સઘળી વીગતથી તેને માહીતગાર કરી હકની દરગાહમાં દુઆ કરવા અરજ કરી. તેણે સઘળા ફિરસ્તાઓને દીલાસો આપી આ પ્રમાણે દુઆ ગુજારી: "અય ખુદા! આ સઘળા ફિરસ્તા તારા બનાવેલા છે, તું એ સઘળાનો દયાળુ માલીક છે. તેમને એ આફતમાંથી ઉગારી લેજે જે વીષે તેઓએ લોહે મહેફુઝમાં વાંચ્યું છે." ફિરસ્તાઓ માટે ઇબ્લીસે માંગેલી દુઆ પાક પરવરદિગારે કબુલ ફરમાવી. એક ફિરસ્તો હાંકી કહાડી એવું જે લખાણુ લખેલું હતું, તે ઇબ્લીસ માટેજ સત્ય સિધ્ધ થયું.

"જીન્ન" અને "શયતાન" શબ્દોનું ભાવ નિરૂપણુ કરતા માલુમ પડે છે કે નારી જીસ્મ અર્થાત આતશી શરીરવાળી હસ્તી છે. શયતાન શબ્દની વ્યુતપત્તિ જોતાં એ શબ્દ શયતમાંથી બનેલો છે, જેનો અર્થ ઉષ્ણુતા અર્થાત ગરમાશ થાય છે, અને શયતાન ઇન્સાન જાતને આ લોકમાં જુદી જુદી આગથી અને પરલોકમાં કરેલા કાર્યોના બદલા–જઝા માટેની ચિનગારી થી બાળનાર છે. વળી બીજી નજરે જોતાં શયતાન શબ્દની વ્યુતપત્તિ શતન પરથી થઇ હોય તેમ જણાય છે. તેનો અર્થ લાંબી રસી થાય છે, લોકોમાં ફિસાદ જગાડવામાં શેતાન જેટલો આગળ વધેલો છે, તેટલો જ બલ્કે તેથી પણ વધુ પાપ કરવામાં કે લોકોને એ દીશામાં દોરી જવામાં તે પાવરધો છે.

શયતાન અઝાઝીલની વધુ હકીકત હ૦ આદમ (અ૦)ના અહેવાલમાંથી જાણુવા મલશે.

## અબુલ બશર હઝરત આદમ (અ.)

પરવરદિગારે હ. આદમનું સર્જન કરવાની ઇચ્છા કરી ત્યારે તેમનું શરીર બનાવવા પોતાની બારગાહના ખાસ ફિરસ્તા જીબ્રાઇલ, મિકાઇલ અને ઇસરાફીલને પૃથ્વીના જુદા જુદા સ્થળો પરથી જુદા જુદા રંગની સાત મુઠી માંટી ભરી લાવવાનો હુકમ ફરમાવ્યો. એ પવિત્ર હુકમ અનુસાર ફિરસ્તાઓએ પૃથ્વી પર આવીને માટી ખણવાનો જ્યારે ઇરાદો કર્યો ત્યારે પૃથ્વીએ પોતાની પીઠ ઉપર જુલમાત થશે એ ભયને કારણે ફિરસ્તાઓને કહયું: "તમે મારા વતી પરવરદિગારની હુઝુરમાં અરજ ગુજારો કે, જે જીવોને ઉત્પન્ન કરવાની તારી ઇચ્છા થઇ છે, એ જીવો મારી પીઠ ઉપર વસવાટ કરીને મારા સામે પાપ કરશે, તેથી મારા ઉપર ગઝબ ઉતરશે અને ફિટકાર આવશે તેથી મને ગભરાટ થાય છે. આ વાતનો મને ખુલાસો લાવી આપો અને તે પછી તમે આવીને તમારૂં કામ

કરજો." આથી ત્રણે ફિરસ્તાઓ માટી લીધા વિના ખાલી હાથે પરવરદિગારની હુઝુરમાં આવી પહોંચ્યા ખુદાએ એ કામ માટે તેમને અયોગ્ય ગણ્યા અને ચોથા ફિરસ્તા ઇઝરાઇલને મોકલ્યો. તે પૃથ્વી પર આવીને પોતાનું કામ કરવામાં મશગુલ થયો. તેની આગળ પણ પૃથ્વીએ પોતાની વિનંતી રજુ કરી. પરંતુ તેની કશી પણ દરકાર કર્યા વગર તેણે પરવરદિગારની આજ્ઞાનું પાલન કરી માટી લાવી આપી. એ દિનથી પાક પરવરદિગારે મોતના ફિરસ્તા તરીકે ઇઝરાઇલ-ની નિમણુંક કરી સઘળા પ્રાણીઓના રૂહ કબ્જે કરવાનું ~~કામ તેને સોંપ્યું. રૂહુલ~~ અમીન તરીકે ઓળખાતા જીબ્રાઇલ નામના બીજા ફિરસ્તાને પયગંબરો ઉપર વહી અર્થાત સંદેશા લાવવાનું સોંપ્યું, ત્રીજા ફિરસ્તા મિકાઇલની જીવોને રોજી વહેંચી આપવા માટે નિમણુંક થઇ અને ચોથા અસરાફીલ કિયામતના દહાડે સુર ફુંકશે. આ સુર ફુંકવાથી સઘળા જાગૃત થશે. આ પ્રમાણે દુનિયાનું ચક્ર પોતાની મેળે ફર્યા કરે તેવી કુદરતે વ્યવસ્થા કરી.

જ્યારે ઇઝરાઇલને મોતના ફિરસ્તા તરીકે પાક પરવરદિગારે મુકરર કર્યા ત્યારે તેણે અરજ કરી: "યા રબ્બુલ આલમીન, આ કામથી તારા બંદાઓ મને દુશ્મન ગણશે." ત્યારે ખુદાવંદતઆલાએ ફરમાવ્યું કે: "દરેક ઇન્સાનનું મોત કોઇ ને કોઇ કારણસર થશે, એટલે તેઓ તને દુશ્મન ગણશે નહિં."

પ્રથમ એ માટીને ફિરસ્તાઓએ કેળવી; તે બાદ ખુદાવંદતઆલાએ પોતાના સ્વરૂપ પ્રમાણે તેને માણસની આકૃતી આપી અને ચાલીસ વર્ષ પર્યંત એ પુતળાને સુકવવા માટે ખુલ્લું મુક્યું. તે દરમીયાન વખતોવખત ફિરસ્તાઓ તેના ઉપર દ્રષ્ટિપાત કરતા હતા. રિવાયત છે કે એક વખત સિત્તેર-હજાર ફિરસ્તાઓને સાથે લઇ અઝાઝિલ ઇબ્લીસ હ. આદમના પુતળા પાસે આવ્યો હતો અને જમીન ઉપર પડેલા એ પુતળા તરફ હસદ અને તિરસ્કારપુર્વક જોયું હતું.

એક દિવસ ફિરસ્તાઓએ અઝાઝિલને કહયુ: "આ ખાકી પુતળામાંથી ખુદાવંદતઆલા ખલીફો બનાવશે." અઝાઝિલે કહયું: "જો આ આદમને મારો તાબેદાર બનાવશે તો હું તેને હલાક કરી નાંખીશ, અને જો મને તેનો તાબેદાર બનાવવામાં આવશે તો હું તેની તાબેદારીનો ઇન્કાર કરીશ."

અબદુલ્લા ઇબને અબ્બાસથી રિવાયત છે કે, એક દિવસ ઇબ્લીશ આદમના કાલિબમાં દાખલ થઇ તેની નાભિ સુધી પહોંચી ગયો હતો પરંતુ આતશના જોશના સબબથી તેમાંથી બહાર નીકળી આવ્યો, અને હસદથી પુતળા ઉપર થુંકી ત્યાંથી ચાલ્યો ગયો

હતો. એ કારણે ઇન્સાનોના જીસ્મમાં શયતાની દુર્ગુણો: હસદ, કિન્નો અને દુશ્મનીની અસર ઉત્પન્ન થઇ પાક પરવરદીગારે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે જેને આકાર આપ્યો હતો એ માટીના પુતળાંમાં ખુદાએ રૂહ ફુંકયો અને પોતાનું પાક નુર હ. આદમ (અ)માં દાખલ કર્યું, તેથી તેમનામાં બુધ્ધી આવી અને દુનિયાની દરેક વસ્તુનું જ્ઞાન તેમને રોશન થયું.

હજરત આદમ (અ.)માં જે ઇલ્મ હતું તે ફિરસ્તાઓમાં નહોતું. વળી તેમાં ખુદાઇ નુર હોવાથી ફિરસ્તાઓને સિજદો કરવા હુકમ થયો. સઘળા ફિરસ્તાઓએ પાક અલ્લાહના ફરમાનને તાબે થઇ સિજદો કર્યો. પરંતુ ઇબ્લીસે ઇન્કાર કરીને પાક–પરવર્રદિગારના ફરમાનનું ઉલ્લંઘન કર્યું, પાક પરવર્રદિગારે તેને પુછયું: "અય ઇબ્લીસ! તેં સિજદો કેમ ન કર્યો? એ આકૃતિ અમે અમારા બન્ને હાથો વડે બનાવી છે."

ઇબ્લીસે જવાબ આપ્યો: "બારેતા'લા હું આદમથી બહેતર છું; તેં એને માટીમાંથી બનાવ્યો છે જ્યારે મારી પેદાશ આતશી છે. વળી મેં તને સિજદો કર્યો છે તો પછી બીજાને સિજદો શા માટે કરૂં?"

આવા ગર્વભર્યા જવાબથી ઇબ્લીસ ઉપર ઇલાહી ગઝબ ઉતર્યો અને અલ્લાહે તેને ફિટકાર આપી ફરમાવ્યું: "તારા ઉપર કયામતના દીવસ સુધી લાઅનત છે." ઇબ્લીસે પાક પરવર્રદિગારની હુઝુરમાં છુટ માંગી અને સાથે અરજ કરી કે "હું કોઇના જોવામાં ન આવું અને મનુષ્યના શરીરમાં જઇને વસવાટ કરૂં એવો હુકમ આપ." આ રજુઆત મળતાં તેણે કહ્યું "હવે માટીની બનેલી આદમજાતમાંની કોઇ પણ વ્યકિતને હું ગુમરાહ કર્યા વિના મુકીશ નહીં. હું ફ. અલ્લાહના પસંદ કરેલા બંદાઓની નઝદીક જઇશ નહિ."

હ. આદમ (અ.)ને તે પછી જન્નતનમાં જઇને રહેવાનો હુકમ થયો. પરંતુ તેઓ એકલા હોવાથી તેમને એકલતા સાલતી હતી આથી એક સમયે હ. આદમ (અ.) જ્યારે સુતા હતા ત્યારે હ. જીબ્રઇલે આવીને તેમની ડાબી બાજુની પાંસળી કાઢી તેમાંથી બીબી હવ્વા બનાવ્યા. તેઓ અતિ સ્વરૂપવાન તરીકે સર્જાયા હતા. તેમને ઝરિયાન પોશાક પહેરાવાયો, તેમના માથે તાજ મુકવામાં આવ્યો અને તે પછી હ. આદમ (અ.) ને ઉંઘમાંથી જાગૃત કર્યા. તેમની નજર હ. બીબી હવ્વા ઉપર પડી અને તેમને મહોબ્બત થઇ અને એ ખુબસુરત સ્ત્રીને પ્યાર કરવાની ઇચ્છા જાગી. પરંતુ, પરવરદિગારે કાનુની બંધન

ખુલ્લા થયા પછી તેમ કરવાની રજા આપી. એ પ્રમાણે હ. આદમ (અ.)અને બીબી હવ્વાએ સ્ત્રી–પુરૂષ તરીકેના અલ્લાહના નઝદિક કરાર કર્યા. આ પછી તેઓ સાથે રહેવા લાગ્યા.

હ. આદમ (અ.) અને તેમની સ્ત્રીને જન્નતમાં રહેવાનો પરવાનો મળ્યા ઉપરાંત ગમે તે વૃક્ષોમાંથી પસંદ પડે તે મેવા પેટ ભરીને ખાવા માટે પણ રજા મળી; પરંતુ સાથે સાથે એક બંધન પણ મુકવામાં આવ્યું કે અમુક ચોક્કસ વૃક્ષ પાસે જવું નહીં અને તેનું ફળ ખાવું નહીં. એ ઝાડ સંબંધી જુદા જુદા મતો છે. કોઇ કહે છે કે તે ઘઉંનું હતું, કોઇ તેને અંજીરનું અને કોઇ દ્રાક્ષનું પણ કહે છે. મોટા ભાગના આલિમોનો ઘઉં માટેનો મત છે.

હ. આદમ (અ.) સંબંધી કિતાબોમાં ખુબ વર્ણન લખવામાં આવ્યું છે. પણ તે કયા આદમ વીષે લખાયેલું છે તેની ચોખવટ હજુ સુધી આલિમોએ કરી નથી. આદમ અનેક થઇ ગયા છે. "તારીખે ફિરસ્તા"માં લખવામાં આવ્યું છે કે, એક શખ્સે હ. અલી (અ.)ને પુછ્યું "યા અમીરૂલ મોમિનીન હ. આદમ (અ)થી ત્રણ હજાર વર્ષો પુર્વે કોણ હતું?" આપે જવાબ આપતાં ફરમાવ્યું કે: "આદમ જ!" પેલાએ ફરી ફરી ત્રણવાર પુછ્યું અને તેનો જવાબ પણ એકનો એક જ મળ્યો. એ સાંભળી સવાલ પુછનાર માથું નીચું કરી ચુપ થઇ ગયો. એ જોઇ હ. અલી (અ.)એ ફરમાવ્યું કે, "અય શખ્સ, જો તું મને એ પ્રમાણે ત્રીસ વખત પ્રશ્ન કરતે કે અગાઉ કોણ હતું, તો અમારો જવાબ પણ આદમજ હોત, તેની હદ બાંધવી અશક્ય છે."

હ. આદમ (અ.)ને શયતાન પોતાનો હરીફ સમજતો હતો તેમાંય તેમને જન્નત મળવાથી શયતાનને ખુબ ઇર્ષા થઇ હતી. એ સમયે બહેસ્તમાં સર્પની આવજા હતી. શયતાને તેને પોતાનો ગુપ્ત સાથી બનાવ્યો અને જન્નત સુધી પહોંચવાની વેતરણ કરી.

એક દિવસ હ. આદમ (અ.)ને છેતરવા માટે શયતાન બહેસ્ત તરફ ગયો પણ સઘળા દરવાજા બંધ હતા એટલે તે બહેસ્તમાં પેસી શક્યો નહિં. આ સમયે "મોર" પક્ષી બહેસ્તના કાંગરા પર બેઠું હતું. તેણે શયતાનને પુછ્યું: "તું કોણ છે?" તેણે જવાબ આપ્યો: "હું ફિરસ્તો છું અને બહેસ્તમાં દાખલ થવા માંગુ છું." મોરે જવાબ આપ્યો: "બહેસ્તમાં હ. આદમ (અ.) છે ત્યાં સુધી અંદર જવા મળશે નહિં." પણ શયતાને મોરને લલચાવીને કહ્યું: "તું મને બહેસ્તમાં લઇ જા તો તને એક એવી દુઆ પડવાનું શીખવીશ કે જેથી તું

કદી વૃધ્ધ થઇશ નહિં, કોઇ દિવસ મરીશ નહિં અને હંમેશ જન્નતમાં રહીશ." આ વાત સર્પે સાંભળી અને તેણે પોતાનું ડોકું કોધથી બહાર કાઢી શયતાનને પુછયું: "તું કોણ છે?" શયતાને જણાવ્યું: "હું ફિરસ્તો છું." સર્પે કહયું: "એ દુઆ મને શીખવ." શયતાને કહયું: "મને બહેરતમાં લઇ જા તો શીખવું." સર્પે કહયું: "હ. આદમ (અ.) બહેરતમાં છે, ત્યાં સુધી બીજા કોઇને ત્યાં પગ મુકવાનો હુકમ નથી." શયતાને કહયું: "હું પગ મુકીશ નહિં પણ તારા મોઢામાં રહીશ." આમ શયતાન સર્પના મોઢામાં પેસી મનાઇ કરેલા વૃક્ષ પાસે આવ્યો અને છળપ્રપંચ કરી સાપના મોઢામાંથી રડવા લાગ્યો. તેનો રડવાનો અવાજ સાંભળી બીબી હવ્વા ત્યાં આવ્યા અને સર્પને પુછયું: "તું શા માટે રડે છે?" શયતાને છળ કરીને જવાબ આપ્યો કે "હું એટલા માટે રડું છું કારણ પાક પરવરદિગાર તમને જન્નતમાંથી બહાર કાઢી મુકશે. જે ઝાડનું ફળ ખાવાની તમને મના કરી છે તે ઝાડનાં ફળ જો કોઇ ખાય તો તે જન્નતમાં સદા રહી શકે છે." આમ કહી શયતાને ઘણા સોગંદ ખાધા. બીબી હવ્વાને વિશ્વાસ બેઠો અને મનાઇ કરેલા વૃક્ષ તરફ હાથ લંબાવી ત્રણ દાણા તોડી લીધા. જેમાંનો એક દાણો જાતે ખાધો અને બે દાણા પોતાના પતિ હ. આદમ (અ.) પાસે લઇ ગયા. તેમણે એ દાણા ખાવા ઇન્કાર કરી જણાવ્યું: "ખુદાનો હુકમ કદિ તોડીશ નહિં." પરંતુ એ ફળનો સ્વાદ અને શયતાને આપેલી લાલચ વિગેરેની હકીકત બીબી હવ્વાએ રજુ કરીને ખાવા માટે આગ્રહ કર્યો. પોતાની સ્ત્રીના આગ્રહથી હ. આદમ (અ.) ભોળવાઇ ગયા અને એ ઝાડનો દાણો ખાધો. આ પ્રમાણેની શયતાનની ઠગાઇથી બન્નેની અવદશા થઇ. તેઓ નગ્ન અવસ્થામાં આવી પડયા. એ હાલતમાં તેઓએ જન્નતના અંજીરના ઝાડના પાંદડાથી પોતાનું શરીર ઢાંકયું.

શયતાનના પ્રપંચથી હ. આદમ (અ.) અને બીબી હવ્વા બન્ને ભુલમાં પડયા. શયતાનનો આશ્રય લેવા તેમજ પાક-પરવરદિગારની બેફરમાની કરવા માટે તેઓ બન્નેને અને સાપ-મોર તેમજ શયતાનને જન્નતમાંથી બહાર કાઢવામાં આવ્યા.

તે પછી હ. આદમ (અ.) સિંહલદ્વીપમાં (લંકામાં) અને બીબી હવ્વા અરબસ્તાનમાં જીદ્દા ખાતે આવી વસવાટ કરવા લાગ્યા. આમ બન્નેનો વિયોગ થયો.

હ. આદમ (અ.) અને હ. બીબી હવ્વા ઘણા વર્ષો સુધી વિખુટા રહયા અને પોતાથી થયેલી ભુલના પશ્ચાતાપ તરફ વર્ષો સુધી ઘણીજ ગીરીયાઝારી સાથે રડયા. હઝરતની આંખોમાંથી આંસુ સુકાઇ ગયા અને છેવટે લોહીના આંસુ સાથે તોબા કરી. છેવટે ખુદાએ નવાજેશ કરેલા ખાસ પાક "શબ્દ"નું (ઇશમે-આઝિમ)

નું ઝિકર કરવાથી તેમની તૌબા કબુલ થઇ. હ. આદમ (અ.)ને મક્કા પાસેના એક પહાડ ઉપર જબ્બાઇલ લઇ ગયા જ્યાં તેમને તેમના પત્ની હ. હવ્વા મળ્યા. તેઓએ એક બીજાને અહિં ઓળખ્યા.

હ. આદમ (અ) અને બીબી હવ્વા પૃથ્વી ઉપર આવ્યા પછી સંસાર માંડી ભેગા રહેવા લાગ્યા હતા. હ. આદમ ખેતીનો ધંધો કરતાં હતા. સંસાર માંડયા પછી બીબી હવ્વા ગર્ભવંતી થતા હતા. તેમણે ઘણા સંતાનોને જન્મ આપ્યો. તેઓ હંમેશા એક પુત્ર અને એક પુત્રી એમ બે બાળકોને જન્મ આપતા હતા. પ્રથમ પુત્ર કાબિલ સાથે પુત્રી અકલીમા જન્મી. તે પછી હાબિલ સાથે પુત્રી ગાઝા પેદા થઇ. અત્રે એવો હુકમ થયો કે હાબિલ સાથે જન્મેલી પુત્રીના કાબિલ સાથે અને કાબિલ જોડે જન્મેલી પુત્રીના હાબિલ સાથે લગ્ન કરો. તે પ્રમાણે ગાઝાને કાબીલ સાથે અને અકલીમાને હાબીલ સાથે પરણાવવાનો હ. આદમે (અ.) નીર્ધાર કર્યો. પણ અકલીમા ઘણી ખુબસુરત હોવાથી કાબીલે પોતાના પીતાની વાત માની નહીં અને કહ્યું: "મારી બહેન સાહેબે જમાલ હોવાથી હું તેને હાબીલને આપીશ નહીં." હ. આદમ (અ.) એ અલ્લાહતઆલ્લાનો હુકમ કહયો પણ કાબીલે કહયું: "તમે હાબીલને ચાહો છો તેથી તેની તરફેણ કરો છો." પરંતુ ખુદાના હુકમથી હ. આદમે (અ.) હાબીલના લગ્ન કાબીલની બહેન અકલીમા સાથે કરી આપ્યા. હવે કાબીલે હાબીલને કહયું: "તું મારી બહેન અકલીમાને તલ્લાક આપ તો હું તને મારી ખીજમતમાં રાખું." હાબીલે કહયું: "મારા બાપે તેના સાથે મારા લગ્ન કરી આપ્યા છે તેથી હું તેના હુકમની વીરૂધ્ધ જઇશ નહીં." જ્યારે હ. આદમે (અ.) બન્ને ભાઇઓની તકરાર જાણી ત્યારે ઇન્સાફ કરતાં ફરમાવ્યું કે, "તમે બન્ને ભાઇઓ કોહે મના પર જઇ બે કુરબાનીઓ કરો. જેની કુરબાની ખુદાના દરબારમાં કબુલ થશે તેની સ્ત્રી અકલીમા થશે." બન્ને ભાઇઓએ બકરીઓ લાવી તેને ઝબેહ કરી કોહે મના પર રાખી. આકાશમાંથી આતિશે આવી હાબીલની મુકેલી કુરબાનીને બાળી નાંખી. એ મુજબ હાબીલની કુરબાની કબુલ થઇ, અને કાબીલની કુરબાની રદ થઇ. કાબીલ ક્રોધે ભરાયો અને પોતાના ભાઇને કેવી રીતે મારી નાંખવો તેની યોજના કરવા લાગ્યો. તે જમાનામાં ખુન કેમ કરવું એ કોઇ જાણતું નહોતું. આ વખતે શયતાન ઇન્સાનના સ્વરૂપમાં એક હાથમાં એક સાપ લઇ આવ્યો અને કાબીલના દેખતાં સાપને જમીન ઉપર મુકી, એક પત્થર ઉપાડી સાપ ઉપર ફેંકી મારી નાંખ્યો અને પછી ગૈબ થઇ ગયો. આ રીતે શયતાને ખુન કરવાની પધ્ધતિ બતાવી. પછી હાબીલ જ્યારે બકરી ખાનામાં સુતેલો હતો ત્યારે કાબીલે શયતાનની

શીખવણી અનુસાર એક પથ્થર ઉપાડી હાબીલના માથા ઉપર માર્યો જેથી હાબીલ મરી ગયો.

એ સમયે હ. આદમ (અ.) મક્કા ભણી ગયા હતા. તેમની ગેરહાજરીમાં કાબિલે એ કરપીણુ ખુન કર્યું. તેને હાબિલની લાશની વ્યવસ્થા કરવાનું જ્ઞાન નહિં હોવાથી ઘણા દિવસ સુધી લાશ ઉઘાડી પડી રહી. એક દિવસ એક મરી ગયેલા કાગડાને જમીનમાં ખાડો ખોદી કાગડાઓને દાટતા જોઇને કાબિલે પણ પોતાના ભાઇની લાશ જમીનમાં દફન કરી. હ. આદમ (અ.) મક્કાથી પાછા ફર્યા અને હાબિલની ઘણી તપાસ કરી પણ કયાંય પત્તો લાગ્યો નહિં. આ વખતે જીબ્રઇલે નાઝિલ થઇ હાબિલને કાબિલે મારી દફન કરેલ હોવાની હકીકત જણાવી. આથી હ. આદમ તથા બીબી હવ્વા ઘણાજ દુઃખી થયા. ખુનીને તેનો બદલો મળવો જોઇએ એવું ઠરાવ્યા પછી કાબિલને કત્લ કરવાનો હુકમ કર્યો. કાબિલને તેની ખબર પડતાં તે યમન તરફ નાસી ગયો અને આતિશપરસ્ત બની ગયો. હ. આદમ (અ.) અને બીબી હવ્વાને પુત્રની વફાતથી ઘણુંજ દુઃખ થયું હતું. તેથી તેઓ ઘણા ગમગીન રહેતા હતા. હ. આદમે (અ.) હવે પોતાના જીવનમાં હ. શીશને પોતાનું સ્થાન અર્પણુ કર્યું અને તેમને પોતાના ઉતરાધિકારી તરીકે જાહેર કર્યા.

ઇસ્લામી મત મુજબ હ. આદમ (અ.)નો જન્મ ઇસ્વીસનની પુર્વે પાંચ હજાર બસો બયાસી વર્ષ પર થયો હતો. હ. આદમ (અ.)ની વફાત ૯૬૦ વર્ષની વયે થઇ હતી. તેમને મક્કા પાસેના જબલ અબી કુબેશમાં ભુમિદાહ આપવામાં આવ્યો હતો.

## સૈયદોના મુળ પુરૂષ હજરત શીશ (અ.)

હ. શીશ (અ.) હઝરત આદમ (અ.)ના ત્રીજા પુત્ર હતા. હ. શીશ (અ.) તેમના બધા હયાત બંધુઓમાં મોટા હતા, અને ગુણ તેમજ ચારિત્રની દ્રષ્ટિએ પણ ઉતમ સંસ્કારવાળા હતા.

'રવઝતુસ્સફા'ના ઉલ્લેખ અનુસાર હ. આદમ (અ.)ને ત્યાં જન્મેલા બચ્ચા બધાં 'બેલડાં' હતા એટલે એક પુત્ર અને એક પુત્રી એક સાથે જન્મતા હતાં. એમને બધા મળી વીસ પુત્રો અને વીસ દીકરીઓ થઇ હતી. પણ હ. શીશ માત્ર એકલાજ જન્મ્યા હતા. કેટલાકો એમ પણ કહે છે કે, હ. આદમ (અ.)ને બધા મળી એકસો બચ્ચા થયા હતા.

હ. શીશ (અ.)નું નામ સુરિયાની—આસિરીયન ભાષાનું છે, જેનો અર્થ 'ખુદાઇ બક્ષીસ' થાય છે. 'તફરીકુલ—અઝકિયા' અનુસાર જાણીતા વિદ્વાન ઇબ્ને કોતેબાએ વર્ણવ્યું છે કે, હ. આદમ (અ.) ની સંતતીમાં સહુથી શ્રેષ્ઠ હ. શીશ (અ.) હતા. તેઓ ઉદાર અને દુરંદેશ હતા. એમનું મુખ હ. આદમ (અ.) ના મુખને મળતું હતું, હ. શીશ (અ.) જનમ્યા પછી તરતજ ફીરસ્તાઓ તેમને પોતાની સાથે લઇ ગયા હતા અને ચાલીસ દિવસ પર્યંત પોતાની પાસે રાખી ખુદાની આજ્ઞાથી સઘળું જ્ઞાન શીખવ્યું હતું.

'રવઝતુસ્સફા'માં જણાવ્યું છે કે, હ. આદમ (અ.) પોતાના પુત્ર હાબિલના ગુમ થયા પછી ઘણા ઉદાસ રહેતા હતા, તેથી હ. જીબ્રઇલ (અ) એ પ્રકટ થઇને ફરમાવ્યું કે, અલ્લાહતઆલા તમને એક પુત્ર અર્પણ કરશે, જેના વંશમાંથી બની આદમ (મનુષ્ય જાતિ) ના સૈયદો અસ્તિત્વમાં આવશે. હાબિલના વધ પછી પાંચ વર્ષે નુરે મહમ્મદીની શ્રેષ્ઠતાના કારણે હ. શીશ (અ.) એકલાજ પોતાની માતાને ઉદરથી જનમ્યા હતા. એમના વંશમાંથી સૈયદો અર્થાત સરદારોનો સીલસીલો ચાલુ થયો છે. જેથી સૈયદોના મુળ પુરૂષ તરીકે હ. શીશ (અ.) ઓળખાય છે.

'અજાયબુલ—કસસ'માં વર્ણવેલું છે કે, એક સમયે હ. આદમ (અ.) એક નીર્જન સ્થાને બીરાજ્યા હતા, ત્યાં એકાએક ઝાડમાંથી ઉત્તમ ઝરણુ વહેવા માંડયું. આ પાણી સ્વર્ગમાંથી ઊતરી આવ્યું હતું. એ દરમીયાન હ. જીબ્રઇલ બીજા ફિરસ્તાઓ સાથે હ. આદમ (અ.) પાસે આવ્યા, અને તેમને બહેસ્તના મેવાનો એક થાળ આપ્યો અને કહયું, 'અસ્સલામો અલયક' યા અબા મહમદ! આ મેવાઓને તમે ઓળખો છો?

હ. આદમ (અ.) કહ્યું :—'હા, એ મને બહેસ્તમાં મળતા હતા.' તે પછી હ. જીબ્રઇલે (અ.) ફરમાવ્યું :—'એ મેવો તમે આરોગો અને આ પવીત્ર પાણી પીને તમારી જાતને પવીત્ર કરો, કારણ કે, આજે 'નુરે—મહમ્મદી' તમારી પુસ્તમાંથી મુન્તકિલ થવાનો દીવસ છે. તે પછી જનાબ હવ્વાને હમેલ રહયો અને નુરાની પુરૂષ હ. શીશ (અ.) નો જન્મ થયો.

તિબ્રીનું કથન છે કે, હ. શીશ (અ.) ખુદાની કૃપા વડે નબી થયા અને તેમના ઉપર પચાસ સહીફાઓ—ધર્મ પુસ્તકો નાઝિલ (અવતરણ) થયા. ઉમરમાં

આવતાં તેમના પીતાએ તેમને પોતાના ઉત્તરાધીકારી તરીકે જાહેર કર્યા હતા.

હ. આદમ (અ.) એ હ. શીશ (અ) ને એ સમયે શીખામણ આપી હતી કે, તારા અધર્મી થઇ ગએલા ભાઇના વંશથી સબંધ રાખજે નહીં, કારણ કે ગુલમીઓથી દુર રહેવા માટેની મારી આ ચેતવણી છે.

હ. આદમ (અ.) એકવાર માંદા પડયા અને તેમને જન્નતનો મેવો ખાવાની ઇચ્છા થઇ. તેમણે હ. શીશ (અ.) ને તેડાવીને કહયું :– 'ખુદાની નાફરમાની કરી મેં ઘઉંનો દાણો ખાધો, તે દીવસથી હું શરમીન્દો છું, જેથી દુઆ માંગી શકતો નથી. તું માઅસુમ અને પવીત્ર છો; મારા માટે દુઆ માંગ. ખુદાના દરબારમાં તારી દુઆ સ્વીકારવામાં આવશે અને આપણા માટે બહેસ્તથી મેવાનો થાળ ઊતરશે.'

પિતાનાં આ વચનો સાંભળીને હ. શીશ (અ.) દુઆ માંગી. ખુદાએ તરત હ. જીબ્રઇલ (અ.) સાથે એક હુરને માથે મેવાનો થાળ મોકલાવ્યો. હ આદમ (અ.) ખુદાનો ઉપકાર માની તે મેવો ખાધો અને હ. શીશ (અ.) ને ખવરાવ્યો. તે પછી ખુદાની દરગાહમાં અરજ ગુજારી કે, "યા રબ્બુલ આલમીન બહેસ્તની હુર સાથે હ. શીશ (અ) નું લગ્નબંધન થાય' આ અરજ સ્વીકારવામાં આવી અને આવેલી હુર સાથે હ. શીશ (અ) ના. લગ્ન થયા. આ હુરનું નામ 'નહવા–મકા' હતું.

હ. શીશ (અ.) ઇબ્રાની–હીબ્રુ ભાષાના પ્રણેતા અર્થાત આદી સ્થાપક છે. વ્યાખ્યાન, બીજગણીત, સંગીત, જ્યોતીષ, ગણીત, ઇલ્મે મારીફત અને બીજી ઘણી વીદ્યા તથા હુન્નરમાં તેઓ નીષ્ણાત હતા. આ ઉપરથી ગ્રિક–યુનાની વીદ્વાનો તેમને 'પહેલા–ઉસ્તાદ' તરીકે માને છે. ઇતીહાસ પરથી જણાય છે કે, હ. શીશ (અ.) નો પ્રથમ કીબ્લો બયતુલ મુકદસ હતો, અને શામ તથા મીસર તેમના વતન હતાં.

ઇસમાઇલી પ્રેસ તરફથી પ્રગટ થયેલા કુરઆનના અવતરણ મુજબ હ૦ શીશ (અ૦)મે રાજ્યકર્તાઓને ઘણા ઉપયોગી બોધ–વચનો કહયા છે. તે ઉપરાંત હ૦ શીશ (અ૦)ની શીખામણમાં છે કે, મોમીનોએ સોળ ગુણ ધરાવવા જોઇએ: (૧) હકની મારિફત, (૨) સારી નરસી વસ્તુઓ વચ્ચેનો ભેદ, (૩) રાજ્યકર્તાની વફાદારી, (૪) માતાપિતા સાથે સારૂં વર્તન, (૫) મનુષ્ય જાત તરફ ભલાઇ, (૬) ગરીબો અને બીમારીઓ તરફ દીલસોજી, (૭) સર્જનહારની બંદગી,

(૮) બદી અને ખરાબ ચાલચલણથી બચતાં રહેવું, (૯) મુસાફરોની પરોણાગત, (૧૦) દુઃખ–સંકટ દરમીયાન ધૈર્ય ધારણ કરવું, (૧૧) નીત્ય સાચું વદવું, (૧૨) ન્યાયથી વર્તવું, (૧૩) ખુદા તરફથી મળતી ન્યામત માટે આભાર તરીકે ખુદાના નામે દાન અને કુરબાની આપવી, (૧૪) સંતોષી રહેવું, (૧૫) નમ્રતા અને સહનશીલતા દાખવવી, અને (૧૬) દરેક પળે ખુદાનો આભાર માનવો.

હ૦ શીશ (અ૦)એ મનુષ્ય અને જિન્નાતના જુદા જુદા વર્ગો ઉપર વીજય મેળવ્યો હતો. તેમનો તરીકો હ૦ આદમ (અ૦) પ્રમાણેનો હતો. હ૦ શીશ (અ૦) સીરીયામાં પોતાનો ઘણો સમય ગાળ્યો હતો. એમનો જન્મ પણ એજ દેશમાં થયો હતો.

તેમનું વલણ રૂહાનીયત–આધ્યાત્મવાદ તરફ ઢળેલું હતું, જેથી તેઓશ્રી હંમેશ બંદગીમાં મશગુલ રહેતા હતા. તેમની સંતતી પણ એ માર્ગને અનુસરી હતી. એમના યુગમાં માનવસૃષ્ટિ બે ભાગમાં વીભકત થઇ હતી: એક સમુહ તેમને અનુસરતો હતો જ્યારે બીજો સમુહ કાબીલને માર્ગે વીચરતો હતો. વીરૂધ્ધ સમુહમાં પણ હીદાયત કરવાથી તેઓમાંના ઘણા પાછા સાચા માર્ગ તરફ વળી આવ્યા હતા, અને હ૦ શીશ (અ૦)નું વડપણ સ્વીકારી તેમને પોતાના પેશ્વા માન્યા હતા.

"ઉરીયા"ના નામે પણ હ૦ શીશ (અ૦) ઓળખાય છે. આ શબ્દનો અર્થ ઉરીયાની ભાષામાં "વીદ્યાગુરૂ" થાય છે. હ૦ શીશ (અ૦)ના પહેલા પુત્રનું નામ "અનોસ" અથવા "અનસ" રાખવામાં આવ્યું. તેઓ પહેલા પુરૂષ છે, જેમની માતાજીને ખુદાએ માતાપિતા વીના પેદા કરી હતી, એટલે તેઓ નાના–નાની વગરના હતા.

હ૦ શીશ (અ૦)થી લઇ હ૦ નુહ (અ૦)ના યુગ સુધી–૧૬૮૨ વર્ષ દરમીયાન હ૦ શીશ (અ૦)ની દશ પેઢીઓ થઇ. એ સઘળી ખુદાના અહદ ઉપર કાયમ રહી અને સઘળાએ સત્ય માર્ગનો બોધ આપ્યો હતો.

હ૦ શીશ (અ૦)ની ઉમર એકસો પાંચ વર્ષની થઇ ત્યારે તેમને ઘેર હ૦ અનોસ (અ૦)નો જન્મ થયો હતો અને પોતે વૃધ્ધ થતાં તેમને પોતાના જાનશીન મુકરર કર્યા હતા. હ૦ શીશ (અ૦)નું વય ૯૧૨ વર્ષનું થતાં તેઓ આ ફાની દુનીયા છોડી પરલોક ભણી કુચ કરી ગયા. કેટલાકોનું કહેવું છે કે,

હ૦ શીશ (અ૦)ને તેમના પીતાના 'મઝાર'ની બાજુમાં ભુમીદાહ દેવામાં આવ્યા છે, જ્યારે કેટલાક કહે છે કે, 'બાલ્બેક' ઇલ્લાકાના 'સુર–અયન' ગામમાં તેઓની અંતિમ આરામગાહ છે.

'કસસુલ અંબીયા'ના અહેવાલ પ્રમાણે–હ૦ શીશ (અ૦)ના ફરજંદ અનોસ અને હ૦ અનોસના ફરજંદ કતલબાન થયા, કતલબાનના ફરજંદ મહલાઇલ થયા. હ૦ મહલાઇલ વીષે જાણવા જેવું હોવાથી અહીં તેમની ટુંક હકીકત રજુ કરી છે.

હ૦ મહલાઇલ ઘણાજ ખુબસુરત હતા. એ ઝમાનામાં એમના જેવો કોઇ ખુબસુરત નહીં હતો. એમનો ખુબસુરત ચહેરો જોવા માટે દેશ–પરદેશથી પુષ્કળ માણસો નજરાણા સાથે આવતા હતા. હ૦ મહલાઇલને ઘણા ફરજંદો થયા હતા, તેઓ સઘળા હ૦ આદમ (અ૦)ની શરા પ્રમાણે ચાલનારા હતા. હ૦ મહલાઇલે બુઝુર્ગ અવસ્થાએ આ ફાની જગતનો ત્યાગ કર્યો હતો. હ૦ મહલાઇલનો એક ફરજંદ 'એઝદ' નામે સૌથી બુઝુર્ગ હતા. કેટલાકોનું કહેવું છે કે, એનું નામ બીજુ જ હતું. હ. મહલાઇલ જ્યારે જગતથી રહેલત કરી ગયા તે પછી પણ ચારે તરફથી લોકો તેમની જયારત–અર્થાત દીદાર કરવા ઘણા નજરાણા સાથે આવતા હતા, પરંતુ તેમની મુલાકાત ન થતાં તેઓ દીલગીરી સાથે પાછા ચાલ્યા જતા હતા. એક દિવસ શયતાને ઇન્સાનના સ્વરૂપમાં આવી હ. મહલાઇલના ફરજંદને કહયું કે, તમારા પિતાના દિદાર અર્થે દુર દુરથી ઘણા લોકો નજરાણા સાથે આવે છે પરંતુ તેઓની મુલાકાતથી મહેરૂમ થઇ પાછા ચાલ્યા જાય છે. તે ઉપરથી તેમણે પુછયું કે "શું કરવું જોઇએ?" જવાબમાં શયતાને કહયું કે તમારા પિતાને મળતી એક મુર્તિ બનાવવી જોઇએ, જેથી લોકો તે મુર્તિની જયારત કરે અને નાઉમ્મીદ ન થાય. આથી તમારી ઇજ્જત અને શોહરત ઘણી વધી જશે. શયતાનની આ હકીકત સાંભળી બધા ખુશી થયા અને મુર્તિ બનાવવાની તરફેણ કરી. આથી શયતાને હ. મહલાઇલની મુર્તિ તૈયાર કરી, જેથી હ. મહલાઇલના દિદારના તલબગારો દુર દુરથી આવી, તે જીવ વગરની મુર્તિના દિદાર કરી સંતોષ મેળવતા હતા.

થોડીક મુદત વિત્યા બાદ એવું બન્યું કે મુર્તિપુજાના પ્રતાપે ઇલ્મીઓ અને આલિમો બધા ગુમરાહ થઇ ગયા; ધીરે ધીરે સઘળી આલમમાં બુતપરસ્તી ફેલાઇ ગઇ. હ. મહલાઇલના વંશજોમાંથી એક ફરજંદ ખુદાપરસ્ત થયા હતા, જેનું નામ 'ઉખનુખ' હતું, જેને હ. ઇદરીસ (અ.) તરીકે ઓળખવામાં આવે છે.

## હઝરત ઇદરીશ ( અ૦ )

ઇદરીશ, ઇબ્ને યરદ, ઇબ્ને મહલાઇલ, ઇબ્ને કેનાન, ઇબ્ને અનુસ, ઇબ્ને શીશ, ઇબ્ને આદમ (અ.) એ મુજબ હ. ઇદરીસની વંશાવળી છે. હ. ઉખનુખ, હરમીસ, અત્રસીમીન, હુરમઝદ, વીગેરે જુદા જુદા લકબોથી પણ હ. ઇદરીશ (અ) ઓળખાય છે. ગ્રીક વિદ્વાનો હ. ઇદરીસ (અ.)ને આસીરિયન નબીઓ માંહેના એક ગણે છે.

હ. ઇદરીસના નામમાં પણ રહસ્ય સમાયેલું છે. એનો ભાવાર્થ "સતત–ભણતર" એવો થાય છે. તેઓ એક દીવસમાં બાર હજાર તસ્બીહ પડતા હતા. એમની તમામ બંદગી આકાશ પર જતી હોઇ ફિરસ્તાઓ વ્યાકુળ થતા અને કહેતા કે, "અમે નિશદીન ઝિકર કરીએ છીએ છતાં પરવરદિગારના દરબારમાં હ. ઇદરીસ (અ) જ વધુ પ્રસન્નતા મેળવે છે." હ. ઇદરીશ (અ.) નો અલ્લાહે કલામે પાકમાં સાચા નબી તરીકે ઉલ્લેખ કર્યો છે.

હ. ઇદરીસ (અ.) પોતાની આંખો વડે ફિરસ્તાઓને નિહાળી શકતા હતા અને વાદળાઓથી વાત કરતા તો તેમને પ્રત્યુતર મળતો હતો. "અન્તગ્ગુદ દુનિયા" નામક ગ્રંથમાં લખેલું છે કે હ. ઇદરીશ (અ) મુસલ્લીસ–ત્રિગુણી એટલે નબી, રાજવી અને હકીમ હતા.

"તારીખે કુકમ" માં દર્શાવ્યું છે કે હ. ઇદરીસે (અ.) મનુષ્યોના બોતેર સમુહોમાં ધર્મનો બોધ કર્યો અને એકસો નગરો તેમણે વસાવ્યાં. દરેક નગરની યોગ્યતા અનુસાર એમણે પોતાનો ધર્મ અને રિવાજો પ્રચલિત કર્યા. તે પછી હ. ઇદરીસે (અ.) ધોરણસર ધર્મબોધનો કાર્યક્રમ આરંભ્યો; તે માટે દાઇ તરીકે બરકલીનુસ, આમ્મુન, લાવશ અને તેમના પિતાને મુકરર કર્યા, જેઓ સત્ય ધર્મનો ઉપદેશ કરી ઇબાદત, ઉપવાસ, દાન અને ધર્મયુધ્ધનો અમલ કરવા આજ્ઞા કરતા હતા.

"અખબાનુરસફા" નામક વિખ્યાત પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે, હ. ઇદરીસે (અ) સમસ્ત ગગનમંડળનું ત્રીસ વર્ષ પર્યંત નિરીક્ષણ કર્યું હતું; એ દરમ્યાન "ઉલ્વી" (આકાશી) જ્ઞાન અને તેના ભેદોથી તેઓ માહિતગાર થયા હતા. તે પછી બંદગીની તરતીબને લગતા ત્રણ સહીફાઓ (પુસ્તકો) નાઝિલ થયા અને હ. ઇદરીસ (અ.) ને નબુવતની ખિલઅત મળી.

તે ઝમાનામાં કલમથી લખવાની પહેલ સૌ પ્રથમ હ ઇદરીશ (અ.) એ

કરી હતી. હ. ઇદરીશ (અ.) એ મનુષ્ય જાતિને કેળવણીમાં આગળ વધારવા ઘણીજ મહેનત લીધી હતી. આગલા ઝમાનાની વિદ્યામાં થયેલી ભુલોને તેમણે સુધારી નવીન વિદ્યાઓને ઉત્તેજન આપ્યું હતું. ખગોળ વિદ્યા (Astronomy) ની તેઓએ શરૂઆત કરી. લોકોને ગણીતનું શિક્ષણ પણ આપ્યું હતું. હ. ઇદરીશ (અ.) ના આગમન અગાઉ અરબસ્તાનના લોકો ચામડાથી પોતાના શરીરને ઢાંકતા હતા, તે વખતે શીવવાનો હુન્નર કોઇ જાણતું નહોતું. આ કળા તેઓએ શીખવી હતી. આવતા જતાં રાહદારીઓ માટે પાણીના પરબો બનાવવાની પહેલ પણ તેમણે કરી હતી.

"તફસીરે-કબીર"માં ઉલ્લેખ છે કે, હ. ઇદરીશ (અ.) ના સમયમાં ફિરસ્તાઓ મનુષ્યોને દુર્ગુણોથી ભરપુર જોતાં ખુદાતઆલાની હુઝુરમાં કહેવા લાગ્યા કે, તેં માણસોને સર્જ્યા છે, તેમને શ્રેષ્ઠતા આપી છે, અને અમારાથી વધુ પસંદગી પણ આપી છે, પરંતુ તેઓ ગુનામાં એટલા બધા ઉંડા ઉતરી ગયા છે કે તે જોઇને અમને ગ્લાનિ થાય છે.

ફિરસ્તાઓને ખુદાએ ઉત્તર આપ્યો કે "મનુષ્યોમાં વાસનાઓ મુકવામાં આવી છે, જે તમારામાં નથી. તમને તેની ખાતરી કરવી હોય તો બે ફિરસ્તાઓને પસંદ કરીને મારી પાસે મોકલો. હું તેઓમાં વાસનાવૃત્તિ ભરીને તેમને જગતમાં મોકલીશ: પછી ધરતી ઉપર જઇ ભલે તેઓ ભલાઇનાં કાર્યો કરે અને ન્યાય સાથે હકુમત ચલાવે. પ્રથમ મીકાઇલ અને જીબ્રાઇલને પસંદ કરવામાં આવ્યા પરંતુ, તેઓએ પોતાની અપુર્ણતા દેખાડી ક્ષમા યાચી. તે પછી હારૂત અને મારૂત નામના બે ફિરસ્તાઓ રજુ કરવામાં આવ્યા, તેઓમાં વાસનાવૃત્તિ મુકી તેમને હાકેમ બનાવી પૃથ્વી ભણી મોકલાવ્યા. તેઓ આખો દિવસ પૃથ્વી પર રહી કામકાજ કરતા અને રાતે આકાશ પર આવી 'ઇસ્મે-આઝમ' પડતા. તેમના પૃથ્વી નિવાસને એક માસ થયો કે, ઝોહરા નામની એક સ્વરૂપવાન સ્ત્રી તેમના પાસે પોતાના પતિ સાથે થયેલા કંકાશની દાદ માંગવા આવી. એ સમયે બન્ને ફિરસ્તાઓ તેના ઉપર મોહિત થઇ પડયા અને તેની પાસે ન ઇચ્છવા જોગ માંગણી કરી. ઝોહરાએ તેના બદલામાં ત્રણ શરતો મુકી (૧) શરાબ પીવો, (૨) તેના દેવતાને સિજદો કરવો અને (૩) ખુન કરવું. ઝોહરાની માંગણી સ્વીકારવાની પ્રથમ તો ફિરસ્તાઓએ આનાકાની કરી પરંતુ, ત્રીજે દિને ઝોહરા પોતાના હાથમાં શરાબનું પ્યાલું લઇને ફિરસ્તાઓ સમક્ષ આવતા તેઓએ આવેશમાં આવી જઇ શરાબ પીવાનું સ્વીકાર્યું. છતાં દેવતાને સિજદો કરવો અને ખુન કરવું 'ગુનાહે-કબીરા' ઘોર-પાપ કર્મ હોઇ, એનો અસ્વીકાર કર્યો.

ફિરસ્તાઓ શરાબ પી મસ્ત બન્યા અને ઝોહરા સાથે દુષ્કર્મ કર્યું. એક માણસે તે જોયું. તેનું તેમણે ખુન કર્યું અને ગુનો પ્રકાશમાં આવે નહિં, તે માટે ઝોહરાના દેવતાની પુજા પણ કરી. ખુદાતઆલાએ ઝોહરાને સ્ત્રી રૂપમાંથી બદલી તારાનું સ્વરૂપ આપ્યું. ઝોહરા નામે ઓળખાતો સિતારો તેજ એ સ્ત્રી છે.

હારૂત–મારૂતે પોતાની ફિરસ્તાઇનું અભિમાન ટાળવા અને ગુનાની માફી માગવા હ. ઇદરીસ (અ.) ની હુઝુરમાં હાજર થઇ ખુદાના દરબારમાં દુઆ ગુજારવા તેમને અરજ કરી. હ. ઇદરીશ (અ.) તેમના માટે દુઆ ગુજારતા ખુદાતઆલાએ ફિરસ્તાઓને આલોક અને પરલોકમાંથી કોઇ એકની પસંદગી કરવાનું કહેતાં તેઓએ આલોકની શિક્ષા પસંદ કરી. બાબલ નગરના એક અંધારા કુવામાં એ ફિરસ્તાઓને લટકાવેલા છે. એ શિક્ષા તેઓ કયામત સુધી ભોગવતા રહેશે.

કસસુલ–અંબિયામાં વર્ણવેલું છે કે, હ. ઇદરીશ (અ.) ની બંદગીથી પ્રભાવિત થઇ ફિરસ્તાઓ તેમના દિદારના આકાંક્ષી રહેતા હતા. એક દિવસે મલેકુલ મૌત ખુદાતઆલાની પરવાનગીથી માનવીના સ્વરૂપમાં હ ઇદરીશ (અ.) ના ઘેર રાત્રે આવ્યા પછી હઝરત અને મલેકુલ મૌત વચ્ચે ધર્મ ચર્ચા થવા માંડી. સાંજે જ્યારે ઇફતાર યાને રોઝો છોડવાનો સમય થયો ત્યારે નિયમિત હ ઇદરીશ (અ.) માટે એક ભોજન થાળ ઊતરતો તે મુજબ આ સમયે પણ એક થાળ આવ્યો. હઝરતે પોતાના પરોણાને જમવા ફરમાવ્યું પરંતુ, તેનો ઇન્કાર કરી અને તે બંદગીમાં મશગુલ રહયો.

એ પ્રમાણે ત્રણ દિવસ સુધી તેની વિચિત્રતાઓ જોઇને હ. ઇદરીશ (અ.) ને પરોણો મનુષ્ય હોવા માટે શક ગયો. ચોથા દિવસે હઝરતે પરોણાને ફરમાવ્યું કે ચાલો આપણે બહાર જઇ કુદરતની લીલા જોઇએ. બ ને બુઝુર્ગો તે પછી મયદાન તરફ ફરતા ફરતા ઘઉંના ખેતર પાસે જઇ પહોંચ્યા. હ. મલેકુલ મોતે કહ્યું ચાલો આપણે ખેતરમાં જઇ થોડાક ઘઉંના છોડવા લઇ ઘઉં ખાઇયે. હ. ઇદરીશ (અ) એ કહ્યું ગઇ કાલે સાંજે જે હલાલ ખોરાક આવ્યો હતો તે ન ખાધો અને આ પારકી વસ્તુ કે, જે પુછ્યા વીના ખાવી હરામ કહેવાય તે ખાવા કેમ કહો છો? આ ઘણીજ તાજુબીની વાત છે. તે પછી એક બાગના અંગુર ખાવા સુચવ્યું પણ હઝરતે તે લેવા હરામ છે એમ કહી ખાધા નહીં. તે પછી હ૦ મલેકુલ મૌતે એક બકરી જોઇ તેને કત્લ કરી ખાવા કહયું. આપે ફરમાવ્યું કે કોઇની બકરી ખાવી હરામ છે.

આમ તેઓ ત્રણ દીવસ સુધી સાથે રહયા હતા. આ ઉપરથી હ૦ ઇદરીસને શંકા ગઇ કે ખરેખર તે કોઇ આદમ-જાત નથી, તેથી હઝરતે તેને સાચી ઓળખ આપવા જણાવતાં પોતે મલકુલ મૌત છે એમ જણાવ્યું. હઝરતે ફરમાવ્યું કે ત્યારે તો તમે મારો રૂહ કબ્ઝ કરવા આવ્યા હશો. અઝરાઇલે કહયું તેમ નથી; માત્ર હું તમારી સાથે ખુશીમાં વખત પસાર કરવા આવ્યો છું. હ૦ ઇદરીશ(અ૦)એ કહયું કે "તમે સારી મખ્લુકાતના રૂહ કબ્ઝ કરો છો, તો પછી આ ત્રણ દીવસ તમો મારી સાથે રહયા તે દરમીયાન શું તમે કોઇની જાન કબ્ઝ કરી છે?"

અઝરાઇલે કહયું, "જેનો અજલ (અંત) આવી પહોંચે છે તેનો અલ્લાહના હુકમથી હું રૂહ કબ્ઝ કરૂં છું" ત્યારબાદ મલેકુલ મૌતે હઝરતને કહયું: "મારી ઇચ્છા છે કે હું તમારી સાથે ભાઇબંધીનો રીસ્તો જોડું."

હ૦ ઇદરીશ (અ૦)એ કહયું: "હું તોજ તમારી સાથે ભાઇબંધી કરૂં જો તમે મને મૌતનો સ્વાદ ચખાડો કે જેથી મને ખૌફ વધુ થાય અને તેના થકી હું ઇબાદત વધારે કરી શકું."

આ ઉપરથી અઝરાઇલે કહયું: "ખુદાતઆલાના હુકમ વગર હું તેમ કરી શકતો નથી." પછી અઝરાઇલે ખુદાવંદતાલાની દરગાહમાં અરજ કરી; જે માન્ય થતાં મલેકુલ મૌતે હઝરતનો રૂહ કબ્ઝ કર્યો. પછી તેઓ ફરી સજીવન થયા. મૌતનો સ્વાદ ચાખ્યા પછી દોઝખ જોવાની હઝરતે ઇચ્છા દર્શાવતા મલેકુલ મૌત તેમને પોતાની પાંખો ઉપર બેસાડી દોઝખ નજીક લઇ ગયા અને તેના દ્વાર ખોલી જુદા જુદા તબકકા દેખાડયા, એ જોઇ હ૦ ઇદરીશ (અ૦) મુર્છિત થઇ ગયા. શુધ્ધીમાં આવ્યા પછી તેમની ઇચ્છા અનુસાર મલેકુલ મોત તેમને જન્નતમાં લઇ ગયા. તેના સઘળા વીભાગો હઝરતને એટલા બધા પસંદ પડયા કે, તેમણે ત્યાંથા બહાર નીકળવા આનાકાની કરી ને મલેકુલ મોતને કહયું, "એક વખત હું મોતનો સ્વાદ ચાખી ચુકયો છું. હવે જન્નતમાં રહેવાનો અધીકારી છું."

ખુદાતાલાએ મલેકુલ મોતને કહયું "હ૦ ઇદરીશ (અ૦) સાથે વાદવીવાદ છોડી દે તેઓ મારી પરવાનગીથી આવ્યા ને મારી પરવાનગીથી જ બહાર નીકળશે."

ઇતીહાસ પરથી જણાય છે કે, હ૦ ઇદરીશ (અ૦) ૬૫ વર્ષની વયના થયા ત્યારે તેમણે 'બરૂખામ' નામની સ્ત્રી સાથે લગ્ન કર્યા તેમના પેટે તેમને 'મતુશલખ' નામનો પુત્ર થયો જેનો અરબીમાં અર્થ 'નશરહ' થાય છે. 'મતુશલખ' એકસો સીતેર વર્ષના થયા ત્યારે તેમને પોતાના ઉતરાધીકારી મુકરર કર્યા.

હ૦ ઇદરીશ (અ૦) દ્વાઢસો વર્ષ પર્યંત નબુવ્વત ભોગવ્યા પછી આકાશગમન કર્યું. એમણે પોતાનો ઘણો સમય ફીરસ્તાઓ સાથે ગાળ્યો હતો. હ૦ ઇદરીશ (અ૦)નું વય ૩૬૫ વર્ષનું થયું હતું.

હ૦ ઇદરીશ (અ૦) બહેસ્તમાં સીધાવ્યા બાદ તેમની જુદાઇમાં તેમના ફરઝંદો અતી ગમગીન રહયા કરતા હતા, આવા સંજોગોમાં શયતાન ઇબ્લીશે તેમની પાસે આવી કહયું કે તમારી ગમગીની દુર કરવા હું તેમની મુર્તી તમને બનાવી આપું જેને તમો રાત દીવસ જોઇ પુજા કર્યા કરો જેથી તમારૂં સઘળું દુઃખ જતું રહેશે. અને શયતાને એક એવી મુર્તી બનાવી જે હ૦ ઇદરીશ (અ૦) ની આકૃતીને હુબહુ મળતી હતી. તેના અનુકરણમાં બીજાઓ પણ પોતાના પુજ્ય પરલોકવાસીઓની મુર્તીઓ બનાવીને ઘરમાં રાખવા લાગ્યા. જેથી ધીરે ધીરે સઘળી આલમમાં બુતપરસ્તી ફેલાઇ ગઇ. આ બુતપરસ્તી ચારસો વષ લગી આવા રીતે ચાલુ રહી તે બાદ ખુદાતાલાએ હ૦ નુહ (અ૦)ને પયગમ્બર બનાવી મોકલ્યા.

## નવી દુનિયાના આદમ હજરત નુહ (અ૦)

હ૦ નુહ (અ૦) નો જન્મ એશિયા માઇનરના આરમીનીયા ખાતે સને હબુત ૧૬૩૨માં થયો હતો. હ૦ આદમ (અ૦) પૃથ્વી પર આવ્યા, એ ઘટનાને અરબી ભાષામાં "હબુત" કહે છે અને એ ગણુતરીએ આ સન ગણાય છે. હ. નુહ (અ.) નો જન્મ તોરાત પ્રમાણે હ. ઇશા (અ.) ના જન્મથી ૨૯૪૮ વર્ષ અગાઉ થયો હતો.

હ. નુહ (અ.) ને ફારસી ઇતિહાસકારો "અફરીદુન" કહે છે. તેઓ ઇરાનના આદિ પુરૂષ મનાય છે. "ગયોમરસ" હ. નુહ (અ.) નો નબીરો થતો હતો. એ ગયોમરસના વંશમાંથી ઉતરી આવેલ બાદશાહ જમશીદ પર ઝોહાક ચડી આવ્યો હતો. અરબ-ઇરાન વચ્ચેના જોડાણનો આ પહેલવહેલોજ પ્રસંગ છે.

હ. નુહ (અ.) ની વંશાવળી આ પ્રમાણે છે. નુહ બિન મલકાન, બિન મતુસલખ, બિન હનોક, બિન યારૂત, બિન મહલાઇલ, બિન કીનન, બિન અનોસ, બિન શીશ અને શીશના પુજ્ય પીતા હ. આદમ (અ.) છે.

હ. નુહ (અ.) ના માતા હ. અનોસ (અ.) ના પોત્રી થતાં હતાં. જેમનું નામ "સમખા" હતું, તેઓ પવીત્ર બાનુ હતા.

"નુહ" શબ્દનો અર્થ "શકિત" થાય છે. એ હિબ્રુ ભાષાના "નહુમ" શબ્દ પરથી ઉત્પન્ન થયેલો હોય એમ મનાય છે. જાણીતા ઇતીહાસકારોનાં કથન

અનુસાર હ. નુહ (અ.) "ઉલુલ અઝમ" પયગંબરોમાંના પહેલા છે અને તેમને આદમે સાની યાને બીજા આદમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

હ. નુહ (અ.) ના ચાર પુત્રો અને બે સ્ત્રીઓ હતી. "ઉમદા" નામની પહેલી સ્ત્રી ભલી હતી. તેમના ઉદરે હામ, શામ અને યાફિસ જનમ્યા હતા, જ્યારે બીજી અધર્મી સ્ત્રી વાએલા હતી જેના ઉદરે કન્આનનો જન્મ થયો હતો, જે "યામ" તરીકે પણ ઓળખાય છે.

ઇબ્ને ખલદુનનું કથન છે કે, હ. નુહ (અ.) ના વડા પુત્ર યાફીસ હતા અને સહુથી નાના પુત્ર શામ હતા. હ. શામ (અ.) ની હ. નુહ (અ.) એ પોતાના ઉતરાધિકારી--ગાદી વારસ તરીકે નિમણુંક કરી હતી.

હ. આદમ (અ.) ના સમયથી લઇ હ. નુહ (અ.) ના યુગ પર્યંત જગતના લોકો ફળફળાદી ખાઇને જીવનનિર્વાહ કરતા હતા. તે પછી લોકો માછલા પકડવા અને શીકાર કરવા લાગ્યા અને તેનો આહાર પણ કરતા થયા. રહેવા માટે ઝાડના છાંયડામાં તેઓ નિવાસસ્થાનો બાંધતા હતા. તેમને જગતની માયાનો મોહ જરા પણ નહોતો. સેંકડો વર્ષની ઉમર ભોગવવા છતાં તેઓ ઇમારત વીગેરે બાંધતા નહોતા.

એ સમયે પૃથ્વી પર એક ખંડમાં રહેનારને બીજા ખંડનું જ્ઞાન નહોતું અને તેઓ જે ખંડમાં રહેતા હતા તેનેજ આખું જગત સમજતા હતા. તે પછી હ. નુહ (અ.) ના દૌરમાં ખેતીનું જ્ઞાન લોકોને થયું હતું.

હ. નુહ (અ.) ના ચાર પુત્રોમાં હ. શામ (અ.) ના વંશમાંથી આદ બીન ઉસ થયા હતા. આદના બે પુત્ર શદ્દાદ ને શદીદ હતા. એ બન્ને ભાઇઓએ બાદશાહી કરી હતી. શદીદના મરણ પછી તેનો ભાઇ શદ્દાદ ચક્રવર્તી સમ્રાટ થયો હતો.

અહેવાલે અંબિયામાં ઉલ્લેખ છે કે, હ. શામની ઓલાદમાંથી નબીઓ અને ઇમામો થયા હતા. હ. શામની ઓલાદ અને પ્રજા પૃથ્વીના મધ્ય ભાગ પેલેસ્ટાઇન, શામ, આસીરિયા, ઇરાન અને હિજાઝમાં પ્રસરી ગઇ હતી.

હ. નુહ (અ.) ના બીજા પુત્ર હામના પુત્ર હ. કુસ થયા અને તેમના સંતાનોમાંથી નમરૂદ થયો, જે જગતનો ચક્રવર્તી રાજવી થયો. તેનું પાટનગર બગદાદ હતું.

હ. નુહ (અ.) ના ત્રીજા પુત્ર હ. યાફીસના વંશજોમાંથી બે સમુહ થયા, જેઓ યાજુજ ને માજુજને નામે ઓળખાવા લાગ્યા. કેટલાક ઇતીહાસકારો તેમને

તુર્ક કહે છે અને કેટલાક તેમને પહાડી પ્રજા તરીકે ઓળખે છે. તેમના કદ લાંબા અને જાડા હતા, તેમની સંખ્યા ચાર લાખથી વિશેષ હતી. તેઓ ખુબ લડાયક જુસ્સાવાળા હતા.

હ. નુહ (અ.) નો ચોથો પુત્ર કન્આન જાહેરમાં ઇમાનદારીનો ડોળ કરતો હતો. હ. નુહ (અ.) ની પત્ની અને કન્આનની માતા વાએલા પણ અધર્મી હતી. હ. નુહ (અ.) લોકોને જે હિદાયત કરતા હતા, તેથી વિરૂધ્ધ પ્રચાર કરી તેઓ લોકોને ખોટે માર્ગે દોરી અધર્મીઓને સાથ આપતા હતા.

હ. નુહ (અ.) ના યુગમાં મુર્તિપુજા ઘણી પ્રબળ હતી. સત્ય ધર્મના બદલે અધર્મનુંજ આચરણ લોકો કરતા.

એ સમયે પૃથ્વી પર હ. શીશ (અ.) અને કાબિલની ઔલાદ વસ્તી હતી. એમના જુદા જુદા કબીલા પડી ગયા હતા. દરેક કબીલાના સરદારોને સત્તાની ધુન હતી. જનતા સ્વાર્થી, અનીતિમાન અને લાલચુ બની ગઇ હતી. અજ્ઞાનતાને લઇ મનુષ્યો રાક્ષસ જેવા ઘાતકી કાર્યો કરતા હતા, એનો નિર્દેશ કરતાં ઇતિહાસકારો લખે છે કે હ. નુહ (અ.) ના ઝમાનામાં રાક્ષસોનું બળ વધી ગયું હતું. તેઓએ પોતાની જુદી જુદી ઇચ્છાઓ પુર્ણ કરવા જુદી જુદી મુર્તિઓ બનાવી હતી, જેની મુખમુદ્રાઓ ભિન્ન ભિન્ન પ્રકારની હતી. 'વદ્દ' નામની મુર્તિની મુખમુદ્રા મનુષ્ય જેવી હતી. 'સોવાઅ' નામની મુર્તિનું મોઢું સ્ત્રીનું હતું. 'યગુસ' નામની મુર્તિ સિંહના આકાર જેવી હતી. 'યઉધ' ની સુરત ઘોડા જેવી હતી. 'નસર' ની મુર્તિ ગરૂડને મળતી આવતી હતી.

આ પ્રકારે મુર્તિને પુજનારા સંઘને જેવી હાજત થતી હતી, તે મુર્તિના સ્થાનમાં લોકોને દાવત આપવામાં આવી હતી. ત્યાં સ્ત્રી પુરૂષો ભેગા મળી મેળો ભરતાં હતા. મુર્તિ પર માનતાઓ ચઢાવતા હતા, ભોગ ધરતા હતા, હરામ કે હલાલ પ્રાણીઓને મારી તેને રાંધીને ખાતા હતા અને ભોગવિલાસમાં જીવન વ્યતિત કરતા હતા. એવી અજ્ઞાનતામાં મદમસ્ત બની ગયેલી પ્રજાને સત્ય પથે લાવવાનું કાર્ય સહેલ નહોતું; છતાં ખુદાતઆલાના નિયમ પ્રમાણે ચેતવણી આપવા હ. નુહ (અ.) ને ખુદાતઆલાએ પસંદ કર્યા અને તેમને નબી બનાવવામાં આવ્યા. તેઓ હ. શીશ (અ.) અને કાબિલના વંશજો જ્યાં નિવાસ કરતા હતા, તે દેશોની મુસાફરી કરી તેમને હિદાયત કરવા લાગ્યા.

'આરાયસે–સોઅલબી' માં ઉલ્લેખ છે કે હ. નુહ (અ) ના યુગમાં હ.

આદમ (અ.) ના વંશજોના બે સમુહ હતા. એક પર્વતવાસીઓનો હતો, જે હ. શીશ (અ) ના સંતાનો હતા. બીજો અરણ્યવાસીઓનો હતો, જે કાબિલના વંશમાંથી ઉતરી આવ્યા હતા.

એનું કારણ એવું દેખાડવામાં આવે છે કે હ. શીશ (અ.) એક મહાન પયગંબર હતા. જ્યારે કાબિલ હ. આદમ (અ.) નો અધર્મી પુત્ર હતો. હ. આદમે (અ) હ. શીશને ભલામણ કરી હતી કે તમે અને તમારી ઓલાદ કાબિલના વંશજોના સમાગમમાં આવતા નહિં અને સગપણ વીગેરેથી પણ જોડાતાં નહીં. આ કારણે હ શીશ (અ.) ના વંશજોએ પર્વતોમાં જઇને નિવાસ કર્યો હતો. પરંતુ આગળ જતાં શયતાનના ભરમાવ્યાથી હ. શીશના વંશજો કાબિલની ઓલાદના સમાગમમાં આવ્યા. હ. શીશ (અ.) ના સંતાનોમાંનો પુરૂષ વર્ગ અતિ સ્વરૂપવાન હતો, જ્યારે કાબિલના વંશનો સ્ત્રી વર્ગ સૌંદર્યશાળી હતો. તેઓએ એકબીજાના સૌંદર્ય તરફ આકર્ષાઇને અનીતિ આદરી અને પાછળથી લગ્ન ગાંઠે પણ જોડાયા; જેમાંથી પાંચ શાખાઓ થઇ, જેમના નામ અનુક્રમે કઝાબાહ, હુઝલા, આલા–અન્અમ, કહેલાન, અને હમીર, એ પ્રમાણે હતા. તેમને હિદાયત કરવા હ. નુહ (અ) ને નબુવત મળી હતી.

હ. નુહ (અ.) એ બધી શાખામાં ફરી વળ્યા અને ખુદાવંદી નુરની જ્યોતિ પ્રગટાવી; પરંતુ લોકોના હૃદયમાં અંધકારનું આવરણ છવાઇ ગયેલું હોવાથી કોઇએ હિદાયત ગ્રહણ કરી નહિં; બલ્કે એ અધર્મીઓ હ. નુહ (અ.) ને દીવાના કહીને મશ્કરી કરવા લાગ્યા અને તેમને ઘણું કષ્ટ આપ્યું.

હ. નુહ (અ.) નો ઉપદેશ આ પ્રમાણે હતો: "આ દુનીયા તો નાશવંત છે, સદાકાળ રહેનાર અમર જગતને પામવા, દુનિયાની માયા મુકી પવીત્ર જીવન ભણી વળવું જોઇએ. જગતનું ચક્ર તડકા–છાંયડા પ્રમાણે ફર્યા કરે છે. કોઇ પણ મનુષ્યની સ્થિતિ સદાકાળ એક સરખી રહેતી નથી, તેને એક દ્વારથી પ્રવેશ કરી અન્ય દ્વાર મારફત બહાર નીકળવાનું છે."

હ. નુહ (અ.) પ્રથમ છુપી રીતે વ્યક્તિગત દાવત કરતા હતા. જ્યારે લોકોએ તેની દરકાર કરી નહીં, ત્યારે ખુલ્લી રીતે સમુહમાં દાવત કરવાનું શરૂ કર્યું. તેમની ખુલ્લી તથા છુપી દાવતનો એ તરીકો હતો કે લોકોને દરવાજે જઇને 'લા ઇલાહા ઇલ્લલ્લાહ અના રસુલુલ્લાહ' પોકારી અલ્લાહને માર્ગે ફરી આવવા હાકલ કરતા હતા. જ્યારે તેમની જોડમાંથી કદાચ કોઇ નીકળતો તો તેના કાન નઝદિક જઇને કલમો પડવા કહેતા હતા. પરંતુ પ્રજા મુર્તિ પુજામાં

એટલી બધી લીન થઇ ગઇ હતી કે તેમના દિલમાં કોઇ વાત ઉતરતી નહોતી. બલ્કે કેટલીકવાર હ. નુહ (અ.) ને સામા આવતા જોઇને અધર્મીઓ બીજે માર્ગેથી પસાર થઇ જતા અથવા આંખો ને મોઢું કપડાથી છુપાવી સરકી જતા. હ. નુહ (અ) કેટલીકવાર તેમને અટકાવતા અને ઉપદેશ આપતાં પણ તેઓ જરાય દરકાર કરતા નહોતા. લોકોની ભારે અજ્ઞાનતા તેમજ પોતાને સફળતા નહિં મળતી જોઇ તેમનું અંતર કકળી ઉઠતું અને ખુદાના દરબારમાં કાકલુદી કરી પોતાની લાચારી માટે ખેદ પ્રદર્શિત કરતા. છતાં નિરાશ ન થતાં તેઓએ સેંકડો વર્ષ પર્યંત એકધારો ઉપદેશ આપવાનું કાર્ય ચાલુ રાખ્યું. એ દરમિયાન કેટલાક લોકો હ. નુહ (અ.) નું જુઠા અને દીવાના કહીને અપમાન કરતા. ઘણીવાર તેઓ તેમના અંગ ઉપર ધસી જતા, કેટલીકવાર તેમના ઉપર પત્થરની વર્ષા ચલાવતા જેમાં તેઓ દટાઇ જતાં. તેમાંથી કોઇ કાઢનાર ન હોઇ હ. જીબ્રાઇલ આવીને પત્થરના ઢગલામાંથી કાઢીને હ. નુહ (અ.) ના ઝખ્મો ઉપર પોતાની પાંખ ફેરવતા જેથી તેઓ ફરી સાજા થઇ જતા. આવી ઘણી તકલીફો સહન કર્યા છતાં તેઓએ ઉપદેશ કરવાનું ચાલુજ રાખ્યું હતું. અંતે હ. નુહે (અ.) પોતાની પ્રજાને ચેતવણી આપતા કહ્યું કે, "તમે ખુદઇ કહેરનો ભોગ બનો તે પહેલાં તમારા ગુનાઓની માફી માંગી લ્યો. ખુદા દયાળુ અને બક્ષણહાર છે, તે તમારી સંતતિ અને સંપતિમાં બરકત આપશે; તમારા સુખચેન અર્થે આકાશમાંથી વરસાદ વર્ષાવી તમારા બાગ બગીચા આબાદ બનાવશે; રેતાળ જમીનમાંથી ઝરણાં ઉત્પન્ન કરી તેને મીઠા પાણીના તળાવો અને કુવામાં ભરી દેશે. તમારી સુખસંપતિ વિપુળ બનશે. આમ આવા અનેક સાધનો અલ્લાહ તમને આપશે."

ખુદાતઆલા તરફની આટઆટલી ન્યામતોની બક્ષીશની આશા આપવા છતાં લોકો એટલા બધા ગુમરાહ બન્યા હતા કે, તેઓ આ વાત ઉપર કોઇ લક્ષ આપતા નહોતા. કેટલીકવાર તો લોકો હ. નુહને કહી દેતા કે 'અમને તમારા ઉપદેશની જરા પણ જરૂરત નથી. અમે અમારી મુર્તિઓની પુજાઅર્ચનાને મક્કમતાથી વળગી રહેનાર છીએ અને તમારા કરતાં અમે અમારા પુજનિયની વધારે સેવા કરીએ છીએ. ચોવીસે કલાક અમે અમારા દેવતાઓને પ્રસન્ન કરવા અનેકવિધ પ્રાર્થનાઓ–અરચનાઓ કરીએ છીએ.'

હ. નુહ (અ.) ની કોઇ પણ વાત નહિં સાંભળવા માટે તેમજ પોતાની મુર્તિઓનો દ્રોહ નહીં કરવા માટે મુર્તિપુજક પુજારીઓ પોતાના સહધર્મી મુર્તિપુજક બંધુઓને દલીલ કરી ખુદાઇ સંદેશો ઝીલતાં અટકાવતા હતા.

આવી પરિસ્થિતિ જોઇ હ. નુહ (અ.) ને ઘણું લાગી આવ્યું. તેમણે ખુદાતઆલાના દરબારમાં રજુ થઈ પ્રાર્થના કરી: 'અય માલિક હું હવે નિરૂપાય બન્યો છું. તું મારી મદદ કર.' હ. નુહ (અ.) ની પ્રાર્થના સ્વીકારાઇ હોય એવા ચિન્હ થોડા વખતમાં દેખાવા લાગ્યા. ચાલીસ વર્ષ સુધી વરસાદ બંધ થઇ ગયો. ખેતીવાડી ને ઢોરઢાંખર નાશ પામ્યા, સ્ત્રીઓ વાંઝણી થઇ ગઇ. ખોરાક નહીં મળવાથી પુરૂષો એટલા બધા અશકત થઇ પડયા કે સંતાનોપતી થઇ નહીં, નદીઓ અને તળાવો સુકાઇ ગયા. જ્યાં ત્યાં સર્વત્ર નાશ વ્યાપી રહયો. છતાં એ અધર્મીઓના દિલ એટલા બધા સખ્ત થઇ ગયા હતા કે એક શખ્સ પીડાઇને પથારીવશ થતો ત્યારે મરતાં મરતાં પણ પોતાના કુટુંબીઓને ભલામણ કરી જતો કે 'પેલા દિવાનાના પંજામાં સપડાઇ પોતાના પુર્વજોના પંથને તજી નહી દેતા. ખુદાઇ કોપનો તો માત્ર ડર જ બતાવવામાં આવે છે, પરંતુ એ કંઇ સત્ય નથી. માટે એવા જુઠાઓને જરા પણ મચક આપતા નહીં અને તમારો સાચો ધર્મ કોઇ પણ ભોગે સાચવી રાખજો."

અધર્મિઓના સમુહોને એટલા બધા સખ્ત થતાં જોઇને હ. નુહ (અ.)ને અતીશય દુઃખ થયું. તેઓ ઉદાસ થઇ ગયા. એક તરફ પોતાની હઠવાદી કોમ અને બીજી તરફ ખુદાના કોપનો નીત્ય વીચાર તેમને આવ્યા કરતો હતો. અંતે આ મુંઝવણમાંથી ઉગરવા તેમણે ખુદાની હુઝુરમાં દુઆ ગુજારી. બારેતાલાના દરબારમાં એમની દુઆ કબુલ થઇ અને હ. જીબ્રાઇલ વૃક્ષની કેટલીક કલમો લઇ આવ્યા અને તે હ. નુહ (અ.)ને આપી કહયું, "આ કલમોને જમીનમાં રોપી દયો." કેટલાક વર્ષ પછી આ રોપેલી કલમોમાંથી મોટા ઝાડ થયા. એ ઝાડોને કાપી નાંખવામાં આવ્યા અને તેના લાકડા સુકાઇ ગયા પછી તેમાંથી પાટીયા વહેરવામાં આવ્યા. તે પછી એક વહાણ બનાવવા હ. નુહ (અ.)ને હ. જીબ્રઇલે પયગામ આપ્યો. હ. નુહ (અ.)એ વહાણ બાંધવાનું શરૂ કર્યું. એ કાર્યમાં કેટલાક ઇમાનદાર કારીગરો સાથે પોતાના પુત્રો શામ, હામ અને યાફિસને પણ મદદમાં લીધા. હ. નુહ (અ.)ની આ પ્રવૃતી જોઇને અધર્મીઓ તેમની મશ્કરી કરવા લાગ્યા કે, "હવે દાવતનો ધંધો મુકી સુતારનો ધંધો શરૂ કર્યો છે, એવો મનુષ્ય શી રીતે પયગંબર બની શકે ?"

હ. નુહ (અ.) જે વહાણ બનાવ્યું હતું, તેની લંબાઇ, ઉંચાઇ અને પહોળાઇ માટે જુદા જુદા મત છે. બાઇબલ પ્રમાણે એ વહાણની લંબાઇ ત્રણસો હાથ, પહોળાઇ પચાસ હાથ અને ઉંડાઇ ત્રીશ હાથની હતી. એ વહાણમાં ત્રણ

માળ બનાવવામાં આવ્યા હતા. ત્રીજો માળ પક્ષીઓ અને પાંખવાળા જંગલી પ્રાણીઓ માટે હતો. તળેટીએ ચોપગાં અને ઝીણા પ્રાણીઓ હતા અને વચ્ચે હ. નુહ (અ). તેમના કુટુંબીઓ અને મોમીનો હતા. વહાણનું મોઢું મોરની ડોક જેવું, વચલો ભાગ બતકના મધ્ય કદ જેવો હતો અને સુકાન કબુતરની પુંછડી જેવું હતું. વરસાદથી સુરક્ષીત રહેવા માટે વહાણ ઉપર છાપરૂં અને અજવાળા માટે બારીઓ મુકવામાં આવી હતી. એ મુજબ ઇલાહી હુકમ અનુસાર વહાણ તૈયાર થઇ ગયું.

તે પછી તુફાનની આગાહી કરતાં હ. જીબ્રાઇલે કહયું કે, "યા નુહ નબી, તુફાનને શરૂ થવાની નીશાની એ છે કે તમારા ઘરના તંનુરમાંથી ગરમ પાણીનો ધોધ નીકળશે." એક દીવસ હ. નુહ (અ.)ના પત્ની રોટલી પકાવતા હતા કે તે તંનુરમાંથી ગરમ પાણીનો ધોધ શરૂ થયો. જેની ખબર હ. નુહ (અ.)ને આપવામાં આવી.

આ વખતે હ. નુહ (અ.) એ લોકોને છેલ્લી ચેતવણી આપતાં ફરમાવ્યું કે, "ખુદાતઆલાનો વાયદો પુરો થયો છે." માટે તમો બુતપરસ્તી મુકી સત્ય માર્ગે વળો અને આ વહાણમાં પનાહ લ્યો, પણ અધર્મી લોકોએ હઝરતની વાતનો સ્વીકાર ન કરતાં તેનો જવાબ મશ્કરીમાં આપી પોતાની હઠ ઉપર કાયમ રહયા.

એ પછી હ. નુહ (અ.) પોતાની વફાદાર પત્ની ઉમદાબાનુ, હ શામ, હામ અને યાફીસ એ ત્રણે પુત્રો તથા તેમની ધર્મપત્નીઓ અને હ નુહ (અ) મળીને આઠ કુટુંબીજન અને બીજા બહોતેર મોમીનો મળી કુલ્લે એંસી જણા સવાર થયા હતા. દરેક પક્ષી ને પ્રાણીનું એકેક નર–માદાનું જોડું પણ વહાણમાં લેવામાં આવ્યું હતું. સઘળા વહાણમાં ચડી ગયા પછી હ. નુહ (અ.)નો પુત્ર કન્આન બાકી રહયો. તેને વહાણમાં ચડવાનું કહેવામાં આવ્યુ પરંતુ, તેણે વહાણ કરતા પર્વત ઉપર ચડીને આશરો લેવામાં પોતાની સલામતી માનીને પીતાની આજ્ઞાની અવજ્ઞા કરી. કન્આનની અધર્મી માતા વાએલા પણ વહાણમાં ચડી નહીં.

હ નુહ (અ.) એ ખુદાતઆલા પાસે શીફારસ કરી કે, "યા બારીતઆલા, મારા પુત્ર કન્આનને બચાવ. નહીં તો તે કફ્રોની માફક માર્યો જશે, કન્આન મારા કુટુંબમાંથી છે."

ખુદાતઆલાએ ફરમાવ્યું, "અય નુહ, કન્આન તારા કુટુંબમાંથી નથી, તે ઇન્કાર કરનારામાંનો છે. તેનું ઇમાન તારા ઇમાનના જેવું નથી."

પૃથ્વીમાંથી પાણીના ફુવારા બહાર નીકળવા લાગ્યા ત્યારે એની ખબર આપવા એક મોમીન પોતાના બાદશાહ સક્રરદોશ પાસે આવ્યો અને બધી ઘટના કહી સંભળાવી. તે તરત ઘોડા ઉપર સ્વાર થઇ હ. નુહ (અ.) પાસે આવ્યો અને શું થઇ રહ્યું છે, તે જોવા લાગ્યો. હ. નુહ (અ.)એ તેને કહ્યું: "બાદશાહ! ખુદાતઆલાનો વાયદો પુરો થઇ ગયો છે." પછી પાણી ચડતું જોઇને તે ગભરાઇ ગયો, અને ત્યાંથી નાઠો ને પાણીમાં ડુબી જવામાંથી ઉગરવાનો માર્ગ શોધતાં ઉંચા ડુંગર પર પોતાના ઘોડાને ચડાવ્યો, છતાં તે બચી શકયો નહીં. જમીનમાંથી પુષ્કળ પાણી ફુટયા બાદ આકાશેથી પુષ્કળ વરસાદ વરસવા માંડયો. સઘળે પાણી પાણી થઇ ગયું અને સમુદ્ર પ્રમાણે જમીન ઉપર મોજા ઉછળવા લાગ્યા. એ જોતાં અધર્મી પ્રજા પોતાના પ્રાણ બચાવવા પર્વત ઉપર ચડવા લાગી અને કેટલા-કોએ હ. નુહ (અ.)ને સંબોધીને કહ્યું, "હવે અમે આપની વાત માનશું, અમને બચાવી લ્યો." પણ હવે મોડું થઇ ગયું હતું, જેથી તેઓને પોતાના કર્મનો બદલો ભોગવ્યા વગર છુટકો નહોતો.

પાણી ખુબ ઉંચે ચડીને સઘળે ફરી વળ્યું. સઘળે પાણી પાણી જ દેખાતું હતું. જેમાં જમીન પર રહેલા સઘળા માનવીઓ અને પ્રાણીઓ ડુબી મુઆં.

ઇતીહાસકારોનું કથન છે કે, પાણી એટલું બધું ચડયું કે પર્વતોના શીખરો ઉપરથી પણ તે પંદર ગજ ઉંચે ચડયું હતું. એ પાણી ચાલીસ દીવસ પછી ઓસરવા લાગ્યું અને તે ધીમે ધીમે ઓછું થતું ગયું ઇતીહાસકારોનું કહેવું છે કે, હ. નુહ (અ.)નું વહાણ એકસો પચાસ દીવસ તરતું રહ્યું. તે પછી "આરારાટ" (જુદી) પર્વત ઉપર લાગ્યું. એ પર્વત આર્મીનીયાની દક્ષીણે આવેલો છે. તે બાદ એક મહીનો રહીને જમીનનું પાણી સુકાઇ ગયું અને વહાણ-માંના લોકોએ હેઠળ ઉતરી ખુદાનો પાડ માન્યો.

હ. નુહ (અ.) વહાણમાંથી સહીસલામત ઉતરીને પોતાના સહચરો, પક્ષીઓ અને પશુ–પ્રાણીઓને સાથે લઇને એક પર્વતની તળેટીએ તેમણે ગામ વસાવ્યું અને એ ગામનું નામ "સુકલ–સમાનીન" રાખ્યું. એ ગામમાં માનવીઓ સમૃધ્ધ બન્યા.

ઇતીહાસકારોનું કથન છે કે કુફાની હાલની ઇબાદતગાહ પાસે હ. નુહ (અ.)એ પોતાનું વહાણ બાંધ્યું હતું. તેને તૈયાર થતાં બે વર્ષ લાગ્યા હતા અને જળપ્રલયનો આરંભ પણ અહીંથી થયો હતો.

હ. નુહ (અ.) ના સમયમાં જે પુર આવ્યું હતું, એ વિષે જુદા જુદા મતો છે. પરંતુ, ઇતિહાસકારોની મોટી સંખ્યા એમ માને છે કે પાણીમાં ડુબીને જેનો વીનાશ થયો, તે માત્ર હ. નુહ (અ.) નીજ પાપી ઉમ્મત હતી. તેઓ મોટે ભાગે આર્મીનીયા અને કુર્દિસ્તાનમાં વસતા હતા, અને નીશદીન પોતાના દેવતાઓની પુજા સેવામાં ગુંથાઇ ખુદાઇને ભુલી ગયા હતા. તેઓ હ. નુહ (અ.) ને અસત્યવાદી કહેતા હતા, તેમની મશ્કરી કરતા હતા તથા મરણતોલ માર મારતા હતા. એમના પાપના પરીણામે તેમનો અંતે આ પ્રમાણે વીનાશ થયો હતો. મજકુર જળપ્રલય હ. નુહ (અ.) ની ઉમ્મત પુરતો હોઇ બીજા દેશોને તેની અસર સુધ્ધાં પહોંચી નહોતી.

હ. નુહ (અ.) વહાણ ઉપર ચડયા ત્યારે તેમની સાથે કોઇ બાળક નહોતું. હ. નુહ (અ.) ના પુત્રો, તેમની પુત્રવધુઓ અને તેમના સહચરો હતાં, જેનો આગળ જતાં વંશ વધ્યો અને તેઓએ જુદા જુદા શહેરો અને ઇલાકાઓ વસાવ્યા. હ. નુહ (અ.) ને એ ગણત્રીયે ' આદમે સાની ' અર્થાત બીજા આદમ કહેવામાં આવે છે.

ખુદાતઆલાએ હ. નુહ (અ.) પર વહી કરી ફરમાવ્યું કે તારી કોમનો તેમના પાપ તથા દુરાચાર માટે તેમજ અમારા આશીર્વાદોના ઇન્કાર માટે અમોએ વીનાશ કર્યો છે. હવે હું મારા ગૌરવના સોગંદ ખાઇને કહું છું કે મારા બંદાઓને બીજીવાર જળ–પ્રલયની શીક્ષા નહી કરીશ. જગતમાં તું ઉજ્જવળ બન્યો છે અને તારા ઉપર મારા આશીર્વાદ છે.

આ ઇલાહીવાણીની ખુશાલીમાં હ. નુહ (અ.) એ પૃથ્વીના આબાદ પ્રદેશ અર્થાત હફ્ત ઇકલીમ–સાત મુલ્કોના ત્રણ હીસ્સા કરી પોતાના ત્રણ પુત્રોને વહેંચી આપ્યા હતા. ઇરાક, ફારિસ અને ખુરાસાન પોતાના પુત્ર શામને સુપ્રત કર્યા. મગરીબના દેશોમાંના જંગબાર, હબશા, હિંદ તથા સીંધ હામને આપ્યા. ચીન, સકલબીયા તથા તુર્કસ્તાન યાફીસને આપ્યા. ઇતીહાસકારો જણાવે છે કે, સમસ્ત અરબ, રૂમ, ફારસ તથા જગતના મધ્ય ભાગમાં વસનારા લોકોની વંશાવળી હ. શામ સુધી પહોચે છે. તુર્ક, સકલબીઓ અને ખુઝજ પ્રજાઓના આદી પુરૂષ હ. યાફીસ છે, જયારે હીંદ સીંધ, જંગબાર, હબશા અને સુદાનના લોકો હામના વંશથી છે.

વળી ઇતીહાસકારોએ ઉલ્લેખ કર્યો છે કે એક વખતે હામે પોતાના પિતા હ. નુહ (અ.) ની એબ જોઇ, જેને અંગે હ. નુહ (અ) એ નારાજ થઇને ફરમાવ્યું કે, ' તારી અસભ્યતાને કારણે તારી ઓલાદ મારા બે પુત્રો જે તારા ભાઇઓ

છે તેમના વંશજોની ગુલામ થઇને રહેશે.' એ શ્રાપને લઇને હામની ઔલાદ પાછળથી કાળા રંગની અને બેડોળ અવતરી. એ જોઇને તેને ઘણો પશ્ચતાપ થયો પરંતુ, નિર્માણ થયેલી વસ્તુમાં કાંઇ પરિવર્તન થઇ શકે એમ ન હતું.

હ. નુહ (અ.) ના રૂપરંગ હેઠળ મુજબ હોવાનું જણાવવામાં આવેલ છે. એમનો ચહેરો નમણો, માથું મોટું, આંખો મોટી, બાજુઓ માંસળ, પીંડીઓ પાતળી, જાંગ ભરાવદાર અને દાઢી મોટી હતી. એમનું આયુષ્ય ઘણું લાંબુ હતું. અંત પર્યંત એમના દાંત સલામત અને વાળ કાળા હતા. તેમજ તેમની શારીરિક શક્તિ જરા પણ ઘટી નહોતી.

હ. નુહ (અ.) નો જન્મ ઇ. સ. પુર્વે ૨૯૪૮ માં થયો હતો અને વફાત ઇ. સ. પુર્વે ૧૯૯૮ માં થઇ હતી. જળપ્રલય ઇ. સ. પુર્વે ૨૩૪૮ ના થયો હતો. ત્યારે હ. નુહ (અ.) ની ઉમર ૬૦૦ વર્ષની હતી. તેઓ ૯૫૦ વર્ષ સુધી જીવ્યા હતા. એમના ત્રણ દીકરાઓએ એમના શબને ભુમિદાહ આપ્યો હતો. જબ્બુલ અહમર અર્થાત લેબનાન પર્વતની તળેટીના કર્ક નગરમાં તેમની આરામગાહ આવેલી મનાય છે.

કુરઆન શરીફમાં હ. નુહ (અ.) નો ઉલ્લેખ ૩–૩૩, ૬–૮૫, ૭–૫૯, થી ૬૪, ૧૦–૭૧ થી ૭૩, ૧૧–૨૫ થી ૪૮, ૧૪–૯, ૧૭–૩, ૨૧–૭૬–૭૭, ૨૩–૨૩ થી ૨૯, ૨૫–૩૭, ૨૬–૧૦૫ થી ૧૨૨, ૨૯–૧૪–૧૫, ૩૭–૭૫ થી ૮૨, ૫૧–૪૬, ૫૩–૫૨, ૫૮–૯ થી ૧૬, ૫૭–૨૬, ૬૬–૧૦, ૬૯–૧૧–૧૨ અને ૭૧–૧ થી ૨૮, પ્રકરણોમાં છે.

હઝરત હુદ (અ.) પયગમ્બરે પ્રાચીન અરબસ્તાનની આદ તરીકે ઓળખાતી પ્રજાને હીદાયત કરી હતી. કુરઆને–શરીફમાં જુદી જુદી જગ્યાએ એ કોમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઇતીહાસકારો હ. હુદ (અ.) ની વંશાવળી હેઠળ મુજબ આપે છે : હ. હુદ (અ.) બિન અબ્દુલ્લા, બિન રબાહ, બિન ખાલુદ, બિન આદ, બિન ઇરમ, બિન શામ, બિન નુહ (અ.)

અન્ય ઇતીહાસકારોએ હ. હુદ (અ.) ના પિતાનું નામ 'અફંખશદ' આપ્યું છે 'અફંખશદ' નો અર્થ 'પ્રકાશિત દીપક' થાય છે. હ. હુદ (અ.) નું બીજું નામ 'આબિર' જણાવવામાં આવે છે. 'આબીર' એ અરબી નામ છે જ્યારે 'હુદ' ઇબ્રાની–હિબ્રૂ ભાષાનો શબ્દ છે.

હ. હુદ (અ) નો ' લકબ નબીયુલ્લાહ ' હતો. તેઓ ખુદાના રસુલ તરીકે જગતમાં આવ્યા હતા. તેમને આદની કોમને સત્યપંથે દોરવા અને હક તરફ દાવત કરવાનું કાર્ય ખુદાતઆલાએ સુપ્રત કર્યું હતું.

હ. હુદ (અ.) ના જીવનકાળમાં હઝરમૌત અને નજરાન વચ્ચેનો પ્રદેશ બની આદની વસતિવાળો હતો. હ. આદમ (અ.) ના એક પુત્ર હ. શીશની વસાવેલી ભુમિ પર હ. નુહના સમયના જળપ્રલય પુર્વે અને બીજીવાર પ્રલય પછી એમ બે વાર વસતિ આબાદ થઇ હતી. એ પ્રકારે બની આદમના વંશજોથી બની આદના લોકોએ એ ભુમિને પ્રગતિમાન બનાવી હતી.

બની આદનો સમય ઇ. સ. પુર્વે ૨૨૦૦ ઉપરનો ગણાય છે. ગ્રીકોએ 'આદરમિટા' અને 'આદાઇટ'ના નામે બની આદનું વર્ણન કર્યું છે. તેઓ હઝર-મૌત ને યમનના નિવાસી હતા, એવો ઉલ્લેખ એમના લેખો પરથી મળી આવે છે. તેનું વિસ્તૃત વર્ણન જોતાં એ પ્રજા અરબસ્તાનના યમન, હઝરમૌતના પ્રગણા-ઓથી માંડીને ઇરાની અખાતના કાંઠાથી લઇ ઇરાકની સીમા સુધી પ્રસરેલી હતી, એવું જણાઇ આવે છે.

નામાંકિત અરબ ઇતિહાસકાર ઇબ્ને ખલ્દુન લખે છે કે, 'બની આદ' અને 'બની અમાલિકા' બેબિલોનના રાજ્યકર્તા થઇ ગયા છે, પરંતુ બનુ હામ અર્થાત હામના વંશજોએ તેમનો પરાજય કર્યાથી તેઓ બેબિલોન છોડી અરબસ્તાનમાં આવી વસ્યા હતા.

આદના વંશની તેર શાખાઓ હતી. તેઓ ચન્દ્રપુજકો હતાં. એમની આવરદા ઘણી લાંબી હતી. ઇતિહાસે આદ પ્રજાના બે વિભાગ પાડેલા છે. એક 'આદેકદીમ' પુર્વકાલિન આદના વંશજો અને બીજા 'આદે ઇરમ' જે ઇરમ (અરમ) ના વંશજો હતાં, જેણે ઇરમ નામનું નગર વસાવ્યું હતું. આદની આ બીજી પ્રજા હઝરમૌતના નિકટના રણ 'અહકાફ' માં રહેતી હતી. એ સ્થળ યમન પ્રગણામાં આવેલું છે. એના આદિ પુરૂષનું નામ પણ આદ હતું. એ આદની સમસ્ત પ્રજાને હિદાયત કરવા હ. હુદ અ. આવ્યા હતા.

બની આદે ખુદાની બંદગીનો ત્યાગ કર્યો હતો અને તેઓ મુર્તી પુજામાં રચ્યાપચ્યા રહેતા હતા એ લોકો ઊંચી ઊંચી મહેલાતો બાંધતા હતા. તેઓ જાતે કદાવર, બળવાન અને તાલેવંત હતા. એ સમયમાં જગતમાં એમની સમાનતામાં

આવી શકે એવી અન્ય કોઇ જાતિ નહોતી. બની આદનું એક કુટુંબ એક ઊંટ સવારે અને એક ઊંટ સાંજે ખાઇ જતું હતું. એવો તેમનો ભારે ખોરાક હતો. એમના શરીર અતિ કસાયેલા હોઇ કાળમીંઢ પર્વતો કોતરી તેમાં કિલ્લાઓ, હવેલીઓ અને બાગબગીચાઓ બનાવતા હતા. શદાદ અને શદદીદ તેઓ બની આદની કોમ સાથે સંકળાયેલા હોઇ એમનો અહેવાલ હવે પછીના પ્રકરણમાં આપવામાં આવશે.

હ. હુદ (અ) રિસાલત લઇને આદની કોમ વચ્ચે આવ્યા એ સમયે એ કોમ ઘણી મોટી હતી અને તેર શાખાઓમાં વહેંચાયલી હતી. એમણે પોતાની માન્યતા અનુસાર જુદી જુદી મુર્તિઓનું સ્થાપન કર્યું હતું, અને તેની તેઓ પુજા કરતા હતા. તેઓના દેવોમાં વરસાદ મોકલનાર 'સાકિઆ', આફતમાંથી ઊગારનાર 'હાફીઝા' અને દૌલત મેળવવા માટે 'રાઝીકા' હતાં અને તે સિવાય તેઓ ઘણી મુર્તિઓને પુજતા હતા. તેમજ પોતાની મુર્તિઓ કેવી શકિતશાળી છે, એ તેઓ અન્યોને દર્શાવતા અને પોતાની શ્રધ્ધા અને ધર્મના તેમને દાવત આપતા હતા. એ યુગમાં બની આદ જેટલી કોઇ અન્ય કોમ દુનિયાભરમાં શ્રીમંત અને બળવાન નહોતી. તેઓ શરીરે કદાવર હતા, પોતાના દુન્યવી જીવનનાં સુખ પ્રત્યે નિર્દેશ કરી તેઓ અન્ય લોકોને કહેતા કે, આ સઘળું અમારા દેવતાઓની કૃપા છે, અને તેમની માયા વડે જ અમે સુખમય જીવન ગાળીએ છીએ, માટે અમારી સાથે ભળીને તમે અમારા દેવતાઓની પુજા કરશો તો તમે પણ અમારા જેવા નિરોગી અને સુખી બનવા પામશો. એમની એ વાતો તરફ લોકો ખેંચાઇ આવતા હતા અને બની આદના દેવસ્થનોમાં જઇ તેમની મુર્તિઓ પાછળ લાગીને પોતાનો ધર્મ તજી દેતા હતા. આ કારણથી બની આદ જ્યાં વસ્યા હતા તે સઘળા વિશાળ પ્રદેશમાં ઘેર ઘેર મુર્તિઓ પુજાતી હતી અને ચૌટેચૌટે લોકો તેમના ગુણ ગાઇ તેમના ચમત્કારની વાતો કરતા હતા. મુર્તિપુજાનું વાતાવરણ ચોમેર અતિ વિશાળ-તાથી વ્યાપેલું જોઇને હ. હુદ (અ.) ને ખુદાતઆલાએ હિદાયત કરવા મોકલ્યા પરંતુ, એ કોમ નૈતિક દ્રષ્ટિએ પતન ભણી ઘસડાઇ રહી હતી. તેઓ પોતાના લાંબા આયુષ્યના અંગે મૃત્યુનો ભય ભુલી ગયા હતા. તેઓ પોતાના નિવાસ માટે મોટા મોટા મકાનો અને કિલ્લાઓ બંધાવતા હતા. ઉત્તમ કારીગીરીવાળા મિના-રાઓ ચણાવતા હતા. સવારે ને સાંજે એ મિનારાઓ ઉપર ચઢી વટેમાર્ગુઓની ઠઠ્ઠા ઊડાવતા હતાં. કબુતરબાજી એમની લોકપ્રિય રમત હતી, જેમાં તેઓ મશગુલ રહેતાં હતાં, અને મરવાનો ભય મુદ્દલ રાખતા જ નહોતા; કારણ કે વર્ષોના વર્ષો પર્યંત તેઓમાં કોઇ મરણ પામતો જ નહોતો.

હ. હુદ (અ.) હીદાયત એવી રીતે કરતા હતા કે, હે લોકો! તમો એકજ અલ્લાહની ઇબાદત કરો, તેના સીવાય તમારો બીજો કોઇ પયદા કરનાર નથી, તમે ઇલ્મ શીખો, અમાલ સારા રાખો અને ખુદાતઆલા ઉપર વીશ્વાસ રાખો. હું તમોને મારા પાલણહારનો પયગામ પહોંચાડવા આવ્યો છું, હું તમારો ખેરખ્વાહ અને વીશ્વાસુ છું.

આવી રીતે હ. હુદ (અ.) લોકોના ટોળા વચ્ચે કે વ્યકિતગત મુલાકાત લઇને તેમને હીદાયત આપતા હતા, ત્યારે એ અધર્મીઓ તેઓની મશ્કરી કરતા હતા. અને કહેતા હતા કે "તમે મુર્ખ છો: તેને અંગેજ તમે અમારી મુર્તીઓને અમારાથી છોડાવી તમારા ખુદા તરફ અમને દાવત આપો છો: પરંતુ અમે એવા મુર્ખ નથી કે અમે અમારા વડીલોનો પંથ છોડી તમારા તાબેદાર થઇ રહીએ અને અમારી મહાન કોમ સાથેનો અમારો સારો સંબંધ તોડી પાડીને, તમારા કંગાળ ટોળામાં આવીને ભળવા રાજી થઇ જઇએ."

હ. હુદ (અ.)એ આ સઘળું સાંભળ્યા છતાં પોતાનું હીદાયતી કાર્ય ચાલુ જ રાખ્યું હતું; પરંતુ, એમની કોશીષોની હદ આવી ગઇ ત્યારે છેલ્લે હ. હુદ (અ.)એ અધર્મીઓને કહ્યુંઃ "અમોએ અમારૂં વચન પુર્ણું કર્યું છે અને સંત-પંથ તરફ દોરવણી કરી છે; પરંતુ તમે અંધકારમાંથી પ્રકાશ ભણી નથી આવતા. હવે સ્મરણમાં રાખજો કે એક દીવસ તમારો ગર્વ તમને ગળી જશે. ઇલાહી કહેરના તમો ભોગ થઇ પડશો, અને ખુદાનો એ અઝાબ તમારાથી સહન થઇ શકશે નહીં. મેં તમને ઘણા સમય સુધી સમજાવ્યા છે, પરંતુ તમોએ પોતાની ગુમરાહી મુકી નથી; હવે તમારી ગુમરાહીના સબબે ખુદાના અઝાબની રાહ જુઓ અને હું પણ તેની રાહ જોઇ રહયો છું કે પાપીઓ માટેનું પરવર્દિગારનું વચન ક્યારે પુર્ણું થાય છે!"

તે પછી હ. હુદ (અ)એ ખુદાતઆલાની પાક હુઝુરમાં હાથ ઉંચા કરીને દુઆ ગુજારી કે "સકળ સૃષ્ટિના માલેક! એ હઠાગ્રહી કોમથી હું હારી ગયો છું. એ કોમે મને મુર્ખ અને જુઠો કહયો છે પરંતુ, તેની મેં કદી દરકાર કરી નથી અને મને સોંપાયલા કાર્ય પર મારાથી બનતું સઘળું કરી છુટયો છું. હવે એ જાલીમ કોમને તુંજ સંભાળી લે અને તેઓએ કરેલા પાપનો બદલો લેવાનું તારી અખ્તીયારી ઉપર છોડું છું. એ કોમના માટે તું બહેતર જાણે છે કે તેઓ કેટલા અધર્મના માર્ગ ઉપર ચડી ચુકયા છે?"

હ. હુદ (અ.)ની દુઆ બારેતાલાની દરબારમાં કબુલ થઇ અને નીદા થઇ કે, "હુદ! હવે તારા મોમીનોને તારી સાથે લઇને એ અધર્મીઓની વસતીમાંથી હટી જા. તે પછી તેઓના ઉપર અમો અઝાબ ઉતારીશું."

આ સમય સુધી માત્ર સોળ જણા હ. હુદ (અ.) ઉપર ઇમાન લાવ્યા હતા. તેઓને સાથે લઇ હ. હુદ (અ) શહેર બહાર જઇ એક પહાડ ઉપર જઇને બેઠા અને ત્યાંથી ખુદાના કહેરની કુદરત નીહાળવા લાગ્યા. હ. હુદ (અ.)એ જતી વખતે કોમને ચેતવણી આપી કે, "અય પાપી કોમ! યાદ રાખો કે તમારી વચ્ચે બલારૂપે હવા આવી પુગશે અને તમારો નાશ કરી નાંખશે. એ સમય હવે બહુ દુર નથી."

એ ઝમાનામાં પણ જયારે કોઇ પ્રકારની આફત કે બલા આવતી હતી તો તેને ટાળવા માટે શહેર બહાર ઉંચી ટેકરી ઉપર જઇ આકાશ તરફ હાથ ઉંચા કરી પોતાની હાજત માંગવાનો એ યુગની પ્રજાનો રીવાજ હતો. એ પ્રમાણે બની આદના અગ્રેસરોમાંથી કુબ્બલ ઇબ્ને ઉરવાહ, મરસદ ઇબ્ને સાદ, લુકમાન બીન આદ, યકીમ બીન ફીઝાલ તથા કલાહ ઇબ્નલ ખબીરી સાથે અન્ય પાંચસો માણસો મજકુર ડુંગર ઉપર જઇ ત્રણ વર્ષ વરસાદ નહીં પડવાથી જે દુષ્કાળ ચાલુ હતો તે દુર થવાની અને હ. હુદ (અ.)એ કોમ ઉપર હવા રૂપે બલા ઉતરવાની જે આગાહી કરી છે, તે ભયનું પણ નીવારણ કરવા માટે દુઆ માગે, એવો બની આદની પ્રજાએ નીર્ણય કર્યો અને તેઓ શહેર બહાર નીકળ્યા. તેઓની સાથે કોમના નામે અધર્મીઓના ટોળા ભેગા તણાતા લુકમાન અને મરસદ પણ હતા. તેઓ કુરબાનીના ઘેટાં લઇ દુઆ માંગવાના સ્થળે આવ્યા. એ સ્થળ અમાલીકાના રાજયનું પાટનગર હતું અને મુઆવીયા ઇબ્ને બકર ત્યાંનો અમીર હતો. તેની માતા ગુલચહેર આદ કોમની નબીરી હતી. આ સગાઇનાં સંબંધનાં કારણે પહેલાં એ ટોળું તેઓને ઘેર ગયું અને 'ત્રણ વર્ષના દુકાળ અને હ. હુદ (અ)ની બદદુઆની ઘટના' તેને કહી સંભળાવી. આ વાતચીત દરમ્યાન મરસદનું લોહી ઉકળી આવ્યું અને તે બોલી ઉઠયો : 'આ સ્થળે દુઆ માંગવાથી તમને કશો પણ લાભ થનાર નથી કારણ કે, તમે ખુદાતઆલા તરફથી આવેલા રસુલની વીરૂધ્ધ ગયા છો, જેથી તમારી સઘળી મહેનત વ્યર્થ જશે, માટે હજુયે તમારી ભુલ જોઇ જગતના પાલનકર્તાની દરબારમાં પશ્ચાતાપ કરો અને તેના મોકલેલા હાદીના ફરમાન સીરે ધરો, તેમાં જ તમારી સફળતા છે.

આ સાંભળીને અમાલીકાના અમીરે પણ કહયું : 'રીવાજ પ્રમાણે દુઆ

માંગવાથી આફતો ટળે એવી એ હલકી મુશીબતો નથી, જેથી મને તો મરસદની વાત વધારે વાસ્તવિક હોય એમ લાગે છે.'

એ સાંભળીને બની આદના આગેવાનોએ કહ્યું કે, 'અમે મુરાદ મેળવવા વગર જો પાછા ફરીએ તો કોમમાં અમારી હલકાઇ થાય.'

પોતાના વીચારો દર્શાવ્યા પછી બની આદના આગેવાનો પયગમ્બરને નમતું આપવાનું કહેનારા લુકમાન અને મરસદને છોડી કબ્બલ સાથે ટેકરી ઉપર ગયા અને પોતના માથા ઉઘાડા રાખી પગમાંથી પગરખાં ઉતારી હારબંધ ઉભા રહી પોતાના હાથ ઊંચા કરી કહેવા લાગ્યાઃ–''આકાશના ખુદા ! હ. હુદ (અ.) સાચા હોય તો અમારા તરફ વરસાદ વરસાવ, અને હવાની આફતમાંથી બચાવ, અમે એ યાચના કરવા ભેગા મળીને તારી પાસે આવ્યા છીએ.''

તેના પ્રત્યુતરમાં ખુદાતઆલાએ સફેદ, લાલ અને કાળું એમ ત્રણ રંગના વાદળાં પેદા કર્યાં અને ''એ ત્રણેમાંથી તમને જે પ્રિય હોય એ કહો'' એવી આકાશવાણી કરી. આદના અધર્મી આગેવાનોએ આ ઉપરથી અરસપરસ મસલત કરીને કાળું વાદળું પસંદ કર્યું. તેમની એવી માન્યતા હતી કે કાળા વાદળામાં પુષ્કળ પાણી હોય છે. તે પછી પ્રસન્નચીત્તે તેઓ ગીત ગાતા ગાતા પોતાના શહેરમાં ગયા. તેમની સાથે વાદળું પણ ચાલ્યું જેથી તેઓ ગામની પાદર પાસે આવતા 'અમે વરસાદ લઇ આવ્યા છીએ.' એવી વધાઇ આપવા થોડા માણસોને પ્રથમ ગામમાં દોડાવ્યા, જેઓ બજારમાં જઇને 'અમો જળભર્યું જંગી વાદળ લઇ આવ્યા છીએ. ખાડાં, તલાવ, ખાબોચીયા, વાવ–કુવા, હોજ સ્વચ્છ કરી નાખો તેમજ હળ, કુહાડી, સાંતીડા વીગેરે તૈયાર કરી ખેડ કરવા તૈયાર થઇ જાઓ! કારણ કે અમારી સાથે લાવેલ વાદળું આપણી ઇચ્છા અનુસાર જેટલું જોઇએ તેટલું ભરપુર જળ વરસાવશે.'' એ પ્રમાણે મોટે સાદે લોકોને કામે લાગી જવાનું કહેવા લાગ્યા. એ સાંભળતા લોકોમાં ખુશાલી પ્રગટી નીકળી અને સર્વત્ર આનંદ વર્તાઇ રહયો. સઘળા લોકો ટોળાબંધ ભેગા થઇ ગામ પ્રત્યે ધસ્યા આવતા વાદળને આકાશમાં નીહાળી એક બીજાને ધન્યવાદ આપવા લાગ્યા.

હ. હુદ (અ.) અને તેમના સાથીઓ જે પહાડ ઉપર બેઠા હતા, ત્યાં કેટલાક જણા દોડી જઇને તેમની સાથે અસભ્ય વર્તન ચલાવીને કહેવા લાગ્યાઃ– ''જુઓ વરસાદનું વાદળ આવી રહ્યું છે. હવે અમારી વાત ખરી પડી અને તમે જુઠા પુરવાર થયા છો. તમારી કહેવાતી બદદુઆવાળી બલા ક્યાં ગઇ?'

હ. હુદ (અ.)એ ફરમાવ્યું કે "હું સાચો છું કે નહીં તે તમે જોઇ લેજો. તમે માનો છો તેમ આ જળભર્યું વરસાદનું વાદળ તમારા માટે આશીર્વાદરૂપ નથી, બલ્કે કુદરતી કોપનું સુચક છે. એજ તમારા માટે બલા છે. હજુ વખત ગયો નથી, પશ્ચાતાપ કરવો હોય તો કરી લ્યો." પરંતુ બની આદની આંખો પર ગુમરાહીના પરદા પડી ચુકયા હતા, તેમના અંતરના દ્વાર પર તાળા દેવાઇ ગયા હતા, તેમના કર્ણો ગર્વના ડુચાથી ભરપુર હોવાના સબબે બહેર મારી ગયા હતા.

એ સઘળા અધર્મીઓ મેદાનમાં એકઠાં મળીને વાદળ હેઠળ ઊભા રહયા અને પોતાના મનને સમજાવવા લાગ્યા કે "આ એક વિશાળ વાદળું છે, જે આપણા ઉપર પાણી વરસાવનારૂં છે". પરંતુ તે પાપી કોમ, દરેક જણુનાં સારાં કે નરસાં ફળો આપનાર સર્વ શકિતમાનની લીલા ન સમજી શકયા કે 'બલ્કે તે તેજ છે, જેના માટે તમો ઉતાવળ કરતા હતા; તે એક હવા છે, જેમાં દુઃખદાયક અઝાબ છે, જે સર્વ વસ્તુનો નાશ કરશે.'

છતાં તકકબુરી સાથે બની આદ કહેતા હતા કે "અમોએ હ. હુદ (અ.)ને કબુલ ન રાખ્યો એ સબબે અમને અઝાબથી ડરાવવામાં આવે છે, પણ અમો બીકણ નથી કે "હવાથી ગભરાઇ જઇએ" અમારા બળ અને શકિતથી તે માહીતગાર નથી. અમે એવી હવાને તો ક્ષણભરમાં એકદમ થંભાવી દઇશું. એ અભિમાની શબ્દો પુરાં થતાંજ વાદળામાંથી જેવી હવા ફુંકાઇ કે તરતજ ભય પામીને પાપીઓ પોતાના કિલ્લામાં ભરાઇ ગયા અને પોતાના જાનવરોને લોખંડી સાંકળોથી ઝકડી દીધા. નાના બાળકોને ઘરોમાંના સ્થંભો સાથે બાંધ્યા. પોતાની સ્ત્રીઓને ઊંડા ભોંયરામાં ઉતારી દીધી અને તે પછી તેઓ પહેલવાનો પ્રમાણે "ખમ" ઠોકીને પવનનો મુકાબલો કરવા સામા ઊભા રહી કહેવા લાગ્યા કે "શું એજ બલા છે? અમે તેને ઘડી એકમાં દબાવી દેશું." પરંતુ તેઓ ઇલાહિ શકિતનો મર્મ સમજયા નહી કે "તમે આટલા બધા ઉતાવળા ન થાવ. પરિણામ શું આવે છે તેની રાહ જુઓ."

થોડા સમય પછી એક મોટો વંટોળિયો આવ્યો, જેના જોરથી મોટા મોટા મહેલો જમીનમાંથી ઉખડી ગયા. ઊંડી ગુફામાં છુપાયેલી સ્ત્રીઓને બહાર કાઢીને ફેંકી દીધી. બાળકોના થાંભલાના ટુકડે ટુકડા થઇ ગયા, જાનવરોની સાંકળો તુટી ગઇ અને તેઓ હવામાં ઊડવા લાગ્યા. આમ કયામતની શરૂઆત થઇ ગઇ.

ઇતીહાસકારોનું કથન છે કે આ હવાનો રંગ કાળો મેશ જેવો હતો અને

તે આગની ચિણગારીઓથી ભરેલી હોવાના અંગે એવી ભયંકર દેખાતી હતી કે પાપી પ્રજાના હોશકોશ ઊડી ગયા હતા. એ હવા જેને લાગતી હતી, તેનો નાશ કરી નાખતી હતી. ચાર દીવસ એમ વીતી ગયા પછી મોટી સંખ્યામાં અધર્મિઓ મરણ પામેલા જણાયા. પાંચમે દીવસે હ. હુદ (અ.)એ શોકાતુર થઇને બાકી જીવતા રહેલાઓને દાવત કરી, પરંતુ, તેમની વાત કોઇએ માની નહિં. ફરી સાતમા દીવસે પણ આવીને હીદાયત કરી પોતાનું કર્તવ્ય બજાવ્યું, પણ એ કયાં સાંભળવાના હતા ?! તેઓ પોતાના રક્ષણનો માર્ગ શોધવા અહિં તહીં છુપાતા ફરતા હતા, ત્યાં પણ હવા દાખલ થઇને તેમનો નાશ કરતી હતી. એ હવા અરબાના દિને સવારની બંદગીના સમયે શરૂ થઇ હતી અને બીજા અરબા– બુધવારના મગરીબ સુધી ચાલી બંધ થઇ હતી. તેના પરીણામે બની આદની કોમનો નાશ થવા પામ્યો હતો.

હ. હુદ (અ.) નો રંગ ઘઉંવર્ણો હતો. શરીર પર પુષ્કળ વાળ હતા. તેઓ અતિ સ્વરૂપવાન હતા. હ. આદમ (અ.) સાથે તેમનો ચહેરો મળતો હતો. તેઓ કોમના ''અશરાફો''માંથી હતા. ઘણા પરહેઝગાર ને માયાળુ હતા. તેઓ વેપાર પણ કરતા હતા. ખુદાતઆલાએ હ. નુહ (અ.) ના કાનુન પ્રમાણેના નબી તરીકે હ. હુદ (અ.) ને આદની કોમ માટે મુકરર કરી એ કોમની હીદાયત અર્થે મોકલ્યા હતા.

''અખબારૂદ્દુવલ'' ના જણાવ્યા પ્રમાણે બની આદનો નાશ થયા પછી હ. હુદ (અ.) મકકા ભણી આવ્યા હતા, અને ત્યાં થોડા દિવસ રહયા પછી એમની વફાત થઇ હતી. એમનું વય એ વખતે એકસો–પચાસ વર્ષનું હતું.

હ. હુદ (અ.) ની વફાત બાદ મોમિનો હઝરત માટે રંજોગમમાં રહેતા અને રડતા હતા. એક દીવસ શયતાન મરહુદે તેમની પાસે આવીને કહયું કે જો તમો હ. હુદ (અ.) ની મુર્તિ બનાવી તેની પુજા કરો તો તમારા ઉપર તેની રહેમત ઉતરશે અને આઝાબથી ઉગરી જશો. આથી મઝહબને ન સમજનારા અજ્ઞાન લોકોએ આ શીખામણ માની એક તખ્ત ઉપર સોનાની ખુરશી ગોઠવી તેના ઉપર હ. હુદ (અ.) ની આકૃતિને મળતી મુર્તિ બેસાડી, તે પછી શયતાનના કહેવા પ્રમાણે તેઓ મુર્તીને સીજદો કર્યો. આ પ્રમાણે મુર્તીપુજાનું જોર શયતાનના સુચવ્યા પ્રમાણે જારી થયું અને લોકો બુતપરસ્ત બની ગયા. તે પછી ખુદાતઆલાએ મુર્તીને દરિયામાં ફેંકાવી દીધી. આ ઉપરથી સિધ્ધ થાય છે

કે મુર્તી કે એવી પુજા કરવી એ ઇસ્લામના ઉસુલ પ્રમાણે શીર્ક અને હરામ છે.

હ. હુદ (અ.) પછી ખુદાતઆલાએ હ. સાલેહ (અ.) ને પોતાના પયગંબર બનાવી મોકલાવ્યા.

## "શદાદનો અહેવાલ"

'શદાદ' અને 'શદીદ' નામના બે જાણીતા રાજકર્તાઓનો ઇતિહાસ બની આદ સાથે સંકળાયેલો હોઇ તેનો ઉલ્લેખ અહીં આપવામાં આવે છે.

'શદાદ' અને 'શદીદ' બની આદના કુળમાં જનમ્યા હતા. જગતના સાતે પ્રદેશનો મોટો ભાગ એમની સતા હેઠળ હતો. એમની પાસે મોટો ખજાનો અને અગણિત સૈન્ય હતું. પોતાના મોટા ભાઇ શદીદના મૃત્યુ પછી શદાદ મહારાજ્યનો એકલો ચક્રવર્તી શાસક બન્યો હતો. ચારસો રાજકર્તા એના ખંડિયા હતા. એ જમાનામાં શદાદનો સામનો કરી શકે એવી કોઇ સત્તા પૃથ્વી પર ન હતી. પોતાની સત્તાથી અભિમાની બની તે ખુદાઇનો દાવો કરી કહેતો હતો કે, "આ દરજ્જા કરતાં એવો કયો મોટો દરજ્જો છે અને કયું વિશેષ ગૌરવ છે, જે મેળવવા માટે હું ખુદાની ઇબાદત કરીને તેને વશ થાઉં? મારો ભાઇ શદીદ મારા માટે એવા આશીર્વાદ મુકી ગયો છે, જે ખુદાની બંદગીથી પણ પ્રાપ્ત થઇ શકે એમ નથી."

'શદીદ' વિષેની પુત્ર ઘટના જાણવા જેવી હોઇ જેનું ટુંક વર્ણન અહિ રજુ કરવામાં આવ્યું છે.

તફસીરે–અઝીઝીમાં જણાવ્યું છે કે, એક સમયે ખુદાતઆલાએ મલેકુલ–મૌતને સવાલ કર્યો કે, "દુનિયામાં રૂહ કબ્જ કરતી વેળા દયા ઉત્પન્ન થઇ હોય એવો કોઇ પ્રસંગ તને યાદ છે?"

મલેકુલ–મૌતે અરજ કરી, "યા બારેતાલા એવા બે પ્રસંગ મારી પાસે આવ્યા છે. એકવાર દરિયામાં તુફાન થયું અને વહાણ તુટી ગયું. આ વખતે વહાણના એક પાટીયા ઉપર એક માતા અને તેનું તરતનું જન્મેલું બાળક દરિયાના મોજામાં આમતેમ અફળાઇ રહયા હતા. એ વખતે મને બાળકની માતાનો રૂહ કબ્જ કરવાનો હુકમ ફરમાવવામાં આવ્યો. આ ફરજ બજાવતી વખતે મારૂં અંતઃકરણ હલી ગયું હતું, અને મને લાગ્યું કે, માતા વગરના આ તરતના

જન્મેલા બાળકનું શું થશે ?

બીજી ઘટના એ છે કે આદ કોમનો એક બાદશાહ શદાદ હતો, જેણે ભારે જહેમત વડે એક સ્વર્ગ બનાવ્યું. આ સ્વર્ગ એટલું તો સુંદર હતું કે જગતના પટ પર તેની કોઇ જોડી ન હતી. તેની પાછળ પાણીના મુલે દ્રવ્ય ખર્ચવામાં આવ્યું હતું અને એક સહુથી બળવાન રાજ્ય કાયમ કરવા જેટલી સામગ્રી તેણે એ સ્વર્ગ બનાવવા પાછળ વાપરી હતી. એ તૈયાર થતાં તે ભારે ધામધુમથી તેને જોવા ચાલ્યો. તેણે હજી આ સ્વર્ગ જોયું પણ નહોતું, તેનો એક પગ દરવાજામાં હતો કે તેનો રૂહ કબ્ઝ કરવાની મને આજ્ઞા થઇ. વર્ષોના શ્રમ અને પુષ્કળ સામગ્રીના ખર્ચ પછી બનાવેલું બહિશ્ત એક પળ માટે પણ એ જોવા નહિ પામ્યો અને તે ઘણા દુઃખ સાથે મરણ પામ્યો. એ જોઇને પણ મને દયા ઉત્પન્ન થઇ હતી.'

ખુદાતઆલાએ ફરમાવ્યું કે જે બાદશાહનું વર્ણન તેં કર્યું છે, એ બાદશાહ તેજ શદાદ છે કે જેની માતા દરિયાના પાટીયા પર મરણ પામી. તેનું લાલનપાલન મારી કુદરત વડે થયું હતું અને તે પછી તેને જગતનો ચક્રવર્તી બાદશાહ બનાવ્યો. પરિણામે તે અભિમાની બનીને મારી ઇબાદત ભુલી ગયો અને પોતાને ખુદા કહેવરાવવા લાગ્યો. મારી બહીશ્તની નકલ કરીને તે મારી કુદરતની સામે થયો છતાં તે મારો બંદો હોવાથી પશ્ચાતાપ કરી તે પાછો આજ્ઞાંકિત બંદો બને તે માટે હ. હુદ (અ.) ને નબી બનાવીને મેં મોકલ્યો. તેણે શદાદને દાવત આપીને ઘણો સમજાવ્યો પરંતુ, એ અધર્મિ સમજ્યો નહિ, અને તે પોતાના પાપોના પ્રતાપે જગતમાં નામુરાદ થઇને મુઓ અને પરલોકમાં દોઝખનો વાસી થયો.

ઇતિહાસકારો લખે છે કે વહાણના પાટિયા ઉપર જે તરતનું જન્મેલું બાળક રહી ગયું હતું, તે પવનની ગતિ વડે સમુદ્રના કાંઠે આવી પહોંચ્યું; જ્યાં ધોબીઓ કપડા ધોઇ રહયા હતા; તેમની દ્રષ્ટિ એ બાળક પર પડી. બાળકની માતા પાટિયા પર મરણ પામેલી પડી હતી અને બાળક પોતાના પગ અફાળી રહયું હતું. ધોબીઓ તરત ત્યાં દોડી ગયા અને પાટિયાને પાણી બહાર ખેંચી કાઢયું. બાળકની માતાને ભુમિદાહ આપવામાં આવ્યો. બાળક ઘણું સ્વરૂપવાન હોઇ શહેરના મુખીએ તેનું લાલનપાલન કર્યું અને તેને પોતાના પુત્ર તરીકે પાળ્યો. એ બાળક સાત વર્ષનું થતાં એ ઘણું ચકોર ને ચબરાક જણાયું. મોટી ઉમરના માણસો તેની હુશિયારી જોઇ દિગમુઢ બની જતા હતા.

એક વખત આ બાળક પોતાના સાથીદારો સાથે રમત કરતાં કરતાં શહેર બહાર નીકળી ગયું જ્યાં તેણે દુરની એક ધુળનો વંટોળિયો જોયો. લોકો માર્ગ પરથી હટીને પોતાના ઘરોમાં ભરાવા લાગ્યા. એ જોઇ તે બાળકે પોતાના ગોઠીયાઓને પુછ્યું. "આ શું બિના છે?" એક જણે કહ્યું :– "બાદશાહની સવારી આવે છે!" તે તરફ લક્ષ દેતા જણાયું કે લશ્કરી ટુકડીઓ આગળ કુચ કરતી આવતી હતી. બાદશાહની સવારી જેમ જેમ પાસે આવતી ગઇ, તેમ તેમ ભય પામીને પાસે ઉભેલા બધા નાસી ગયા. જ્યારે એ ધોબીનો પાલકપુત્ર હિંમત રાખી એકલો ઉભો રહયો. એટલામાં બાદશાહની સવારી નજીક આવી. દરમ્યાન એક પાયદળ સિપાહીને માર્ગે ચાલતાં એક પડીકું મળ્યું. જેમાં સુરમો માલમ પડયો. તેણે માર્ગે પડેલી વસ્તુ પોતાના ઉપર અજમાવે એ કરતાં બીજા કોઇ ઉપર અજમાવે તો સારૂં એમ સમજી પહેલા સીપાઇએ ધોબીના પાલક–પુત્રની આંખમાં સુરમો આંજયો. આ સુરમામાં એવો ચમત્કારીક ગુણ હતો કે જેની આંખમાં એ સુરમો આંજવામાં આવે તે જમીન નીચે દટાયેલી સઘળી વસ્તુ જોઇ શકે. આ પ્રમાણે શદાદની આંખમાં સુરમો આંજતા તેને જમીન નીચે દટાયેલી સઘળી વસ્તુઓ દેખાવા લાગી પરંતુ, તે ચબરાક હોઇ પેલા સિપાહી પાસેથી ચમત્કારિક સુરમાનું પડીકું પડાવી લેવા ઢોંગ કરીને શોરબકોર મચાવી દીધો કે, 'મારી આંખો ફુટી ગઇ, હું આંધળો બની ગયો!" આવો શોરબકોર સાંભળીને સીપાઇ ગભરાઇ ગયો. અને સુરમાનું પડીકું ફેંકી દઇ સવારોની હારમાં ભરાઇ ગયો. સવારી છેટે નીકળી ગયા પછી એ છોકરો પડીકું લઇને પોતાને ઘેર દોડી ગયો અને આ સુરમાની પડીકીની સઘળી હકીકત પોતાના પાલક પિતાને કહી સંભળાવી, જે સાંભળી તે ઘણો ખુશી થયો અને પોતાના ઘોડા, ખચ્ચર, ગધેડા, બળદ અને ઊંટો તૈયાર કરી શદાદને સોંપ્યાં. પછી શદાદ પોતાની સાથે ખાતરીભર્યા મજુરો લઇને રોજ રાતે જંગલોમાં જતો હતો, જમીન નીચે દટાયેલા ખજાનાને શોધી હાથ કરીને ખજાનો ભરી લાવતો હતો, અને ભોંયરામાં ભરી દેતો હતો. પાછળથી શદાદ તેનો છુટથી ખર્ચ કરવા લાગ્યો. આ જોઇને ગામના લોકો તેની સાથે ભળવા લાગ્યા. આ તકનો લાભ લઇ તેણે ગામના જમીનદારોને મરાવીને પોતે જમીનદાર બની બેઠો. તે પછી શદાદે પોતાના પૈસાના બળે લશ્કર ઊભું કર્યુ કારણ કે જમીનદારને મારી નાંખવાનો બદલો બાદશાહ તરફથી લેવામાં આવશે, એ તે જાણતો હતો. થોડા દીવસ પછી સાંભળવામાં આવ્યું કે બાદશાહ શદાદના શહેર ભણી તપાસ અર્થે આવે છે, જે સાંભળી શદાદ પોતાના શહેર બહાર લશ્કર સહીત સામનો કરવા તૈયાર થયો. બાદશાહ નજદીક આવી પહોંચતા શદાદનું

લશ્કર તેના ઉપર તુટી પડયું. આ લડાઇમાં બાદશાહ માર્યો ગયો અને શદાદ પોતે બાદશાહ બની બેઠો.

તે પછી બળ અને જુલ્મથી ચોતરફ શદાદની હાક પડવા લાગી અને નિર્બળ રાજ્યો ટપોટપ તેને તાબે થવા લાગ્યા. પરિણામે તેનો ગર્વ વધી ગયો અને તે કહેવા લાગ્યો કે જમીનમાંની સઘળી ધનસંપતિનો હું એકલો માલીક છું. જગતના તમામ રાજ્યકર્તાઓ પર મારો કાબુ છે. મારો સામનો કરી શકે એવું જગતમાં કોઇ નથી. હું ચાહુ તેને પળમાં બાદશાહ બનાવી શકું છું અને ચાહુ તો બાદશાહને ફકીર બનાવી દઉં. એ સઘળું મારી ઇચ્છા વડે થાય છે, એટલે જગતમાં મારી ખુદાઇ છે. મારી પ્રજાએ મને ખુદા તરીકે માનવો જ જોઇએ.

આ વાત યોગ્ય નહીં હોવાથી તેને સાચા માર્ગે વાળવા ખુદાતઆલાએ હ. હુદ (અ.)ને તેની હીદાયત અર્થે મોકલાવ્યા.

'અખબારૂલ દવલ'માં ઉલ્લેખ છે કે, શદાદ બની આદનો વંશધર હતો અને હ. હુદ (અ.)નો સમકાલીન હતો, આ સમયમાં યમનમાં કાંસાની એક ભવ્ય મુર્તી હતી તેની તે પુજા કરતો હતો. એ મુર્તીની પ્રતીષ્ઠા શાદાદના ભાઇ શદીદે કરી હતી અને તેના વડવાઓ પણ તેની પુજા કરતાં હતા. જયારે હ. હુદ (અ.)નુ આવવું થયું ત્યારે એમણે શદાદને હક તરફની દાવત કરતાં કહયું: 'જો તું ખુદાતઆલાને છોડી મુર્તીપુજા કરશે તો દોઝખમાં પડશે અને તેમાં તને અઝાબ સહન કરવો પડશે. તું મારી નસીહત પ્રમાણે ચાલીશ અને નીર્જીવ મુર્તીને છોડી ખુદાને સીજદો કરી માફી માગીશ, તો તું સ્વર્ગમાં દાખલ થઇશ, જેમાં અનંત સુખ રહેલા છે. એના સુખ સામે તારૂં રાજવીપદ તુચ્છ છે કારણ કે તારા રાજ-પદનો એક દીવસ અંત આવશે. પરંતુ, શદાદે હ. હુદ(અ.)ની વાત માની નહીં અને હ. હુદ (અ.)ને પુછયું કે, બહીશ્ત કેવું છે? જેના જવાબમાં હઝરતે તેનું વર્ણન કરી બતાવ્યું. ત્યારે શદાદે કહયું કે એવું બહીશ્ત તો હું આ પૃથ્વી ઉપર બનાવી શકું છું. તે પછી તેણે પોતાને ખુદા તરીકે માન્ય રાખનારાઓ માટે પોતાની રાજધાનીમાં એક બહીશ્ત બનાવવાનો નીર્ણય કર્યો.

આ સ્વર્ગનું મંડાણ કરવા અર્થે પ્રથમ તેણે પોતાની ખાતરીના એકસો માણસો તૈયાર કર્યા અને તેમને કહેવામાં આવ્યું કે મારો પસંદ કરેલો દરેક જણ પોતાની સાથે એકેક હજાર મજુરો લઇ જાય અને સોના ચાંદીની ખાણોમાંથી

સોનું–ચાંદી કાઢી તેની ઇંટો બનાવીને મારા પાટનગરમાં લઇ આવે. એ પ્રમાણે આ ધરતી ઉપર સ્વર્ગ બાંધવાની શદાદે શરૂઆત કરી, જે માટે 'અદન'ના પ્રર્વત પાસે દશ ગાઉ લાંબી અને દશ ગાઉ પહોળી ચોરસ જગ્યા પસંદ કરી અને એ જગ્યાએ પાયો ખોદી તેમાં 'નમકે સુલેમાની' ભર્યું અને તેના ઉપર સોનાચાંદીની ઇંટોની ચોમેર ભીંત ચણી લીધી, જેની ઉંચાઇ ચારસો ગજની રાખી હતી. એના વીશાળ ચોગાન વચ્ચે સેંકડો રત્નજડીત થાંભલાવાળા સુશોભીત મહેલો બનાવ્યા અને સ્થળે સ્થળે ઝવેરાતથી જડેલા બારીબારણા મુકયા. તેની ફરતી એક મનોહર અટારી બાંધીને ખુલ્લા મેદાનમાં એક પુષ્પોદ્યાન ગોઠવ્યું. જેની સુવાસ ચોમરે પ્રસરતા વાતાવરણ મહેક મહેક થઇ જતું હતું. મુખ્ય મહેલ વચ્ચે એક નહેર બાંધી, જેનું પાણી અડચણ વીના બીજા બધા મહેલોમાં એકસરખી રીતે ફરી વળતું હતું. એ સીવાય બીજી પણ નહેરો બનાવવામાં આવી હતી જેમાંની કોઇમાં મીઠું શરબત, કોઇમાં લાલ શરાબ, કોઇમાં દુધ અને કોઇમાં મધ ભરેલું હતું. એની ઉપર રત્નજડીત પ્યાલા મુકવામાં આવ્યા હતા. માર્ગમાં માણેક, મોતી ને જવાહેરાતની કાંકરીયો પાથરી દેવામાં આવી હતી. નહેરોના કાંઠા ઉપર ઝાડો રોપવામાં આવ્યા હતા, જેના થડ સોનાના, ડાંખળીયો જમરૂદની, ફળફુલ યાકુતના હતાં. તેની ડાંખળીયો પર સુરીલા, સૌંદર્યશાળી તરેહવાર પ્રકારના જવાહેરાતના પંખીઓ ઉત્તમ કારીગીરીથી બનાવીને બેસાડવામાં આવ્યા હતા. સઘળા મકાનોની ભીંતો કસ્તુરી, કેસર અને અંબરની બનાવવામાં આવી હતી, જેમાં ગુલાબનું પાણી ભરવામાં આવ્યું હતું. બહીસ્તની ચોમરે સોનાના સંખ્યાબંધ મીનારાઓ ઉભા કરવામાં આવ્યા હતા.

બહીસ્તના ચાર દ્વારો સામે મોટા ખુલ્લા મેદાન મુકવામાં આવ્યા હતા. અને ત્યાં છાંયડા માટે મેવાના ઉત્તમ ઝાડો રોપ્યા હતા; શદાદની આવી સાધન સામગ્રીયા સજ્જીત બહીસ્ત બાર વર્ષે પુરી થઇ હતી. સઘળું બાંધકામ પુરૂં થયા પછી આખા સ્વર્ગમાં રેશમી તથા ઝરીના ગાલીચા બીછાવી દેવામાં આવ્યા હતા અને દરેક બારી બારણામાં ઝરીના તારના પડદા લટકાવી દેવામાં આવ્યા હતા અને જગતમાંથી વીણી વીણીને ખુબસુરત બાળ–બાળાઓને બહીસ્તમાં વસાવીને આ રીતે "હુરો" અને "ગીલમાન"ની જગ્યા પુરવામાં આવી અને આવી રીતે શદાદે પૃથ્વી ઉપર બહિસ્ત બનાવ્યું.

ઇસમાઇલી પ્રેસ પ્રકાશિત કુરઆન પ્રમાણે :– સ્વર્ગ તૈયાર થઇ રહેતાં શદાદ ઘોડા ઉપર સ્વાર થઇ ભારે ધામધુમ સાથે પોતાના અમીર ઉમરાવોને લઇને પોતાનું સ્વર્ગ જોવા નીકળ્યો. માર્ગમાં અહંકારથી પોતાની પ્રજાને પુકારી ને

કહેવા લાગ્યો કે, "બહિસ્તની પ્રશંસા સાંભળી સાંભળી મારા કાન બહેરા થઇ ગયા છે. હવે તમે ચાલો અને પોતાની આંખો વડે જોઇ લ્યો કે જેનું વર્ણન હ. હુદ (અ.) તરફથી આપણી સમક્ષ કરવામાં આવ્યું હતું તેમાં અને મારા બનાવેલા બહિસ્તમાં શું તફાવત છે? હવે તેમાં તમારે વસવાટ કરીને આનંદ માણવો જોઇએ અને મારા બંદા બનવામાં તમારે માન સમજવું જોઇએ. આગળની વાયદાની વાત મુકીને મારી સાથે નગદ સોદો કરી મારી કુદરતનો તમાસો જુઓ. મારી સમૃધ્ધી અને મારી બેપરવાહીનો વિચાર કરીને તમો બીજા ખુદાની શોધમાં પડીને નાહક ખુવાર થતા નહિં."

શદાદની એ પ્રમાણેની વાકચાતુરી પર મોહ પામીને લોકો તેના ઉપર સોનાચાંદીના ફુલ વરસાવવા લાગ્યા અને તેને ચરણે પડવા લાગ્યા. આ સઘળી ધામધુમ વચ્ચે શદાદે પોતાની બનાવેલી બહિસ્ત નજીક મુખ્ય દરવાજા પાસે એક શખ્સને ઊભેલો જોયો. શદાદે તેને કહ્યું, તું અહીં શા માટે આવ્યો છે? તેણે કહ્યું હું તારી જાન કબ્જ કરવા આવ્યો છું. શદાદે કહ્યું તું મને થોડી મહેલત આપ કે જેથી હું બહિસ્ત જોઇ લઉં. મલેકુલ-મૌતે કહ્યું કે ખુદાતઆલાનો હુકમ નથી કે તું બહિસ્તમાં જાય. બીજી વાર શદાદે કહ્યું, મને મુક તો હું ઘોડા ઉપરથી હેઠળ ઊતરૂં. મલેકુલ-મૌતે કહ્યું, નાંહ! અને એજ હાલતમાં શદાદનો એક પગ ઘોડાની રકાબમાં અને બીજો પગ બહિસ્તના દરવાજા ઉપર હતો કે તેની જાન લઇ લેવામાં આવી.

ત્યારબાદ આકાશ ઉપરથી એક ફિરસ્તાએ જોરથી ભયંકર અવાજ કર્યો જેથી શદાદનું સ્વર્ગ કંપી ઉઠયું અને શદાદના સઘળા સાથીઓ તમ્મર ખાઇ જમીન ઉપર ઢળી પડયા. બહિસ્તના કેટલાક મિનારાઓ તુટી પડયા, તે પછી ન માલ રહયો કે મુલ્ક, તેના તમામ કાફર સાથીઓ ગારત થઇ ગયા, અને તેની બહિસ્તને જમીન નીચે દબાવી દેવામાં આવી કે જેથી તેના કંઇ પણ ચિન્હો બાકી રહયા નહિં.

તે પછી ખુદાતઆલાએ હ. સાલેહ (અ.) ને સમુદની કોમને હિદાયત કરવા માટે મોકલ્યા.

## હઝરત સાલેહ (અ૦)

સમુદની કોમ અરબ પ્રજામાંની એક પ્રાચીન પ્રજા હતી. તે હ. નુહ (અ.) ના વંશમાંથી ઉતરી આવી હતી અને હિજાઝ તથા શામ વચ્ચેના પહાડી

પ્રદેશમાં નિવાસ કરતી હતી.

સમુદની પ્રજા જે કસ્બાઓ અને ગામડાઓમાં વસતી હતી, તે ગામોની સંખ્યા ૭૦૦ જેટલી હતી. એ પ્રજામાં એકસો સરદારો હતા. તેઓ સઘળી પ્રજા પર હકુમત કરતા હતા. તેમણે દરેક કસ્બામાં ફરતા મોટા મોટા મજબુત કિલ્લાઓ બંધાવ્યા હતા. એ સ્થળોમાં નદીઓ નહિં હોવાથી કુવાઓ ખોદવામાં આવ્યા હતા. કુવાના પાણીથી તેઓ સઘળા ખેતીવાડી કરતા હતા.

સમુદની પ્રજા બળવાન, કદાવર અને ધનવાન હતી. તેઓનું આયુષ્ય લાંબુ હોઇ તેમને ચુના, રેતી કે માટીના મકાનો તેમની ઉમરની ગણત્રીએ પુગતાં નહિં હોવાથી તેઓ પર્વતોને કોતરી ભોંયરામાં ઉત્તમ કામગરીવાળા મકાનો તૈયાર કરાવતા હતા. આ કળાના 'ચસ્કા' ને પરિણામે જગે જગે મુર્તિઓ કોતરીને ઘરનાં ગોખલામાં, અટારીઓની પાળ પર અને દરવાજાના ઉંબરા પર ગોઠવેલા હતા. એ પ્રકારે એમનામાં મુર્તિપુજાનો પ્રચાર થતાં તેમણે મોટા મોટા દેવાલયો બંધાવ્યા અને તેમાં ભવ્ય મુર્તિઓ સ્થાપિત કરી. આ પ્રથાથી સમુદની કોમ અલ્લાહને તજી મુર્તિપુજક બની ગઇ. એ જોઇને પોતાના બંદાઓને હીદાયત આપવા પાક પરવરદિગારે હ. સાલેહ (અ.) ને મોકલ્યા હતા.

ઇતિહાસકારો હ. સાલેહ (અ.) ની વંશાવળી ઓબેદ બીન યાસફ બીન યાસખ બીન હાઝીક, બીન સમુદ, બીન આબીર, બીન ઇરમ, બીન શામ, બીન નુહ દર્શાવે છે. એ રીતે હ. સાલેહ (અ.) અને સમુદની પ્રજાની એકજ વંશમાં ગણના કરવામાં આવેલી છે. સમુદની પ્રજાના આદી પુરૂષ સમુદ હ. સાલેહ (અ) ના વડવા હતા. ઇતીહાસકારો તેમના વચ્ચેનું અંતર એકસો વર્ષનું દેખાડે છે. કેટલાકો બસો વર્ષનું પણ કહે છે. મતલબ કે હ. સાલેહ (અ.) બની સમુદમાંના જ હતા અને એ પ્રજાને અલ્લાહ તરફથી હીદાયત કરવા આવ્યા હતા.

હ. સાલેહ (અ.) નાનપણથી જ એકલા ખુદાને માનનારા હતા. નબી તરીકે જાહેર થયા પછી પોતાની પ્રજાને તેઓ સ્પષ્ટ ચેતવણી આપતા હતા કે એક જ ખુદાની બંદગી કરો. તમારા માટે તેના સીવાય બીજો 'માબુદ' (પુજનિય દેવતા) નથી. તેણે તમને ઉત્પન્ન કર્યા છે. ધરતી પર તમોને લાંબું આયુષ્ય આપ્યું છે, માટે તમારા ગુનાહની માફી માંગો અને સત્યપંથે પાછા ફરો. આ સાંભળીને બેદીનો કહેતા કે હ સાલેહ (અ.) તમારામાં તો અમને મોટી ઉમ્મીદ હતી કે તમે અમને સાથ આપશો, પરંતુ તમે તો અમારા બાપદાદા જેની પુજા

કરતા હતા, તેથી અમને અટકાવો છો. એ અમને અસહ્ય લાગે છે.

હ. સાલેહ (અ.)એ ફરમાવ્યું કે, મારી પાસે મારા પરવરદીગાર તરફથી જાહેર હુજ્જત છે, માટે અલ્લાહથી ડરો અને મારું કહ્યું કરો. આ બાગ બગીચા, ફળફુલ, ઝાડપાન, ખેતીવાડી, મહેલ, મહેલાતો, બળ, અભીમાન સઘળું નાશવંત છે. એના પર મોહ રાખવો વ્યર્થ છે.

આ સાંભળીને સમુદના બેદીનો કહેવા લાગ્યા કે, 'સાલેહ! તમારા ઉપર કોઇએ જાદુ કર્યું છે, અગર જો તમે સાચા નબી હો તો અમોને કોઇ ચમત્કાર દેખાડો.'

સમુદની કોમનો ઉત્સવનો દીવસ આવી લાગતાં તેઓ પોતાના દેવ-દેવીઓને લઇને શહેર બહાર જવા લાગ્યા. હ. સાલેહ (અ.) પણ તેમની સાથે ગયા પછી બની સમુદના એક સરદાર જન્દા ઇબ્ને ઉમરૂએ પોતાની કોમને કહ્યું, 'હ. સાલેહ (અ.) પાસેથી તમે એવો ચમત્કાર માગો, જે તેમનાથી બની જ શકે નહી, એટલે આપણા 'માબુદો'ની ઇજ્જત બચી જશે અને આપણે પણ જુઠા ઠરીશું નહિં." તેથી સઘળાઓએ એકમત થઇ હ. સાલેહ (અ.) ને કહ્યું કે, "સામેના પહાડની પીઠમાંથી એક જીવતી સાંઢણી બોલાવો, જે સગર્ભા હોય અને પહાડમાંથી બહાર નીકળતાંવેતજ તે બચ્ચાંનો જન્મ આપે અને તે બચ્ચું પણ સાંઢણીના કદ જેવડું હોય. તો અમે તમને ખુદાના સાચા રસુલ માનીએ."

તે પછી હ. જીબ્રાઇલે આવીને કહ્યું કે, અય સાલેહ (અ.) તમે એ લોકોથી એવું વચન લ્યો કે તેઓ વગર હુકમે સાંઢણીને નહિં મારે અને તેના દુધ સીવાય કંઇ ખાય નહિં. આ હુકમ ઉપરાંત હ. સાલેહ (અ.)એ મુર્તિપુજા છોડવાની શરતે તેઓને કુદરતનો એ ચમત્કાર દેખાડવાનું કબુલ કર્યું. જવાબમાં તેઓએ કહ્યું, "આ પ્રમાણે બનશે તો અમે અવશ્ય તમારા ખુદા ઉપર ઇમાન લાવીશું."

બની સમુદે કબુલાત આપ્યા પછી હ. સાલેહ (અ.) પોતાના થોડા સાથીઓ સાથે પહાડની નજદીક ગયા અને ખુદાતઆલાની હુઝુરમાં અદબ સાથે દુઆ ગુજારી અને તેમના સાથીઓએ આમીન કહયા બાદ દુઆ પુરી થતાં પહાડમાંથી એક સાંઢણી બહાર આવી. એક કલાક પછી તેણે એક બચ્ચાંનો જન્મ આપ્યો. તેનું કદ પણ એની માતા જેવડું જ હતુ. તેઓ બંને મેદાનમાં જ્યાં લીલું ઘાસ હતું ત્યાં ચરવા લાગ્યા અને ત્યાં કને પાણીનો એક કુદરતી ઝરો ફુટી

નીકળ્યો, તેનું પાણી પીવા લાગ્યા, કુદરતની આ શકિત જોઇને મુર્તીપુજકો સ્તબ્ધ થઇ ગયા અને હ. સાલેહ (અ.)એ પરવરદીગારની હુઝુરમાં શુક્ર ગુજાર્યો.

આ ચમત્કારથી બની સમુદ ઉપર ઘણી સારી અસર થઇ. કેટલાકોએ તો પશ્ચાતાપ કરી માફી ચાહી. આ સ્થિતી જોઇને શયતાનના જે સાથીઓ હતા તેમને ભય લાગ્યો કે હવે અમારા દેવ મંદિરોને તાળા પડશે અને અમારી કમાઇ પણ જતી રહેશે, જેથી તેઓએ લોકોમાં ચમત્કારની અસર જામતી અટકાવવા એક તરકટ રચી કાઢયું અને કહેવા લાગ્યા કે આ તો હ. સાલેહ (અ.) નો સંપુર્ણ જાદુ છે.

હ. સાલેહ (અ.)એ લોકોને ફરમાવ્યું કે, "તમોએ મને આપેલા વચનનો ભંગ કરશો તો ખુદા મહાન છે. સમય આવતાં તે તમારી ખબર લેશે. છતાં હું તમને ચેતવણી આપું છું કે આ સાંઢણી અને તેનું બચ્ચું બન્ને તમારી વચ્ચે છે ત્યાં સુધી જ તમારી સલામતી અને બચાવના કારણરૂપ રહેશે. તેઓ ચરે ત્યાં તેઓને ચરવા અને પાણી પીએ ત્યાં પીવા આપશો. તેમને જરા પણ દુઃખ પહોંચાડજો નહીં."

આ બન્ને સાંઢણીઓનું કદ ભવ્ય હોઇ તેઓને જોઇને સામાન્ય પ્રાણીઓ નાસી જતા હતા. જે હવાડામાં તે પાણી પીતાં તે ખાલી થઇ જતા હતા. તેને અંગે બીજા પ્રાણીઓ તરસ્યા રહી જતા હતા. લોકો આ ફરીયાદ હઝરત પાસે લઇ ગયા, જેથી ખુદાતઆલાએ હ. સાલેહ (અ.)ને ફરમાવ્યું કે, "એક દીવસ સાંઢણીઓ અને એક દીવસ તેમના ઢોરો પાણી પીએ અને ચારો પણ એમજ ચરે એ પ્રમાણે કરો." તે પ્રમાણે હ. સાલેહ (અ.)એ ખુદાતઆલાનો હુકમ કહી સંભળાવ્યો અને તે સાથે તાકીદ કરી કે, "આ નીયમ જાળવી રાખજો, નહીંતર આકેબતનો અઝાબ તમને પકડી પાડશે."

લાંબી મુદત સુધી આ વ્યવસ્થા ચાલુ રહી પરંતુ અતીરા નામની એક સ્વરૂપવાન સ્ત્રી હતી, તે ઘણાં ઢોરઢાંખરની ધણીયાણી હતી તેને લઇને આ ખુદાઇ સાંઢણીઓને જોઇ તે બહુ બળતી હતી. તેને ત્યાં કુદાર બીન સાલીક નામનો એક યુવાન આવતો હતો. તેણે અતીરાને કહયું, "મારી સાથે તું લગ્ન કરી લે તો આપણે હંમેશ માટે સાથે રહીએ."

અતીરાએ કહયું: હું એક શરતે તારી સાથે લગ્ન કરૂં. આપણી કોમને હ. સાલેહ (અ.)ની સાંઢણીનું બહુ દુઃખ છે, તેને મારી નાખ તો હું લગ્ન કરૂ."

કુદારે કબુલાત આપી અને સાંઢણીનું કામ પતાવવા નફિઝા નામની શેરીમાં પોતાના સાથીઓ સાથે તે સાંઢણીની રાહ જોતો બેઠો. સાંઢણી ચારો ચરી આ શેરીમાં પેઠી કે તરતજ કુદારના મીત્ર મસઅદે તેના કપાળમાં તીર માર્યું. સાંઢણી વેદનાથી નહાસવા લાગી. કુદારે તેના ઘુંટણમાં તલવારનો ઘા કરતાં તે ભોંય પર પડી ગઇ. તે પછી બધાએ એકઠા મળી તલવારના પ્રહારોથી તેના કટકે કટકા કરી નાંખ્યા. ગામના લોકોએ ખુશ થઇને તેનું માંસ પોતપોતામાં વહેચી લીધું. એ જોતાં સાંઢણીનું બચ્ચું ત્યાંથી નાસી જઇ પહાડ પાસે આવી લાગતા ત્રણ બરાડા પાડી તેમાં અલોપ થઇ ગયું. આ બરાડો સાંભળીને હ. સાલેહ (અ.) એ લોકોને ચેતવણી આપતા કહ્યું કે, તમે ખુદાની શીક્ષા માટે તૈયાર થાવ. જેની નીશાની એ છે કે આવતી કાલે તમારા ચહેરા પીળા, બીજે દીવસે રાતા, અને ત્રીજે દીવસે કાળા થઇ જશે, અને ચોથે દીવસે ખુદાની સજા તમારી ઉપર આવી પડશે. એવી ત્રણ નીશાનીઓ જોવામાં આવવાથી તેઓએ હ સાલેહને મારી નાંખવા માટે તેમની શોધ કરવા લાગ્યા.

હ. સાલેહ (અ.) ઇલાહી ફરમાન વડે ઇબાદતખાનેથી રૂખસત થઇને પોતાને ઘેર ગયા પછી કુદાર અને તેના પાપી સાથીઓ હઝરતને શોધતા શોધતા ઇબાદતખાનામાં આવ્યા, ત્યાં હઝરત નહિં મળતા તેમને ઘેર ગયા અને ઘરના બારણા ખખડાવ્યા. એવામાં એક ફિરસ્તો નાઝિલ થયો અને તેના પાંખના મારથી તેઓ આંધળા બની ગયા. આંધળો બનેલો કુદાર અથડાતો, ઠોકર ખાતો માર્ગ વચ્ચે આવી લાગતા એક કુવામાં પડી મુવો અને તેના સાથીઓ કષ્ટ પામી માર્ગમાં મરણ પામ્યા. આ બધું જોઇને લોકો ઉશ્કેરાઇ ગયા અને બળવો કરી હ. સાલેહ (અ.)ના ઘર પર હુમલો લઇ ગયા. અત્રે જન્દા બીન ઉમરૂ હઝરતની સહાયતા કરવા આવી ચઢયો.

તેની સલાહથી હ. સાલેહ (અ.) અને તેમના ઇમાનદાર સાથીઓ શહેર છોડી જતાં રહયા. ત્રીજે દીવસે હ. જીબ્રાઇલે વીરાટ સ્વરૂપ ધારણ કરી આકાશ ધરતીની અધવચ્ચેથી ત્રાડ પાડી. પરીણામે ઝાડો ને પહાડો ધ્રુજી ઉઠયા અને ભારે વંટોળીયો આવ્યો. લોકો પોતાનું રક્ષણ મેળવવા ગુફાઓમાં ભરાઇ ગયા. હ. જીબ્રાઇલે તે પછી બીજી ત્રાડ પાડી કે બધાના ચહેરા કાળાં પડી ગયા અને તરતજ મરણ પામ્યા.

તફસીરકારોનું કથન છે કે હ. સાલેહ (અ.) સાથે બધા મળી ચાર હજાર ઇમાનદારો હતા. તે સઘળા શામ તરફ પ્રયાણ કરી ગયા અને 'ઓજ' નામના

સ્થળે નીવાસ કર્યો. હ. સાલેહ (અ.)ની વફાત ૧૮૦ વર્ષની વયે અત્રે જ થઇ હતી અને તેમને જામે મસજીદમાં ભુમીદાહ અપાયો હતો.

"નમરૂદ"

ફુરાત અને દજલા નદીની આસપાસનો દેશ 'શીનાહ' કહેવાતો, તેમજ એ બે નદી વચ્ચેનો પ્રદેશ બેબીલોનીઆ અથવા ચાલદીયા કહેવાતો, અહીં નમરૂદનું રાજ્ય હતું. એટલે હાલના બગદાદ શહેરની પશ્ચિમે ઉતરનો ભાગ નમરૂદની રાજધાનીમાં આવતો હતો. નમરૂદનું પાયતખ્ત બેબીલોન હતું જે "બાબલ"ના નામથી જાણીતું હતું.

નમરૂદની વંશાવળી હ. નુહ (અ.)ના ફરઝંદ હામની સાથે મળે છે. નમરૂદનું ખરૂં નામ 'હાશીમ બીન કનઆન' હતું. નમરૂદ તેનું ઉપનામ છે.

નમરૂદ ઘણો કીંમતવાન અને બળવાન હોવાથી તેણે ઘણાં રાજ્યો સર કર્યાં હતા. તેણે અજમમાંથી નીકળી શામ–તુર્કસ્તાન, રૂમ વીગેરે રાજ્યોને પોતાના તાબામાં લીધા હતા. તે સીવાય અન્ય રાજ્યો પાસેથી તે ખંડણી પણ ઉઘરાવતો હતો. હાલમાં ઇરાકમાં આવેલા કુફા કે જેને બાબલના નામે ઓળખવામાં આવતું ત્યાં તેણે પોતાની રાજધાની કાયમ કરી હતી.

કસસુલ–અંબીયાના જણાવ્યા પ્રમાણે તેણે ૧૭૦૦ વર્ષ સુધી બાદશાહી કરી હતી. નમરૂદની ગાદી ઉપર આવનાર બધા નમરૂદ તરીકે ઓળખાતા હોઇ, નમરૂદે તે ઝમાનાની પ્રજા ઉપર લાંબી જીંદગી ભોગવી હોવી જોઇએ.

નમરૂદ પ્રથમ તારાઓ અને સુર્યની પુજા કરતો હતો. તે ઝમાનાના સાબેઇન તારાને પુજનારા ખગોળનું જ્ઞાન ઘણું ઉંચુ ધરાવતા હતા, ને તેમાંથી તેઓએ જ્યોતીષ વીદ્યા શરૂ કરી અને જ્યોતીષ વીદ્યામાં તેઓ ઘણો ઉંડો રસ ધરાવતા થયા હતા. નમરૂદ ખુદાને માનતો નહી હતો, પોતે મહાન વીજેતા થવાથી તે ઘણો અભીમાની બન્યો હતો, ને તેથી તે પોતાને ખુદા કહેવરાવતો હતો. અને કહેતો હતો કે, આકાશમાં રહેતો ખુદા એ કંઇ નથી, અગર હોય તો હું તેને મારી નાંખવા તૈયાર છું.

નમરૂદનું વધુ વૃતાંત હ. ઇબ્રાહીમ (અ.)ના અહેવાલમાં આપવામાં આવ્યું છે.

## હઝરત ઇબ્રાહીમ (અ. સ.)

અહેવાલે અંબીયાના જણાવ્યા પ્રમાણે ખ્રિસ્તી ધર્મના મત મુજબ હ. ઇબ્રાહીમ (અ.)નો જન્મ ઇ. સ. પુર્વે ૧૯૯૬ના વર્ષમાં થયો હતો. મલેક અબુલ ફીદા હ ઇબ્રાહીમ (અ.)ના જન્મનો ઝમાનો નીચે મુજબ નક્કી કરે છે. હ. આદમ (અ.)ના વજુદથી ૩૩૨૩, તુફાન પછી ૧૦૮૧ અને મસીહાના જન્મથી ૨૨૬૧ વર્ષ અગાઉ હ ઇબ્રાહીમ (અ.) નો જન્મ થયો હતો પણ કયા શહેરમાં થયો હતો તે ચોકકસ જણાયું નથી. પણ ઇતીહાસની કેટલીક નોંધો તરફ દ્રષ્ટી કરતાં એવું જણાય છે કે, તેમનો જન્મ ઇરાકમાં એટલે કે તે ઝમાનામાં "શીનાહ"ના નામથી ઓળખાતા દેશમાં થએલો હોવો જોઇએ. જે જગ્યાએ ફુરાત નદી સમુદ્રને આવી મળે છે તે દેશ (Havilah) હવીલા કહેવાતો હતો. હવીલાની પશ્ચિમે ફુરાત તથા દજલા નદીની આસપાસનો દેશ 'શીનાહ' કહેવાતો. તેમજ એ બે નદી વચ્ચેનો પ્રદેશ બેબીલોનીઆ અથવા ચાલદીયા કહેવાતો હતો, જયાં નમરૂદનું રાજ્ય હતું એટલે હાલના બગદાદ શહેરની પશ્ચિમ ઉત્તરનો ભાગ નમરૂદની રાજધાનીમાં આવતો હતો. ઇબ્રાહીમ (અ) નો જન્મ નમરૂદની રાજસત્તા હેઠળના શહેરમાં થવો હોવો જોઇએ. નમરૂદનું પાયતખ્ત બેબીલોન હતું જે 'બાબલ'ના નામથી જાણીતું હતું. કદાચ હ. ઇબ્રાહીમનો જન્મ શુશા અથવા કુશા નામના શહેરમાં થયો હોય, કે જે શહેર કરકા નદી (જે દજલા Tigris નદીમાં આવી મળે છે) ઉપર હતું, અને જે ઇરાક અને ઇરાનની વચ્ચે આવેલું છે. હ. ઇબ્રાહીમ (અ) અને તેમના પિતા ચાલદીઆ પ્રાંતમાં 'ઉર' નામના શહેરમાં રહેતા હતા.

હ. નુહ (અ.) ના દોર દરમ્યાન માણસોની સમજ શકિતમાં ઘણો વધારો થયો હતો. તેઓ વિદ્યા હુન્નરમાં આગળ વધ્યા હતા, જે તે ઝમાનાની મીસર તથા ચાલદીઆના રાજ્યોની તવારીખનો અભ્યાસ કરવાથી જણાઇ આવશે. પણ તેઓનું જ્ઞાન તથા સુધારો જડ પદાર્થોને જ લગતો હતો. ધાર્મિક વીચારોમાં તેઓ ખોટે રસ્તે આગળ વધવા લાગ્યા હતા. આપણી આસપાસ નજર ફેરવતાં આપણે જોઇએ છીએ કે દરેક ચીજ પેદા થાય છે અને નાશ પામે છે, ઉગે છે અને આથમે છે, પણ જે શકિત આ નિયમને જાળવી રાખે છે તે શકિત કોણ છે? કેવી છે? કયાં છે? તે સમજવું હાલના આગળ વધેલા ઝમાનમાં પણ મુશ્કેલ છે, ત્યારે આજથી ચાર હજાર વર્ષનાં અગાઉ લોકો માટે એ કહેવું મુશ્કેલ હોવું જોઇએ. આ મુશ્કેલીના પરીણામે તેમજ ખગોળશાસ્ત્રનું જ્ઞાન આગળ વધવાને લીધે ઘણી કોમો મુર્તિપુજા મુકી ગ્રહોની પુજા કરવા લાગી ગઇ હતી. પેદા થયેલી

કોઈ પણ વસ્તુ અહ કે માનવીને અપાર શકિત માની લેવી એ વિદ્યાના વધારાને અટકાવનારૂં છે, અને તેથી લોકોને આવી જાતની પુજાથી અટકાવવા અને વિદ્યા જ્ઞાનમાં આગળ વધારવા હ ઇબ્રાહીમ (અ.) નો જન્મ થયો હતો.

પૃથ્વીના આ દોરના હ. ઇબ્રાહીમ નબી ત્રીજા પીતા કહેવાય છે. એટલે કે ત્રીજા મહાન નબી, ગુરૂ, શિક્ષક, તૌહિદનો બોધ આપનાર અને તૌહિદની શરીઅતને ફરીથી અર્થાત નવેસરથી તે જમાનાની હાલતને અનુસરી બાંધનાર હતા.

તેમની વંશાવળી આ પ્રમાણે છે. ઇબ્રાહીમ, તારેખ, નાહુર, સારૂગ, અરઉ, એબર, સાલેહ, અરફખશદ, શામ, નુહ (અ.)

હ. ઇબ્રાહીમ (અ.)ના પિતાના નામનાં ઇસ્લામી તવારીખમાં કેટલીક જગ્યાએ ફેરફારો જોવામાં આવે છે. કેટલાક ઇતિહાસકારો હ. ઇબ્રાહીમ (અ.) ના પીતાનું નામ તારેખ અને કેટલાક તેમનું નામ 'અઝર' બતાવે છે. આ મતફેરનું કારણ એ છે કે કલામે શરીફમાં સુરા અનઆમ (સીપારો ૭ મો) માં હેઠળ મુજબ વાકય નજરે પડે છે. 'વઇઝ કાલ ઇબ્રાહીમ, લે અબીહે, આઝરા, અત–તખેઝો અસનામન, આલેહતન" અર્થ :– 'જ્યારે ઇબ્રાહીમે પોતાના પિતા આઝરને પુછયું કે શું તમો મુર્તિઓને તમારા ખુદા સમજો છો?' અહીં જે અબીનો શબ્દ વપરાયો છે તેનો મુળ અર્થ તો 'પિતા' છે પણ અરબ લોકોમાં તે શબ્દ પોતાના કાકા અથવા અન્ય વડીલ માટે પણ વપરાય છે. જો 'અબી' નો અર્થ અહીં 'પિતા' લેવાનો હોય તો અઝાર પિતા કહેવાય, જેવણ મુર્તિપુજક હતા. પણ હ. ઇબ્રહીમ નબીના પિતા મુર્તિપુજક નહોતા. એવું સુરા ઇબ્રાહીમના ૪૧ માં વાકયથી સાબીત થાય છે. એટલું જ નહી પણ ઝુજ્જાજ તેમજ ઝરકાની જેવા આલમાઓ કહે છે કે ઇબ્રાહીમ નબીના પિતાનું નામ 'તારેખ' હતું. તૌરાતમાં Torah અને તાલમુદમાં Thara નામ જોવામાં આવે છે. દઅવતના કિતાબોમાં આઝર એ હ. ઇબરાહીમ (અ.) ની મા સાહેબાના બાપનું નામ હતું એવું જણાવે છે.

એક વખત નમરૂદ બાદશાહ પોતાનો દરબાર ભરી બેઠો હતો અને તેના તખ્તની આજુબાજુ તમામ લશ્કરી અફસરો તથા નજુમીઓ હાજર હતા, આ વખતે નજુમીઓ ગમગીન હાલતમાં પોતાના માથા નીચા નમાવી બેઠા હતા, તેમને આવી હાલતમાં જોઇ નમરૂદે પુછયું કે, આજે તમોને શું થઇ ગયું છે કે રંજ અને ગમમાં બેઠા છો? નજુમીઓએ કહયું કે અય બાદશાહ ખુદા તમારી ખએર કરે, કારણ કે, આસમાન ઉપર એક અજાયબી ભરેલો તારો અમને નજરે

પડયો છે, કે જે સીતારો અમોને કયારે પણ જોવામાં આવ્યો નથી. આ સાંભળી નમરૂદે કહયું કે એ સીતારો શું મતલબ ધરાવે છે? તેનો ખુલાસો સમજાવો. તેના જવાબમાં નજુમીઓએ જણાવ્યું કે આજથી ત્રણ રાત–દિ' દરમ્યાન એક આશ્ચર્યકારક છોકરો ગર્ભમાં રહેશે જે તમારા અને તમારા રાજ્યનો નાશ કરશે. આ ઉપરથી નમરૂદે એવો હુકમ કર્યો કે આજથી રાજ્યના સઘળા પુરૂષોએ સ્ત્રીઓથી અલગ રહેવું. જે દિવસે આ હુકમ કર્યો તેજ રાત્રે હ. ઇબ્રાહીમ (અ.)ના પિતા કે જેવણુ નમરૂદના ખાસ અંગરક્ષક હતા અને રાતના નમરૂદ જયારે નિંદ્રાવશ થતો ત્યારે ત્યાં ચોપદારપણું પણ કરતા હતા, ત્યાં હ. ઇબ્રાહીમ (અ.)ના માતા અડધી રાત્રે આવી પહોંચ્યા. તે વખતે અન્ય ચોપદાર નિંદ્રામાં મશગુલ હતા ઇલાહી કુદરતથી તેજ રાત્રે હ. ઇબ્રાહીમ પોતાના બાપની પીઠમાંથી માના પેટમાં રહયા હતા.

બીજી સવારે નમરૂદે દરબાર ભરી નજુમીઓને સવાલ કર્યો કે "તપાસ કરો કે તે છોકરો માતાના પેટમાં રહયો કે નહિં?" નજુમીઓએ અરજ કરી કે, ગઇ રાત્રે તે છોકરો પોતાના બાપની પીઠમાંથી માતાના શરીરમાં ગર્ભ ધારણ કરી ચુકયો છે. આ કારણથી સ્ત્રીઓની તપાસ રાખવા માટે સુયાણીઓ મુકરર કરવામાં આવી. એવું કહેવામાં આવે છે કે હ. ઇબ્રાહીમની માને શરીર પર ગર્ભની કંઇ પણ નિશાની દેખાતી નહોતી, તેથી સુયાણી તેને પારખી શકી નહિં. તે સિવાય એ વર્ષમાં જેટલા પણ છોકરાઓ જન્મે તેને મારી નાંખવાનો પણ નમરૂદે હુકમ કર્યો હતો.

હ. ઇબ્રાહીમની માતાનો પ્રસવકાળ જયારે નજીક આવ્યો અને તેમની માતાને જયારે તેની તકલીફ જણાવા લાગી ત્યારે તેણે નમરૂદની બ્હીક તથા બચ્ચાંની મહેબ્બતને લઇ તે શહેર બહાર જંગલમાં જઇ પર્વતની એક ગુફામાં હઝરતને જન્મ આપ્યો, જેમના નુરના પ્રકાશથી ગુફાનું અંધારૂં દુર થઇ રોશની ફેલાઇ ગઇ. આ જોઇ હઝરતની માતાને બ્હીક લાગી કે કદાચ કોઇ અહીં આવી મારા બચ્ચાંને મારી નાંખે, પણ કુદરતના ભરોસે પોતાના બાળકને કપડામાં વિંટાળી ગુફામાં મુકી મહોબ્બતની જુદાઇમાં રડતાં રડતાં તે પોતાને ઘેર આવ્યા. આ બાળકનું નામ ખુદાતઆલાની ઇચ્છા પ્રમાણે ઇબ્રાહીમ રાખવામાં આવ્યું.

તેજ વખતે હ. જીબ્રાઇલ નાઝીલ થઇ તે બાળકના બન્ને હાથોની બે આંગળીયો તેમના મોઢામાં મુકી દીધી. ખુદાના ફજલો કરમથી એક આંગળીમાંથી મધ, અને બીજી આંગળીમાંથી દુધ નીકળવા લાગ્યું, કે જેના ઉપર હઝરતનો ગુજર થતો હતો.

હઝરત ઇબ્રાહીમની માતા ઘેર આવી. પોતાના પતિ હ. તારેખને સઘળી હકીકત વિસ્તારી કહી, જેના જવાબમાં આશ્વાસન આપતાં તેમણે કહ્યું કે, ખુદા ઉપર ભરોસો રાખો. તે માલિક સઘળું સારૂં કરશે અને બાળક તેનીજ કુદરતથી મોટું થશે.

હઝરતની માતા દર અઠવાડીયે પોતાના બાળકને જોવા જતાં હતા અને તેની કુદરતી થતી પરવરીશરી ઘણા તાજુબી પામતા હતા. આવી રીતે સાત વર્ષ વીતી ચુકયા. જયાં તેમની માતા હઝરતને ભાષાજ્ઞાન તેમજ વસ્તુજ્ઞાન પણ આપતા હતા.

એક દિવસ હ. ઇબ્રાહીમ (અ.) એ પોતાની માતાને પુછયું કે, "મારો અને તમારો ખુદા કોણ છે?" માતાએ કહ્યું કે, "તારા પીતા, કારણ કે તે મારી પરવરીશ કરે છે." હ. ઇબ્રાહીમ (અ.) એ પુછયું કે 'તેમનો ખુદા કોણ છે?' ત્યારે કહ્યું કે, 'સીતારા' ત્યારે ફરીને પુછયું કે, 'સીતારાનો ખુદા કોણ?' આ સાંભળી હઝરતની માતા લાજવાબ બની ગઇ. સબબ તે ઝમાનામાં લોકો સીતારાની પુજા કરતા હતા, અને સીતારાને બનાવનાર કોણ છે એનું જ્ઞાન તે વખતે નહોતું.

હઝરતની માતા ઘેર આવી. સઘળી હકીકત વિસ્તારપુર્વક પોતાના પતીને કહી સંભળાવી.

તે પછી એક અંધારી રાત્રે હ. ઇબ્રાહીમ (અ.) એ ગુફામાંથી બહાર આવી આકાશ તરફ પોતાની નજર કરી ત્યારે તેણે એક તારો જોયો. તેણે કહ્યું, આ મારો પરવરદીગાર છે, પણ જયારે તે અસ્ત પામ્યો, ત્યારે તેણે કહ્યું કે, હું અસ્ત પામનારાઓને ચાહતો નથી. પછી જયારે તેણે ચંદ્રને ચઢતો ચળકતો જોયો ત્યારે, તેણે કહ્યું, કે આ મારા પરવરદીગાર છે, પછી જયારે તે પણ અસ્ત પામ્યો, ત્યારે તેણે કહ્યુ, જો મારો પરવરદીગાર મને સીધો માર્ગ બતાવે નહી તો હું ખચીત આડે માર્ગે ગયેલી કોમમાંનો થઇશ. પછી જયારે તેણે સુય ને પ્રકાશતો ચઢતો જોયો ત્યારે, તેણે કહ્યું:- આ મારો પરવરદીગાર છે, આ વધારે મોટો છે. આખરે તે પણ અસ્ત પામ્યો, ત્યારે તેમણે કહ્યું આ મારો ખુદા હોઇ ના શકે.

જયારે હ. ઇબ્રાહીમ (અ.) એ જોયું કે લોકો પોતાની મુરાદો પુરી કરવાને માટે કોઇ મુર્તિની, કોઇ સીતારાની, કોઇ ચંદ્ર અને કોઇ સુરજને ખુદા માની તેની પુજા કરે છે, એટલે પોતે પણ ધાર્યું કે હું પણ મારો એક રબ

નક્કી કરું. પણ જ્યારે સિતારા, ચંદ્ર, એ સહુ ગાયબ થઇ જાય છે એમ જાણ્યું ત્યારે, વિચાર્યું કે તેના ઉપર પણ કોઇ શક્તિ હોવી જોઇએ. ત્યારે તેણે કહ્યું કે, હે મારા લોકો ખરેખર જેને તમે (ખુદાનો) શરીક ગણો છો તેનાથી હું દૂર છું. ખરેખર મેં મ્હોં તેના તરફ ફેરવ્યું છે કે જેણે આકાશો અને પૃથ્વી ઉત્પન્ન કર્યા છે. હું હનીફ ધર્મ (સત્ય ધર્મ) પાળનાર છું. અને હું મુશરકોમાંનો નથી. અને તેની કોમે તેની સાથે તકરાર કરી. તેણે કહ્યું :– 'શું તમે મારી સાથે ખુદા વિષે દલીલ કરો છો, જો કે તેણે મને સીધો રસ્તો બતાવ્યો છે? અને મારો પરવરદિગાર જે કાંઇ ઇચ્છે છે તે સિવાય જેને તમે તેની સાથે શરીક કરો છો, તેનાથી હું બ્હીતો નથી. મારા પરવરદિગારના જ્ઞાનમાં સર્વે વસ્તુ સમાયેલી છે. શું તમે શિખામણ લેતા નથી?" આ ઉપરથી લોકોએ કહ્યું કે, તમે અમારી સમક્ષ સાચી હકીકત લાવ્યા છો. જણાય છે કે, યા તો તમે જાદુગર છો અથવા તો કોઇથી સાંભળેલી વિગત કહી રહયા છો. હઝરતે કહ્યું એમ નથી, બલકે ખુદા સાચો છે કે જે જમીન અને આસમાનનો માલિક છે કે જેણે આ વસ્તુઓને બનાવી છે. જે હકીકતને હું પણ કબુલ કરું છું. પણ કસમ છે મને તે મારા મહાબુદના કે હું તમારા બુતોની ફીકર કરીશ, કે જ્યારે તમે પીઠ ફેરવીને પાછા જશો.

હ. ઇબ્રાહીમ (અ.) થી નમરૂદની પુજા કરનારી કોમ હુજ્જત અને તકરાર કરવા લાગી કે, અમારો ખુદા નમરૂદ છે, તેને તાબે થાઓ. ત્યારે હઝરતે જવાબ આપ્યો કે, "મારી સચ્ચાઇ અને મારા ખુદાના ખરાપણા સાથે વીરૂધ્ધતા કરો નહિ. હું તમારા ખુદાની પરવાહ કરતો નથી."

એ સાંભળી વીરોધીઓ હ. ઇબ્રાહીમ (અ.) ની સાથે શહેરમાં આવીને નમરૂદ જ્યાં દરબાર ભરી બેઠો હતો ત્યાં તેમને તેડી આવ્યાં

નમરૂદને જોતાં તેઓને અતિ સંતાપ થયો, કારણ એ ઘણો બેડોળ, બદસિકલ ને અળખામણો હતો અને તે એક તખ્ત ઉપર બેઠો હતો. હાજર રહેલાઓ તેને સિજદો કરતા હતા. તેના તખ્ત પાસે સૌંદર્યશાળી સ્ત્રીઓ અને ખુબસુરત ગુલામો સફ બાંધી નીચી નજર કરીને ઉભેલાં હતા. હ. ઇબ્રાહીમ (અ.) એ તેમને જોયા. આ જોઇને હઝરત બોલી ઉઠયા : "જો ઉભી રહેલી સ્ત્રીઓ અને ગુલામોનો નમરૂદ પેદા કરનાર હોય તો તેની પોતાની આવી બદસુરત શા માટે છે?"

આ સાંભળી નમરૂદના દરબારમાં હાજર રહેલા લોકોના ટોળે ટોળાં હઝરત

પર ધસી આવ્યા અને પોતાના વંદનિય નમરૂદ અને રુફ્સમારી ઉભેલા દેવ દેવીઓનો ભય દેખાડવા લાગ્યા.

આ જોઇને હ. ઇબ્રાહીમ (અ.) એ ફરમાવ્યું કે, "એ મને કાંઇ પણ હાની પહોંચાડનાર નથી, બલ્કે તમે હાનીમાંથી ઉગરવા માટે મારા સર્વ શકિતમાન ખુદાનો ભય રાખો અને તમે જે આડો માર્ગ ઝાલી બેઠા છો, તેનો ત્યાગ કરો."

તે કોમમાં દર વર્ષે બે ઉત્સવો થતા હતા, જેમાં મુર્તિપુજા ઉપરાંત પ્રાણીઓની કુરબાની પણ કરવામાં આવતી હતી. એક સમયે હ. ઇબ્રાહીમ (અ.) ના કાકા અઝારે તેમને કહ્યું કે, અય મારા બેટા ચાલ આપણે ઉત્સવ જોવા જઇએ. હ. ઇબ્રાહીમ (અ.) બીમારીનું બહાનું કરી ઉત્સવમાં ગયા નહી તેથી તેમને મુકી સૌ ચાલ્યા ગયા.

તે પછી હ. ઇબ્રાહીમ (અ.) એ એક કુહાડો લઇ બુતખાનામાં જઇ સઘળા બુતોના હાથ પગ તોડી ટુકડે ટુકડા કરી નાંખ્યા, ને તે કુહાડાને મોટી મુર્તિના ખભા ઉપર મુકી ત્યાંથી ચાલ્યા ગયા. આ હકીકતની ખબર શયતાને ઉત્સવના મયદાનમાં જઇ લોકોને આપી, જે સાંભળી તરતજ લોકો બુતખાના તરફ દોડતા આવ્યા ને પોતાના બુતોને તુટેલા જોઇ ક્રોધે ભરાણાં અને તે વિષેની ફરિયાદ તેઓએ નમરૂદ બાદશાહ પાસે જઇ કરી. અને અરજ કરી કે, જેણે અમારા બુતોની આવી દુર્દશા કરી છે તેની પાસેથી તેનો બદલો લીધા વિના અમે રહેશું નહીં. લોકોએ કહ્યું કે, એક વખત એક જવાને મુર્તિઓની ખબર લેવા માટે કહ્યું હતું, કે જેનું નામ ઇબ્રાહીમ છે. આ સાંભળી નમરૂદે હ. ઇબ્રાહીમ (અ.) ને બ્હીક બતાવી ક્રોધ સાથે પુછ્યું કે, અમારા બુતોને તમે તોડયા છે? હઝરતે કહ્યું કે, તે મેં નથી તોડયા. આ સાંભળી જનસમુહમાંથી એક જણે હઝરતને સંબોધીને કહ્યું કે અય ઇબ્રાહીમ એક દીવસ શું તમે નહોતું કહ્યું કે હું તમારા બુતોની ફીકર કરીશ! આ ઉપરથી સાબીત થાય છે કે તે તમેજ તોડયા છે. જેથી ફરીને હ. ઇબ્રાહીમે કહ્યું કે, હું હજી પણ કહું છું કે તેમને મેં તોડયા નથી, પરંતુ જે બુતોનો મોટો સરદાર છે કદાચ તેણે તોડયા હશે. તેનેજ પુછી જુઓ, અગર જો તે જવાબ આપે તો?

આ સાંભળી તે લોકોમાંથી અમુક જણાઓએ કહ્યું કે, અય ઇબ્રાહીમ, મુર્તીઓ કદી વાત કરે ખરી? જેના જવાબમાં હ. ઇબ્રાહીમ (અ.)એ કહ્યું કે, અય કોમ જયારે મુર્તીઓ વાત નથી કરતી, તેમ તે જોઇ કે સાંભળી પણ નથી શકતી તો પછી શા માટે તેને ખુદા કહો છો અને તેની પરસ્તી કરો છો.

આ સાંભળી લોકો પોતાના માથા નીચે કરી લાજવાબ થઇ ગયા. તે પછી હ. ઇબ્રાહીમ (અ.)એ હિદાયત કરી. લોકોને સમજાવતા કહયું કે, તમે એવા ખુદાની પુજા કરો છો કે, જે તમારૂં કંઇ પણ ભલું કરી શકતો નથી, હું હેરાન છું કે તમે અલ્લાહ સીવાય બીજાની શા માટે પુજા કરો છો? શું તમોને એટલા પણ બુધ્ધી નથી કે, જે પોતેજ પોતાનું રક્ષણ ન કરી શકે તે બીજાનું રક્ષણ કેવી રીતે કરી શકે?

હ. ઇબ્રાહીમ (અ.) ની દલીલ સામે લોકો ખામોશ રહયા ને કંઇ પણ ઉત્તર આપી ન શકવાથી ઉશ્કેરાઇ ગયા અને નમરૂદને તેઓએ અરજ કરી કે, ઇબ્રાહીમને બાળી નાંખો. આ ઉપરથી નમરૂદે હુકમ કર્યો કે, ફરતી ચાર દીવાલ તૈયાર કરો, અને દેશ આખામાં એલાન કરો કે ઇબ્રાહીમને બાળવા માટે લાકડા ભેગા કરવામાં આવે. તે મુજબ ચાર દીવાલો ઉભી કરી તેમાં લાકડા ખડકી આગ સળગાવામાં આવી કે જેની આંચ માત્રથી ત્રણ ગાઉ દુર ઉડતાં પક્ષીઓ પણ બળીને ખાક થઇ જતાં હતા. ધીરે ધીરે આગે વધુ પ્રચંડ રૂપ ધારણ કર્યું ત્યારે હ. ઇબ્રાહીમને આગમાં નાંખવું લોકો માટે મુસ્કીલ બની ગયું. કારણ કે આગ નજીક કોઇ જઇ શકતું નહિ હતું, તેથી સૌ વિચારમાં પડી ગયા. એટલામાં ઇબ્લીશ લઇને ત્યાં આવી કાફરોને હીકમત બતાવતાં કહયું કે, એક ઉંચી જગ્યા બનાવી, ઇબ્રાહીમને ગોફણમાં રાખી આગમાં ફેંકો. આવી ગોફણ કોઇએ બનાવી કે જોઇ પણ ન હતી, જયારે ઇબ્લીશે આવી ગોફણ દોઝખે-હાવિયામાં જોઇ હતી.

શયતાન લઇનની તરકીબ પ્રમાણે, ગોફણ તૈયાર થતાં, હ. ઇબ્રાહીમ (અ) ના હાથ પગ બાંધી તેમને ગોફણમાં મુકવામાં આવ્યા. તે પછી નમરૂદના માણસોએ જયારે હઝરતને આગમાં નાંખવાની સઘળી તૈયારીઓ પુરી કરી ત્યારે ખુદાવંદતઆલાએ ફરમાવ્યું, અય જીબ્રઇલ આસમાનના દરવાજા ખુલ્લા મુક કે જેથી સઘળા ફીરસ્તાઓ મારા ખલીલહને જોઇ શકે. હુકમે ઇલાહી અનુસાર દરવાજાઓ ખુલ્લા કરી દેવામાં આવ્યા, જેથી તમામ ફીરસ્તાઓ આ હાલ જોઇ સિઝદામાં જઇ અરજ કરી કે, યા બારીતઆલા તેં ઇબ્રાહીમને દુશ્મનોના હાથમાં આપ્યો છે. ખુદાતઆલાએ ફરમાવ્યું, અગર તમારી મરજી હોય તો તેને મદદ કરો.

પછી હ. જીબ્રઇલ બીજા ફીરસ્તાઓ સાથે હ. ઇબ્રાહીમ (અ.)ની મદદે આવ્યા અને કહયું, અય પયગમ્બર અગર તમારી મરજી હોય તો આગને દરીયામાં ફેંકી દઇએ.

હ. ઇબ્રાહીમ (અ) એ ફરમાવ્યું, શું આ ખુદાતઆલાએ ફરમાવ્યું છે?

જવાબ મળ્યો "નહિ;" પુનઃ ફીરસ્તે કહ્યું, આપની મરજી છે? હઝરતે ફરમાવ્યું, મને તમારી મદદની જરૂર નથી, મારા માટે મારો અલ્લાહ બસ છે.

તે પછી નમરૂદના અસંખ્ય માણસો ગોફણને ખેંચી હઝરતને આગમાં નાંખવા તૈયાર થયા ત્યારે હ. ઇબ્રાહીમ (અ.) આ વજીફો પડયા કે જેને ઇમામીઓ પોતાની રોજીંદી બંદગીમાં પડે છે.

"હસબુનિલ્લાહુ વ નિઅમલ વકીલ વ નિઅમલ મૌલા વ નિઅનન્નસીર." મતલબ કે, "મારા માટે ખુદા સંપુર્ણ છે, તે સારો વકીલ, સારો ધણી અને સારો મદદગાર છે."

પછી હ. ઇબ્રાહીમ (અ.) ને આગમાં નાંખી દેવામાં આવ્યા; પણ અલ્લાહના ફઝલો કરમથી તેમને કંઇ પણ ઇજા પહોંચી નહીં. ખુદાતઆલાએ ફરમાવ્યું, 'અમે કહ્યું આગ ઠંડી થઇ જા, અને સલામતી ઇબ્રાહીમ ઉપર, અમે ઇચ્છયું, જેમણે તેમનું બુરૂં કર્યું છે તેને અમે નાખ્યા નુકશાનમાં.'

તે પછી જ્યાં આગ સળગાવવામાં આવી હતી, ત્યાં બાગ બની ગયો; તે ઉપરાંત તે જગ્યાએ એક પાણીનો ઝરો ફુટી નીકળ્યો; ત્યાર બાદ ત્યાં હ. જીબ્રઇલે બહિસ્તમાંથી એક નુરાની તખ્ત લાવીને મુકયું અને પોતા સાથે લાવેલો પોશાક હ. ઇબ્રાહીમ (અ.) ને પહેરાવી કહ્યું કે, મને અલ્લાહની કુદરત ઉપર અજાયબી લાગી, ને તેની સાથે તમારી સબર ઉપર પણ મને તાજુબી ઉપજી.

કહે છે કે, આગથી જે ઝાડો બળી ગયા હતા તેની તમામ જડો જમીનમાં પાછી લાગી અને તેની ડાળીઓમાં મેવા આવવા લાગ્યા. આ વખતે નમરૂદે મિનારા પર ચડીને જોયું તો હ. ઇબ્રાહીમ (અ.) ખુશ્બોદાર ફુલો અને ઝાડોની શીતળ છાંયા હેઠળ તખ્ત ઉપર બેઠા છે. આ જોઇ તેને ઘણો જ અફસોસ થયો અને તે મલઉન હઝરત ઉપર પત્થરો ફેંકવા લાગયો, પણ ખુદાના હુકમથી તે પત્થરો હવા ઉપર અધર રહી વાદળાની જેમ છાંયો કરવા લાગ્યા. આવું પરિવર્તન જોઇ તે શરમીંદો બની ગયો અને ચ્હાયું કે હું મુસલમાન બની જાઉં. પરંતુ તેને તેજ વખતે ખોફ થયો કે, કદાચ તેથી મારી બાદશાહી જતી રહેશે. તે દરમ્યાન વઝીર હારાને નમરૂદને કહ્યું કે, ઇબ્રાહીમને જે બુઝુર્ગીમ ળી છે તે માત્ર આતશ પરસ્તીથી જ પ્રાપ્ત થઇ છે અને તે સીવાય તેણે બીજી કેટલીક વાતો નમરૂદનું મન ડગમગાવી નાખવા કહી, કે જેથી તે પાછો પોતાના અસલ

બુતપરસ્તીના ખ્યાલો ઉપર કાયમ રહે. આવી વાતો હારાન જ્યારે નમરૂદને સમજાવી રહયો હતો કે, તેની આંખમાં આગની એક ચિણગારી આવીને પડી. જેની અસહય વેદનાથી તે જમીન ઉપર પટકાઇ તરફડવા લાગ્યો. બીજી તરફ નમરૂદની દીકરીએ મહેલના એક ઝરૂખામાંથી જોયું તો તેને હ. ઇબ્રાહીમ (અ.) આરામ અને રૈનકની સાથે તખ્ત ઉપર બેઠેલા નજરે પડયા. તે ઉપરાંત તેમની નજીક કિનારા ઉપર પાણીના ચશ્મા વહેતા અને તેમની ચારે બાજુએ ફુલોની હારમાળામાં હઝરત અલ્લાહના ઝીકરમાં મશગુલ બની બેઠેલા તેણીએ નિહાળ્યા. જ્યારે તેણીએ નમરૂદ જ્યાં હતો ત્યાં આવી બીજી તરફ દ્રષ્ટી કરી તો વઝીર હારાનને જમીન ઉપર આળોટતો અને આંખની વેદનાથી ચીંચીયારીઓ મારતો જોઇ પોતાના પિતા નમરૂદને કહયું કે, 'હવે શા માટે કબુલ કરતાં નથી કે, હ. ઇબ્રાહીમનો અલ્લાહ બરહક અને સાચો છે.' જે સાંભળી નમરૂદે પોતાની દીકરીને ધુતકારી કાઢી તે હારાનની નજીક ગયો. તે બાદ તેની દીકરી હ. ઇબ્રાહીમ (અ.) ની હુઝુરમાં જઇ 'લાઇલ્લાહ ઇલ્લલાહ ઇબ્રાહીમ રસુલુલ્લાહ' નો કલમો પડી સત્ય પંથ ઉપર આવી, ને પોતાના પિતા પાસે જઇ તેણીએ કહયું કે, 'હું તો સત્યપંથ ઉપર આવી ગઇ, ને તમે શા માટે હ. ઇબ્રાહીમના ખુદા ઉપર ઇમાન નથી લાવતા?' નમરૂદે આ શબ્દો સાંભળી ગુસ્સામાં આવી જઇ પોતાની દીકરીને મારી નાંખવા તૈયાર થયો. એટલામાં કુદરતે ઇલાહીથી એક વાદળ આવી બીબીને કોહે કાફમાં લઇ જઇ રાખી, જ્યાં તેણી અલ્લાહની યાદમાં તેનું ઝીકર અને રટણ કરવામાં મશગુલ થઇ.

## હ. ઇબ્રાહીમ (અ.) નું અગ્ની પરિક્ષામાંથી મુકત થઇ પરદેશગમન કરવું.

આ ઝમાનામાં દુનિયાના વિશાળ વિસ્તાર ઉપર રાજ્ય ચલાવનારા ચાર મહાન રાજ્યકર્તાઓ થયા છે, જેમાંના બે મોમિન હતા અને બે કાફિર હતા. મોમિનોમાંના એક હ. સુલેમાન બિન દાઉદ (અ.) અને બીજા સિકંદર ઝુલકરનૈન. કાફિરોમાં એક નમરૂદ અને બીજો બખ્તનસર હતો.

કન્આનનો પુત્ર નમરૂદ એક મોટો બાદશાહ હતો. તે લોકો પાસેથી ફરજીયાત પોતાને સિજદો કરાવતો હતો. હ. ઇબ્રાહીમ (અ.) એ તેને સિજદો કર્યો નહિ. તેણે પુછયું કે, "તમે મને સિજદો કરતા નથી તેનું શું કારણ છે?"

તેમણે કહયું, "હું ફકત મારા રબને સિજદો કરૂં છું."

નમરૂદ:– 'રબ' તો હું છું.

હઝરત ઇબ્રાહીમે કહ્યું, "રબ તે છે, જે લોકોને મારે છે અને જીવતા રાખે છે."

નમરૂદે બે કેદીઓને બોલાવીને હ. ઇબ્રાહીમને સંબોધીને કહ્યું, "તારા રબને બોલાવ કે આ બન્નેને જીવાડે, નહિ તો હું એ બન્નેને મારી નાંખું છું." આટલું કહીને તેણે બન્નેનો વધ કરાવ્યો.

તે પછી બીજા બે કેદીઓને બોલાવીને હ. ઇબ્રાહીમ (અ.) ને કહ્યું, "આ બન્નેને ફાંસીની સજા થઇ છે. તેમને હું જીવતા છોડી આપું છું. તારા રબને કહે તેઓને મારી નાંખે." આ છળભર્યા વચનો સાંભળીને હ. ઇબ્રાહીમ (અ.) એ કહ્યું, "મારો રબ પુર્વમાંથી સુર્ય ઉગાડે છે, તું પશ્ચિમમાંથી ઉગાડ." આ સાંભળીને નમરૂદ લાચાર બન્યો. હ. ઇબ્રાહીમ (અ.) તેને ગુમરાહીની વાટ તજી દેવા બહુ સમજાવ્યો, પણ તે મરદુદ સમજ્યો નહિં.

ચાલીસ દિવસ પછી હ. ઇબ્રાહીમ (અ.) અગ્નીની પરિક્ષામાંથી મુક્ત થઇ શામ દેશ તરફ ગયા કે જેને 'જઝાએતુલજહ' કહે છે ત્યાં જઇ તેમણે જોયું કે, હજારો લોકો ભભકાદાર પોષાકો ધારણ કરી મેદાન તરફ જઇ રહ્યા છે. હઝરતે તેમને પુછ્યું કે, તમે ક્યાં જઇ રહ્યા છો? લોકોએ કહ્યું કે, અહીંના બાદશાહની દીકરી કે જેણી ઘણીજ ખુબસુરત છે અને તેની બરાબરી કરી શકે તેવી આ ઝમાનામાં બીજી એકે નથી એટલે ઘણા દેશોના બાદશાહો તેની સાથે શાદી કરવાની ઉમ્મીદ રાખી અહીં આવ્યા છે, પણ તે કોઇને કબુલ કરતી નથી. આજે સાત સાત દિવસ થયા શાહજાદા, અમીર ઉમરાવો તેને જોવા મેદાનમાં હાજર થાય છે અને શાહજાદી તેમને જોવા ત્યાં આવે છે. પણ તે કોઇને પસંદ કરતી નથી. આ હકીકત સાંભળી હ. ઇબ્રાહીમ (અ.) એ પણ તે મેદાનમાં આવી બેઠક લીધી. લોકમેદની જમા થતાં તે શાહજાદી પોતાની સીતેર દાસીઓ સાથે સુશોભીત વસ્ત્રાભુષણ સજી, મોઢા ઉપર નકાબ નાખી, હાથમાં ફુલફુલોથી મહેકતો એક જરીયન તુરો લઇ જ્યાં શાહજાદા, અમીર–ઉમરાવો બેઠા હતા તેમની તરફ દ્રષ્ટી ફેરવતી પસાર થઇ. એ દરમ્યાન શાહજાદીની નજર હ. ઇબ્રાહીમ [અ.] ઉપર પડી, કે જેમની પેશાની ઉપર નુર ચમકતું હતું. [કે જે નુર હ. મુહમ્મદ મુસ્તફા રસુલ સ. અ. વ. નું હતું.] બસ, હઝરતના નુરાની ચહેરા

ઉપર મુગ્ધ બની તેમના ખોળામાં તુરો મુકી તેમણે હઝરતને પોતાના પતિ તરીકે કબુલ કરી લીધા, ને તેની જાણ શાહઝાદીએ પોતાના પિતાને કરી. જે સાંભળી બાદશાહે પોતાની દીકરીને કહ્યું કે, "પતિ તો તેં નેક પસંદ કર્યો છે, પણ તે ગરીબ છે."

મઝકુર શાહઝાદીનું નામ 'સારાહ' હતું. જેની શાદી હ. ઇબ્રાહીમ [અ.] સાથે કરવામાં આવી.

ઇસ્લામી તવારીખોની માન્યતા અને કસસુલ અંબિયાના પ્રમાણે સદરહુ બાદશાહ હારાન હોવો જોઇએ અને જઝાએતુલજહ શાહેર તેજ હારાન હોવું જોઇએ. હ. ઇબ્રાહીમ [અ.] હારાનમાં છ વર્ષ રહયા હતા. તે દરમિયાન તેમના પીતા ત્યાં મરણ પામ્યા હતા. ત્યારબાદ હઝરત મીસર–ઇજીપ્તમાં પોતાના પત્ની સારાહ સાથે ગયા.

તે વખતે મીસરમાં ફીરઓન રાજ કરતો હતો. મીસરના બધા બાદશાહો ફીરઓનના લકબથી ઓળખાતા હતા. આ સમયના ફીરઓનનું નામ "શીનાન બીન ઉલવાન" હતું. બીજા મત પ્રમાણે "ઉસરતાસન" હતું.

મીસરમાં તે ઝમાનામાં એવો કાયદો હતો કે જે કોઇ પરદેશી રાજ્યની હદમાં આવતો તેની નોંધ લઇ તેને ફીરઓન પાસે હાજર કરવામાં આવતો હતો; સબબ કે તે વખતે મીસર અને શામ વચ્ચે લડાઇ ચાલતી હતી. રાજ્યના ધોરણ અનુસાર હ. ઇબ્રાહીમ [અ.] તથા સારાહ ખાતુનને ફીરઓનની રૂબરૂ હાજર કરવામાં આવ્યા. ફીરઓને સારાહ ખાતુનની ખુબસુરતી જોઇ મોહીત બની હ. ઇબ્રાહીમ [અ.] ને પુછ્યું કે, આ સ્ત્રી કોણ છે? હઝરતે ધાર્મીક ભાવે કહ્યું એ મારી બહેન છે. તેણે હઝરતને કહ્યું, તારી બહેન મને આપ. હઝરતે કહ્યું કે પરંતુ તેની સાથે મારો દુન્યવી સંબંધ પતી–પત્નીનો છે. છતાં કહ્યું, તે પોતે માલીક છે. તે કામાંધ માન્યો નહિં ત્યારે સારાહ ખાતુને અલ્લાહથી પનાહ માંગી જે સાંભળી ફીરઓન હસવા લાગ્યો અને હુકમ કર્યો કે તેને હમામમાં લઇ જઇ સુંદર પોષાક પહેરાવી હાજર કરો. અને તે પ્રમાણેજ થયું. આ દરમ્યાન ખુદાતઆલાએ હ. જીબ્રાઇલને હુકમ ફરમાવ્યો કે, જા અને હઝરત ઇબ્રાહીમની આંખો ઉપરથી પડદો હટાવી લે કે જેથી હઝરત ઇબરાહીમ–સારાહ ખાતુનની સાથે તે મલઉન જે ગુફ્તેગુ કરે તેને જુએ અને સાંભળે. ફીરઓને જ્યારે સારાહ ખાતુનને સુંદર

પોષાકમાં સજ્જ જોઇ ત્યારે તેણે હાથ લાંબો કરીને બીબીને પોતાના બાહુપાશમાં લઇ લેવા ચ્હાયું, તેવોજ તેનો હાથ કુદરતી રીતે સુકાઇ ગયો. ત્યારબાદ તે મલઉને ઇચ્છયું કે, તે તેની બે--અદબી કરે, ત્યારે કુદરતી રીતે જમીને તેને કમર સુધી દબાવી દીધો. આ જોઇ તે મલઉને કહયું, આ ઔરત જાદુગર છે. જવાબ આપતાં બીબીએ કહયું કે, અય બદબખ્ત હું જાદુગર નથી, પરંતુ મારો પતી ખુદાનો દોસ્ત છે કે જેની દુઆ હુજુરે ઇલાહીમાં કબુલ થાય છે. ત્યારે ફીરઓને તૌબા કરી કે, તરતજ તે જમીનમાંથી મુકત થયો ને તેનો હાથ દુરસ્ત થઇ ગયો. પુનઃ જેવું તે કામાંધે સારાહ ખાતુન તરફ બદ–ખ્યાલથી જોયું કે, તરત જ તે આંધળો બની ગયો. આ હાલતથી મજબુર બની તેણે કહયું, અય બીબી મારા હાલ ઉપર રહેમ કર. સારાહ ખાતુને દુઆ કરતાં મલઉનની આંખો અસલ સ્થિતીમાં આવી ગઇ. પણ સત્તાના નશામાં ચકચુર એવો ફિરઓન હજી પણ કુદરતની ખુબીને સમજી શકયો નહી ને ફરી ઇચ્છયું કે, તેને પોતાના બાહુપાશમાં લઇ લે. તેજ વખતે તેનું શરીર સુકેલા લાકડા જેવું બની ગયું ને તે આંધળો થઇ ગયો. ફરી નિર્લજપણે તેણે સારાહ ખાતુનને કહયું કે, અય બીબી મારા માટે દુઆ કર. બીબીએ કહયું, અય બદબખ્તર મારો પતી અગર માફ કરે તો થાય. આથી ફીરઓને હ. ઇબ્રાહીમ (અ.)ને બોલાવી કહયું કે, 'હવે હું તૌબા કરૂં છું મને માફ કરો.'' હઝરતે ફરમાવ્યું, 'આ કાંઇ મારા હુકમથી નથી થયું બલ્કે જે કંઇ બન્યું છે તે હુકમે ઇલાહીથી છે.' તેજ સમયે હ. જીબરાઇલે નાઝીલ થઇ કહયું કે, યા હઝરત ખુદાએ તમારા ઉપર સલામ મોકલી ફરમાવ્યું છે કે, 'જ્યાં સુધી ફીરઓન પોતાનો તમામ મુલ્ક અને સઘળો ખજાનો ન આપે ત્યાં સુધી રાજી થશો નહી.' તે પ્રમાણે હઝરતે ફીરઓનને ખુલાસો કર્યો. ત્યારે તે મલઉને મુશીબતથી મુકત થવા તમામ સલતનત સાથે સઘળો ખજાનો હઝરતને સુપ્રત કર્યો. તે પછી હ. ઇબરાહીમ (અ.)એ તેની મુશ્કીલ દફે કરવા ખુદાતઆલાની દરગાહમાં દુઆ ગુજારી જેની બરકતથી ફીરઓન સારો થયો. રીવાયત છે કે, મળેલી સઘળી મીલ્કતના હઝરતે બે ભાગ કર્યા, જેમાંનો કન્આન પ્રદેશનો ભાગ પોતે રાખ્યો, ને તે સીવાયનો અડધો ભાગ ફીરઓનને પાછો આપ્યો. આથી હઝરતની મોટાઇ અને પવીત્રતા માટે તેને ઘણું માન ઉત્પન્ન થયું. ત્યારબાદ પોતે કેદ કરેલી શાહી ખાનદાનની એક ખુબસુરત કુંવારી શાહઝાદી કે જેનું નામ 'હાજરા' હતું. તેને મંગાવી તેણે સારાહ ખાતુનને હવાલે કરતાં કહયું, 'અય બીબી મેં તમારી બેહુરમતી તથા અપમાન કર્યાની તમે આપેલ ક્ષમાના બદલા તરીકે હૂં તમને બીબી હાજરા અર્પણ કરૂં છું.'

ઇબ્ને ખલદુન લખે છે કે, 'હાજરા' ઇજીપ્તશીયન શાહી ખાનદાનમાંથી કેદ થયેલા કોઇ બાનુ હતા. 'હાજરા' નામ બદલ એવો ઉલ્લેખ મળી આવે છે કે, ફીરઓન તેને કેદ પકડી લાવ્યા પછી જ્યારે તેના ઉપર મલીન દ્રષ્ટિ સાથે ખરાબ ખ્યાલ કરતો ત્યારે, કુદરતી સજા રૂપે તેને લકવો થઇ જતો અને તેનો હાથ મુડદાલ બની સુકાઇ જતો. શાહજાદીની આ પરહેજગારી ઉપરથી તેનું નામ 'હાજરા' પડયું હતું.

અહેવાલે અંબિયાના ઉલ્લેખ પ્રમાણે, બાયબલના હાલના તરજુમામાં જણાવેલ છે કે, 'હાજરા' ઇજીપ્તશીયન લોંડી હતા. પણ ઇસ્લામ પછીના બાયબલના તરજુમામાં હ. ઇસમાઇલ (અ.) અને તેની ઓલાદને ઉતારી પાડવાના હેતુથી એ પ્રમાણે ફેરફાર થયેલો છે, વાંચકે તે મુદલ ભુલવું જોઇએ નહી. 'હાજરા' હઝરત ઇસમાઇલ (અ.)ના માતા હોવાને સબબે તેમજ હ. ઇસમાઇલ (અ.) ને ઇશાઇઓ માનતા ન હોવાને કારણે દ્વેષભાવે તેઓ આવો ખોટો પ્રચાર કરે છે.

તે પછી હ. ઇબરાહીમ (અ.)એ મીસરથી કન્આન તરફ જવા માટે તૈયારી કરી, ને પોતાને મળેલા માલ-મીલ્કત, ગુલામો, પ્રાણીઓ સહીત બીબી સારાહ તથા હાજરા સાથે અહીંથી પ્રયાણ કર્યું. માર્ગમાં સારાહખાતુને પોતા ઉપર ફીરઓને વીતાવેલી મુસીબતોનું બયાન કર્યું. જેના જવાબમાં હઝરતે ફરમાવ્યું કે, આ બદલ તમે રહેજ પણ દીલગીર થાવ નહી કારણ કે, અલ્લાહતાલાએ અમારી આંખો સામેથી ગયબના પરદાઓ દુર કર્યા હતા, જેથી અમો જે હકીકત તમારા ઉપર ગુજરતી હતી તે સઘળી જોતાં અને સાંભળતા હતા. તે પછી બીબી સારાહખાતુને પોતાના પતી હ. ઇબરાહીમ (અ.)ની સેવામાં 'હાજરા'ને સુપ્રત કરી, અને હઝરત બીબી હાજરા સાથે પવીત્ર નીકાહથી જોડાયા.

કસસુલ અંબીયાના કથન અનુસાર હ. ઇબરાહીમ (અ.)એ કન્આનથી ફલસતીન, પેલેસ્ટાઇન જેને બૈતુલ મુકદસ પણ કહેવામાં આવે છે ત્યાં આવી મુકામ કર્યો, ને તે મુલ્કને તેમણે આબાદ બનાવ્યો. તે સીવાય ત્યાંની પ્રજાને શરીઅતનું જ્ઞાન પણ આપ્યું. લોકોએ હઝરત સમક્ષ એક કીબલાની માંગણી કરી, કે જે તરફ મોઢું કરી ખુદાની ઇબાદત કરી શકાય, તે માટે હઝરતે ખુદાતઆલાના દરબારમાં દુઆ માંગી એટલે હ. જીબરાઇલ બહીસ્તમાંથી લાવેલા એક પત્થર સાથે ત્યાં નાઝીલ થયા, અને તે પત્થરને ત્યાં મુકયો અને કહયું કે, અય ખલીલુલ્લાહ આ તમારા માટે કીબલો છે અને તે પછી આવનારા દરેક પયગમ્બરો માટે પણ આ કીબલો રહેશે. મજકુર પત્થરનું નામ 'સખરતુલ્લાહ' હતું. અહીં મોટી ઇબાદત-

ગાહ બનેલી છે જેને બૈતુલ-મુકદ્દશ એ નામે પણ ઓળખવામાં આવે છે. ખુદાતઆલાનો હ. ઇબરાહીમ (અ.) માટે કોલ હતો કે, તેમની ઔલાદ ઘણીજ વધશે, અને તે એટલી વધશે કે, કોઇ તેની સંખ્યાની ગણત્રી કરી શકશે નહીં.

ત્યારબાદ ખુદાતઆલાના હુકમથી હ. ઇબ્રાહીમ (અ.) 'બાબલ' ખાતે નમરૂદ બાદશાહને અલ્લાહની દાવત આપવા આવ્યા અને તેને ફરમાવ્યું કે, ''અય નમરૂદ કહે 'લાઇલ્લાહ ઇલ્લલાહ ઇબ્રાહીમ રસુલુલ્લાહ' નમરૂદે કહ્યું કે, મને તારા ખુદાથી કંઇ મતલબ નથી. અય ઇબ્રાહીમ હવે તું જોઇ લે કે, હું તારા ખુદાની બાદશાહી કેવી રીતે છીનવી લઉં છું. હઝરતે ફરમાવ્યું કે, તું આસમાન ઉપર કેવી રીતે જઇશ? નમરૂદે કહ્યું કે, હું તેની તરકીબ કરું છું. તે પછી શયતાન લઇને તેને યુક્તિ બતાવી કે, એક તાબુત બનાવ, ને તેની ચારે તરફ એક દીવસના ભુખ્યા ગીધ નામના ચાર પક્ષીઓને બાંધ, ને તે ચારે ગીધની સામે ઉપરની તરફ ગોસ્તને લટકાવી રાખ. એ ભુખ્યા ગીધો જ્યારે ખાવા માટે ગોસ્તની તલબ કરશે અને ઉડશે, એટલે તેને આસમાન તરફ લઈ જશે. બસ શયતાનની યુક્તી પ્રમાણે નમરૂદે તેમજ કર્યું, ને પોતાના એક સાથીને સાથે લઇ તે તાબુત ઉપર સ્વાર થયો તેવો જ આસમાન તરફ તેનો તાબુત ઉડયો. તાબુત જ્યારે ઉપર જઇ રહ્યો હતો ત્યારે નમરૂદે કમાનમાં તીર ગોઠવી તેણે આસમાન તરફ તાક્યું, જે જોઇ તેના સાથીએ પુછ્યું, આ શું કરો છો? નમરૂદે કહ્યું, હું આસમાનના ખુદાને મારી નાંખુ છું. તેણે કહ્યું કે, અય બાદશાહ તું જે ખુદા સામે તીર ફેંકવા માગે છે તે ખુદા નાનો નથી, પણ મહાન અને ઘણોજ જબરજસ્ત છે. સાથીના મજકુર ઉપદેશથી તેને ક્રોધ ચઢયો અને તેણે સાથીને ઉપરથી ધક્કો મારી ફેંકી દીધો. તરતજ ઇલાહી હુકમથી હ. જીબ્રાઇલ આવી તે શખ્સને બહીસ્તમાં લઇ ગયા. તે પછી નમરૂદે આસમાન તરફ તીર ફેંક્યું. બસ તેજ વખતે હ. જીબ્રઇલને ઇલાહી હુકમ થયો. જે મુજબ ફીરસ્તાઓએ મજકુર તીરને માછલી પાસે લઇ જઇ તેના ગળા ઉપર ફેરવ્યું, તેને લોહીવાળું કરી તીરને મલઉન તરફ પછું ફેંક્યું. નમરૂદે પોતાનું તીર જ્યારે લોહીવાળું જોયું, ત્યારે ખુશ થઇ મનોગત કહેવા લાગ્યો કે, મારી ઉમ્મીદ પુરી થઇ, અને મેં આસમાનના ખુદાને મારી નાંખ્યો. ત્યારબાદ જમીન ઉપર તાબુતને ઉતારી હ. ઇબ્રાહીમ (અ) ને અભીમાન સહીત કહ્યું કે, 'જો મેં તારા ખુદાને મારી નાંખ્યો, મારૂં તીર ખુનથી ખરડાયેલ છે એ તેની નીશાની છે. હ. ઇબ્રાહીમ (અ.) એ ફરમાવ્યું કે, અય મરદુદ મારા ખુદાને કોઇ મારી શકતું નથી, ન તે મરવાવાળો છે, તે કુદરતનો ધણી છે, તે પેદા કરવાવાળો અને રોજી આપનારવાળો છે.

મજકુર જવાબ સાંભળી નમરૂદે કહયું કે, હું તારા ખુદાને તો મારી ચુકયો છું, હવે એ જાણવા માંગુ છું કે તેનું લશ્કર કેટલું છે, કે જેને પણ હું મારી નાંખું. હ. ઇબ્રાહીમ (અ) એ ફરમાવ્યું કે, મારા ખુદાના લશ્કરની સંખ્યા કોઇ જાણતું નથી, ફકત અલ્લાહ જ જાણે છે. નમરૂદે કહયું, હવે હું મારૂં લશ્કર એકઠું કરૂં છું ને તું પણ તારા ખુદાનું લશ્કર ભેગું કર કે, જે મારી સામે મુકાબલો કરે તે પછી મલઉન પોતાનું લશ્કર જમા કરવા લાગ્યો. જેની છાવણી-ઓની લંબાઇ માઇલો સુધી પથરાયેલી હતી.

નમરૂદના ખ્યાલાતો કુદરત વિરૂધ્ધ ખુબજ જઇ રહેલા જાણી હ. ઇબ્રાહીમ (અ.) એ ફરીને તેને હિદાયત કરતાં ફરમાવ્યું કે, અય પલીદ! ખુદાથી શરમીંદો બન, કે જે આખી મખ્લુકાતનો પેદા કરનાર અને પરવરીશ કરનાર છે, તેનાથી જરા ડર, અને તેણે તને આ દુનિયામાં જે બાદશાહી બક્ષી છે તેનો ખ્યાલ કર. ઉત્તરમાં મલઉને કહયું, મને તારા ખુદાથી કંઇ પણ લેવાદેવા નથી, તારા ખુદામાં જો તાકાત હોય તો, તેને કહી દે કે તે મારી ફોઝથી લડી મારી બાદશાહીને છીનવી લ્યે.

નમરૂદના આવા અતિ અભિમાનભર્યા શબ્દો સાંભળી હ. ઇબ્રાહીમ (અ.) એ ખુદાની હુઝુરમાં અરજ સાથે દુઆ માંગી કે, યા ઇલાહિ! આ બેફરમાની નમરૂદ તારી સામે મુકાબલો કરવા માગે છે, તેથી તું તેને દુનિયામાં લાચાર બનાવી તેનો નાશ કર. હઝરતની એ દુઆ કબુલ થઇ અને ઇલાહિ હુકમ અનુસાર ફિરસ્તાઓએ નમરૂદની ફોજ ઉપર મચ્છરોના દળને છુટા મુકી આપ્યા, કે જે આસમાનમાં કાળા વાદળોની જેમ પથરાઇ નમરૂદના લશ્કર તરફ આવી રહયા હતા. તેને જોઇ હ. ઇબ્રાહીમ (અ) એ નમરૂદને ફરમાવ્યું, જો આ મારા ખુદાની ફોજ આવી રહી છે. નમરૂદે જયારે જોયું કે, કાળા વાદળોની માફક કંઇક છવાયેલું આવી રહયું છે ત્યારે તેણે પોતાના સિપાહીઓને હુશિયાર રહેવા અને નગારા વગાડવાનો હુકમ કર્યો. બસ ખુદાઇ ફોજ આવી પહોંચી ને પ્રત્યેક સિપાહીના માથા ઉપર એક એક મચ્છર બેસી જઇ તેમના નાકના માર્ગે મગજમાં જઇ તેમનું લોહી અને માંસ ખાવા લાગ્યા. મચ્છરોની ફોજનો તેનું લશ્કર જરા પણ સામનો કરી શકયું નહિ બલ્કે, મગજની પારાવાર વેદનાથી નમરૂદનો એક પણ સિપાહી જીવતો રહયો નહિ. પોતાના લશ્કરની આવી હાલત જોઇ મરદુદ મહેલ તરફ ભાગી છુટયો.

મહેલમાં આવી તે વિચારવા લાગ્યો કે, મારૂં લશ્કર મચ્છરોનો જરા પણ

મુકાબલો ન કરતાં મરણને શરણ થયુ. ત્યાં મચ્છરને સરદાર જે લંગડો અને કાણો હતો તે ખુદાના હુકમથી મલઉનના ખોળા ઉપર આવી બેઠો. તેને જોઇ નમરૂદે પોતાની બીબીને કહયું કે, આવી જાતના જંતુઓ હતા કે જે મારી ફોજને ખાઇ ગયાં. તે પછી તેણે ચ્હાયું કે, મચ્છરના સરદારને પકડી પાડે, એટલામાં તો મચ્છર તેના નાક દ્વારા મગજમાં ચઢી તેનું મગજ ખાવા લાગ્યો. જેની વેદનામાં તે મરદુદ ગીરફતાર થયો; તેનાથી કઇ પણ બની શકયું નહિ. આમ એકધારા ચાલીસ દિવસ વિત્યા. જ્યારે કોઇ તેના માથા ઉપર લાકડી કે જોડાનો માર મારતો ત્યારે રહેજ આરામ મળતો, ને ફરી વેદના ચાલુ થતી.

તે પછી ચાલીસમે દીવસે હઝરત ઉપર વહી નાઝલ થઇ કે, 'અય ઇબ્રાહીમ તમે નમરૂદ પાસે જઇ તેને મારા તરફ વળવાની દાવત આપો.' હ. ઇબ્રાહીમે ખુદાતઆલાના હુકમથી નમરૂદ પાસે જઇ ફરમાવ્યું કે, 'અય નમરૂદ કહે, લાઇલ્લાહ ઇલ્લલ્લાહ ઇબ્રાહીમ રસુલુલ્લાહ.' નમરૂદ મરદુદે કહયું 'તે અને તું કોણ છે કે તેની વહેદાનીયત અને તારી રસાલત ઉપર હું સાક્ષી આપું.' હઝરતે ફરમાવ્યું કે, 'જો તારા ઘરની સઘળી વસ્તુઓ ગવાહી આપે કે ખુદા એક છે અને હું તેનો રસુલ છું, તો તું ઇમાન લાવીશ?' તરતજ તેના ઘરની સઘળી ચીજોએ બુલંદ અવાજે લાઇલ્લાહ ઇલ્લલ્લાહ ઇબ્રાહીમ રસુલુલ્લાહ કહયું. જેથી તેણે દરેક ચીજોને બાળી દરીયામાં ફેંકી દેવાનો હુકમ કર્યો, ને નોકરોએ તેજ પ્રમાણે કર્યું. તે બાદ પલીદે કહયું કે, હવે કોણ સાક્ષી આપશે? હઝરતે ફરમાવ્યું કે, તમામ દીવાલ અને દરવાજા તથા થાંભલા અને તારો મહેલ ઉપરાંત તેમાંની વસ્તુઓ સાક્ષી આપશે. હઝરતના આ મુબારક કલામો સાંભળી સઘળી ચીજોએ બુલંદ અવાજે ફરીથી ગવાહી આપી, જેથી તે મલઉને દરેક ચીજોને બાળી ખાક કરાવી મુકી. તે બાદ તેણે કહયું, હવે કોણ સાક્ષી આપશે? હઝરતે ફરમાવ્યું કે, તારો પહેરેલો પોષાક પણ તેની ગવાહી આપશે. જ્યારે તેના પોષાકે પણ સાક્ષી આપી તો તેને પણ નમરૂદે ઉતારી સળગાવી મુકયો.

તરતજ હ. જીબ્રાઇલ અમીને નાઝીલ થઇ પયગમ્બરને કહયું કે, આ મરદુદ કાફીર હરગીજ ઇમાન લાવશે નહી અને તેના ઉપર ખુદાઇ કહેર નાઝીલ થશે. કારણ કે તેનું મૌત નજીક આવ્યું છે.

બીજી એક રીવાયત છે કે, નમરૂદે પોતાની અસહય વેદનાથી આરામ મેળવવા એક હજુરીયો રાખ્યો હતો, જે તેના માથા ઉપર રાત–દીવસ સોટાનો માર મારતો તેથી તેને રહેજ આરામ મળતો. એક દીવસ તે નોકરે ગુસ્સામાં

આવી જઇ સોટાનો એક ફટકો એવો તો જોરથી તેને માર્યો કે, તેથી પલીદનું માથું ફાટી ગયું ને તે મરણ પામ્યો ને જહન્નમ વાસલ થયો. જ્યારે પેલો મચ્છર કે જે અંદર તેનું મગજ ખાઇ ખુબ તાજો બન્યો હતો, તે ઉડીને ચાલ્યો ગયો.

કસસુલ અંબિયાના ઉલ્લેખ પ્રમાણે, નમરૂદના મરણ બાદ હ. ઇબ્રાહીમ (અ.) એ ત્યાંથી રવાના થઇ શામ તરફ પ્રયાણ કર્યું. ને શામ નજીક 'રહીયા' નામની જગ્યાએ આવી તે મુલ્કને આબાદ કર્યો, ને ત્યાંથી 'ફારાન' આવી ત્યાં 'ફકીયા' નામે એક શહેરને રૌનક બક્ષી આબાદ કર્યું, ને ત્યાંથી રવાના થઇ 'બૈતુલ-મુકદશ' પધાર્યા. તેમની આમદથી ત્યાંના લોકો ઘણા ખુશી થયા. એમની બીબીઓ સારાહ અને હાજરાએ તેની ખુશીમાં ગરીબોને દાન કર્યું.

ખુદાની કુદરતથી તેજ રાત્રે બીબી હાજરાને હ. ઇબ્રાહીમ (અ.) થી હમલ (ગર્ભ) રહયો, ને તેમની પેશાની ઉપર હઝરતનું નુર ચમકયું, જે બીબી સારાહને ગમ્યું નહીં. બાયબલના Genesis ના ૧૬-૧૭ પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે કે ખુદાતઆલા ફરમાવે છે કે, "તમો ગર્ભવંતા છો, તમો છોકરાનો જન્મ આપશો, તે છોકરાનું નામ ઇસમાઇલ રાખજો અને ઇસમાઇલ માટે મેં તમારી ફરીયાદ સાંભળી છે, મારો તેમના ઉપર આશીર્વાદ છે, હું તેમને ભાગ્યશાળી કરીશ અને તેમની નસલને લંબાવીશ. તેમનાથી બાર શાહજાદાઓ પેદા થશે, અને તેમના વંશજો રાજ કરતી મહાન કોમ બનશે."

મજકુર હકીકતની જાણ જ્યારે બીબી સારાહને થઇ ત્યારે તેમને અદેખાઇ આવી, જેથી તેમણે હ. ઇબ્રાહીમ (અ.) ને કહયું કે, "આ વાત હું સહન કરી શકતી નથી. કારણ કે હાજરાને ઔલાદ થાય ને હું ઔલાદ વિહોણી હોઉં" તે પછી નવ માસે હાજરાખાતુને એક ફરજંદનો જન્મ આપ્યો, જેનું નામ ઇસમાઇલ રાખવામાં આવ્યું, તેથી સારાહખાતુને હઝરતને કહયું કે, "જો હાજરા અહીં રહેશે તો હું રહીશ નહી. પણ કયાંક ચાલી જઇશ, જોઇએ તો તેને રાખો યા મને રાખો જો મનેજ રાખવી હોય તો તેને કોઇક એવા સ્થળે લઇ જાવ કે જ્યાં ફળ, ફુલ કે આબાદી ન હોય, જેથી તે આરામથી રહી ન શકે. તેમજ હું પણ તેને જોઇ ન શકું." આ હકીકત સાંભળી હઝરત ઘણા ગમગીન થયા અને શું કરવું તેની ચિંતા કરવા લાગ્યા. એટલામાં હ. જીબ્રાઇલ અમીને ત્યાં આવી હઝરતને ખુદાનો સંદેશો આપતાં કહયું કે, 'અય ઇબ્રાહીમ (અ.) જેમ સારાહ કહે છે તેમ કરો.'

હુકમે ઇલાહિ અનુસાર હઝરતે ઊંટ તૈયાર કરાવી એક ઊંટ ઉપર હાજરા તથા ઇસમાઇલને બેસાડયા ને બીજા ઊંટ ઉપર પોતે સ્વાર થઇ બૈતુલ-મુકદસથી નીકળી હમણાં જ્યાં ખાને-કાબા છે કે જે સ્થળ અગાઉના ઝમાનામાં ઘણું વેરાન હતું, ત્યાં આવી પહોંચ્યા.

અહીં આવી હઝરતે હાજરાને ફરમાવ્યું કે, "તમે અહીં રહો. હું આવું છું." અને પોતે ગમગીન ચહેરે આંખમાંથી આંસુ ટપકાવતા ત્યાંથી શામ તરફ જવા વિદાય થયા.

કેટલોક સમય વિત્યા બાદ હાજરાખાતુને જોયું કે, હ. ઇબ્રાહીમ (અ.) હજી સુધી પાછા આવ્યા નહી. બીજી તરફ સુર્યનો તાપ તીવ્ર બની રહયો હતો, જેની સખ્ત ગરમી તેમનાથી સહન થઇ શકી નહી, અને તેમનો ચહેરો ઘણોજ લાલ થઇ ગયો, તેથી તેમને પાણીની તરસ પણ ખુબજ લાગી, જે મેળવવા તેમણે હ. ઇસમાઇલને જમીન ઉપર સુવડાવી (જ્યાં હમણાં ઝમઝમ નામનો કુવો છે.) પોતે પાણીની શોધમાં નીકળ્યા. છેવટે કોહેસફા અને મરવા પહાડ ઉપર પાણી માટે સાત વખત દોડતાં ગયા, અને સાત વખત દોડતાં પાછા ફર્યાં. (કે જ્યાં હમણાં પણ હાજી લોકો સાત વખત સફા અને નરવા પહાડ વચ્ચે દોડે છે અને બની ગએલા પ્રસંગને યાદ કરે છે.) પણ પાણી કયાંય મળ્યું નહીં. તેથી હતાશ બની, જ્યાં પોતાના ફરજંદને સુવડાવ્યો હતો ત્યાં આવી જુએ છે તો હ. ઇસમાઇલના પગ પાસે પાણીનો એક ઝરો ફુટી નીકળ્યો છે. એ ઝરો હ. ઇસમાઇલના બન્ને પગોની એડીઓ ઘસવાથી પેદા થયો હતો.

આ દ્રશ્યથી બીબી હાજરા ઘણા ખુશી થયા, અને અલ્લાહના શુક્રાના અદા કરતાં કહયું, અલહમ્દોલિલ્લાહ, ખુદાતઆલાએ ભલે મને આવો મુબારક ફરજંદ બક્ષ્યો. પછી પોતે પાણી પીધું અને પોતાના પુત્રને પણ પીવડાવી તૃષ્ણા તૃપ્ત કરી.

એક વખત સોદાગરનો એક કાફલો પાણીની શોધમાં જાનવરો સહીત ત્યાં આવી પહોંચ્યો તેમણે જોયું કે, એક બાનું પોતાના બાળક સાથે પાણીના ઝરા નજીક બેઠી છે. એ કાફલાએ આ પુર્વે અહીં કયારે પણ પાણી જોયું નહોતું, તેથી તાજુબી સાથે તેમણે બાનુને પુછયું કે, "તમે કોણ છો? અને અહીં શા માટે બેઠા છે.?" હાજરાખાતુને પોતાના તેમજ હ. ઇસમાઇલ ઉપર વીતેલી પાણીની ઘટના તેમને કહી સંભળાવી. જે સાંભળી કાફલાવાળાએ કહયું કે, મહેરબાની કરી

અમારાથી બદલો લઇ આપ અમને અને અમારા જાનવરોને પાણી પીવા આપો કે જેથી તે પાણી અમને હલાલ થાય. બીબી હાજરાએ તે બદલ પોતાની ખુશી વ્યકત કરી; અને કાફલાવાળાએ તે જગાએ પોતાના જાનવરો સહીત તંબુ ખોડી મુકામ કર્યો, અને પાણી પીધું. એવો પણ ઉલ્લેખ મળી આવે છે કે બીબી હાજરા પશમ (ઉન) ની રસીઓ બનાવી પોતાનું ગુજરાન કરતા હતા.

એક દીવસ હ. ઇબ્રાહીમ (અ.) ને ખ્યાલ થયો કે, "ખુદા જાણે હાજરા તથા ઇસમાઇલ કેવી હાલતમાં હશે?" જેથી તેમની મુલાકાત કરવાનો ઇરાદો તેમણે સારાહખાતુન સમક્ષ જાહેર કર્યો. સારાહે કહ્યું કે એવા કરારથી રજા આપું કે ત્યાં જઇ તમે ઊંટ ઉપરથી નીચે પગ ન મુકતાં, માત્ર તેમને જોઇ તરત જ પાછા ચાલ્યા આવો. હઝરતે એ શરત કબુલ કરી. બૈતુલ મુકદસથી રવાના થઇ તેઓશ્રી મકકે પહોંચ્યાં, જ્યાં તેમને અરબ લોકો બકરી ચરાવતા નજરે પડયા. તેઓમાંથી કોઇએ પણ હઝરતને ઓળખ્યા નહીં, પણ તેમને હાજરાખાતુને દુરથી જોઇ ઓળખી લીધા ને તેમની પાસે જઇ હઝરતનું બહુમાન કરી પોતાને સ્થાને લઇ આવ્યા. આ વખતે હઝરતને પોતે સારાહને આપેલો કોલ યાદ આવ્યો, એથી તેમણે જમીન ઉપર પગ મુકયો નહીં.

હાજરાખાતુને હ. ઇસમાઇલને કહ્યું કે જો તારા પીતાજી પધાર્યા છે. એમને જોઇ હ. ઇસમાઇલ ઘણા જ ખુશી થયા. હાજરાએ હઝરતને અરજ કરી કે આપ સ્વારી ઉપરથી નીચે આવો તો હું આપના હાથ–પગ ધોવરાવી આપું. હઝરતે ફરમાવ્યું, જમીન ઉપર પગ નહીં મુકવાનું મેં સારાહને વચન આપ્યું છે. તેમનો કરાર કાયમ રહે તે માટે હાજરાએ બે પત્થર લાવી તે ઉપર હઝરતને બન્ને પગ રાખવા વીનંતિ કરી, ને તેમના હાથ–પગ ધોવરાવ્યા. આ વીધી પુરી થતાં જ હઝરત બન્ને મા–દીકરાને પ્યાર ભરી નજરે જોઇ ત્યાંથી બૈતુલ–મુકદસ તરફ વીદાય થયા. અહી હ. ઇબ્રાહીમ (અ.) સારાહખાતુન પાસે રહી, એક મુસાફરખાનું બનાવી મહેમાનોની મહેમાનદારી કરવા અને લોકોને રાહે–રાસ્તાની હીદાયત આપવા લાગ્યા.

## હઝરત ઇસમાઇલ (અ.)ની કુરબાની.

હદીસમાં વર્ણાવ્યું છે કે, એક રાતે હ. ઇબ્રાહીમ (અ.) ને સ્વપ્નામાં કોઇ કહી રહયું છે કે, ઊઠ, કુરબાની કર. તે મુજબ હઝરતે સવારે ઊઠી બસો ઊંટની કુરબાની કરી. આમ હઝરતે લાગલાગટ ત્રણ દીવસ સુધી સ્વપ્ના જોયા,

અને બસો-બસો ઊંટની કુરબાની કરતાં રહયા. ચોથી રાતે સ્વપ્નામાં તેમને કહેવામાં આવ્યું કે, "અય ઇબ્રાહીમ, તમારા ફરઝંદ ઇસમાઇલની કુરબાની કરો. સુબહાન અલ્લાહ!"

પયગમ્બરોને આવતા સ્વપ્ના સાચા હોય છે ને તે મીસાલ "વહી" ની કુવ્વત ધરાવે છે. બસ સવાર થતાં હઝરતે મજકુર હકીકત બીબી સારાહને કહી કે રાતના મને સ્વપ્નામાં ફરજંદ ઇસમાઇલની કુરબાની કરવાનો આદેશ મળ્યો છે. અલબત તેના સિવાય મને બીજો ફરજંદ નથી. જો તમે કહો તો હું તેને અલ્લાહની રાહમાં કુરબાન કરી ઇલાહી ફરમાન બજાવી લાવું. બીબી સારાહે કહ્યું, બહુ જ સારૂં. તેને અલ્લાહની રાહમાં ફિદા કરો. એ પછી તરત જ હ. ઇબ્રાહીમ (અ.) ઊંટ ઉપર સ્વાર થઇ હાજરાખતુન પાસે જઇ પહોંચ્યા ને ફરમાવ્યું કે, ઇસમાઇલના માથાના વાળો મુશ્ક-અંબરથી ખુશબોદાર કરો ને તેને કંગઇથી ઓળી આપો. તેમજ આંખમાં સુરમો આંજી, સ્વચ્છ વસ્ત્રો પહેરાવી તૈયાર કરો મારે તેને દાવતમાં લઇ જવો છે.

તેજ વખતે બીબી હાજરાએ હ. ઇસમાઇલને નવરાવી તૈયાર કરી પોતાના ફરજંદને કહ્યું કે, તમારા પીતા સાથે દાવતમાં જાઓ. આ વખતે હ. ઇસમાઇલની ઉમર નવ વર્ષની હતી. બાપ-દીકરો બન્ને રવાના થયા. હ. ઇબ્રાહીમ આગળ અને હ. ઇસમાઇલ તેમની પાછળ જઇ રહયા હતા.

આ વખતે શયતાને હાજરાખતુન પાસે આવી કહ્યું, અફસોસ તો એ છે કે, ઇસમાઇલના પીતા તેને ઝબેહ કરવા લઇ ગયા છે. બીબીએ જવાબમાં કહ્યું કે, મને તારી વાત ઉપર આશ્ચર્ય થાય છે, તેં કદી એવુ સાંભળ્યું છે કે, કોઇ પણ બાપ ગુનાહરહીત દીકરાને કતલ કરે ખરો? જેથી શયતાને કહ્યું કે, તેમ કરવા તેને ખુદાએ હુકમ કર્યો છે.

મજકુર હકીકત સાંભળી હાજરાએ કહ્યું, જો ખુદાનું જ ફરમાન છે, તો હું પણ તેની રઝા મંદી ઉપર ખુશ છું. શયતાન અહીં ફરેબમાં નહીં ફાવતા વિચાર્યું કે, ઇસમાઇલ હજી બાળક છે તેની પાસે જઇ તેને રાહથી ભટકાવીશ તો જરૂર તે મારી જાળમાં આવી જશે.

ત્યારબાદ શયતાને હ. ઇસમાઇલ (અ.) પાસે આવી કહ્યું કે, ઇસમાઇલ તું ક્યાં જાય છે? ઇસમાઇલ (અ.) એ કહ્યું, હું મારા પીતાની સાથે દાવતમાં જાઉં છું. શયતાને કહ્યું, એ ખરૂં નથી, પણ તારો પીતા તને કતલ કરવા લઇ

જાય છે. એ સાંભળી હઝરતે ફરમાવ્યું, 'કદી પીતા બે-ગુનાહ દીકરાને મારી નાંખે એવું તેં કયારે સાંભળ્યું છે?' જવાબમાં ઇબ્લીશે કહ્યું, 'તેને ખુદાએ એવો હુકમ કર્યો છે.' હ. ઇસમાઇલે કહ્યું, 'અગર મારા ખુદાનો હુકમ છે તો મારી હજાર જાન તેની રાહમાં કુરબાન છે.'

આમ બાપ-દીકરો બન્ને ઘણે દુર નીકળી ગયા. હ. ઇસમાઇલે પોતાના પીતાને પુછ્યું કે, પીતાજી તમે મને કયાં લઇ જાઓ છો ? હઝરતે ફરમાવ્યું કે, મને સ્વપ્નામાં ખુદાતઆલાએ તને ઝબેહ કરવાનો હુકમ ફરમાવ્યો છે. કહે, આ ફરમાન માટે તું કંઇ કહેવા માગે છે? હ. ઇસમાઇલે કહ્યું, અય પીતાજી તેમજ કરો કે જે મુજબ તમને ઇલાહી ફરમાન થયું છે. અલબત, તમે મને આ રાહમાં સબર કરવાળાઓમાંથી જ નીહાળશો, હવે પીતાજી જલ્દી કરો. અને જે પ્રમાણે ખુદાનો હુકમ છે તે મુજબ અમલ કરો. નહીં તો શયતાન મને વસવસામાં નાંખશે, તે મરદુદ ચ્હાય છે કે, મને શંકામાં નાંખી ખુદાના માર્ગથી ભટકાવી દીયે. ત્યારે હ. ઉબ્રાહીમ (અ.) એ ફરમાવ્યું કે, તે મલઉન ઉપર પત્થર માર અને બાપ-દીકરા બન્નેએ તે મરદુદ ઉપર પત્થર ફેંકયા. આજે પણ હાજી લોકો ઉપર આ શરીઅત રવા છે તે અનુસાર જ્યારે હાજીઓ હજ કરવા જાય છે ત્યારે સાત-સાત વખત તે તરફ પત્થર ફેંકે છે.

ત્યારબાદ બાપ-દીકરો 'મિના બજાર' નામની જગ્યાએ આવી પહોંચ્યા. (જ્યાં હમણાં હાજી લોકો કુરબાની કરે છે.) આ વખતે હઝરત ઇબ્રાહીમ (અ.) એ હ. ઇસમાઇલને પુછ્યું કે, તારી કુરબાની થાય તે પહેલાં તને કંઇ વસીઅત કરવી છે? ત્યારે હ. ઇસમાઇલે કહ્યું કે, 'પીતાજી મારી ત્રણ વસીયતો છે. પેલી મારા હાથ-પગં મજબુત બાંધજો, કારણ મારી જાન નાજુક છે તેથી છુરીની ઇજાથી કયાં હું જોશમાં ન આવી જાઉં. ખુદાનખાસ્ત કદાચ લોહીનું એક પણ બિંદુ તમારા કપડા ઉપર લાગે તો કયામતના દીને હું ગુનેહગારમાં ગણાઉં.

બીજી વસીયત એ છે કે, મારું મોઢું જમીન તરફ રાખજો, જેથી મારો ચહેરો તમારી તરફ કે, તમારી નજર મારી સામે ન હોય; કે જેથી તમને હું અને તમે મને જોઇ ન શકો અને અરસપરસની મહોબત જોશ કરે નહીં.

ત્રીજી વસીયત એ છે કે, જ્યારે તમે પાછા ઘેર તશરીફ લઇ જાઓ ત્યારે, મારી દીલ બળેલી માતાની ખીઝમતમાં મારા આખરી સલામ કહેજો, ને મારા લોહીથી ખરડાયેલા વસ્ત્રો તેને અર્પણ કરજો, કારણ તેમના માટે એ તસલ્લી

રૂપ થશે. આ નીશાની એટલા માટે છે કે, મારા સીવાય તેને બીજો ફરઝંદ નથી. તે પછી હ. ઇબ્રાહીમ (અ.) એ હ. ઇસમાઇલના હાથ–પગ રસીથી મજબુત બાંધી તેમનું મોઢું જમીન તરફ કર્યું અને હઝરતે પોતાની આંખો ઉપર પાટો બાંધી પોતાના એકના એક પુત્રના ગળા ઉપર છરી ચલાવી. પણ તેની અસર ગરદન ઉપર થઇ નહીં. ત્યારબાદ હઝરતે છુરીને ઘણુંજ જોર સાથે ગરદન ઉપર ચલાવી તો પણ ઝબેહ થયા નહીં, જેથી હ. ઇસમાઇલ જબિઉલ્લાહે અરજ કરતાં કહ્યું, અય પીતાજી! છુરીની અણી ગળા ઉપર દબાવી જોર કરો. તે પ્રમાણે હઝરતે તાકાત લગાડી છતાં ઝબેહ થયા નહી, ત્યારબાદ હ. ઇબ્રાહીમ (અ.) એ છુરીને તકબીર સાથે પુરી તાકાત લગાડી ચલાવી. તેજ વખતે ખુદાના હુકમથી હ. જીબ્રાઇલ અમીને હ. ઇસમાઇલને તે જગ્યાએથી ખસેડી તેમની જગ્યાએ બેહસ્તથી લાવેલો દુંબો મુકી દીધો. આ વખતે હ. ઇબ્રાહીમ (અ.) એ આંખથી પાટો દુર કર્યો તો હ. ઇસમાઇલની જગ્યાએ દુંબાને ઝબેહ થયેલો જોયો.

અને હ. ઇબ્રાહીમ (અ) એ હ. જીબ્રાઇલને પુકાર કરતા આવતા સાંભળ્યા. 'કોલહુતઆલા' અય ઇબ્રાહીમ સાચે જ તમે સ્વપ્નાને સાબીત કરી બતાવ્યો છે. હુકમને અમલમાં લાવી સાબીત કરનારનેજ મુશ્કીલ ફરમાનો કરી અમે તેને અજમાવીએ છીએ, બેશક એજ સત્ય અજમાયું છે, અને અમે તેને છોડાવી લીધો. ખલ્કત ઉપરની બીજી મહાન કુરબાની માટે સલામ હોજો, ઇબ્રાહીમ ઉપર. અમે નેકી કરવાવાળાઓને આવી રીતે બદલો દઇએ છીએ, કે જે અમારા ઇમાનદાર બંદાઓમાંથી છે, અને અમે ખુશ ખબરી આપી ઇબ્રાહીમને ઇસહાક માટે, જે પયગમ્બર થશે નેક નામોમાંથી.

ખુદાત્રંદતઆલાના હુકમ પ્રમાણે હ. ઇબરાહીમ (અ.) એ પોતાના એકના એક વહાલા પુત્રની કુરબાની કરી જેથી તેમના ઉપર ખુદાવંદેઆલમીન ઘણુંજ ખુશ થયા અને તેમનો દરજ્જો વધાર્યો, તેમજ તેમના વંશજોમાંથી ઇમામો બનાવવા માટે વચન આપ્યું. જે વિષે કુરઆને શરીફ સુરે–બકર, આયાત–૧૨૪માં ફરમાવ્યું છે કે,

"વએઝિબતલા ઇબ્રાહીમ રબ્બોહુ બેકલેમાતિન ફઅતમ્મહુન્ન કાલ ઇન્ની જાએલોક લિન્નાસે ઇમામા કાલ વમિન ઝુરરિયતી કાલ લાયનાલો અહદિ ઝાલેમીન."

અર્થ :– "અને જ્યારે ઇબરાહીમની તેના પરવરદિગારે શબ્દો વડે અજમાએશ કરી, પછી તેણે તે શબ્દો પુરા પાડયા, ત્યારે ખુદાએ કહ્યું કે, ખરેખર

હું તને માણુસો માટે ઇમામ બનાવનાર છું. ઇબરાહીમે કહયું અને મારા વંશજોમાંથી પણ (બનાવ). ખુદાએ કહયું કે, મારૂં "અહદ" (વચન) ઝુલ્મગારોને મળશે નહિં."

હ. ઇબરાહીમ (અ.) હ. ઇસમાઇલની કુરબાનીથી નિવૃત થઇ ખુદાનો શુક્ર અદા કરી, પોતાના પુત્રને સાથે લઇ હાજરાખાતુન પાસે આવી તેમને હવાલે કર્યા. અને બીબીને હ. ઇસમાઇલને બદલે દુંબાની બનેલી કુરબાનીની ઘટના કહી સંભળાવી. જેથી હાજરાખાતુને અલ્લાહના શુક્રાના અદા કર્યા. તે પછી હ. ઇબરાહીમ (અ.) બીબી સારાહ કે જેઓ "શામ" માં હતા, ત્યાં જવા વિદાય થયા.

હીજર કઅ્બા તે જમાનમાં ઉજ્જડ હતું, ત્યાં વસ્તી મુદ્દલ નહોતી ત્યારે જુરહત કબીલાના માણુસો, 'ઝમઝમ' નામના નવા પાણીના ઝરાથી લોભાઇ ત્યાં આવી વસ્યા; અહિં હાજરા તથા હ. ઇસમાઇલ (અ.) તે કબીલા વચ્ચે સહીસલામત રહેવા લાગ્યા. હ. ઇબ્રાહીમ (અ.) ત્યાં અવારનવાર તેમની મુલાકાત લેવા આવતા હતા. બીબી હાજરા ત્યાં વફાત થયા, અને તે ખાતુનને 'હીજર' માં દફન કરવામાં આવ્યા.

## હઝરત ઇબ્રાહીમ (અ.) ના અન્ય કેટલાક પ્રસંગો

હ. ઇબ્રાહીમ (અ.) પાસે એક દિવસ હ. જીબ્રાઇલ અમીને આવી ફરમાવ્યું કે, "ખુદાઅતઆલાએ તમને સલામ સાથે ફરમાવ્યું કે, તમે જમીન ઉપર તેના માટે 'ખાને-કાબા' બનાવો." હઝરતે ફરમાવ્યું, કયાં બનાવું? જીબ્રાઇલે કહયું, "ઉંટ ઉપર સવાર થાઓ અને તમારી સાથે એક વાદળું આવશે, તેની સાથે સાથે તમે જાઓ અને જયાં તે અટકે અને છાંયો કરે તે જમીન ઉપર ખાનેકાબા બનાવવા પાયો નાંખો."

આજ્ઞા મુજબ હઝરત શામથી નીકળી હમણાં જયાં ખાનેકાબા છે ત્યાં આવી પહોંચ્યા.

બીજી રિવાયત પ્રમાણે હ. જીબ્રાઇલે આવી હદ બાંધી આપી, તે જગ્યા ઉપર તેમને ખાને-કાબા ચણવાનું કહેવામાં આવ્યું હતું.

અહીં આવી હ. ઇબ્રહીમ (અ.) એ ખુદાની હુઝુરમાં અરજ ગુજારી કે, આ રબ! પત્થર કયાંથી લાવું? હુકમ થયો કે, પાંચ પહાડો 'કોહેલુબનાન હીરા,

ઝુકબીસ, શફા, અને મરવાથી લાવો. જયાંથી હ. ઈસ્માઈલ પત્થર લઈ આવતા અને હઝરત તેને ચણતા. જેમાં હ. ઈસમાઈલ પણ મદદમાં સાથે હતા, તે મુજબ હઝરતના હાથે ખાને–કાબા તૈયાર થઈ રહેતાં, તેમણે અલ્લાહના શુક્રાના અદા કર્યા.

ખાને–કાબા તૈયાર થતાં જ હઝરતે અલ્લાહના દરબારમાં દુઆ ગુજારી કે, યા ઇલાહી આ શહેરને તું રક્ષણ આપ, તેને આરામનું સ્થળ બનાવ, ને એવાઓને ફળફળાદી સાથે રોજી બક્ષ કે જેઓ ઇમાન લાવે, તારી અને તારી કયામત ઉપર. ખુદાતઆલાએ ફરમાવ્યું, તેમજ જે મુનકીર યાને બેઇમાન છે તેને પણ ફાયદો પહોંચાડીશ થોડા દિવસો માટે, પછી તેને બોલાવીશ દોઝખ તરફ કે જે જગ્યા તેમના માટે નિર્માણ થએલી છે.

તે પછી ખુદાતઆલાએ ફરમાવ્યું, અય ઇબ્રાહીમ હવે ખાને કાબા તરફ લોકોને 'હજ' માટે બોલાવો. આપે અરજ કરી યા અલ્લાહ મારી પુકાર કયાં સુધી પહોંચશે એને કોણ સાંભળશે? હુકમ થયો કે, તમે પુકારો. હું તમારા આવાઝને બુલંદ બનાવીશ અને તે એટલે સુધી કે જે બચ્ચાંઓ માતાના ગર્ભમાં હશે ત્યાં સુધી હું તેને પહોંચાડીશ.

હુકમ અનુસાર હઝરતે એક પહાડ ઉપર ચઢી લોકોને એલાન કરતાં ફરમાવ્યું કે, અય લોકો, અલ્લાહે તમારા ઉપર હજ ફરજ કરી છે માટે તમે હજ કરવા આવો. ચારે તરફથી 'લબ્બેક' ના અવાજો આવ્યા, અને લોકો એકઠા થવા લાગ્યા. અંહીથી 'હજ' ની ક્રિયા શરૂ થઇ છે.

મકા શહેર હ. ઇબ્રાહીમ (અ) ની દુઆ તથા ઝમઝમ કુવાના પાણીની બરકતથી એટલું બધું આબાદ બન્યું કે, પાસે આવેલા 'તાએફ' અને તેની આજુબાજુ બોંતેર માઇલના ઘેરાવાવાળા વિસ્તારમાં ઉત્તમ ફળફળાદી તથા ખેતી ઉત્પન્ન થવા લાગી, જેને લઇ ત્યાં લોકોની વસ્તીનો વધારો થયો અને તેઓ આરામથી રોજી મેળવવા લાગ્યા.

ત્યારબાદ હ. ઇબ્રાહીમ (અ.) શામ તરફ રવાના થયા, ને પોતે જે મહેમાનસરા બંધાવી હતી ત્યાં પરોણાઓને જમાડવામાં અને ખુદાની બંદગીમાં મશગુલ બન્યા, તે સાથે એવી પ્રતિજ્ઞા લીધી કે, મહેમાન વગર જમવું નહિ. એક દિવસ ઇઝરાઇલ ફરિશ્તાએ માણસના સ્વરૂપમાં હઝરત પાસે આવી સલામ બજાવી કહયું કે, હું ઇઝરાઇલ છું, હઝરતે સલામનો જવાબ.

આપી ફરમાવ્યું કે, શું તમે મારી મુલાકાતે આવ્યા છો? ફિરસ્તે કહ્યું, હું આપને ખુશખબરી આપવા આવ્યો છું કે, ખુદાએ પોતાના એક બંદાને દોસ્ત કહ્યો છે. આ ઇશારો હઝરત ઇબ્રાહીમ માટે હતો, કે જેમને ખુદાતઆલાએ પોતાના દોસ્ત યાને ખલિલુલ્લાહ કહ્યા હતા કે જે ઇલ્કાબથી હઝરતને ઓળખવામાં આવે છે.

મજકુર પયગામ સાંભળી હઝરતે ફરમાવ્યું, તે કોણ છે, ને તેની નીશાની શું છે?

મલેકુલ મૌતે કહ્યું, તેની નીશાની એ છે કે ખુદાતઆલા તેની દુઆથી મુરદાને જીવતા કરે છે, એટલું કહી તે ગાયબ થઇ ગયા.

હ. ઇબ્રાહીમ ખલી. ને એક દીવસ એવી ઇચ્છા થઇ કે, ખુદાતઆલા મુરદાને કેમ જીવતા કરે છે તે પોતે જુએ તો કેવું સારું! એટલે તેમણે અલ્લાહના દરબારમાં દુઆ ગુજારી કે, યા રબ! તું મુરદા કેમ જીવતા કરે છે તે મને દેખાડ. અલ્લાહે ફરમાવ્યું શું કહ્યું, શું તને યકીન નથી? હઝરતે અરજ કરી, તારી કુદરત બરહક છે, મારી અરજ એટલા માટે છે કે, મારા દીલને તસ્સલી થાય.

ત્યારે ખુદાતઆલાએ હ. ઇબ્રાહીમ ખલી. ને ચાર પક્ષીઓ, એક મોર, એક કુકડો, એક કાગડો અને એક ગીધ પકડી તેને ઝબેહ કરવાનું ફરમાવ્યું, તે મુજબ હઝરતે ચાર પક્ષીઓને લાવી તેને કત્લ કરી તેમના માથા પોતા પાસે રાખ્યા અને તેમના માંસને ખાંડણીમાં ખાંડી લુદી બનાવી તેની ગોળીઓ તૈયાર કરી, અને તેને ચાર પહાડો ઉપર મુકી. બાદ હઝરતે ફરમાવ્યું, અય પક્ષીઓ ખુદાના હુકમથી આવો. ત્યારે પહાડ ઉપર પડેલી માંસની ગોળીઓ રેજાની માફક જુદી જુદી પડી, શરીરનો આકાર બની, હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહની પાસે આવ્યા પછી, કુકડાના ધડ ઉપર કુકડાનું માથું અને મોરના ધડ ઉપર મોરનું માથું અને કાગડા તથા ગીધના ધડ ઉપર તેમના માથા કે જે હઝરતના હાથમાં હતા તે લાગી ગયા. અને પક્ષીઓ સજીવન થઇ ઉડી ગયા. આથી હઝરતને તસ્સલી થઇ, તે સાથે એ પણ સિધ્ધ થયું કે કયામતના દીને ખુદાતઆલા પ્રાણી માત્રને આ પ્રમાણે સજીવન કરશે.

અહલે મારફતનું માનવું છે કે, ચાર જાનવરોના વધ કરવાનો ઇશારો મનુષ્યના લાક્ષણિક ગુણદોષ તરફ છે. મોર શોભિતો હોવાથી મગરૂર, કુકડો વીષય

ભોગી, કાગડો અનહદ હીસીં અને ગીધ દુનીયાની માયાનો નમુનો છે. આ પ્રમાણે ચાર પ્રાણીઓ દ્વારા મનુષ્યોના ચાર લક્ષણો પ્રત્યે સંકેત કરવામાં આવ્યો છે. મનુષ્ય ગર્વ, વીષયભોગ, હિસં અને માયાની કુરબાની આપે છે ત્યારે રુહાનીયતની હકીકત ઉપર પહોંચે છે.

ઇન્સાન ચાર મુળ તત્વોનો બનેલો છે જે જે અહિં પક્ષીઓના રુપક દ્વારા વર્ણવામાં આવ્યા છે. મગરૂરી એ આગ જેવી છે. વીષયભોગ હવા જેવી તાસીર ધરાવે છે. હિસંની અસર પાણી જેવી છે. અને માયાથી અંધ બનવું એ માટી સમાન છે. એ ચારે અવગુણો રીયાઝત પર્હેઝગારીના સંયમથી નિર્મુળ કરવા જોઇએ. ઇન્સાનના શરીર અને પ્રકૃતિના પ્રકાર પણ વિદ્વાનોએ ચાર જાતના નકકી કર્યા છે, એટલે તેનું દરેક કાર્ય અને હીલચાલ ચારમાં જ મર્યાદિત હોવાથી અત્રે ચાર પક્ષીઓની સંખ્યા દેખાડવામાં આવી છે.

ખુદાતઆલા તરફથી હુકમ થયો કે, અય ઇબ્રાહીમ જેવી રીતે તેં ઇસમાઇલને મારા નામ ઉપર આપ્યો, તે પ્રમાણે તારી સઘળી માલ–મિલ્કત મારા નામ ઉપર આપી દે, કે જેથી તું મારો ખલીલ ને વધુ પ્યારો બંદો બને. ઇલાહી હુકમ મુજબ હઝરતે પોતાની સઘળી માલમતા હાજતમંદ ગરીબ ગુરબાઓને ખુદાની રાહમાં વહેંચી આપી. આ વખતે હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહની ઉમર ૯૦ વર્ષની હતી.

બીબી સારાહને કંઇ પણ ઓલાદ નહીં હોવાથી તેઓને સદા દીલગીર જોઇ હ. ઇબ્રાહીમ ખલી. પણ હંમેશા ઉદાસ રહેતા હતા. સારાહે પોતાનો ગમ ટાળવા ખાતર ગાયનો એક વાછરડો પાળ્યો હતો જેને જરીથી ભરેલા સુશોભીત વસ્ત્રો પહેરાવી ઓલાદ માફક પ્યાર સાથે તેની પરવરીશ કરતા હતા.

હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહે મહેમાનોને જમાડયા પછી જમવાની ટેક લીધાની હકીકત અગાઉ આપણે જાણી ગયા છીએ. નિયમ અનુસાર તેઓ મહેમાનોને પોતાને ઘેર લાવી જમાડી પોતે જમતા હતા. એક વખત સાત દીવસ સુધી હઝરતને કોઇ પરોણો કે મુસાફર ન મળવાથી તેમણે જમણ લીધું નહોતું. તે દરમ્યાન ખુદાના હુકમથી બાર યુવાન શખ્સોએ હઝરતની પાસે આવી સલામ બજાવી. હઝરતે તેનો જવાબ વાળ્યો. આવનારાઓને હઝરત માણસો સમજ્યા, પણ હકીકતમાં તેઓ ઇન્સાન રૂપમાં ફરિશ્તાઓ હતા. તેમનો હાથ ઝાલી હઝરતે તેમને પોતાને ઘેર લાવી બીબી સારાહને ફરમાવ્યું, સાત દીવસ પછી આજે

વહાલા મહેમાનો પધાર્યા છે તો તેમને માટે વહાલામાં વહાલી વસ્તુ હોય તે લાવો. બીબીએ કહ્યું કે, વાછરડા સીવાય બીજી કોઇપણ વસ્તુને હું પ્યારી ગણુતી નથી કે જેને મેં મારી ઓલાદ મીસાલ ઉછેર્યો છે. ફરમાવો તો તેની કુરબાની કરૂં. તે પછી હઝરતે તે વાછરડાને ઝબેહ કર્યો ને બીબીએ તેની બીરીયાની બનાવી. હઝરતે મહેમાનોને જમવા માટે અરજ કરી. મહેમાનોએ કહ્યું કે, બદલો આપ્યા વીના જમવું અમારા માટે દુરસ્ત નથી; ત્યારે હઝરતે ફરમાવ્યું, બિસ્મિલ્લાહ હીર રહેમા નિર્રહીમ' પડી જમો, ને જમી રહ્યા પછી 'અલહમ્દો-લિલ્લાહ' કહો એજ તેની કિંમત યા બદલો છે.

આ સાંભળી હ. જીબ્રાઇલ જાહેર થયા ને કહ્યું, અય નબી તમારી આ હકીકતથી ખુદા તમારા ઉપર ઘણા ખુશ થયા છે ને તમને પોતાનો દોસ્ત કહ્યો છે. તમે ચીતા નહી કરો. અમે જીબરાઇલ, મીકાઇલ, ઇસરાફીલ, દરદાઇલ, અકત્રાઇલ છીએ તે સીવાય કેટલાક બીજા ફિરસ્તા અમારી સાથે છે. અમે ખુદા-ના હુકમથી તમારી કસોટી અર્થે આવ્યા છીએ. હવે તમે ખાણું દયો. બાદ ફિરસ્તા તથા હઝરતે સાથે મળી ખાણું લીધું. જમી પરવાર્યા બાદ ફિરસ્તાએ કહ્યું કે, અમે અહીંથી હ. લુત (અ.) ના શહેરો તરફ જશું, કે જે પયગમ્બરે મુરં-શિલ છે, ને તેમને તેમની કોમની બલામાંથી નજાત અપાવીશુ.

તે સિવાય તમારા માટે વીશેષ ખુશ આગાહી એ છે કે, તમારી બીબી સારાહને તમારાથી એક ફરજંદ પેદા થશે, જેનું નામ ઇસહાક અને તેના ફરજંદનું નામ યાકુબ હશે.

મજકુર વાતચીત વખતે સારાહખાતુન ત્યાં ઉભા હતા. તેમણે આ હકીકત સાંભળી, હસીને કહ્યું કે, હું તે શું જણીશ ? આ એક અજબ જેવી વાત તમે કહી રહ્યા છો, કારણ કે હું અને મારા પતી બન્ને બુઢા થઇ ગયા છીએ.

ફિરસ્તાએ કહ્યું, અલ્લાહના હુકમ ઉપર તાજુબ ન થાવ, કારણુ તેની મહેર અને બરકત તમારા ઘર ઉપર ઉતરી છે; માટે તેની ઇચ્છા ઉપર આશ્ચર્ય કરો નહિં, કારણ કે, એજ ઇસહાકના વંશમાંથી સીતેર હજાર પયગમ્બરો પેદા થશે, બીબી સારાહે કહ્યું, તેની ખાત્રી શું ?

ફિરસ્તાએ જવાબમાં કહ્યું, "હલાલ કરેલા વાછરડાના હાડકાઓને એક થાળમાં ગોઠવી આપો." તે મુજબ ગોઠવ્યા પછી ફિરસ્તાએ તેના ઉપર "કુમ્એ

ઇઝ–નિલ્લાહ" પડતાંજ તે વાછરડો સજીવન થઇ દોડતો પોતાની મા પાસે જઇ તેને ધાવવા લાગ્યો.

તે સિવાય બીજી નિશાની એ આપવામાં આવી કે, હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહના ઘરમાં લીંબડાના ઝાડની એક સુકી જડ હતી. હ. જીબ્રાઇલ અમીને પોતાની પર તે ડાળ ઉપર ફેરવતાં જ તે હરીયાળી બની ગઇ, તે પછી તેને પાંદડા લાગ્યા, અને તેના ઉપર મેવો આવ્યો અને તે ડાળ ફાલીફુલી એક મોટું ઝાડ બની ગયું.

હઝરતે સારાહખાતુનને તે મેવો ખાવા માટે આપ્યો, જે બીબીએ ખાધો. બાદ ફિરસ્તાએ કહ્યું, તમે ખુદાની કુદરત જોઇ? સાથે તમે એ પણ જોયું કે, ઘણા દિવસની સુકી ડાંખળી હરીયાળી બની, વળી તેને મેવો પણ લાગ્યો અને તે તમે ખાધે; માટે અલ્લાહની કુદરતમાં કંઇ પણ શક લાવવા જેવું નથી. તે તમને શું એક ફરજંદ નહી આપે? જરૂર આપશે! જેનું નામ ઇસહાક ને તેના દિકરાનું નામ યાકુબ હશે.

ઇલાહી વચન અનુસાર હ. ઈબ્રાહીમ ખલિલુલ્લાહથી સારાહ ખાતુને એક ફરજંદને જન્મ આપ્યો. તેનું નામ ઇસહાક રાખવામાં આવ્યું.

ઇસહાકની ઔલાદમાંથી હ. મુસા (અ.) તથા હ. ઇસા (અ.) પેદા થયા; જ્યારે હ. ઇસમાઇલ (અ.)ના વંશમાંથી હ. મહમદ મુસ્તફા રસુલ સ. અ. વ નો જન્મ થયો છે.

હ ઇબ્રાહીમ ખલિ. ના ઝમાના પહેલા સુન્નત (ખતના) કરાવવાનો રીવાજ નહી હતો, પણ મજકુર રીવાજ હઝરતના ઝમાનાથી ખુદાતઆલાના હુકમ અનુસાર શરૂ થયો હતો. જેને લઇ પોતે તેમજ તેમના પુત્રો અને તેમના માણુસોએ સુન્નત કરાવી હતી.

બાયબલના ઉત્પતિ પ્રકરણ ૧૭માં જણાવ્યું છે કે, 'ઇબ્રાહીમની સુન્નત થઇ ત્યારે તે ૯૯ વર્ષના હતા અને તેના દીકરા ઇસમાઇલની સુન્નત થઇ ત્યારે તે ૧૩ વર્ષના હતા અને તેજ દહાડે ઇબ્રાહીમની તથા તેના દીકરા ઇસમાઇલની સુન્નત થઇ, અને તેના ઘરના માણુસો જેઓ ઘરમાં જન્મેલા તથા પરદેશીઓ પાસેથી ખરીદેલા હતા તેઓની સુન્નત તેઓની સાથે થઇ.'

'અને તેનો દીકરો ઇસહાક ૮ દહાડાનો થયો ત્યારે દેવે એને આજ્ઞા આપી હતી તે પ્રમાણે ઇબ્રાહીમે તેની સુન્નત કરી.'

'અને જેઓ શહેરની ભાગોળે નીકળતા હતા તે સઘળાએ હમારે તથા તેના દીકરા શખેમની વાત માની લીધી ને તેના શહેરની ભાગોળે જનારા સર્વે પુરૂષોની સુન્નત કરાવી.'

એક વખત 'શામ' કે જ્યાં હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહ વસવાટ કરતા હતાં, ત્યાં સખ્ત દુકાળ પડતાં લોકો ભુખે મરવા લાગ્યા. તેથી તેઓએ પોતા પાસે જે કંઇ હતું તે દુષ્કાળ પીડીત લોકોને ખવરાવવા માંડ્યું. અંતે તેઓ 'સરબંધી' બની ગયા, તો પણ દુકાળનું જોર નરમ પડ્યું નહી આ ઉપરથી હ. ઇબ્રાહીમ (અ.)એ ઉંટની કેટલીક કતાર પોતાના એક મિત્રને ત્યાં મીસર મોકલી અને તેને અનાજથી લાદી પાછી મોકલવા જણાવ્યું. આ વખતે મિસરમાં પણ દુકાળ પડેલો હોય, હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહના મીત્રે તેમની એ માગણી પુરી પાડવા પોતાની લાચારી જણાવી તેથી મોકલેલા સઘળા ઉંટો પાછા ફર્યા ઉંટ સાથે ગએલા 'મારી' નામના નોકરને આવી સ્થિતિથી ઘણું લાગી આવ્યું અને ઉંટોને લોકો ખાલી પાછા ફરેલા જોશે તો નીરાશ થશે અને અધર્મીઓ મશ્કરી કરશે, એવા વીચારથી ઉંટની છાટોમાં રણની રેતી ભરી, નોકર ઉંટોને દોરવી લઇ આવ્યો. હ. ઇબ્રાહીમ (અ.) ના નીવાસસ્થાને ઉંટોની કતાર પહોંચતાં જ બોજ ઉતારી લેવામાં આવ્યો. આ સમયે હઝરત ખાનેખુદામાં બંદગી કરતા હતા. ત્યાં જઇને 'મારી'એ સઘળી હકીકત સંભળાવી. એ સાંભળી હઝરત સીજદામાં પડી ખુદાતઆલા પાસે પોતાની આબરૂ સાચવી લેવાની કાકલુદી કરી ઘરે પાછા ફર્યા. ત્યાં આવીને આશ્ચર્ય વચ્ચે લોકોને રોટલા ખાતા જોયા. તેમણે ઘરમાં જઇ બીબી સારાહને પુછ્યું, 'તમે રોટલા પકાવી રહયા છો તે લોટ કયાંથી આવ્યો?'

બીબી સારાહે કહ્યું, "આપના મીસરી મીત્રે ઉંટની કતારો ભરીને આટો મોકલ્યો છે, તેમાંથી બનાવ્યા છે."

હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહે ફરમાવ્યું, "મારો મીત્ર ખુદાતઆલા છે જેણે મારી લાજ રાખી અને પોતાના ભુખ્યા બંદાઓ ઉપર દયા કરીને આ આટો મોકલાવ્યો છે."

તવારીખનવેશો હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહને સારાહખાતુન તથા હાજરાખાતુન ઉપરાંત બીજી બે સ્ત્રીઓ હોવાનું જણાવે છે. જેમાંથી એકનું નામ 'કનવરા' હતું કે જેનાથી છ દીકરા અને બીજીનું નામ 'હુજૈન' હતું કે જેનાથી

પાંચ દીકરા જન્મયા હતા. આવી રીતે હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહને કુલે તેર ફરજંદો હતા.

હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહ ઉપર દશ સહીફા ઉતર્યા હતા, જેમાં તે ઝમાનાને અનુસરીને ધર્મ શીક્ષણ અપાયું હતું. આ વીષે જનાબ રસુલ કરીમ સ. અ.ના એક સાથી અબુઝર સહાબી, રીવાયત કરે છે કે તે સહીફા અમસલ હીકમતના હતા, તેમાં લખેલું છે કે, "એ સીરઝોર ભુલાવામાં પડેલા માનવી! મેં તને એ વાસ્તે મોકલ્યો નથી કે, તું દુનીયાને એક બીજા સાથે ભેગી કરતો રહે, પણ એ વાસ્તે મોકલ્યો છે કે, મઝલુમની દાદને તું મારા તરફથી જવાબ આપે, કેમકે હું મઝલુમની દાદને રદ કરતો નથી. તે દાદ માગનાર કફીર હોય તો પણ તેને મદદ કરું છું. અકકલમંદ ઇન્સાને પોતાના ઝમાનાના હાલત હંમેશા સમજતા રહેવું જોઇએ, પોતાની હાલતમાં ધ્યાન આપતા રહેવું જોઇએ, અને પોતાની ઝબાનને કબુમાં રાખવી જોઇએ."

"જે ઇન્સાન એમ માને છે કે, વાતો કરવી કામ કરવા જેવું ગણાશે, તો જરૂર એની વાતને થોડો ટેકો મળશે. સિવાય પોતાની જરૂરતની ફિકરમાં તે જે કાંઇ બોલે તેજ ખરૂં છે."

અખબાતુસ સફામાં એજ હકીકતને લગતો નમુનો એવીજ રિવાયતના આધારે નીચે લખવામાં આવ્યો છે.

"જે માણસને જહન્નમની આગની ખાતરી છે તે કેમ હસી શકે છે તે મને અજબ લાગે છે, જે શખ્સને તેની કરણીનો હીસાબ આપવો પડશે તેવી ખાત્રી છે, તે ખરાબ કામો કેમ કરતો હશે? તે પણ અજબ જેવુ છે, જે ઇન્સાન કે જેણે દુનીયાની ઉથલપાથલ જોઇ છે તેને દુનાયાથી કેમ શાંતી મળે છે? વળી અજાયબીની વાત તો એ છે કે, એક માણસને ખાત્રી છે કે સારા કામોનો બદલો જન્નત છે, છતાં તે સારા કામો કેમ કરતો નથી?"

ડો. વોટરલેન્ડ જણાવે છે કે, ઇબ્રાહીમ નબી પોતાના નબુવતના દીવસથી એક મહાન શીક્ષક અને તત્વજ્ઞાન અને નીતીશાસ્ત્રને સુધારી તેને સારી હાલતમાં લાવી મુકનાર તરીકે જાહેર થયા. તેમણે તેમના ફરજંદો ઇસમાઇલ, ઇસહાક અને બીજા છ તેમજ તેમના ભત્રીજા લુત વીગેરેની મદદથી ધર્મ બોધ તેમજ નીતીરીતીનો દુરદુરના શહેરો સુધી ફેલાવો કર્યો. તેમના ફરજંદોમાંથી ઘણી ભારી કોમ પેદા થઇ અને તેથી તેમની કીર્તી અરબો, ઇરાનીઓ તેમજ જેનરાઇલ (એશીયા માઇનરના બીજા રહેવાસીઓ) લોકોમાં ફેલાણી.

હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહની ઉમર ૧૦૦ વર્ષની થઇ. તેવણ મોતને હમેંશા પાસેજ સમજતા હતા, તેમ ડરતાં પણ હતા, તેથી ખુદાતઆલાએ ચ્હાયું કે, તેમનું મોત તેમની ઇચ્છા મુજબ થાય, એટલે ખુદાતઆલાએ એક બુઢાને મહેમાન બનાવી તેમની પાસે મોકલ્યો. જેમને હઝરતે જમણ લાવી આપ્યું. પણ તે વૃધ્ધ અશકિતને લઇ જમણ લઇ શકયા નહી. ત્યારે હ. ઇબ્રાહીમે તેમને પુછ્યું, આપની ઉમર કેટલી છે? બુઝુર્ગે પોતાની વય ૧૩૦ વર્ષની જણાવી જેથી હઝરતે મનોગત કહ્યું, યા ઇલાહી મારી ઉમર મોટી થતાં શું આવીજ હાલત થશે!

એક વખત હ. ઇસમાઇલ (અ.) એ પોતાના પીતાને અરજ કરી કે, યા ખલિલુલ્લાહ, ખુદાવંદ આલમીને કયા સબબને લઇ આપને નબુવત બક્ષી? હઝરતે ફરમાવ્યું, દુનીયામાં ત્રણ કારણોને લઇ મને તે બક્ષીસ થઇ છે.

પેલું કારણ—મેં કદી પણ રોજીની ફીકર કરી નથી કે કાલે હું શું ખાઇશ.

બીજું કારણ—કદી પણ યાને મહેનત કે કામ કર્યા વગર મેં ખધું નથી.

ત્રીજું કારણ—જયારે દુનીયા કે આખરતનું કોઇ પણ કામ આવતું ત્યારે સૌથી પ્રથમ આખરતનું કામ કરતો અને તે પછી દુનીયાનું કામ કરતો.

એ ત્રણ કારણોના સબબથીજ ખુદાતઆલાએ મને નબુવત અને કરામત બક્ષી છે.

ત્યારબાદ હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહે પોતાના ફરજંદો તથા હ. યાકુબને બોલાવી નસીહત કરતાં ફરમાવ્યું કે, "ખુદાતઆલાએ તમને સાચો દીન બક્ષ્યો છે, માટે તેનાથી કદી પણ મોઢું ફેરવશો નહિં, પણ દીન ઉપર કાયમ રહેજો અને મરો તો ઇલાહિ બન્યા તરીકેજ દુનીયાનો ત્યાગ કરજો."

કેટલાક સમય બાદ હ. ઇબ્રાહીમ ખલીલુલ્લાહ વફાત પામ્યા. તેમણે ૧૭૫ વર્ષની વયે આ ફાની દુનીયાનો ત્યાગ કર્યો હતો જે વિષે ઇસ્લામી કિતાબો તથા બાયબલ એકમત છે. હઝરતને તેમના ઘરવાળા બીબી સારાહ કે જેમને "અફરન હબીબી" ગુફામાં ભુમિદાહ કરવામાં આવ્યા હતા અને જેને "ખલિલ" ના નામથી પણ ઓળખવામાં આવે છે ત્યાં ભુમિદાહ કરવામાં આવ્યા હતા.

## હ. લુત (અ.)

હ. લુત (અ.) હ. ઇબ્રાહીમ ખલીલુલ્લાહના ઝમાનામાં હયાત હતા. હ. લુત (અ.) હ. ઇબ્રાહીમના પીતા તારેખના ભાઇ હારાનના ફરજંદ હતા; આ સબબે હ. ઇબ્રાહીમ (અ.), હ. લુત (અ) ના કાકાના દીકરા ભાઇ થતાં હતા.

હ. ઇબ્રાહીમ (અ.) નમરૂદના જુલ્મથી બેબીલોનથી શામ તરફ રવાના થયા, તે વખતે હ. લુત (અ.) પણ તેમની સાથે હતા. ઇસ્લામી તવારીખ પ્રમાણે હ. લુત (અ.) હ. ઇબ્રાહીમ (અ.) ના તાબાના રસુલ તરીકે લોકોને ધર્મની હીદાયત આપતા હતા. અને મીસર, હીજરતની સફરમાં પણ હ લુત (અ.) તેમની સાથેજ હતા.

જેને શીશના પ્રકરણ ૧૩ અનુસાર: જે વખતે હ. ઇબ્રાહીમ ખલી. પોતાની સ્ત્રી તથા હ. લુત (અ.) ને સાથે લઇ ઇજીપ્તથી રવાના થયા, તે વખતે તેમની પાસે ચાંદી–સોનું અને ઘણા ઢોર હતા જે તેઓ સાથે જ હતા. તેઓ "બેથલ અને એ" નામના ગામ વચ્ચેની જમીન ઉપર વસવાટ કરવા લાગ્યા. જ્યાં તેઓના જાનવરોમાં ઘણો વધ રો થયો. એક દરે ત્યાંની જાગીર નાની પડવાને કારણે હ. લુત (અ.) છુટા પડયા અને યારડનની સપાટ જમીન, જે સેદોમ વીગેરે શહેરની નજીક હતી ત્યાં આવી વસ્યા.

હ. લુત (અ.) યારડનમાં આવી રહ્યા હતા, જેનેશીશના આધારે તે યારડાન નામની નદીના કીનારોનો દેશ નહીં, પણ ખારા સમુદ્રની દક્ષીણનો પ્રદેશ સમજવો. એ ખારા સમુદ્રની દક્ષીણે અમુરહ, સદુમ, વીગેરે શહેરી રાજ્યો આવેલા હતા. આ રાજ્યો સાથે હળીમળીને હ. લુત (અ.) રહેતા હોવા જોઇએ, કેમકે જે એ રાજ્યો ઉપર પુર્વ તરફના રાજ્યોએ ચઢઇ કરી, અને તેઓને હરાવી ઘણા કેદીઓ પકડયા જેમાં હ. લુત (અ.) પણ કેદ પકડાયા હતા, જેમને હ. ઇબ્રાહીમ ખલી. એ છોડાવ્યા હતા, અને સદુમના રાજા બેરા તથા સાલમના રાજા મલકીઝેદેક સાથે હ ઇબ્રાહીમ ખલી નો સંબંધ વધારે મીત્રતા ભરેલો થયો હતો, કેમકે તેઓનો લુંટાએલો માલ તથા કેદીઓને પણ હ. ઇબ્રાહીમ ખલી એ છોડાવ્યા હતા. આ બનાવ પછી હ. લુત (અ.) સેદોમ–સદુમ શહેરની નજીક જાગીર મેળવી ત્યાં રહેવા લાગ્યા અને આસપાસના ગામડાઓમાં ધર્મબોધ આપવા લાગ્યા હ. લુત (અ.) ના બેટાઓ અમુન અને મોઆબી હતા.

અહેવાલે અંબીયાના ઉલ્લેખ પ્રમાણે "હ ઇબ્રાહીમ ખલી. તેમજ હ લુત (અ.) એ મહેમાનદારીની રસમ શરૂ કરી હતી, જે રસમ ધર્મનો પ્રચાર કરવામાં ઘણી ઉપયોગી નીવડી હતી, એટલે કે મહેમાનદારી કરવાથી હીદાયત આપવાના કામને ઘણી ફતેહ મળી હતી. હ. લુત (અ.) ની કોમ અધમ અને કંજુસ હતી. મીસર અને શામ અથવા સીરીયા વચ્ચે આવજા કરનારા મુસાફરોનો મોટો ભાગ હ. લુત (અ.) ને ત્યાં મહેમાન થઇ રહેતો, અને ધર્મબોધ પણ

પામતો. અલબત્તા હ. લુત (અ. ની આવી પરોણાગતથી અને ધર્મના ઉપદેશને પરીણામે ઘણા લોકો તોહીદના ધર્મનો સ્વીકાર કરવા લાગ્યા, તેથી સદુમના ધર્મ-ગુરૂઓએ આ ધર્મ બોધનો અટકાવ કરવા હઝરતને ત્યાં મહેમાનોને આશરો નહી આપવા ચેતવણી આપી હતી.

એવું જણાય છે કે, સુદુમ અને અમુરહના તંવગર અને આગેવાન લોકો ત્યાંના ગરીબો ઉપર ઘણો જુલ્મ કરવા લાગ્યા, જેથી રાજ્યમાં ગેરવ્યવસ્થા થઇ પડી; તેમજ ત્યાંના મુતીપુજક ધર્મગુરૂઓ પણ લુત (અ.) ના ધર્મબોધની વીરૂધ્ધ થયા, કેમકે હ. લુત (અ.) જે તોહીદનો બોધ આપતા હતા, તે ધર્મગુરૂઓની દોલતની લુંટની આડે આવતો હતો. લોકો ઉપર જુલ્મ વધતા ખુદાતઆલાએ તેઓની ફરીયાદ સાંભળવાની હ. લુત (અ.) ને ચેતવણી આપી, અને સુદુમ તેમજ અમુરહનો નાશ થશે એવી ખબર આપી. જુલ્મીઓને રાહેરાસ્ત ઉપર લાવવા હ. લુત (અ.) ઘણી કોશીષ કરવા લાગ્યા, પણ તેઓએ જુલ્મ ઓછો કરવાને બદલે હ. લુત (અ.) ના ધર્મબોધનો અટકાવ કરવા એક વીચીત્ર હુકમ બહાર પાડયો. તેઓ મહેમાનો સાથે નીતીભ્રષ્ટ જુલ્મ કરવા લાગ્યા, એવા ખ્યાલથી કે એથી હ. લુત (અ.) ધર્મબોધ આપવાનું બંધ કરશે. આ જુલ્મ ધીરે ધીરે વધતા એક જંગલી રીવાજરૂપે પ્રગટી નીકળ્યો, અને માણસો માત્ર જાનવરો જેવા થઇ ગયા. સુરત—અલઆરાફની ૮૦ મી આયાતમાં ફરમાવવામાં આવ્યું છે. "અને હ. લુત (અ.) એ લોકોને નસીહત કીધી કે, ખચ્ચીત દુનીયાના કોઇપણ લોકોએ નહી કીધેલું એવું નીતીભ્રષ્ટ કામ તમે કરો છો. ખચ્ચીત શહેવતના આવેશમાં પોતાની સ્ત્રીઓ પાસે જવાને બદલે પુરૂષો નજદીક જાઓ છો. ખુદાતઆલા તમોને મોટા અઝાબમાં નાંખશે."

હ. ઇબ્રાહીમ ખલી. ને ત્યાં જે ફીરસ્તાઓ મહેમાન બનીને આવ્યા હતા. તેમણે હ લુત (અ.) ને ત્યાં જવાની તૈયારી કરી. હઝરતે ફરમાવ્યું કે, હું પણ તમારી સાથે આવું છું. ફીરસ્તાઓએ જણાવ્યું અમો અલ્લાહના હુકમથી તે શહેરના લોકોનો નાશ કરવા જઇ રહયા છીએ. ઉપરાંત તે અઝાબ તમે જોઇ શકશો નહી, કારણ કે તેટલી તમારામાં શક્તિ નથી. હઝરતે ફરમાવ્યું, ખુદા મારો મદદગાર છે તેથી હું તમારી સાથે જોવા માટે આવીશ એમ કહી હ. ઇબ્રાહીમ ખલી. ઊંટ ઉપર સ્વાર થઇ તેમની સાથે રવાના થયા. જ્યારે ત્રણેક માઇલના અંતરે તેઓ આવી પહોંચ્યા ત્યારે હઝરતને ફીરસ્તાઓએ કહયું કે, આપ અહીં જ રહો કારણ કે આથી આગળ વધવાનો તમારા માટે હુકમ નથી. બસ, હઝરત ત્યાં જ ઉંટ ઉપરથી ઉતરી ઇબાદતમાં મશગુલ થયા ને ફીર-

રતાઓ હ. લુત (અ.) ના શહેર તરફ રવાના થઇ તેમના ઘર પાસે આવી પહોંચ્યા.

માણુસ સ્વરૂપમાં ફીરસ્તાઓ હ. લુત (અ.) ના ઘર પાસે આવી તેમની દીકરીઓને સલામ કરી. જેનો જવાબ મળતાં હ. જીબ્રાઇલે કહયું કે, આ શહેરમાં કોઇ એવો શખ્સ છે કે જે આજની રાત મુસાફરોને પોતાને ત્યાં મહેમાન રાખે અને જમાડે હઝરતની દીકરીઓએ કહયું કે, જરા સબર કરો. અમારા પીતા ઇબાદતથી ફારેગત થયા પછી જરૂર આપની ખીઝમત બજાવી લાવશે. તે પછી હ. લુત (અ.) એ ઇબાદતથી પરવારી દરવાજા પાસે આવી જોયું તો, બાર ખુબસુરત જવાનો માથું ઓળેલા સુંદર વસ્ત્રોમાં સજ્જ બનેલા ઉભા છે. આથી હઝરત ચિંતામગ્ન બની મનોગત કહેવા લાગ્યા કે, મારા મહેમાનો ઘણાંજ ખુબસુરત છે. ખુદાનખાસ્ત કદાચ ગામના લોકો તેમની સાથે બદી કરવા ઇચ્છે તો આજનો દીવસ ઘણો મુશીબતભર્યો થઇ પડશે ને તેને અંગે કદાચ લોકો સાથે તકરાર પણ કરવી પડે. કારણ કે, હઝરત તે કોમના બદફેલોથી માહિતગાર હતા. છતાં કુદરત ઉપર ભરોસો રાખી હઝરતે મહેમાનોને ઘરમાં આવકાર્યા ને તેમને ઘરમાં આશરો આપ્યો.

એ જાણવું જરૂરી છે કે, હ. લુત (અ.) ની ઘરવાળી કાફિર હતી, તેથી તરતજ તેણે મહેમાનોની જાણ ગામના બદફેલ લોકોને કરી. જેથી તે લોકો હ. લુત (અ.) ના ઘર ઉપર ધસી આવ્યા, ને કહયું કે, અય લુત જે બાર ખુબસુરત શખ્સો તારે ત્યાં મહેમાન બની આવ્યા છે તેને અમારે હવાલે કર. હ. લુત (અ.) એ ફરમાવ્યું કે અય કોમ મારી બેટીઓ પાક છે, ને તે તમારા માટે વધારે હલાલ છે. હું તમને તેનાથી નિકાહ કરાવી આપીશ, માટે તમો અલ્લાહથી ડરો અને મારા મહેમાનો વચ્ચે મારી બેઅદબી કરો નહિં, શું તમારામાંથી એક પણ શખ્સ નેક રસ્તા ઉપર નથી?

હ. લુત (અ.) એ જે છોકરીઓ માટે ઇશારો કીધો તેના વર્ણનમાં કલામે શરીફ અને બાયબલ વચ્ચે ફરક જોવામાં આવે છે. કલામે શરીફની આયાતોની તફસીર કરતાં અઝહરી નામનાં આલીમ જણાવે છે, તેમજ જમીલુલ બયાન નામની કીતાબમાં પણ જણાવ્યું છે કે, હ લુત (અ.) જે બેટીઓ તરફ સંકેત કર્યો હતો, તે કોમની સમસ્ત છોકરીઓ માટે હતો, જેનો અર્થ એ થાય છે કે, હ. લુત (અ.) એ લોકોને કહયું, તમે પુરૂષો તરફ જે શહેવત (ખરાબ ખ્યાલ) ની નજરથી દોડો છો તેના કરતાં શું તમારે માટે સ્ત્રી જાતી બહેતર નથી? તમો સ્ત્રી—જાતી સાથે શાદી કરો; પણ લોકોએ હઝરતની સમજાવટ કબુલ રાખી નહીં.

અને કહયું કે, અય લુત તને તો ખબર છે, તેમજ અમને તારી બેટીઓથી કંઇ પણ મતલબ નથી. તને એ પણ ખબર છે કે, અમે શું ઇચ્છીયે છીએ. હઝરતે ફરમાવ્યું, અય નાદાનો જો મારામાં શકતી હોત તો હું તમારાથી મુકાબલો કરત, પણ મે સબર કરી છે, સાથે અલ્લાહથી પનાહ ચાહી છે, ખુદા તમારી બુરાઇથી મારા મહેમાનોને બચાવે.

ફિરસ્તાઓને ખુદાવંદતાલા તરફથી એવો હુકમ હતો કે, જ્યાં સુધી હ. લુત તે કોમની ફરીયાદ ત્રણ વખત નહીં કરે ત્યાં સુધી તમે કોઇથી મુદલ બુરાઇ કરશો નહિં. તેમજ હઝરતને તમે કોણ છો-તેની જાણ સુધ્ધાં પણ કરશો નહીં.

તે પછી બદકાર કોમે હઝરતને માર મારી ઝખ્મી કીધા. જેથી હઝરતે પરોણાઓને આવીને કહયું કે, હું તેમની બરોબરી કરી શકું તેટલી કુવ્વત ધરાવતો નથી કે, તમને તેમના જુલ્મોથી બચાવું ને હું પણ બચું.

ત્યારબાદ તે કોમે હઝરત ઉપર બીજો પણ હુમલો કર્યો, સાથે નિર્લજપણે હાથ પણ ઉગામ્યો, આથી તેમણે લાચાર અને વિવશ બની, પોતાના પરોણાઓ પાસે આવી તેની જાણ કરી.

આટલું છતાં-બદકારોએ પીછો છોડયો નહીં ને હઝરત ઉપર ત્રીજીવાર પણ હુમલો કર્યો, તેની જાણ જ્યારે હઝરતે ફીરસ્તાઓને કરી, ત્યારે મહેમાન તરીકે માણસના રૂપમાં આવેલા ફીરસ્તાઓએ હ. લુત (અ.) ને કહયું કે, અય પયગમ્બર અમે મોકલાવેલા તારા અલ્લાહના ફીરસ્તાઓ છીએ. તેઓ હરગીઝ અમારા સુધી આવી શકશે નહીં, તેમ અમોને તેઓ પહોંચી પણ શકશે નહીં, ઉપરાંત અમે ખુદા તરફથી તમને આજની રાતની આવનારી આફતમાંથી બચાવી લેવા આવ્યા છીએ, એ હકીકત હઝરતે સાંભળી પોતાના ઘરનાં બારણાં બંધ કર્યાં ને બદકાર લોકો વિખરાઇ ગયા.

હ. લુત (અ.) ને ફીરસ્તાઓએ કહયું કે, કહેર ઉતરવાનો સમય સવારનો છે માટે તમો જ્યારે થોડી રાત બાકી રહે એટલે ઘરની બહાર નીકળી ગામ બહાર ચાલ્યા જજો અને પીઠ ફેરવી પાછળ જોશો નહીં, પણ તમારી ઘરવાળી કે જે બે-ઇમાન છે તે આઝાબનો ભોગ થશે.

થોડોક સમય માંડ વીત્યો હશે ત્યાં પુન: બદફેલ લોકો હઝરતના ઘર ઉપર ચઢી આવી, બારણાંઓ તોડી ફીરસ્તાઓ પ્રત્યે હાથ ઉગામ્યો એટલે ફીરસ્તાઓએ તેમના ઉપર જલાલી શબ્દવાળો છુંકારો માર્યો. બસ બદકારોની સુરત-સીકલ બદ-

સુરત બની ગઇ, અર્થાત નાક, કાન બધા ચપટા બની ગયા, જેમ ખુદાતઆલાએ ફરમાવ્યું, તેઓએ ખરેખર ઇરાદો કર્યો તેમના મહેમાનો ઉપર અને અમે તેમની ગુમરાહી દુર કરવા અને આંખ આડેથી ગુમરાહીના પડદા ખસેડવા તેમના ઉપર આઝાબ નાઝીલ કરી કહ્યું. "ચાખો હવે કર્તુકનો બદલો." તે કોમની ન તો આંખ કે ન તો નાક રહ્યું, જેથી તેઓ રાડારાડ કરવા લાગ્યા ને કહેવા લાગ્યા કે લુતે પોતાના ઘરમાં જાદુગરોને લાવી વસાવ્યા છે, વળી બદકારોએ કહ્યું, અય લુત તારા મહેમાનોને કહે કે અમારો અંધાપો દુર કરે, તો અમો અમારા બુરા કર્તુકોની તૌબા કરીએ. બસ હ. જીબરાઇલે પોતાની પાંખ તેમના ચહેરા ઉપર ફેરવી તેવાજ તેઓ અસલ સ્થિતિમાં આવી ગયા. તે પછી ફરીને બદકાર લોકોએ ફીરશ્તાઓ ઉપર હાથ ઉંચકર્યો, તેવા ફરી તેઓ આઝાબમાં ગીરફતાર થયા. ને પુનઃ તૌબા કરી મુકતી મેળવી; પણ સવાર થતાં લુતના પરોણાઓથી બદલો લેવાનું કહી તેઓ માંથી વીખરાઇ શહેરના બધા દરવાજા બારી કરી દીધા.

બદકારોની બદલાની હકીકતથી હ. લુત (અ.) એ અલ્લાહની મદદ માંગી. જે બાદ હ. જીબરાઇલ અમીને હઝરતને કહ્યું કે, "તમે તમારા કુટુંબ કબીલા તથા ઇમાનદાર લોકોને સાથે લઇ સુર્યોદય થતાં તરત જ શહેર બહાર નીકળી જવું. તે દરમ્યાન જે કોઈ બહાર નીકળ્યા નહી હોય—તેમનો નાશ કરવામાં આવશે." તેથી હ. લુત (અ.) એ મજકુર ખબર શહેરમાં ફેરવી, પણ જે લોકો હઝરતની ચેતવણીને માત્ર દંભ કે ખોટી સમજી શહેરમાં રહયા તેઓનો નાશ થયો. કલામે શરીફમાં સદુમના લોકોને અઝાબ થવાનું વર્ણન છે તેનો સાર એ છે કે, સદુમના લોકોને સજા થવા માટે ત્યાંની પાસેનો જવાળામુખી પર્વત ફાટી નીકળ્યે; જેના પરીણામે ધરતીકંપ થયો, તેમજ માટી—પત્થર વીગેરે ઉડવાથી 'સીબગટ' સીવાયના ચાર ગામો અદમા, સબુયમ, બાલેએ, અમુરાનો નાશ થયો. અણુસફીદાના જણાવ્યા અનુસાર એ પાંચ ગામોની જુમલે વસ્તી ચાર લાખની હતી.

'સીબગઠ' ના લોકોએ હ. લુત (અ.) નો ધર્મબોધ માન્ય રાખ્યો હોઇ, અને ઇમાન લાવ્યા હોવાથી તેઓ અઝાબથી બચી ગયા હતા.

સુરત અલ તહરીમના જણાવ્યા પ્રમાણે, હ. લુત (અ.) ની ધરવાળીએ હુકમનો અનાદર કરવાથી તેને સજા થઇ. હુકમ એવો હતો કે, કોઇએ પાછળ રહેવું નહી, પણ તેણી પાછળ રહેવાથી તે 'નીમકનો સ્થંભ' બની ગઇ; તે બેઇમાન હતી.

હુકમ અનુસાર હ લુત (અ) ને ગામ બહાર નીકળી જવાનું હતું. જયારે બદકારોએ શહેરના તમામ દરવાજા બંધ કરી દીધા હતા, તેની જાણ હઝરતે

ફીરસ્તાઓને કરી, ત્યારે હ. જીબ્રાઇલ અમીને તે સહુને હ. ઇબ્રાહીમ ખલીલુલ્લા-હના ઘર સુધી પહોંચાડી દીધા; જેમને હ. ઇબ્રાહીમે ઘણા જ આવકાર સાથે પોતાને ત્યાં રાખ્યા.

તે પછી ધર્મ બોધની અવગણના કરી, બદફેલી તથા ગુમરાહી તરફ વળેલી કોમ ઉપર સુર્યોદય થતાં જ ખુદાઇ કહેર ઉતર્યો અને હ. જીબ્રાઇલ અમીને આસમાનથી પોતાની જોરાવર પાંખો જમીનના તળીયે ઉતારી, 'સોગ્ગ' સીવાયના ચાર ગામોને એવી રીતે ઉખેડી ઉલટાવી દીધા કે, ઝાડનું એક સુકું પતું કે ઘરનું બારણું સુધ્ધાં ફરકવા પામ્યું નહી અને તે કોમ પોતાના શહેરો સહીત જમીનમાં ગારત થઇ ગઇ, જેનું નામોનીશાન પણ દુનીયાના તખ્તા ઉપર રહેવા પામ્યું નહી.

એ રીતે એ શહેરો અને લોકોનો નાશ થયા પછી હ. લુત (અ.) એ "ઝોર" નામના ગામમાં જઇ વસવાટ કર્યો.

### " હઝરત ઇસમાઇલ ઝબિહુલ્લાહ "

હ. ઇસમાઇલ (અ.) નો જન્મ ઇ. સ. પુર્વે ૧૯૧૦ માં "શામ" માં થયો હતો. તેમની કેટલીક હકીકત તેમના પિતા હ. ઇબ્રાહીમ ખલી.ના પ્રકરણમાં આવી ગઇ છે હ. ઇસમાઇલ (અ.) એ બાળઅવસ્થાથી લઇ છેવટ સુધી "હીજાજ" કે જ્યાં હાલ "મકા-મોઅઝમા" છે ત્યાં પોતાની માતા હાજરાખાતુન સાથે વસવાટ કર્યો હતો.

એક વખત હ. ઇસમાઇલ (અ.) એ પોતાના નાના ભાઇ હ. ઇસાહકને પીતાની મીલ્કતમાંથી યાદી રૂપે કંઇક હિસ્સો આપવા કહ્યું. જેના જવાબમાં હ. ઇસહાકે કહ્યું, તમે મારા સમાન નથી, તેથી તમને પીતાનો હિસ્સો નહિં મળે, આ સાંભળી હ. ઇસમાઇલ દીલગીર થયા. એટલામાં હ. જીબ્રાઇલે આવીને હ. ઇસહાકને કહ્યું કે, "તમે પોતાને મોટા સમજો નહિં કારણ કે, હ. મોહમદ મુસ્તફા ખાતમુલ અંબિયા તેમના વંશમાંથી થશે, તેમજ તમારા વંશમાંથી યહુદી, તથા ગુમરાહો પેદા થશે, ઉપરાંત તમારી ઓલાદને તેમની ઓલાદ અધમ ગણશે, અને ગુલામ તરીકે તેઓને રાખશે."

એ હકીકત સાંભળી હ. ઇસહાક એટલા બધા રડયા કે, તેમની આંખોમાં છાલા પડી ગયા ને આંખોનું નુર જતું રહયું. મતલબ કે તેઓશ્રી આંધળા બની ગયા. તે પછી બે વર્ષ રહીને હ. જીબ્રાઇલે આવીને કહ્યું કે, અય ઇસહાક હું તમને ખુદાતઆલા તરફથી આગાહી કરૂં છું કે, તમારી પુસ્તથી ખુદા ચાર હજાર પયગમ્બરો પેદા કરશે. બીજા ઉલ્લેખ મુજબ સીતેર હજાર પયગમ્બરો

પેદા થશે, જેઓમાંથી એક મુસા પયગમ્બર થશે. અને તે ખુદાથી વાતો કરશે. તમને હમણાં ખુદાવંદતઆલાએ જે હાલતમાં રાખ્યાં છે તેમજ રહેવું હોય તો કયામતના દિને આખોતું નુર તમને પ્રાપ્ત થશે. સાથે ખુદાના દિદાર પણ નશીબ થશે. હ. ઇસહાકે કહયું કે, હું મારી આંખો નથી ઇચ્છતો, પણ ખુદા મને કયામતના દિને પોતાનો દિદાર નશીબ કરે એમ હું ચાહું છું.

હ. ઇસમાઇલ (અ.) ના લગ્ન ઇબ્ને ખલદુનના જણાવ્યા મુજબ અમરાહ બીનતે સઇદ, બીન ઉસામહ, બીન અકીલ નામની અમાલીક કબીલાની સ્ત્રી સાથે થયા હતા.

કેટલીક મુદ્દત બાદ હઝરત ઇસમાઇલે જ્યાં વસવાટ રાખ્યો હતો ત્યાં તેમની ગેરહાજરીમાં, હ. ઇબ્રાહીમ (અ.) મુલાકાતે આવ્યા. તેમનો યોગ્ય સત્કાર હ. ઇસમાઇલની સ્ત્રીએ કર્યો નહિં. બલ્કે તેણીએ પોતાના ઘર તથા પતીના એબ તેમની સમક્ષ જાહેર કર્યા, જે એક ખાનદાન કુળની સ્ત્રીને કરવા જોઇએ નહિં. તેથી હ. ઇબ્રાહીમ (અ.) એ જાણી લીધું કે, તેણી ઉંચ કબીલાની જણાતી નથી, આથી તેઓ પોતાના પુત્ર માટે સંદેશો કહયો કે, ઇસમાઇલ આવે ત્યારે કહેજો કે, તે પોતાના ઘરનો દરવાજો બદલી નાંખે. એમ કહી ત્યાંથી વીદાઇ થઇ ગયા. જેનો અર્થ હ. ઇસમાઇલ (અ.) એ એમ કર્યો કે, તેણે પોતાની સ્ત્રીને તલ્લાક આપવી, એમ પોતાના પીતા ચ્હાય છે; તેથી હ. ઇસમાઇલે પોતાની સ્ત્રીને તલ્લાક આપી દીધી અને ત્યારબાદ સૈયદ બિનતે મુઝાઝ બીન અમર અલ જરહમી નામની સ્ત્રી સાથે શાદી કરી, જે સ્ત્રી જુરહમ કબીલાની હતી.

હ. ઇસમાઇલ (અ.) ના ફરજંદોમાંથી એક પુત્ર કેદાર કે જે ઘણો કદાવર અને જવાંમર્દ હતો; તેમજ તે અરબનો બાદશાહ પણ હતો, તેમની તાબેદારી તમામ અરબો કરતા હતા.

હ. ઇસમાઇલ (અ.) એ ખાને કાબા બનાવવામાં પોતાના પીતાને ઘણી મદદ કરી હતી. ખાને–કાબાના સંબંધમાં કેટલીક ખોટી સમજ ખ્રિસ્તી લખનારાઓ વચ્ચે જોવામાં આવે છે, તેઓ માને છે કે, હ. ઇસમાઇલ (અ.) અગાઉના અરબો કે જેઓ ખુદાને માનનારા ન હતા, તેઓની અગણિત મુતીઓમાંની "હજરત–અસવદ" પણ એક મુર્તી અથવા પુજાનો પત્થર હતો. પણ તવારીખ ઉપરથી એમ સાબીત થાય છે કે, મુર્તીપુજક અરબો હજરત અસવદને કદી પણ પુજતા ન હતા. એ પત્થર અરબોની પુજાનો પત્થર કે, મુતીરૂપે મનાતો ન હતો.

મુસ્લીમો કાબાની આસપાસ ફરી તે પત્થરને ચુંબન કરે છે ખરા, પણ તેની ઇબાદત, પુજા કે પ્રાર્થના કરતાં નથી.

હ. ઇસમાઇલ (અ.)ને યમનના લોકો અને અમાલીકની પ્રજા તરફ રસુલ તરીકે ખુદાતઆલાએ મોકલ્યા હતા.

એક દીવસ હ. ઇસમાઇલ (અ.) અલ્લાહના હુકમથી મગરીબના દેશો તરફ ગયા ને ત્યાં જઇ ઘણા વર્ષો રહી લોકોને હીદાયત કરી, જેથી તમામ મુર્તી-પુજક પ્રજા મોમીન તથા ઇમાનદાર બની ગઇ. ખુદાતઆલાએ ફરમાવ્યું છે, "કુરઆનમાં ઇસમાઇલનું વૃતાંત યાદ કર. ખરેખર તે પોતાના કુટુંબને નમાઝ પડવાને અને ઝકાત આપવાને હુકમ કરતો હતો અને તે પોતાના પરવરદીગાર પાસે પસંદ થએલો હતો."

હ. ઇસમાઇલ (અ.)ને આ લકબ આપવાનું કારણ એ હતું કે, તેઓએ એક માણસને વચન આપ્યું હતું. એ હકીકત એવી છે કે, એક વખત હ. ઇસમાઇલ (અ.) તથા બીજો એક શખ્સ બંને મુસાફરીએ સાથે નીકળ્યા. દરમ્યાન તે શખ્સને કંઇક જરૂરી કામની યાદ આવતા પાછા ઘર તરફ જવાનું ખ્યાલ થયો, તેણે હઝરતને ખુલાસો કરતાં કહયું, આપ મને કયાં મળશો? હઝરતે જણાવ્યું, હું અહીંજ તમારી રાહ જોઇ બેસું છું, તમે તમારૂં કામ પતાવી આવો. જેથી પેલો શખ્સ પોતાના ગામ તરફ જવા નીકળી ઘેર આવ્યો. કામમાં તે એટલો બધો રોકાઇ ગયો કે, હ. ઇસમાઇલ (અ.)ને અધવચ્ચે બેસાડી આવ્યાનું તેને ભાન સુધા રહયું નહી. પણ જ્યારે સાંજ પડી ગઇ ત્યારે એ હકીકત તેને યાદ આવી, તેણે મનોગત વીચાર્યું કે, હઝરત મારી રાહ જોને ચાલ્યા ગયા હશે, પણ હ. ઇસમાઇલ (અ.) તો અહીંજ રાહ જોવાનો તેને વાયદો કર્યો હોવાથી ઘરબાર વીના ત્યાંજ એક વર્ષ સુધી બેઠા જ રહયા. એક દીવસ તે શખ્સને ફરી કંઇ કામસર તેજ માર્ગે નીકળવાનું થયું, જે જગ્યાએથી તે હઝરતને આવવાનું કહી છુટો પડયો હતો. ત્યાં આવતા હ. ઇસમાઇલ (અ.) તેની નજરે પડયા, તેથી તેણે હઝરતને અહીં બેસવાનું કારણ પુછતાં, હઝરતે ફરમાવ્યું, મેં તમોને એક વર્ષ ઉપર અહીં રોકાઇ વાટ જોવાનો વાયદો કર્યો હોવાથી અહીંજ બેઠો છું. આ હકીકત સાંભળી પેલો શખ્સ ઘણોજ શરમીંદો બની અત્યંત દીલગીર થયો. એ વાયદા ઉપરથી અલ્લાહતઆલાએ હ. ઇસમાઇલ (અ.)ને "સાદીકુલ–વઅદ" યાને "વાયદાને સાચો કરનાર" સંબોધેલ છે.

હ. ઇસમાઇલ (અ.)ને બાર ફરજંદો ઉપરાંત કેટલીક પુત્રીઓ હતી.

જેમાંની 'મહ્લહત' નામની દીકરીને હ. ઇસહાક (અ.)ના પુત્ર 'એસ' સાથે પરણાવ્યા બાદ હઝરત મકકા-શરીફ તરફ વીદાય થયા. જ્યાં એક વર્ષ બાદ તેમણે આ ફાની દુનીયાનો ત્યાગ કર્યો હતો. આ વખતે હઝરતની વય ૧૩૭ વર્ષની હતી, તેમને તેમની માતા હાજરાખાતુન કે જેઓને 'હીજર'માં ભુમીદાહ કર્યો હતો, તેજ જગ્યાએ દફન કરવામાં આવ્યા હતા. તેમના પીતા હ. ઇબ્રાહીમ ખલીલુલ્લાહની વફાત બાદ તેઓ ૪૮ વર્ષ સુધી જીવ્યા હતા.

## હઝરત ઇસહાક (અ.) તથા હઝરત યાકુબ (અ.)

હ. ઇબ્રાહીમ (અ.)ના બીજા ફરઝંદ હ. ઇસહાકનો જન્મ હ. ઇસમાઇલ (અ.)ના જન્મ પછી ૧૩માં વર્ષે, એટલે હ. ઇબ્રાહીમ (અ.) જયારે લગભગ ૧૦૦ વર્ષના થયા ત્યારે થયો હતો. હ. ઇસહાકની માતા કે જેણીને મોટી ઉમર છતાં કંઇ સંતાન થયું ન હતું, તેને ખુદાતઆલાએ બાળકની ખુશખબરી આપી હતી અને ૯૦ વર્ષની વયે હ. ઇસહાક (અ.)નો તેણીએ જન્મ આપ્યો હતો.

ખ્રીસ્તી ધર્મગુરૂઓના હીસાબે હ. ઇસહાકનો જન્મ ઇ. સ. પુર્વે ૧૮૯૭માં થયો હતો. હ. ઇસહાક તથા સારાહખાતુન, હ. ઇબ્રાહીમ (અ.)ની સાથેજ રહેતા હતા. હ. ઇસહાક (અ)ની વય ૪૦ વર્ષની થતાં તેમની શાદી 'રેબેકા' નામની સ્ત્રી સાથે થઇ હતી, જેના પેટથી 'એસ' અથવા ઇસ (Esau) અને હ. યાકુબ જન્મયા હતા. આ બંને જોડીયા ભાઇઓ હતા.

હ. ઇસહાક, હ. ઇબ્રાહીમ (અ.)ની વફાત પછી 'લાહેરચ' પાસે રહેવા લાગ્યા, પણ ત્યાં દુષ્કાળ પડવાને કારણે 'ગેરાર'ના રાજા અબી લકમના આસરા હેઠળ જઇ રહયા. ગેરારમાં કેટલાક વર્ષો વીત્યા પછી તેમને ખેતીની નીપજ ઘણી સારી થવાથી તેમજ તેમના જાનવરોની સંખ્યા ઘણી જ વધવાથી પેલેસ્ટાઇનના લોકો તેમની હસદ કરવા લાગ્યા; તેથી હ. ઇસહાક (અ.) ને પોતાના કુટુંબ સહીત હાલના ગાઝા શહેરની દક્ષીણ નદી કીનારે આવેલા 'રહોબથ' શહેરમાં જઇ વસવાટ કર્યો, જ્યાં બીરશેબા સુધીની જમીન-જાગીર તેમના તાબામાં આવી હતી.

હ. ઇસહાક (અ.) ને ખુદાવંદતઆલાએ 'કીનઆન' ના લોકો ઉપર પયગમ્બર તરીકે મોકલ્યા હતા.

હ. ઇસહાક (અ) ના પુત્રો ઇશ તથા હ. યાકુબ જ્યારે ઉમર લાયક થયા ત્યારે હ. ઇસહાક (અ.) એ હ. ઇશની શાદી હ. હ. ઇસમાઇલ પુત્રી 'મલહત'

સાથે કરી આપી. હ. ઇસહાક (અ.) હ. ઇશને ઘણાં જ ચાહતા હતા. હ ઇશને શીકારનો ઘણો જ શોખ હોવાથી તેઓ પોતાનો વધુ સમય શીકાર પાછળ ગુજારતા હતા.

એક દીવસ હ. ઇસહાક (અ.) પોતાની વયોવૃધ્ધ અવસ્થા દરમ્યાન હ. ...ને ફરમાવ્યું કે, એક જંગલી બકરી અથવા હરણનો શીકાર કરી મને તેના ...બનાવી ખવરાવ તો, હું તારા હકમાં ખુદા તને પયગમ્બરી બક્ષે એવી દુઆ ... પીતાની ઇચ્છાને તૃપ્ત કરવા હ. ઇશ તીર–કમાન લઇ શીકાર કરવા ગયા, ...ી તેમની માતા કે જેઓ હ. યાકુબ ઉપર ઘણું જ વહાલ અને મહોબત ...હતા. તેમણે હ. યાકુબને કહ્યું કે, એક સારી રૂષ્ટપુષ્ટ બકરી લાવી તેને ...હ કરી, તેના કવાબ ઘણી જલદીથી તારા પીતાને ખવરાવ, જેથી તેઓ તારા ...દુઆ કરે. તે મુજબ હ. યાકુબ (અ.) એ જલદીથી કવાબ બનાવી પોતાના ...પાસે હાજર કર્યા. અગાઉના પ્રકરણમાં આપણે જાણી ગયા છીએ કે, હ. ...ક (અ) આંખોથી દેખતા ન હતા, તેથી કવાબની ખુશ્બુ આવતા આપે ...યું, કવાબ કોણ બનાવી લાવ્યું છે? જે સાંભળી હ. યાકુબ (અ.) ની ...કહ્યું કે, ઇશ લાવેલ છે. હઝરત બનાવેલા કવાબ ખાઇ રાજી થયા, તે ...ના ઘરવાળાએ કહ્યું કે, યા હઝરત તમને જેણે ગોસ્ત ખવડાવ્યો છે ...માં દુઆ કરો. હ ઇસહાક (અ.) એ ખુદાના દરબારમાં દુઆ કરી કે, ...મ જે દીકરાએ મને ગોસ્ત ખવડાવ્યો છે તેને તથા તેની ઔલાદને તું પય... ...રીની બક્ષીસ કરજે.

ત્યારબાદ હ. ઇશે શીકાર લાવી તેના કવાબ બનાવી પીતાની ખીજમતમાં ...ર્યા. જેથી હ. ઇસહાક (અ.) ને થયું કે, મારી ઘરવાળી જેણી યાકુબને ...ચ્હાય છે તેણીએ તરકટ કરીને યાકુબના હાથના કવાબ ખવડાવી તેના ...દુઆ મંગાવી છે. આ વાતની હ. ઇશને જયારે જાણ થઇ ત્યારે તેઓએ ...ાં આવી કહ્યું, હું યાકુબને મારી નાખીશ. જે સાંભળી હ. ઇસહાક (અ.) એ ...હું તારા માટે પણ દુઆ કરૂં છું. તારી નસલ દુનીયામાં ઘણી જ ... દુઆ ખુદાઇ દરબારમાં કબુલ થઇ, જેની બરકતથી હ. ઇશની ઔલાદ ...ધી.

...સહાક (અ.) ત્યારબાદ વફાત પામ્યા. તે વખતે હઝરતની વય ૧૬૦

...ીતાની વફાત પછી હ. યાકુબ (અ.) પોતના ભાઇ ઇશની બીક...

થી હંમેશા સંતાઇને રહેતા હતા. એક દીવસ તેમની માતાએ હ. યાકુબને કહયું કે, તું તારા મામા 'લાબન' ને ગામ જા, ત્યાં તું કોઇ પણ જાતની બીક વગર રહી શકીશ અને તારી જાન પણ સલામત રહેશે. વળી તારો મામો ઘણો માલદાર છે તેથી તને કંઇ પણ હરકત આવશે નહી. માતાની સુચના અનુસાર હ. યાકુબ (અ.) 'કીનઆન' થી રાતોરાત છુપી રીતે 'શામ' પ્રદેશના 'હારાન' ત પોતાના મામાને ગામે રવાના થયા.

હીબ્રુ ભાષામાં રાત્રે નીકળનારને ઇસરાઇલ કહેવામાં આવે છે. એ હ. યાકુબ નું નામ છે. બની ઇસરાઇલનો અર્થ ઇસરાઇલના છોકરાં થાય છે. ઇસરાનો અબ્દ–દાસ અથવા ગુલામ, અને ઇલનો અર્થ અલ્લાહ થાય છે, જેનો સામટે અબ્દુલ્લાહ અથવા ખુદાનો બંદો એમ થાય છે. અન્ય મત પ્રમાણે ઇસરાઇ અર્થ હિબ્રુ ભાષા પ્રમાણે 'ખુદા તરફના હાકમ' એમ કર્યો છે. તેથી હ. ઇસરા વંશને બની ઇસરાઇલ તરીકે ઓળખવામાં આવે છે.

હ. યાકુબ (અ.) પોતાના મામાના ગામે આવી પહોંચતા તેના મ તેમને આવકાર સાથે પોતા પાસે રહેવા કહયું, જેને લઇ તેઓ ત્યાંજ રહેવા

હ. યાકુબ (અ) ના મામાને બે પુત્રીઓ હતી, મોટીનું નામ 'લી નાનીનું નામ 'રાહીલ' હતું. રાહીલ ઘણી જ સુંદર અને દેખાવડી હે યાકુબ (અ) એ પોતાના મામાને પોતાની શાદી રાહીલ સાથે કરાવી આપવા કરી. પ્રત્યુતરમાં તેના મામાએ જણાવ્યું કે, તમારી પાસે મહર અર્થાત ર આપવા કંઇ પણ નથી, તો મહર કયાંથી આપશો? હઝરતે કહયું, અલ મારી પાસે કંઇ નથી. એટલે થોડાક વર્ષો તમારી બકરીઓ ચરાવી તેના તાણામાંથી હું તેને મહર' આપીશ. તે અનુસાર અરસપરસ એમ નકકી હ. યાકુબ (અ.) એ સાત વર્ષ સુધી બકરીઓ ચરાવવી તે પછી તેમન રાહીલ સાથે કરી આપવામાં આવે. કરાર મુજબ સાત વર્ષ પુરા થતાં મામાએ પોતાની મોટી પુત્રી 'લીયા' સાથે તેમની શાદી કરી. પોતાની એકાંત રાત્રે હ. યાકુબ (અ.) ને હવાલે કરી. હઝરત 'રાહીલ' ના બદલે જોઇ અચંબો પામ્યા અને સવાર થતાં જ તેમણે પોતાના મામાને ક માંગણી 'રાહીલ' માટે હતી. પછી આમ કરવાનું કારણ? તેમના મ કે, 'રાહીલ' ખુબસુરત છે. તેથી લોકો કહેશે કે, મોટી દીકરીને નાનીને પરણાવી આપી. આ કર્તવ્યને સમાજ એબ સમાન ગ તમને 'રાહીલ' થી શાદી કરવી હોય તો બીજા સાત વર્ષ બકરી

હું રાહીલને તમારી સાથે પરણાવી આપીશ. (તે ઝમાનામાં એક શખ્સ સાથે બે બહેનોને પરણાવવી એવો રીવાજ હતો.)

હ. યાકુબ (અ.) ફરીને બીજા સાત વર્ષ પોતાના મામાની બકરીઓ ચરાવી, એટલે તેમના મામાએ પોતાની બીજી દીકરી 'રાહીલ' સાથે હઝરતના લગ્ન કરી આપ્યા. અને પોતાની પુત્રીઓને ઘણો માલ–અસબાબ આપી પોતાની જ પાસે રાખ્યા. લગ્ન પછી 'લીયા'ને હ. યાકુબ (અ.) થી છ ફરજંદો પેદા થયા, જેના નામો રૂબીન, સમઉન, લીવી, યહુદ, અસખાર, ઝબુલુન રાખવામાં આવ્યા હતા.

પણ બીબી 'રાહીલ' ને કેટલી મુદત વીત્યા છતાં કંઇ પણ સંતાન થયું નહી. એટલે રાહીલે પોતાની ઝુલફા નામની દાસીને હઝરતની ખીજમતમાં અર્પણ કરી, જેનાથી બે ફરજંદો પેદા થયા. હ. યાકુબ (અ.) એ તેમના નામો દાન, તથા તફતાન રાખ્યા.

'લીયા' એ પોતાની બહેનનું અનુકરણ કરી, પોતાની 'બીલહા' નામની દાસીને પોતાના પતીની ખીઝમતમાં અર્પણ કરી, જેથી તેને કાવા અને બશારા નામે બે ફરંજદો થયા.

ત્યારબાદ કેટલીક મુદત વીત્યા પછી બીબી રાહીલે હ. યુસુફ (અ.)ને જન્મ આપ્યો, જેઓ ઘણા જ ખુબસુરત હતા, જેનું વર્ણન ખુદાતઆલાએ કુરઆને શરીફમાં કર્યું છે. હ. યાકુબ (અ.) ને આ સમય દરમ્યાન પોતાની બીબીઓથી અગીયાર ફરજંદો થયા હતા. જેમાં હ. યુસુફ (અ.)ને હઝરત ઘણુંજ ચાહતા હતા.

કેટલોક સમય વીત્યા પછી હ. યાકુબ (અ) ને માતાની મમતાભરી યાદ આવતા તેમણે 'કીનઆન' તરફ જવા વીચાર્યું, અને પોતાના મામાને તેની જાણ કરી, તેથી તેના મામાએ પોતાની પુત્રીઓને ઘણો માલ–અસબાબ આપી હઝરતની સાથે રવાના કર્યા.

'હારાન' થી હ. યાકુબ (અ.) પોતાની બીબીઓ તથા અગીયાર ફરજંદો તેમજ માલમતા સહીત કીનઆન તરફ જવા રવાના થયા, માર્ગમાં તેમને પોતાના ભાઇ હ. ઇશનો ખ્યાલ આવ્યો કે, જો તેમના દીલમાંથી મારા પ્રત્યેની અદાવત દુર થઇ નહી હોય તો કદાચ તેઓ મને મારી નાખશે. આ તરફ તેમની સફર ચાલુ હતી, બીજી તરફ હ. ઇશ શીકાર માટે તેજ જંગલમાં નીકળ્યા હતા, જેમને હ. યાકુબ (અ.) એ દુરથી ઓળખી લઇ પોતાના કાફલાના માણસોને ફરમાવ્યું કે, સામેથી કોઇ શીકારી આવી રહ્યો છે, જો તે અહીં આવી આપણા કાફલા વીષે

પુછે તો કહેજો હ. ઇશનો એક ગુલામ યાકુબ હતો તેનો આ કાફલો છે. આટલી સુચના આપી હઝરત કાફલામાં સંતાઇ ગયા.

એટલામાં હ. ઇશ કાફલા પાસે આવી પુછપરછ કરવા લાગ્યા. હ. યાકુબ અ. ના નોકરોએ તેમને જણાવ્યું કે, આ કાફલો હ. ઇશના ગુલામ યાકુબનો છે, જે શામના મુલ્ક તરફ ગયો હતો. એ સાંભળી હ. ઇશે કહયું, યાકુબ મારો ગુલામ નહીં પણ ભાઇ છે જેને હું મારી જાનથી પણ વધારે ચાહું છું. આવા લાગણીભર્યા ઇશના હૃદય ઉદગારો સાંભળી હ યાકુબ કાફલામાંથી બહાર આવી પોતાના ભાઇને ભેટી પડયા. બન્ને ભાઇઓ હેતથી અરસપરસ બગલગીર કરી ભેટયા. વર્ષો પછીના મેળાપને લઇ હર્ષના આંસુથી તેઓએ અન્યોઅન્યને ભીંજવી દીધા. તે દીવસે કાફલો ત્યાંજ રોકાયો અને બીજા દીવસે કીનઆન તરફ જવા કુચ શરૂ કરી, ઘેર આવી પહોંચ્યા.

ત્યારબાદ એક વર્ષે બીબી રાહીલે બીજા ફરઝંદને જન્મ આપ્યો; તેનું નામ બીનયામીન રાખવામાં આવ્યું. બીબી રાહીલે બીજા ફરજંદના પ્રસવકાળ દરમ્યાન આ ફાની જગતનો ત્યાગ કર્યો, તેથી લીયાએ એ બાળક ઉછેરવાનો ભાર પોતાના ઉપર લઇ લીધો.

એ પ્રમાણે હ. યાકુબ (અ.) ને સઘળા મળી બાર ફરઝંદો હતા. ત્યારબાદ ખુદાતઆલાએ હઝરતને પયગમ્બરી બક્ષી, આથી કીનઆનના ઘણા લોકો તેમની હીદાયતથી ઇમાન લાગ્યા હતા.

હ. ઇશનો એક ફરજંદ 'રૂમ' નામે હતો, તેને પોતાની સાથે લઇ હઝરત જે દેશમાં ગયા તેને હમણાં 'રૂમ' અથવા 'રોમ' ની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. એ શહેર 'રૂમ' એ નામ ઉપરથી મશહુર થયું છે. હ. ઇશ (અ.) એ ત્યાં વસવાટ કર્યા પછી રોમમાંજ વફાત પામ્યા હતા. તેમના ફરઝંદો ત્યાં જ રહયા હતા, જ્યાં તેમની ઔલાદ ઘણી વધવા પામી હતી.

હ. યાકુબ (અ.) હેબરન ગયા, અને પોતાના પીતા હ. ઇસ્હાક (અ.) સાથે રહેવા લાગ્યા. ઇ સ. પુર્વે ૧૭૧૬ ના વર્ષમાં હ. ઇસહાક (અ.) વફાત પામ્યા. તેમની દફનક્રિયા વખતે હ. યાકુબ અ. તથા હ. ઇશ હાજર હતા.

હ. યાકુબ (અ.) નું વધુ વૃતાંત હ. યુસુફ (અ.) ના પ્રકરણમાં આપવામાં આવ્યું છે.

## "હઝરત યુસુફ અલયહીસ્સલામ"

હ. યાકુબ (અ.) શામથી કેટલીક મુદત બાદ પાછા કીનઆન આવી વસ્યાનો ઉલ્લેખ મળી આવે છે.

હ. યુસુફ (અ.) માટે કુરઆને શરીફમાં સુરે યુસુફ નામની સુરા આવેલી છે, જેમાં સંક્ષિપ્તમાં ઘણું જ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. હ. યુસુફ (અ.) ના કીસ્સાને 'હસનુલ કસસ' તરીકે ઓળખાવવામાં આવ્યો છે. દરેક પયગમ્બરોના કીસ્સામાં મજકુર બ્યાન 'અહસન' એટલે ભલાઇવાળો હોવાનું જણાવ્યું છે, કારણ કે, હ. યુસુફ અ. પ્રત્યે તેમના ભાઇઓએ હસદને લઇ ઘણો જ ખરાબ વર્તાવ કર્યો હતો, છતાં પોતે ભલાઇ અને નેકીભર્યો સારો સંબંધ પોતાના ભાઇઓથી જાળવી રાખ્યો હોઇ 'અહસન' તરીકે તેને સંબોધવામાં આવે છે.

હ યુસુફ અ. ના પીતાનું નામ યાકુબ બીન ઇસહાક, બીન ઇબ્રાહીમ ખલીલુલ્લાહ અને માતાનું નામ 'રાહીલ' હતું. અગાઉ જણાવ્યા મુજબ હ. યુસુફ (અ.) ની માતા તેમને બાળ અવસ્થામાં મુકી બીજા નાના પુત્ર બીન યામીનને જન્મ આપી પ્રસવ હાલતમાં વફાત પામ્યા હતા, જેને લઇ તેમની પરવરીશ તેમની ફુઇએ કરી હતી, જ્યારે બીનયામીનનો ઉછેર તેમની માતા જે બીજા સગપણે તેમના માસી કે જેઓ. હ. યાકુબ (અ.) ના પ્રથમ પત્ની હતા તેમણે કર્યો હતો.

હ. યાકુબ (અ) ને બધા મળી બાર ફરઝંદો હતા, પણ પીતાનો સૌથી વધુ પ્યાર હ. યુસુફ (અ.) પ્રત્યે હતો; તેને લઇ હ. યાકુબ (અ.) વહાલા ફરઝંદ યુસુફની જુદાઇ મુદલ સહન કરી શકતા નહિં. તે સીવાય સૌથી નાના પુત્ર બીન યામીનને પણ તેઓ હમેશાં પોતાની પાસેજ રાખતા હતા, જ્યારે બકીના દસ પુત્રોને પોતાની મીલ્કત તેમજ જાનવરોની દેખરેખ માટે મુકરર કર્યા હતા.

એક દીવસ એવું બન્યું કે, હ. યાકુબ (અ.) ના બહેન પોતાના ભાઇના ઘરે આવ્યા, તે વખતે હઝરતના સઘળા ફરઝંદો ત્યાં હાજર હતા. એ બધા ફરઝંદોમાંથી હઝરતની બહેનને હ. યુસુફ (અ.) ઘણાંજ ગમી ગયા, તેથી તેણીએ પોતાના ભાઇ હ. યાકુબ (અ.) ને કહ્યું કે, આપને ઘણાં ફરઝંદો તથા એક બાબી હોવાથી તે એકલી સઘળાઓનો બોજ ઉપાડી શકે નહીં. માટે યુસુફને મને આપો તો હું તેની પરવરીશ કરીશ. બહેનની માંગણીને પાછી ન વાળતા હ. યાકુબ (અ) એ હ. યુસુફને તેમને સુપ્રત કર્યા, તેથી તેની બહેને હ. યુસુફને

પોતાને ઘેર લઇ જઇ ઘણા વહાલ અને મહોબ્બતથી રાખ્યા, અને ઘણી સારી રીતે દીલ લગાડી તેમનો ઉછેર કરવા લાગ્યા.

પણ હ. યુસુફ (અ.) ની જુદાઇએ હ. યાકુબ (અ.) ને ચૈન લેવા દીધું નહીં. તેઓ હમેશાં ગમગીન રહેતા અને ફરજંદની યદ નીત્ય કર્યા કરતા હતા, અને પોતાની આવી હાલતને દુર કરવા વારંવાર બહેનના ઘરે જઇ પોતાના પ્યારા ફરજંદને જોઇ આવતા હતા, છતાં કોઇ રીતે તેમને રાહત મળતી નહીં. બલ્કે પ્રતીદીન ફરજંદ પ્રત્યે તેમની મહોબ્બત વધુ ને વધુ ઉછાળો મારતી હતી. આમ હ. યુસુફ (અ.) સાત વર્ષની ઉમરના થયા ત્યારે ન છુટકે હ. યાકુબ (અ.) એ પોતાની બહેનને કહયું, એક ઘડી પણ યુસુફ વગર હું રહી શકતો નથી, માટે હવે તેની પરવરીશ હુંજ કરીશ. હવે તમે તેને મારે ત્યાં મોકલી આપો. એ સાંભળી તેમની બહેને કહયું, તમારી જેમ હું પણ તેના વગર રહી શકું તેમ નથી. હઝરતે ફરમાવ્યું, એમ છે તો ભલે યુસુફ એક વધુ હપ્તો તમારે ત્યાં રહે. જયારે મુદ્દત પુરી થઇ ત્યારે સાતમે દીવસે હ. યાકુબ (અ.)એ પોતાના ફરજંદની માગણી કરી. કોઇ પણ ભોગે હ. યુસુફ પોતા પાસે રહે એવી ઇચ્છાને લઇ હઝરતની બહેને એક તરકટ ઉપજાવી કાઢયું, કે જેથી તેમના પીતા તેને લઇ જઇ શકે નહીં. તેણીએ હ. યુસુફે પહેરેલા કપડાની નીચે ન દેખાય તેમ એક કમરબંધ બાંધી દીધો. આવી યુકતીથી તેણી હ. યુસુફને ચોર બનાવી પોતે તેને મેળવી લેવા ઇચ્છતી હતી. (તે ઝમાનામાં એવો કાયદો હતો કે, ચોરી કરનાર શખ્સને સજા તરીકે જેની વસ્તુ તેણે ચોરી હોય તેના ઘરે ગુલામ તરીકે રહેવું પડતું હતું.)

છેવટે હ. યાકુબ (અ.) એ પોતાની બહેનને ત્યાંથી ફરઝંદને બોલાવી લીધા. હઝરત યુસુફના જવા બાદ તેમની ફોઇએ પોતાના ભાઇ પાસે આવી એવી ફરીયાદ કરી કે મારા પીતાનું કમર–બંધ શોધવા છતાં મળતો નથી, ન જાણે તે કયાં ખોવાઇ કે ચોરાઇ ગયો છે; પણ મને એવો શક છે કે, યુસુફને તેડી જવા આવેલા માણસોએ તે ઉચાપત કર્યો હોય, તેથી તેઓને તપાસ અર્થે રજુ કરવામાં આવે. તેણીએ તરકટ મુજબ હાજર થયેલાઓની ખોટી ખોટી તપાસ કર્યા પછી હ. યુસુફની કમર ઉપરથી પટો શોધી કાઢી કહયું, યુસુફેજ આ પટો ઉચાપત કર્યો છે, તેથી તે ગુનેગાર ગણાય, એટલે તેની સજા તરીકે તે દશ વર્ષ સુધી મારી પાસે કેદી તરીકે રહે અને મારી ખીઝમત કરે. એ દ્રશ્ય નીહાળી હ. યાકુબ (અ.) નાશીપાશ બન્યા અને પોતાના નુરેનજર ફરઝંદને પોતાની બહેનના

હવાલે કરી દીધો. આમ બે વર્ષ વીતી ગયા બાદ હ. યાકુબ (અ.) ની બહેન વફાત પામ્યા જેથી હઝરતે પોતાના ફરઝંદને ઘેર તેડી લાવી પોતા પાસે રાખ્યો.

પોતાના ભાઇ યુસુફ પ્રત્યે પીતાનો પ્યાર અનહદ હોવાથી ભાઇઓ તે સહન કરી શકતા નહીં તેથી તેઓ હમેશાં હ. યુસુફની અદેખાઇ અને હસદ કરતા હતા, હસદ કરવાનું બીજું કારણ એ પણ હતુ કે તે જમાનામાં એવો કાયદો હસ્તીમાં હતો કે, જેથી સૌથી મોટા દીકરાને પીતાની મીલકત અને દોલતમાંથી મોટો ભાગ મળતો હતો, જ્યારે બાકીની ઔલાદને પીતા પોતાની હયાતીમાં જે કંઇ બક્ષીસ કરે તેટલુંજ મળતું હતું. કદાચ પીતા હ. યુસુફને વારસદાર બનાવી વધુ હીસ્સો આપી દયે, એમ આવા બે કારણોને લીધે તેમના ભાઇઓ હ. યુસુફની અદેખાઇ અને દુશ્મનાવટ કરતા હતા.

એક દીવસ હ. યુસુફ (અ)એ પોતાના પીતાને કહ્યું કે, ગઇ રાત્રે મેં સ્વપ્નામાં જોયું કે, "અગીયાર સીતારા, સુર્ય અને ચંદ્રમા આકાશથી નીચે ઉતરી મને સીજદો કરી રહ્યા છે."

આ હકીકત સાંભળી તેમના પીતા હ. યાકુબ (અ.) એ ખ્વાબની તાબીર (મતલબ) કરતાં ફરમાવ્યું કે, સીતારા એ તારા ભાઇઓ છે, અને સુર્ય–ચંદ્ર અમે તારા મા–બાપ છીએ. એક વખત તારો મરતબો અમારા સઘળાથી બુલંદ હશે, તેમજ તું એક મોટો બાદશાહ બનીશ ઉપરાંત સ્વપ્નાની તાબીરનો અર્થ જાણવાનું જ્ઞાન પણ તને પ્રાપ્ત થશે, જેને અંગે તારો મરતબો લોકોમાં ઘણોજ વધશે. હવે મારી તને એ ભલામણ છે કે, આ સ્વપ્નાની હકીકત તું તારા ભાઇઓ પાસે કરીશ નહી, રખે તેઓ તારા માટે કાવતરું રચે, કારણ કે, ઇન્સાન માટે શયતાન એક ખુલ્લો દુશ્મન મીશલ છે.

હ. યુસુફ (અ.)એ પોતાના પીતાની તાકીદભરી સુચના છતાં એક દીવસ સ્વપ્ના અને તાબીરની વીગત તેમણે પોતાના ભાઇઓને ભોળા સ્વભાવને લીધે કહી દીધી. જેથી ક્રોધે ભરાઇ તેમના ભાઇઓએ કહ્યું કે, શું અમે તારા તાબામાં રહીશું? ત્યારથી ભાઇઓના હૃદયમાં હસદનો જવાળા ભડકી ઉઠયો અને સઘળા ભાઇઓએ એકઠા મળી યુસુફને મારી નાંખવાનો તાગડો રચ્યો. આ કાવત્રાનો આગેવાન 'સમઉન' નામનો તેનો ભાઇ હતો.

કાવત્રા મુજબ સઘળા ભાઇઓએ સલાહ કરી એવુ નકી કર્યું કે, ગમે તે ભોગે યુસુફને પીતાથી છુટો કરી દુર મયદાનમાં લઇ જવો. એ યુકિતને પાર

પાડવા તેઓ સઘળાએ હ. યુસુફ (અ.) પાસે આવી કહ્યું કે, અમારા વહાલા ભાઇ આજે ગમત જોવા અમારી સાથે મેદાનમાં ચાલો, જ્યાં તમને ખુબ તમાશો દેખાડશું અને બકરીનું દુધ પણ પીવરાવશું. હઝરતે કહ્યું, હું આવવા ઇચ્છું છું પણ પીતાનો હુકમ નથી તેનું કેમ? તેમના ભાઇઓએ સલાહ આપી કે તમે પીતા પાસેથી હુકમ મેળવો. જરૂર તેઓ તમને રજા આપશે. તે પછી તેમના ભાઇઓએ તેમના માથાના વાળ ઓળી આપી હ યુસુફ (અ)ને પીતા પાસે મોકલ્યા.

હ. યુસુફ (અ.) એ પીતા પાસે આવી તેમના હાથ પગને ચુંબન કરી અરજ કરી કે, અય બાબા જો તમારી પરવાનગી હોય તો હું મારા ભાઇઓ સાથે મેદાનમાં ફરવા જવા ઇચ્છું છું. તેમના પીતાએ ફરમાવ્યું, તને મોકલવામાં મને ભય લાગે છે કદાચ તેઓ તને મારી નાખે તો? પીતા પુત્ર વચ્ચે થયેલી વાતચીત ભાઇઓએ સાંભળી યહુદાને કહ્યું કે, તમો પીતા પાસે યુસુફ માટે રજા માંગો. યહુદાએ પીતા પાસે જવા પહેલા પોતાના ભાઇઓને કહ્યું કે, તમે સઘળા મારી સાથે એવો કરાર કરો કે, યુસુફને મારી નાંખવો નહી તે મુજબ સૌ ભાઇઓએ કોલથી બંધાઇ પીતા પાસે આવી કહ્યું, અય પીતા શા માટે તમે અમારો વીશ્વાસ કરતા નથી? અમે તો યુસુફના ખેરખ્વાહ અને ભલા ચ્હાવાવાળા છીએ; માટે અમારી સાથે તેને મોકલો કે, ત્યાં જઇ તે ખેલકુદ કરે અને કંઇક ખાય પીયે. અલબત ખુદાની રહેમત તેની સાથે જ છે.

હ. યાકુબ (અ.) એ ફરમાવ્યું, મને ભય લાગે છે, ક્યાંક તમારી બેપરવાહીથી ભેડીયો (વરૂ) તેને ખાઇ જાય તો? (હઝરતના પુત્રો વરૂનું બહાનું કરવાનો નીરધાર કરી ચુકયા હતા, જેની પ્રેરણા હ. યાકુબના દીલમાં થઇ આવવાથી તેમણે વરૂનું ઉચ્ચારણ કર્યું હતું.)

હઝરતના ફરઝંદોએ કહ્યું, શું અમારામાં તાકત કે શકિત નથી? વરૂ તેને ખાવા આવશે તો અમે શું યુસુફને બચાવી નહી શકીએ?

ત્યારબાદ હ. યુસુફને સહીસલામત પાછા લઇ આવવાનું વચન પોતાના ફરજંદોથી લઇ તેમણે હ. યુસુફને તેમની સાથે જવા રજા આપતા ફરઝંદોને ઉદ્દેશીને કહ્યું, જુઓ યુસુફને હું તમારે હવાલે કરૂં છું તેનો ખ્યાલ રાખજો.

સઘળા ભાઇઓ 'કીનઆન' થી બાર માઇલ દુર જ્યાં જાનવરોને ચરવાની ચરાગાહ હતી ત્યાં હ. યુસુફ સાથે જઇ પહોંચ્યા. પછી તેઓ હ. યુસુફ ઉપર

જુલ્મ કરવા તથા તમાચા મારવા લાગ્યા. અચાનક જુલ્મ ગુજરતો અનુભવી હ. યુસુફ (અ.) એ ભાઇઓને કહ્યું, મેં તમારો કયો એવો ગુનો કે અપરાધ કર્યો છે જેને લઇ તમે મારા ઉપર આટલો જુલ્મ કરો છો? શું આપણાં પીતાએ તમોને મને સોપ્યો નથી? તમે મારા ભાઇઓ નથી? તમે આપણાં પીતાએ કરેલી વસીયત ભુલી જાઓ નહિં. આમ ઘણાં કાલાવાલા સાથે પોતે પોતાનાં ભાઇઓને સમજાવ્યા છતાં તેની મુદલે દરકાર ન કરતાં તેઓએ કહ્યું, તેં પીતાને બનાવટભરી એવી જુઠી વાત કરી છે કે, મેં સ્વપ્નામાં સુર્ય–ચદ્ર તથા અગીયાર સિતારાઓ આવી મને સિજદો કરતાં જોયા, આમાં તારી ખુલ્લી ભાવનાં એ છે કે, અમે સૌ તારા તાબેદાર રહીએ એમ ને? લે હવે તારૂં મૌત આવી પહોંચ્યું છે, તેનો સ્વાદ ચાખી લે.

જયારે યહુદાએ હ. યુસુફને મારી નાંખવાની વાત સાંભળી ત્યારે તેણે પોતાનાં ભાઇઓને કહ્યું, તમે આપેલા કોલ ઉપર કાયમ રહો અને મારી નાંખવાની વાત કરો નાંહ. પણ તેને જીવતો ગમના કુવામાં નાખી દીયો.

તે પછી "ગમ" નામનાં કુવા પાસે તેઓ હ. યુસુફને લઇ આવ્યા. કહે છે તે કુવો ૭૦ વાર ઉંડો અને સર્પ–વીંછીથી ભરપુર હતો. જ્યાં હ. યુસુફનું તેઓએ પહેરણ ઉતારી કુવા અંદર ઉતારવા ડોલમાં બેસાડયા. પણ હ. યુસુફ (અ.) એ કુવાનાં કીનારાને પોતાના સર્વશક્તિથી મજબુત પકડી રાખેલ હોવાથી તેમનાં ભાઇઓએ બીજી યુક્તિ અજમાવી. હ. યુસુફને દોરડાથી મજબુત બાંધી સૌએ સાથે મળી તેમને કુવામાં ઉતાર્યા. જયારે અંદર અધવચ્ચે હ યુસુફ ગયા ત્યારે ઉપરથી તેનાં ભાઇઓએ દોરડું કાપી નાંખ્યું. હઝરત કુવાનાં પાણીમાં પછડાય તે પહેલાં ખુદાનાં હુકમથી હ. જીબ્રાઇલે ત્યાં આવી હ. યુસુફને અધ્ધર ઝીલી લઇ કુવાની અંદરની એક ભેખડ ઉપર બેસાડયા. તે પછી બહેશ્તમાંથી તેમનાં માટે જમણનો થાળ લાવ્યા અને હ. ઇબ્રાહીમ (અ) ને આગમાં ફેંકયા ત્યારે જે પહેરણ તેમને માટે લાવ્યા હતા, કે જે પહેરણ હ. ઇબ્રાહીમ પછી ઉત્તરોતર હ. યાકુબ પાસે લાવવામાં આવ્યું હતું અને હ. યાકુબ (અ.) એ તે પહેરણને સંકેલી તાવીઝ તરીકે હ. યુસુફ (અ) નાં ગળામાં નાખ્યું હતું. હ. જીબ્રાઇલ અમીને તેને ગળામાંથી કાઢી તે હ. યુસુફને પહેરાવ્યું.

દોરડું કાપ્યા પછી હ. યુસુફનાં ભાઇઓને ખાત્રી થઇ કે, તે કુવામાં મરી ગયો હશે, તેથી પીતાને જઇ શું જવાબ આપવો તેનાં વેતરણ તેઓએ

આપસમાં એવી રીતે કરી કે, ઘરે જઇ પીતાને કહીશું કે, હ. યુસુફને વરૂ ખાઇ ગયો. તે પછી તેઓએ એક બકરીનાં બચ્ચાંને કત્લ કર્યું અને તેનાં લોહીમાં હ. યુસુફનું ઉતારી લીધેલું પહેરણ ડુબાડી તેને લોહીવાળું કરી પીતાને દેખાડવા તેઓએ સાથે લીધું.

સાંજનાં સુર્યાસ્ત થતાં, ધરતી ઉપર અંધારૂં પથરાતાં, સઘળા ભાઇઓએ રડતાં રડતાં પીતા પાસે આવી કહયું કે, અમે યુસુફને માલ–અસબાબ પાસે બેસાડી સહેજ દુર ગયા ન ગયા તેટલામાં એક વરૂએ આવી યુસુફને ફાડી ખાધો. અલબત, તમે અમારી વાત ઉપર વીશ્વાસ કરશો નહીં, પણ જે સત્ય હકીકત છે તે અમે આપને કહી રહયાં છીએ. તે પછી તેઓએ સાથે લાવેલું લોહીવાળું પહેરણ તેની સાબીતીરૂપે પીતા સમક્ષ રજુ કર્યું. હ. યાકુબ (અ.) એ લોહીથી ખરડાયેલું પહેરણ હાથમાં લઇ જોયું તો તે કયાંય પણ ફાટેલ નહોતું. તેથી આપે ફરમાવ્યું, મને આમાં યુસુફનાં લોહીના ગંધ નથી આવતી. તમારા કહેવા મુજબ વરૂએ યુસુફને ખાધો છતાં તે એટલો બધો તેનાં ઉપર મહેરબાન થઇ ગયો કે તેનું પહેરણ સુધ્ધાં તેણે ન ફાડતાં સલામત રાખ્યું. હવે જો તમે સાચા હો તો વરૂને મારી પાસે લાવી હાજર કરો.

પિતાના હુકમને આધીન થઇ સઘળા ભાઇઓ ચારાગાહના જંગલમાં જઇ એક વરૂને પકડયુ, અને તેના મોઢામાં બકરીનું લોહી લગાડી તેને પીતા સમક્ષ લાવી હાજર કર્યું.

વરૂને સંબોધતા હ. યાકુબ (અ.)એ ફરમાવ્યું, અય વરૂ તે મારા જીગરના ટુકડા જેવા પ્યારા ફરઝંદને ફાડી ખાધો? તે તેના નાજુક તન ઉપર જરા પણ રહેમ ન કરી? તને મારી બુઝુર્ગી ઉપર સહેજ પણ વીચાર ન આવ્યો? હઝરતનું સંબોધન પુરૂં થતાં, ખુદાના હુકમથી વરૂ બોલ્યું, હઝરત ખુદાના સોગંદ ખાઇ કહુ છું કે, મે તમારા યુસુફને ખાધો નથી, હું ગઇ રાત્રે જ ચારાગાહમાં આવ્યું છું. પરોઢીયું થતાં જ તમારા ફરઝંદોએ મને પકડી પાડી, બકરીનું લોહી મારા મોઢામાં લગાડી, નાચીજને આપની હુઝુરમાં હાજર કર્યું છે. હ. યાકુબ (અ.)એ તેની વાતને સાચી માની તેને ખાણું ખવરાવી રવાના કર્યું.

ત્યારબાદ પોતાના ફરઝંદોને ફરમાવ્યું, જાણી લીયો કે, મે મારા યુસુફને અલ્લાહને હવાલે કર્યો છે, અને હું તેની જુદાઇ માટે ખુદાથી સબર ચહાઉ છું. તે પછી હઝરત ઇબાદતમાં મશગુલ રહેતા હતા. રોજબરોજ જુદાઇના ગમને લઇ એટલું બધું રડતાં કે, તેમની આંખો જતી રહી, અને તેવણ નાબિના બની ગયા.

એક દીવસ હ. યાકુબ (અ.) પાસે હ. જીબ્રાઇલ અમીન હાજર થયા. હઝરતે આપને પુછ્યું, મને મારો યુસુફ કયાં મળશે? હું કયાં જાઉં? મારા યુસુફને ખુદા પોતાની પનાહમાં રાખે, હું એટલુજ ચહાઉં છું. તે પછી હઝરતને કુદરત તરફથી પ્રેરણા થઇ. અય યાકુબ તે તારા યુસુફને મને સુપ્રત કરવાના બદલે તારા ફરઝંદોને સોંપ્યો નહોતો? શું તેઓ તેની સંભાળ કે રખેવાળી કરવાવાળા હતા ?

મજકુર પ્રેરણાથી સજાગ બની હ. યાકુબ (અ)એ અરજ કરી, યા રબ મારી ભુલ થઇ, તું મને માફ કર.

બીજા મત પ્રમાણે એવું જણાવવામાં આવ્યું છે કે, હ. યાકુબ (અ.)ને પોતાના ફરઝંદ હ. યુસુફ (અ.)થી જુદાઇનો વીયોગ અને દુ:ખ ભોગવવાનું બીજુ કારણુ એ હતું કે, હ. યાકુબ (અ.)એ એક વખત પોતાને ત્યાં જમાવાનું કર્યું હતું, તે દરમ્યાન તેમના દ્વારે એક મહોતાજ અને ભુખ્યા ફકીરે આવી જમણુ આપવા સવાલ કર્યો. જેને હઝરતે બેસાડી જમણુ આવે છે કહી કંઇક કામમાં રોકાઇ ગયા, જેથી તેમને પેલા ફકીરનો ખ્યાલ રહયો નહી. ઘણો સમય ફકીર ઇન્તેઝારીમાં બેસી ભુખના દુ:ખથી કંટાળી હઝરતના ઘરથી જતો રહયો. તેણે જતાં એવી દુઆ કરી, યા ઇલાહી તેને તેની ઉમ્મીદથી વંચીત રાખજે. જે દુઆ ઇલાહી દરબારમાં કબુલ થઇ હતી.

ત્યારબાદ હ. યાકુબને ફકીરની યાદ તાજી થતાં, આપ તેને જોવા દ્વારે આવ્યા, ત્યાં તો ફકીર ચાલ્યો ગયો હતો. આપે મનોગત કહયું, ભુખ્યો બીચારો રાહ જોઇ ચાલ્યો ગયો. જેથી તેમને અત્યંત દુ:ખ થતાં તેમણે પોતાની ભુલનો પશ્ચાતાપ કરતાં દરબારે ઇલાહીમાં આજીજીપુર્વક વિંનતી કરી: યા રબ મારા, તું રહેમનો કરવાવાળો અને કરમ ફરમાવવાવાળો ગેબનો જાણકાર મહાન છે. મે ઇરાદાપુર્વક કે જાણી જોઇ નહી પણ અજાણુતાએ ભુલ કરી છે, તે બદલ તું મને માફ કર.

ખુદાવંદતઆલાએ હ. જીબ્રાઇલ મારફત ફરમાવ્યું, તારી ઇરાદાપુર્વકની ભુલ નહી હોવાથી જ યુસુફ કુવામાંથી બચી ગયો છે.

"મોરબરરખીન"ના જણાવ્યા અનુસાર એ વખતે હ. યુસુફ (અ.)ની વય અઢાર વર્ષની હતી. બીજા મત પ્રમાણે ૧૭ વર્ષના હતી અને અન્ય કેટલાક મતોએ ૧૨ વર્ષની જણાવી છે, જે સર્વમાન્ય મણાય છે.

હ. યુસુફ (અ.)ને કુવામાં નાંખ્યાને ત્રણ રાત–દીવસ વીતી ચુકયા હતા

ચોથા દીવસે કુદરતી મખ્યનથી મીસર તરફ જતો મુસાફરોનો એક કાફલો માર્ગ ભુલ્યો હોવાથી કુવા પાસે આવી લાગ્યો. એ કાફલો 'માલેક બેનઝાર' નામના શખ્સનો હતો. તે કાફલાના 'બશરા' નામના ગુલામે પાણી માટે કુવા પાસે આવી ડોલને કુવામાં નાંખી. આ વખતે ખુદાના હુકમથી હ. જીબ્રાઇલે આવી હઝરતને ડોલમાં બેસી જવા કહ્યું. ફરમાને ઇલાહી મુજબ હઝરત ડોલમાં બેસી ગયા. ડોલ ઉપર આવી. ગુલામે પાણીના બદલે તેની અંદર એક નવજવાન હુસનજમાલ છોકરો બેઠેલો જોયો, તેવો જ ગુલામે કાફલાના સરદાર પાસે જઇ સઘળી હકીકત કહી સંભળાવી. સરદારે તેને પોતાની પાસે લાવવા ગુલામને કહ્યુ.

સરદાર સમક્ષ હ. યુસુફ (અ.) રજુ થતાં જ તેમની ખુબસુરતી નિહાળી સરદારે પુછયું, તું આદમની ઔલાદમાંથી છે કે ફીરસ્તા યા પરિજાતમાંથી છે? હઝરતે ફરમાવ્યું, હું આદમની ઔલાદમાંથી છું. તે વખતે કંઇક કામસર હઝરતના ભાઇઓ પણ ત્યાં આવ્યા હતા. તેઓએ કાફલા પાસે હ. યુસુફને ઉભેલા જોઇ તેના સરદાર પાસે જઇ કહ્યું, આ અમારા ઘરનો ગુલામ છે તે બીકનો માર્યો ઘરેથી ભાગી કુવામાં છુપાઇ ગયો હતો. હવે અમે તેને વેચવા ઇચ્છીએ છીએ. સરદારે કહ્યું, હું તેને ખરીદવા તૈયાર છું, પણ મારી પાસે ફકત મીસરી અઢાર દીરહમ બચ્યા છે. (મીસરી અઢાર દીરહમ કીનઆનના ૯ દીરહમની બરાબર ગણાતા હતા) જોઇએ તો તેની કીંમતના બદલામાં લઇ લીયો. અને માત્ર નવ દીરહમ જેટલી નજીવી કીંમત લઇ, હઝરતના ભાઇઓએ પોતાના ભાઇ યુસુફને વેચી નાંખ્યો.

કસસુલ અંબીયાનાં ઉલ્લેખ પ્રમાણે એક રીવાયત એવી છે કે, હ યુસુફ (અ.) નું નજીવી કીંમતે ગુલામ તરીકે વેચાણ થવાનુ કરણુ એ હતું કે, એક દીવસ હઝરતે આરસીમાં પોતાની ખુબસુરતી નિહાળી અભિમાનપુર્વક કહયું હતું કે, અગર જો હું ગુલામ હોત તો મારી એટલી બધી કીમત અંકાત કે મને કોઇ ખરીદ કરી શકત નહી.

'માલેક બેન ઝારે' માત્ર જુજ કીંમતમાં હ. યુસુફ (અ.) ને ખરીદી લઇ તેમને ઉંટ ઉપર બેસાડી મિસર તરફ રવાના થયા; કારણુ કે એ કાફલો મિસરનો હતો. કાફલાની સફર ચાલુ હતી, દરમ્યાન માર્ગમાં જ્યાં હઝરતની માતાને દફન કરવામાં આવ્યા હતા. ત્યાં કાફલો આવતાં હઝરતને પોતાની માતાની યાદ તાજી થઇ આવી.

હઝરત ઉંટ ઉપરથી ઉતરી માતાની કબર પાસે જઇ ખુબ ઝાર–ઝાર રડવા લાગ્યા. બીજી તરફ કાફલો આગળ કુચ કરતો હતો. કેટલેક દુર નીકળી ગયા પછી

કાફલાના એક ગુલામનું ધ્યાન ખેંચાયું. તરત જ કાફલાને રોકી તે દોડતો હઝરત જયાં કબર પાસે રડતાં હતા ત્યાં આવી હઝરતને કહ્યું, જણાય છે તુ ભાગેડી-નાશભાગ કરવાવાળો છે. એટલું કહી તેણે જોરથી એક તમાચો તેમને ખેંચી કાઢયો, જેને લઇ હઝરતને આંખમાં અંધારા આવી જતાં તેમણે પોતાના બન્ને હાથ આકાશ તરફ ઉંચા કરી અલ્લાહ પાસે અરજ કરી, ખુદાયા આ ઝાલીમોની બુરાઇથી તું મને બચાવ. હવે હું મારા ઉપર ગુજરતી મુશીબતો સહન કરી શકતો નથી. યા રબ તું પણ તેનાથી અજાણ નથી.

ગુલામે હઝરતને પકડી લાવી કાફલામાં હાજર કર્યા, એટલામાં આસમાન ઉપર એક વાદળું ચઢી આવ્યું, આંધી શરૂ થઇ, પવન જોર જોરથી ફુંકાવા લાગ્યો, વીજળી પણ કડાકા સાથે ચમકવા લાગી અને ચારે બાજુ તુફાન બરપા થઇ ગયું. અચાનક આવેલી અણધારી આફતથી કાફલાવાળા મુશીબતમાં ગરકાવ થઇ ગયા અને અરસપરસ અંદરો અંદર કહેવા લાગ્યા કે, આપણા કાંઇ અપરાધને લઇ આ બલા ઉતરી તો નહી હોય? જે ગુલામ હઝરતને લાવી કાફલામાં હાજર કર્યો હતો તે કહેવા લાગ્યો કે, મે આ ગુલામને પકડી જયારે તમાચો માર્યો ત્યારે, તેને રડતાં રડતાં આકાશ તરફ જોઇ કંઇ બોલતા મેં સાંભળ્યો હતો, ત્યારબાદ આ આફત આપણા ઉપર નાઝીલ થઇ છે.

તેથી કાફલાવાળાઓએ એવો નિર્ણય કર્યો કે, આપણે સઘળાએ તેની માફી માંગવી અને સૌએ તેમનાથી માફી ચહાઇ. તરતજ ખુદાના હુકમથી તુફાન શાંત થયું અને કાફલો સફર કરતો આગળ વધ્યો.

કાફલો મિસર આવી પહોચ્યો હ. યુસુફ (અ.) ના માલિકે તેને સુંદર વસ્ત્રોમાં સજ્જ કરી, શહેર આખામાં ઢંઢેરો પીટાવ્યો કે, ઘણોંજ ખુબસુરત, દેખાવડા, ચાલાક, અકકલમંદ અને ફરમાંબરદાર એક ગુલામનું વેચાણ કરવા માંગુ છું.

આ સાંભળી મીસરનાં તમામ લોકો અદનાથી આલા, અમીરથી ગરીબ, જયાં ગુલામ બજાર હતી ત્યાં એકઠા થયાં, અને પોતાની શકતી અનુસાર જુદી જુદી કીંમતે ગુલામની માંગણી કરવા લાગ્યા.

જયારે હ. યુસુફ (અ.) એ જોયું કે, પોતાની કીંમત જેને જેમ ઠીક લાગે તેમ કરી રહયાં છે, ત્યારે ઘણાં રંજ સાથે મનોગત ખુદાનાં દરબારમાં આજીજીપુર્વક અરજ કરી, યા રબ્બુલઆલમિન મે એવો કયો અપરાધ કર્યો છે

જેને લઇ મને બબે વાર ગુલામ તરીકે વેંચવામાં આવે છે? અને જેને જેમ ફાવે તેમ મારી કીંમત આંકે છે છતાં મારા માલીક શા માટે મને વેંચી નાંખવામાં આધાપાછા થાય છે? એ મુજબ પોતેજ પોતાનાં દીલથી પોતાની કીંમત ઘણી ઓછી આંકી.

હઝરતની આજીજીને લઇ ખુદા તરફથી પ્રેરણા થઇ કે અય યુસુફ તેં આરસીમાં જોઇ અભીમાનથી પોતાની કીંમત વધારી હતી, હવે તારી આજીજીથી હું તારી કદર અને કીંમત બંને વધારી મુકું છું.

દલાલે ગુલામની કીંમતમાં ખેંચતાણ થતી જોઇ, એક ભારે કીંમત નકકી કરી, ને તેટલીજ કીંમત આવે તોજ વેચવાનું ઠરાવી તેણે મોટા અવાજથી જાહેર કર્યું કે, આ ગુલામની કીંમત એક હજાર અશરફીની એક, એવી એક હજાર થેલીઓ, કેટલીક મીસરી દાસીઓ, કેટલાંક તેજદાર ઘોડાઓ, અમુક બગદાદી ઉંટો તે સીવાય માલ–અસબાબ રાખવામાં આવી છે. ઇચ્છું છું કે, પોષાય તે કીંમત આપી ગુલામને ખરીદ કરી શકે છે.

ખરીદ કરવા આવેલા લોકો ઘણી ભારે કીંમત સાંભળી ચુપ થઇ ગયાં. છેવટે આ હકીકતની જાણ અઝીઝે મીસર યાને મીસરનાં વડા પ્રધાનને થતાં તે પોતે ગુલામ બજારમાં આવ્યો. તેણે હઝરતની ખુબસુરતી અને હુશ્નનુર ચહેરો જોઇ, હઝરતની પુરેપુરી કીંમત ચુકવી પોતાને ઘરે લઇ ગયો, અને પોતાની પત્ની ઝુલેખાંને સુપ્રત કરતાં કહયું, આ બાળકને ઘણી સારી રીતે રાખજે, તેમ તેને પેટની ઓલાદની માફક ઉછેરજે.

ઝુલેખાં હ. યુસુફ (અ.) ને જોતાંવેંતજ હયરત પામી ગઇ અને તેમની સૌંદર્યશાળી સુખમુદ્રા ઉપર ફીદા થઇ ગઇ. પોતાનાં સ્વાધીનમાં હઝરત આવ્યા પછી તે એક ઘડી પણ તેમને પોતાથી દુર નહીં કરતાં, તેમને તખ્ત ઉપર બેસાડી રાખતી અને પ્રતીદીન પોતાની જાન તેમનાં ઉપર નીસાર કરતી. ઉપરાંત દુનીયાની ઉતમોતમ ન્યામતો મંગાવી તેણી હઝરતને ખવરાવતી. નીત નવાં સુંદર પોષાકો તેમને પહેરાવી પોતાની આંખો ઠંડી કરતી.

ઝુલેખાનાં અતુલ પ્રેમને હઝરત માતૃવાત્સલ્ય વહાલ સમજી આરામથી રહેવા લાગ્યા અને પોતા પાસેની અસાએ મુસા (હ. મુસા (અ.) ની અસા) લાકડી લઇ, પોતાનો મોટો ભાગનો સમય બકરીનાં બચ્ચાંઓ સાથે રમત કરવામાં વ્યતીત કરતાં. આવી રીતે અઝીઝે મીસરનાં ઘરમાં હઝરતને સાત વર્ષ પસાર થઇ ગયાં.

હવે ઝુલેખાંની સબર ખુટી ચુકી હતી, તેનાં પ્યારની સીમા હદ ઓળંગી ગઇ હતી, મહોબ્બતનું પુર જોશમાં ઉછાળા મારી રહયું હતું, તેની વ્યાકુળ વ્યાકુળતા પ્રતીદીન વધી રહી હતી; છતાં તેની જાણ કોઇને થાય નહીં તેની તેણી પુરેપુરી કાળજી રાખતી હતી. આમ હઝરત ઉપર ઝુલેખાંની નીરાળી દ્રષ્ટી હતી, જયારે ઝુલેખાંને હઝરત માતાની નજરે જોતાં હતાં.

ઘણી તકેદારી છતાં ઝુલેખાંની હુઝુરમાં રહેતી બુઢીએ તેની ગમગીની તથાં કરમાયેલો ચહેરો જોઇ એક વખત કહયું, હું તમને ઘણાં સમયથી ઉદાસ અને દુઃખી જોઇ રહી છું, હરકત ન હોય તો તમે જે બલામાં ગીરફતાર હો તે મને કહો, કદાચ હું તમને મદદરૂપ થાઉં. ઝુલેખાંએ પોતાની હકીકત દર્શાવતાં કહયું, આ ગુલામની મહોબ્બતે મને પરેશાન કરી મુકી છે, મને દુઃખનાં દરીયામાં ડુબાડી દીધી છે. મારાં અનેક પ્રયત્નો છતાં એ પાશાણ હૃદય માનવી મારી સામે આંખ ઉઠાવી જોતો નથી, તેથી હું લાચાર બની ગઇ છું. અય બુઢીયા હું શું કરૂં?

ડોસીએ હકીકત જાણી કહયું, અલબત, તેનો ઇલાજ જરૂર છે. પણ તે ઘણો ખર્ચાળ છે. તમારે ચીત્રકાર પાસેથી બનેની જોડીયા તસ્વીરો ચીતરાવવી પડશે, અને તેને તમારા શયનગૃહમાં ઉપર અને ચારેબાજુએ ગોઠવી તેને લલચાવવો પડશે. મને વીશ્વાસ છે કે તેમ કરવાથી તમારી મકસદ ફલીત થશે.

એ પરથી પુષ્કળ જોડીયા તસ્વીરો બનાવવા ખાતર ઝુલેખાંએ મોટી રકમ બુઢીયાને આપી, તસ્વીરો તૈયાર કરાવી પોતાનાં શુશોભીત ખાનગી ઓરડામાં લગાડી દીધી. તસ્વીરો એટલાં બધાં પ્રમાણમાં હતી કે જયાં નજર નાંખવામાં આવે ત્યાં તસ્વીરો સીવાય બીજું કંઇ દેખાય નહીં.

શયનગૃહની તમામ રચના પુર્ણ થતાં ઝુલેખાએ હ. યુસુફને ઓરડામાં બોલાવી બારણાં બંધ કરી તાળા લગાડી દીધા અને હઝરતને પોતાની જોડાજોડ બેસાડયા. હઝરતને ઝુલેખાનાં ફરેબની ગંધ આવી. સાથે જયાં જયાં પણ પોતે નજર નાંખતા ત્યાં ત્યાં ઉપર આજુબાજુ જોડીયા તસ્વીરો તેમની દ્રષ્ટીયે પડી. તેથી પોતે દ્રઢ નીશ્ચય કર્યો કે, હું મારી પાક દાનત અને પાકીઝગી ઉપર કાયમ રહીશ. આવો ફરેબ છતાં હઝરતે નજર સુધ્ધાં ઝુલેખાં પ્રત્યે કરી નહીં. પોતાની આરઝુ–ઉમ્મીદો ઉપર પાણી ફરતું જોઇ ઝુલેખાએ કહયું, અય યુસુફ તમો મારા પ્રત્યે એક દ્રષ્ટી તો કરો. મને દુઃખનાં દાવાનળમાંથી બચાવી લેવા કૃપા તો કરો.

હ. યુસુફ (અ.)એ ફરમાવ્યું, હું ખુદાથી ડરૂં છું, કયાંક તે મને

કયામતના દીવસે વ્યભીચારીઓમાં સામીલ ન કરે. તમે નથી જાણતા પણ હું પયગમ્બરઝદો છું, મારાથી આવું ખરાબ કામ હરગીઝ થાય નહીં.

ઝુલેખાનો પ્યાર ઇશ્કેમિઝાજી હતો; તે દુન્યવી ઇશ્કમાં ચકચુર બની ગઇ હતી, તેથી હઝરતને ઘણી રીતે મનાવવા લાગી, પણ હઝરત એકના બે થયા નહીં, ત્યારે લાચાર થઇ ઝુલેખાએ કહ્યું, અય યુસુફ દાસીને શા માટે પરેશાન કરો છો? હું હયરાન છું મને તેમાંથી ઉગારી લ્યો. હઝરતે ફરમાવ્યું, મને ખુદાનો ડર છે સાથોસાથ આવા બુરા કામનો ગમ પણ છે, સીવાય તમારા ઉપર તમારા પતી અઝીઝે મીસરનો હકક છે. જેણે મને પોતાના પુત્ર સમ આરામથી રાખ્યો છે. આથી ઝુલેખાને લાગ્યું કે, યુસુફને અઝીઝનો ડર લાગતો હશે. જેને દુર કરવા તેણે કહ્યું, અય યુસુફ તમે અઝીઝથી ડરો નહીં. હું તેને કાતીલ ઝેર પીવરાવી મૌતનાં મોઢામાં ધકેલી દઇ, તમને તમામ દૌલતનાં માલીક બનાવી આપીશ. તમે કહો છો કે હું ખુદાથી ડરું છું પણ તે તો કરીમ-કરમ કરવાવાળો છે. તે ગુનેહગારો માટે રહીમ-રહેમ કરવાવાળો છે, હું તમારા માટે તૌબાના સદકા તરીકે મારો ખઝાનો તેની રાહમાં લુંટાવી દઇશ. તમારો ખુદા ખુશ થઇ તમારા ગુનાહ બક્ષી આપશે.

મારો ખુદા આવી દૌલતનો ભુખ્યો કે રૂશ્વતખોર નથી, વળી તે એવું ધન ચહાતો નથી, અને લેતો પણ નથી. હ. યુસુફે જવાબ આપ્યો.

છતાં ઝુલેખાનાં વીચારોમાં ફેર ન પડયો, તે કામાંધ બની હ. યુસુફને શકય તેટલાં બધાં પ્રયત્નોથી સમજાવવા લાગી, છેવટે પોતાની ઇચ્છા તેમનાથી તૃપ્ત કરવા તેણે દ્રઢ સંકલ્પ કરી, ઘરમાં રાખેલા પોતાનાં સોનાનાં દેવ ઉપર તેણીયે જરીનું કપડું ઢાંકયું. જે જોઇ હઝરતે પુછયું, આમ શા માટે કરો છો? ઝુલેખાએ કહ્યું, તે મારો ખુદા છે, જેની હું પુજા કરું છું. તેના દેખતાં મારાથી ખરાબ કામ કેમ થાય? તેમ કરતાં મને શરમ આવે છે. હ. યુસુફ (અ.)એ ફરમાવ્યું, મારો ખુદા કે જે જાહેર-બાતુન સઘળું જાણે છે, તે મારા અને તમારામાં પણ વસી રહયો છે. તે એટલો બધો મહાન છે કે, તેનાં ઉપર પડદો નાંખી જ ન શકાય, એટલે આવા મહાન ખુદાનાં દેખતાં મારાથી બુરું કામ કેમ થઇ શકે?

પણ વીષય વાસનામાં અંધ બનેલા માટે આવી અનેક નસીહતો નકામી હોય છે ઝુલેખા માટે પણ આવી નસીહત કારગત નીવડી નહી. તેણી તો પોતાના હવસભર્યા વીચારોમાં મકકમ રહી. પોતાની મનોકામના પોષવા પોતના હાથ હ. યુસુફ પ્રત્યે લંબાવ્યા. આથી હઝરત ગભરાટમાં પડી, તેણીથી છુટકારો મેળવવા

દ્વાર તરફ દોડયા, ઝુલેખા પણ પોતાના વાળ તથા વસ્ત્રો અસ્તવ્યસ્ત કરી તેમને પકડી પાડવા પાછળ દોડી, તેમના પહેરણનો પાછળનો છેડો પકડી લીધો. જેને છોડાવવા જતાં તે ફાટી ગયો. એ વખતે ખુદાના હુકમથી તાળા અને દ્વાર તરત ખુલી ગયા.

અઝીઝે મીસરનો ઘરે આવવાનો સમય થઇ ચુકયો હતો, તેઓ બંધ બારણા પાસે આવી ઉભા હતા, જેવા દરવાજા ખુલ્યા કે, અઝીઝે મીસરે હ. યુસુફ તથા ઝુલેખાને ગભરાટભરી દશામાં જોઇ લીધા. પતીને દેખતાં જ સ્વબચાવ અર્થે સ્ત્રીચરીત્રનો આરંભ કરતાં ઝુલેખાએ કહયું, તમે એવા ગુલામને ઘરમાં લાવી રાખ્યો છે જે મારાથી બદફેલી કરવા માંગતો હતો.

ઝુલેખાની ફરીયાદ સાંભળી અઝીઝે હ. યુસુફ (અ.) ને કહયું, મેં તને મારા ઘરનો એક વીશ્વાસુ અને સાચો માણસ સમજી રાખ્યો હતો, જેનો બદલો તેં મારી સ્ત્રી ઉપર બદનજર કરી વાળ્યો?

આપ વીશ્વાસ રાખો, હું તદન નીર્દોષ છું, બલ્કે તમારી સ્ત્રી મારી ઇમાનદારી ઉપર જુઠું તહોમત ચઢાવે છે. હ. યુસુફ (અ.) એ ખુલાસો કર્યો.

અઝીઝે કહયું, તેની સાબીતી કંઇ આપી શકે છે?

હા, આ ઓરડાના પારણામાં સુતેલો બાળક મારી ગવાહી આપશે. તમે તેને પુછી ખાત્રી કરી શકો છો, હઝરતે શંકા સમાધાન માટે ચોખવટ કરી. (એ બાળક અઝીઝે મીસરનો છ માસનો ભત્રીજો હતો.)

હઝરતની વાત સાંભળી, કટાક્ષભર્યું હાસ્ય કરતાં અઝીઝે કહયું, શું તમે કર્યો છે, આ નાનકડો બાળક જેને હજી ઝબાન સુધ્ધાં આવી નથી, ભલા તે શું સવાલ-જવાબ કરી શકે, કે તમારી સાક્ષી આપી શકે?

તેજ વખતે કુદરતે ઇલાહીની બક્ષીશથી પારણામાંનો બાળક બોલી ઉઠયો: બુઝુર્ગવાર જો પહેરણ સામેથી ફાટયું હોય તો યુસુફ ગુનેહગાર અને ઝુલેખા નીર્દોષ ગણાય, અગર પહેરણ પાછળથી ફાટેલું હોય તો ઝુલેખા ગુનેહગાર અને યુસફ બેગુનાહ છે. અઝીઝે જ્યારે પહેરણ તપાસ્યું તો તે પાછળથી ફાટેલું મળી આવતા ઝુલેખાને ઉદ્દેશીને કહયું, તમો સ્ત્રીઓનું આ મોટામાં મોટું ષડયંત્ર અને ફરેબ છે, અને તેને પામવું મુશ્કેલ છે. આ ઘટનાથી અઝીઝને પોતાની સ્ત્રી પ્રત્યે સખ્ત અણગમા સાથે ક્રોધ ઉત્પન્ન થયો, તેથી તેણે વીચાર્યું કે, તેણીને જાનથી મારી નાંખવી અને લોક નીંદાથી બચવા યુસુફને કેદ કરવો.

પારણામાંનો બાળક આ હકીકત જાણી અઝીઝને કહેવા લાગ્યો, મારા બુઝુર્ગ તમારા ખ્યાલ કોઈપણ રીતે વાજબી નથી, બલ્કે અકકલમંદ ઈન્સાનોમાં જોઝએ તેનાથી વેગળો છે. આવા પગલા ભરવાથી તમે જનસમાજમાં નીંદનીય બનશો અને મેળવેલી આબરૂ ખોઈ બેસશો.

અઝીઝને પુરેપુરો શક ઝુલેખા માટે બંધાઈ ગયો હતો, તેના ગુસ્સાએ પણ તેટલી જ ઉગ્રતા ધારણ કરી હતી, છતાં તેના ઉપર બાળ–વાણીની અસર થતાં અઝીઝે પોતાની પત્નીને ક્ષમા બક્ષી, સાથે હ. યુસુફને જેલમાં મોકલવાનું નકકી કર્યું.

ધીરે ધીરે યુસુફ ઝુલેખાંના બનેલા કીસ્સાની જાણ ઝુલેખા નજીક રહેતી તેની પાંચ સાહેલીઓને થઈ, તેથી તેણીઓ ઝુલેખાની ખબર આવી, કટાક્ષભર્યા મહેણા મારવા લાગી ઝુલેખાથી એ સહન ન થતાં તેણે કહયું, યુસુફનો હુસ્નજમાલ ચહેરો એકવાર તમે જુઓ તો મારા જેવી જ તમારી દશા થશે અને ખાત્રી પણ થશે તેવી ખાત્રી કરાવી આપવા ઝુલેખાએ એક મીજલસ ગોઠવી, અને પોતાની પાંચે સાહેલીઓનાં હાથમાં છરી સાથે એક એક લીંબુ આપ્યું. ત્યારબાદ અંદરનાં ઓરડામાંથી હઝરતને આવવા હુકમ કરતાં કહયું, તમે તેઓની સામે અહીં આવો.

હ યુસુફ (અ.) એ જરીયન વસ્ત્રો તથા કમરબંધ ધારણ કરી જેવા મીજલસમાં પધાર્યા તેવોજ તેમનો સૌંદર્યશાળી નુર ચમકતો ચહેરો નીહાળી પાંચે સહેલીઓએ હાથમાંના લીંબુ કાપવાનાં બદલે બેભાન હાલતમાં પોતાનાં હાથ કાપી નાંખ્યા. પોતાની આવી હાલત જોઈ સાહેલીઓ ઝુલેખાને કહેવા લાગી. માશાહ-અલ્લાહ આ કોઈ મનુષ્ય નહીં, પણ ફીરસ્તો છે. ત્યારે પોતાની હાલત રજુ કરતાં ઝુલેખાએ કહયું, જેનાં માટે તમે મને તાનાબાજી અને મહેંણા સંભળાવતી હતી તે એજ શખ્સ છે. જેનાં રૂપ–સૌંદર્યે મને બેકરાર બનાવી દીધી છે.

ઝુલેખાની પરેશાનીનો ખ્યાલ લાવી તેની સાહેલીઓએ કહયું, આવો ખુબસુરત દીલદાર મેળવ્યા અને ઘરમાં રાખ્યા છતાં તું તેને ફોસલાવી કે ફરેબ આપી ન શકી?

ઝુલેખાએ કહયું, કહેવું ઘણું સહેલ છે, સલાહ આપવી બહુજ આસાન છે, પણ મેં ઓછાં પ્રયત્નો કર્યા નથી, મારી સર્વ શકિતઓ તેને સમજાવવાં પાછળ હું ખર્ચી ચુકી છું, છતાં એ પાષાણ હૃદયનાં માનવીએ મારી એકે વાત માન્ય રાખી નથી કે મારાં દુઃખ સુખનાંની પરવાહ કરી નથી. જો હજી પણ તે મારી વાતને માન્ય નહીં રાખશે તો પરીણામ એ આવશે કે તેને કેદનાં સળીયા

પાછળ ધકેલાઇ જવું પડશે, અને સાથે સાથે બેઇજ્જત પણ થવું પડશે.

ઝુલેખાનાં ઉગ્ર અને કઠોર શબ્દો તેની સાહેલીઓ સાંભળી તેણીને આશ્વાસન આપતાં કહયું, તમે કોઇ પણ આગળ પડતું કડક પગલું ભરો તે પહેલાં અમારી ઇચ્છા યુસુફને સમજાવવાની છે. ઝુલેખાની સાહેલીઓનો આશય માત્ર ફરીને યુસુફનાં દર્શન કરવા સીવાય બીજો ન હતો.

તેથી ફરીને બીજીવાર હ. યુસુફ (અ.) ને બોલાવવામાં આવ્યાં. જયારે તેઓએ આવી બેઠક લીધી, ત્યારે પોતાનાં આરઝુમંદ હૈયાઓ દર્શનથી તૃપ્ત કરી, હઝરતને સમજાવતાં સાહેલીઓએ કહયું, તમે ઝુલેખાની દરખાસ્તને શા માટે માન્ય રાખતાં નથી ? કદાચ તેમ નહીં કરશો તો તમને જેલનો અઝાબ ભોગવવો પડશે. જેનો જવાબ આપતાં હ. યુસુફ (અ.) એ કહયું, હું ખુદા પાસે વિનંતી સાથે માંગુ છું કે તે મને કેદમાં મોકલે, જેને અંગે હું આવા ફરેબો મકકરથી બચવા પામું.

આ સઘળી બીનાની અઝીઝે મીસરને જાણ થઇ, ત્યારે તેણે નકકી કર્યું કે, બહેતર તો એજ છે કે ઝુલેખા થકી થયેલી બદનામી અને લોક નિંદાથી બચવા યુસુફને કેદમાં મોકલવો. અઝીઝને હઝરત પ્રત્યે અત્યંત પ્રેમ તેમજ તેઓ બેગુના હોવાની પુરી જાણ છતાં તેમને કેદમાં મોકલી આપ્યા. સાથે હુકમ ફરમાવ્યો કે, કશી તકલીફ આપ્યા વીનાં આસાની સાથે તેમને જેલમાં રાખવામાં આવે.

જેલનાં નોકરોએ સુંદર વસ્ત્રોમાં અપરાધીને નીહાળી અઝીઝે મીસરને વીનંતી કરી કે આપનો હુકમ હોય તો તેમને જેલનાં વસ્ત્રો પહેરાવવામાં આવે, જે ઉપરથી અઝીઝે હુકમ ફરમાવ્યો કે, તે કેદી નહીં પણ નજરબંધ છે.

એ વખતે મીસરની ગાદી ઉપર "મલીકે–રહયાન" નામનો બાદશાહ રાજ કરતો હતો, જેને ફીરઓનનાં નામથી પણ સંબોધતા હતાં. તે ઝમાનામાં મીસરની ગાદીએ આવનાર દરેક રાજવીને ફીરઓન તરીકે ઓળખવામાં આવતો હતો.

મીસરનાં બાદશાહ "મલીકે–રહયાને" પોતાનાં બે હજુરીયાઓને અમુક અપરાધનાં કારણે જેલમાં ધકેલ્યાં હતા હ. યુસુફ (અ.) પણ ત્યાંજ તેમની સાથે હતાં. તેઓ સઘળાં સાથે મળી એકબીજાનાં અપરાધો અન્યોઅન્યને કહેતાં હતાં.

આમ ત્રણ દિવસો વીત્યા બાદ 'શાકા' જે ફિરઓનને શરાબ પીવડાવનાર 'શાકી' હતો, તેણે અને બીજા બબરચીએ રાતના સ્વપ્નું જોયું, તેની હકીકત

બીજા દીવસે તેઓ એકબીજાને આપસમાં કહેવા લાગ્યા. પણ તેઓ તેનો ઉકેલ કાઢી શકયા નહી. એ જાણવાની તેમને તીવ્ર ઇચ્છા હતી, તેથી તેઓ હ. યુસુફ (અ.)ને તેની તાબીર સમજાવવા વિનંતી કરી.

હ. યુસુફ (અ)એ તેમને સ્વપ્નાની હકીકત કહેવા ફરમાવ્યું, જેથી શાકીએ કહ્યું કે, હું શરાબનો શીશો ખોલી રહયો હોઉં એમ જોયું. જયારે બબરચીએ કહ્યું, મેં જોયું કે, રોટલીનો ઢગલો મારા માથા ઉપર છે. જેને પક્ષીઓ ખાઇ રહયા છે. તો કૃપા કરી આપ તેની તાબીર સમજાવો.

તેથી હઝરતે મનોમન વીચાર્યું કે, સૌ પ્રથમ હું એ લોકોને દીન-મઝહબની હીદાયત કરૂં ને ત્યારબાદ સ્વપ્નાની તાબીર કહું. જેને લઇ હઝરતે બન્નેને દીલાસો આપતા કહ્યું, તમને જે ખાવાનું આવે છે તે આવ્યા પછી હું તેની મતલબ સમજાવીશ; કારણ કે ખુદાતઆલાએ તે સમજવાની મને શક્તિ બક્ષી છે. એ સાંભળી બન્નેએ કહ્યું, તમારો ખુદા કોણ છે? તમારો મઝહબ કયો છે? અને તમારા બાપ-દાદા કોણ છે?

હઝરતે ફરમાવ્યું, મે મારા બાપ-દાદા ઇબ્રાહીમ, યાકુબ અને ઇસહાકનો દીન અખત્યાર કર્યો છે. વળી અમે ખુદા સાથે અન્ય કોઇને શામીલ કરતા નથી, એટલા માટે કે તે વાહદુહુલાશરીક છે. જેથી અલ્લાહની આવી ન્યામતો અને રહેમતો અમારા અને સઘળા ઇમાનદારો ઉપર છે, જેને કેટલાક ગુમરાહ લોકો સત્ય માનતા કે કબુલ કરતા નથી.

તેથી બન્નેએ કહ્યું, જેની અમે પુજા કરીએ છીએ, શું તે હક યાને સાચા ખુદા નથી?

જવાબમાં હઝરતે ફરમાવ્યું, જેને તમે ખુદા માનો છો, અલબત તે સાચા ખુદા નથી; કારણ કે તેઓ પોતા ઉપર બેઠેલી માંખને પણ ઉડાડવા જેટલી શક્તિ ધરાવતા નથી.

તે પછી બંને કેદીઓએ મનનું સમાધાન કરવા અર્થે પુછ્યું, તમે પોતાને પયગમ્બરઝાદા કહેવરાવો છો, પછી ગુલામ કેમ બન્યા?

હઝરતે ફરમાવ્યું, મારા ભાઇઓએ હસદને લીધે મને વેચી નાંખ્યો અને પછી પોતા ઉપર ગુજરેલી સઘળી હકીકત તેઓને કહી સંભળાવી.

બન્ને કેદીઓએ કહ્યું, હવે તમે અમને શું માર્ગદર્શન આપો છો? અમે જેની પુજા કરીએ છીએ તેની તાબેદારી કરીએ કે નહી?

હઝરતે ફરમાવ્યું, તમે પોતાના દીલને પુછી જુઓ કે, બુતખાનામાં તમારા બેસાડેલા અનેક બુતો જેને તમે ખુદા કરીને માનો છો તે ઘણા ખુદા વાજબી છે કે મહાન ગણાતો એક ખુદા પુજવા લાયક અને બરહક છે, કે જે સૌને રોઝી રીઝક પહોંચાડવા ઉપરાંત જીવાડે અને મારે પણ છે?

બન્ને કેદીઓને આ નશિહતની અસર થતાં, એક ખુદા ઉપર ઇમાન લાવ્યા. પછી હઝરતને સ્વપ્નાની મતલબ સમજાવવા વિનંતી કરી.

જેની તાબીર કરતાં હઝરતે શાકીને ફરમાવ્યું, તું ટુંક સમયમાં કેદથી મુક્ત થઇ બાદશાહનો હુજુરીયો બની ફરીથી તેને શરાબ પીવડાવીશ.

પછી બબરચીને ફરમાવ્યું, તું અપરાધી ઠરી ફાંસીના લાકડે ચડીશ અને તારા મસ્તકનું માંસ પક્ષીઓ ફોલીને ખાશે; આવી મતલબ તમારા બંનેના સ્વપ્નાની થાય છે.

એ બંને કેદીઓ ઉપર ઝહેર પીવરાવવાનું તહોમત મુકાયું હતું. જેમાંથી શાકી નીર્દોષ ઠરી મુક્ત બની બાદશાહને શરાબ પીવડાવવાના કામ ઉપર પાછો નીમાણું થયો; જ્યારે બબરચી ગુનેહગાર સાબીત થઇ શુળીએ ચઢતાં તેનું માંસ પક્ષીઓએ ફોલી ખાધું.

જે વખતે બંને કેદીઓને બાદશાહની હુજુરમાં ઇન્સાફ માટે કેદખાનામાંથી લઇ જવામાં આવ્યા, તે સમયે શાકીને હ. યુસુફ (અ.) એ ફરમાવ્યું હતું કે, તું બાદશાહની હુઝુરમાં જઇ મારી સિફારસ કરતાં કહેજે કે એક નિર્દોષ કેદી જેલની યાતનાઓ સહન કરી રહયો છે.

"કસસુલ-અંબિયા" ના ઉલ્લેખ પ્રમાણે ખરી રીતે હઝરતને પોતાની નજાત અર્થાત છુટકારો ખુદાતઆલાથી માંગવો જોઇતો હતો, પણ શયતાને તેમને ભુલાવામાં નાંખી અલ્લાહને બદલે બાદશાહથી છુટકારો મેળવવા પ્રેર્યા આ વાત ખુદાવંદતઆલાને મુદલ ગમી નહી.

ત્યારબાદ હ. જીબરાઇલ અમીને કેદખાનામાં આવી હ. યુસુફ (અ.) ને ઇબાદત કરતા તથા દુઆ માંગતા જોઇ કહ્યું, યુસુફ તમે ખુદાથી નજાત ન ચાહતા,

દુનિયાના એક માનવીથી મુક્તિની તલબ કરી અને બાદશાહને ભલામણ કરવા શાકીને કહ્યું! જુઓ આ અપરાધને લઇ હજી તમને બીજા સાત વર્ષ કારાગૃહની યાતનાઓ સહન કરવી પડશે.

પોતાની થયેલી ભુલનો પશ્ચાતાપ કરતા હઝરતે ફરમાવ્યું, જેમાં મારો ખુદા રાજી છે, તેમાં હું ખુશ છું.

તે પછી હઝરતે હ. જીબરાઇલને પુછયું, મને કયા કાનુને લઇ ખુદાતઆલાએ કેદમાં નાખ્યો છે? જીબરાઇલે કહ્યું, તમે ખુદા ઉપર ભરોસો ન રાખતા, પોતા માટે રાજીખુશીથી કેદ માંગી હતી, તેથી તે દુઆ દરબારે ઇલાહિમાં કબુલ થઇ ને તમને જેલખાનું મળ્યું.

ઇન્સાન માત્ર ઉપર એ ફરજ છે કે કયારે પણ તેણે ખોટી દુઆ માંગવી નહી, પણ હંમેશા ભલાઇની યાચના કરવી.

બાદ હઝરત યુસુફ (અ.) એ હ. જીબરાઇલને ફરમાવ્યું, મારા પિતા વિષે તમે કંઇ જાણો છો? ઉત્તરમાં તેમણે કહ્યું, હા. તેઓ તમારી જુદાઇનો ગમ કષ્ટ સહીને ઘરમાં બેસી અનુભવી રહયા છે, વિયોગને લઇ રડી રડીને આંખો ખોઇ નાખી છે, અને દિન–રાત ખુદાની ઇબાદત કર્યા કરે છે.

હ યુસુફ (અ.) એ કેદીઓને પહેલી સ્વપ્નાની હકીકત, બંને ઉપર વિતી ચુકી હતી. જેને લઇ શાકી મુકત થયો હતો. બબરચી ફાંસીને લાકડે ચઢયો હતો, પણ શાકી હઝરતની ભલામણ ભુલી ગયો હોવાથી તેણે બાદશાહને વાત કરી હતી નહીં.

બીજી તરફ હઝરત કેદમાં હોવા છતાં પણ ઝુલેખાની મહોબ્બત કે ગમમાં સહેજ પણ ફેર પડયો નહોતો, તેણી પ્રતિદિન હઝરતની વસમી જુદાઇ અને યાદમાં ઝુર્યા કરતી હતી અને તેમના માટે સારામાં સારૂં ખાણું મોટા પ્રમાણમાં પોતાની પાંચ સાહેલીઓ મારફત મોકલતી હતી, જેમાંથી થોડુંક પોતે ખાઇ બાકીનું કેદીઓને ખવરાવી આપતા હતા.

એક રાત્રે મિસરના બાદશાહ 'માલિકે–રહયાને' સ્વપ્નામાં જોયું કે સાત રુષ્ટપુષ્ટ ગાયોને, સાત અશકત ગાયો આવીને ખાઇ ગઇ. સ્વપ્નાનો ઉકેલ સમજવા બાદશાહે દરબાર ભરી દરબારીઓ અને નજુમીઓને એકઠા કરી, સ્વપ્નાની હકીકત રજુ કરતા કહ્યું, જો તમે તાબિર કરતાં જાણતા હો તો આવેલા ખ્વાબની

મતલબ મને સમજાવો. જેથી નજુમીઓએ કહ્યું કે, બાદશાહ સલામત આ ઉડતો ખ્વાબ છે તેની તાબિર કે મતલબ હોઇ ન શકે, તેમ તેની મતલબ અમે કહી શકતા નથી. તે ઉપરથી બાદશાહે ફરમાવ્યું, એવો છે કોઇ જે મને સ્વપ્નાની મતલબ સમજાવી શકે?

આ વખતે હુજુરીમાં શાકી હાજર હતો, તેણે અરજ કરતાં કહ્યું, આપણા કેદખાનામાં યુસુફ નામનો એક શખ્સ છે જે સ્વપ્નાની તાબિર જાણે છે. અમારા સ્વપ્નાની પણ તેણે તાબિર કરી હતી, જે અક્ષરેઅક્ષર સાચી પુરવાર થઇ હતી, આપનો હુકમ હોય તો તેને હાજર કરૂં.

બાદશાહના હુકમથી શાકી જેલખાનામાં ગયો, જ્યાં તેને હઝરતે કરેલી ભલામણનું સ્મરણ થ ( તે હ. યુસુફ (અ.) સામે શરમીંદા બની પોતાની ભુલની ક્ષમા યાચતા અરજ કરી, મેં આપની બુઝુર્ગીનું વર્ણન બાદશાહની હજુરમાં કર્યું જેને લઇ મને તેમણે પોતાને આવેલા સ્વપ્નાની તાબિર પુછી આવવા મોકલ્યો છે.

હઝરત યુસુફ (અ.) ખ્વાબની તાબિર સમજાવતા ફરમાવ્યું, દુનિયા ઉપર પ્રથમ સાત વર્ષ ખેતી ઘણી જ પાકશે તેમજ સસ્તાઇ પણ ઘણી જ રહેશે. તે પછીના સાત વર્ષ સખ્ત દુષ્કાળ પડશે, જેના થકી ખેતી નષ્ટ પામશે, મોંઘવારી હદ કુદાવી જશે, લોકો દુઃખોની યાતનાઓમાં સપડાઇ જશે અને જગતે ના જોયેલું કે અનુભવેલું સંકટ ઉતરી પડશે.

શાકીએ બાદશાહની હુજુરમાં જઇ ખ્વાબની હકીકત કહી સંભળાવી; જે સાંભળતાં આખો દરબાર સ્તબ્ધ થઇ ગયો. સૌ ફીકર અને ચીંતામાં ગરકાવ બની ગયા. તેથી તેનો ઉપાય જાણી આવવા બાદશાહે શાકીને ફરી હઝરત પાસે મોકલ્યો. શાકીએ હઝરત પાસે આવી તેનો ઉપાય બતાવવા અરજ કરી. હઝરતે ફરમાવ્યું, સુકાળનાં સાત વર્ષો દરમ્યાન બની શકે તેટલાં મોટાં પ્રમાણમાં અનાજનો સંગ્રહ કરવો અને જયારે દુષ્કાળ પડે ત્યારે બચેલું અનાજ રૈયતને આપી દુકાળનાં સંકટથી તેને બચાવી લેવી.

બાદશાહે તાબીર અને ઉપાય જાણ્યા પછી વીચાર્યું કે, એ શખ્સ કોઇ સાધારણ નહીં બલકે દાના અકકલમંદ અને વજીર બનાવવાને લાયક છે જેથી બાદશાહે શાકીને ફરમાવ્યું, તે શખ્સ કેવો છે? જવાબ આપતાં શાકીએ અરજ કરી, ત્રણોજ હુશીયાર અને અકકલમંદ છે તે સીવાય શાકીએ પોતે અનુભવેલી તેમની સઘળી હકીકત બાદશાહને વીસ્તારથી કહી સંભળાવી.

તે ઉપરથી બાદશાહે જેલના જેલરને બોલાવી ફરમાવ્યું, યુસુફ કેવો શખ્સ છે? જેલરે અર્જ કરી, તેના જેવો ખુબસુરત કોઇ પેદા થયો હોય એવો મેં એકે જોયો નથી. હંમેશા તે ઇબાદત, બંદગી અને ઝીકરમાં પોતાનો સમય વ્યતીત કરે છે. તમામ કેદીઓને સારી નસીહત કરે છે ઉપરાંત તેના માટે આવતા જમણમાંથી થોડુંક પોતે ખાઇ બાકીનો ખોરાક કેદીઓને ખવરાવી આપે છે.

બાદશાહે ફરમાવ્યું, તેને ખાણું કોણ આપે છે? જેલરે અરજ કરતા કહયું, ઝુલેખા તથા કયારેક મીસરની પાંચ અમુક સ્ત્રીઓ ખાનગી રીતે ખાણું મોકલે છે. તે સીવાય મારી જાણમાં એમ પણ આવ્યું છે કે, તે નિર્દોષ છતાં અઝીઝે મીસરે તેને જેલમાં કેદ કરાવ્યો છે. આથી બાદશાહે પોતાના વઝીર અઝીઝે મીસરને બોલાવી પુછયું, તમે આવા નેક શખ્સને શા માટે કેદમાં પુર્યો છે? અઝીઝે અરજ કરી, હુઝુર જાણતા હશો કે મેં તેને 'માલીક ઇબ્ને ગઝર' થી ખરીદ કરી, મારા ઘરનો મુખત્યાર બનાવી રાખ્યો હતો, મેં સ્વપ્ને પણ એવું ધાર્યું નહોતું કે તે મારી સ્ત્રી ઉપર બદદાનત કરશે.

ખરી હકીકત જાણવા બાદશાહે શાકીને ફરમાવ્યું, કેદમાંથી યુસુફને ઘોડા ઉપર બેસાડી મારી પાસે હાજર કરવામાં આવે; તે અનુસાર શાકીએ ત્યાં જઇ દરબારની વીતક ઘટના કહી સંભળાવી. હઝરતે તેને ફરમાવ્યું, બાદશાહ પાસે પાછો જા અને મારી વતી કહે કે, પેલી પાંચ સ્ત્રીઓ મને જોઇ બેહોશીમાં પોતાના હાથ કાપ્યા હતા, તેમને પુછી તપાસ કરી ખાત્રી કરે કે ગુનેગાર હું છું કે અન્ય કોઇ છે.

શાકીના આ ખુલાસાથી એ મામલો બાદશાહને ગુંચવણભર્યો લાગતા તેમણે પાંચ સ્ત્રીઓ સહીત ઝુલેખાને દરબારમાં હાજર કરવા હુકમ ફરમાવ્યો. તે મુજબ એ સઘળીઓને હાજર કરવામાં આવી.

તે પછી બનેલા આમલાની તપાસ હાથ ધરતાં બાદશાહે પ્રથમ પાંચ સ્ત્રીઓને પુછયું, જવાબમાં તેણીઓએ અરજ કરી કે હકીકત એવી છે કે, અમોએ યુસુફને નીહાળવા ઝુલેખા પાસે ઇચ્છા વ્યકત કરી હતી, તે મુજબ યુસુફ આવ્યા, તેમને જોતાં જ અમે શુધ્ધબુધ્ધ ખોઇ લીંબુના બદલે બેહોશીમાં પોતાના હાથ કાપી નાંખ્યા, ખરી રીતે યુસુફ ગુનેગાર નથી.

ઝુલેખાએ જયારે જોયું કે, ભેદ સઘળો જાહેર થતો જાય છે અને તે રોશન થઇનેજ રહેશે એટલે તેણીએ પોતેજ ઇકરાર કરતાં બાદશાહને અરજ કરી

કે મેંજ યુસુફના ઇશ્કમાં મોહીત બની તેને ભોળવવા અને ફસાવવાની કોશીષ કરી હતી, માટે ગુનેગાર હુંજ છું. યુસુફ નીર્દોષ છે, બેગુના છે.

ઝુલેખાની સ્પષ્ટ અને ખુલ્લી જુબાની ઉપરથી તેનો પતી અઝીઝે મીસર ઘણો શરમીંદો બની તેણીને પોતાના હકમાંથી છુટી કરી દીધી. ભર દરબારમાં પોતાની થયેલી બદનામી અને નાલેશીને લઇ તે હમેશાં ગમમાં રહેવા લાગ્યો. પરીણામે તેને રોગ લાગુ પડયો અને તે ટુંક મુદત જીવી મૃત્યુને આધીન થયો.

ઝુલેખાનાં ખુલાસાથી હ. યુસુફ (અ.) ની સત્યતા પુરવાર થતાં તેમને બાદશાહે પોતાની હુઝુરમાં તેડાવી ઘણુંજ માનસહીત બેસાડી, અઝીઝે મીસર, ઝુલેખા તથા પાંચ સ્ત્રીઓને લગતી હકીકત કહી સંભળાવતાં ફરમાવ્યું, ઝુલેખાનાં નીર્લજ્જ કૃત્યથી અઝીઝ ઘણો શરમીંદો બન્યો હતો. જે સાંભળી હ. યુસુફ (અ.) એ ફરમાવ્યું, મારી ઇચ્છા કે નેમ અઝીઝને શરમીંદો કરવાની મુદલ નહોતી, માત્ર હું બેગુનેગાર છું સીવાય તેમની અનામતમાં મેં ખ્યાનત નથી કરી, એટલીજ જાણ અઝીઝે મીસરને થાય તેટલાજ માટે મેં તપાસ હાથ ધરવા આપને માંગણી કરી હતી. આ વખતે હ યુસુફ (અ.)ની વય ૩૦ વર્ષની હતી.

હ. યુસુફ (અ.) ની દાનેશમીંદી, સચ્ચાઇ અને ઇમાનદારી ઉપર ખુશ થઇ બાદશાહે તેમને પોતાનાં વજીરનો હોદ્દો સ્વીકારવા માંગણી કરી. જેનો અસ્વીકાર કરતાં હ યુસુફ (અ.) એ ફરમાવ્યું, મારાથી દેશનાં લોકોની દેખરેખ થઇ શકશે નહીં. વળી વજીરાત ઉપર હક અઝીઝનો હતો, જો હું તેમની જગ્યા સંભાળી લઉં તો તે મારા માટે બદનામીજ ગણાય. છતાં તમારી માંગણીને પાછી ન ફેરવતાં જો આપ મને અનાજ પુરવઠાનું કાર્ય સોંપશો તો હું તેને ઘણી સારી રીતે અંજામ આપી, લોકોને રાહત મળે અને પ્રજા દુઃખી ન થાય તે માટે મારાથી બનતું બધું કરીશ. જેથી બાદશાહે તેમને ખજાનચીનો મહાન અને જોખમદારીભર્યો હોદ્દો બક્ષ્યો. આ સાંભળી રૈયત ઘણી ખુશી થઇ.

હ. યુસુફ (અ.) ખજાનચીનાં ઓધ્ધા પર નીર્માણ થયાં પછી, સુકાળ દરમ્યાન દેશ પરદેશોથી જેટલું અનાજ હાથ આવતું તેટલું ખરીદ કરી જમા કરવા લાગ્યાં, તેમનું સુંદર અને બુધ્ધીભર્યું કાર્ય નીહાળી બાદશાહે તેમને શાહી પોષાક પહેરાવી, માથે તાજ મુકી, કમ્મર ઉપર તલવાર બાંધી પોતાનો સર્વસ્વ કારભાર અને ખજાનો તેમને સ્વાધીન કરી પોતાનાં તખ્ત ઉપર બેસાડયાં અને તે પછી હ. યુસુફ (અ.) ની મહોરવાળું ચલણ મુલકમાં શરૂ કરવામાં આવ્યું.

આવી રીતે સુકાળનાં સાત વર્ષો પુરાં થયાં, તે પછી દુષ્કાળનો ભય ઉપસ્થીત થાય તે પહેલાં હ. જીબ્રાઇલે આવી હ. યુસુફ (અ.) ને આગ્રહી કરી કે થોડાંક સમય પછી આવનારી અમુક રાતથી દુષ્કાળ શરૂ થવાનો છે અને તે મુજબ દુકાળ શરૂ થયો. દુષ્કાળનાં ભયંકર ડોળા સર્વ શકતી સહીત મુલ્ક ઉપર ફરી વળ્યાં. પરીણામે રઇયત પીડાવાં લાગી. પોતાનાં દુઃખની ફરીયાદ લોકોએ બાદશાહ પાસે જઇ કરી. તરતજ હ. યુસુફ (અ.) એ એકઠું કરેલું અનાજ પ્રજા માટે ખુલ્લું મુકી દેવામાં આવ્યું. જેને લઇ પ્રજા રાહત મેળવવા લાગી.

ઝુલેખા હજી પણ હ. યુસુફની યાદને મુદ્દલ ભુલી નહોતી. તે પોતાની હસ્તીને જુદાઇનાં ગમમાં વીતાવી રહી હતી અને દીવસ રાત તેમની યાદ અને સ્મરણમાં ઝુર્યા કરતી હતી. કોઇ પણ તેનાં દ્વારે જઇ હઝરતનું માત્ર નામ લેતું તો તેને ઇનામ ઇકરામથી નવાજી રૂખસદ આપતી. આવી રીતે તેણીએ પોતાની પુષ્કળ દૌલત હ. યુસુફ (અ.) પાછળ લુંટાવી દીધી હતી.

ઝુલેખાનો ઇશ્ક–ઇશ્કે મીઝાજી હતો, દુન્યવી પ્રેમ હતો. ઇશ્કે મીઝાજી જો હકીકીમાં ફેરવાઇ જાય તો સાતે સ્વર્ગનાં દ્વાર ખુલી જાય, પણ એ માર્ગ સહેલો નથી, આસાન નથી. જ્યાં સુધી ઇન્સાન બુત–પરસ્તી ત્યાગી હક પરસ્તીને ન ઓળખે, હાદી મારફત હીદાયત ન મેળવે ત્યાં સુધી તે મકસદ હાંસલ કરી શકતો નથી.

ઝુલેખા હ. યુસુફના પ્રેમમાં એટલી હદ સુધી ગીરફતાર થઇ ચુકી હતી કે, રડતાં રડતાં તેની આંખો ખલાસ થવા આવી હતી, તેનું યૌવન પણ હવે તેનાથી રૂખસદ લેવા લાગ્યું હતું. તેના મુખ અને માથાના વાળ ઉપરથી જોનારને તે બુઢી બની ગઇ હોય તેવો ચોખ્ખો આભાસ થયા વગર રહેતો નહી; આટલું છતાં હઝરત પ્રત્યેની તેની મહોબ્બતમાં તલ જેટલો પણ ફેર પડયો નહોતો.

એક દીવસ ઇલાહી મરજીને લઇ હ. યુસુફ (અ) અમીરી પોષાકમાં સજ્જ થઇ ઘોડા ઉપર સવાર થઇ અંગરક્ષકો સાથે શહેરનું નીરીક્ષણ કરવા નીકળ્યા. આની જાણ મીસરના લોકોને થતાં માનવસમુહ તેમને જોવા ઉમટી પડયો. ઝુલેખાને પણ તેની ખબર પડતાં તે માનવમેદની વચ્ચે આવી ઉભી રહી. ઝુલેખાની પાસેથી હઝરતની સ્વારી પસાર થતાં, તરત જ તેણીએ મોટા અવાજે કહ્યું, અય કરીમ ઇબ્ને કરીમ કૃપા કરી જરાક ઉભા રહો, અને આ બુઢીની હાલતનું બયાન સાંભળો.

હ. યુસુફ (અ.)એ અવાજ સાંભળી, પોતાનો ઘોડો થંભાવી ઝુલેખા તરફ જોઇ ફરમાવ્યું, અય ઝુલેખા, તારી આવી દશા કેમ થઇ ગઇ? કહે કયાં ગઇ તારી યુવાની અને કયાં ગયો તારો હુસ્નજમાલ ચહેરો?

દર્દભર્યા અવાજે ઝુલેખાએ કહયું, તમારા ઇશ્ક અને મહોબતે મને બરબાદ કરી મુકી છે.

હઝરતે ફરમાવ્યું: શું હજી પણ તારો ઇશ્ક કાયમ છે?

ઝુલેખાએ અરજ કરી: હું મારી દશાનું કયા શબ્દોમાં બ્યાન કરૂં? તમારા હાથનો ચાબુક મારા ચહેરા ઉપર મુકો તો તમે મારી હાલત સમજી શકશો.

હઝરત ઝુલેખાની ઇચ્છા અનુસાર પોતાનો ચાબુક તેના ચહેરા સુધી લઇ ગયા કે તરત જ તેણીએ એક મહાન દર્દભરી ગરમ આહ હૃદયમાંથી મારી, જે આહને લીધે હઝરતનો ચાબુક ગરમ થઇ જતાં હઝરતના હાથમાંથી સરી નીચે પડયો.

ઝુલેખા ચાબુકને નીચે પડી ગયેલો જોઇ હઝરતને વીનવતા કહયું: અય યુસુફ! વર્ષો થયા હું આવી રીતે તમારા માટે તડપી રહી છું; તમારી જુદાઇના ગમના શોલાઓ મારા હૃદયમાં આગ પ્રગટાવી રહયા છે; તમારી જુદાઇમાં હું નીસ્તોનાબુદ બની ગઇ છું.

હ. યુસુફ (અ.)એ ઝુલેખાની આવી દુર્દશા જોતાં ઘોડા ઉપરથી ઉતરી તેની પાસે જઇ ફરમાવ્યું: તું મારા ખુદા ઉપર ઇમાન લાવ. આ સાંભળતા જ તેણી ત્યાંજ ઇમાન લાવી. તે પછી હઝરતે ફરમાવ્યું: બોલ ઝુલેખા તું મારાથી શું ઇચ્છે છે?

ઝુલેખાએ અરજ કરી કે અય યુસુફ, મારા માટે તમે ખુદા પાસે દુઆ કરો કે તે માલીક મારૂં હતું તેવું હુસ્નજમાલ રૂપ, મારી હતી તેવી યુવાની અને પહેલા જેવીજ આંખની રોશની મને ઇનાયત કરે કે જેને લઇ હું મારી તમામ જીંદગી તમારી સેવામાં તેમજ તે માલીકની ઇબાદત અને બંદગીમાં પુર્ણ કરૂં.

આ સાંભળી હ. યુસુફ (અ.) માથુ નમાવી થોડીકવાર વીચારમાં ખામોશ રહયા. તરત જ દરબારે ઇલાહીથી વહી નાઝલ થઇ કે, યુસુફ તું જે ઇચ્છે તે માંગ, તારી ઇચ્છા પુર્ણ થશે.

એ ઇલાહી વાણી સાંભળી હઝરત સીજદામાં જઇ ઝુલેખા માટે દુઆ માંગી. તેઓએ હજી માથું સીજદાથી ઉંચકયું પણ નહોતું, તેટલામાં ઝુલેખાએ કહયું: અય યુસુફ! માથું ઉંચકો ને મારી તરફ જુઓ! હઝરતે સીજદાથી માથું ઉંચકી ઝુલેખા તરફ દ્રષ્ટી નાંખી તો, પુર્વે હતી તેથી પણ વધુ ખુબસુરતી ખુદાતઆલાએ તેણીને બક્ષીશ કરી હતી; ખુદાતઆલાની નવાજેશ માટે હ. યુસુફ તથા ઝુલેખા બન્નેએ ખુદાના દરબારમાં શુક્રાનાનો સીજદો કરી, તે બારીતાલાનો અહેશાન માન્યો.

ત્યારબાદ ખુદાતઆલા તરફથી હુકમ આવ્યો કે, અય યુસુફ! ઝુલેખાનો પ્રેમ સાચો છે તેથી તું તેની સાથે શાદી કરી લે. હ. યુસુફ (અ.) ઇલાહી હુકમને આધીન થઇ ઝુલેખા સાથે પવીત્ર લગ્નગાંઠથી જોડાયા; અને ઝુલેખા પોતાની તમામ જીંદગી હઝરતની ખીઝમત અને અલ્લાહની ઇબાદતમાં વીતાવવા લાગી.

હ. યુસુફ (અ.)ના ભાંખેલા ભવીષ્ય પ્રમાણે મીસર ઉપરાંત આજુબાજુના અન્ય કેટલાક મુલ્કોમાં પણ દુષ્કાળની શરૂઆત થઇ ચુકી હતી. જયારે પણ 'શામ-કીનઆન' દેશોમાં દુકાળ પડતો, ત્યારે ત્યાંના વતનીઓ મીસર આવી અનાજ લઇ જતા હતા.

હ. યાકુબ (અ.) ના ફરજંદો મીસર આવી પહોંચતા તેમને અનાજનો પરવાનો મેળવવા માટે અઝીઝે મીસર હ. યુસુફ પાસે જવું પડયું. પણ તેઓ હ. યુસુફ (અ.) ઓળખી શકયા નહી કે તે પોતાનો ભાઇ છે. જયારે હઝરતે પોતાના ભાઇઓને ઓળખી લીધા હતા.

હ. યુસુફ (અ.) એ તેમને મીસર આવવાનું કારણ પુછયું. તેઓએ જવાબમાં જણાવ્યું કે, અમારા મુલકમાં દુકાળને લીધે અનાજની સખ્ત તંગી પ્રવર્તી રહી છે, તેથી અનાજ ખરીદવા કીનઆનથી આવ્યા છીએ ઉપરાંત પોતાના પીતા હ. યાકુબ (અ.) પયગમ્બર છે એવી પણ જાણ કરી.

તેમની હકીકત સાંભળી હ. યુસુફ (અ.) એ પુછયું, તમે કેટલાક ભાઇઓ છો? જવાબ આપતાં તેઓએ કહયું: બધા મળીને બાર ભાઇઓ હતા. એક દીવસે એવું બન્યું કે અમે સઘળા ભાઇઓ મળી ચરાગાના મેદાનનાં કીનારે બકરીઓ ચરાવતા હતા, તે વખતે યુસુફ નામનો અમારો એક ભાઇ અમારાથી છુટો પડી જતાં તેને વરૂ ખાઇ ગયો,બીજો બીનયામીન નામનો યુસુફનો એક સગો ભાઇ છે, તેને અમારા પીતાએ પોતા પાસે રાખેલ છે.

હ. યુસુફ (અ.) એ પોતાના ભાઇ બીન યામીનને પોતાની પાસે બોલાવી લેવાની ઇચ્છા હોવાથી યુકિતપુર્વક તેમને કહયું : તમે મને જાસુસ લાગો છો એટલે તમારામાંથી એક ભાઇને અહીં રાખી જાઓ, અને ફરી પાછા જયારે આવો ત્યારે જે ભાઇને તમે લાવ્યા નથી તેને સાથે લાવજો એટલે મને ખાત્રી થશે કે તમે જે કહી રહયા છો તે હકીકત સત્ય છે અને તમે જાસુસ નથી. એ ઉપરથી સઘળા ભાઇઓએ મસલત કરી, 'સમઉન' નામના ભાઇને ત્યાં રાખવાનું નકકી કર્યું. એ પછી હઝરતે તેમને અનાજ આપવાનો હુકમ કર્યો.

તે પછી હ. યુસુફ (અ) એ પોતાના ખીઝમતગારને ભાઇઓ જે નાણા લાવ્યા હતા તે રકમ આપતાં કહયું કે આ રકમ ખરીદદારોને જાણ ન થાય તેવી રીતે અનાજથી ભરેલા એક કોથળાની વચ્ચે મુકી દેજો. આમ કરવા પાછળ હઝરતનો હેતુ એ હતો કે તેમના પીતા તથા ભાઇઓને પોતે મીસરમાં છે તેની જાણ થાય અને તેઓ અનાજ ખરીદ કરવા પાછાં આવે, અને બીન યામીનને પણ સાથે લેતા આવે.

,સમઉન' ને મીસરમાં છોડી, બાકીના ભાઇઓ અનાજથી લાદેલા ઉંટો સહીત કીનઆન આવી પહોંચ્યા. હ. યાકુબ (અ.) ફરજંદોને આવી ગયા જાણી ઘણા ખુશ થયા અને ફરમાવ્યું : મને મીસર અને તમારી સફરની હકીકત કહી સંભળાવો. તેમના ફરજંદોએ તે મુજબ સઘળી હકીકત કહી સંભળાવી ઉપરાંત અઝીઝે મીસરે પોતા ઉપર કરેલી મહેરબાનીની હકીકત કહી સંભળાવી. હકીકત સાંભળ્યા પછી હ યાકુબ (અ.) એ ફરમાવ્યું : યુસુફની કંઇ ખબર અંતર છે? તેઓએ કહયું : એના વીષે ખાસ કોઇ માહીતી અમને મળી નથી; પણ એક વીચારવા જેવી ઘટના એ બની છે કે અઝીઝે મીસરે અમો અગીયાર ભાઇઓ છીએ તેની ખાત્રી કરવા સમઉનને પોતા પાસે રોકી રાખી બીનયામીનને પુરાવા માટે હાજર કરવા ફરમાવ્યું છે.

ત્યારબાદ અનાજના કોથળા ખાલી કરતાં સૌની અજાયબી વચ્ચે એક કોથળામાંથી અનાજ ખરીદવા લઇ ગયેલી અને અઝીઝે મીસરને ભરી આપેલ બધી રકમ પાછી નીકળી. આ સાંભળી હ. યાકુબ (અ) એ દ્રઢતાપુર્વક ફરમાવ્યું કે મારો યુસુફ મીસરમાં જ છે.

બીજા વર્ષ દરમ્યાન પણ દુષ્કાળનું જોર કમ્યું નહોતું. હ યુસુફ (અ.) એ અનાજ માટે પોતાના ફરજંદોને ફરી મોકલવાની જરૂર જણાતા તેમણે તેઓને મીસર

જવા હુકમ કર્યો, જેથી તેમના ફરજંદોએ પોતાની સાથે બીનયામીનને મોકલવા માંગણી કરી.

પણ હ. યુસુફ (અ.) ના બનાવને હ. યાકુબ (અ.) હજી ભુલ્યા નહી હોવાથી બીન યામીનને મોકલવા પોતાની ઇચ્છા નથી એમ જણાવ્યું. જેથી તેમના ફરઝંદોએ અરજ કરી અય પીતા! બીન યામીન માટે તમે અમારા ઉપર વીશ્વાસ રાખો, તેને નહી મોકલશો તો અનાજ મળી શકશે નહી. વળી બીન યામીનને અમે હાજર કરશું એવો કરાર અઝીઝે મીસરથી કરેલો છે તેમાં અમે જુઠા પડશું અને અમે ઠગ છીએ એની તેને આવેલી શંકા દ્રઢ થશે, અને તેથી જ સમઉનનો પણ છુટકારો થશે નહી. આ સાંભળી હઝરતે પોતાના ફરજંદો પાસેથી વચન લઇ અલ્લાહના આસરે બીન યામીનને સાથે લઇ જવા રજા આપી. તેમજ પાછી ફરેલી રકમ પણ અઝીઝને સુપ્રત કરવા ભલામણ કરતાં ફરમાવ્યું: કદાચ ભુલમાં આ રકમ આવી ગઇ હશે, જે તેમને પાછી આપજો, ઉપરાંત મારા તરફથી નજરાણા તરીકે આ પાઘડી તેમને ભેટ કરજો.

કીનઆનથી રવાના થઇ હ. યાકુબ (અ.) ના ફરઝંદો થોડા દીવસ બાદ મીસર આવી પહોંચ્યા. અને અઝીઝે મીસરની હુઝુરમાં હાજર થઇ, પોતાના પીતા તરફનું નજરાણું પેશ કરવા ઉપરાંત કોથળામાંથી નીકળેલી રકમ રજુ કરી. નઝરાણાની પાઘડી માટે એવો ઉલ્લેખ છે કે: હ. યાકુબ (અ.) ને તે તેમના દાદા હ. ઇબરાહીમ (અ.) તરફથી વારસામાં એ મળી હતી, જેને હ. યાકુબ (અ.) ના પીતાએ હ. યુસુફ (અ) માટે ભેટ તરીકે સોંપી હતી, એથી હ. યાકુબ (અ.) એ પીતાની વસીયત મુજબ હ. યુસુફ (અ.) ને તે ભેટ તરીકે મોકલી હતી. આથી હ. યુસુફ (અ.) ઘણા જ ખુશ થયા કારણ કે જેને એ પાઘડી મળતી તેના માટે તે પયગમ્બર બનવાની નીશાનીરૂપ હતી.

આવેલા ભાઇઓ માટે હ. યુસુફ (અ) એ ખાણું તૈયાર કરાવી સૌને ફરમાવ્યું કે બબે ભાઇઓ જેઓ એક જ માબાપથી જ જનમ્યા હોય તેઓ એક જ થાળમાં બેસે. આથી બીનયામીન એકલો રહી ગયો, અને આંખમાં આંસુ લાવી કહેવા લાગ્યો કે: જો મારો ભાઇ યુસુફ અહીં હોત તો તે મારી સાથે બેસત." આ ઉપરથી હ. યુસુફ (અ.) એ તેને પોતાની સાથે બેસાડવા હુકમ કર્યો. એ ઉપરથી બીજા ભાઇઓએ કહ્યું: અગર આપની એવી ઇચ્છા છે તો અમે પણ એમાં ખુશી છીએ. આથી તેમનો થાળ પડદા પાછળ એક જુદા ઓરડામાં લઇ જવામાં આવ્યો. જમણ વખતે જયારે હ. યુસુફ (અ.) એ પોતાનો

હાથ ખાણા તરફ લંબાવ્યો, ત્યારે 'બીનયામીન રડવા લાગ્યો; એ જોઇ હ. યુસુફ (અ.) એ તેનું કારણ પુછ્યું. તેણે જવાબ આપ્યો કે તમારો હાથ મારા ભાઇ યુસુફને મળતો આવે છે. આ સાંભળી હ. યુસુફ (અ.) તેનાથી પોતાની જાતને વધુવાર છાની રાખવાની ધીરજ રાખી શકયા નહી. અને પોતે જ યુસુફ છે એવો ખુલાસો કરતાં ફરમાવ્યું કે મારા અલ્લાહે અનેક સંકટો પછી મને આ દરજ્જે પહોંચાડયો છે ખેર આપણી વચ્ચેની હકીકત તમે ગુપ્ત રાખજો. આ વાત કોઇને પણ કરશો નહી. એ ખરૂં છે કે કંઇ પણ કારણ વગર હુ તમને અહીં રાખી શકીશ નહી કારણ કે તેમ કરવાથી ભાઇઓને શક ઉત્પન્ન થવાનો સંભવ છે, માટે હું તમારા ઉપર ચોરીનો આરોપ મુકીશ પણ તેથી તમારે ડરવાનું નથી કારણ કે આવી રીતે હું તમને મારી પાસે રાખી શકીશ. એ બાદ જમણથી પરવારી બીનયામીન પોતાના ભાઇઓ પાસે ચાલ્યા ગયા.

હ. યુસુફ (અ.) એ પોતાના ભાઇઓને ત્રણ દીવસ સુધી પોતા પાસે રાખી તેમની મહેમાનગીરી કરી ખુશ કર્યા. અને દરેક ભાઇને એક એક ઉંટ જેટલું અનાજ આપવા ફરમાવ્યું.

બીજી તરફ પોતાના હુજુરીયાને ફરમાવ્યું કે, બીનયામીનના સામાનમાં બાદશાહનું ચાંદીનું પ્યાલું સંતાડી દેવું ને જયારે તેઓ રવાના થઇ થોડેક દુર જાય ત્યારે પ્યાલો ચોરાયાની ફરીયાદ કરવી. હુકમ મુજબ હુજુરીયાએ પ્યાલો કોથળામાં છુપાવી દીધો અને અગીયારે ભાઇઓ અનાજ ઉંટ ઉપર નાંખી પોતાના વતન તરફ જવા મીસરથી રવાના થયા.

તેમના રવાના થયા પછી શીખવ્યા મુજબ હુજુરીયો પ્યાલો ચોરાયાની ફરીયાદ અઝીઝે મીસર પાસે લઇ આવ્યો, જેથી કીનઆન તરફ જતાં પોતાના ભાઇઓની પુઠે અઝીઝે ઘોડેસ્વારો તપાસ અર્થે રવાના કર્યા

સુચના અનુસાર સ્વારોએ જે તરફ કાફલો કુચ કરી ગયો હતો તે બાજુ પોતાના ઘોડા પુર ઝડપે દોડાવી મુકયા; થોડેક દુર જતાંજ કાફલો તેની દ્રષ્ટીએ પડયો. સ્વારોએ અવાજ આપ્યો કે ખબરદાર! તમે લોકો ચોર છો, માટે આગળ વધશો નહીં. આ સાંભળી હ. યુસુફ (અ) નાં ભાઇઓનો કાફલો ત્યાંજ અટકી ગયો.

સ્વારો જ્યારે તેમની પાસે આવી પહોંચ્યા ત્યારે હઝરતનાં ભાઇઓએ કહ્યું કે અમોને ચોર તરીકે શા માટે સંબોધો છો? શું અમે એવી નાલાયકી કે ચોરી કરવા આવ્યા હતા? વળી અમે તમારૂં શું ચોર્યું છે?

જવાબમાં સ્વારોએ કહ્યું : તમે અમારા બાદશાહનો ચાંદીનો પ્યાલો ચોર્યો છે માટે પાછા મીસર ચાલો. તે મુજબ સ્વારોએ કાફલાને પાછા મીસરમાં લાવી અઝીઝે મીસરની હુજુરમાં હાજર કર્યો.

હાજર થઇ સઘળા ભાઇઓએ અઝીઝે મીસરની હુજુરમાં અરજ કરી કે અમારા ઉપર તમારા સ્વારોએ ચોરીનો આરોપ મુકયો છે, જ્યારે અમે તો રાજ્યનું કંઇ પણ ચોર્યું નથી.

એ ઉપરથી હ. યુસુફ (અ.) એ ફરમાવ્યું: કદાચ તમે ચોર નહિં પણ હો! પણ જો ગુમ થયેલો ચાંદીનો પ્યાલો તમારી પાસેથી મળી આવે તો તેની સજા શું?

અલબત ચોરાએલી વસ્તુ જેના પાસેથી મળી આવે, તેનાં અવેજમાં ઉચાપત કરનાર કેદી તરીકે તમારી પાસે અટકમાં રહે. હઝરતનાં ભાઇઓએ ખુલાસો કર્યો.

ત્યારબાદ હ. યુસુફ (અ.) એ તેમનાં અનાજ ભરેલા કોથળાની તપાસ લેવરાવતાં બીનયામીનનાં સામાનમાંથી ચાંદીનો પ્યાલો મળી આવ્યો, જેથી હ. યુસુફ (અ.) એ ફરમાવ્યું, જુઓ આ તમારો ભાઇ ચોર છે માટે એને કેદ કરવો પડશે.

આ સાંભળી સઘળા ભાઇઓ સ્તબ્ધ બની શું કરવું તેની મસલેહત કરવા લાગ્યા અને જો અઝીઝે મીસર પોતાની દરખાસ્તને માન્ય રાખે તો બીનયામીનનાં બદલે પોતામાંથી એક જણે રહેવું, ને નાના ભાઇને પિતા પાસે લઇ જવો; પણ જો તેમ કબુલ નહીં કરે તો પીતાને શું જવાબ આપવો એનો તેમને વીચાર થઇ પડયો.

પોતાનામાં કરેલ સલાહ અનુસાર સઘળા ભાઇઓ હ. યુસુફ સમક્ષ દરખાસ્ત સાથે અરજ કરતાં કહ્યું કે, બેશક તમે અમારા ઉપર હદથી વિશેષ મહેરબાની કરી છે, હજી પણ અમોને આપનાં વધુ અહેસાનમંદ બનાવશો એવી આશા છે. અમારી અરજ છે કે, તમે બીન યામીનને ક્ષમા કરો કે જેથી અમે તેને અમારા પીતા પાસે લઇ જઇ શકીએ.

હ. યુસુફ (અ) એ જવાબ આપતાં ફરમાવ્યું, તમે બાદશાહનો હુકમ જાણો છો. તેમ તમે પણ કબુલ કર્યું છે. શું એ યોગ્ય ગણાય કે તમારો ભાઇ રાજની હદમાં રહી રાજનીજ ચીજ ચોરે?

તેમણે વિનયપુર્વક અરજ કરી કે એ અઝીઝે મીસર, આપનું કહેવું

વાજબી છે, પણ તેનો બાપ બુઝુર્ગ છે જે બીન યામીનની ગેરહાજરીથી ઘણોજ દુઃખી થશે. માટે આપ તેનાં બદલામાં અમારામાંથી એકને રાખી લો અને તેને મુક્ત કરો. જો એમ કરશો તો આપની મોટી મહેરબાની થશે.

એ સાંભળી હ. યુસુફ (અ.) એ ફરમાવ્યું કે, ખુદા મને બચાવે એવા અન્યાયભર્યાં કૃત્યથી! માલ મુજરીમથી મળે ને સજા બીજો ભોગવે, ચોરી કોઇક કરે ને કેદ બીજાને મળે! એ તે કેમ બને? શું એ ઇન્સાફ કહેવાય ખરો?

ભાઇઓની અનેક આજીજી તેમજ પુષ્કળ પ્રયત્નો છતાં તેઓ બીન યામીનને છોડાવી શક્યા નહીં, અંતે નીરાશ થઇ તેઓ મીસરથી રવાનાં થઇ કીનઆન આવી પોતાનાં પીતાની હુજુરમાં મીસરમાં બનેલી સઘળી વિગત કહી સંભળાવી અને બીન યામીન ચોરીનાં આરોપસર કેદ થયો હોવાનું પણ કહ્યું અને પોતે આ બાબત સત્ય કહી રહ્યાં છે અને પોતાનાં કથન ઉપર વિશ્વાસ રાખવા અરજ કરી.

પોતાના ફરજદેથી મીસરની ઘટના ઉપરાંત બીન યામીન અટકમાં રહયાનું સાંભળી હ. યાકુબ (અ.)ને પારાવાર દુઃખ થયું, તેઓ ઘણાજ નીરાશ બની ગયા. હઝરત હજી તો હ યુસુફ (અ.)ની જુદાઇનો ગમ સહન કરી રહયા હતા, તેમાં જાણે તે દુઃખ ઓછું હોય તેમ બીન યામીનના બીયોગનું દુઃખ સહન કરવાનું બીજું કારણ બન્યું; આથી તેમના અંતરમાંથી જુદાઇની આહ નીકળી પડી, અને હ. યાકુબ (અ.) ખુબજ રડયા. એ ઉપરથી હ. જીબ્રાઇલ અમીને આવી સંદેશો સંભળાવ્યો કે, "અય યાકુબ, જો તમે ખુદાને યાદ કરશો અને રડશો નહી તો તમારી ઉમ્મીદ પુરી થશે." આવા આશ્વાસનથી હઝરતના દીલને રાહત મળતાં તેમને હ. યુસુફ મીસરમાં મળશે તેમ પણ લાગ્યું અને એ ઉપરથી તેમણે પોતાના ફરજંદોને ફરમાવ્યું કે, જાઓ યુસુફ અને તેના ભાઇની તપાસ કરો, અને ખુદાની મહેરબાનીથી નાઉમ્મીદ થાઓ નહી, બેશક ખુદાને નહી માનનારા સીવાય બીજો કોઇ તેની કૃપાથી નાઉમ્મીદ થતો નથી.

હજી પણ દુકાળનું જોર શમ્યું નહોતું. અનાજની તંગી દીનપ્રતીદીન વીકરાળ સ્વરૂપ ધારણ કરી રહી હતી. જનસમુદાય અનાજ વગર વ્યાકુળ બન્યો હતો. આવા સંજોગોમાં અનાજ માટે ત્રીજી વાર મીસર જવા હ. યાકુબ (અ.)એ પોતાના ફરજંદોને આજ્ઞા ફરમાવી.

આજ્ઞા અનુસાર મીસર જવા તેમના ફરજંદોએ તૈયારી કરી. ત્યારે હ.

યાકુબ (અ.)એ ફરમાવ્યું, અઝીઝે મીસરને બીન યામીનની મુક્તિ માટે વીનંતી કરજો. સાથે વઉં આપવા માટે પણ અક્ષામણ કરજો. કદાચ તે આપણા ઉપર મહેરબાન થાય.

કીનઆનથી રવાના થઇ હ. યાકુબ (અ.)ના ફરઝંદો મીસર આવી પીતાની સુચના અનુસાર બીન યામીનને મુક્ત કરવા વીનંતી કરવા તેમજ અનાજ મેળવવા અઝીઝના દરબારમાં હાજર થયા.

તેમણે દરબારમાં આવતાંજ જોયું કે બીન યામીન હ. યુસુફ (અ.)ની જોડાજોડ તખ્ત ઉપર બેઠેલો છે. આ જોઇ અચંબો પામી ભાઇઓ એક બીજાને કહેવા લાગ્યા કે અઝીઝે મીસર યુસુફ પોતેજ કેમ નહી હોય? તેના વગર બીજું કોણ બીન યામીનને શાહી પોષાક સાથે તખ્ત ઉપર બેસાડે.

હ. યુસુફ (અ.)એ તેમનો વસવસો અને અચંબાભરી દશા સમજી જઇ પુછ્યું કે તમે કઇ ફીકરમાં અટવાઇ પડયા છો? શું તમે તમારા ભાઇ યુસુફ સાથે અણસમજણા હતા ત્યારે કાંઇ ખરાબ વર્તન કર્યું હતું?

આ સાંભળી તેઓની શંકાને સમર્થન મળતાં, વધુ ખાત્રી કરવા તેઓએ અરજ કરી કે, શું તમે પોતેજ યુસુફ છો?

હઝરતે ફરમાવ્યું, હા હું જ યુસુફ છું અને બીન યામીન મારો ભાઇ છે. સાચેજ ખુદાએ અમારા ઉપર મહાન અહેશાન કર્યો છે. જેઓ પરહેઝગાર અને સબર કરનાર છે તેને અલ્લાહ પોતાની રહેમથી વંચીત રાખતો નથી.

આ સાંભળી હઝરતના ભાઇઓ રડી પડયા, અને કહયું કે ખરેખર ખુદાએ આપને અમારા નીગેહબાન તરીકે પસંદ કર્યા છે, સાચેજ અમે તમારા ગુનેગાર છીએ અને સજાને પાત્ર છીએ.

હ. યુસુફ (અ)એ ફરમાવ્યું કે, હું તમારા ઉપર દોષ નથી મુકતો, તમે આઝાદ છો, અલ્લાહ મહાન અને બક્ષનાવાળો છે, તે તમોને બક્ષે, કારણ કે તે રહીમો કરીમ છે.

એ બાદ હ. યુસુફ (અ.)એ ફરમાવ્યું કે એ તો કહો કે પીતાની આંખો કેમ કરતાં જતી રહી?

જવાબ આપતા તેમના ભાઇઓએ કહયું કે તમારી જુદાઇની યાદ અને ગમમાં, તમારા પહેરણને હમેશાં આંખો સામે રાખી તેઓ ઝાર ઝાર રડયાં કરતાં

હતા, જેથી તેમની આંખોની રોશની જતી રહી છે. એ ઉપરથી હ. યુસુફ (અ.)એ પોતાનું પહેરણુ પોતાના ભાઈ યહુદાને સુપ્રત કરતાં ફરમાવ્યું કે, મારું આ પહેરણુ લઇ જાઓ અને તેને પીતાની આંખો ઉપર લગાડો, અલ્લાહ કરશે તો તેમની ગયેલી આંખની રોશની પાછી પ્રાપ્ત થતાં તેઓ દેખતાં થઇ જશે. (એ પહેરણુ હ. યુસુફ (અ.)ને ગમના કુવામાં ખુદાના હુકમથી હ. જીબ્રાઇલ અમીને પહેરાવ્યું હતું.) એ બાદ તેમને અનાજ આપવા હુકમ કર્યો, અને ઝીયાફત કરી રવાના કરતાં ફરમાવ્યું કે હવે તમે સઘળા પીતા સહીત મીસર આવી જજો.

હ. યાકુબ (અ.) ના ફરજંદો અનાજના કોથળા ઉંટ ઉપર ભરી મીસરથી કીનઆન તરફ જવા રવાના થયા. હજી તેઓ દરવાજાથી થોડેક દુર નીકળ્યા હશે, એવામાં હ. યાકુબ (અ.) ને પહેરણુની ખુશ્બુ આવતાં જ પોતાના આત્મિક બળને લીધે ઘરમાં હાજર રહેલા સભ્યોને ઉદ્દેશીને ફરમાવ્યું કે, કદાચ તમે મને ગાંડો કહેશો પણુ મને ચોકકસ પણે યુસુફના પહેરણુની ખુશ્બુ આવી રહી છે.

થોડાક દીવસોની સફર પછી હ. યાકુબ (અ.) ના ફરજંદો પોતાના વતને આવી, પીતા સમક્ષ હાજર થઇ, મીસરની સઘળી વીગતનું વર્ણુન કરતાં કહ્યું કે ભાઇ યુસુફ મીસરમાં હૈયાત છે. તેમણે બીન યામીનને પોતાની જ પાસે રાખ્યો છે. ઉપરાંત આપણા સઘળા કુટુંબને મીસર આવી જવા ફરમાવ્યું છે, અને આ ત્રીજી-વારનું અનાજ પણુ કીંમત લીધા વીના ભેટ તરીકે આપ્યું છે.

તે પછી યહુદાએ પીતાને હ. યુસુફ (અ.) એ આપેલું પહેરણુ આપતાં કહ્યું, હ. યુસુફે આપની જુદાઇને દુર કરવા તથા આશ્વાસન મળે એ ખાતર પોતાનું આ પહેરણુ મોકલ્યું છે. જે હ. યાકુબ (અ.) એ સહર્ષ લઇ તેને પોતાની આંખ ઉપર રાખતાં જ દેખતાં થઇ ગયા અને પોતાનો યુસુફ હૈયાત છે તે માટે ખુદાતઆલાના શુક્રાના અદા કર્યા.

હ. યાકુબ (અ.) થી હ. યુસુફ(અ.)ને જુદા પડયાને વર્ષો વીતી ગયા હતા, જેથી એકબીજાને મળવાની ઇચ્છા ખુબ જ તીવ્ર બની ગઇ હતી, ખાસ કરીને હ. યાકુબ (અ.) ની અધીરાઇ, વ્યાકુળતા અને દુઃખ અસહ્ય હતા, જેના પરીણામે આંખોની રોશની ચાલી ગઇ હતી, જે અલ્લાહની કુદરત તથા પહેરણુની ખુશ્બુથી પુનઃ પ્રાપ્ત થઇ હતી. પોતાનો ફરજંદ મીસરમાં છે એ જાણ્યા પછી અને એ પોતાને આમંત્રણુ આપી પોતાની પાસે બોલાવે છે એ જાણી હઝરત ઘણા ખુશી થયા અને પોતાના પરીવાર સાથે મીસર જવા માટે કીનઆનથી રવાના થયા.

હ. યુસુફ (અ.) ને પોતાના પીતા, સહકુટુંબ મીસર તરફ આવી રહયાની જાણ થતાં જ તેવણુ રસાલા અને મોટા લશ્કર સહીત તેમને આવકારવા મીસરથી થોડેક દુર સામા ગયા. પીતા-પુત્ર એકબીજાને ખુબ ભેટયા, અને વર્ષોના વીયોગ પછી મુલાકાત થતાં અરસપરસ બેઉએ હર્ષના આંસુ વહાવ્યાં.

હ યુસુફ (અ.) એ તેમને માટે ખાસ તૈયાર રાખેલા મહેલમાં તેઓને સહુને તેડી લાવી, તખ્ત ઉપર માતા-પીતાને પોતાની પાસે બેસાડયા, જ્યારે તેમના ભાઇઓએ તખ્તની સામે બેઠક લીધી, ત્યાર બાદ હ. યુસુફ (અ.) એ પીતાને અરજ કરતાં કહયું કે મને જે સ્વપ્નું આવ્યુ હતું તેને અલ્લાહે સાચું અને સાબીત કર્યું છે અને મને અનેક દુઃખોમાંથી બચાવી લેવા ઉપરાંત બારીત-આલાએ મને મહાનતા બક્ષી છે, જે માટે હું તે માલીકનો શુક્ર ગુજાર છું.

હ. યુસુફ (અ.) ને ભાઇઓએ ગુમ કર્યા પછી પીતા-પુત્રની મુલાકાત ઇ. સ. પુર્વે ૧૭૦૬ માં થઇ હતી. આ વખતે હ. યુસુફ (અ.) ની ઉમર ૪૦ વર્ષની હોવાનો ઉલ્લેખ મળી આવે છે.

હ યાકુબ (અ.) એ પોતાના ફરજંદ યુસુફને પોતે મીસરમાં હોવાની તથા અન્ય હકીકતની જાણ નહી કરવાનું કારણ પુછતાં, હ. યુસુફ (અ.) એ કહયું કે હું જયારે જયારે મારી હકીકતનો પત્ર લખી મોકલવાની ઇચ્છા કરતો હતો, ત્યારે ત્યારે ખુદાતઆલાના હુકમથી હ. જીબ્રાઇલ આવી મને તેમ કરવા મના કરતા હતા.

ત્યાર બાદ હ. યાકુબ (અ.) એ હ. યુસુફને ફરમાવ્યું કે ખેર તમે પત્ર તો ન લખી શકયા તે જાણ્યું પણુ હવે મને જણાવો કે તમારા ભાંઇઓ તમને મારી પાસેથી લઇ ગયા પછી તમને શુ શું તકલીફો આપી હતી ?

પીતાના એ શબ્દો સાંભળી હ. યુસુફ (અ.) ખામોશ રહયા, કારણ કે, તેમણે વીચાર કર્યો કે કોઇના એબ ઢાંકવામાં ખુદા રાજી છે; ખુદ ખુદા પણુ લોકોના એબો ઉપર પડદો નાખે છે. આવા ખ્યાલથી ભાઇઓના એબ ઉપર પડદો નાખવા ખાતર તેમણે ચુપકીદી ધારણુ કરી.

હ. યુસુફ (અ.)ના ભાઇઓ પોતાના ભાઇની આવી રહેમદીલી નીહાળી, અચરજ પામ્યા અને બધા ભાઇઓએ પોતાના પીતાની નજીક તખ્ત પાસે જઇ અરજ કરી કે, ઓ પીતા ! અમે ગુનેગાર છીએ, માટે અમારા ગુના ખુદા-તઆલાની હુઝુરમાં બક્ષાવી આપો. આ સાંભળી હ. યાકુબ (અ)એ વીચાર્યું કે

મારા ફરઝંદોએ યુસુફનો ગુનો કર્યો છે માટે તે બક્ષી આપવા રાજી છે કે નહી તે જાણવું જોઇએ; એથી હઝરતે પોતાના પુત્રોને કહ્યું કે હું ખુદા પાસે તમારા માટે પરોઢીયે તુરના સમયે દુઆ માંગીશ, કારણ કે એ વખતે ખુદાની દરબારમાં ખાસ કરીને દુઆઓ કબુલ થાય છે. ત્યાર બાદ એકાંતમાં આપે હ. યુસુફ (અ.)ને ફરમાવ્યું કે, તમે તમારા ભાઇઓ ઉપર ખુશ છો યા નહી? હ. યુસુફ (અ.)એ કહ્યું કે હું તેમના ઉપર અંતઃકરણપુર્વક ખુશ છું. આ સાંભળ્યા પછી ખુદાની દરબારમાં હ. યાકુબ (અ.)એ પોતાના ફરજંદોના ગુનાની માફી બક્ષવા દુઆ ગુજારી.

બીજા દીવસે મીસરની પ્રજાના મોટા ભાગનો સમુહ હ. યાકુબ (અ.)ની મુલાકાતનું માન મેળવવા નજરાણા સહીત આપના નીવાસસ્થાને ઉમટી પડયો. ખુદ મલીક રહયાન પણ આ પ્રસંગે પધાર્યા. તેમના ઉપર હઝરત માટે ઘણી સારી છાપ પડી હતી, એટલુંજ નહી પણ હઝરતની મહોબ્બત અને હીદાયતથી તેઓ ખુદાતઆલા ઉપર ઇમાન લાવ્યા હતા અને રઇયતનો મોટો ભાગ પણ એક જ ખુદાને માનવા લાગ્યો હતો.

જેનેસીસના ૪૧માં પ્રકરણ ઉપરથી જણાય છે કે, સુકાળના વરસો દરમ્યાન હ. યુસુફ (અ.)એ 'ઓન' નામના શહેરના વડા ધર્મગુરૂની બેટી 'એસનાથ' સાથે શાદી કરી હતી, જેના પેટે 'મનશશા' તેમજ 'અફ્રાયમ' નામના બે પુત્રો જન્મ્યા હતા.

હ. યુસુફ (અ.)ના બે ફરઝંદોમાં 'અફ્રાયમ' તેમના ભાઇ 'મનશશા' કરતાં વયમાં નાના હોવા છતાં, હ. યાકુબ (અ.)એ અફ્રાયમને મોટાઇ આપી હતી. હ. યાકુબ (અ.)એ મીસરમાં વસવાટ કર્યા પછી લગભગ ૧૭ વર્ષ પર્યંત હઇયાતી ભોગવી ઇ. સ. પુર્વે ૧૬૯૦માં મીસર ખાતે વફાત પામ્યા હતા. જેમને તેમના વસીહત મુજબ બૈતુલમુકદસમાં હ. ઇબ્રાહીમ (અ.) તથા હ. ઇસહાક (અ.)ની નજદીક દફન કરવામાં આવ્યા હતા. હ. યુસુફ (અ.) પીતાની દફન ક્રીયા વખતે બૈતુલમુકદસ ગયા હતા અને ત્યાંથી આવ્યા બાદ તેઓ તથા તેમના ભાઇઓ મીસરમાં રહેવા લાગ્યા હતા.

'કસસુલ-અંબીયા'ના જણાવ્યા પ્રમાણે હ. યાકુબ (અ.)ના દરેક ફરજંદોએ પયગમ્બર તરીકે કાર્ય કર્યું હતું, તેથી તેઓ હ. મુસા (અ.)ના જમાના સુધી ૧૨ કૌમ અને બની ઇસરાઇલ તરીકે ઓળખાતા હતા. હ. યાકુબ (અ.)ની વફાત પછી હ. યુસુફ (અ.)ને પયગમ્બરી મળી હતી.

હ. યુસુફ (અ.)એ પોતાના પીતા હ. યાકુબ (અ.)ની વફાત બાદ ૨૪ વર્ષ

સુધી પયગમ્બરી ભોગવી, ૧૧૦ વર્ષની વયે વફાત પામ્યા હતા, અને ત્યાંજ તેમને દફન કરવામાં આવ્યા હતા.

## હઝરત અય્યુબ અલેહિસ્સલામ

હ. અય્યુબ પયગમ્બર હ. ઇબ્રાહીમ (અ.) ના ફરઝંદ ઇશના વંશમાંથી પાંચમી પેઢીએ ઉતરી આવ્યા હતા. તેમણે પેલેસ્ટાઇનમાં 'ગલીલી' સરોવરના પુર્વ કીનારે આવેલા 'ઉઝા' શહેરમાં પોતાનું રહેઠાણ રાખ્યું હતું. ખ્રિસ્તી માન્યતા મુજબ હ. અય્યુબ નબી ઇ. સ. પુર્વે ૧૫૨૦ વર્ષ અગાઉ થઇ ગયા છે. કુરાને શરીફમાં પણ હ. અય્યુબ નબી વીષે સુરત અન્નીસા, સુરત અલ અનામ, સુરત અલ અંબિયા અને સુરતશ સ્વાદમાં વર્ણન જોવામાં આવે છે. હઝરત ઉપર અનેક કષ્ટો પડવા ઉપરાંત ખરાબ બીમારી આવી હતી કે જેને તેમણે કુદરતી બક્ષીશ માની સબુરી સાથે સહન કરી હતી, અને દિનપ્રતીદિન અલ્લાહની યાદ અને ઇબાદતમાં ઘણાજ મશગુલ રહયાં હતા, એથી આપને "સાબિર" (યાને સબર કરવાવાળા) પયગમ્બર તરીકે પણ સંબોધવામાં આવે છે.

"કસસુલ અંબિયા" ના જણાવ્યા પ્રમાણે હ. અય્યુબ પયગમ્બરને ચાર ઓરતો હતી, જેમાં "બીબી રહીમા" ઘણુંજ વફાદાર અને નેક સ્ત્રી હતા. બીજી કેટલીક તવારીખમાં હ. યુસુફ (અ.) ના ફરજંદ "એફ્રેમ" ની દીકરી "લૈયા" સાથે પણ આપે શાદી કરી હોવાનો ઉલ્લેખ મળી આવે છે. આ સગપણે હ. યુસુફ (અ) ના ફરજંદ "એફ્રેમ" ના તેઓ જમાઇ થતાં હતા.

હ. અય્યુબ (અ.) જ્યાં સુધી બીમારીની વેદનામાં હતા, ત્યાં સુધી નબી હતા અને બીમારીથી મુક્ત થયાં પછી મુરસલીન બન્યા હતા.

હ. અય્યુબ (અ.) ને ખુદાતઆલાએ પુષ્કળ માલ—અસબાબ અને અસંખ્ય જાનવરો આપ્યા હતા. બાયબલમાં હ. અય્યુબ (અ.) નું એક પ્રકરણ છે તે ઉપરથી જણાય છે કે, તેમને ચાર પુત્રો તથા ત્રણ પુત્રીઓ હતી. એ ઝમાનામાં પુર્વના લોકોમાં તેઓ સૌથી મહાન પુરૂષ હતા.

હ. અય્યુબ (અ.) અઢળક સંપતિના માલીક હોવા છતાં, તેઓ હંમેશા અલ્લાહની બંદગીમાં મશગુલ રહેતા હતા. તેમની ઇબાદત તથા ઇલાહી જીકર જોઇને ફીરસ્તાઓ પણ તાજુબ થતા હતા. એક દીવસ ફીરસ્તાઓએ ખુદાવંદ બારીતઆલાની હુઝુરમાં અરજ કરી કે, ખુદા યા! અય્યુબને માલ, ધનદોલત

અને ફરજંદો તેમજ ખુબ સુખચેન આપ્યું હોવાથીજ તે તારી બંદગી કરે છે. ખુદાવંદતઆલાએ ફરમાવ્યું કે તેમ નથી, તેની બંદગી એ માટે નથી પણ તેની ઇબાદત મારા ખાતરજ છે; બલ્કે ફકીરી હાલતમાં પણ તે મારા ખાતર આનાથીએ વિશેષ બંદગી કરશે.

એક રીવાયત છે કે, હ. અય્યુબ (અ.) ને ખુદાતઆલાએ ફરમાવ્યું કે તું મારાથી શું ચહાય છે? તંદુરસ્તી સાથે સુખભર્યું જીવન કે દુઃખ ભરપુર બલામય જીવન?

હ. અય્યુબ (અ.) એ અરજ કરી કે યા મારા માલીક! હું તારાથી આરામ અને તંદુરસ્તીનાં બદલે દુઃખભરી યાતનાઓ ચહાઉં છું કે જેથી હું વધુ ને વધુ તારી ઇબાદત કરી શકું.

બસ હઝરતની ઇચ્છા મુજબ તેમનાં ઉપર બીમારીએ ગલબો કર્યો, અને તે પછી ક્રમશઃ તેમનાં ઉપર આફતો અને બલાઓ આવવાની શરૂઆત થઇ.

સૌથી પ્રથમ તેમનાં માલ અસબાબ ઉપર મુસીબતો તુટી પડી, જેથી બકરા, હાથી, ઘોડા, ઉંટો, ગાય, બેલ વિગેરે જાનવરો રોગમાં સપડાઇ મરણ પામ્યા. રખેવાળોએ તેમની પાસે આવી જણાવ્યું કે હઝરત આપનાં તમામ જાનવરો બીમારીથી મરણ પામ્યા છે અને એક પણ જાનવર બચ્યું નથી. હઝરતે ફરમાવ્યું કે, જેવી ખુદાતઆલાની મરજી! તેમાં હું શું કરી શકું? તેનો માલ હતો એટલે તેણે લઇ લીધો. એટલું કહી હઝરત ખુદાનાં શુક્રના અદા કરી ઇબાદત કરવામાં મશગુલ થઇ ગયા.

ત્યારબાદ તેમનાં માલ અસબાબમાં ભયંકર આગ લાગી જેથી સઘળું બળીને ખાખ થઇ ગયું. એ સમયે પણ હ. અય્યુબ અલ્લાહની બંદગીમાં તલ્લીન હતા. લોકોએ દોડતાં આવી આપને કહ્યું કે તમે આ શું કરી રહયાં છો? તમારી તમામ માલ–મીલકત બળીને રાખ થઇ ગઇ છે, કંઇ પણ બચ્યું નથી. હઝરતે જવાબ આપ્યો કે સુખર છે તે અલ્લાહનાં કે હજી મારી જાન તો બાકી છે જે ફકત મારા માટે બહેતર માલ છે.

હજી કેમ જાણે દુઃખની યાતનાઓ અપુરતી હોય તેમ, બીજા દીવસે એવો એક વધુ હૃદયદ્રાવક બનાવ બન્યો કે, હ. અય્યુબ (અ.)નાં સાત પુત્ર પુત્રીઓ ભણવા માટે મકતબમાં ગયા હતા, મૌલવી સાહેબ ગેરહાજર હતા. મૌલવી સાહેબ પોતાનું બહારનું

કામ પતાવી આવીને જુએ છે તો મકતબના છતની હેઠળ સઘળા બાળકો દબાઇને મરી ગયા હતા. આની જાણ કરવા મૌલવી હઝરત પાસે દોડતા આવી બનેલી હકીકત કહી સંભળાવી. હકીકત સાંભળી આપે ફરમાવ્યું કે એ બધા શહીદના દરજ્જે પહોંચ્યા. એ બાદ હઝરતે એની જાણ પોતાની બીબીઓને કરી. બીબીઓ રડવા લાગી, હઝરતે તેમને આશ્વાસન આપ્યું અને ફરમાવ્યું કે "અસ સબરો મફતાહુલ ફરજે" યાને સબર એ શાંતિની કુચી છે.

દુઃખ આવે છે ત્યારે ચારે બાજુથી તુટી પડે છે, તે મુજબ હ. અય્યુબ (અ.) એક વખત નમાઝ અદા કરી રહયા હતા, એવામાં તેમના આખા શરીરમાં માથાથી તે પગના તળીયા સુધી ફોલ્લા ઉપસી આવ્યા. કેટલીક મુદત પછી શરીરનું માંસ સડવા લાગ્યું, જેને લીધે શરીરમાં કીડા પડયા, જેની અસહય વેદના હોવા છતાં પણ ઇબાદતમાં રહેજ પણ સુસ્તી કર્યા વગર આપ અલ્લાહના નામનું રટણ પ્રતીદીન વધુને વધુ કરવા લાગ્યા; જો કે બીમારીની વેદનાને લીધે ઉઠવું બેસવું બહુજ મુશ્કીલ બની ગયું હતું, છતાં પણ તકલીફની રહેજ પણ પરવા કર્યા વીના અહરનીશ ખુદાતઆલાની ઇબાદતમાં આપ મશગુલ રહેવા લાગ્યા.

કીડાઓ પડવાને લીધે હઝરતનું માંસ સડી જવાથી તેમનું શરીર દુર્ગંધ મારવા લાગ્યું, એથી મહોલ્લાવાળા, આડોશી પાડોશી ઉપરાંત સગાસંબંધીઓ પણ તેમનાથી મોઢુ ફેરવવા લાગ્યા. પરીણામ એ આવ્યું કે, સઘળાઓએ તેમનાથી પોતાનો સંબંધ તોડી નાંખ્યો. એટલેથી જ હદ ન આવી પણ હઝરતની ચાર બીબીઓમાંથી બીબી રહીમા સીવાયની ત્રણ બીબીઓ પણ હઝરતને એવી દુઃખી હાલતમાંજ મુકી પોતાના પીયરીયે ચાલી ગઇ. માત્ર વફાદાર બીબી રહીમા જ તેમના સાચા સંગાથી તરીકે તેમની સાથે રહી પત્નીની સેવા અંતઃકરણપુર્વક કરવા લાગી.

હઝરતે જોયું કે પાડોશીઓ ઉપરાંત સગાસંબંધીઓ અને ત્રણ બીબીઓ પણ પોતાને તજી ગઇ છે, ત્યારે આપે બીબી રહીમાને ફરમાવ્યું કે તું મારા સાથે રહી દુઃખી શા માટે થાય છે? બહેતર છે કે તું પણ તારા પીયરીયે ચાલી, જા, હું તને ખુશીથી રજા આપું છું.

આ સાંભળી રહીમા બીબીએ કહયું કે એ કેમ બને? સુખમાં હું તમારી સાથે રહી, ખાધું પીધું અને મોજ માણી અને હવે જયારે આપની ઉપર તકલીફ આવી પડી છે, ત્યારે તમારા દુઃખમાં હું ભાગ ન લઉં તો બીજું કોણ લે? હું તમારીજ સાથે દુઃખે–દુઃખી રહી સેવા અને ખીઝમત કરીશ અને તેમાંજ હું મારૂં અહોભાગ્ય માનીશ.

હદીસમાં જણુવ્યું છે કે, હ. અય્યુબ (અ.)ને ૧૮ વર્ષ સુધી બીમારી રહી હતી બીમારી દરમ્યાન આખા શરીરમાં અસંખ્ય કીડા પડી માંસનું ભક્ષણુ કરવા લાગ્યા હતા, જેને લીધે શરીરમાંથી સહન ન થઇ શકે તેવી દુર્ગંધ ફેલાવા લાગી હતી અને તેથી પાડોશી અને મહોલ્લાવાળાઓ બેચેન બની અરસપરસ કહેતા હતા કે, જો એમની બીમારીનો ચેપ આપણુને લાગશે તો આપણે પણુ તેમાં સપડાઇ વગર મોતે મરી જશું. આ પ્રમાણે ગામ લોકોએ પોતામાં સલાહ કરી બીબી રહીમાને તેની જાણુ કરી અને હઝરતને કયાંક દુરની જગ્યાએ લઇ જવા સુચના કરી.

ગામ લોકોની એ મુજબની ફરીયાદ અને ઇચ્છા જાણી બીબી રહીમા તથા તેમના બે ચેલાઓ જેઓ હઝરતને હમણા સુધી સાથ આપી રહયા હતા, તેઓએ હ અય્યુબને એક ગુણુપાટમાં વીંટાળી બીજે ગામ લઇ ગયા. એ ગામના લોકોએ પણુ એવી અસહય દુર્ગંધને લીધે તેમને બીજે કયાંક લઇ જવાનું તેમને સુચન કર્યું. આવી રીતે હઝરતને સાત ગામમાં ફેરવવામાં આવ્યા, પણુ કોઇએ તેમને આશ્રય આપ્યો નહી. હવે શું કરવું અને કયાં જવું, આ પક્ષ બીબી તથા ચેલાઓને મુંઝવી રહયો હતો. કારણુકે હવે કોઇ પણુ ગામમાં આસરો મળવાની તેમને કોઇ ઉમ્મીદ રહી નહોતી. છેવટે હઝરતને ગામથી દુર લઇ જઇ એક ઝાડના છાંયામાં લાવી મુકયા, છેવટે સાથ આપનાર ચેલાઓની રહીસહી ધીરજ પણુ ખુટી ગઇ અને બંને ચેલા કંટાળીને હઝરતને છોડી ચલ્યા ગયા હવે રહયા માત્ર બીબી રહીમા કે જેવણુ પતીવ્રતા ધર્મને બરાબર સમજતા હતા. તેવણુ વફાદારીપુર્વક હઝરતની ખીઝમત કરવા લાગ્યા. આવી અસહય હાલતમાં પણુ હ. અય્યુબ (અ.) ખુદાના શુક્રાના બજાવી લાવી દીનપ્રતીદીન વધુ ને વધુ ઇબાદત કરતા હતા અને બારીતઆલાની હુઝુરમાં અરજ સાથે કહેતા હતા કે, ખુદા યા! તારા સીવાય મારૂં કોઇ નથી, ખરો મદદગાર તુંજ એક અલ્લાહ છે.

જીવીત ઇન્સાનને શરીર ટકાવી રાખવા ભરણુપોષણુની આવશ્યકતા રહે છે અને તે મેળવવું એ તેના અનેક કર્તવ્યોમાંનું એક મુખ્ય કર્તવ્ય હોય છે, તે મુજબ બીબી રહીમાં હઝરતને માનવવીહોણા મેદાનમાં એકલા મુકી રોજ સવારના પાસેના ગામમાં મજુરી માટે જતાં અને તેમાંથી જે કંઇ ખોરાક મેળવતા તે સાંજે લાવી હઝરતને ખવડાવતા અને તેમની ખીઝમતમાં મશગુલ રહેતા.

બનાવકાળ બન્યા જ કરે છે, ધુપ છાંયના ચક્રો ફર્યા જ કરે છે. એક દીવસ એવું બન્યું કે બીબી રહીમાને સવારથી સાંજ સુધી ગામના મહોલ્લાઓમાં

ફર્યા છતાં કયાંય પણ મજુરીનું કામ મળ્યું નહી. છેવટે સુર્ય અસ્ત થવાની અણી ઉપર હતો ત્યારે નીરાશા સહીત બીબી મનોગત કહેવા લાગ્યા કે, આજે મારા પતીને હું શું ખવડાવીશ ? ખુદા યા ! મને તું કયાંયથી પણ કંઇક આપ. ખુદા પાસે આવી રીતે વીનંતી કરતા કરતા એક સ્ત્રીના દ્વારે તેઓ જઇ ચડયા. એ એક દુષ્ટ સ્ત્રી હતી. બીબીએ તેને કહયું કે આજે અમને ખાવા માટે કંઇપણ નથી, કામ પણ મળ્યું નથી, માટે ઉછીનું કંઇક મને આપો તો હું આવતી કાલે મજુરી મેળવી તમને પાછું આપી દઇશ. બીબીની હકીકત સાંભળી પેલી સ્ત્રીએ કહયું કે કાલની વાત તે વળી કેવી ? મને તારા માથાના વાળ બહુ પસંદ છે માટે જો તું તે મને કાપી આપે તો તેના બદલામાં હું તને ખોરાક આપું. આ સાંભળી બીબી રડી પડયા અને રડતા કહયું કે, તમે તે માટે મને ક્ષમા કરો, કારણ કે મારા પતી બીમાર છે, ઘણા અશકત છે અને તેઓ નમાઝ માટે લાકડીના ટેકાના બદલે મારા વાળની લટો પકડી તેની સહાય વડે જ ઉઠી બેસી શકે છે અને ઉભા ઉભા અલ્લાહની બંદગી અદા કરે છે બીબીની આવી ઘણી ઘણી વીનવણીઓ છતાં તે દુષ્ટ સ્ત્રી એક ટળી બીજી ન થઇ અને તેના દિલમાં દયાનો છાંટો પણ આવ્યો નહી. અંતે બીબી રહીમા હતાશ અને લાચાર બની ગયા અને પતી માટે ખોરાક મેળવવા પોતાના માથાના વાળ કાપી આપી ખોરાક લઇ પોતાને સ્થાને જવા રવાના થયા.

બીબી હજી માર્ગમાં જ હતા, તે દરમ્યાન શયતાન મલઉને પીરમર્દના રૂપમાં હ. અય્યુબ (અ) પાસે જઇને કહયું કે તમારી સ્ત્રીને ચોરીના ગુનાસર એક સ્ત્રીએ પકડી તેના માથા ઉપરના વાળ કાપી લીધા છે. આ સાંભળી હઝરત ઘણાં જ ખીન્ન થયા અને ગુસ્સામાં સોગંદ લઇ મનોગત કહયું કે, હું આ બીમારીથી મુકત થયા પછી શીક્ષા તરીકે તેને એકસો લાકડીઓ મારીશ

એક બીજી રીવાયતમાં વળી એમ જણાવેલું છે કે, બીબી રહીમા હઝરત માટે ખાણું લઇ આવતા હતા, ત્યારે રસ્તામાં તેમને માણસ સ્વરૂપમાં શયતાનનો ભેટો થયો. તેણે બીબીને કહયું કે તમારા પતીની બીમારી માટે હું તમને એક દવા બતાવું છું. જો તેઓ ડુકરનું માંસ અને દારૂનો ઉપયોગ કરે તો તેમને ફરી સંપુર્ણ તંદુરસ્તી હાંસલ થાય અને સઘળી બીમારી જતી રહે. ત્યારબાદ બીબી પોતાને મુકામે આવ્યા અને હઝરતને ખાણું ખવરાવી પોતે રસ્તામાં સાંભળેલી હકીકત કહી સંભળાવી. એ સાંભળી હઝરત આવેશમાં આવી ગયા અને સોગંદ સાથે ફરમાવ્યું કે, હું જ્યારે સાજો થઇશ ત્યારે તમને આની શીક્ષા તરીકે સો લાકડીઓ મારીશ.

એક દીવસ હ. અય્યુબ રડવા લાગ્યા, કારણકે તેમના બે મીત્રો કદી કદી તેમની પુછપરછ કરવા આવતા હતા. તેમણે એક વખત હઝરતને કહયું કે તમે કાંઇક ગુના કર્યા હશે તેની શીક્ષા તરીકે તમે આ બીમારી ભોગવી રહયા છો. એ સાંભળી આપને ઘણુંજ દુઃખ લાગ્યું અને આંખમાં આંસુ લાવી આપે અલ્લાહની દરબારમાં અરજ ગુજારતા કહયું કે, યા...રબ્બુલ આલમીન...તું મારા ગુના વીષે બહેતર જાણે છે.

બીજી એક રીવાયતમાં હઝરતના રડવાનું કારણ એવું જણાવ્યું છે કે, તેમના આખા શરીરમાં અનેક ઝખ્મો પડયા હતા અને તેમાં કીડાઓ પડી ગયા હતા, જેમાંથી બે કીડાઓને હઝરતે નીચે પડી જતાં જોયા. ખુદાતઆલાએ તેમને પોતાનું માંસ ખાવા માટેજ મોકલ્યા છે એમ સમજી આપે તેને ઉપાડી પોતાના શરીરનાં જખમ ઉપર પાછા મુકયા. મુકતાની સાથેજ કીડાઓએ તેમને એવા જોરથી ચટકો ભર્યો કે ૧૮ વર્ષની બીમારીમાં કયારે પણ ન અનુભવેલી વેદના આપને થવા લાગી, તેથી રડી પડયાં અને ઇલાહી દરબારમાં અરજ કરતાં આપે કહયું કે, ખુદા યા! હું દર્દથી ખુબ પીડાઇ રહયો છું, મારા માટે તુંજ મહેરબાન છે.

તે ઉપરથી ખુદાતઆલાએ હ. જીબ્રાઇલને મોકલી જણાવ્યું કે, અય અય્યુબ! તમેજ સુખ, આરામનાં બદલે દર્દ અને બલા માગી હતી. જે કોઇ જેવું ખુદાતઆલા પાસેથી માગે છે તેવુંજ તેને મળે છે. આ સાંભળી હ. અય્યુબ (અ.)એ અરજ ગુજારી કે ખુદા યા! તુંજ કૃપાળુ અને દયાળુ છે.

ત્યારબાદ ખુદાતઆલા તરફથી હ. જીબ્રાઇલ અમીને આવી હ. અય્યુબ (અ.) ને કહયું કે, અય અય્યુબ! તમારી સઘળી મુશીબતો અલ્લાહે દુર કરી છે માટે તમે તેનાં હુકમથી ઉભા થાઓ. હઝરતે ફરમાવ્યું કે હું દર્દમાં ગીરફતાર છું. મારી સર્વ શકિત જતી રહી છે હું કેમ કરી ઉભો થાઉં? જવાબમાં જીબ્રાઇલે કહયું: તમારા પગને જમીન ઉપર મારો એટલે એ જગ્યાએ "આબે શિફા" નો ઝરો ફુટશે એવું પાણી આપનાં માટે ખાસ પીવા અને ન્હાવા માટે છે. એ સાંભળી હ. અય્યુબ (અ) એ ઇલાહી ફરમાન અનુસાર જમીન ઉપર પગની ઠોકર મારતાંજ ત્યાં એક ઝરો ફુટી નીકળ્યો. આપે તેનું પાણી પીધું અને તેની અંદર સ્નાન પણ કર્યું. એમ કરવાથી તેમની સઘળી બીમારી જતી રહી અને હ. અય્યુબ પહેલાં જેવીજ તંદુરસ્ત હાલતમાં આવી ગયા. ત્યારબાદ હ. જીબ્રાઇલે બહેશતથી તેમનાં માટે એક ચાદર લાવી શરીર ઉપર ઓઢાડી દીધી, જે ઓઢી

હઝરત પાસેનાં પુલ ઉપર જઇને બેઠા.

થોડીક વાર થઇ એટલામાં બીબી રહીમા મજુરીથી મેળવેલું અનાજ લઇ પોતાને મુકામે આવ્યા. આવીને જુએ છે તો હઝરત દેખાણા નહીં. બીબી ચીંતામાં પડી ગયા અને પોતાનાં પતીને મેળવવા પુકારી પુકારી આહોઝારી સાથે રડવા લાગ્યા. હઝરતને શોધી કાઢવા તેમણે આખું મેદાન ખુંદી નાંખ્યું છતાં હઝરત તેમની નજરે પડયા નહીં.

પોતાની પત્નીની આવી કરૂણ હાલત જોઇ રહેલાં હ. અય્યુબ (અ.) એ અજાણ્યુ બની બીબીને ફરમાવ્યું કે તમે શા માટે રડો છો? તમારૂં શું ખોવાઇ ગયું છે? બીબીએ કહયું: અહીં એક બીમાર શખ્સ હતા, હું તેમને શોધી રહી છું. બીબીએ પોતાનાં પતીની કેટલીક નીશાનીઓ પણ કહી બતાવી.

એ ઉપરથી હઝરતે ફરમાવ્યું કે ગભરાઓ નહીં. મારૂં નામ અય્યુબ છે. થોડી વાર તો બીબી અચંબામાં ગરકાવ થઇ ગયા પણ પોતાના પતીને ઓળખી લેતાં ખુશ થઇને પુછયું કે તમે એકાએક કેવી રીતે તંદુરસ્ત થઇ ગયા? હઝરતે બનેલી સર્વ ઘટના કહી સંભળાવી અને "આબે શિફા" નો ઝરો તેમને દેખાડયો. આવો ચમત્કાર જોઇ બીબીએ અલ્લાહતાલાહનાં શુક્રાના અદા કર્યા.

ત્યારબાદ હ. અય્યુબ તથા બીબી રહીમા પોતાને વતને આવી પહોંચ્યા. ખુદાતઆલાએ જે જે નીયામતો તેમનાં પાસેથી લઇ લીધી હતી તેથી બમણી તેમને ઇનાયત કરી, પ્રથમ હતું તેવુંજ સુખ તેમને પાછું બક્ષ્યું.

હ. અય્યુબ (અ.) સુખ કે દુઃખ ગમે તે હાલતમાં અલ્લાહની યાદ કે ઇબાદતને ચુકયા નહોતાં, પણ બંદગીમાં વધુને વધુ મશગુલ રહેતા હતાં, અને હમેશાં તે માલીકના શુક્રાના અદા કરતાં હતા. ઉપરાંત પોતાની કોમને તોહીદની હીદાયત અને શીક્ષણ પણ આપતાં હતા.

હ. અય્યુબ (અ.) એ પોતાની બીમારી દરમ્યાન બીબીને સો લાકડી મારવાનાં સોગંદ ખાધા હતાં. આપને એ વાતનું સ્મરણ થતાં તેમણે ઇચ્છયું કે તે પોતાનાં અહદને પુરો કરે. તે દરમ્યાન ખુદાતઆલાનાં હુકમથી હ જીબ્રાઇલે આવી, તેમ કરવા મનાઇ કરતાં કહયું કે અય અય્યુબ! બીબી રહીમા સજાને પાત્ર નથી. હઝરતે ફરમાવ્યું કે મેં સોગંદ લઇ કહયું છે તેનું કેમ? ત્યારે જીબરાઇલે કહયું કે ઘઉંની સો ડાંખળીઓ એકઠી કરી, એક જ વખત મારવાથી સો લાકડીઓ મારવા બરા-

બર ગણાશે, અને તમારો અહદ પુરો થશે. તે મુજબ હઝરતે બીબીને સજા કરી પોતાની પ્રતીજ્ઞા પુરી કરી.

હ. અય્યુબ (અ) બીમારીથી મુકત થયા પછી ૪૮ વર્ષ સુધી પયગમ્બરી ભોગવી વફાત પામ્યા હતા.

## સિકંદર ઝુલકરનૈન

ઇસકંદર ઝુલકરનૈન માટે ભીન્નભીન્ન મતો મળી આવે છે. કેટલાક લોકો તેવણ પયગમ્બર હોવાનું અને કેટલાક નહી હોવાનું માને છે. અમુક ગ્રંથકારો જણાવે છે કે, પ્રથમ તેઓ બાદશાહ હતા અને તે પછી પયગમ્બર થયા હતા, આથી જુદો મત ધરાવનારા એવું માને છે કે, તેવણ પહેલા પયગમ્બર થયા હતા જે બાદ તેમને બાદશાહી મળી હતી.

સીકંદરને–ઇસકંદર એટલા ઉપરથી સંબોધવામાં આવે છે કે, તેમનો જન્મ ઇસકંદરીયા શહેરમાં થયો હતો.

કેટલાકો કરનૈનનો મતલબ એવો કરે છે કે, એક ઝમાના સુધી તેમણે પુર્વથી પશ્ચિમ સુધી બાદશાહી કરી હતી, બીજા ઉલ્લેખ પ્રમાણે તેઓએ પૃથ્વીના છેક બન્ને છેડાઓની આખરી દીશાઓ સુધી સવારીઓ કરી હતી. અથવા તેમના મુગટ ઉપર બે શીંગડા હતા, અથવા તેમના લમણા ઉપર શીંગડા જેવા વાળના બે ગુચ્છા હતા તે સીવાય કેટલાકો ૩૦ વર્ષ અથવા ૮૦ કીંવા ૧૦૦ કે ૧૨૦ વર્ષને કરન અથવા ઝમાના તરીકે ઓળખાવે છે.

અન્ય કેટલાક મતો પ્રમાણે ઝુલકરનૈનનો અર્થ બે શીંગડાવાળો પણ કર્યો છે.
ઘણા તફસીર લખનારાઓનો એવો મત છે કે, ઇસકંદર કે જે ઇરાન અને યુનાનના રાજા થઇ ગયા છે તેજ ઇસંકદર રૂમી પોતે જ હતા.

હ. મુહમ્મદ મુસ્તફા સ. અ. વ. ને અબુજહેલે જુના કીસ્સામાંથી પુછેલો આ એક સવાલ છે. અને એજ કારણસર કુરઆને શરીફ સુરતુલ કહફ આયાત ૮૩–૮૪ માં ખુદાતઆલાએ ફરમાવ્યું છે કે: "અને તેઓ તને ઝુલકરનૈન વીષે પુછે છે. કહે કે હું તમારી પાસે તેને વીષે કંઇ વર્ણન જલદી વાંચીશ ખરેખર અમે તેને પૃથ્વીમાં સત્તા આપી અને અમે તેને દરેક ચીજનું સબબ (સાધન) આપ્યું."

'સબબ' નો અર્થ અહીં સાધનો થાય છે કે જેના વડે મનુષ્ય પોતાની ધારેલી ધારણાઓ પુરી કરી શકે. એમ પણ કહેવામાં આવ્યું છે કે સીકંદરને વાદળા ઉપર સત્તા ચલાવવાની શકિત બક્ષવામાં આવી હતી, જેને લીધે તેઓ જ્યાં ઇચ્છતા ત્યાં જઇ શકતા હતા. પ્રથમ તેમણે રૂમથી નીકળી મીસર પહોંચી ત્યાં યુધ્ધ કર્યું, ત્યારપછી હબશ જીતી લીધું; અને ત્યારબાદ પશ્ચિમ દીશા તરફ રવાના થયા હતા.

અન્ય અનેક રીવાયત પ્રમાણે, સીકંદર હબશથી રવાના થઇ પશ્ચિમ તરફના દેશમાં આવી પહોંચ્યા અને ખુદાતઆલાના હુકમ પ્રમાણે તેમણે ત્યાંના લોકોને સત્ય માર્ગની હીદાયત કરી, જેને મોટા ભાગના લોકો માન્ય રાખી ઇમાનદાર બન્યા. જેઓ ઇમાનદાર બન્યા તેમને સીકંદરે નવાજ્યા અને જેઓએ નસીહત નહી માની તેમનો તેમણે નાશ કર્યો. ત્યારબાદ તેજ દીશા તરફ સીકંદર પોતાના લશ્કર સાથે આગળ વધ્યા અને જે હદ સુર્યાસ્ત થવાની ગણાતી હતી, ત્યાં પહોંચતા તેમની નજરે એક શહેર પડયું. જે ચારે બાજુ દીવાલોની વચોવચ્ચ હતું. તે શહેરમાં દાખલ થવા તેમણે શકય તેટલા બધા પ્રયત્નો કર્યા પણ તેમાં તેઓ ફાવ્યા નહીં. છેવટે શહેરની અંદર પેસવા માટે તેમણે દીવાલોની ઉપર માણસો ચઢાવ્યા છતાં તેમાં પણ તેઓ ફાવ્યા નહી. દીવાલ પાછળ જે કોઇ જતું તેમાંથી કોઇ પણ પાછું ફરતું નહી. આથી તેમણે પોતાની હદ ત્યાં સુધીની નકકી કરી અને પાછા પુર્વ તરફ જવા બીજા સાધનોની ગોઠવણ કરી અને તુઝની કોમને આગળ રવાના કરી, નાસેકની કોમને પોતાની સાથે લઇ દક્ષીણ દીશા તરફ જઇ પહોંચ્યા અને ત્યાં હાવીલને કોમને વશ કરી. જે બાદ પુર્વ તરફ આવી પહોંચ્યા.

અહીં આવ્યા પછી એક મોટો ટાપુ તેમની દ્રષ્ટીએ પડયો. કીસ્તી કે વહાણની સહાય વગર ત્યાં જવું મુસ્કીલ હતું. શહેરમાં મોટા પ્રમાણમાં બાહોશ હકીમો વસતા હતા. તેઓને ઝુલકરનૈનના આવવાની જાણ થતાં સઘળા વહાણોને તે લોકોએ સંતાડી દીધા, કે જેથી તે ટાપુમાં આવી શકે નહી.

સિકંદરને વહાણના સાધન વગર કેમ પહોંચવું તે વીચાર થઇ પડયો, છતાં પણ હીકમત કરી લશ્કર સાથે તે ટાપુમાં જઇ પહોંચ્યા.

ટાપુના લોકો સિકંદરની લોભ લાલસાથી અજાણ નહોતા. તેઓ જાણતા હતા કે તેને ઝર-ઝવેરાતની અપાર ભુખ છે અને તેને લીધે તેણે કેટલાક મુલકો ઉપર ચઢાઇ કરી તેમને હરાવી અનેક મુલકો હસ્તગત કર્યા છે. ટાપુના લોકો

સિકંદરની વીપુળ તાકાતથી પણ પુર્ણું પરીચીત હતા, તેથી કળ સાથે કામ લેવાનું નક્કી કરી, તેમને દઆવત આપવાનું સૌએ સાથે મળી નક્કી કર્યું, કારણ કે આવેલા પરોણાનું સ્વાગત કરવું એ ગામ લોકોની ફરજ હોઇ, ગામ લોકોએ મળી સિકંદરને ખાણાની દઆવત આપી, જેને તેમણે કબુલ રાખી. પછી જયારે બપોરના ખાણાનો સમય થયો ત્યારે એક માટીના થાળામાં ટાપુ નીવાસીઓએ ઝવેરાત ગોઠવી તેની ઉપર કપડું ઢાંકી તેની સમક્ષ મુકયું.

સિકંદરે ખાણું લેવા માટે થાળ ઉપરનું કપડું ખસેડતાં જ તેમની દ્રષ્ટીએ ખોરાકને બદલે ઝવેરાત નજરે પડયું. આપે ફરમાવ્યું કે આ અમારો ખોરાક નથી.

ગામ લોકોએ અરજ કરતાં કહયું કે. આપ નામવર એટલા જ માટે તો અહીં સુધી તકલીફ ઉઠાવી આવ્યા છો, વળી તમારો મકસદ પણ એજ મેળવવાનો છે ને? આ સીવાય અમારા પાસે તમે બીજી શી આશા રાખો છો?

આ વાતચીત ઉપરથી સિકંદર ગામ લોકોની દાનાઇ સમજી જઇ ત્યાંથી હીન્દ તરફ આવ્યા, અને હીન્દથી પુર્વ દીશા ભણી કે જયાં સુર્યોદય થાય છે તે મુલ્કો તરફ જઇ પહોંચ્યા.

અહીં આવ્યા પછી તેમણે લોકોને ખુલા મેદાનમાં વસવાટ કરતાં જોયા. કારણકે એ મુલ્કની જમીન ઘણી જ પોચી અને પોકળ હોવાથી ઘર બાંધી શકાતા નહોતા. ખેતી પણ થતી નહોતી. જયાં જમીનની આવી દશા હોય ત્યાં રૂ જેવા પાકની આશા કેમ રખાય? એટલે એ મુલ્કના સ્ત્રી—પુરૂષો જનાવર જેવી નગ્ન હાલતમાં રહેતા હતા. રાત્રે જયારે સખ્ત ટાઢ અને ઠંડો પવન સુસવાટા મારતો ત્યારે તેઓ ઠંડીથી હેરાન થતાં અને દીવસે જયારે સુર્ય નીકળતો ત્યારે તાપથી શાંતી મેળવતા. સિકંદરે તેમની આવી દશા જોઇ ત્યાંથી તેજ દીશામાં આગળ વધી દીવાલની આડ સમા બે મોટા પર્વતો પાસે જઇ પહોંચ્યા. અહીં હકીમો અને જાહેદ તરીકે ઓળખાતા ઘણા લોકો તેમની નજરે પડયા. તે લોકોને સિકંદરે નસીહત કરી અને ખુદાતઆલા તરફની હીદાયત આપી ઇમાનદાર બનાવ્યા.

'કસસુલ-અંબીયા' ના જણાવ્યા મુજબ એ પહાડોની પાછળ પુષ્કળ લોકો વસી રહયા હતા. જેઓ યાજુજ માજુજની કોમ તરીકે ઓળખાત હતા. લખે છે કે યાજુજ એ બન્ને ભાઇઓ યાસીફ બીન નુહ (અ.) ની ઔલાદમાંથી હતા, કે જેઓ હ. નુહ (અ) ના સમયમાં થયેલા મહાન તુફાન પછી જ ત્યાં રહી

ગયા હતા. અને ત્યાંજ એમની ઓલાદ વધવા પામી હતી. તેમની ભાષા બીજું કોઇ સમજી શકતું નહોતું. તે કોમ ઘણીજ બળવાન તેમજ પ્રચંડ દેહધારી હતી. ઘણી વખત તે લોકો પહાડોમાંથી બહાર નીકળી આવી હકીમો અને જાહેદો ઉપર જુલ્મ ગુજારવા પણ ચુકતાં નહી. તેઓ જેને જોતાં તેને મારી નાંખતા. ખેતીની પેદાશ લુંટી લેતાં, તેમજ જાનવરોને મારીને ખાઇ જતાં. તેમનો સામનો કે મુકાબલો કોઇ કરી શકતું નહી.

આથી હકીમો અને જાહેદોએ પોતા ઉપર ગુજરતી મુશીબતો સિકંદર સમક્ષ વર્ણવતા જણાવ્યું કે અમે યાજુજ માજુજની કોમના જુલમથી પરેશાન બની ગયા છીએ અને અહીં વસવાટ કરવાનું અમારા માટે અસહ્ય થઇ પડયું છે. તે લોકો આ જમીન ઉપર માત્ર ફસાદ સીવાય બીજું કંઇ જાણતા નથી; માટે આપ અમારી અને તેઓ વચ્ચે એક એવી ઉંચી અને મજબુત દીવાલ બનાવી આપો કે જેને તેઓ ઓળંગી કે તોડી શકે નહી. અમારા ઉપર આપ આટલી કૃપા કરશો તો અમે આપના સદાના ઋણી બની રહેશું.

આ સાંભળી ઝુલકરનૈને તેમને કહ્યું કે અલબત મુશીબતોમાં મદદ કરવાવાળો તે માલીક મહાન છે કે જેણે મને શક્તિશાળી બનાવ્યો છે. છતાં તમે સઘળા મળી હીંમતથી મદદ કરો તો હું તે માલીકની સહાય વડે તમારી અને તેઓની વચ્ચોવચ્ચ દીવાલ ઉભી કરાવી આપું.

આ પ્રમાણેના વીચારને અમલમાં લાવવા, બન્ને કોમોના વસવાટ વચ્ચેની જગ્યા લોખંડનાં મોટા ભારે તખ્તાઓ ૭૨ માઇલની લંબાઇની હદ સુધી ઉભા કરી દેવામાં આવ્યા. તેની પહોળાઇ ૬ માઇલ જેટલી બનાવવામાં આવી, અને ઉંચાઇ ૭૦ ગજ ઉભી કરી દેવામાં આવી, વળી તેના ઉપર કોઇથી ચડી શકાય નહીં તે માટે તાંબાને પીગળાવી તેના રસથી તેને અખંડ મજબુત અને લપસણી કરી દેવામાં આવી. આ દિવાલને "સદ્દે–સિકંદરી" અથવા અન્ય કેટલાક મત પ્રમાણે "હદે–સિકંદરી" પણ કહેવામાં આવે છે.

૯. અલી (અ.) થી એક રીવાયત છે કે, યાજુજ માજુજ "સદ્દે સિકંદરી" તોડવા હમેશાં પ્રયત્નો કરે છે પણ તેઓ ખુદાનાં હુકમ વગર તેને તોડી શકશે નહીં. તે કોમ સવારથી સાંજ સુધી દીવાલને ચાટે છે અને ચાટી ચાટીને તેને ઇંડા ઉપરનાં પડ જેવી પાતળી બનાવી દે છે પણ દીવાલ થોડીક બાકી રહી જાય છે ત્યારે તેઓ એમ કહે છે કે આવતી કાલે તેને તોડી બહાર નીકળી જઇશું.

તેઓ 'ઇન્શાહઅલ્લાહોતઆલા' એ શબ્દ ઝબાનથી બોલતા નહીં હોવાથી, દીવાલને તોડી શકતા નથી. પણ જ્યારે કયામતનો દીવસ નજીક આવશે ત્યારે તે કોમમાં એક છોકરો પેદા થશે જે ઇમાનદાર અને સતપંથી હશે અને જ્યારે તે મોટો થશે ત્યારે તેઓ સઘળા તેની સાથે શામીલ થઇ 'બીસ્મીલ્લાહ' બોલી દીવાલને ચાટવાની શરૂઆત કરશે, અને કહેશે કે, 'ઇન્શાહઅલ્લાહ' આવતી કાલે બાકીની દીવાલ તોડી નાંખશું. તે વખતે ખુદાના હુકમથી 'સદદે સીકંદરી' તુટી જશે અને તે કોમ બહાર આવી આખા જગત ઉપર પથરાઇ જશે, અને જ્યારે 'ઇસરાફીલ' સુર ફુંકશે ત્યારે તેના પ્રચંડ અવાજથી આખું જગત મરણને શરણ થઇ જશે.

બાદ દીવાલનું કાર્ય પુર્ણ કરી સીકંદરે પુર્વ તરફ આગળ પ્રયાણ કરતા પહેલા સાથે લીધેલા ઉલમાં તથા હકીમોને પુછ્યું કે શું ઇન્સાન લા–મૌત યાને અમર પણ બની શકે છે?

એના જવાબમાં એક હકીમે કહ્યું કે જહાંપનાહ! ખુદાતઆલાએ કોહેકાફની અંદર એક અંધારી ઘોર ગુફામાં 'આબે હયાત' નો ચશ્મો પેદા કર્યો છે જેનું પાણી દુધથી વધારે સફેદ, મધથી અતીશય મીઠું અને અંબર કસ્તુરીથી વધારે સુગંધી છે. તે પાણી જે પીશે તે કયામત સુધી અમર જીવન જીવી શકશે.

આ હકીકત સાંભળી સીકંદરને 'આબે હયાત' પીવાનો શોખ થઇ આવ્યો, એટલે તેમણે ઉલમા, હકીમો અને લાખો પંથ કાપવા સુનંદા અરબી ઘોડાઓ તેમજ ખાવા માટેની પુષ્કળ સામગ્રી સાથે લેવા હુકમ કર્યો તેમજ પોતા પાસેનો એક 'લાલ' હ. ખીઝર (અ.) ને આપ્યો. એ લાલમાં એવી ખુબી હતી કે તેના ચમકારાથી ચારે બાજુ અજવાળું પથરાઇ જતું અને તારીકી ભર્યા કાળા અંધારામાં પણ રોશનાઇ પ્રગટી નીકળતી. આવી ભરપુર સાધન સામગ્રી સહીત સીકંદર રસાલા સાથે 'કોહે–કાફ' ભણી રવાના થયા.

લાંબી મંજલ કાપી તેઓ સઘળા 'કોહે–કાફ' આવી પહોંચ્યા. અને સૌએ સાથે મળી ગુફાની અંદર પ્રવેશ કર્યો; પણ માર્ગ ભુલી જવાથી એક વર્ષ પર્યંત તેઓ તેમાં ભટકતા રહયા. કાળ સંજોગે હ. ખીઝર (અ.) તેમનાથી છુટા પડી ગયા અને ઘોર અંધકારમાં જઇ ચઢયા. માર્ગની સુજ નહી પડવાથી તેમણે સીકંદરે આપેલા લાલનો ઉપયોગ કર્યો કે ત્યાં તેમની દ્રષ્ટીએ 'આબે હયાત' નો ચશ્મો નજરે પડયો. હ. ખીઝર (અ.) એ તેમાંથી પાણી પીધું જેથી તેમણે અમર પદ પ્રાપ્ત કર્યું અને પછી ત્યાંથી નીકળી તેઓ રસાલા સાથે આવી મળ્યા.

સીકંદર પણ "આબે હયાત" ની શોધ કરતાં પોતાના રસાલાથી વીખુટા પડી દુર નીકળી ગયા હતા, તે દરમ્યાન તેમણે અનેક તિલસમી દેખાવો અને મુરઘ નામના પક્ષીઓને જોયા.

રીવાયત છે કે, તેમાંથી એક મુરઘાએ સીકંદરને કહયું : તમે સામેના "બાલાખાના" તરફ જાઓ અને જુઓ કે ત્યાં શું છે? સીકંદર તે તરફ ગયા, તો તેમણે હ. ઇશરાફીલ ફીરસ્તાને મોઢામાં રણુશીંગડું પકડી એક પગે ઉભેલા જોયા.

સીકંદરને પોતાની પાસે આવેલા જોઇ હ. ઇશરાફીલે આપને પુછયું કે ઝુલકરનૈન અહીં અંધકારામાં શા માટે આવ્યા છો?

સીકંદરે જવાબ આપ્યો કે "આબે હયાત" પીવા માટે આવ્યો છું.

તે ઉપરથી હ. ઇશરાફીલે એક ગૌહર આપીને કહ્યું કે, આ ગૌહર લઇને ચાલ્યા જાઓ. અતિશય લોભ લાલચમાં પડો નહીં. ગૌહર લઇ સીકંદર "આબે હયાત" પીધા વીના રસાલા પાસે જઇ પહોંચ્યા.

ત્યારબાદ તેમનો રસાલો અન્ય એક અંધારી ગુફામાં જઇ ચડયો, જયાં તેમણે પાર વિનાના લાલ પત્થરો ચમકતા જોયા. લુકમાન કે જે સાથે હતો તેને સીકંદરે પુછયું કે આ શું ચીજ છે? જવાબમાં લુકમાને કહ્યું કે, એ એક જાતના પત્થરો છે તેને જે શખ્સ લેશે તે પસ્તાશે અને નહીં લેશે તે પણ પસ્તાશે.

લુકમાનની એવી હકીકત સાંભળી, કોઇએ તે ચમકતા પત્થરો લીધા અને કોઇએ ન લીધા. પછી જયારે રસાલો ગુફાની બહાર પ્રકાશમાં આવ્યો ત્યારે સૌને તે પત્થરો કીંમતી ઝવેરાત જેવા લાગવાથી નહીં લેનારાઓ ઘણાજ પસ્તાવામાં પડયા અને લેનારાઓ વધુ પ્રમાણમાં ન લેવા માટે પસ્તાવો કરવા લાગ્યા.
તે ઉપરથી સીકંદરે કહ્યું : લુકમાન એ તો કહો કે હ. ઇશરાફીલે મને ગોહર શા માટે આપ્યો હશે?

લુકમાને કહ્યું કે, તેનો ભેદ હમણાંજ ઉકેલાઇ જશે. આપ પોતાના ગૌહરને ત્રાજવાનાં એક પલ્લામાં રાખો, અને સાથીઓએ એકઠા કરેલા સઘળા પત્થરો બીજા પલ્લામાં મુકો અને જુઓ કે કયું પલ્લુ ભારી થાય છે!

તે પ્રમાણે કરતાં ઝુલકરનૈન વાળા ગૌહરનું પલ્લું નમી ગયું. એ ઉપરથી સીકંદરે ફરી પુછયું કે, આની મતલબ શું છે?

લુકમાને જવાબમાં કહ્યું કે, હવે સાથીઓના બધા પથ્થરો કાઢી તેની જગ્યાએ માત્ર એક મુઠી માટી મુકો. એ પ્રમાણે કરતાં ગૌહર તથા મુઠી માટીનું વજન સમતોલ થઇ ગયું.

આ જોઇ સીકંદરે ફરી લુકમાનને પુછયું કે, આનો ભેદ સમજાવો.

લુકમાને જવાબમાં કહ્યું કે, એનો ભેદ એ છે કે અલ્લાહતઆલાએ તમને અખુટ ધન, દૌલત, ઝર, ઝવેરાત અને બાદશાહી બક્ષેલ છે છતાં તેથી તમને સતોષ નથી. ખરી રીતે આપના માલ મીલકતની કીંમત એક મુઠી માટીથી સહેજ પણ વધારે નથી કારણ કે મૃત્યુ સમયે આપનું પેટ ઝર-ઝવેરાતથી નહીં પણ માત્ર માટીથીજ ભરાશે, આપે આ બાબત ભુલવી જોઇએ નહીં.

લુકમાનની આ નસિહતે સીકંદરના મગજમાં સચ્ચોટ અસર કરી અને તેના મનમાં પરીવર્તન થઇ ગયું. જગત અને બાદશાહી તેમને તુચ્છ ભાસવા લાગી. તરતજ પોતે રસાલા સહીત ત્યાંથી રવાના થઇ પોતાના મુલ્કમાં આવી પહોંચ્યા અને ત્યારબાદ હંમેશા અલ્લાહની ઇબાદતમાં મશગુલ રહેવા લાગ્યા.

સીકંદરે પોતાની માતાને વસીહત કરી કે મારા મૃત્યુ પછી આત્માની શાંતી અર્થે યતીમ-ગરીબ, મહોતાજો અને કેદીઓને ખવરાવવું, અને દૌલતમાંથી ખુદાના નામ ઉપર ખુબ ખયરાત કરવી.

ત્યારબાદ ટુંક મુદત જીવી સીકંદર આ ફાની જગતમાંથી વફાત પામ્યા. આથી તેમની માતા કકળી ઉઠી, ગમના સાગરમાં ગરકાવ થઇ ગઇ. પુત્ર વ્યોગમાં દિન-રાત રડવા લાગી, જે માતાની વય પરીપકવ હતી, જે અલ્લાહના દરબારમાં જવાના દીવસો ગણી રહી હતી, તે માતાની હૈયાતીમાંજ તેનો લખ્તેજીગર ઝુંટવાઇ ગયો હતો પણ અલ્લાહના દરબાર સામે, તેની ખુશી અને ઇચ્છા સામે, સબર અને ખામોશી ધારણ કરવા સીવાય બીજું શું થઇ શકે? છેવટે સબર અખત્યાર કરી સિકંદરની માતાએ પોતાના પુત્રની પાછળ અખુટ ધન, દૌલત ખયરાત કરી દીધી.

## હ. શોએબ અલૈહિસ્સલામ

હ. ઇબ્રાહીમ નબીએ કેતુરાહ સાથે શાદી કરી હતી; કેતુરાહથી હ. ઇબ્રાહીમ નબીને ઝીમરાન, યોકશાન, મદન, મીદીયન, ઇશબક અને શુહા નામના ફરજંદો થયા હતા.

બીજી એક તવારીખ અનુસાર, મીદી અને લુત નબીની બેટી સાથે પણ તેમણે શાદી કરી હતી અને ત્યારબાદ તે, સીનાન પહાડોની દક્ષીણ-પુર્વે રાતા સમુદ્રના કીનારા ઉપર સુએઝ કેનાલની દક્ષીણ પુર્વ તરફ જઈ વસ્યા હતા. મીદીઅન કબીલાની સંખ્યા ઘણી વધવાથી તેઓનું ગામ મીદીઅનના નામથી ઓળખાવા લાગ્યું. હ. શોએબ (અ.), હ. ઇસહાક (અ.) ની ઔલાદમાંથી હોવાનું પણ મળી આવે છે.

'કસસુલ અંબિયા' ના જણાવ્યા મુજબ હ. શોએબ (અ.) હ. સાલેહ પયગમ્બરની ઓલાદમાંથી હતા.

હ. શોએબ (અ.) ની કોમ 'મદયન' વંશમાંથી ઉતરી આવેલી હોવાથી તેમને 'મદયન લોકો' તરીકે ઓળખવામાં આવે છે.

હ. લુત (અ) ની કોમ ઉપર, તેમજ 'મદયન' શહેર ઉપર ત્યાંની પ્રજાને હ. શોએબ (અ.) ને હીદાયત કરવા ખુદાતઆલાએ મોકલ્યા હતા કે જયારે અત્યાચાર, બેઇમાની અને નાફરમાનીની તેઓ હદ કુદાવી ગયા હતા અને બેદરકારીથી રાત્રે અને બપોરે આરામ કરતાં હતા; ઉપરાંત તોલ માપમાં પણ ઘણી જ બેઇમાની કરતા હતા. તેઓ બે જાતના તોલ રાખતા હતા. એક મોટો અને એક નાનો. મોટા તોલથી તેઓ પોતા માટે વસ્તુઓ ખરીદતા અને નાનાથી વેચતા. વળી તેઓ શરીયામ રસ્તા ઉપર લુંટ ચલાવતા.

હ. શોએબ (અ.) પોતાની કોમની આવી હાલત જોઇ, તેમને દગોફટકો નહી કરવા, બુતપરસ્તી તજી દેવા અને બેઇમાનીથી દુર રહી ખુદાતઆલાથી ડરીને ચાલવા નસિહત કરતા હતા. ઉપરાંત હઝરતે પોતાની કોમને ઉપદેશ આપતાં ફરમાવ્યું કે હમણા હું તમને આસુદા જોઇ રહયો છું, પણ તોલ-માપમાં જો દગો કરતા રહેશો તો મને ધાસ્તી છે કે, એક દીવસ અલ્લાહના અઝાબના તમે ભોગ થઇ પડશો.

એ પ્રમાણેની હીદાયત સાંભળી એ લોકોએ હ. શોએબ (અ.) ને કહયું કે, માલ અમારો છે અને તોલ પણ અમારા છે, તો પછી તમે અમને આવી નસીહત શા માટે કરો છો?

ત્યારબાદ હ. શોએબ (અ.) વિરૂધ્ધ મદયન કોમના આગેવાનોએ પોતાની કોમને જણાવ્યું કે, "તમે આપણા વડીલોનો સાચો ધર્મ તજી શોએબનો ધર્મ

કબુલ કરતાં નહી." એ વખતે મદયનવાસીઓ વૃક્ષ પુન્જમાં રચ્યાપચ્યા રહેતા હતા અને તેના છાંયડાને ખુદાઇ રહેમત ગણી મનુષ્યથી ઝાડને ઉંચ કોટીના સમજતા હતા; વળી મદયનવાસી આગેવાનો કોમને સમજાવતા હતા. કે, "જેમાં આપણો ફાયદો છે તેને છોડી દેવાનું કહેનાર મનુષ્ય પયગમ્બર કેમ થઇ શકે? તેથી જો તેની સલાહ માનશો તો તમારૂં આર્થીક તંત્ર ભાંગી પડશે."

એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે, જ્યારે પણ ખુદાતઆલા તરફથી અજ્ઞાન કોમમાં હિદાયત આવતી ત્યારે તેઓ આવનાર હાદીઓનો સામનો અને વિરૂધ્ધતા કરતા હતા અને માનતા હતા કે, "પોતાનો જુનો ધર્મ જ સાચો છે અને નવો ધર્મ જુઠો છે." પયગમ્બરો એ માર્ગ ભુલેલઓને ભય દેખડતા અને ભલી આશાઓ પણ આપતા હતા. ખુદાતઆલાએ તેમને બીમારી, તંદુરસ્તી, ગરીબી તેમજ તંવગરી આપીને તેમની કસોટી કરી, છતાં પોતાના પાપાચાર માટે તેઓએ પશ્ચાતાપ કર્યો નહી અને દુઃખદ કે સુખદ સ્થિતી એ તો જગતનું ફરતું ચકકર છે, એમાં કાંઇ નવીનતા નથી એવું તેઓ કહેવા લાગ્યા. એ રીતે તેઓ અલ્લાહની અજમાયેશને ઓળખી શકયા નહી અને ખુદાતઆલાના પાક દરબારમાં પશ્ચાતાપ કે આજીજી કરી શકયા નહી.

હ. શોએબ (અ) ઘણાજ બાહોશ હતા. તેમના ભાષણો ઘણા છટાદાર, ખેંચાણકારક અને અસર પેદા કરનારા હતા. હઝરત મદયન કબીલાની અતરાફમાં રહેનારા લોકોને તોલ-માપનું નીતીમય શીક્ષણ આપવા ઉપરાંત લેવડદેવડમાં પ્રમાણીક રહેવાનો બોધ પણ આપતા હતા, ઉપરાંત અનેક વીદ્યાઓ પણ શીખવતા હતા. વળી વહેમી રીવાજો તજી દઈ એકજ ખુદાની કુદરતને માનવા માટે બોધ પણ કરતાં હતા; છતાં અજ્ઞાન લોકો તેમનો સામનો કરવા ચુકતા નહી ઘણી વખત અજ્ઞાન આગેવાનોની ઉશ્કેરણીથી લોકો ઉશ્કેરાઈ જઇ હઝરતના ઘરની આસપાસ છુપાઇ રહેતા અને જ્યારે શીક્ષણ લેવા માટે કોઇ આવતું ત્યારે તેને તેઓ અટકાવતા, ધમકીઓ આપતા અને હેરાન કરી, લુંટી પણ લેતા હતા.

આવી અનેક વીંટમણાઓ વેઠવા છતાં, હ. શોએબ (અ.)એ પોતાની કોમને ફરમાવ્યું કે, તમે નીતીપુર્વક વર્તો સાચેજ એ તમારા માટે ઘણું બહેતર છે હું તમારા ઉપર ખુદા તરફથી પયગમ્બર બનીને આવ્યો છું. એથી મારી ફરજ તમને સાચા માર્ગે લઇ જવાની અને ખોટા માર્ગથી બચાવવાની છે છતાં તમે મારી નસીહત કબુલ કરશો નહી તો, જેમ હ. નુહ, સાલેહ અને લુત (અ.)ની કોમો ઉપર ખુદાઇ ગઝબ ઉતર્યો તેમ કદાચ તેવોજ ગઝબ તમારી ઉપર પણ

ઉતરે; માટે એ પહેલાં- તમે ખુદાની દરબારમાં તૌબા સાથે માફી માંગો. મારો ખુદા મહેરબાન અને ગુના બક્ષવાવાળો મહાન છે.

પણ અવળે પંથે ચડેલી કોમ માટે આવી નસીહતો કારગત થતી નથી અને હ. શોએબ (અ.)ની કોમ માટે પણ તેમજ બન્યું. હઝરતની નસીહતની અવગણના કરતાં તેઓએ જણાવ્યું કે, અય શોએબ, અમે તમારી લાંબી લાંબી વાતોને સમજી શકતા નથી. અમે સમજીએ છીએ કે અમારાથી તમે ઘણા અશકત છો, પણ તમારા સાથીઓ બળવાન હોવાથી અમે તમને કંઇ પણ કરી શકતા નથી, નહી તો તમને પત્થર મારી કયારના મારી નાંખ્યા હોત. હવે જો તમે અમારા દેવો અને ધર્મની આડે આવી ઉપદેશ આપવાનું ચલુ રાખશો તો તમને તેમજ તમારા સાથવાળાઓને અમે શહેરની બહાર કઢી મુકશું; અમે તમને અમારા સરદાર તરીકે માન્ય રાખતા નથી. પણ જો તમે અમારા દેવતાની પુજામાં શામેલ થશો, અમારી સલાહ અનુસાર ચાલશો તો અમે સઘળા તમને વડપણ આપશું અને તમારૂં સન્માન કરશું.

હ. શોએબ (અ.)એ તેમને જણાવ્યું કે "તમારો દીન તકલાદી છે અને તમારા દેવતા નીર્જીવ છે. તેઓમાં કોઇનું ભલું કે બુરૂં કરવાની શકિત નથી, બલકે રખેવાળોના મહોતાજ છે. એવો ધર્મ કદી પણ સાચો હોઇ શકતો નથી. એવી નીર્જીવ વસ્તુથી અમે બેઝાર છીએ. અમને અને અમારી સાથે જેઓએ હકરાહ અને સતપંથ ઉપર ઇમાન આણ્યું છે, તેમને શહેર બહાર કઢવાની ધમકી આપીને શા માટે ડરાવો છો?

ભુલી જાઓ નહી, ખુદાતઆલાએ અમને પાખંડ પુજાથી બચાવ્યા છે, છતાં જો અમે તમારી સાથે ભળીએ તો અલ્લાહ ઉપર તહોમત ચઢાવ્યું કહેવાય. અમારાથી એવું કદી પણ બનશે નહી."

હ. શોએબ (અ.) ઉપર ઇમાન લાવનાર લોકોને કાફરો પારાવાર દુઃખ આપતા હતા. તેમને લુંટી ઇઝ્ર માર મારવા પણ તેઓ ચુકતા નહી. આવી અનેક સતામણીઓને લીધે હઝરત ઘણા લાચાર બની ગયા હતા. આપની નસીહત કુમાર્ગે ચડેલી કોમને કાંઇ પણ અસર કરી શકી નહી. તેઓ પોતાની ઇચ્છા અનુસાર પુજા કરતા અને મનફાવે તેવું વર્તન ચલાવી રહ્યા હતા. અતે હ શોએબ (અ.) એ એક દીવસ ખુદાતઆલાની દરબારમાં અરજ ગુજારી કે, યા ખુદા! આ લોકો કોઇ પણ રીતે પોતાના અપ્રમાણીક કૃત્યોથી મોઢું ફેરવતા નથી, તેમ તારી શાના.

ખત પણ રાખતા નથી અને બોધ પણ ગ્રહણ કરતાં નથી. હવે તું જ તેઓ માટે બહેતર ન્યાય કરવાવાળો છે.

હ. શોએબ (અ.) ની દુઆ ખુદાતઆલાએ કબુલ ફરમાવી. હ. જીબ્રાઈલ અમીનને મોકલી ફરમાવ્યું કે, અય શોએબ, તમે તમારા સંબંધીઓ અને તમારા ઉપર ઇમાન લાવનારાઓને સાથે લઇ શહેર બહાર ચાલ્યા જાઓ. હુકમ અનુસાર હ. શોએબ (અ.) એક હજાર સાતસો માણસોને લઇ ત્યાંથી રવાના થઇ ગયા.

કાફીર લોકોએ હ. શોએબ (અ.) તથા તેમના સંબંધીઓ અને ઇમાનદાર લોકોને ગામથી રૂખસત થતાં જોઇ તેમની મશ્કરી કરતાં કહયું કે, શોએબ! એવી કઇ મુશીબત આવી પડી છે કે શહેર છોડીને તમે બધા જઇ રહયા છો?

હઝરતે ફરમાવ્યું કે, "હું તમારાથી જુદો પડું છું. ખુદાના હુકમથી હવે તમારા ઉપર આઝાબ નાઝીલ થશે." ત્યારબાદ હઝરત પોતાના સાથવાળાઓને લઇ શહેરથી ત્રણ કોશ દુર ચાલ્યા ગયા, જ્યાં તેઓ આખી રાત ખુદાની ઇબાદતમાં મશગુલ રહયા. જ્યારે બેઇમાન લોકો બેફીકરા બની ઘરોમાં સુઇ રહયા. તેમના કાફીરપણાને લીધે અંતે એ કોમ ઉપર ખુદાઇ કહેર ઉતર્યો પ્રથમ ધરતીકંપ થયો અને લોકો ગભરાઇને ઘર બહાર નીકળી પડયા. એ પછી અતીશય ગરમી વરસવા લાગી એથી ગભરાઇ તેઓ શીતળતા શોધવા લાગ્યા. એવામાં આકાશમાં એક કાળું વાદળું તેમની નજરે પડયું, તેને તેઓ છાંયડો સમજી સઘળા લોકો તેની નીચે એકઠા થયા. આ વાદળામાંથી એક ભયંકર કડાકો થયો અને તરત જ વાદળું ફાટી ગયું અને તેમાંથી અગ્નિના શોલા વરસવા લાગ્યા. પરીણામે મદયનવાસીઓ તેમાં બળીને રાખ થઇ ગયા.

મદયનવાસીઓનો નાશ થયા પછી હ શોએબ (અ.) એ ખુદાતઆલાની દરબારમાં અરજ કરી કે યા ઇલાહી, હું હવે કયાં જઇ મુકામ કરું?

નીદા આવી કે તમારા ઘરોમાં જઇને રહો. હુકમે ઇલાહી અનુસાર હઝરત પોતાના સાથીદારો સહીત મદયનમાં આવી વસ્યા. હઝરતના આવવાથી મદયન શહેર આબાદ થયું. તે પછી હ. શોએબ (અ.) એ પોતાની કોમને બાર વર્ષ સુધી શરીયતનું શીક્ષણ આપી તેમને રાહે રાસ્ત યાને સતપંથ ઉપર વધુ દ્રઢ બનાવ્યા.

હઝરતે પોતાની કોમને આપેલી બદદુઆને પરીણામે કાફરોના થયેલા નાશથી આપને ઘણું લાગી આવ્યું. આપ ખુદાતઆલાના દીદાર માટે બહુ જ રડતા હતા.

રીવાયત છે કે, હ. જીબ્રાઇલ અમીને આવી આપને કહ્યું કે, હઝરત શા માટે રડો છો? ખુદા પોતાના બંદાઓ ઉપર ઘણો મહેરબાન છે. રડવાથી શું ફાયદો છે?

હ. શોએબે ફરમાવ્યું કે, હું ખુદાતઆલાના દીદાર સીવાય વધુ કાંઇ પણ ચહાતો નથી, માત્ર હું તેના દીદારનો તલબગાર છું.

જીબ્રાઇલે હઝરતની હકીકત સાંભળી. ઇલાહી દરબારમાં અર્જ ગુજારી. હુકમ થયો કે હઝરતને કહી દો કે અમારો દીદાર કયામતના દીવસે થશે.

ત્યારબાદ હ. શોએબે રડી રડીને પોતાની જીંદગી પસાર કરી, જેથી આપની આંખોનું નુર જતું રહ્યું. એ દરમ્યાન હ. મુસા (અ.) નો જમાનો આવી પહોચ્યો. હ. શોએબ (અ.) તે પછી આઠ વર્ષ હયાત રહી વફાત પામ્યા હતા.

હ. શોએબ (અ.) ની વધુ હકીકત હ મુસા (અ.) ના પ્રકરણમાં આપવામાં આવી છે.

## ફિરઔન બાદશાહની હકીકત

અગાઉના પ્રકરણમાં આપણે જાણી ગયા છીએ કે, મીસરની રાજગાદી ઉપર આવનારાઓને તે ઝમાનામાં ફીરઓન તરીકે ઓળખવામાં આવતા હતા.

હવે આપણે હ. મુસા (અ.) ના ઝમાનામાં જે ફીરઓન સત્તા ઉપર હતો, તેના વીષે કેટલીક હકીકત "કસસુલ અંબીયા" માં હોવાથી તેનો ઉલ્લેખ અહીં રજુ કરીશું.

હ. મુસા (અ.) ના ઝમાનામાં ફીરઓનનું નામ "માસિબ ઇબ્ને વાલીબ ઇબ્ને રીયાન" હતું. તેનો જન્મ "બલખ" માં થયો હતો. ત્યાથી તે ધંધાર્થે મીસર તરફ નીકળ્યો. વચ્ચે માર્ગમાં "બયુશખ" નામના શહેરમાં તે આવ્યો; જ્યાં તેને "હામાન" નામના એક બેઇમાન શખ્સનો ભેટો થતાં બંને મિત્રો બન્યા અને કેટલીક મસ્લેહત કર્યા પછી ત્યાંથી તેઓ મીસર તરફ રવાના થયા. જ્યારે તેઓ મીસરના એક શહેરના પાદરે આવ્યા, ત્યારે ફળફુલથી ભરપુર એક વાડી તેમની નજરે પડી. બંનેને ઘણીજ ભુખ લાગેલી હોવાથી વાડીમાં જઇ વાડીના માલીક પાસે તેઓએ એક તરબુચની માગણી કરી. વાડીના માલીકે કહ્યું કે, જો તમે મારા માલનું વેચાણ કરી આવો તો બદલામાં હું તમને તરબુચ આપું. એ ઉપરથી બંને જણા તરબુચ વેચવા બજારમાં ગયા, પણ ત્યાંનો

વેપાર ઉધારીનો હોવાથી માલનું વેચાણ થયું નહીં, એટલે હતાશ થઇ માલ ધણીને તેના તરણુચ પાછા આપી તેઓ શહેરમાં આવી પહોંચ્યા.

શહેરમાં આવી તેઓએ બાદશાહની હુજુરમાં વીનંતીસરી એક અરજ મોકલી અને તેમાં જણાવ્યું કે, અમે અમારા વતનથી બેકારીના કારણે અહીં રોજી મેળવવાની આશાએ આવ્યા છીએ, માટે ગુજરાન થઇ શકે તેવું કામ આપવા કૃપા કરશો. બંનેના સદ્ભાગ્યે બાદશાહે કબ્રસ્તાનનો કર ઉઘરાવવા ફીરઓનને દારોગા તરીકે અને હામાનને તેના મદદનીશ તરીકે મુકરર કર્યા અને પ્રજામાં ઢંઢેરો ફેરવ્યો કે દારોગાની પરવાનગી વગર કોઇએ મુડદા દફન કરવા નહીં. તે મુજબ કોઇ પણ મરી જતું ત્યારે ત્યાંની પ્રજા, ધોરણ અનુસાર કર ચુકવી, પરવાનગી મેળવી મુડદાને દફન કરતી. કમનસીબે તેજ વર્ષે મીસરમાં બીમારી ફાટી નીકળી. ફીરઓને આ તકનો લાભ લેવા કરમાં વધારો કર્યો અને એક સોનામહોર લીધા વીનાં તે મુડદાને દફનાવવા રજા આપતો નહીં. આવી રીતે તેણે પુષ્કળ ધન એકઠું કરી, શ્રીમંત બન્યો; પણ તેની લાલસા હજી વધુ માલદાર બનવાની હોવાથી તે મોટી રકમ સાથે બાદશાહની હુજુરમાં હાજર થઇ તમામ કબ્રસ્તાનનો ઇજારો આપવાની માગણી કરી. બાદશાહ અક્કલહીન અને ફીરઓન ઉપર ઘણો મહેરબાન હોવાથી રઇયતની કનડગત કે મુશ્કેલીની પરવા કર્યા વીનાં મોટી રકમ લઇ તેણે ફીરઓનને મુલકના સઘળા કબ્રસ્તાનનો ઇજારો આપી દીધો.

જયારે આફતો આવે છે ત્યારે તે ઇન્સાનને ચારે બાજુથી મુંઝવી નાખે છે. મીસરની રઇયત માટે પણ તેમજ બન્યું. બીમારી પછી મીસરમાં વરસાદની અછતને લઇ સખ્ત દુષ્કાળ પડયો. રઇયત પરેશાની અનુભવવા લાગી, બીજી તરફ જનતા ઉપર બાદશાહનો કર ઝઝુમતો હતો, જે ચુકવ્યા વીનાં છુટકો નહોતો. ફીરઓન આવી કોઇ તકની રાહ કાગના ડોળે જોઇ રહયો હતો કે જેથી તે પ્રજાને પોતાની તરફેણમાં કરી શકે. અનાયાસે તેવો મોકો તેના હાથમાં આવ્યો અને તેણે પોતાના મીત્ર હામાનનાં વીચારો જાણી લેવા કહયું; હું ધીરે ધીરે ખુદાઇ દાવો કરવા ઇચ્છું છું. હામાને કહયું, ઉતાવળ કરશો નહીં પ્રથમ પ્રજાના દીલને જીતી લેવાની કોશીશ કરો તો કોયડો તરતજ હલ થઇ જશે.

ફીરઓનને હામાનની સલાહ યોગ્ય લાગવાથી તેણે સમસ્ત પ્રજાને પોતાની કરી લેવા અને તેમના હ્રદયમાં પોતાનું સ્થાન અંકીત કરવા પોતે બાદશાહની હુજુરમાં જઇ અરજ કરી કે, દુષ્કાળને લીધે રઇયત રાજનો કર ભરી શકે તેવી

સ્થીતીમાં નથી માટે મારી આપને અરજ છે કે, આ વર્ષનો તેમજ આવતા બે વર્ષનો કર રઇયતને માફ કરી આપો; પણ રાજ્યને નુકશાની ખમવી પડે અને સલ્તનતને હાની થાય એવું હું ઇચ્છતો નથી, તેથી જો આપ નામદાર મારી અરજ માન્ય રાખો તો રઇયત તરફથી ત્રણ વર્ષનો કર હું મારા તરફથી ભરી આપું.

બાદશાહ નાદાન હોવાથી તેણે ફીરઔનની એ માંગણી કબુલ કરી લીધી. ત્યારબાદ ફીરઔન રઇયતનો ખરો હમદર્દ છે, તેવું તેમના મન ઉપર ઠસાવવા તેણે જાહેર કરાવ્યું કે રઇયત ઉપરનો આ વર્ષનો કર મેં માફ કરાવ્યો છે અને બીજા બે વર્ષના કરો માફ કરવા મારી અર્જ બાદશાહે મંજુર રાખી છે. તમારી મુશીબતો દુર કરવા મેં ત્રણે વર્ષનો કર ખજાનામાં ભરી આપેલ છે, એટલે મીસરની પ્રજાએ કર ભરવાની કાંઇપણ ફીકર કરવી નહી.

એ ઉપરથી રઇયતના તમામ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો ફીરઔન ઉપર ઘણાજ ખુશ થયા અને તેની ઉન્નતી માટે ખુદાના દરબારમાં દુઆ માંગવા લાગ્યા.

થોડા વખત પછી મીસરનો બાદશાહ ગુજરી ગયો. તેને કાંઇ પણ સંતાન નહી હોવાથી રાજગાદી ઉપર કોને બેસાડવો, એવો સવાલ રઇયત સમક્ષ ઉપસ્થિત થયો. રઇયત ઇજારદાર ફીરઔન ઉપર ખુશ હતી, કારણ કે આપણે જોઇ ગયા તેમ તેણે બધાનો કર ભરી આપ્યો હતો. છેવટે સૌએ મળીને તેને મીસરનો બાદશાહ બનાવ્યો. તેણે રાજગાદી ઉપર આવ્યા પછી પોતાને ફીરઔન તરીકે જાહેર કર્યો અને મીત્ર હામાનને પોતાના વજીર તરીકે નીમ્યો.

ફીરઔન મીસરનો બાદશાહ બન્યા પછી તેણે હામાન વજીરને કહ્યું કે, હવે કોઇ એવી યુક્તિ યોજવી જોઇએ કે જેથી લોકો મને પોતાના ખુદા તરીકે કબુલ કરે.

વજીર હામાને જણાવ્યું કે, તેમ કરવા માટે સૌથી પહેલા મઝહબનું શીક્ષણ આપતા મકતબો બંધ કરી શીક્ષકો તેમજ ઉલમાઓને ઘરે બેસાડી દેવા જોઇએ, ધર્મનો પ્રચાર સદંતર બંધ કરાવવો જોઇએ; આમ થવાથી લોકો ધીરે ધીરે મઝહબથી બેખબર થઇ જશે અને જાહીલ બની જશે. વજીરની સલાહ મુજબ ફીરઔને આખા મુલ્કમાંથી ધર્મ પ્રચારના તમામ સાધનો અને મઝહબી શીક્ષણ આપનારા બધાને બંધ કરવાનો હુકમ કર્યો. ફીરઔનના ભયના લીધે લોકોએ ઇલ્મ લેવાનું બંધ કર્યું. ધાર્મીક નીશાળોમાં અપાતું ખુદાઇ જ્ઞાન બંધ થતાંજ ધીરે ધીરે રઇયત ઉપર તેની ખરાબ અસર થવા લાગી. પરીણામે લોકો ખુદાના નામ

અને તેની હસ્તીને ભુલી ગયા.

ફીરઓને જ્યારે જોયું કે લોકો હવે પુરેપુરા જાહીલ બની ગયા છે, ત્યારે તેણે પોતાની મકસદ પાર પાડવા એવો હુકમ કર્યો કે, મારી સઘળી રઈયત બુતોનો સીજદો કરે. એ ઉપરથી ઇસરાઇલ કોમ સીવાયની કિબ્તી કોમ અજ્ઞાન-તામાં અટવાઇ સૌથી પ્રથમ બુતપરસ્તી કરવા લાગી. આવી રીતે વીસ વર્ષ જેટલો કાળ વ્યતીત થઇ ગયો.

ત્યારબાદ ફીરઓને જોયું કે, લોકો હવે દ્રઢતાપુર્વક પોતાની સુચના અનુસાર ખુદાને ભુલી બુતપરસ્તી કરવા લાગ્યા છે, ત્યારે તેણે સઘળાઓને એકઠા કરી કહ્યું કે, અય લોકો તમે જેની પુજા કરો છો તે સઘળા બુતો નાના ખુદા છે, જ્યારે હું સૌથી મોટો ખુદા છું. તે ઉપરથી લોકો નાના ખુદા તરીકે બુતોને અને મોટા ખુદા તરીકે ફીરઓનને માનવા લાગ્યા અને પછી તે ખુશી થઇ કીબ્તી કોમને બક્ષીસો આપી નવાજવા અને ઇસરાઇલ કોમ કે જે હ. યુસુફ (અ.)ના સત્ય દીન ઉપર સુરતકીમ હતી તેને દુઃખ આપી હેરાન કરવા લાગ્યો. આવીજ રીતે કીબ્તીઓને ફીરઓનની પુજા કરતા ચાલીસ વર્ષ જેટલો લાંબો કાળ પસાર થઇ ગયો હોવાથી તેમના માનસમાં પરીવર્તન થયું, પરીણામે તેઓને ફીરઓન પ્રત્યે ભાવ અને બુતો તરફ અભાવ ઉત્પન્ન થતાંજ તેઓ બુતોને ત્યાગી ફીરઓનને ખુદા તરીકે માનવા લાગ્યા.

એક એવો પણ ઉલ્લેખ મળી આવે છે કે, ઇસરાઇલ કોમ ફીરઓનના અમલ દરમ્યાન ૧૩ વર્ષ સુધી પરેશાનીમાં તેમજ કીબ્તી કોમની ગુલામીમાં ગીરફતાર રહી હતી.

ઇસરાઇલ કોમમાં "આસીઆખાતુન" નામની એક ઘણીજ ખુબસુરત તથા ઇમાનદાર સ્ત્રી હતી. ફીરઓને તેની સાથે નીકાહથી જોડાઇ તેણીને ઘણીજ સુખી રાખી હતી. વળી પોતાને ખુદા તરીકે કબુલ કરવા પણ તેણીને તે સમજાવતો હતો પરંતુ તે ઇમાનદાર ખાતુન ફીરઓનને નહી માનતા પોતાના દીન ઉપર સુરતકીમ રહી હતી

એક દીવસ ખુદાની કુદરતથી નીલ સમુદ્રનું પાણી સુકાઇ ગયું, તેથી ફીરઓનની કોમે તેને કહ્યું કે, સુકાએલ નીલમાં જો પાણી વહેતું કરી આપો તો અમે સમજીએ કે તમે અમારા સાચા ખુદા છો. આ સાંભળી ફીરઓન કેટલાક ઘોડેસ્વારોને લઇ 'સઆદુલઆલા' નામના મેદાનમાં જઇ સ્વારોથી છુટો પડી એક ગુફા પાસે ગયો, અને ઘોડાને બહાર ઉભો રાખી તેના લગામને પોતાના ગળામાં વીંટાળી ગુફાના અંદર દાખલ થયો. જ્યાં તેણે સીજદામાં માથું ઝુકાવી ખુદાની

દરબારમાં અરજ કરતાં કહ્યું કે, ખુદાયા! તુંજ સચો છે. મેં આખરતની ઉત્તમ નીયામતોના બદલે દુનીયાનું સુખ પસંદ કર્યું છે. મને આકબતમાં દોઝખ સીવાય બીજું કંઇ પણ જોઇતું નથી; માટે તને જે કંઇ પણ આપવું હોય તે મને આ દુનીયામાં જ આવી દે એટલું કહી તે ગુફાની બહાર તેના મુખ પાસે આવી જેવું સમુદ્ર તરફ તેણે મોઢું ફેરવ્યું કે, ત્યાં ગયબથી એક શખ્શે ગારના મુખ ઉપર આવી ફીરઓનને કહ્યું કે, હું એક શખ્શની ફરીયાદ તમારી પાસે લાવ્યો છું તેનો ઇન્સાફ કરી આપો.

ફીરઆને કહ્યું, આ જગ્યા ઇન્સાફની નથી, માટે કાલે તું દરબારમાં આવજે.

એટલામાં નીલ સમુદ્રમાં ધોધમાર વહેતું પાણી ફીરઓનની નજરે પડયું. તેથી પોતે ખુશી થઇ આવેલા શખ્સને કહ્યું કે, બોલ તું શું માંગે છે?

એ શખ્સે કહ્યું કે, જે બંદા ઉપર ખુદા મહેરબાન થાય અને તે બંદો ખુદાની નાફરમાની કરે, અને તેનો હુકમ બજાવી ન લાવે, તો તેના માટે શું સજા હોવી જોઇએ?

આ સાંભળી ફીરઓને કહ્યુ કે, તે બંદાને આ નીલ સમુદ્રમાં ડુબાડી મારી નાંખવો જોઇએ.

પેલા શખ્સે કહ્યુ કે, મહેરબાની કરી એ બાબત મને લખી આપો કે જેથી મને તે યાદ રહે. એમ કહી તેણે ફીરઓનના હાથમાં કાગળ–કલમ ને શાહી આપ્યા. ફીરઓને ખુશી થઇ તેજ જગ્યાએ લખી આપ્યું કે: "જે બંદાને ખુદાતઆલા દરેક રીતે આરામ બક્ષે, છતાં તે બંદો પોતાના માલીકની નાફરમાની કરે અને તેનો હુકમ નહી માને તો તે બંદા માટે સજા એ છે કે, તેને નીલ સમુદ્રમાં ડુબાડી મારી નાંખવો જોઇએ." ફીરઓને એ મુજબ દસ્તાવેજ લખી આવેલા શખ્સને સુપ્રત કર્યો; પણ આવેલા શખ્સને તે ઓળખી શકયો નહી કે જે હ. જીબરાઇલ અમીન હતા. હ જીબરાઇલ તરત જ ત્યાંથી ગૈબ થઇ ગયા.

ત્યારબાદ ગયબથી અવાજ આવ્યો કે, અય ફીરઓન! અમે નીલ સમુદ્રને તારે હવાલે કર્યો છે. આ સાંભળી ખુશી થઇ પોતાના મહેલમાં આવ્યો અને પાણીના વહેણને ઉંચે નીચે વાળવા લાગ્યો. પોતાની ઇચ્છા મુજબ વહેણ વળ્યા કરે છે એવું લોકોને દેખાડી તે કહેવા લાગ્યો કે જુઓ આ મારી ખુદાઇનો કેવો જીવતો જાગતો પુરાવો છે?

મીસરની રઇયત ફીરઓનનો આવો અજાયબીભર્યો ચમત્કાર જોઇ તેની તારીફ કરતાં સીજદો કરીને કહયું કે ચોકકસ તમે અમારા પરવરદીગાર છો.

ફીરઓને પોતા માટે એક ઘણો જ સુંદર અને આલીશાન મહેલ દરીયા કીનારે બંધાવ્યો અને તેનું નામ 'એતુસ-શમ્સ' રાખ્યું. અને તેની સુંદરતામાં વધારો કરવા એક હોજ અને તેની ફરતા ચાર સોનાના સ્થંભો ઉભા કરાવ્યા અને તેની અંદર નીલ સમુદ્રમાંથી નહેર દ્વારા આવેલું પાણી ફુવારાની જેમ ઉછળી બીજી તરફ વહી જતું હતું. ખુદાતઆલાએ હોજના કીનારે બે ચમત્કારી વૃક્ષો પેદા કર્યા, જેમાંના એક વૃક્ષમાંથી પીળો અને બીજામાંથી લાલ રસ નીકળતો હતો. કુદરતી નીકળતા એ રસ એટલા બધા ગુણકારી હતા કે, ફીરઓન ગમે તેવા વ્યાધીથી પીડાતા બીમારને તે પીવડાવતો તો તે રોગી તંદુરસ્ત બની જતો. આવી કુદરતી ન્યામતો પોતાને હસ્તગત થયેલી હોવાથી ફીરઓન ઘણો જ અભીમાની બની ગયો, અને એ બંને કુદરતી વૃક્ષો લોકોને બતાવી તે કહેતો કે, જુઓ આ મારા ખુદા હોવાની ખુલ્લી સાબીતી છે. આ જોઇ કીબ્તી કોમ ગુમરાહ બની ગઇ અને તેને પોતાના ખુદા તરીકે માનવા લાગી.

ફીરઓનની વધુ હકીકત હ. મુસા (અ.) ના વૃતાંતમાં આપવામાં આવી છે.

## હઝરત મુસા કલિમુલ્લાહ

હ. મુસા (અ.) નું વૃતાંત જાણવા પુર્વે તેમની વંશાવળી જાણી લેવી જરૂરી હોવાથી આપણે અહીં તેનો ઉલ્લેખ કરીશું.

હ. મુસા બીન ઇમરાન, બીન કોહાત, બીન લેવે, બીન યાકુબ, બીન ઇસહાક, બીન ઇબ્રાહીમ ખલીલુલ્લાહ.

હ' મુસા (અ.)નાં પિતાનું નામ 'ઇમરાન' અને માતાનું નામ 'યોશબ' હતું' કે જેવણ પણ એજ કુટુંબના હતા.

ખ્રિસ્તી મત મુજબ હ. મુસા નબીનો જન્મ ઇ. સ. પુર્વે ૧૫૭૧માં થયો હતો.

'અહેવાલે અંબીયા' ના જણાવ્યા મુજબ કેટલાકોના મત પ્રમાણે હ. મુસા નબીના જન્મ વખતે ઇરાનની રાજગાદી ઉપર શાહ મીનોચહેર હતો. બીજી એક ઇસ્લામી તવારીખ પ્રમાણે તે વખતે મીસરની શાહીગાદી ઉપર 'વલીદ બીન મસઅબ બીન રેઆન' અથવા તેનો પુત્ર કાબુસ હતો. તે ઝમાનામાં મીસરના રાજકર્તાએ

ફીરઓનની સંજ્ઞાથી ઓળખાતા હતા. મીસરના લોકો ઇસીસ અને ઓસીરીસને માનતા અને સુર્યની પુજા કરતા હતા. સુર્યને તેઓ 'રા' ના નામથી પુજતા અને ખુદા તરીકે ગણુતા. ઉપરાંત મીસરના ફીરઓનને પણુ તેઓ 'રા' નો અવતાર ગણી ખુદા તરીકે માનતા હતા.

કેટલાક જુના ઇતિહાસોના સંશોધન ઉપરથી જણાય છે કે, હ. યુસુફ (અ.) ના વખતમાં જે ફીરઓન રાજકર્તા હતો તે ઇજીપશીયન વંશનો નહી, પણુ હીકસાસને નામે ઓળખાતા સીરીઅનોએ કે જેમણે ઇજીપ્ત ફતેહ કરી બાદશાહી મેળવી હતી તેમાંનો હતો. એમ પણુ જણાય છે કે, હ. યુસુફ (અ.) ની વફાતના સમયે હીકસાસ ફીરઓનની રાજસત્તાનો લગભગ અંત આવ્યો હતો. ત્યારબાદ ફરીથી ઇજીપશીયન ફીરઓનની હકુમત સ્થપાઇ હતી, જેનો સ્થાપક 'આહમેશ—અમાસીસ' નામનો ફીરઓન હતો. એ વંશની આખરીએ રમાસીસ નામના ફીરઓનની બાદશાહી થઇ અને તેના વખતમાં હ. મુસા (અ.) નો જન્મ થયો હતો. જ્યારે 'કસસુલ અંબીયા' માં ફીરઓનનું નામ 'માસીબ ઇબ્ને વાલીબ ઇબ્ને રીયાન' જણાવવામાં આવ્યું છે.

ફીરઓનના રાજ્યમાં બે કોમો વસવાટ કરતી હતી. એક કીબ્તી કે જે ત્યાંની મુળ વતની હતી અને ફીરઓનને ખુદા તરીકે માનતી હતી; બીજી ઇસરાઇલ કોમ જે સીરીયા તરફની વતની હોવાથી ફીરઓન તેને પરદેશી અને પરધર્મી ગણી તેમના ઉપર હમેશાં ઝુલ્મ કરતો હતો.

બની ઇસરાઇલ કોમ ઉપર ફીરઓના જુલ્મ કરવાના ત્રણુ કારણો દેખાડવામાં આવ્યા છે. એક તો બની ઇસરાઇલની વસ્તી મોટા પ્રમાણુમાં હોવાથી તેઓ રાજ્યને ઉથલાવી નાંખશે એવો તેને ભય લાગતો હતો. બીજું મીસર ઉપર સામીઓ (સીરીયનો) હુમલો કરે તો ઇસરાઇલીઓ તેમની તરફેણુ કરી રાજ્યને નુકશાન પહોંચાડે. ત્રીજું જે ભાગમાં ઇસરાઇલીઓ વસતા હતા ત્યાં બીજી કોમની વસ્તી નહોતી. આ ભાગ શામ અને મીસર વચ્ચે આવજાવના માર્ગ તરીકે ઉપયોગમાં આવતો હતો. આ ભાગ સરહદને લગતો હોવાથી બની ઇસરાઇલ કોમ દુશ્મનોને મીસરમાં દાખલ થવાનું સહેલું કરી આપે એવી ભીતી પણુ તેને રહેતી હતી. આ સઘળા કારણોને લીધે ફીરઓનના નામે ઓળખાતા મીસરી બાદશાહે, મજુરી અને હલકા ધંધાઓ કરી પોતાનું ગુજરાન ચલાવવાની તેમને ફરજ પાડી હતી. આથી ઇસરાઇલીઓ ઘણી ખરાબ સ્થિતીમાં આવી ગયા હતા તેઓને રાજ્યના ગુલામોની પેઠે રાજ્યના બાંધકામ અને ઈંટો તૈયાર કરવાના મજુરીના કામોમાં રોકવામાં

આવતા હતા, તેમની ઉપર રાજ્યના દારોગા નજર રાખતા હતા અને તેઓ જરા પણ સુસ્તી કરે કે ચાબુકનો માર મારી તેમના ઉપર ગાળોનો વરસાદ વરસાવવામાં આવતો હતો. આટલો જુલ્મ છતાં ઇસરાઇલીઓની ઔલાદ વધતીજ જતી હતી.

"કસસુલ-અંબીયા" ના જણાવ્યા પ્રમાણે, એક રાત્રે ફીરઓને સ્વપ્નામાં જોયું કે હોજ પાસેના બે વૃક્ષો (બન્ને વૃક્ષોની મતલબ હ હારૂન તથા હ. મુસા થાય છે. ઉપરાંત આપણે જોઇ ગયા તેમ બન્ને વૃક્ષોમાંથી પીળા અને લાલ રંગનો રોગાન નીકળતો હતો) તે ઉપરની દુનીયા તરફ ચાલ્યા ગયા અને તેથી સમસ્ત જગત તેમના તાબામાં આવી ગયું.

ફીરઓને પોતાને આવેલા સ્વપ્નાની તાબીર જાણવા બીજી સવારે દરબારમાં જઇ રાજ્યના હકીમો, રમલ જોનારાઓ અને નજુમીઓને એકઠાં કરી, આવેલા સ્વપ્નાનો ઉકેલ બતાવવા કહ્યું. જવાબમાં તેઓએ અરજ સાથે જણાવ્યું કે જહાંપનાહ, બની ઇસરાઇલની કોમમાં એક એવો શખ્સ પેદા થશે જે તમારી બાદશાહીનો નાશ કરશે અને તેના હુકમને તાબે સઘળા લોકો થઇ જશે. તે બાળક આજથી ત્રણ રાત-દિન દરમ્યાન પોતાના પીતાની પુરતમાંથી માતાના હમલમાં રહેશે. આ સાંભળી ફીરઓને એવો હુકમ કર્યો કે ઇસરાઇલ કોમના પુરૂષોએ આજથી પોતાની સ્ત્રીઓથી દુર રહેવું. જો કોઇ આ હુકમનો ભંગ કરશે તેને જાનથી મારી નાંખવામાં આવશે. પણ ઇલાહી કુદરતની સામે ઇન્સાનની નાકશ બુધ્ધી કામ આવતી નથી. પરંતુ કુદરતને જે મંજુર હોય છે તે બનાનેજ રહે છે. જે દીવસે ફીરઓને હુકમ જાહેર કર્યો તેજ રાત્રે હ. મુસા (અ.) ના પીતા કે જે ફીરઓનના અંગરક્ષકોમાંના અને રાત્રે ફીરઓનના શયનગૃહમાં ચોપદારપણું કરનારાઓમાંના એક હતા ત્યાં હ. મુસા (અ.) ના માતા પોતાના પતી પાસે રાજ્ય મહેલમાં આવ્યા. આ વખતે અન્ય ચોપદારો અને પહેરેગીરો નીંદ્રાવશ થઇ ગયા હતા. ઇલાહી કુદરતથી તેજ રાત્રે હ. મુસા (અ.) પોતાના પીતાની પીઠથી માતાના હમલમાં કરાર થયા.

એ અહીં જાણવું જરૂરી છે કે, હ. મુસા (અ.) ના જન્મ પહેલાં ઇમરાનથી બીબી "યોશબ" ને હ. હારૂન તથા પુત્રી "મરીયમ" એમ બે બાળકો અવતર્યા હતા અને ત્યારબાદ હ. મુસા (અ.) નો જન્મ થયો હતો.

બીજી સવારે ફીરઓને નજુમીઓને પુછ્યું કે, અય નજુમીઓ જેના માટે તમે આગાહી કરી હતી, તે છોકરો પોતાની માતાના ગર્ભમાં રહ્યો કે નહીં ?

નજુમીઓએ અરજ કરતાં કહ્યું કે, ગઇ રાત્રેજ તે છોકરો પોતાના પીતાની પુસ્તથી માતાના કુખે કરાર પામી ચુકયો છે.

એ ઉપરથી ફીરઓને હુકમ કર્યો કે, ઇસરાઇલ સ્ત્રીઓની તપાસ અર્થે દાઇઓ મુકરર કરવામાં આવે. ઉપરાંત ચોપદારોને ફરમાવવામાં આવ્યું કે બની ઇસરાઇલ કોમમાં છોકરો જન્મે તો તેને તરતજ મારી નાંખવો અને એના પુત્રના બદલા તરીકે તેનાં માવતરોને ૭૦ દીરમ આપવા અને જો છોકરી પેદા થાય તો તેને ગુલામડી તરીકે ઉપયોગમાં લેવા, જીવતી રહેવા દેવી.

તે મુજબ બની ઇસરાઇલ સ્ત્રીઓની તપાસ અર્થે પુષ્કળ દાઇઓ મુકરર કરવામાં આવી જેઓ સોંપાયલી ફરજ મુજબ ઘરોઘર જઇ તપાસ કરતી હતી અને કોઇ ગર્ભ ધારણ કરેલી સ્ત્રી જણાતી તો તેનું પેટ મસળી ગર્ભપાત કરાવી દેતી. આવા બીનકુદરતી ઉપચારથી કેટલીક ઇસરાઇલ કોમની સ્ત્રીઓ મોતના મોઢામાં ધકેલાઇ ગઇ. હઝરતની માતા પણ આવી દેખરેખથી બચવા પામ્યા નહોતા. તેમની તપાસ અર્થે પણ ઘણા વખત દાઇઓ આવી હતી પણ જ્યાં કુદરતની રહેમ દ્રષ્ટી હોય ત્યાં કોઇ શું કરી શકે? મતલબ કે હ. મુસાની માતાના શરીર પર ગર્ભના કંઇ પણ ચીન્હો દેખાતા નહીં હોવાથી તપાસ કરી દાઇઓ ચાલી જતી.

એક દીવસ હ. મુસા (અ.) ની માતા રોટલી પકાવતા હતા. તે વખતે તેમને પ્રશવ વેદના ઉપડતા હ. મુસા (અ.) નો જન્મ થયો. હઝરતની માતા દુશ્મનોની નજરથી આપને ત્રણ માસ સુધી તો સંતાડી રાખ્યા, પણ અચાનક એક દીવસે રાજ્યના સીપાહીઓ તપાસ અર્થે શહેરમાં નીકળી પડયા. આ વખતે હ. મુસાની માતા તેમને રમાડતા હતા, ત્યાં અચાનક તેમની નજર સીપાહીઓ ઉપર પડવાથી તેમના પેટમાં ફાળ પડી. એક તરફ બાળકની મહોબત હતી, બીજી તરફ મોતનો ભય હતો, તેથી તેમણે ગભરાઇને પોતાના બાળકને કપડામાં વીંટાળી ધખધખી રહેલા તંદુરમાં ફેંકી દીધા. જ્યારે તપાસ કરી સીપાહીઓ પાછા ચાલ્યા ગયા ત્યારે ખાતુનને ખ્યાલ થયો કે અરે પોતે આ શું કર્યું? અને ફરઝંદના વ્યોગથી રૂદન કરતા, અફશોસ સાથે બોલી ઉઠયા કે મેં બાળકને શા માટે તંદુરમાં નાંખ્યો? એટલું બોલી તેમણે નીરાશાભર્યા ચહેરે તંદુર તરફ દ્રષ્ટી કરી તો હ. મુસાને અગ્નીમાં એક ફૂળ સાથે રમત કરતાં જોયા. તરત જ દોડી જઇ તેમને તેમણે બહાર કાઢયા અને માલીકના શુક્રાના અદા કર્યા.

એ બાદ હ. મુસા (અ.) ની માતાને ફીકર થવા લાગી કે આવી હાલતમાં પોતે બાળકને કયાં સંતાડી રાખે? એવામાં ખુદ તઆલા તરફથી નીદા થઇ કે, 'જ્યારે તને બીક લાગે, ત્યારે તેને દુધ પીવડાવી એક પેટીમાં મુકી, તે પેટી નીલ સમુદ્રના પાણીમાં વહેતી મુકી દેજે. અને કોઇ તરેહનો ભય રાખીશ નહી અને ગમગીન થઇશ નહી અમે તેને તારી પાસે ફરી પહોંચાડીશું અને તેને એક રસુલ બનાવીશું.' આથી હઝરતની માતા ઘણા ખુશ થયા અને એક પેટી બનાવવાની ફીકરમાં પડયા. એવામાં હ જીબરાઇલ સુતારના સ્વરૂપમાં ત્યાં આવી એક પેટી બનાવી ત્યાંથી ચાલ્યા ગયા. હુકમ અનુસાર હઝરતની માતાએ પુત્રને ધવરાવી પેટીમાં મુકી તેની ઉપર તાળું મારી પેટીને નીલ સમુદ્રમાં વહેતી મુકી દીધી.

અન્ય એક રીવાયત છે કે, હ. મુસા (અ) ની માતા પેટી બનાવવા માટે ખાનગી રીતે એક સુતારને ઘરમાં લાવ્યા, તેની જાણ એક પડોશીને થઇ ગઇ, તેથી હઝરતની માતા ભય પામી. પડોશીને ૭૦ દીનાર આપીને કહયું કે, કૃપા કરી આ ભેદ કોઇને કહેશો નહી. તેમજ સુતારને પણ ભેદ છુપાવવા ૭૦ દીનાર મજુરી ઉપરાંત બક્ષીશ તરીકે આપ્યા. પડોશી બેઇમાન અને લાલચુ હોવાથી વધુ બક્ષીશ મેળવવાના ઇરાદાથી ફીરઓનની હુઝુરમાં ગયો. પણ ભેદ ખોલી શકયો નહી. કારણ કે ખુદાતઆલાએ તેની જબાન ઉપર મહોર મારી દીધી હતી. તે બોલવા જતાં મુંગો બની જતો ને જયારે બહાર આવતો ત્યારે બોલતો થઇ જતો. આવી રીતે તે શખ્સ ફીરઓનને ભેદની જાણ કરવા સાત વખત ગયો અને મુંગો બની સાત વખત પાછો આવ્યો. છેવટે તેને પોતાની ભુલ માટે ઘણો પસ્તાવો થયો. અને તેણે ઇલાહી દરબારમાં પોતાના ગુનાની તૌબા કરી અને અલ્લાહ ઉપર ઇમાન લાવી મોમન બન્યો.

એક દીવસ હ. મુસા (અ.) ની માતાએ પોતાના પુત્રને પેટીમાં મુકી, નીલ સમુદ્રમાં તે પેટી મુકી દીધી. સમુદ્રની એક શાખા ફીરઓનના મહેલમાંની વાડીઓમાં થઇને જતી હતી. એ શાખા દ્વારા એ પેટી હોજમાં તણાઇ આવી એ વખતે ફીરઓન પોતાની સ્ત્રી આસીયાખાતુન સાથે આનંદમાં ત્યાં બેઠો હતો તેણે એ પેટી જોઇ પોતાની બીબીને કહયું કે, કોઇ ચીજ પાણી ઉપર તરતી અહીં આવી રહી છે. પેટી જયારે પાસે આવી ત્યારે એણે તેને બહાર કઢાવી અને તે ખોલવાનો હુકમ કર્યો. પેટી ઉઘાડતાં જ તેમાં એક અતી સુંદર બાળક નજરે પડયો. એના ચહેરા ઉપરના નુરથી ફીરઓનનો મહેલ ઝળકી ઉઠયો; આથી ફીરઓનને બાળક પ્રત્યે વાત્સલ્યભાવ ઉત્પન્ન થયો. આ જોઇ આસીયાખાતુને પોતાના

પતીને કહ્યું કે, મને પુત્ર નથી. હુ આ બાળકને ઉછેરી મોટો કરીશ. તે આપણી આંખોને ઠંડક બક્ષે એવો છે. એને જરાએ ઇજા કરશો નહી. ભવીષ્યમાં કદાચ એ આપણને ઉપયોગી થશે. આપણે આને આપણા પેટના પુત્ર સમાન ગણી પરવરીશ કરશું. કુદરતની કળા ન્યારી છે; પતી–પત્ની એ નહી જાણતા હતા કે એ બાળક મોટો થઇ શું શું કરી બેસશે?

ફીરઓનને એક દીકરી હતી અને તે કોઢની બીમારીથી પીડાતી હતી. તે પોતાના માતા પીતા જ્યાં બેઠા હતા ત્યાં આવી અને બાળકને જોયો કે તરત જ તેણીએ વહાલ સહીત તેને ગોદમાં લઇ મહોબ્બત કરવા લાગી ખુદાના ફઝલો કરમથી હ. મુસા (અ.) નું થુંક તેના શરીર ઉપર પડતાં જ, તેનો કોઢ જતો રહયો. આ દ્રશ્ય જોઇ 'આસીય ખાતુને' પોતાના પતીને કહ્યું કે, જુઓ આ બાળક કેટલો બરકતવાળો છે કે જેના થુંક માત્રથી આપણી પુત્રી સારી થઇ ગઇ. આ જોઇ ફીરઓન મહોબ્બત સાથે હ. મુસા (અ.) ને ગોદમાં લઇ પ્યાર કરવા લાગ્યો. તે પછી તેણે તેના પોષણ માટે ઘણી દાઇઓ મુકરર કરી, પણ બાળક કોઇની ધાવ મ્હોંમા લેતો નહી, તેથી ઘણી દાઇઓ બદલાવવામાં આવી પણ જ્યારે દાઇ તરીકે હ. મુસા (અ.) ની માતા પોતે આવી આપને ધવરાવ્યા, ત્યારે જ હઝરતે માતાનું દુધ પીધું. દરમ્યાન વઝીર હામાન ત્યાં આવી પહોંચ્યો. તેણે હ. મુસાની માતાને કહ્યું કે એમ જણાય છે કે આ બાળકના તમે માતા હોવા જોઇએ. હજરતની માતાએ કહ્યું: તમે કહો છો તેમ નથી પણ તેને મારૂં દુધ ગમતું હશે.

ફિરઓને હ. મુસા (અ) ની માતા કે જેણી એક દાઇ તરીકે આવતી હતી, તેને કહ્યું કે તમને ધવરાવવાના બદલા તરીકે દરરોજ એક દીરમ આપવામાં આવશે. તે મુજબ દરરોજ પોતે પોતાના પુત્રને દુધ પીવરાવતા હતા.

અહીં અલ્લાહે પોતાનો કોલ પુરો કર્યો હતો. આપણે અગાઉ જાણી ગયા છીએ કે, હઝરતની માતા ફીરઓનના સીપાહીઓથી પુત્રને બચાવવા ગભરાટ અનુભવી રહયા હતા, ત્યારે ખુદાએ ફરમાવ્યું હતું તેને પુર્ણ કરતા પુનઃ ફરમાવ્યું: "ફરી અમે પહોંચાડયો મુસાને તેની માતા તરફ કે જેથી તેની આંખો ઠંડી રહે અને સમજે કે અલ્લાહે કરેલો વાયદો સત્ય છે."

હ. મુસા (અ.) બાળક હતા ત્યારે ફીરઓને એક દીવસ તેને ગોદમાં લઇ ચુંબન કરવા લાગ્યો, તે વખતે હઝરતે તેની જવાહેરથી શણગારેલી દાઢી એક

હાથથી પકડી, બીજા હાથથી તમાચો મારી દીધો. આથી ફીરઓનને એટલો બધો ક્રોધ ચડયો કે હ. મુસાને મારી નાંખવાનો હુકમ કરતા કહયું કે કદાચ આ તેજ છોકરો છે કે જેના હાથે મારો દેશ બરબાદ થવાનો છે પણ તેના સ્ત્રી આશિયાખાતુને વચ્ચે પડી અને તેને સમજાવીને કહયું કે, એ તો માત્ર એક બાળક છે અને બચ્ચાઓની રમત પણ નીર્દોષતાભરી હોય છે; પણ તમારા ખ્યાલ કે કહેવા મુજબ તે બની ઇસરાઇલમાંથી તો નથી જ. એટલામાં વજીર હામાન ત્યાં આવી પહોંચ્યો અને તેણે બનેલી હકીકત સાંભળીને કહયું કે, એ બાળકને અજમાવવા માટે એક ખુમચામાં રત્ન અને બીજામાં બળતો કોયલો મુકીએ, જો તે બની ઇસરાઇલમાંથી હશે તો રત્નવાળા થાળમાં હાથ નાખી રત્ન ઉપાડશે. સુચના મુજબ ખુમચા મંગાવી હ. મુસા સમક્ષ મુકયા હઝરતે રત્નના ખુમચા તરફ હાથ લાંબો કરે છે એટલામાં જ ખુદાના હુકમથી હ. જીબરાઇલ અમીને આવીને હ. મુસા (અ.) નો હાથ પકડીને આગના ખુમચામાં નાખ્યો અને તેમાંથી એક અંગારો લઇને હ. મુસા (અ.) એ પોતાના મોઢામાં મુકયો, એથી આપની જીભ સહેજ ઇજા પામી. આ દ્રષ્ય આશિયાખાતુને નીહાળી ફીરઓનને તેણીએ કહયું કે, જુઓ આ બાળક બની ઇસરાઇલમાંથી નથી પછી ફીરઓને હઝરતને ગોદમાં લઇ પ્યાર કરી, તેમની માતાને હવાલે કર્યાં.

હ. મુસા (અ.) કંઇક સમજણા અને મોટા થતાં, ફીરઓન તેમને પોતાની પાસે બેસાડતો અને જ્ઞાન તથા હીકમતભરેલી વાતો તેમની પાસેથી સાંભળતો અને ખુશી થઇ તેમને પ્યાર કરતો. એમ કરતાં હઝરતની ઉમર વીશ વર્ષની થઇ, ત્યારે ફીરઓને તેમની શાદી ખુબ દબદબા સાથે કરી અને તેમને 'હરસુન અને બલકા' નામના બે પુત્રો થયા.

## મીસરથી મદીયન તરફ હ. મુસા (અ.) નું પ્રયાણ

એક દીવસ બપોરના સમયે હ. મુસા (અ.) ફરવા નીકળ્યા, માર્ગમાં એક કીબ્તી જમાદાર તથા સામરી નામના ઇસરાઇલ મજુર વચ્ચે તકરાર થતી જોઇ. તપાસ કરતાં જણાયું કે કીબ્તીએ ઇસરાઇલની સ્ત્રી ઉપર જુલમ ગુજારવાના સબબે બન્ને વચ્ચે તકરાર થઇ હતી, અને જમાદાર પેલા ઇસરાઇલને ઘણી ક્રુરતાભરી રીતે માર મારતો હતો. હ. મુસા (અ.) એ ત્યાં જઇ કીબ્તીને તેમ નહી કરવા ઘણો સમજાવ્યો પણ એથી તો એ તેને વધુ મારવા લાગ્યો. આ જોઇ હ. મુસા (અ.) એ ન છુટકે ઇસરાઇલને એ ઝાલીમના પંજામાંથી મુકત કરાવવા કીબ્તી જમાદારને એક મુકી મારી અને જમાદાર જમીન ઉપર પડી ગયો

અને મરણુ પામ્યો. આ વખતે ત્યાં કોઇ નહી હોવાથી હઝરતે ઇસરાઇલને નસાડી મુકયો અને પોતે ખુદાતઆલાની હુજુરમાં અર્જ કરી કે, યા બારીતઆલા ! આજે મેં ભારે જોખમ ખેડયું છે બલકે ખરૂં જોતાં મેં જુલ્મ કર્યો છે, આ ગુના માટે માફી માંગુ છું એ બારીતાલા મારી આ ભુલ માફ કરજે, તું મહાન રહેમતનો કરનાર છે. એ પ્રમાણે દુઆ ગુજારી તેવણુ પોતાને સ્થાને ચાલ્યા ગયા.

ત્યારબાદ કેટલાક કીબ્તીઓ ત્યાંથી પસાર થતા હતા તેમણે તેમના સરદારને મરણુ પામેલો જોયો, એથી ફરીયાદ કરવા તેઓ ફીરઓન પાસે ગયા. ફરીયાદ સાંભળી ફીરઓને કહ્યું કે, ખુન કરનારને મારી પાસે હાજર કરો. કીબ્તીઓએ ઘણી શોધખોળ કરી પણુ તેઓ ખુનીને મેળવી શકયા નહી અંતે ફીરઓન લાચાર બની ખામોશ રહયો.

બીજા દીવસની સવારે હ. મુસા (અ.) બીતા બીતા ગામમાં ફરીથી ફરવા નીકળ્યા, ત્યારે આપે જોયું કે એક કીબ્તી પેલા જ ઇસરાઇલ શખ્સને માર મારી રહયો છે. જ્યારે ઇસરાઇલની નજરે હ. મુસા (અ.) પડયા ત્યારે તેણે વીનંતી કરી પોતાને છોડાવવા કહ્યું. હ. મુસા (અ) એ ત્યાં જઇ ઇસરાઇલ પર ક્રોધે ભરાઇ કહ્યું કે સાચેજ તું રાહ ભુલેલો ખરાબ શખ્સ છે. રોજ આવા શખ્સોથી ઝગડે છે ને મને પણુ તેમાં શા માટે સંડોવે છે?

આવા અનેક જુલ્મો ઇસરાઇલીઓ ઉપર થતાં જોઇ આપની સહનશકિત પણુ ખુટી ગઇ હતી. તેમાં છેલ્લા બે દીવસના બનાવોથી તેમને સખત આઘાત લાગ્યો અને આપ ઘણાં જ ક્રોધે ભરાણા. એ જોઇ પેલા ઇસરાઇલને લાગ્યું કે, કદાચ હ. મુસા (અ) આજે પણુ આ કીબ્તીને કજા કરશે. વળી મારા ઉપર પણુ ક્રોધે ભરાણા છે તેથી મને પણુ કદાચ મારશે એટલે તેણે ભયભીત બની કહ્યું કે, અય મુસા, શું આજે પણુ તમે મને મારવાનો ઇરાદો કર્યો છે, કે જેવી રીતે ગઇ કાલે પેલા કીબ્તીને તમે મારી નાખ્યો હતો? ખરેખર તમે આ મુલકના એક બળવાન પુરૂષ છો.

સામરીના કહેવાથી કીબ્તી સમજી ગયો કે, ગઇ કાલે ખુન કરનાર મુસા પોતેજ છે. તેણે હ. મુસા (અ) ને કહ્યું કે કાલે પણુ એક કીબ્તીનું ખુન તમે-જ કર્યું છે, હું બાદશાહને હમણાં જ તેની જાણુ કરૂં છું. એમ કહી તે દોડતો દોડતો ફીરઓનના દરબારમાં ગયો.

કીબ્તીને ફીરઓન પાસે જઇ રહયાનું જાણી, હ. મુસા (અ.) ગભરાટમાં

પડી ગયા અને ત્યાંથી તરત જ પોતાની માતા પાસે જઇ તેમને બનેલી હકીકતની જાણ ખાનગી રીતે કરી રહ્યા હતા, તેવામાં એક શખ્સે આવીને સમાચાર આપ્યા કે, અય મુસા! ફીરઔન તમને મારી નાંખવાની તજવીજ કરી રહ્યા છે, માટે જલદી ક્યાંક ચાલ્યા જાઓ, ખાત્રી રાખો કે હું તમારૂં ભલું ઇચ્છનારામાંનો છું.

હ. મુસા (અ.) એ આ હકીકત સાંભળી માતાથી વીદાય લઇ, ભયભીત બની ઘરની બહાર આવી ખુદા પાસે અરજ કરી કે, યા ખુદા, હું મદીયનના રસ્તાથી અજાણ છું માટે તું મારો માર્ગદર્શક બની મને આ જાલીમ કોમથી બચાવજે. એમ દુઆ ગુજારી તેવણ અલ્લાહના આસરે મદીયન ગામ બહારના એક કુવા પાસે આવી પહોંચ્યા. અંહી કેટલાક પુરૂષો પોતાના જાનવરોને પાણી પીવડાવતા હતા. તેમનાથી થોડેક દુર બે સ્ત્રીઓ પોતાની બકરીઓ સાથે ઉભી હતી. હ. મુસા (અ) એ એ બાનુઓને પુછ્યું કે, તમે શા માટે ઉભા છો? જવાબમાં એ સ્ત્રીઓએ જણાવ્યું કે, પાણી સીંચવાની ડોલ બહુ વજનદાર છે એટલે બકરીના રખેવાળની રાહ જોઇ રહ્યા છીએ. તે આવીને પાણી સીંચી આપશે. જો કે ઘરે જવામાં મોડું તો થાય છે. અમારો બાપ જઇફ છે પણ બકરીઓને પાણી પીવરાવ્યા વગર અમારાથી જવાય તેમ નથી. હ. મુસા (અ.) એ ભરવાડોના જવા પછી તે સ્ત્રીઓ માટે પાણી ભરી બકરીઓને પીવરાવ્યું. તે બાદ આપ એક બાજુ છાયામાં જઇ અલ્લાહની બંદગીમાં મશ્ગુલ થયા.

પેલી બે બાનુઓ હ. શોએબ (અ.) ની પુત્રીઓ હતી. તેમના નામો 'સફુરા' અને સફીરા હતા તેણીઓ ઘરે આવતા તેમના પિતાએ આટલા જલદી આવી જવાનું કારણ પુછ્યું. સફુરાએ જણાવ્યું કે એક યુવાન શખ્સે અમારી બકરીઓને પાણી સીંચીને પીવરાવી આપ્યું. એ સાંભળી હ. શોએબ (અ.) એ ફરમાવ્યું કે, અય બેટી, જલદી જાઓ અને તેને ઘરે તેડી લાવો કે આપણે તેની મહેનતનો બદલો ચુકાવી આપીએ. પિતાની આજ્ઞા અનુસાર હ. શોએબ (અ.) ની મોટી દીકરી 'સફુરા' એ શરમાતી શરમાતી હ. મુસા (અ.) પાસે આવીને કહ્યું કે, અય હઝરત! આપ અમારા ઘેર ચાલો. અમારા પિતા આપને યાદ કરે છે. હ. મુસા (અ.) એ ફરમાવ્યું કે તેવણ શા માટે મને બોલાવે છે? સફુરાએ કહ્યું કે, તેમની ઇચ્છા તમે લીધેલી મહેનતનો બદલો આપવાની છે.

હ. મુસા (અ.) સાત દીવસના ભુખ્યા અને થાકેલા હતા, એટલે હ. શોએબ (અ.)ના આમંત્રણને માન આપી સફુરા સાથે જવા તૈયાર થયા અને ચાલતા પહેલા આપે ફરમાવ્યું કે, સાહેબઝાદી તમે મારી પાછળ પાછળ ચાલો

કારણ કે પરાઇ સ્ત્રીના પાછળ ચાલી પગ જોવા એમાં ગુના છે. એ ઉપરથી સફુરા આપની પાછળ રહી પોતાના ઘરની એંધાણી સુચવતી ચાલી તે મનમાં કહેવા લાગી કે, આ જુવાન કોઇ નેક અને પરહેઝગાર શખ્સ જણાય છે.

હ. મુસા (અ.) સફુરા સાથે હ. શોએબ (અ.) ના ઘરે આવી ફીરઔનની સઘળી હકીકતથી તેમને વાકેફ કર્યા, જેથી હ. શોએબ (અ.) એ ફરમાવ્યું કે, હવે જરા પણ ભય રાખશો નહી; ઇન્શાહઅલ્લાહ જાલીમ કોમથી તમે છુટકારો મેળવ્યો છે.

ત્યાર બાદ સફુરાએ પોતાના પિતાને કહયું કે, જો તમારી ઇચ્છા હોય તો આવેલા મહેમાનને આપણે ત્યાં નોકરી રાખીએ કારણ કે, તે એક સશક્ત અને ઇમાનદાર શખ્સ છે

હ. શોએબ (અ.)એ પોતાની પુત્રીને કહયું કે તે ઇમાનદાર છે એમ તમે શા ઉપરથી કહો છો? સફુરાએ જવાબમાં કહયું કે, આપના કહેવાથી હું તેમને તેડી લાવવા ગઇ ત્યારે એમણે મને કહયું કે, તમે મારી પાછળ ચાલો કે જેથી હું તમારા પગ જોઇ શકું નહીં કારણ કે પરાઇ સ્ત્રીના પાછળ રહી પગ જોવા એ ગુનાનું કામ છે. તેમની એવી દાનાઇ ભરેલી વાતચીત તથા તેમની ચાલચલણથી મને ખાત્રી છે કે તેઓ ભરોસાપાત્ર અને ઇમાનદાર, નેક અને પરહેઝગાર શખ્સ છે.

એ ઉપરથી હ. શોએબ (અ.) ને ખાત્રી થઇ કે, હ. મુસા અમાનતદાર અને પરહેઝગાર, નેક શખ્સ છે અને તેમને નોકરી ઉપર રાખવા અને સફુરા સાથે લગ્ન કરી આપવા તેમણે મનમાં નક્કી કરી લીધું. બાદ આપે હ. મુસા (અ.) ને ફરમાવ્યું કે, તમો ૮ થી ૧૦ વર્ષ સુધી મારી બકરીઓ ચરાવવાની નોકરી કરો તો હું મારી બે દીકરીમાંથી એકની સાથે તમારી શાદી કરી આપીશ. જવાબમાં હ. મુસા (અ.) એ કહયું કે ભલે હું તેમ કરવા તૈયાર છું, પણ આપે આપેલા કોલ ઉપર આપ સાબીત રહેશોને? હ. શોએબ (અ.) એ તેમની ખાત્રી કરાવી આપવા લગ્નની મહેર તરીકે ૮ વર્ષનું નોકરી નામું લખાવી લઇ, પોતાની દીકરી સફુરા સાથે હ. મુસા (અ.) ની શાદી કરી આપી.

'કસસુલ અંબીયા' ના ઉલ્લેખ પ્રમાણે હ. શોએબ (અ.) પાસે 'અસા' (લાકડી) હતી કે જે હ. આદમ (અ.) જયારે પૃથ્વી ઉપર આવ્યા ત્યારે ખુદાતઆલાએ તેમને આપી હતી, અને તે ઉત્તરોત્તર દરેક પયગમ્બરને વારસામાં મળતી

રહેતી હતી અને તે મુજબ હ. શોએબ (અ.) ને પણ એ મળી હતી. તે 'અસા' હ. શોએબ (અ.) એ હ. મુસા (અ.) સામે મુકી ફરમાવ્યું કે, અય મુસા, આ 'અસા' ને જો તમે જમીન ઉપરથી ઉપાડી લેશો તો તે હું તમને આપી દઇશ. કારણ કે આ અસાને તેનો હકદાર હોય તેજ ઉપાડી શકે છે. આ સાંભળી હઝરતે અસાને ઉપાડી લીધી. હ. શોએબ (અ.) એ આ કરામત નીહાળી ફરમાવ્યું કે, અય મુસા! ખુદાતઆલા તમને પયગમ્બર મુર્સલિન બનાવશે ઉપરાંત એક બીજી પણ વાત તમને કહી દઉં કે તમે જયારે બકરીઓ ચરાવવા જાઓ ત્યારે મયદાનના અમુક ભાગ તરફ જશો નહી; કારણ કે ત્યાં ઘણા અજગરો છે અને તે બકરીઓને ખાઇ જશે.

એક દીવસ એવું બન્યું કે, મનાઇ કરેલા મયદાનની હદમાં આવી તી બકરીઓ ચાલી ગઇ. હ. મુસા (અ.) એ તેમને રોકવા ઘણી કોશીશ કરી પણ તેમાં તેઓ ફાવ્યા નહી. અંતે આપ લાચાર થઇ એક ટેકરા ઉપર જઇને બેઠા અને 'અસા' ને પોતાની પાસે રાખી કહયું કે, અય અસા ખબરદાર રહેજે. જો અઝદા આવે તો તેને મારી નાખજે. ત્યારબાદ હઝરત નીંદ્રાવશ થઇ ગયા તેટલામાં એક અઝદા ખોરાક શોધતો શોધતો બકરીઓના ધણ પાસે આવી ચડયો, એને જોતા જ હ. મુસા (અ.) ની અસા (લાકડી) અઝદા બની ગઇ અને આવેલા અઝદાને મારી નાંખ્યો અને પાછી 'અસા' બની ગઇ. થોડીવાર પછી હઝરત જાગ્રત થયા અને જોયું તો એક મરેલો મોટો અઝદા પડેલો છે. આ જોઇ આપ ઘણા જ ખુશી થયા અને બકરીઓને લઇ ઘેર આવ્યા ઘેર આવી જંગલમાં બનેલી હકીકત હ. શોએબ (અ.)ને કહી સંભળાવી. આ સાંભળી હ. શોએબને યકીન આવ્યું કે, હ. મુસા (અ.) જરૂર પયગમ્બર મુર્શલ થશે.

કરાર અનુસાર હ. મુસા (અ.) હ. શોએબની બકરીઓ ચાર વર્ષ ચરાવ્યા પછી જ્યારે પાંચમું વર્ષ બેઠું ત્યારે હ. શોએબ (અ.) એ હ. મુસા (અ) ને ફરમાવ્યું, તમારા નશીબે અમારી બકરીઓ આ વર્ષે નર બચ્ચા, છઠે વર્ષે માદા બચ્ચા, સાતમે અને આઠમે વર્ષે કાળા તેમજ સફેદ રંગના જેટલા બચ્ચાઓ આપશે તે સઘળા અમે તમને ભેટ આપશું. ખુદાતઆલાની કુદરતથી તેમજ બન્યું અને હ. શોએબ (અ.) એ બકરીના સઘળા બચ્ચાઓ હઝરતને અર્પણ કર્યા અને હ. મુસા (અ) પણ પોતાની પત્ની બીબી સફુરાની મહેર અદા કરી કરજથી મુકત થયા.

ત્યારબાદ હ. શોએબ (અ.) એ ફરમાવ્યું કે, અય મુસા આ બધી બકરીઓ ઉપરાંત મારી માલમતા અને પુત્રી સફુરા વગેરે હું તમને અર્પણ કરૂં છું અને તમે તમારી ઇચ્છા અનુસાર જયાં જવું હોય ત્યાં જઇ શકો છો.

# હઝરત મુસા (અ.) નું મીસર જવું અને તેમને પયગમ્બરી મળવી

હ. મુસા (અ.) એ પોતાની બીબી સફુરાની મહેર અદા કર્યા પછી તેમની ઇચ્છા મીસર તરફ જવાની થઇ; કારણ કે ત્યાં બની ઇસ્રાઇલીઓ ઘણી જ દુઃખી હાલતમાં હતા. તેવણુ પોતાની પત્ની બીબી સફુરા તેમજ દાસીઓ અને જાનવરો અને સલામતી સાથે મીસર તરફ જવા રવાના થયા. માર્ગમાં 'કોહેતુર' પાસેના જંગલમાં આપે રાતવાસો કર્યો તે દરમ્યાન ત્યાં ગાજવીજ સાથે વરસાદ તુટી પડયો, પવન જોરથી ફુંકાવા લાગ્યો, શરદી સખ્ત પડવા લાગી આ વખતે બીબી સફુરા કે જેવણ ગર્ભવંતા હતા તેમને પ્રસુતીની વેદના થવા લાગી બીબીને શરદીથી બચાવી લેવા આગ સળગાવવા હ. મુસા (અ.) એ ચકમકના પથરોને ઘસ્યા, પણ ઠંડીને લઇને તેમાંથી આગ ઉત્પન્ન થઇ નહીં એથી તેઓ ચારે તરફ આગની શોધ કરવા લાગ્યા. ખુદાની કુદરતથી તેમને કોહે-તુર (જેને સીનાઇ તરીકે પણ ઓળખવામાં આવે છે) ઉપર આગના ભડકા જેવું કંઇક નજરે પડયું.

આ પહેલાં હ. મુસા (અ.) થી બીબી સફુરાને 'ગેરસામ' નામનો એક ફરજંદ મદીયનમાં જનમ્યો હતો અને આ બીજો પ્રસવકાળ હતો.

સીનાઇ નામથી ઓળખાતા પહાડને બે ઉંચી ટોચ હતી -જેમાંની એકનું નામ 'સીનીન' અને બીજાનું નામ 'હોરેબ' હોવાનું બાયબલમાં જણાવ્યું છે અને ઇસ્લામી ઇતિહાસમાં તેને 'તુર' ની સંજ્ઞા આપવામાં આવી છે.

ઇસ્લામી તવારીખમાં જણાવ્યા મુજબ હ. મુસા (અ) નો કબીલો તુર પહાડની પાસે પહોંચતા બીબી સફુરાને પ્રસુતીની વેદના થવા લાગી. બીજી તરફ હ. મુસા (અ.) ને દુર દુર આગના ભડકા જેવું કંઇક જોવામાં આવ્યું, તેથી આપે બીબી તથા સાથીઓને કહ્યું કે મને સામે અગ્નિ જેવું કાંઇક દેખાય છે. એટલે ત્યાં જઇ આગ લઇ આવું છું. સાથીઓને અને બીબીને એ મુજબ કહી હઝરત 'મુસા' સાથે તે તરફ રવાના થઇ, કોહેતુર પાસે આવી તે ઉપર ચડવા લાગ્યા. રસ્તામાં 'તોવા' નામની એક ખીણ આવી; ત્યાં બોરડીનું (ઉનાબનું) એક ઝાડ હતું, જેની ઉપર અગ્નિ નહી પણ ખુદાનું નુર ચમકતું હતું આપ તે રોશની પાસે ગયા તેટલામાં તેમના કાને અવાજ આવ્યો કે, "આ નુરની નજદીક અને આસપાસ જે છે, તે બરકતવાળું છે, ખુદાતઆલા કે જે દુનીયાનો રબ છે તેની અપાર શક્તિઓના વખાણ! અય મુસા! હું અલ્લાહ છું, અઝીઝ અને હકીમ છું."

સુરતે તાહા માં એ વાંષે જે જણાવ્યું છે તેનો સારાંશ એમ છે કે, જ્યારે તે તેના નઝદીક આવ્યા ત્યારે અવાજ આવ્યો કે, "અય મુસા! ખચીત હું તારો રબ છું. તારા જુતા કાઢી નાંખ કેમકે તું તોવાની પાક ખીણમાં છે. મેં તને (લોકોની હીદાયત માટે) પસંદ કર્યો છે, માટે જે તને વહી કરવામાં આવે તે ધ્યાનથી સાંભળ. ખચ્ચીત હું અલ્લાહ છું, મારા સીવાય બીજો ખુદા નથી વાસ્તે મારી બંદગી કર અને મારૂં સ્મરણ કરી મારી જ ઇબાદત કર. ખચીત વખત આવી પહોંચ્યો છે અને દરેક જીવને તેના કાર્યના પ્રમાણમાં બદલો આપવાનું જાહેર થશે. તે માટે જે ઇન્સાનો પોતાની હલકી ઇચ્છાઓને તાબે થઇ તેની પેરવી કરે છે, તેઓ તને ખોટે માર્ગે દોરવે નહી. તેની સંભાળ રાખજે."

આ હકીકત બાયબલમાં એકઝોદસ (Exodus) નામના બીજા ભાગના ત્રીજા પ્રકરણમાં એ પ્રમાણે જણાવેલ છે કે: "એને તેણે કહ્યું, અહીં નઝદીક આવીશ નહી, તારા પગમાંથી તારા જુતા કાઢી નાંખ, કારણ કે જે જગ્યાએ તું ઉભો છે, તે જગ્યા પાક છે. હું તારા પીતાનો ખુદા છું. એ સાંભળી મુસાએ પોતાનું મોઢું ઢાંકયું કેમકે તે ખુદાને જોવાથી બીતો હતો."

તે પછી ફરી અવાજ આવ્યો કે, "અય મુસા તારા જમણા હાથમાં શું છે?" આપે અરજ કરી કે મારી લાઠી છે, જેને હું બકરીઓના ખોરાક માટે ઝાડના પાંદડા તોડવા અને મારા કેટલાક કામો માટે ઉપયોગમાં લઉં છું. ત્યારે ખુદાનો હુકમ થયો કે, મુસા લાકડી ફેંકી દે. હઝરતે તરત જ તેને ફેંકી દીધી, એટલે એ અઝદહા બની ગયો અને અહીંતહીં નાશભાગ કરવા લાગ્યો. એ જોઇ હ. મુસા (અ) ડરના લીધે કાંપવા લાગ્યા, એટલે ઇલાહી ફરમાન થયું કે, મુસા ડર્યા વગર તેને પકડી લે! અમે તેને જેવી હતી તેવી લાકડી બનાવી દઇશું. ઇલાહી હુકમને તાબે થઇ હ. મુસા (અ.) એ અઝદહાને પકડી લીધો કે તરત જ તે 'અસા' બની ગઇ અને હાથમાં આવી ગઇ.

ફરી હુકમ થયો કે, અય મુસા! તારા હાથને તારા સીના ઉપર રાખ. હુકમ અનુસાર હઝરતે હાથને પોતાના સીના ઉપર મુકયો કે તરત જ આપની હથેળીમાં સુર્યની માફક રોશની ઝળહળી ઉઠી. આવી રીતે ખુદાએ તેમને બે કરામતોની બક્ષીશ કરી, જેમાંની એક 'અસા' જેનાથી હઝારો મોજીઝા થઇ શકે, બીજી 'યદે બયઝા' યાને રોશનીવાળો નુરાની હાથ. આમ બે કરામતો ઇનાયત કરવાનો હેતુ એ હતો કે લોકો હ. મુસા (અ.) ને પયગમ્બર માની તેના ઉપર ઇમાન લાવે અને સત્યના માર્ગ ઉપર ચાલે.

લાકડીનું સર્પ બની જવું અને હાથ નુરાની થઇ જવો, એ સંબંધમાં જુદા જુદા વીદ્વાનોમાં ભીન્નભીન્ન મત છે. ખ્રીસ્તી ધર્મ-ગુરૂઓની માન્યતા સંબંધમાં સાઇમન પેત્રીક નામનો બીશપ પોતાની કોમેનટરીમાં જણાવે છે કે, "મુસા નબીને આવીને શકિત હોવી એ ઘણું જરૂરનું હતું, કારણ કે તેમને જે કાર્ય સુપ્રત કરવામાં આવ્યું હતું, તેની ખાત્રી આવી અસાધારણ શકિત વગર લોકોને થવી મુશ્કીલ હતી."

તેથી જ ખુદાતઆલાએ મુસા નબીને તેના કાર્યમાં મદદરૂપ થવા બે નીશાનીઓ આપી હતી. એક અંબીયાઓની 'અસા' જે જમીન ઉપર ફેંકવાથી અઝદા બની જતી, જ્યારે બીજી નીશાની પોતાનો હાથ છાતી ઉપર મુકતાં જ તે નુરાની બની જતો હતો.

અલ્લાહે 'તુર-સિના' યાને સીનાન પહાડ ઉપર હ. મુસા (અ.) ને નબુવ્વત સોંપી, અને ફીરઔન પાસે જઇ ખુદાવંદે કરીમની વહેદાનીયત શીખવવા તથા ઇસરાઇલીઓને તેની ગુલામગીરીમાંથી મુકત કરાવવા હુકમ કર્યો.

હ. મુસા નબીએ અરજ કરી કે, યા રબ! મારો પરીવાર અને બકરીઓ જંગલમાં પડયા છે. હું મીસર કેવી રીતે જાઉં ? નીદા આવી કે, અય મુસા! અમે તારી બીબીની ખીઝમત માટે બહેરતથી હુરાઓ અને બકરીઓની રક્ષા માટે વરૂઓને મોકલ્યા છે માટે ફીકર કર નહી. મુસા નબીએ ફરી અરજ કરી કે, યા રબ! મેં મીસરમાં એક શખ્શનું ખુન કર્યું છે તેથી મને બીક લાગે છે કે, કદાચ તેઓ મને મારી નાખશે, માટે મારા મનને મજબુત બનાવ, મારી ઝબાનને ખુલ્લી કરી આપ (આપણે અગાઉ જોઇ ગયા તેમ તેમની ઝબાન બાળવયમાં જયારે તેવણ ફીરઆનના ઘરમાં હતા તે વખતે આપ કઇ કોમમાંથી છે તેની અજમાયેશ કરતાં રહેજ બળી ગઇ હતી. તેથી સ્પષ્ટ બોલી શકતા નહોતા, તે ઉપરથી આપે અરજ કરી કે મારી જબાનને ખુલ્લી કરી આપ) કે જેથી તેઓ મારી વાતને કબુલ કરી લે, અને મારા કુટુંબમાંથી મારા ભાઇ હારૂનની મદદ મને ઇનાયત કર, જે મને મારા કામમાં મદદ કરે.

ખુદાતઆલાએ ફરમાવ્યું કે, અય મુસા! તારી મદદ માટે અમે તારા ભાઇ હારૂનને તને સોંપીશું, ઉપરાંત તમને તે લોકો ઉપર ર્ તેદ આપશું, એટલે તેઓ તમને કાંઇ પણ કરી શકશે નહી. હવે તું અને તારો ભાઇ બન્ને અમારી નીશાનીઓ સાથે ફીરઔન પાસે જાઓ. ફીરઔન ઘણો જુલ્મી બની ગયો છે તેને તમે

નમ્રતાપુર્વક સમજાવજો. ઇલાહી આઝાબની બીક બતાવજો કદાચ તેથી તે તમારી નસીહત ગ્રહણ કરે. તમે અમારી યાદથી ગાફેલ રહેજો નહી.

હ. મુસા (અ.) એ ફરીને અરજ કરી કે, યા બારીતઆલા, મને ભય છે કે કદાચ ફીરઔન ગુસ્સામાં આવી અમારા ઉપર જુલ્મ ગુજારશે.

હુકમ થયો કે, મુસા ! ડર નહી, અમે તારી સાથેજ છીએ. અમે દરેક બનાવો સાંભળી અને જોઇએ છીએ. આમ ખુદાએ નસીહતો કરી, હ. મુસા (અ ) ને તુર ઉપરથી રવાના કર્યા.

જે મેદાનમાં બીબી સફુરા હતા ત્યાં હ. મુસા (અ.) એ આવીને જોયું તો, બીબીએ એક બાળકને જન્મ આપ્યો છે અને તેની ખીઝમતમાં અલ્લાહે સ્વર્ગથી મોકલેલી હુરાઓ હાજર છે. તેમજ વરૂઓ બકરીઓની સંભાળ લઇ રહયા છે હ. મુસા (અ.) એ પોતાની બીબીને અલ્લાહ સાથે તુર ઉપર થયેલી વાતથી વાકેફ કરી અને કબીલાને તેજ મેદાનમાં રાખી, પોતે ‘અસા લઇ ત્યાંથી મીસર તરફ જવા રવાના થયા.

મીસરમાં આવી હ. મુસા (અ.) પોતાના માતા–પિતા તથા બહેન અને ભાઇ હારૂનને મળવા તેમને ઘરે ગયા. વર્ષો પછી થયેલી મુલાકાતથી સૌએ આનંદ અશ્રુઓ વહાવ્યા. ત્યારબાદ હ. મુસા (અ.) એ મદીયનની હકીકત સવીસ્તર તેમને કહી સંભળાવી. તે સાથે પોતાના ભાઇ હારૂનને ફરમાવ્યું કે, ખુદાતઆલાએ ‘કોહેતુર’ ઉપર મારાથી હમ–કલામ કરવાની કરમબક્ષીશ ફરમાવી છે (તે ઉપરથી આપનું નામ મુસા કલિમુલ્લાહ પડયું.) અને મને પયગમ્બર બનાવી ફીરઔનને હીદાયત કરવા મોકલ્યો છે; અને મને મદદ કરવા તમને પણ હુકમ કર્યો છે. ખુદાએ મોજીઝા કરવા મને બે કરામતોની બક્ષીશ પણ કરી છે. એ સાંભળી હ. હારૂન ઘણા રાજી થયા અને ત્યાંથી રવાના થઇ બન્ને ભાઇ ફીરઔનના મહેલના દ્વાર પાસે આવી પહોંચ્યા.

તેમને આવેલા જોઇ દરવાને તેમને આવવાનું કારણ પુછયું. જવાબમાં હ. મુસા (અ.) એ જણાવ્યું કે, અમે ફીરઔનને મળવા માગીયે છીએ.

દરવાને કહયું કે, ફીરઔન તો અમારો ખુદા છે.

હ. મુસા (અ.) એ ફરમાવ્યું કે, “ફીરઔન ખુદા હોઇ શકે નહી. તમારા

બાપદાદાનો, તમારો અને તમારી ઓલાદનો ખુદા એક છે, અને તેનો કોઇ ભાગીદાર નથી."

દરવાને ફીરઓન પાસે જઇ એ વીષેની જાણ કરી, જે સાંભળી તે સખ્ત નારાજ થયો, અને તેમને અંદર મોકલી આપવા હુકમ કર્યો. દરવાનની સૂચના અનુસાર હ. મુસા (અ.) તથા હ. હારૂન ફીરઓનની રૂબરૂ હાજર થયા. તેમને જોઇ તેણે પુછ્યું કે, તમે શા માટે આવ્યા છો?

હ. મુસા (અ.) એ ફરમાવ્યું કે, ખુદાતઆલાએ મને પયગમ્બર બનાવી તમને હીદાયત કરવા મોકલ્યા છે.

ફીરઓને કહ્યું કે, શું તમને મેં બાળપણથી ઉછેરી મોટો નથી કર્યો?

હ. મુસા (અ.) એ ફરમાવ્યું કે, શું એ મહેરબાનીના બદલામાં તમે ઇસરાઇલના ફરઝંદોને ગુલામ તરીકે રાખવા માંગો છો?

ફીરઓને કહ્યું કે, દુનીયાનો રબ કોણ છે?

હ. મુસા (અ.) ફરમાવ્યું કે, પૃથ્વી અને આકાશ અને એ બન્ને વચ્ચે જે કાંઇ પણ છે તે બધાનો પયદા કરનાર એક ખુદાતઆલા છે.

ફીરઓને કહ્યું કે, જો તમે મારા સીવાય બીજા કોઇને ખુદા તરીકે માનશો તો હું તમને કેદમાં નાખીશ.

હ. મુસા (અ.) એ ફરમાવ્યું કે, ખુદાએ મને તમારા ઉપર પયગમ્બર બનાવી મોકલ્યો છે માટે ઇમાન લાવી કલમો પડો.

ફીરઓને કહ્યું કે, હું કલમો પડું તો તમારો ખુદા મને શું આપશે?

હ. મુસા (અ.) એ ફરમાવ્યું કે, જો તમે ઇમાન લાવશો તો ખુદા તમને ત્રણ નીયામતોની બક્ષીશ કરશે; જેમાંની એક તો જવાની, બીજું પુર્વથી પશ્ચીમ સુધીની બાદશાહી, અને ત્રીજું વધુ એકસો વર્ષની ઉમર.

તે ઉપરથી ફીરઓને કહ્યું કે, અય મુસા, મને વીચાર તથા સલાહ મશવેરો કરવા મુદત આપો. હું તમને આવતી કાલે એનો જવાબ આપીશ. બાદ હ. મુસા (અ.) તથા હ. હારૂન ત્યાંથી રવાના થઇ પોતાના ઘરે આવી પહોંચ્યા.

ત્યારબાદ બીજે દીવસે હ. મુસા (અ.) પોતાના ભાઇ હારૂન સાથે દરબારમાં આવ્યા. તેમને જોઇ ફીરઓને કહ્યું કે, અય મુસા! તમારી પયગમ્બરીની સાબીતી શું છે?

હ મુસા (અ.) એ ફરમાવ્યું કે, હું પયગમ્બર છું એની ખાત્રી માટે એક ચમત્કાર તમારી સમક્ષ કરી બતાવું તો પછી તો તમે ઇમાન લાવશોને?

ફીરઓને કહ્યું કે, અગર તમે સાચા પયગમ્બર હો તો તમારો એવો કોઇ મોજીઝો કરી બતાવો.

હ. મુસા (અ.)એ તેજ વખતે પોતાના હાથમાંની લાકડી (અસા) ને ભોંય પર ફેંકી કે તે એક રાક્ષસી આકૃતીનો અઝદાહ બની જઇ મોઢું ફાડી ફીરઓન તરફ ધસવા લાગ્યો. તેના મોઢામાંથી અગ્ની જવાળા નીકળી રહી હતી. આ જોઇ ફીરઓનથી ચીસ પડાઇ ગઇ. તે પોકારી ઉઠયો કે, અય મુસા! તમે મને દઆવત કરવા આવ્યા છો કે મારી નાંખવા? ખુદા ખાતર એને ઉંચકી લ્યો. હ. મુસા (અ.) એ એ અઝદાહ (અજગર) ને ઉંચકી લેતાં તે ફરી લાકડી બની ગઇ.

ત્યારબાદ ફીરઓને કંપતાં કંપતાં હ. મુસા (અ.) ને કહ્યું કે, " હું સોગંદ ખાઇને કહું છું કે તમે કોઇ બીજો ચમત્કાર દેખાડશો તો હું તમારા દીન ઉપર ઇમાન લાવીશ અને બની ઇસરાઇલને મુકત કરીશ.'

બીજા ચમત્કાર તરીકે હ. મુસા (અ.)એ પોતાનો હાથ છાતીમાં રાખીને બહાર કાઢયો તો તે નુર જેવો પ્રકાશમાન દેખાયો. આ જોઇને ફીરઓન અંજાઇ ગયો. તે પછી તેમણે હાથ પાછો છુપાવીને બહાર કાઢતાં તે જેવો હતો તેવો થઇ ગયો.

અજગર અને નુરાની ચળકતા હાથનો ચમત્કાર જોયા પછી ફીરઓન નરમ પડી ગયો અને હ. મુસા (અ.) ની દઆવત સ્વીકારવાનો વીચાર કરવા લાગ્યો, પરંતુ તેના વડા પ્રધાન હામાને કહ્યું કે "હ મુસા મહાન જાદુગર છે. તમે તેનાથી છેતરાશો નહી, બલ્કે તમારે દેશના સઘળા જાદુગરોને એકઠા કરીને તેનો સામનો કરવો જોઇએ. એમ નહી કરશો તો આપણું રાજ્ય અને તમારી ખુદાઇ નાશ પામશે." પોતાના પ્રધાન હામાનની એવી સલાહથી ફીરઓનનો વીચાર બદલાઇ ગયો. તેણે પોતાના સરદારોને કહ્યું કે, આ કોઇ જાદુગર લાગે છે; તેની

ઇચ્છા છે કે પોતાના જાદુના બળે તે તમોને પોતાના વતનમાંથી હાંકી મુકે. બોલો એ માટે તમારી શું સલાહ છે?

સરદારોએ જવાબમાં જણાવ્યું કે, હમણા તો હ. મુસા તથા તેના ભાઇથી મુદત માંગી લેવી ઉચ્ચીત લેખાશે, દરમ્યાન આપણે માણસોને શહેરોમાં મોકલી પ્રવીણ અને નામાંકીત જાદુગરોને તેમના મુકાબલા માટે એકઠા કરી શકીશું. આ વાત ફીરઓનના ગળે ઉતરતા તેણે હ. મુસા (અ.) થી મુદત માંગી; અને હ. હારૂનને લઇ હ. મુસા (અ.) પોતાને સ્થાને જઇ છ માસ સુધી અલ્લાહની ઇબાદતમાં મશગુલ રહ્યા.

કુરાને શરીફની તફસીરોમાં વર્ણન છે કે: ફીરઓને પોતાના કર્મચારીઓ અને સરદારોની સલાહ અનુસાર પોતાના રાજ્યમાંના બધા જાદુગગરોને એકઠા કર્યા, જેની સંખ્યા ૧૨૦૦૦ ની થઇ. એમાં સાદુર, ધાદુર, ખતત અને મરફી એમ ચાર મોટા અને હોંશીયાર જાદુગર હતા. અને એ ચારનો વડો સમઉન નામનો એક જાદુગર હતો. તેઓએ ફીરઓન અને તેના સરદારોની મુલાકાત લીધી, અને જો હ. મુસા (અ.) ઉપર તેઓ વીજય મેળવે તો તે માટે તેમને મોટો બદલો મળવો જોઇએ એવી માંગણી કરી. આ ઇલાહી વાણીમાં ધંધાદારી જાદુગરો ઉપર પયગમ્બરોની ફઝીલત દર્શાવેલી છે. પયગમ્બરો બદલાની કોઇ પણ આશા રાખ્યા વીના અલ્લાહને માર્ગે જગતના કલ્યાણ અર્થે કામ કરતા હોય છે, જ્યારે જાદુગરો સ્વાર્થના ગુલામ હોઇ લોકોને અવળે માર્ગે દોરવી જાય છે.

બીજો એક એવો ઉલ્લેખ મળી આવે છે કે, ફીરઓને ૧૨૦૦૦ જાદુગરોને એકઠા કરી, તેમને મોટા મોટા ઇનામોની લાલચો આપી, અને તેથી જાદુગરો લાલચોને વશ થઇ પોત પોતાની કળા અને ઇલ્મ મુજબ મોટી મોટી કરામતોની તૈયારીઓ કરવા લાગી ગયા. જાદુગરોએ સઘળી તૈયારીઓ પુર્ણ કરી લીધા પછી ફીરઓને હ. મુસા (અ.) ને પોતાની સચ્ચાઇ સાબીત કરવા કહેણ મોકલાવ્યું.

હ. મુસા (અ) અને જાદુગરોની કસોટી કરવા એક ભવ્ય મેદાનમાં પ્રબંધ કરવામાં આવ્યો. મુકાબલાના દીવસે મીસરી પ્રજા ટોળાબંધ એકઠી થઇ. ફીરઓન પોતાના દરબારીઓ સાથે મેદાનમાં આવીને સીંહાસન ઉપર બેઠો. જાદુગરો મેદાનમાં આવીને ઉભા રહ્યા, તેની સામે હ. મુસા (અ.) અને હ. હારૂન (અ.) બાલની ટોપી અને બાલના ઝુબ્બા પહેરી, કમર પર લટકતી દોરી રાખી, હાથમાં લાકડી લઇને આવ્યા.

પ્રથમ તો હ. હારૂને ઉલમાઓ સાથે મઝહબી વાદવીવાદનો આરંભ કર્યો, જેમની સચ્ચોટ દલીલો સામે ઉલમાઓ કે ખુદ ફીરઓન સુદ્દલ ટકી શકયા નહી અને શરમાઇને લાજવાબ બની ગયા.

ત્યારબાદ જાદુગરોએ હ. મુસા (અ.) ને કહયું કે, હવે તમારો ચમત્કાર દેખાડો પરંતુ હ. મુસા (અ.) એ પહેલા જાદુગરોને પોતાની કળા દેખાડવાનું કહયું. જાદુગરોએ તમામ તમાશબીનની નજર બાંધી લીધી અને પછી પોતાની રસ્સીઓ અને લાકડીઓ જમીન પર નાંખી. એ સઘળી સર્પો જેવી બની ગઇ અને એ સર્પો મેદાનમાં અહિંતહીં દોડવા લાગ્યા, અને હ. મુસા (અ.) તરફ જવા લાગ્યા. અસંખ્ય સર્પોને અહિંતહીં દોડતા જોઇ પ્રેક્ષકો ગભરાટમાં પડી આમતેમ નાસવા લાગ્યા. હવે હ મુસા (અ.) ને તેમની સામે પોતાની લાકડી નાંખવાનો ઇલાહી હુકમ થયો. હ. મુસા (અ.) એ લાકડી ફેંકતા તે અજગર બની ગઇ અને જાદુગરોની રસ્સીઓ અને લાકડીઓ કે જે સર્પોના સ્વરૂપમાં હતી તે બધીને ગળી ગઇ, જેથી આખું મેદાન સાફ થઇ ગયું. આ વખતે ઇલાહી હુકમ થયો કે, અય મુસા, હવે તારી 'અસા' પકડી લે, નહિ તો તે મુલ્કે મીસરને તબાહ કરી નાંખશે. અલ્લાહના ફરમાનને તાબે થઇ હ. મુસા (અ.) એ અઝદાહને હાથ લગાડતા તે લાકડી બની ગઇ. ખુલ્લા મેદાનમાં ફીરઓન અને તેના સાથીઓની આ પ્રમાણે હાર થતાં તેઓ ખસીયાણા પડી ગયા.

હ. મુસા (અ.) એ ખુદાઇ ઇચ્છા અને પોતાના રૂહાની બળ વડે મહાન જાદુગરોના જાદુને તોડી પાડવાથી જાદુગરોને પોતાની અસત્યતા જણાઇ આવી અને તેથી તેઓના ઉપર સારી અસર થઇ, અને હ. મુસા (અ.) ની દઆવત માન્ય કરી, સત્ય ધર્મનો સ્વીકાર કરી, તેના ઉપર ઇમાન લાવી તેઓ સિજદામાં પડી ગયા અને બાપોકાર કહેવા લાગ્યા કે, અજાયબીભરી કુદરતની કરામતો નીહાળ્યા પછી, અમે હ. મુસા (અ.) તથા હ. હારૂન (અ.) ના ખુદા ઉપર ઇમાન લાવ્યા છીએ, જે બરહક અને સાચો ખુદા છે, અલબત તેના સીવાય બીજો કોઇ માઅબુદ નથી.

આવી રીતે જાહેરમાં પોતાની હલકાઇ થતી જોઇ ફીરઓન એકદમ ઉશ્કેરાઇ ગયો અને જાદુગરો ઉપર રોષે ભરાઇને કહેવા લાગ્યો કે, તમારો ખુદા હું છું, એમનો ખુદા તમને શું આપશે?

જાદુગરોએ કહયું કે, અય બાદશાહ! તમે અમને લલચાવી ગુનાહમાં ગીરફતાર કરાવ્યા છે, પણ તે ગફુરોરહીમ છે, અમને ઉમ્મીદ છે કે તે માલીક અમારા ગુનાહ બક્ષી આપશે.

એ સાંભળી ફીરઓન ઘણોજ ક્રોધે ભરાણો અને કહયું કે, યાદ રાખજો આની સજા ઘણી ભયંકર છે, જો તમે તમારી જીદ ચાલુ રાખશો તો હું તમારા હાથ પગ કપાવીને તમને સુળીએ ચઢાવીશ.

હાથ પગ કાપી નાંખવાનો રિવાજ અહિંથી શરૂ થયો છે. એ પહેલા કોઇએ એવી શિક્ષા કરી નહોતી.

સત્ય ધર્મ તરફ આવેલા ઉપર ફીરઓનની એ પ્રકારની ધમકીએ કાંઇ અસર કરી નહી અને તેઓએ નીડરતાથી ફીરઓનને જણાવી દીધું કે, "અમે સ્વીકારેલો માર્ગ સાચો છે છતાં તમે જુલ્મ કરવા માંગતા હો તો ભલે કરો; પરંતુ અમે તો એક ખુદા ઉપર અને હ. મુસાના ઉપર યકીન લાવ્યા છીએ અને એવા ઇમાન સાથે જ મરી જવા ઇચ્છીએ છીએ."

ફીરઓને જાદુગરોની આવી મક્કમતા જોઇ, જલ્લાદોને તેમના હાથ પગ કાપી ફાંસીએ લટકાવી દેવાનો હુકમ કર્યો.

હુકમ મુજબ જલ્લાદોએ જ્યારે જાદુગરોના હાથ પગ કાપી નાંખી ફાંસીના લાકડે ચડાવ્યા ત્યારે જાદુગરોએ કહયું કે, અમે ફાંસીથી ડરતા નથી, આખરે મરીને અમારે અલ્લાહના દરબારમાં તો જવાનું જ છે. અમે હકકને સ્વીકાર્યું છે. તે માલિક અમારા ગુના બક્ષી આપશે. ત્યારબાદ જાદુગરો ઇમાન સાથે હકનો કલ્મો ભણી શહીદ થયા. હ. મુસા (અ.) તથા હ. હારૂન (અ.)એ જાદુગરોની ફિદાગીરી જોઇ ખુદાતઆલાના દરબારમાં તેમના હકમાં ભલી દુઆ માંગી અને માલિકના શુક્રાના અદા કરી, પોતાના ઘર તરફ રવાના થયા.

મીસરી જાદુગરોના અહોભાગ્ય ગણાય કે તેઓ પાપાચારમાંથી મુકત થઇ એટલા ટુંક વખતમાં હ. મુસા (અ.) ની દઆવત સ્વીકારી સત્યમાર્ગે ચડી ખુદાની કસોટીમાંથી પસાર થયા. તેઓ હજી સવારના તો હરીફાઇના મેદાનમાં અધર્મિ તરીકે આવ્યા હતા. દહાડો ચડતાં તેમણે પોતાની જાદુઇશકિતનું પ્રદર્શન કર્યું અને બપોરે અલ્લાહતઆલાની દરબારમાં પશ્ચાતાપ કરી સિજદામાં પડયા. સાંજે ફીરઓને તેમના હાથ પગ કપાવ્યા અને મોડી સાંજે તેમને સુળીએ ચડાવી દેવામાં આવ્યા. આ દ્રષ્ટાંત અદ્દભુત છે કે જેઓ સવારના અધર્મમાં અથડાતા હતા અને સાંજે ઇમાનદાર બની જન્નત તરફ પ્રયાણ કરી જગતમાં સાચા ફીદાઇઓ તરીકે પોતાનું નામ અમર કરી ગયા.

પોતાને સોંપાયેલી ફરજ અનુસાર હ. મુસા (અ.) તથા હ હારૂને ૪૦ વર્ષ સુધી ફીરઔનને ખુદાના ધરની દઅ્‌વત કરી, પણ તે પાપી છેવટ સુધી માન્યો નહીં, બલ્કે પોતે ખુદા છે એવો ખોટો દાવો કરતો રહયો. આ પ્રમાણે વીશ વર્ષ વીતી ગયા.

એક દીવસ "આસીયાખાતુન" કંગઠથી પોતાના માથાના વાળ સમારી રહયાં હતા, તે વખતે તેમના હાથમાંથી કંગઇ પડી ગઇ, પાછી ઉંચકવા જતાં તેમનાથી કહેવાઇ ગયું કે, યા રબ્બુલઆલમીન તું ફીરઔનને ગારત કર. આ શબ્દો ફીરઔન સાંભળી ગયો તેથી તેણે આસીયાખાતુનને કહયું કે, તું મુસાનો મઝહબ ત્યાગી દે, હું તેના બદલામાં તને સોનાનો મહેલ બનાવી આપીશ. જવાબમાં આસીયાખાતુને કહયું કે મને દુનીયાના સોનાના મહેલની ઇચ્છા નથી. ફીરઔને કહયું કે, જો તું મારૂં ફરમાન નહીં માનશે તો હું તને ભયંકર આઝાબમાં નાખીશ. આસીયાએ જવાબમાં નીડરતાપુર્વક કહયું કે, તમને યોગ્ય લાગે તેવી રીતે મારી જાન લઇ શકો છો. હું તો "લા ઇલાહ ઇલલ્લાહ મુસા કલીમુલ્લાહ" નો કલમો પડી, હ. મુસાના દીન ઉપર ઇમાન લાવી ચુકી છું, હવે હરગીઝ મારા મઝહબથી બેવફા થઇશ નહીં; એ સાંભળી ફીરઔને જલ્લાદોને બોલાવી આસીયાખાતુનના હાથ પગમાં ખીલા ઠોકી જાનથી મારી નાખવાનો હુકમ કર્યો

હુકમ થતાંજ જલ્લાદોએ "આસીયાખાતુન" ને જમીન ઉપર સુવાડી તેમના નાજુક હાથ પગમાં ખીલા ઠોકયા. ખાતુન તરફડવા લાગ્યા. પોતે ચાહતા હતા કે પ્રાણ પંખેરૂં જલદી નીકળી જાય તો સારૂં છતાં હયાતી હોય તેટલા દમ તો ઇન્સાને લેવાજ જોઇએ તેથી ખાતુને ઇલાહી દરબારમાં દુઆ માંગી કે, યા રબ! આ આઝાબથી તું મને મુકત કર. ખુદાએ દુઆ કબુલ કરી. એક ફીરસ્તો ઇન્સાન સ્વરૂપમાં આવી ફુલ આપી ખાતુનને સુંઘવા કહયું. ખાતુને જેવું ફુલ સુંઘ્યું કે તરતજ તેમનો આત્મા આ જગતમાંથી પરલોક ચાલ્યો ગયો.

તે બાદ એક વખત ફીરઔને પોતાના અમીર ઉમરાવો સમક્ષ વીચારો જાહેર કરતાં કહયું કે, આપણે મુસાને મારી નાખવો જોઇએ. જો તેમ નહીં કરીશું તો તે તમારી માન્યતાઓને આડે આવશે. સાથે મુલકમાં ખરાબીઓ પેદા કરશે. એ સાંભળી ફીરઔનની કોમમાંથી એક શખ્સ કે જે હ. મુસા (અ.) ના દીન ઉપર ઇમાન લાવ્યો હતો તેણે કહયું કે ખરેખર મને બીક લગે છે કે આવું અધમ પગલું ભરવાથી, અગાઉ હ. નુહ, હ. આદ, હ. સમુદ અને જેટલા હીદાયત કરનારાઓ થઇ ગયા છે તેમની કોમ ઉપર ગુમરાહીને કારણે જે આફતો

આવી ગઇ હતી, તેવી મુસીબતો અહીંના લોકો ઉપર પણ આવે. જો કે અલ્લાહ કોઇ ઉપર જુલ્મ કરતો નથી, પણ જ્યારે ઇન્સાન ખુદ જુલ્મગાર બને છે, ત્યારે તેનુંજ પાપ જુલ્મના સ્વરૂપમાં આવી, જુલ્મગારોનેજ નાબુદ કરી મુકે છે. ચોકકસ માનજો કે મારા આ શબ્દો આગળ જતાં તમને યાદ આવશે.

તે ઉપરથી ફીરઓનના સરદારોએ ફીરઓનને ઉશ્કેરતા જણાવ્યું કે, આ શખ્સે કહેલી હકીકત ઉપરથી શું તમે હ. મુસા અને તેની કોમને જવા દેવા માંગો છો કે જેથી તેઓ મુલકમાં ફીસાદ કરે અને તમારો તેમજ આપણા બુતોનો નાશ કરે?

પણ હ. મુસા (અ)એ જાદુગરોને આપેલો જવાબ એટલો બધો સચ્ચોટ હતો કે તે વડે ફીરઓનના હોંજા ગગડી ગયા હતા. તેણે પોતાના સરદારોને સધ્યારો આપતાં કહયું કે, હું આગળ પ્રમાણે ઇસરાઇલના છોકરાઓને કત્લ કરાવીશ, જેથી તેમનો વંશ દ્બાઇ જશે અને તેમની છોકરીઓને જીવતી રાખી આપણી લોંડીઓ બનાવી દઇશું. એ પ્રજા આપણી ગુલામ છે, એટલે આપણે બની શકશે તેટલી મુશ્કેલીઓ ઉભી કરી એ પ્રજાનો નાશ કરશું.

ફીરઓનની દયાહીન વલણથી બની ઇસરાઇલને અતિશય ત્રાસ છુટયો અને ભય પામીને હ. મુસા (અ.) પાસે ફરીયાદ લઇ ગયા કે, કિબ્તીઓ અમારા ઉપર જુલ્મ ગુજારી રહયા છે. રાત–દિવસ અમારી પાસે મજુરી કરાવે છે, અને અમને ગુલામ બનાવી રાખ્યા છે. વેઠ દરમ્યાન અમે જરા પણ થાક ઉતારીએ કે, બેસીએ તો ચાબુકનો એવો માર મારે છે કે ચામડી ચીરાઇ જઇ લોહીની ધારા છુટે છે અને એવી જ સ્થિતીમાં ફરી કામે લાગી જવું જોઇએ છે. નહી તો વધારે માર પડે છે. આપના આવ્યા પછી ફીરઓન વધારે નીર્દય બન્યો છે. વળી અમારા પુત્રોનો વધ કરવાનો પણ એણે નિર્ણય કર્યો છે.

હ. મુસા (અ) એ ફરમાવ્યું કે, અલ્લાહની મદદ માંગો અને મઝહબ ઉપર કાયમ રહો, જમીન અલ્લાહની છે, અને તે ઇચ્છે તેને પોતાના બંદામાંથી તેને વારસ બનાવે છે. ખરી રીતે જુલ્મગારોથી ડરવાનું નથી, આપણે તો હક પરસ્ત છીએ. એ વખત હવે નીકટ આવી લાગ્યો છે કે, અલ્લાહ આપણા એ જુલ્મગાર દુશ્મનોનો નાશ કરશે અને તમને ફત્તેહ આપશે અને જ્યારે તમે આ મુલકના અધિકારી થશો ત્યારે તમે મારા પ્રત્યે કેવી વફાદારી બતાવો છો તે હું જોઇશ.

હ. મુસા પયગમ્બર હોવાની ખાત્રી બદલ ખુદા તરફથી નવ નિશાનીઓ

તેમને આપવામાં આવી હતી કે જરૂર પડતાં કાફરો સામે તેનો ઉપયોગ કરી, તેઓ મુશ્કેલીમાંથી મોમિનોને બચાવી શકે, એ નવ નીશાનીઓ આ પ્રમાણે હતી:

૧. અસા, ૨. યદે-બયઝા, ૩. તુફાન, ૪ દુષ્કાળ ૫. તીડ, ૬. જુ, ૭ દેડકા, ૮. લોહી કે જે પાણીમાં પ્રસરી જતું, ૯. કરા કે જેના વરસાદથી વનસ્પતી અને પ્રાણીનો નાશ થાય.

એવો પણ ઉલ્લેખ મળી આવે છે કે, હ. મુસા (અ.) એ ફીરઓનને બની ઇસરાઇલીઓને તેમના વતને પાછા જવા દેવાની છુટ આપવા ચાલીશ વર્ષ સુધી સમજાવ્યું હતું કે જેથી એ કોમ ફીરઓનના જુલ્મથી મુક્તિ મેળવી શકે, પણ ફીરઓને તેમની વાત માની નહી અને પોતાની હઠ ઉપર કાયમ રહયો.

એ પ્રમાણે જયારે ફીરઓન અને તેના લોકો જુલ્મ ગુજારવામાં હદ કુદાવી ગયા, ત્યારે તેઓની ઉપર હ. મુસા (અ.) ની નિશાનીઓ એક પછી એક આફત રૂપે આવવી શરૂ થઇ. પ્રથમ આઠ દિવસ સુધી રાત દહાડો મુશળધાર વરસાદ પડયો જેને લીધે ઘરોમાં કમર સુધી પાણી ભરાઇ ગયા, ઘણી ઇમારતો પડી ગઇ. આ આફતને જોઇ તેઓ હ. મુસા (અ.) ને બલા દુર કરવા અરજ ગુજારી અને તેમના દીન ઉપર ઇમાન લાવવાનું વચન આપ્યું; એ ઉપરથી હઝરતે ખુદાની દરબારમાં પ્રાર્થના કરી અને બલા તેમના ઉપરથી દુર થઇ. પરંતુ એ આફતમાંથી જેવા તેઓ મુકત થયા કે તરત જ બેઇમાની તરફ પાછા વળ્યા; એથી ખુદાતઆલાએ તીડ મોકલ્યા. તીડના ધાડાં આવીને ખેતરનો સઘળો પાક અને લીલોતરી ખાઇ ગયા, તેથી તેઓએ પશ્ચાતાપ કરી ખુદામાં આસ્થા રાખવાનું ફરી વચન આપ્યું. અલ્લાહે કૃપા કરી તેમને આ સજામાંથી મુકત કર્યા. આફત ટળી જતાં તેઓ પોતાના અધર્મીપણાને વળગી જ રહયા અને હ. મુસા (અ.) ને જાદુગર કહેવા લગ્યા. તે ઉપરથી ખુદાતઆલાએ દેડકા મોકલ્યા જે ઠેર ઠેર ફેલાઇ ગયા, દરબરી સ્થળ પણ દેડકાઓથી ભરાઇ ગયું. તે લોકોના બીછાનાઓમાં ભરાઇ ગયા અને ઉંઘમાં તેમની ઉપર દોડાદોડ કરવા લાગ્યા અને છેવટે તેઓના મોઢા અને કાનો સુધી પણ પહોંચી ગયા. ફરી ખુદાએ તેમને એ આફતમાંથી બચાવ્યા. પણ તેઓ પોતાના મુળ સ્વભાવથી ડગ્યા નહી, એથી ખુદાતઆલાએ નીલ સમુદ્રનું પાણી લોહીમાં ફેરવી નાખ્યું. રાંધવા તથા જમવાના વાસણમાં કે પીવામાં તેમને લોહીજ દેખાતું હતું. એ સઘળા સંકટો અને આફતો ફીરઓનની ફકત કિબ્તી કોમ ઉપરજ ઉતરી હતી અને બની ઇસરાઇલ કોમ એ બલાઓથી બચી ગઇ હતી. આ સઘળું અનુભવવા છતાં તેમાંથી બોધ

ગ્રહણ કરવાને બદલે તેઓ હ. મુસા (અ.) એ જાદુ કર્યું છે, એમ કહેતા હતા, અને તેઓએ આવી વિશમ સ્થિતીમાં પણ પોતાની ગુમરાહી છોડી નહિ.

આમ નવ નીશાનીઓ હ. મુસા (અ.)એ બતાવી અને એની ફરીયાદ તેઓ.એ ફીરઓનને કરી, જે સાંભળી એ ભયભીત બની ગયો અને હ. મુસા (અ.) પાસે આવીને કહ્યું કે, અય મુસા! પુકારો તમારા ખુદાને કે જેણે તમને આ બધું શીખવ્યું છે જો તમે અમારા ઉપરથી આ આઝાબો દુર કરશો તો અમે તમારા ખુદા અને તમને કબુલ કરીશું. આવી આવી રીતે તે હઝરતના આદેશ મુજબ ચાલવા તૈયાર થતો અને બીજી પળે આપેલા વચનથી ફરી જઇ પોતાની હઠ ઉપર કાયમ રહેતો. ફીરઓને છેવટે વીચાર્યું કે, હ. મુસા તથા ઇસરાઇલીઓને મીસરમાં રાખવાથી પોતે કે પ્રજા સુખે રહી શકશે નહી, તેથી લાચારી સહીત બની ઇસરાઇલીઓ અને હ. મુસા તથા હ. હારૂનને મીસર છોડી જવા માટેની મંજુરી આપી. તેણે એવો ઇરાદો કર્યો કે, બની ઇસરાઇલીઓ ગોશનના પ્રાંતમાંથી જેવા રવાના થાય કે તરત જ પાછળથી તેમના ઉપર હુમલો કરી તેમનો નાશ કરી નાખવો.

ત્યારબાદ હ. મુસા (અ.) ઉપર ખુદાતઆલા તરફથી વહી નાઝલ થઇ કે, અય મુસા! બની ઇસરાઇલીઓને લઇને રાતના સમયે મીસરથી સમુદ્ર કાંઠે જાઓ. ઇલાહી હુકમ અનુસાર હ. મુસા (અ.) ની કોમના છ લાખ માણસો પોતાના પરીવાર સહીત રવાના થવા તૈયાર થયા.

## હ. મુસા (અ.) નું મીસરથી જવું અને ફીરઓનનું તેના લશ્કર સહિત ગારત થવું.

ખુદાતઆલાના હુકમથી હ. મુસા (અ.)એ પોતાની કોમને મીસરથી રાતના સમયે રવાના થવાનો હુકમ કર્યો અને તે મુજબ તે કોમના છ લાખ પુરૂષો, સ્ત્રી, બાળકો અને માલમતા સહીત મીસર છોડી જવા માટે તૈયાર થયા. એમની સરદારી હ. મુસા (અ.)એ હ. હારૂન (અ.)ને આપી. તેઓએ ગોશન પ્રાંતના માર્ગે કુચ નહી કરતાં રમાસીસથી ઓન અથવા બેતશમશ માર્ગે સકથ શહેરને માર્ગ લીધો, જે શહેર હાલના કેરો શહેરની નજદીકમાં પુર્વ તરફ હોવાનું અનુમાન છે. ત્યાંથી તેઓ એથામ ગામમાં આવ્યા, કે જે હાલના સુએઝ બંદરની ઉતર પશ્ચીમે આસરે ૧૦ થી ૧૨ માઇલ દુર હોવાનું મનાય છે. એથામથી જમીન માર્ગે પેલેસ્ટાઇન તરફ જવાનો સીધો માર્ગ હોવા છતાં ત્યાંથી નહી જતા હ.

સુસા નબી પેતાના કાફલાને લઇ દક્ષીણુ દીશા તરફ જવા લાગ્યા, જે રાતા સમુદ્રના પશ્ચીમ ઉતર કીનારે અવેલા પીહરોથ નામના ગામડા પાસે આવેલ હોવાતું મનાય છે. પીહારોથ હાલના સુએઝ બંદરની દક્ષીણે આસરે ૨૦ માઇલ દુર ઇજીપ્તના કીનારા પર હોવાતું મનાય છે.

બીજી સવારે ફીરઓનને જાણુ થઇ કે, ઇસરાઇલીઓ રાત્રે મીસરનો ત્યાગ કરી ચાલ્યા ગયા છે, એટલે તેણે સાત લાખનું એક ગંજાવર લશ્કર તૈયાર કર્યું, અને તેની સરદારી વજીર હામાનને આપી; પોતે પણુ લશ્કર સાથે ઇસરાઇલીઓની પુંઠ પકડવા રવાના થયો.

ફીરઓન અને હામાનનું ધારવું હતું કે, બની ઇસરાઇલીઓ ગોશન પ્રાંતના માર્ગે જશે, પણુ તે માન્યતા તમની ખોટી પડી.

પીહારોથ પહોંચતા હ. મુસા (અ.) ને સમાચાર મળ્યા કે ફીરઓન લશ્કર સહીત આવી રહ્યો છે.

ફીરઆનના જંગી લશ્કરને જોઇ ઇસરાઇલીઓ કંપી ઉઠયા, અને કંપતા હૃદયે કહ્યું કે, અય મુસા! કદાચ હવે આપણે પકડાઇ જઇશું. હ. મુસા (અ.)એ મે આશ્વાસન આપતા ફરમાવ્યું કે, ફીકર કરશો નહી, મારો રબ મારી સાથે જ છે. તે માર્ગદર્શક બનશે અને આપણને સહાય કરી બચાવી લેશે.

એવામાં હ. જીબરાઇલે આવી ખુદાનો પયગામ કહ્યો કે, અય મુસા! 'અસા' ને સમુદ્રના પાણી ઉપર મારો. તેમ કરતાં પાણી વચ્ચે માર્ગ થઇ ગયો, તે માર્ગે હ. મુસા (અ.) પોતાની કોમ સહીત ચાલીને સામે કીનારે જઇ પહોંચ્યા.

તેટલામાં ફીરઓન લશ્કર સાથે સમુદ્ર કીનારે આવી પહોંચ્યો. હ. મુસા (અ.) અને તેમના અનુયાયીઓને દરીયા વચ્ચેથી પસાર થતાં જોઇ ફીરઓનને તે માર્ગે જઇ ઇસરાઇલીઓની પુંઠ પકડવા વીચાર થયો. પણુ તેને શંકા થઇ કે કદાચ પોતે લશ્કર સાથે ડુબી તો નહીં જાય? એવો ખ્યાલ આવતા તેણે લશ્કરને આગળ નહીં વધવા હુકમ કર્યો; પણુ ઇસરાઇલીઓ માટે તેના દીલમાં ઘણોજ કીન્નો હોવાથી તેને પકડી પાડવા કયો માર્ગ લેવો તેના વીચારમાં અટવાઇ પડયો. એ વખતે હ જીબ્રાઇલ અમીન ઘોડી ઉપર સ્વાર થઇ, ફીરઓનના ઘોડેસ્વારોની સામેથી પોતાની ઘોડીને સમુદ્ર તરફ હંકારી મુકી. ફીરઓનના ઘોડાએ ઘોડીને જોઇ તરતજ તેની પાછળ દોડ મુકી અને એ જોઇ લશ્કરના ઘોડાઓ પણુ તેની પાછળ

દોડવા લાગ્યા. આ વખતે ફીરઓને પોતાના ઘોડાને રોકવા શકય તેટલા બળનો ઉપયોગ કર્યો પણ તે કારગત નીવડયો નહીં. પરીણામે તે પોતાના લશ્કર સહીત સમુદ્રના મધ્યભાગમાં આવી ફસાણો. જયારે હ. મુસા (અ.) પોતાની કોમ સાથે સામે કીનારે પહોંચી ગયા હતા. એ વખતે ખુદાનો હુકમ થયો અને તે અનુસાર હ. મુસા (અ.) એ સમુદ્રના પાણી ઉપર અસા મારી. એટલે તરતજ સમુદ્રમાં પાણી ઉછાળા મારવા લાગ્યું અને સર્વત્ર પાણી પાણી થઇ ગયું અને ફીરઓન પોતાના લશ્કર સહીત સમુદ્રમાં ગારત થઇ ગયો; પણ તેનો બેઇમાન વઝીર હામાન યુકતીપુર્વક ઘોડા ઉપરથી કુદી પડયો અને મીસર તરફ ભાગી ગયો.

સુજ્ઞ વાંચકો! આપણે અહીં એક વીચારવાયોગ્ય હકીકત ઉપર દ્રષ્ટી કરીશું તો જણાશે કે, ખુદાતઆલાએ જુલ્મગાર ફીરઓનને ઘણી છુટ આપી, હીદાયત કરવા હ. મુસા અને હ. હારૂનને મોકલ્યા. તેઓએ તેને નસિહત કરી છતાં હઠાગ્રહી ફીરઓને તેની દરકાર નહીં કરતાં પોતાની મગરૂરી ઉપર કાયમ રહયો એથી એનો નાશ થયો.

ખુદાતઆલાએ હ મુસા (અ.) તથા હારૂન (અ.) ને વહી દવારા ફરમાવ્યું કે, તમે સઘળા પાછા મીસરમાં જાઓ અને ફીરઓન તથા તેમના સાથીઓના ધન–માલનો કબજો લઇ તેનો ભોગવટો કરો. ઇલાહી ફરમાન અનુસાર હ. મુસા (અ.) બની ઇસરાઇલીઓને પાછા મીસરમાં લઇ આવ્યા. જયાં તેમને કરોડોનો ખજાનો હાથ આવ્યો અને તેઓએ પોતાની સતા જમાવી અને તેમના ઘરોમાં સુખચેનથી રહેવા લાગ્યા. ત્યારબાદ કેટલાક ઇસરાઇલીઓ કીબ્તીઓની કુસંગતમાં ઉતરી ગયા અને બુતપરસ્તી કરવા લાગ્યા. એ જોઇને હ. મુસા (અ) એ તેઓને અગાઉની મુશીબતોની યાદ આપી અને એ માર્ગેથી પાછા ફરવાની હીદાયત કરી, પરંતુ બની ઇસરાઇલના એ ભટકેલાં લોકો ઉપર કાંઇ અસર થઇ નહીં અને કહેવા લાગ્યા કે અમારા માટે કીબ્તીઓના ખુદા પ્રમાણેનો ખુદા હોવો જોઇએ અને તે તમે બનાવી આપો. આવી અજ્ઞાનતા જોઇ હ. મુસા (અ.) એવા લોકોને તેમના ઉપર જયાં મુશીબત પડી હતી અને ફીરઓનના ભયથી નાસભાગમાં પડી ગયા હતા, તે દરીયા કીનારા ઉપર લઇ આવ્યા. અહીં આવતાં બની ઇસરાઇલને પોતાની પુર્વેની સ્થિતી યાદ આવી અને તેમાંના કેટલાક પવીત્ર અને પરહેઝગાર લોકો રડવા લાગ્યા, એથી હ. મુસા (અ.)એ તેમનાં ગુનાહ માફ કરવા માટે દુઆ ગુજારી.

બેઇમાન હામાન કે જે ફીરઓનનો વઝીર હતો તે મીસરમાં આવી ગયા પછી આંધળો બની ગયો હતો, અને શેરીએ શેરીએ ભટકી ભીખ માંગી પોતાની આજીવીકા પુરી કરતો હતો એ પ્રમાણે તેને તેના દુષ્ટકૃત્યોનો બદલો મળ્યો હતો.

ત્યારબાદ હ. મુસા (અ) એ પોતાના આલબચ્ચા અને જનાવરો કે જે "કોહેતુર" પાસેના જંગલમાં હતા તેમને મીસરમાં લાવી પોતાની માતાને હવાલે કર્યા.

એવો પણ ઉલ્લેખ મળી આવે છે કે, અઢી વરસના અરસા દરમ્યાન હ. મુસા (અ.) ના પીતા ઇમરાન અને બહેન મરીયમ વફાત પામ્યા હતા.

હ. મુસા (અ)નું વધુ વૃતાંત હવે પછીના અન્ય પ્રકરણમાં આપવામાં આવશે.

## હ. મુસા (અ.) નું "કોહેતુર" ઉપર જવું

ઇશ્વરીના કુરઆનમાં જણાવેલું છે કે, ફીરઔનનો નાશ થયા પછી ઇસરાઇલના પુત્રો માટે ધર્મના સઘળા જરૂરી કાયદાનું લખેલું એક પુસ્તક ખુદાતઆલા પાસેથી લાવી આપવા હ. મુસા (અ.)એ લોકોને વચન આપ્યું હતું; અને જ્યારે તેઓએ તે પુસ્તક લાવવાની હઝરતને અરજ કરી ત્યારે ખુદાતઆલાએ ખુદ પોતાની સાથે વાત કરવાનો લાભ મેળવવા માટે, ૩૦ દીવસના રોઝા રાખી તે કામ માટે તૈયાર થવાની અને તે રોઝા પુરા થયા બાદ, "સીના પહાડ" ઉપર આવવાની હ. મુસા (અ.)ને આજ્ઞા કરી. જ્યારે ત્રીસ દીવસના રોઝા પુરા થયા અને હુકમ અનુસાર ત્યાં ગયા ત્યારે તેમને ૧૦ દીવસના વધુ રોઝા રાખવાનું ફરમાન થયું. હ. મુસા (અ.)એ તે મુદત પુરી કરી ત્યારે ખુદાએ તેની સાથે વાત કરી અને "તૌરેત" આપશે એમ ફરમાવ્યું.

હ. મુસા (અ.) 'કોહેતુર' ઉપર ખુદાની સાથે હમ–કલામ થવા રવાના થયા ત્યારે તેઓ પોતાની ગેરહાજરીમાં હ. હારૂન (અ.)ને પોતાના પ્રતીનીધી તરીકે લોકોના પેશવા અને ઇમામ નીમી ગયા. પાક–પરવરદિગારે હ. મુસા (અ.)ને એક માસ માટે કોહેતુર ઉપર તેડાવેલ, પણ પાછળથી દસ દીવસનો વધારો કર્યો એટલે તેઓની પહાડ ઉપર રોકાણ વધતી ગઇ, તેથી ઇસરાઇલીઓમાં બેચેની ઉત્પન્ન થઇ ગઇ.

હ. મુસા (અ.)એ કોહેતુર ઉપરથી આવીને લોકોને ફરમાવ્યું કે, ખુદાતઆલા મારી ઉપર તૌરેત કીતાબ નાઝીલ કરશે, તેમાંથી હું તમને શરીઅતનું શીક્ષણ આપીશ, તે ઉપરથી તમે હીદાયત મેળવી શકશો. બની ઇસરાઇલીઓએ કહ્યું કે, અય મુસા! જ્યાં સુધી અમે પોતાની આંખોથી ખુદાને જોઇશું નહી, ત્યાં સુધી તમારી વાત ઉપર કદી પણ ઇતબાર કરશું નહી. હ મુસા (અ.)એ ફરમાવ્યું કે, અય લોકો દુનીયાની વાતો જાહેર કાનોથી સાંભળી શકાય છે, જ્યારે ખુદાતઆલાની વાતો મારા હૃદયના કાનોથીજ અનુભવી શકાય છે; પણ હઠાગ્રહીઓ

કોઇ કાળે માનવા તૈયાર નહોતા, બલ્કે હ. મુસા (અ.)ને કહેવા લાગ્યા કે અમને જે સંદેશો તમે સંભળાવ્યો છે તે અમે અમારા કાનોકાન સાંભળવા ઇચ્છીએ છીએ; એ ઉપરથી હ. મુસા (અ.)એ તે કામ માટે પરહેઝગાર અને પવીત્ર માણુસોની માગણી કરી અને કહ્યું કે, "ફક્ત નેક લોકોને એ મોકો મળી શકશે." તે બાદ ૭૦ માણુસોને પસંદ કરવામાં આવ્યા અને તેઓ પાક પાકીઝા થઇને હ. મુસા (અ.) સાથે કોહેતુર ઉપર ગયા અને તેઓએ ખુદાની નઝદીકી હાસલ કરી એટલે હ. મુસા (અ.) એ અરજ ગુજારી કે, યા ખુદા જલ્લશાનહુ ! મારી સાથે આવેલી જમાત પરહેઝગાર લોકોની છે, તેમને તારા શબ્દો સાંભળવા છે માટે તું એમની સાથે વાત કર. એ બાદ કોહેતુર ઉપર રકીક અર્થાત બારીક અને ખુનુક એટલે ઠંડા વાદળાના સ્વરૂપે નુર જાહેર થયું અને તે ધીરે ધીરે ફેલાતા તેનાથી આખો કોહતુર ઢકાઇ ગયો અને હ. મુસા (અ.) પણુ એ નુરના દરીયામાં છુપાઇ ગયા. પેલા માણુસો આ બધું જોયા કરતાં હતા, એટલામાં ઇલાહીવણીનો અવાજ આવ્યો, જેમાં હ. મુસા (અ.) ને પાલન કરવાના અને મનાઇ કરવાના ફરમાન થઇ રહ્યા હતા. આ સાંભળીને તેઓએ હ. મુસા (અ.) ને કહેવા લાગ્યા કે, "તમે ખુદાની સાથે વાતચીત કરી પણુ અમે એથી બેનશીબ રહ્યા. એટલામાં તો એક નુરાની ચમક તેમના તરફ એકાએક ધસી આવી અને તેમાંથી અવાજ આવ્યો કે, "બેશક હું અલ્લાહ છું અને મારા સીવાય અન્ય કોઇ માઅબુદ નથી. મેં તમને મીસરની સરઝમીનમાંથી બચાવ્યા એટલા માટે કે મારી બંદગી કરો અને મારા સીવાય કોઇને પુજો નહી." એ પછી હ. મુસા (અ.) એ વાદળમાંથી બહાર આવીને કહ્યું કે, તમે ઇલાહીવાણી સાંભળી? તેઓએ કહ્યું કે, એની ખાત્રી શું કે એજ અલ્લાહતઆલાના વચનો હતા; અમે તો અલ્લાહનો ચહેરો જોઇને શબ્દો સાંભળવા માગીએ છીએ અને એમ નહી બને ત્યાં સુધી યકીન લાવવાના નથી. અમે દરવેશો અને આત્મજ્ઞાનીઓ માફક શહુદ યાને દ્રશ્ય વસ્તુ અને મુશાહેદા યાને દર્શન યાને દીદાર માગીએ છીએ. આ લોકો એ મુજબ કહી રહ્યા હતા તેવામાં આકાશમાંથી અગ્નિજવાળા પ્રગટ થઇ અને તેમાં તેઓ બળીને ભષ્મ થઇ ગયા. આ પ્રમાણે હ. મુસા (અ.) ઉપર વીશ્વાસ નહી મુકવાના કારણે તેમના ઉપર ખુદાનો કોપ ઉતર્યો અને તેમનો નશ થયો.

એ ઉપરથી હ મુસા (અ) ને ભય લાગ્યો કે થોડા મુર્ખાઓને કારણે આખી કોમ તારાજ થઇ જશે, તેથી તેઓ પુકારી ઊઠયા કે, ઓ મારા માલિક હું પાછો જઇને ઇસરાઇલીઓને હવે શું જવાબ આપીશ? યા બારી-તઆલા જો તારી એવી જ ઇચ્છા હતી તો પહેલેથી જ એમને પાણીમાં

ડુબાડીને હલાક કરી દેવા જોઇતા હતા, પણ મને તો લાગે છે કે આ એક અજમાએશ છે. સિંતેર બંદાઓએ તારા વચનો સાંભળ્યા તો તેમને દીદાર કરવાની તમન્ના જાગી અને તે માટે તેમણે એ માંગણી કરી. યા પરવરદિગાર તું રહીમો કરીમ છે, એ માટે અમને ક્ષમા આપજે અને રહેમ કરજે અને કૃપા કરીને આ લોકોને જીવતા કરજે. હ. મુસા (અ.) ની દુઆ કબુલ થઇ અને તેઓને મારી અપાઇ અને ૭૦ જણા સજીવન થયા. તેમને લઇ હ. મુસા (અ.) પાછા મીસર આવી પહોંચ્યા.

કસસુલ અંબીયામાં એમ જણાવેલુ છે કે, બીજી વખત હ. મુસા (અ) સીંતેર પાક પાકીઝા શખ્સોને સાથ લઇ પાછા કોહેતુર પાસે ગયા અને સાથીઓને ફરમાવ્યું કે, તમે અહિં રોકાઇ જાઓ. હું ઉપર જઇને આવું છું ત્યારબાદ હ. મુસા (અ.) પહાડની ઉપર ગયા. ત્યાં જઇને ખુદાતઆલાથી ૭૦ કલામો સાંભળી ઇશ્કના આવેશમાં ખુદીનું ભાન નહી રહેતા પુકારી કહ્યું કે, "યા રબ! અરની ઉન્ઝીર ઇલયકા" યાને "હે પરવરદિગાર તું મને દિદાર આપ." જવાબ મળ્યો કે, 'લનતરાની' " તું મને જોઇ શકીશ નહી." પરંતુ હ. મુસા (અ.) એ દીદાર માટે માંગણી ચાલુ જ રાખી એથી આસમાનના ફિરસ્તા કહેવા લાગ્યા કે, અય ઇમરાનના પુત્ર! તમે કલામે ઇલાહી સાંભળ્યા અને હવે તેના દીદારની પણ તલબ રાખો છો? તે માલીક પાક જાત છે. છતાં હ. મુસા (અ) એ દીદાર માટેની માંગણી ચાલુ રાખી એટલે અવાજ આવ્યો કે, અય મુસા, 'જમીન તરફ દ્રષ્ટી કર." એ મુજબ જમીન તરફ જોતાં અલ્લાહની ખલકત અને ગયબી ખજાના તેમની નજરે પડયા છતાં એથી ન સંતોષાતા આપે અરજ કરી કે, યા ખુદા! તું મને તારો ચહેરો બતાવ, કારણ કે એ તો સઘળી તારી મખ્લુકાત છે. ફરી અવાજ આવ્યો કે, અય મુસા! આસમાન તરફ જો! આપે તે તરફ જોયું તો આકાશી લીલા અને ફિરીસ્તા વગેરે તેમજ અર્ષ પણ તેમના જોવામાં આવ્યા. હઝરતે અરજ કરી કે, ખુદા યા! એ તો સઘળું તારૂં સર્જન છે, મને તો તારા દીદારની ઝંખના છે, માલિક મને તારા દીદાર ઇનાયત કર. એ મુજબની હ. મુસા (અ.) ની સતત માંગણી પછી ખુદાતઆલાએ ફરમાવ્યું કે, અય મુસા! તું હરગીઝ મને દુનિયામાં જોઇ શકીશ નહી; પણ પહાડ ઉપર દ્રષ્ટી કર. જો તે સલામત રહેશે તો તું મને જોઇ શકીશ. તેથી હઝરતે પહાડ તરફ નજર કરી. ખુદાતઆલાએ જેવો પોતાના નુરની તજલ્લી પહાડ ઉપર નાખી કે તેવા જ તેના ટુકડે ટુકડા થઇ ગયા અને તેમાંથી છ પહાડો જુદા પડી ગયા. આ ચમત્કાર જોઇ હ. મુસા (અ.) બેહોશ બની ગયા. ફરી હોશમાં આવ્યા બાદ આપે ખુદાના શુક્રાના અદા કર્યા.

ખુદાતઆલાએ ફરમાવ્યું કે, અય મુસા! અમે તને તારા લોકો ઉપર વડાઇ આપી છે અને મારા પયગામ પહોંચાડી આપ અને લોકોને હિદાયત કર અને તારી હાલત માટે શુક્રાના અદા કર; અને એજ વખતે ફિરીસ્તાઓએ તૌરેતની તખ્તીઓ હ. મુસા (અ.) સમક્ષ લાવી મુકી, તે હઝરતે જોઇ. તેમાં ખુદાતઆલાએ ફરમાવ્યું હતું કે, અમે તેઓના વાસ્તે દરેક બાબતની હિદાયત અને તે સંબંધી ખુલાસાઓ લખ્યા છે. અય મુસા! આ તખ્તીઓને ધીરજથી લે અને તારી કોમને તેમાં જણાવ્યા મુજબ અમલ કરવાની હિદાયત કર. ત્યારબાદ એ તખ્તીઓને ઉઠાવી હ. મુસા (અ.) પહાડ ઉપરથી નીચે આવ્યા.

ઉપર આપણે જોઇ ગયા કે, જ્યારે ખુદાતઆલાએ પોતાના નુરનો જલ્વો પહાડ ઉપર નાખ્યો ત્યારે તેના ટુકડે ટુકડા થઇ ગયા અને એ નુરની તજલ્લીના પ્રકાશ અને પહાડના ધડાકાથી હઝરતના ૭૦ સાથીઓ જેઓ પહાડની નીચે બેઠા હતા તેઓ મરી ગયા. હ. મુસા (અ.) તુર ઉપરથી જ્યારે નીચે આવ્યા અને જોયું તો સાથીઓ મરેલા પડેલા હતા, એથી વતન જઇ ઇસરાઇલીઓને શું જવાબ આપશે એવો ખ્યાલ તેમને આવ્યો અને અલ્લાહના દરબારમાં દુઆ માંગી જે કબુલ થઇ અને મરેલા શખ્સો સજીવન થઇ હઝરત સામે જોવા લાગ્યા, પરંતુ ઇલાહિ નુરના ચમકારા હઝરતના મોઢા ઉપર ચમકી રહયા હોવાથી તેઓએ તેમની સામે મીટ માંડી શકતા નહિ. રીવાયત છે કે, એ જોઇ હ. મુસા (અ.) એ પોતાના મોઢા આડે કપડું ધર્યું પણ નુરાની તેજથી કપડું બળવા લાગ્યું. આવી રીતે હઝરત જે કંઇ આડે ધરતાં તે બળીને ખાક થઇ જતું. છેવટે આપે ઇલાહિ દરબારમાં દુઆ માંગી અને જવાબમાં નીદા આવી કે, અય મુસા! દરવેશની ચાદર મોઢા ઉપર નાંખ. તેમ કરતાં સાથીઓ તેમના સામે જોઇ શકયા અને વાતચીત કરી શકયા. બાદ હ. મુસા (અ.) તૌરેત અને સાથીઓ સાથે મીસર આવી પહોંચ્યા.

## બની ઇસરાઇલીઓની ગૌપુજા

આગલા પ્રકરણમાં આપણે જોઇ ગયા કે, હ. મુસા (અ.) જ્યારે ૭૦ માણસોને લઇ કોહેતુર ઉપર ગયા, જ્યાં પાછળથી દસ દીવસનો વધારો થતાં પહાડ ઉપર તેમની રોકાણ વધી જવાથી ઇસરાઇલીઓમાં બેચેની ઉત્પન્ન થઇ અને હ. મુસા અ.ને વફાત પામેલા માની તેઓ ફસાદ અને ઝગડામાં પડી ગયા અને હ. મુસા (અ.)ના ભાણેજના ફરેબમાં ફસોઇ પડયા.

'કસસુલ-અંબીયા'માં એવો ઉલ્લેખ મળી આવે છે કે, હ. મુસા (અ.)ના

ભાણેજનું નામ 'સામરી' હતું, જે ઝરગર યાને સોનીનો ધંધો કરતો હતો.

'ઇરફહાની કુરઆન'ની તફસીરમાં જણાવ્યા મુજબ સામરી સામેરાની કોમનો હોવાથી તેને એ લકબ આપવામાં આવ્યો હતો. તેનું નામ 'મુસા બેન ગફાર' હતું વળી કેટલાક કહે છે કે તે કેરમાનનો રહેવાસી અને ઇસરાઇલ વંશનો ન હતો, અને તે સામરીના નામથી જ ઘણે ભાગે ઓળખાતો હતો. વળી તે વાછરડાને પુજનારામાંનો એક હતો. જ્યારે તે જન્મ્યો ત્યારે તેની માતાએ તેને નીલ સમુદ્રના કીનારે ફેંકી દીધો, અને ખુદાતઆલાએ તેને ઉછેરી મોટો કરવા જીબરાઇલને હુકમ કર્યો. અને તેથી તે જીબરાઇલને ઓળખતો હતો. ફીરઓન ગારત થયો તે દીવસે જે ઘોડી ઉપર જીબરાઇલ સ્વાર થયા હતા તે ઘોડીની ખરી નીચેથી તેણે એક મુઠી ધુળ લઇ લીધી હતી; અને હ. મુસા (અ.)ની ગેરહાજરીમાં એક સોનાનો વાછરડો બનાવી લોકોને ફરેબ આપવા તેણે તેના મોઢામાં ધુળ નાંખી તેને બોલતો કર્યો હતો.

વળી એવો પણ ઉલ્લેખ મળી આવે છે કે, હ. મુસા (અ.)ની માંગણીથી ફીરઓને લાચાર બની ઇસરાઇલીઓને મીસરથી ચાલ્યા જવાની રજા આપી, ત્યારે છ લાખ ઇસરાઇલીઓ પોતાના કુટુંબ સહીત હ. મુસા તથા હ. હારૂન સાથે રાતા સમુદ્ર કીનારે આવી સામે પાર પહોંચી ગયા, પણ સામરી પોતાના માબાપથી વીખુટો પડી એજ કીનારે રહી જવા પામ્યો. આ વખતે તે યુવાન હતો. જે વખતે ફીરઓન અને તેના લશ્કરને સમુદ્રમાં દોરી જવા માટે હ. જીબરાઇલ ઘોડી ઉપર સ્વાર થઇ આવ્યા તે વખતે સામરી કે જેને હ. જીબરાઇલે ઉછેરી મોટો કર્યો હતો તેમને ઓળખી લીધા.

હ. જીબરાઇલની ઘોડી જમીન ઉપર જ્યાં જ્યાં પગ મુકતી ત્યાં ત્યાં તેજ વખતે તાજુ ઘાસ ઉગી નીકળતું. એ જોઇ સામરીએ કોઇ ન જાણે તેમ ઘોડીના પગ નીચેની એક મુઠી ખાક લઇ તે પોતાની પાસે સાચવી રાખી લીધી.

ઇસમાઇલી પ્રેસના કુરઆનની તફસીરમાં જણાવ્યા મુજબ, હ. મુસા (અ.) ખુદાની મુલાકાતે તુર પર્વત ઉપર ગયા ત્યારે, બની ઇસરાઇલના રંગઢંગ જોઇ તેઓને ઉંધે રસ્તે લઇ જવા માટે સામરીએ તેમને કહ્યું કે, હ. મુસાની અસા કરતાં સરસ કરામત હું દેખાડી શકું છું. તે બાદ ઇસરાઇલીઓ પાસેથી સ્ત્રીઓના કાનોના એરીંગ તથા બીજુ સોનું એકઠું કરી, એને ગાળી એમાંથી એક વાછરડું બનાવી તેના પેટમાં પેલી સાચવી રાખેલી ખાક મુકી દીધી. એ ખાકની તાસીરથી

સૌની અજાયબી વચ્ચે એ સોનાનું વાછરડું હાલવા ચાલવા અને બોલવા લાગ્યું. કેટલાકોનો એવો પણ મત છે કે, ખાકની તાસીરથી વાછરડાને ચામડું, હાડકા અને માંસ આવી ગયા. એ જોઇને લોકો સામરીના કપટ જાળમાં ફસાઇ કહેવા લાગ્યા કે, હ. મુસા (અ.) ખુદાની શોધમાં ભટકી રહયા છે પરંતુ હક તો અમારી પાસે છે. આવી રીતે ભ્રમમાં પડી જઇને બની ઇસરાઇલ વાછરડાંને ખુદા માની ગૌપુજા કરવા લાગ્યા. એ જોઇ હ. હારૂન (અ.)એ તેમને એક અલ્લાહ સીવાય બીજાને નહી માનવા અને નહી પુજવા ઘણા સમજાવ્યા પણ ઇસરાઇલીઓ માન્યા નહી, બલ્કે હ. હારૂન પ્રત્યે ઉશ્કેરાઇ જઇ તેમને મારી નાખવા તૈયાર થઇ ગયા. એ મુજબ તેમણે હ. હારૂન (અ.)ની રહેબરી છોડી દીધી. આ જોઇ ઉત્તેજીત બની સામરીએ પાથરણા પથરાવ્યા, નૌબતો વગડાવી અને ગાવું બજાવવું ચાલુ કર્યું. એથી લોકોની ભારે ઠઠ જામી અને તેઓ નાચવા અને કુદવા લાગ્યા. એ મુજબ ખુદાતઆલાને છોડી તેઓ વાછરડાની પુજામાં પડયા અને અંતે પોતપોતામાં લડી કપાઇ મુઆ.

થોડા વખત બાદ કલામ લખેલી તૌરેતની તખ્તીઓ લઇ હ. મુસા (અ.) એ પાછા આવીને જોયું તો પોતાની કોમ સોનાના વાછરડાંની ચારે બાજુ નાચકુદ કરી રહી હતી. આ જોઇ હઝરતને ઘણો સદમો થયો અને તેમના હાથમાંથી કલામની તખ્તીઓ પડીને ભાંગી ગઇ.

ઘણા જ ખીન્ન હૃદયે હ. મુસા (અ.) એ હ. હારૂનને પુછ્યું કે તમારી રહેબરી હેઠળ આવું કેમ બન્યું? હ. હારૂન (અ.) એ જણાવ્યું, અય મારા ભાઇ! હું તદન બેગુનાહ છું, જો કે મેં તેઓને બહુ સમજાવ્યા, પણ તેઓએ મારી નસીહત લક્ષમાં લીધી નહી, બલ્કે મારો જાન લેવા તૈયાર થઇ ગયા. એ સાંભળી હ. મુસા (અ.) એ પુછ્યું કે, આ વાછરડું કોણે બનાવ્યુ? હ. હારૂને કહયું કે, તે સામરીએ બનાવ્યું છે. આથી હ. મુસા (અ.) એ સામરીને બોલાવી ઘણાં જ ગુસ્સા સાથે કહયું કે, તેં વાછરડું કેવી રીતે બનાવ્યું? તે લોકોને શા માટે ગુમરાહ કર્યા? સામરીએ કહયું કે, મેં તે ચીજને જોઇ છુપી રીતે ઘોડાની ખરી નીચેથી મેળવી કે જેને લોકોએ કદી જોઇ નહોતી. મને જે ઠીક લાગ્યું તે અને મારા હૃદયે જેમ મને દોરવ્યો તેમ મેં કર્યું અને વાછરડો બનાવ્યો. ત્યારબાદ હ. મુસા (અ.) એ વાછરડાને બાળી તેની ખાક નીલ સમુદ્રના પાણીમાં ફેંકાવી દીધી.

બની ઇસરાઇલના મોટા ભાગના હૃદયમાં વાછરડાની મહોબ્બત એટલી બધી ઘર કરી ગઇ હતી કે નીલ સમુદ્ર કે જેમાં વાછરડાંની રાખ ફેંકી દેવામાં આવી

હતી. તેના પાણીને પવિત્ર ગણી તેઓ પીવા લાગ્યા, એથી તેમના શરીર કાળા પડી ગયા અને તેઓ મરણ પામ્યા. અને બાકીનાને કબુધ્ધિ સુજી અને તેઓ પોતપોતામાં લડી કપાઇ મુઆ. તેમને તેમના કૃત્યના કફ્ફારા તરીકે એ શિક્ષા મળી હતી.

ત્યારબાદ હ. મુસા (અ.) એ ખુદાતઆલા પાસેથી લાવેલી તૌરેત કિતાબ ઇસરાઇલીઓને વાંચી સંભળાવી અને તેમાં દર્શાવ્યા મુજબ અમલ કરવા હુકમ ફરમાવ્યો. પરંતુ, "એમાંના હુકમો ઘણા ભારે પડતા છે તેથી અમે તેનું પાલન કરી શકશું નહિ." એવા બહાના નીચે પોતાના હાદી તરફથી તેમની એવી બેવફાઇનાં કારણે પરવરદિગારે તેઓની ઉપર કોહેતુર યાને તુરનો પહાડ અધ્ધર લટકતો રાખ્યો, તેથી તેઓ ગભરાઇ ગયા કે પહાડ આપણી ઉપર આવી પડશે તો ભીંસાઇ જશું અને એ બીકને લીધે તૌરેત કબુલ કરીને સિજદો કર્યો. એમાં પણ એમની છેતરપીંડી હતી. તેઓએ નમતી વખતે ચહેરાનો એક ભાગ અને એક આંખને જમીન સાથે લગાડયો ત્યારે બીજો ચહેરાનો ભાગ અને બીજી આંખ ઉંચી રાખીને સિજદો કરતા રહી પહાડને નિહાળતા રહયા કે રખે પહાડ આપણી ઉપર તુટી પડે! અલ્લાહતઆલાએ તેમને ફરમાવ્યું કે, મ્હારો કલામ દ્રઢતાપુર્વક પકડી રાખો અને જે તૌરેતમાં છે તેનું સ્મરણ કરો, એમાં જ તમારી ભલાઇ છે.

તૌરેતની આયાતોમાં જે હુકમો કરવામાં આવ્યા હતા તે ખ્રિસ્તી માન્યતા મુજબ દશ આજ્ઞાઓ નીચે મુજબ હતી.

૧. કોઇ જાતની મુર્તિ બનાવશો નહિ, અને તેને સિજદો કરશો નહિં.

૨. ખુદાના નામની તાઝીમ કરજો, બેફાયદા નામ લેશો નહિં.

૩. દર અઠવાડીયાના ૬ દિવસ કામ કરજો.

૪. માબાપની તાઝીમ કરજો.

૫. ખુન કરશો નહિં.

૬. ઝીના કરશો નહિં.

૭. ચોરી કરશો નહિં.

૮. પડોશી વિરૂધ્ધ જુઠી સાક્ષી આપશો નહિં.

૯ તમારા પડોશીના ઘરની કે તેની માલ મિલ્કતની લલચ કરશો નહિં.

૧૦. સબ્બથનો દિવસ (Sobbath day) પાક છે, તેની તાઝીમ કરજો.

હ. મુસા (અ.) ફીરઔનના નાશ પછી કેટલોક સમય મીસરમાં રહી, બની ઇસરાઇલીઓને હીદાયત કરી, ઇલાહી માર્ગ બતાવતા હતા.

## બાદશાહ કારૂન અને તેનું ગારત થવું.

"કસસુલ-અંબીયામાં જણાવ્યું છે કે, હ. મુસા (અ.) એ પોતાની કોમને ફરમાવ્યું કે, ખુદાની તૌરેતની તખ્તીઓ કે જે હું તમારા માટે લઇ આવ્યો છું, તેની નકલ કરીને ઘરમાં રાખો અને વાંચો, તેમજ તેના ફરમાન ઉપર અમલ કરો. હુકમ મુજબ બની ઇસરાઇલીઓએ તખ્તીઓ ઉપરથી નકલ કરી. આ વખતે ખુદાનો હુકમ થયો કે, અય મુસા! લોકોને કહી દે કે તૌરેતને ઘણી સંભાળ-પુર્વક રાખે. હઝરતે અરજ કરી કે, ખુદાયા! અમે ઝર (નાણું) રાખતા નથી તો કેમ કરી તેની સંભાળ કરીયે? એ ઉપરથી જીબ્રાઇલે નાઝીલ થઇ કહ્યું કે, ત્રણ જાતના ઘાસ લઇ તેને તાંબા ઉપર રાખશો તો ખુદાની કુદરતથી તે સોનું બની જશે, અને પીતળ ઉપર મુકશો તો ચાંદી થઇ જશે. મજકુર ઇલાહી હુકમ સાંભળી હ. મુસા (અ.) એ ત્રણ પત્રેમાં ત્રણ પ્રકારના જુદા જુદા નામો લખી તે લઇ આવવા એક યુશાને, બીજો કારૂનને અને ત્રીજો કાલુતને મોકલાવ્યા અને તેમાં જણાવ્યું કે લખેલા ઘાસની જરૂરત છે તે મને લાવી આપો. તે અનુસાર ત્રણે જણેએ ત્રણ પ્રકારના ઘાસ લાવી આપ્યા, જેને હ. મુસા (અ.)એ એકાંતમાં લઇ જઇ તૌરેત માટે જેટલા સોના-ચાંદીની જરૂર હતી તેટલું બનાવી તૌરેત કિતાબને કાળજીપુર્વક સંભાળવા લાગ્યા.

કારૂને એ કીમીયો જાણી લેવા માટે, યુશા અને કાલુત કેવી કીસમના ઘાસ લાવ્યા હતા તેનાથી વાકેફ થવા તેમના પત્રો તેણે વાંચી લીધા, કારણ કે તે ઘણો ચાલાક અને લુચ્ચો હતો વળી હ ફીઝે તૌરેત હતો યાને તૌરેત તેણે મોઢે કરી હતી. તે બાદ તે કોઇ ન જાણે તેમ પોતાના ઘરમાં પુષ્કળ સોનું અને ચાંદી બનાવવા લાગ્યો અને એવી રીતે તે મહાન દૌલતમંદ બની ગયો.

કારૂન હ. મુસા (અ.) ના કાકા યસહરનો દીકરો હતો. તે ઇસરાઇલના વંશજોમાંથી સૌથી વધુ રૂપાળો અને ઘણોજ વીદ્વાન શખ્સ હતો, જો કે હ. મુસા (અ.) તથા હ. હારૂન (અ.) થી ઉતરતો, પણ બીજા બધાથી તૌરેતના જ્ઞાનમાં તે વધુ પ્રવીણ હતો અને જે ૭૦ માણસો હ. મુસા (અ.) એ પસંદ કરી પોતાની સાથે સીના પર્વત ઉપર લઇ ગયા હતા, તેમાંનો તે પણ એક હતો. માલદાર

થયા પહેલાં તે ઘણો નમ્ર અને ભલો હતો. પણ દૌલતમંદ બન્યા પછી તે હ. મુસા (અ.) ની વીરૂધ્ધતા કરવા લાગ્યો.

કારૂનનો લોભ વધતો ગયો અને તેને મળેલ કીમીયાથી તે પુષ્કળ સોનું, ચાંદી, ઝર, ઝવેરાત એકઠું કરવા લાગ્યો. એક રીવાયત છે કે, તેની દૌલત એટલા મોટા પ્રમાણમાં વધી ગઇ કે જેની ચાવીઓ ઉપાડવા ૬૦ મજબુત અને કસાયેલા માણુસો મુકરર કરવામાં આવ્યા હતા. જ્યારે બીજા મત પ્રમાણે ૬૦ ઉંટો ઉપર તેના ખજાનાની કુંચીઓ લાદવામાં આવી હતી.

જામેઉલ તવારીખથી એવો ઉલ્લેખ મળે છે કે, કારૂને પોતાના માટે એક આલીશાન સુંદર મહેલ બનાવ્યો, તેના મીનારા આંખને આંજી નાખે તેવા સુંદર હતા. તેમાં તે વસવાટ કરવા લાગ્યો. લોકોને પોતાની દૌલતનો મદ દેખાડવાના હેતુસર પોતાના ગુલામો-દાસીઓને સુંદર વસ્ત્રો અને ઝવેરાતવાળા ઘરેણુંઓ પહેરાવી જ્યારે તે ફરવા નીકળતો ત્યારે એ ગુલામ-દાસીઓ તેની આગળ પાછળ તહેનાતમાં રહેતાં. આમ પોતે પુષ્કળ દૌલતનો સ્વામી છે એવી છાપ લોકો ઉપર પાડવામાં તે આનંદ માનતો.

તેને ઘણોજ અભીમાની અને દુન્યવી દૌલતમાં ખુશ થયેલો જોઇ તેની કોમ તેને કહેતી કે, અય કારૂન! બહુ ખુશ નહીં થા! કારણ કે બહુ ખુશ થવાવાળાને ખુદા પોતાના દોસ્ત રાખતો નથી; અલ્લાહે તને જે કંઇ આપ્યું છે તેમાંથી આખરતનો સોદો કરી લે, પોતાની હસ્તીને ભુલી જા નહીં. બલકે જે કંઇ મેળવ્યું છે તે અલ્લાહના નામ ઉપર ખર્ચી દુનીયામાં ભલો માનવી બન અને અલ્લાહે આપેલી નીયામત માટે તે બારીતઆલાના શુક્રાના અદા કર અને ધરતી ઉપર ફસાદ કર નહીં, કારણ કે અલ્લાહ ફસાદ કરનારાને ચહાતો નથી.

આ માટે ખુદાતઆલા કુરઆને શરીફમાં ઇશારો કરતાં ફરમાવે છે, જેનો સાર એ છે કે, "તે નથી જાણતો કે અલ્લાહે નાશ કર્યો છે, તેના પુર્વે થઇ ગયેલા તેના જેવાઓનો કે જેઓ તેના કરતાં અઢળક દૌલત-માલ અને સાથીએ રાખતા હતા. એવાઓને પુછવામાં નહી આવશે, તેમના કૃત્યોનો હિસાબ બલ્કે પુછાણું લીધા વગર જ તેઓને મોકલી આપવામાં આવશે દોઝખના આઝાબમાં."

એક દિવસ હ. મુસા (અ.) ઉપર ખુદાતઆલાએ વહી નાઝીલ કરી ફરમાવ્યું કે, કારૂનને કહે કે, તે પોતાના માલમાંથી જકાત યાને ખુદાઇ હક આપે! અગર

તહી આપશે તો તે મુશીબતમાં આવી પડશે. હુકમ અનુસાર હ. મુસા (અ.) એ કારૂન પાસે જઈ જકાત યાને ખુદાઈ હક આપવા ફરમાવ્યું; તે ઉપરથી કારૂને પોતાની દોલતનો હીસાબ કર્યો તો જકાત ઘણી થઈ ગઈ, તેથી તેટલી દોલત આપવા તેના દીલે કબુલ કર્યું નહી. તેણે કહ્યું કે, અય મુસા! મને જે દોલત મળી છે તે મારા પાસે એક હુન્નર છે તેના લીધે છે, તેથી મારા માલમાં તારા ખુદાને શું હક લાગે? હઝરતે ફરમાવ્યું કે, અય કારૂન! તેં બનાવેલા કીમીયામાંથી નીચે પડેલી રજકણો અગર આપીશ તો તે પણ જકાત તરીકે કબુલ થશે કારૂને કહ્યું કે, હું મારા માલની જકાત આપું તો મને તારો ખુદા શું આપશે? હઝરતે ફરમાવ્યું કે, જકાતની નેકીના અવેજમાં તે તને બહેસ્ત આપશે. એ સાંભળી અભીમાનના આવેષમાં આવી તેણે કહ્યું કે, મને બહેસ્તનું શું કામ છે? કારૂનના આવા અણછાજતા જવાબથી હઝરતે તેને ઘણી ઘણી હિદાયત કરી પણ તેની અસર તેને થઈ નહી અને છેવટ સુધી તે માન્યો નહી.

ઉલ્ટુ તેણે હ. મુસા (અ.) ઉપર ખોટું તહોમત ઓઢાડવાનું મનમાં નકી કર્યું કે જેથી આપની લોકોમાં ફજેતી થાય, તેમજ હ. મુસા (અ.) ફરીને કયારે પણ જકાતની વાત કે માંગણી કરે નહી. એક દિવસ કારૂને બની ઇસરાઇલ કોમમાંની એક ઘણી જ ખુબસુરત સ્ત્રીને બોલાવી શીખવ્યું કે, જ્યારે ઇસરાઇલીઓની જમાત એકઠી મળે ત્યારે, તારે બધાઓની સમક્ષ મોટા અવાજે પુકારી કહેવાનું છે કે, મુસા તો મારા યાર છે અને તે મારી સાથે ખરાબ વ્યવહાર રાખે છે. જો આ પ્રમાણે તું કહીશ તો હું તને એક હજાર અશરફીઓ ઉપરાંત ઘણો માલ અસબાબ આપી નીયાલ કરી નાંખીશ. આથી તે સ્ત્રી લાલચમાં આવી તેમ કહેવા કબુલ થઇ.

એક દિવસ હ. મુસા (અ.) બની ઇસરાઇલ જમાતની ભરચક હાજરી વચ્ચે વાએઝ કરી રહયા હતા. આ મોકો ઠીક આવેલો જાણી કારૂને પેલી શીખવેલી સ્ત્રીને ત્યાં મોકલી પાછળથી પોતે પણ ગયો. આ વખતે હ. મુસા (અ) લોકોને હરામ-હલાલીની વાએઝ કરી સમજ આપી રહયા હતા કે, જે વ્યભિચાર કરશે તેને ખુદા આમ કરી સજા કરશે અને જકાત નહી આપશે તેને અમુક પ્રકારની સજા ભોગવવી પડશે. તે વખતે ચાલુ મીજલસમાં કારૂને ઉભા થઇ, હઝરત મુસા (અ.) ને કહ્યું, અય મુસા! અગર તારો કોઇ સાથે આડો વ્યવહાર હોય તો તેની સજા શું? હઝરતે ફરમાવ્યું કે, એમ હોય તો મને મારી નાંખવો જોઇએ કે જે સરા મુજબ વાજબ છે. કારૂને કહ્યું કે, મને ચોકકસ ખબર મલી છે કે

તેં વ્યભિચાર કર્યો છે અને તેનો પુરાવો પણ અહિં મૌજુદ છે; એમ કહી કારૂને તરત જ પેસી શીખવી રાખેલી સ્ત્રીને મીજલસમાં ઉભી કરી. તે સ્ત્રી માટે એક તરફ મોટી રકમની લાલચ હતી, જ્યારે બીજી તરફ અસત્ય બોલવા માટે ખુદા-તઆલાનો ડર હતો, છતાં પણ આવા ધર્મ સંકટ વચ્ચે તેણીએ બોલવા ચહાયું; પણ કુદરતની ઇચ્છા સાચાને સાથ આપવાની હતી; તેથી ખુદાની મરજીથી તે સ્ત્રીનો હૃદયપલટો થઇ ગયો અને ખોટું બોલવા તેના આત્માએ કબુલ કર્યું. નહી અને તેણીએ હાજર મીજલસને કહયું કે, અય નેક જમાત હ. મુસા (અ.) પાક છે અને મને અસત્ય કહેતાં તે માલિકનો ખૌફ પેદા થાય છે. બસ એટલામાં હ. મુસા (અ.) બેશુધ્ધ બની મિંબર ઉપરથી ઢળી પડયા અને તરત જ હ જીબરાલ અમીને આવીને આપને પોતાના બ.હુપ.શમાં લઇ સબુરી અખત્યાર કરવા અને ખુદાનો હુકમ સંભાળાવતાં કહયું કે, અય મુસા ! ખુદાતઆલાએ જમીનને તારા તાબામાં મુકી છે, તું ચહાય તે સજા કારૂનને આપી શકે છે. એ ઉપરથી હ. મુસા (અ.) એ ફરમાવ્યું કે, અય કારૂન ! તું ખોટું બોલતા ખુદાથી ડર અને તેના ખૌફનો વીચાર કર. પણ તે તો અભીમાનમાં ચકચુર બની હઝરતને બેઅદબ ભર્યા જવાબો આપવા લાગ્યો.

આ ઉપરથી હ. મુસા (અ.) એ ત્યાં જે ઇસરાઇલ લોકો હાજર હતા તેમને ફરમાવ્યું કે, જો મને માનતા હો તો તમે કારૂનથી જુદા પડી જાઓ. તે ઉપરથી કારૂનના બે મીત્રો સીવાય બીજું કોઇ તેની સાથે રહયું નહીં. તે વખતે ખુદાના હુકમથી હ. મુસા (અ.) એ જમીન ઉપર "અસા" મારી ફરમાવ્યું કે, અય જમીન ! કારૂનને તારામાં સમાવી આપ. તરતજ જમીને કારૂનને તેના સાથીઓ સાથે ઘુંટણ સુધી દબાવી દીધા. કારૂન પોતાનું મૌત પાસે આવેલું જાણી હઝરતને આજીજીપુર્વક કહયું કે, અય મુસા ! આ સજામાંથી તું મને મુક્તિ આપ, હવેથી હું કદી પણ એવું કરીશ નહીં. હ. મુસા (અ.)એ તેજ વખતે આવેશમાં આવી ફરમાવ્યું કે, અય જમીન ! તું એને કમર સુધી તારામાં ખેંચી લે. રીવાયત છે કે, ૭૦ વખત કારૂને તૌબા સહીત આજીજી સાથે હ. મુસા (અ.) ની માફી માગી, પણ કારૂન માટે હવે માફી માગવા જેવું રહયું નહોતું; કારણ કે, તેના કૃત્યો સજાને પાત્ર થઇ ચુકયા હતા; તેથી હ. મુસા (અ.) એ સખત નારાજી સાથે જમીનને ફરમાવ્યું કે, તું એને તારામાં ગર્ક કરી દે. ફરમાન અનુસાર જમીને કારૂનને તેના સાથીઓ સહીત ગળા સુધી ખેંચી લીધા. હવે કારૂનને માફીની કશી આશા નહીં રહેતા તેણે કહયું કે, અય મુસા ! શું તું મારી દૌલત છીનવી ઇસરાઇલીઓને આપી દેવા માગે છે ? હઝરતે ફરમાવ્યું કે, મને કે મારા

ખુદાને તારી દૌલતની કંઇ પણ પરવાહ નથી. તેજ વખતે ખુદાના હુકમથી હ. જીબ્રાઇલે કારૂનનો તમામ ખજાનો ઝર ઝવેરાત લાવી ત્યાં હાજર કર્યો. જે ઉપરથી હ. મુસા (અ.) એ કારૂનને ફરમાવ્યું કે, લે આ તારો ખજાનો અને સઘળી માલમતા. ત્યારબાદ આપે જમીનને ફરમાવ્યું કે, કારૂનને તેની સઘળી માલમતા સાથે ગારત કરી દે. બસ ઇલાહી હુકમ અનુસાર જમીને કારૂન તથા તેના ખજાના અને સાથીઓને પોતામાં સમાવી ગર્ક કરી દીધા.

કારૂન તેના ખજાના સાથે ગારત થઇ ગયો, ત્યારે ત્યાં હાજર રહેલા લોકોએ આ દ્રષ્ય જોઇ તૌબા સહીત ખુદાના શુક્રાના અદા કરતાં કહયું કે, એ દુનીયાના તલબગારો ખુદાનો હક નથી આપતા તેના કેવા હાલ થાય છે એ સબક આ બનાવ ઉપરથી મેળવજો.

# આમીલ મકતુલ બિન સુલેમાન

"કસસુલ અંબીયા" માં એક રીવાયતનો ઉલ્લેખ કરતાં જણાવેલ છે કે, ઇસરાઇલ કોમમાં આમીલ નામનો એક શખ્સ હતો; જે જમીનદાર, આબરૂવાળો અને ઘણોજ માલદાર હોવા છતાં અસંતોષી હતો. તેનો એક ભત્રીજો હતો જે ઘણો ગરીબ પરંતુ બહુ જોરાવર હતો. તે પોતાના કાકાનો માલ હસ્તગત કરવા તેનું ખુન કરવાની તક શોધી રહયો હતો.

"ઇરફાની કુરઆન" ની તફસીરમાં જણાવ્યા મુજબ એક શખ્સ પાસે એક વાછરડી હતી, જયારે તે મરણ પથારીએ પડયો ત્યારે તેને એક બાળક પુત્ર હતો. જયાં સુધી એ છોકરો મોટો થઇ વાછરડીને પોતાના કબજામાં લઇ તેની સંભાળ રાખી શકે ત્યાં સુધી તેણે તે વાછરડીને ખુદાના આશ્રયે જંગલમાં છોડી મુકી એ વાછરડી જંગલમાં ભટકતી ફરતી. પોતાની વાછરડીને એ મુજબ અલ્લાહને હવાલે કરી થોડા દીવસ બાદ તે શખ્સ ગુજરી ગયો. તેનો બાળપુત્ર માતાની પરવરીશ હેઠળ ઉમર લાયક થયો. મા–દીકરો ગરીબ હોવાથી છોકરો જંગલમાંથી લાકડા લાવી માતા તથા પોતાનું ગુજરાન મુશ્કીલીથી ચલાવતો; પણ પુરતી મજુરી નહીં મળી શકવાથી એક દીવસ તેની માતાએ તેને ગાયના ચીન્હો સમજાવીને કહયું કે, તારા પીતા એક ગાય તારા માટે વારસા તરીકે ખુદાને હવાલે જંગલમાં છુટી મુકી ગયા છે, તો તું જંગલમાં જઇ તેની માંગણી અલ્લાહ પાસેથી કર એટલે તે ગાય તારા હાથમાં આવશે. માતાની સુચના અનુસાર છોકરાએ ચરાઇના જંગલમાં જઇ ખુદાતઆલા પાસે આજીજીપુર્વક જેવી ગાયની

માગણી કરી કે તરતજ તેની ગાય તેની પાસે આવી ઉભી રહી. તેને તે પોતાને ઘેર લઇ આવ્યો, પછી તેની માતાએ કહ્યું કે, બેટા! આપણી હાલત ઘણી તંગ છે માટે તું તેને બજારમાં જઇ વેચી નાંખ. જો માત્ર ત્રણ અશ ફીયો આવે તો પણ વેચી નાંખજે.

માતાની આજ્ઞા અનુસાર છોકરો ગાયને લઇ બજાર તરફ ચાલ્યો, દરમ્યાન ફીરસ્તો માણસના રૂપમાં તેની પાસે આવ્યો અને તેને ગાયની કીંમત તરીકે છ સોનાના સીકકા આપવા કહ્યું, પણ માતાને પુછયા વગર છોકરાએ તેટલી કીંમતમાં આપવાની ના પાડી અને તરત જ ઘરે જઇ તેણે છ સીકકામાં થયેલી માંગણીની હકીકત પોતાની માતાને કહી અને ગાય વેચવાની રજા મેળવી ફરી તે ગાયને લઇ બજારમાં ખરીદનારને મળ્યો. આ વખતે ખરીદદારે તેને અગાઉ કરતાં બમણી કીંમત આપવા એવી શર્તે કહ્યું કે, તેણે પોતાની માતાને પુછવા જવું નહી, પણ તેમ કરવા છોકરાએ ના પાડી અને તે પાછો પોતાને ઘેર આવ્યો અને ખરીદદાર વધુ કીંમત આપવા તૈયાર છે એવું તેણે પોતાની માતાને જણાવ્યું; એ ઉપરથી તેની માતા સમજી ગઇ કે, માણસ રૂપમાં બીજો કોઇ નહી પણ ફીરસ્તો હોવો જોઇએ એટલે માતાએ છોકરાને કહ્યું કે, બેટા, તું પાછો તેની પાસે જા, અને આ ગાયનું શું કરવું તે બાબત તેને પુછી જો. તે છોકરે જઇ ખરીદદારને પુછયું એટલે તેણે જવાબ આપ્યો કે, થોડા સમય પછી ઇસરાઇલ લોકો તારી પાસે આવે ત્યારે એ ગાયના ચામડામાં સમાય તેટલી અશરફીઓની કીંમત માગજે.

થોડા વખત બાદ એવું બન્યું કે, આમીલને તેના ભત્રીજાએ કોઇ ન જાણે તેમ તેના ઘરમાં પ્રવેશી મારી નાખ્યો અને એ હકીકતને છુપાવવા તેણે પોતાના કાકાના શબને યહુદીઓની મસ્જીદ કે જેને બાર દ્વાર હતા, તેના એક દરવાજા પાસે ફેંકી આવ્યો અને પોતે કાકાની મીલ્કતનો વારસદાર બની બેઠો.

ત્યારબાદ તેણે પોતાનો ગુનો છુપાવવા ખાતર ફરેબ અને મકકર કરી કાતીલની શોધ કરવા લાગ્યો. બાદ તેણે એક નવી યુકિત યોજી અને ગામવાળાઓ ઉપર પોતાના કાકાના ખુનનું તહોમત મુકવા લાગ્યો. જેથી ગામવાળાઓ એકબીજા ઉપર શક લઇ જવા લાગ્યા. પરીણામે આપસમાં મતભેદ બહુ વધી પડવાથી તેનો અંત લાવવા ગામવાળા હ. મુસા (અ.) ની હુઝુરમાં ગયા અને કહ્યું કે, આમીલના ખુન માટે એકબીજા પર તહોમત મુકે છે, પણ અમારામાંથી કોઇએ તેનું ખુન કર્યું નથી. હવે આપ દુઆ કરો કે જેથી ખરો ખુની મળી આવે. એ સાંભળી હઝરતે અલ્લાહની દરબારમાં દુઆ કરી એટલે હ. જીબ્રાઇલે આવી ખુદાના

હુકમથી કહ્યું કે, એક, ગાયને કત્લ કરો તેનો અમુક ભાગ મુરદાના શરીરને સ્પર્ષ કરાવવાથી તે સજીવન થઇ ખરા ખુનીનું નામ જાહેર કરશે. તે પ્રમાણે હ. મુસા (અ.) એ તેઓને ખુદાનો હુકમ સંભળાવ્યો. આ બાબત તેઓના મગજમાં ઉતરી નહી, તેથી તેઓએ હઝરતને કહ્યું શું તમે અમારી મશ્કરી કરો છો? હ. મુસા (અ) એ ફરમાવ્યું કે, અલ્લાહની પનાહ માગી કહું છું કે હું કાંઇ નાદાન નથી કે તમારી મશ્કરી કરું; પણ મને ખુદાતઆલાએ જે ફરમાવ્યું છે તેજ મેં તમને કહ્યું છે.

એ સાંભળી કોમે કહ્યું કે, તમે અમારા માટે પરવરદીગારને વીનંતી કરો કે તે અમારા માટે વર્ણન આપે કે તે ગાય કેવી હોવી જોઇએ? હ. મુસા (અ) એ ફરમાવ્યું કે, ખુદાતઆલા ફરમાવે છે કે, તે એવી ગાય હોવી જોઇએ કે તે ન હોય ઘરડી ન હોય જુવાન; તે વચલા વાંધાની હોવી જોઇએ. તેઓએ ફરી કહ્યું કે તેનો રંગ કેવો હોય? હ. મુસા (અ.) એ ફરમાવ્યું કે, તેનો રંગ શુધ્ધ પીળો હોય અને ખુબસુરત હોય. તેઓએ ફરી પુછ્યું કે, તેવી ગાય કયાં મળે? એવી કોઇ ગાય અમારી બીજી ગાયોને મળતી નહી હોવાથી અમે તેને ઓળખી શકતા નથી. હઝરતે ફરમાવ્યું કે, તે એવી ગાય છે કે તેને જમીન ખેડવાને તેમજ ખેતરોને પાણી પાવાને કોઇએ પલોટી નથી, તે ગાય કંઇ પણ ખામી ખોડ વીનાની છે અને તેની અંદર બીજો કોઇ રંગ નથી. એ મુજબ એવી ચોકકસ નીશાનીવાળી ગાયને મારવાનો તેમણે હુકમ કર્યો. હવે એવી ગાય પેલા નબાપા છોકરાની ગાય સીવાય બીજી કોઇ ગાય હતી નહી.

તે ઉપરથી ઇસરાઇલીઓ 'આમીલ' ના ખુનીની શોધ માટે ગાય મેળવવા કોશીશ કરવા લાગ્યા; પણ ખુદાએ ફરમાવ્યા મુજબની ગાય મળતી નહોતી. દરમ્યાન એક માણસની નજરે આ છોકરાની ગાય જે ખુદાએ સુચવેલ નીશાનીવાળી હતી, તે પડી; તેની જાણ તેણે ઇસરાઇલીઓના આગેવાનોને કરી તેથી તેઓ તે ગાયને ખરીદ કરવા છોકરાની માતા પાસે આવ્યા. તેની માતાએ હ. જીબરાઇલના કહેવા પ્રમાણે કિંમત બતાવી. તેથી બની ઇસરાઇલીઓએ મહામુશીબતે તેટલી અશરફીયો ભેગી કરી અને તે ગાયને ખરીદી. ખુદા તરફથી છોકરાને તેની માતાની આજ્ઞા પ્રમાણે ચાલવાનો બદલો આપવાનો હોવાથી ખુદાએ તે તેને એ રીતે આપ્યો અને તે ખુબ ધનવાન બન્યો.

ત્યારબાદ તે ગાયને કત્લ કરી તેના શરીરના એક ભાગને આમીલના મુરદાને સ્પર્ષ કરાવ્યો કે મુરદુ સજીવન થઇ બોલ્યું કે, મારું ખુન મારા ભત્રીજાએ

મારી દોલત મેળવવા માટે કર્યું છે. એટલું બોલી તે ફરી મરણ પામ્યો. તે ઉપરથી હ. મુસા (અ.)એ મરનારના ભત્રીજાને પકડાવી તેને શુળી ઉપર ચડાવ્યો અને આમીલની સઘળી દોલત ગરીબ હાજતમંદોમાં વહેંચાવી આપી આથી હ. મુસા (અ.) ઉપર બની ઇસરાઇલીઓને સંપુર્ણ વીશ્વાસ બેઠો.

ફરમાન ઉપર નુકતેચીની કરી બુધ્ધી ચલાવવાથી કેવું પરીણામ આવે છે, તે ઇસરાઇલીઓના ઉપલા વર્ણન ઉપરથી જણાય છે. તેઓએ ફરી ફરી ગાયની નીશાનીઓ પુછવાથી, અશરફીયો ભેગી કરવામાં તંગ બની ગયા. ઉપરાંત તેમ-નામાં એક એ પણ ખરાબ ટેવ હતી કે, જયારે ખુદા તરફથી કોઇ પણ ફરમાન થતું ત્યારે "આમીન" કરી કબુલ કરી લેવાને બદલે અનેક સવાલો પુછતા અને પોતાનું ડહાપણ ચલાવતા અને તેથી અનેક નવા નવા સંકટોના ભોગ થઇ પડતાં.

ઇસમાઇલી પ્રેસના કુરઆને શરીફમાં જણાવ્યા મુજબ 'ઇબ્ને અરબી' પોતાની તફસીરમાં જણાવે છે કે, બની ઇસરાઇલે ગાય કેવી જોઇએ તે વીષે સંખ્યાબંધ નકામાં સવાલ અને જવાબ કર્યા; કારણ કે તેઓમાં ફરમાનબરદારીની ઉણપ હતી. આ બાબત પર જ રસુલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે, જો તે લોકો એક સામાન્ય ગાયને ઝબ્હ કરી નાંખત તો તેમના માટે એ જરૂરનું અને પુરતું થાત; પરંતુ તે લોકોએ ઘણી સખ્તી વાપરી ત્યારે ખુદાતઆલાએ પણ તેમના ઉપર સખ્તી કરી. જો આવા નકામા સવાલો થયા ન હોત અને સચ્ચાઇથી ફરમાન કબુલ કરી લેતે તો તેઓ માટે એ ફરમાન સહેલું અને આસાન બની જાત અને તેમની મુરાદ બર આવત.

## ઔઝ બિન ઉનુક

'કસસુલ-અંબિયા' માં જણાવેલ છે કે, બની ઇસરાઇલીઓ પ્રથમ શામ-પેલેસ્ટાઇનમાં વસવાટ કરતા હતા, ત્યાર પછી મીસરના મુલ્કમાં રહેવા આવ્યા. હ. મુસા (અ.) ને ખુદાનો હુકમ થયો કે, બની ઇસરાઇલીઓને લઇ શામના પ્રદેશમાં જાઓ અને દુશ્મનોથી લડાઇ કરી 'જાબીરો' પાસેથી તે મુલક છીનવી લ્યો.

ઇલાહી હુકમ અનુસાર હ મુસા (અ.) એ પોતાની ઉમ્મતને ખુદાઇ કરારનું પાલન કરવાની ફરજ પાડી અને અમાલિકા કોમ ઉપર ચઢાઇ લઇ જવા કટિબધ્ધ થવા આજ્ઞા કરી અને બની ઇસરાઇલની બાર જમાતોના જે બાર હિંમતવાન લડવૈયા હતા તેમને પોતપોતાના ટોળાની સરદારી સુપ્રત કરી. આ વખતે 'જબાબરા' ના મુખ્ય નગરો 'ઇલીયા' અને 'અરીહા' હતા; ઉપરાંત શામના બધા વિભાગો બની

ઇસરાઇલીઓને જીતવાના હતા. પુર્ણ તૈયારી કરીને હ. મુસા (અ.) પોતાના લશ્કર સહિત "તૈયા" ના મેદાનમાં આવી પહોંચ્યા

'ઇરફાની કુરાન' ની તફસીરમાં જણાવ્યા મુજબ, હ. મુસા (અ.) 'તૈયા' માં આવી બાર સરદારોને રાક્ષસોના મુલ્કની હાલત સંબંધી હકીકત મેળવવા મોકલ્યા. બાર જણા જ્યારે તે દેશની સરહદ પર પહોંચ્યા, તે દરમ્યાન તેઓને માર્ગમાં 'ઔઝ બિન ઉનુક" મળ્યો. જે ૩૩૦૦ વાર ઉંચો અને જોરાવર હતો. તેણે બાર જણાને જોતાં જ પોતાના અંગરખાની અંદર તેમને લઇ લીધા અને પોતાની માતા પાસે તેઓને લઇ ગયો અને પોતાના પગ તળે દબાવી તેમને મારી નાંખવાની તેણીથી પરવાનગી માંગી; પણ માતાએ તેઓને છોડી મુકયા. એમ ધારીને કે તેઓ આ ખબર પોતાના લશ્કરને આપશે એટલે ભયના માર્યા તેઓ નાસી જશે. બારે સરદારો જ્યાં પોતાના લશ્કરે પડાવ નાંખ્યો હતો ત્યાં આવી હ. મુસા (અ.) તથા હ. હારૂન (અ.) ને બનેલી ઘટના કહી સંભળાવી. ત્યારે હ. મુસા (અ.)એ આ વાત બની ઇસરાઇલીઓને નહી કરવા એટલા માટે કહયું કે, એ સાંભળી તેઓ ડરી જશે; પણ 'યુશા બીન નુન' અને 'કાલુત' સીવાયના દશ જણે પોતે જે જોયું હતું તે કહી દીધું. આથી બની ઇસરાઇલીઓ ગભરાઇને કહેવા લાગ્યા કે, આવા રાક્ષસો જેવા માણસોની સામે આપણે લડાઇ કરી કેવી રીતે જીત મેળવી શકીશું?

સરદારો આવી ગયા પછી, હ. મુસા (અ.) એ પોતાની કોમને અમાલીકા (રાક્ષસ) કોમ ઉપર ચઢાઇ માટે તૈયાર થવા હુકમ ફરમાવ્યો. જે સાંભળી કેટલાકો કંપી ઉઠયા, કેટલાક પોક મુકી રડવા બેઠા અને કેટલાકો કહેવા લાગ્યા કે, અમે શા માટે મીસરમાં મરી નહી ગયા કે, આ રાક્ષસોનો શિકાર બનવા જીવતા રહેવા પામ્યા? અહીં એ જાણવું જરૂરી છે કે, હ. મુસા (અ.) ની કોમ કાયર અને બેવફા હતી. મીસર પછી તેઓને શામનો મુલ્ક જીતમાં આપવા માટે અલ્લાહની ઇચ્છા હતી, છતાં તેઓ અસ્થિર યકીનના કાચા અને નાહિંમત હોવાથી અલ્લાહ તથા પયગમ્બરની શાન વિરૂધ્ધ બોલવા પણ ચુકતાં નહોતા. પરીણામે કેટલાકો તો રાક્ષસોની સામે કદી પણ નહિ લડવાનું જણાવીને હ. મુસા (અ.) ને કહેવા લાગ્યા કે, "તમે અને તમારો ખુદા બન્ને જ એ રાક્ષસો સાથે લડીને ફતેહ મેળવો, અમે તો અહીં બેઠા છીએ." તે ઉપરથી 'યુશા બીન નુન" અને 'કાલુતે' તેમને સમજાવતા કહયું કે, અય કોમ! ભલે તે લોકો જોરાવર છે છતાં ફતેહ તો ખુદાતઆલા તમને જ આપશે, કારણ કે, તેણે તમારી ફતેહ થવાનો જે વાયદો આપ્યો છે તે

સાચો જ પડવાનો છે. જવાબમાં તેઓએ જણાવ્યું કે, અમે હરગીઝ લડવા જઇશું નહી, જોઇએ તો તમે અને તમારો ખુદા તેઓથી લડી લ્યો.

બની ઇસરાઇલે રાક્ષસો સામે લડવા જવાની એ પ્રમાણે ના પાડી ત્યારે, હ. મુસા (અ.) એ તેમના ઉપર ઘણા નારાજ થઇ શ્રાપ આપ્યો. અને હ. હારૂનને પોતાની સાથે લઇ રાક્ષસો સામે લડવા ગયા.

હ. મુસા (અ.) ના રવાના થયા પછી ઇસરાઇલીઓએ પાછા મીસર જવાનો નીર્ણય કરી, રાત્રે સફર ચાલુ કરી, પણ સવાર થતાં જ જે જગ્યાએથી તેઓ ઉપડયા હતા ત્યાં જ પાછા આવ્યા છે એમ તેઓને જણાયું.

ફરી બીજી રાત્રે આખી રાત તેઓ ચાલ્યા; સવારે જોયું તો જ્યાંથી તેઓએ કુચ આદરી હતી તેજ જગ્યાએ પોતાને પાછા જોયા. આ ઉપરથી તેમને લાગ્યું કે, હ. મુસા (અ.) ની બદ દુઆને લીધે તેઓ આવા સંકટમાં આવી પડયા છે.

હ. મુસા (અ.) એ તેમને શ્રાપ આપ્યો હોવાથી ખુદાતઆલાએ તેમને રણમાં ભટકતા રાખ્યા અને ૪૦ વર્ષ સુધી "તૈયા" ના જંગલમાં તેઓ રખડતા રહયા. તેઓ ૩૬ માઇલની અંદર જ રહેતા. જો કે તેઓ રાતથી સવાર સુધી મુસાફરી કરતાં છતાં જે જગ્યાએથી ઉપડતાં તેજ સ્થળે પાછા પોતાને જોતાં.

હ. મુસા (અ.) જ્યારે "ઔજ" શહેરમાં પોતાના ભાઇ હ. હારૂન સાથે આવી પહોંચ્યા અને ત્યાંના લોકોના કદ તથા વિક્રાળ ચહેરા જોયા ત્યારે તેઓ ગભરાઇ ગયા. છતાં અલ્લાહને યાદ કરી આગળ ને આગળ વધતા રહયા દરમ્યાન "ઔજ બીન ઉનુક" તેમને જોઇ પડકારતાં કહયું કે, અય બની ઇસરાઇલ કોમના સરદાર! તેંજ ફીરઔનને પાણીમાં ડુબાડી મારી નાંખ્યો છે ને? આટલું કહી તેણે હ. મુસા (અ.) ને કીડીની જેમ મસળી નાખવાનો ઇરાદો કરી હુમલો કર્યો, જેના જવાબરૂપે હ. મુસા (અ.) એ કુદકો મારી પોતાની 'અસા' (લાકડી) તેના ગુંઠણ ઉપર એવા જોરથી મારી કે તે જમીન ઉપર પછડાઇ મૌતને આધીન થયો. આવી રીતે ખુદાએ આપેલી જીતથી હ મુસા તથા હ. હારૂન (અ.) આનંદ પામી જ્યાં બની ઇસરાઇલીઓ અટકી પડયા હતા તે મેદાનમાં આવી પહોંચ્યા.

"તૈયા" મેદાનમાં હ. મુસા (અ) તથા હ. હારૂન (અ.) આવતાં જ કોમે આપને ઘણાં જ ખુશખુશાલ જોયા. બાદ હ. મુસા (અ) એ ફરમાવ્યું કે, અય કોમ! મારા હાથે "ઔજ બીન ઉનુક" મરણ પામી પોતાની સરજતે પહોંચ્યો છે. હવે તમે સઘળા શામ તરફ ચાલો અને ખુદાનો હુકમ બજાવી લાવો.

આ વખતે બની ઇસરાઇલીઓએ હ. મુસા (અ.) પાસે પોતાની અવદશાનું વર્ણન કરતાં કહયું કે, આ મેદાનમાંથી અમે બહાર નીકળી શકતા નથી, ત્યારે હ. મુસા (અ)એ ફરમાવ્યું કે, તમારો સરસામાન લઇ મારી સાથે શામના મુલ્કમાં ચાલો. હુકમ અનુસાર તેમણે આખી રાત પોતાની કુચ ચાલુ રાખી, પણ પરોઢીયું થતાંજ તેઓએ પોતાને જ્યાંના ત્યાંજ જોયા પોતાની કોમની આવી ખરાબ હાલત જોઇ હ. મુસા (અ.)એ તેમની મુશ્કેલી દુર થાય એવી દુઆ ખુદાના દરબારમાં માંગી. ખુદાનો હુકમ થયો કે, અય મુસા! અફશોસ નહી કર, હુકમ નહી માનનાર કોમ ઉપર આ રીતે ૪૦ વર્ષ ભટકવું નીર્માણ થઇ ચુકયું છે, કારણ મારૂં ફરમાન હોવા છતાં તેઓ તારી સાથે યુધ્ધ કરવા આવ્યા નહી અને હુકમનો અનાદર કરતાં કહયું કે, 'તમે અને તમારો ખુદા દુશ્મનથી લડી લ્યો."

"તૈયા" વેરાન જંગલમાં આવેલું એક એવું મેદાન હતું કે, જ્યાં કાંટાના ઝાડો સીવાય પાણી કે લીલોતરી જેવું કંઇ પણ હતું નહી. વળી હ. મુસા (અ.)ના આવ્યા બાદ પણ ઇસરાઇલીઓ તે મેદાનમાંથી બહાર નીકળી શકયા નહોતા, તેથી તેઓને સુર્યનો તાપ, ભુખ અને તરસથી ખુબ કષ્ટ વેઠવું પડતું હતું. આવી મુશીબતમાંથી બચાવી લેવા તેઓએ હઝરતને ખુદા પાસે દુઆ માંગવા કહયું. હ. મુસા (અ.)એ દુઆ માંગી અને તેની બરકતથી ખુદાતઆલાએ તેમના ઉપર છાંયો કરવા માટે એક ઠંડા વાદળનો કટકો અને ખાવા માટે મન્ન તેમજ સલ્વા નામના બે જાતના ખોરાક આસમાનમાંથી મોકલ્યા. આ બે ખોરાકના સંબંધમાં તફસીર લખનારાઓના જુદા જુદા મત છે; પણ ઘણા તફસીર લખાનારાઓનો મત છે કે, "મન્ન" એક જાતની વનસ્પતી હતી અને "સલ્વા" એક જાતનુ પક્ષી હતું જે ચકલી કરતાં મોટું અને કબુતર કરતાં નાનું હતું: તેને હાડકા નહોતા, તે પક્ષી જમીન ઉપર પડયા પહેલાં તેના સઘળા પીછાં હવામાં સાફ થઇ જતાં અને તે સુર્યના તાપથી પટકાઇને નીચે પડતું.

ઇસરાઇલ લોકોએ ભુખને સંતોષવા મન્ન અને સલ્વા ખાધા અને પછી તેઓને લાગેલી તરસ માટે તેઓએ હઝરત પાસે પાણી મેળવી આપવાની વીનંતી કરી. ખુદાના હુકમથી હ. મુસા (અ.)એ પોતાની અસા લાકડી એક ખડક ઉપર મારી એટલે તેમાંથી તેમની કોમ સંખ્યા પ્રમાણે બાર ઝરા ફુટી નીકળ્યા. તે કયો ખડક હતો તેના સબંધમાં તફસીર લખનારાઓમાં ભીન્ન-ભીન્ન મત છે. કેટલાક કહે છે તે ખડક બહેસ્તમાંથી હ. આદમ (અ.) લાવ્યા હતા. બીજા કહે છે તે સીના પર્વતમાંથી હતો.

હ. મુસા (અ)એ પોતાની કોમને નસીહત કરતાં ફરમાવ્યું કે, "મન્નો–સલ્વા" એકજ દીવસના ખોરાક પુરતું રાખજો, વધારે ભેગું કરી રાખશો નહી. છતાં ઇસરાઇલીઓ હઝરતના હુકમની અવગણના કરીને એક મહીનાનો ખોરાક ભેગો કરવા લાગ્યા, તેથી "મન્નો–સલ્વા" જે રીઝકરૂપે તેઓને મળતું હતું તે બંધ થઇ ગયું; આથી ઇસરાઇલીઓ ગભરાટમાં પડી હઝરતને એ ખોરાક મેળવી આપવા ફરી અરજ કરી. હઝરતની દુઆથી માત્ર એક દીવસ પુરતુંજ રીઝક તેઓને મળવા લાગ્યું; પણ તે દરરોજ ખાઇ ખાઇ તેઓ કંટાળી ગયા અને તેઓએ હ. મુસા (અ.) ને અરજ કરી કે, આ મેદાનમાં પડયા રહી, આવો બેસ્વાદ ખોરાક કયાં સુધી ખાતા રહીશું? હઝરતે ફરમાવ્યું કે, તમારી કીસ્મતમાં એજ ખોરાક નીર્માણ થયેલો છે. કારણ કે, તમોએ ખુદાની નાફરમાની કરી તેની સજા તરીકે આ દુઃખ ભોગવે જ છુટકો છે. દરમ્યાન બની ઇસરાઇલના વૃધ્ધ ઉમરના તમામ લોકો હેરાન–પરેશાન થઇ મોટા પ્રમાણમાં મરણ પામ્યા હતા. જયારે મીસરથી આવ્યા પછી જે ઓલાદ થઇ હતી તે, તેમજ યુશા અને કાલુત જીવતા રહેવા પામ્યા હતા. હ. મુસા (અ) તથા હ હારૂન (અ) "તૈયા" ના મેદાનમાં વફાત પામ્યા હતા.

બની ઇસરાઇલીઓના પયગમ્બર તરીકે 'હ. યુશા બીન નુન' હ. મુસા (અ.) પછી પયગમ્બરી કરવા લાગ્યા હતા. હ. મુસા (અ.) તથા હ. હારૂન (અ.) "તૈયા" મેદાનમાં આવ્યા પછી ૩૦ વર્ષે વફાત પામ્યા હતા. જયારે ૪૦ વર્ષ પછી ઇસરાઇલીઓને બહાર નીકળવાનો રસ્તો મળ્યો હતો, કે જયાંથી તેઓએ કીનઆન–શામ' વીગેર દેશોમાં જઇ વસવાટ કર્યો હતો.

## હઝરત મુસા (અ.)ની હ. ખીઝર (અ.) સાથે મુલાકાત

એક દીવસ હ. મુસા (અ.) બની ઇસરાઇલીઓને જયારે નસીહત કરી કરી રહયા હતા, ત્યારે ખુદાતઆલાના હુકમથી તેમના ઉપર એક સફેદ વાદળું આવી છાયો કરવા લાગ્યું, એ વખતે એક શખ્શે હ. મુસા (અ.)ને પુછયું કે એવો કોઇ શખ્સ છે કે જે તમારાથી વધુ હોય? યાને ઇલ્મ વધારે જાણતો હોય? હ. મુસા (અ)એ ફરમાવ્યું કે, મને ખબર નથી. હું નથી જાણતો કે મારાથી કોઇ વધુ હોય. તે વખતે હ. જીબરાઇલ અમીને નાઝીલ થઇ કહયું કે, અય મુસા! તમે જાઓ અને તે શખ્સ પાસે ઇલ્મ શીખો, એવો તમારા માટે ખુદાનો હુકમ છે. હ. મુસા (અ.)એ કહયું કે, કયો શખ્સ? તેને હું ઓળખતો નથી. ત્યારે જીબરાઇલે કહયું કે, જેટલું ઇલ્મ દુનીયામાં છે તે તમે તે શખ્સ પાસે શીખવા માટે

જાઓ. આંગળીથી નીશાની બતાવીને કહયું કે તમે ત્યાં જાઓ તેની પાસેથી ઇલ્મ શીખો, એવો તમારા માટે ખુદાનો હુકમ છે. હ. મુસા (અ.)એ કહયું કે, તે શખ્સને હું ઓળખતો નથી, તેને હું ગોતવા કયાં જાઉં? જીબરાઇલે કહયું કે, તમે ત્યાં જઇ જોશો તો તે ત્યાં છે, અગર ગોતશો તો તે તમને મળશે.

ખુદાવંદતઆલાના હુકમથી હ. મુસા (અ.) એ પોતાના ભાઇ હ. હારૂનને તખ્ત ઉપર બેસાડી, પોતાના જાનશીન યુશાને લઇ "મજમઉલ બાહરેન" તરફ રવાના થવાનો ઇરાદો કર્યો. 'મજમઇલ બાહરેન' સમુદ્રનું નામ છે, જે ફારસ અને રૂમ નજીક પુર્વમાં આવેલો છે. તે વખતે જીબરાઇલે આવીને કહયું કે, અય મુસા ! તમને ખુદાનો હુકમ છે કે, સાથે એક સુકી માછલી લઇ જાઓ. આ માછલી જયાં જીવતી થાય ત્યાં તે શખ્સને ગોતજો અને જોજો.

હ મુસા (અ.) પોતાની ઉમ્મતને કહયું કે, મને ખુદાનો હુકમ છે કે, "તું ઇલ્મ શીખવાને માટે જા." જેથી હું ઇલ્મ શીખવાને માટે જાઉં છું અને હ. હારૂનને મારી બદલીમાં તખ્ત ઉપર બેસાડું છું તેની ફરમાંબરદારી કરજો.

હ. મુસા (અ.) યુશાને સાથે લઇ એક સમુદ્ર પાસે આવ્યા. તે ઠેકાણે હ. મુસાને કુદરતી હાજત થવાથી માછલીને ત્યાં રૂકી અને હ. યુશાને ત્યાંજ બેસાડી હાજત માટે ચાલ્યા. હ. મુસા કુદરતી હાજત માટે હંમેશા ઘણા છેટે જતા હતા, કારણ કે તેમને કોઇ જુએ નહી.

પાછળથી પાણીના વાસથી માછલી જીવતી થઇ અને પાણીમાં ચાલી ગઇ. હ. મુસા (અ.) જયારે આવ્યા ત્યારે માછલીને ત્યાં ન જોતાં હ. યુશાને પુછયું કે, માછલી કયાં છે? ત્યારે હ. યુશાએ માછલીનો જે બનાવ બન્યો હતો તે કહી સંભળાવ્યો અને કહયું કે, તે પાણીમાં ચાલી ગઇ. હ. મુસાએ કહયું કે, એમ કેમ બને ? એમ કહીને માછલીને જોવા માટે પાણીમાં ચાલ્યા અને માછલીને પાણીમાં ચાલી જતી જોઇ. હ. મુસા (અ.) તેને પકડવા માટે તેની પાછળ ચાલ્યા ત્યારે પાણી તેમને ખેંચીને નીચે લઇ ગયું જયારે પાણીની નચે જમીન ઉપર પહોંચ્યા ત્યારે હ. મુસા (અ.) એ નજર કરી તો હ. ખિઝરને બંદગીમાં મશગુલ થઇ બેઠેલા જોયા. હ. મુસા (અ.) ત્યાં જઇને ઉભા રહયા. જયારે બંદગીમાંથી હ. ખિઝર (અ.) ફારેગ થયા ત્યારે હ. મુસાએ સલામ કરી અને હ. ખિઝરે સલામનો જવાબ આપી પુછયું કે, તમે શા માટે આવ્યા છો? ત્યારે હ. મુસાએ કહયું કે, હું ઇલ્મ શીખવા આવ્યો છું. હ. ખિજરે કહયું કે, મારૂં ઇલ્મ શીખવાની તમારામાં તાકાત નથી

કે તે તમે શીખી શકો, કારણ કે તમારામાં એટલી સબુરી નથી અને તમે સબુરી રાખી શકશો નહી. હ. મુસાએ કહ્યું કે, મને તમારી પાસે ઇલ્મ શીખવા માટે ખુદાતઆલાએ મોકલ્યો છે અને હું ખુદાના હુકમથી અહીં આવ્યો છું, ખુદાતઆલા મને સબુરી આપશે.

હ ખિજર (અ) અને હ. મુસા (અ.) બન્ને જણા ચાલતા ચાલતા દરિયાં કીનારે પહોંચ્યા. ત્યાં એક કિશ્તી યાને વહાણ હતું તેમાં બેઠા. જ્યારે કિનારા નજીક આવ્યા ત્યારે હ ખિઝર શું કરે છે તે હ. મુસા જોવા લાગ્યા. આ વખતે હ. ખિઝર વહાણનું એક પાટીયું કાઢતા હતા અને આખરે પાટીયું કાઢી નાખ્યું; આથી વહાણમાં પાણી ભરાવા લાગ્યું, ત્યારે હ. મુસાએ હ. ખિજરને કહ્યું કે, આ શું કર્યું ? હમણા પાણી ભરાઇ જશે અને આપણે ડુબી જશું. હ. ખીઝરે કહ્યું કે, અય મુસા! તમે મને કહ્યું હતું કે હું સબુરી રાખીશ, તે તમે ભુલી ગયા? હ. મુસાએ કહ્યું કે, હવે પછી હું નહી બોલું, હવે હું સબુરી રાખીશ.

હ ખીઝર (અ.) અને હ. મુસા (અ.) બન્ને જણા કીનારે ઉતરી આગળ ચાલ્યા, ત્યાં એક છોકરો ઉભો હતો. હ. ખીઝરે તલવાર કાઢીને તે છોકરાને મારી નાખ્યો. ત્યારે હ. મુસાએ કહ્યું કે, અય ખીઝર! આ બેગુનાહ છોકરાને શા માટે મારી નાખ્યો? ત્યારે હ. ખીઝરે કહ્યું કે, ફરી તમે ભુલી ગયા! ત્યારે હ. મુસાએ આજીજી કરી કહ્યું કે, હવે નહી પુછીશ, જો હવે પછી હું પુછું તો તમે મને ઇલ્મ નહી શીખવજો.

ત્યાંથી બન્ને જણ ચાલ્યા અને એક શહેરમાં પહોંચ્યા અને ભુખ લાગી હોવાથી જમવા માટે ગયા, પણ શહેરમાં કોઇએ તેઓને ખાવાનું આપ્યું નહી, એટલુંજ નહી પણ બન્નેને શહેરમાંથી બહાર કાઢી મુકયા.

ઉપલી હકીકત કુરઆને શરીફમાં છે. હ. મહમદ મુસ્તફા સ. અ. વ. એ ફરમાવ્યું છે કે, એ શહેર ઘણું ખરાબ છે, કારણ કે કોઇ પણ મહેમાન આવે તો તેને ખાવાનું ન આપતા શહેરની બહાર કાઢી મુકે છે, તેમ હ. મુસા અને હ. ખીઝરને પણ કાઢી મુકયા

પછી હ. ખીઝરે હ. મુસા (અ.)ને કહ્યું કે. અહીં આપણને કોઇ ખાવાનું આપશે નહી, માટે ચાલો આપણે મજુરી કરી પૈસા કમાવી ખાવાનું લઇએ. ત્યાંથી તેઓ એક શહેરની પાસે પહોંચ્યા, ત્યાં એક ઘરની ભીંત પડી ગઇ હતી. તે ભીંત હ. ખીઝર ઉભી કરવા લાગ્યા અને ભીંત સરખી કરી હ. મુસાએ

કહ્યું કે આ ભીંત કોની છે, આપણે તેની મજુરી પણ ઠેરાવી નથી, તો તેની મજુરી આપણને કોણ આપશે? તેના માલીક પાસે મજુરી ઠરાવી ત્યારબાદ મજુરી કરી હતે તો ઠીક થતે. હ. ખીઝરે કહ્યું કે તમે તમારા મકાને જાઓ કારણ કે આપણો વાયદો હવે ખલાસ થયો છે. તમે કહ્યું હતું કે, હું હવે સબુરી ન રાખું તો તમે મને નહી શીખવજો. તે શરત પ્રમાણે તમારાથી સબુરી રાખી શકાણી નહી એટલે આપણો વાયદો ખલાસ થયો.

હ. ખીઝર (અ.)એ હ. મુસા (અ.)ને કહ્યું કે, તમે જે ત્રણ બાબતો જોઇ તેનો મતલબ અને ભેદ હું તમને સમજાવું છું અને હ. મુસા સાંભળવા બેઠા. હ. ખીઝર કહેવા લાગ્યા કે, મેં જે કીશ્તી ભાંગી નાખી, તેનો સબબ એ હતો કે, તે કીશ્તી એક ગરીબ માણસની હતી અને અહીંનો બાદશાહ જાલીમ હોવાથી જેની કીશ્તી સારી જોવામાં આવતી તેને વેઠમાં લઇ જતો હતો; અગર હું તેની કીશ્તી ન ભાંગતે તો તે કીશ્તી બાદશાહ લઇ જતે અને તે ગરીબ માણસ ભુખે મરી જતે.

બીજી બાબતનો ખુલાસો કરતાં હ. ખીઝર (અ.)એ કહ્યું કે, જે છોકરાને મેં મારી નાંખ્યો તેનો સબબ એ હતો કે, તે છોકરાના માબાપ સારા છે અને આ છોકરો કાફર હતો. જો તે મોટો થયો હોત તો તેણે પોતાના બાપનું નામ ડુબાવ્યું હોત અને પોતાના માબાપને ઘણું દુઃખ આપ્યું હોત અને તેના મા બાપને ઘણું દુઃખ ભોગવવું પડતે, બલ્કે આખા શહેરને દુઃખ આપતે તેના માટે તેને મેં મારી નાંખ્યો કે જેથી દુઃખ ન થાય.

ત્રીજી બાબતનો ખુલાસો કરતાં હ. ખીઝરે કહ્યું કે, જે ભીંત મેં ઉભી કરી તે એક યતીમની હતી, તે યતીમ પાસે એટલો પૈસો નથી કે ભીંતની મરામત કરી ઉભી કરી શકે. તેનો બાપ હતો તે ઘણો સારો અને નેક માણસ હતો તેના બાપનું નામ 'સાલેહ' હતું. સાલેહ નામ ખુદાવંદતઆલાએ રાખ્યું હતું, કારણ કે તે ઘણો સારો હતો અને ઘણા લોકોના સારા કામો કર્યા હતા. તેનું અસલ નામ કાસરખાં હતું પણ તે દરેકની જરૂરીયાતો પુરી કરતો હતો તે માટે ખુદાએ તેનું નામ 'સાલેહ' રાખ્યું હતું. એ ભીંત તેના છોકરાની હતી. તે ભીંત પડી ગઇ અને છોકરા પાસે પૈસો નહીં હતો, વળી તે યતીમ હોવાથી તેની ભીંત મેં ઉભી કરી હતી.

જ્યારે તેનો બાપ સાલેહ ગુજરી ગયો ત્યારે તેણે પાંચ વસીયતો કરી હતી.

પહેલી વસીયત એ હતી કે, "હું અજબ થાઉં છું કે, માણુસો કહે છે કે, અમે મરી જશું છતાં દુનીયામાં ઠઠા, મશ્કરી અને ખુશી મનાવે છે."

બીજી વસીયત એ હતી કે:-

"જે માણુસો સમજે છે કે અમે મરી જઇશું અને કબરમાં દાખલ થશું છતાં દુનીયામાં પોતાને માટે કેવા મકાનો બંધાવે છે?"

ત્રીજી વસીયત એ હતી કે:-

"હું અજબ થાઉં કે, જે માણુસો સમજે છે કે આપણા માટે બહેસ્તમાં કેવા સારા મકાનો છે? પણ માણુસો તે મેળવવા માટે સવાબના કામો કરતા નથી."

ચોથી વસીયત એ હતી કે:

"મને તાજુબી થાય છે કે, માણુસો કહે છે કે, ગુના કરવાથી જહન્નમમાં જશું, છતાં ગુના કરે છે."

પાંચમી વસીયત એ હતી કે:-

"હું અજબ થાઉં છું કે, માણુસો કહે છે કે તૌબા કરવાથી ગુના માફ થાય છે અને ખુદાવંદતઆલા તૌબા કબુલ કરે છે, છતાં તૌબા કરતા નથી."

આવી રીતે પાંચ વસીયતો કરી હતી.

હ. ખીઝર (અ.) એ કહ્યું કે, અય મુસા! તમે મારા કરતાં મોટા છો, પણ તમે મગરૂરી કરી, તેથી ખુદાએ તમને મારી પાસે મોકલ્યા. બાકી તમે મોટા છો અને તમારૂં ઇલ્મ પણ વધારે છે અને તમે મુરસલ છો, પણ તમે તકબ્બુરી કરી કે મારી પાસે ઇલ્મ ઘણું છે, એમ સમજી તમે ખુશી થતા હતા. ખુદતઆલાના કેટલાક બંદા છે, પણ તેઓની પાસે ઇલ્મ નથી અને મારી પાસે ઇલ્મ ઘણું છે એમ સમજી તમે તમારા મનમાં ખુશી રહેતા હતા અને તે માટે તમને અહીં આવવું પડ્યું.

હ. ખીઝર (અ.) હ. મુસા થી વાતો કરતાં હતા તે વખતે એક પક્ષી આવ્યું અને દરીયામાંથી ચાંચ ભરી ચાલ્યું ગયું. તે સમયે હ. મુસાને હ. ખીઝરે કહ્યું કે, તમે તે પક્ષીને દરીયામાંથી ચાંચ ભરી ચાલ્યા જતાં જોયું? હવે જુઓ, આ દરીયામાંથી કાંઇ ઓછું થયું? જુઓ દરીયામાંથી કાંઇ ઘટયું કે ઓછું થયું

નથી, તેવી રીતે ઇલ્મ મીસાલ દરીયો છે તેમાંથી જે કોઇ ઇલ્મ મેળવે છે તો તેમાંથી કંઇ પણ ઓછું થતું નથી.

હ. ખીઝર (અ.) વધુ ખુલાસો કરતાં કહ્યું કે, જુઓ! વીશાળ સમુદ્રના મુકાબલામાં પાણીનું એક બીંદુ કંઇ વીસાતમાં નથી. અય મુસા! જાણો કે તમારૂં અને મારૂં ઇલ્મ પણ એક કતરા સમાન છે. ખરેખર ખુદાતઆલાએ દરેક ઇન્સાનને તેની માનસીક શકિત પ્રમાણે ઇલ્મ આપ્યું છે, મતલબ કોઇને એક, તો કોઇને તેનાથી જુદુ બસ આ વાતનો સાર એ છે કે, અલ્લાહે બક્ષેલું જે ઇલ્મ મને છે, તમને નથી અને જે તમને નથી અને જે તમને છે તે મને નથી.

અય મુસા! તમોએ કરેલી શર્ત પ્રમાણે તમારો અને મારા વચ્ચેનો સંબંધ ખલાસ થાય છે. હવે આપણે છુટા પડીએ તે પહેલાં તમને હું ત્રણ નસીયતો કરૂં છું.

પેલી નસીયત એ છે કે, આનંદી અને નેક અમાલવાળા લોકોની વચ્ચે રહો કે જેથી તમારી ઇજ્જતમાં ખુબ વધારો થશે.

બીજી નસીયત એ છે કે, કોઇ પણ વખત મગરૂરી કરવી નહી કારણ કે મગરૂરને અલ્લાહ પોતાનો દોસ્ત રાખતો નથી,

ત્રીજી નસીયત એ છે કે, તમારી કે બીજા માટેની જરૂરીઆત ખુદા સિવાય બીજાથી માંગશો નહી. એમ કરવાથી ખુદા પાસે તમારી દુઆ કબુલ થશે.

આટલી નસીયતો સંભળાવી હ. ખિઝર (અ.), હ. મુસા (અ.) પાસેથી ગબ થઇ ગયા.

હ. મુસા (અ.), હ. ખીઝર (અ.) ના ઇલ્મથી ઘણા તાજુબ થયા અને પોતાને ઇલ્મનો જે ફખ્ર હતો તે જતો રહયો. ત્યારબાદ હ. મુસા (અ.) પોતાની કોમ પાસે આવ્યા, ત્યારે કોમે આપને પુછયું કે, હ. ખીઝર પાસેથી આપ કયો ઇલ્મ શીખી આવ્યા? જવાબમાં હઝરતે કહયું કે, એ હકીકત તમને કહેવા જેવી નથી.

આ બાબતમાં એક એવો ઉલ્લેખ મળી આવે છે કે, ઇમામ જાફર સાદીકે ફરમાવ્યું છે કે, "જો મુસા પયગમ્બરે સબુરી કરી હોત તો સીતેર બાબતો હ. ખીઝરે હ. મુસા (અ.) ને બતાવી હોત, પણ સબુરી ન કરવાથી માત્ર ત્રણ બાબતો તેમણે જોઈ."

# હ. મુસા અને હ. હારૂન (અ.)ની વફાત

'કસસુલ અંબીયા' ના ઉલ્લેખ પ્રમાણે બની ઇસરાઇલીઓ ખુદાના હુકમની બેફરમાની કરી શામના મુલ્કમાં લડાઈ કરવા ગયા નહીં. જેથી "તૈયા" નામના મેદાનમાં ૪૦ વર્ષ સુધી રસ્તો નહી મળવાથી ભટકતા રહયા. આવી રીતે ૩૦ વર્ષ પસાર થયા ત્યારે હ. મુસા (અ.) ઉપર વહી નાઝલ થઈ કે, અમુક દીવસે, અમુક વખતે અને અમુક જગ્યાએ તારા ભાઈ હારૂનની વફાત થશે. જ્યારે એ વાયદાનો દીવસ નીકટ આવ્યો, ત્યારે પોતાની કોમથી છુટા પડી હ. હારૂન અને હ. મુસા (અ.) એક બાગમાં ફરવા ગયા, ત્યાં નહેરના કીનારે એક તખ્ત તેમની નજરે પડયું જેના ઉપર હ. હારૂન (અ.) જઇને બેઠા, અને કહયું કે, આ જગ્યા કેવી ખુશનુમાં છે?! એટલું બોલી રહયા કે તેમનો રૂહ કબ્ઝ કરી લેવામાં આવ્યો અને હઝરત વફાત પામ્યા.

ત્યારબાદ હ. મુસા (અ.) એ ખુદાના હુકમથી પોતાના ભાણેજ હ. યુશા બીન નુનને પોતાને ઉત્તરાધીકારી બનાવી પયગમ્બરી સુપ્રત કરી. જ્યારે ત્રણ વર્ષ વીત્યા ત્યારે મલેકુલ-મૌતે હ. મુસા (અ.) પાસે આવીને કહયું કે, હું તમારો રૂહ કબ્ઝ કરવા આવ્યો છું.

જવાબમાં હઝરતે કહયું કે, મેં મારી ઝબાનથી ખુદા સાથે કલામ કર્યા છે, આંખો વડે ખુદાનું નુર જોયું છે અને પગે ચાલી કોહેતુર ઉપર ગયો છું. તો હવે તમે મારો રૂહ કેવી રીતે કબ્ઝ કરવા માંગો છો?

મલેકુલ મૌતે કહયું કે, જે રીતે મને ખુદાનો હુકમ છે તે રીતે કબ્ઝ કરીશ.

હ. મુસા (અ.)એ આવેશમાં આવીને કહયું કે, હમણા હું મારો આત્મા તમારા હવાલે કરવા માંગતો નથી.

તે વખતે ખુદા તરફથી વહી આવી કે, અય મુસા! શું મારી તરફ આવવા તું રાજી નથી?

હ. મુસાએ કહયું કે, ઇલાહી! હું તારી તરફ આવવા ઘણો રાજી છું બલ્કે ઇન્તેઝાર છું, પણ એક વખત તુર પર આવી તારા દીદાર અને કલામ સાંભળવાની ઉમ્મીદ રાખું છું.

તરત જ ખુદાના હુકમથી હ. મુસા (અ.) તુર ઉપર ગયા, જ્યાં તેમને

ખુદાના દીદાર થયા. ત્યાં આપે અરજ કરી કે, ખુદા યા! મેં મારી આલ ઔલાદને તારા હવાલે કરી છે, તું એનું રક્ષણ કરજે.

ખુદાએ ફરમાવ્યું કે, અય મુસા! જમીન ઉપર 'અસા' માર! તેમણે જેવી અસા મારી કે તરતજ જમીન ફાટી અને ત્યાં પાણીનું વહેણ ચાલુ થયું. હુકમ થયો કે, પત્થર ઉપર અસા માર! અસા મારતાંજ પત્થરના બે ટુકડા થઇ ગયા. જેમાંથી એક કીડો મોઢામાં હરીયાળા ઘાસ સહીત અલ્લાહનો ઝીકર કરતો બહાર આવ્યો. ખુદાતઆલાએ હ. મુસાને આ મુજબનો ચમત્કાર દેખાડીને ફરમાવ્યું કે, અય મુસા! તેં જોયું કે હું કાળમીંઢ જેવા મજબુત પત્થરમાં વસી રહેલા કીડાને પણ રોઝી પહોંચાડું છું, તો તારી આલ ઔલાદને કેમ ભુલીશ?

હ. મુસા (અ.) ખુદા સાથે છેવટના હમ કલામ કરી આનંદ અનુભવતા કોહેતુર ઉપરથી નીચે આવ્યા. રસ્તે જતાં આપે જોયું કે, સાત શખ્સો એક કબર ખોદી રહયા છે. હઝરતે તેઓને પુછ્યું કે, તમે કેના માટે કબર ખોદી રહયા છો? તેઓએ કહયું કે, ખુદાના દોસ્ત માટે ખોદી રહયા છીએ. તમે પણ આ કામમાં શામીલ થાઓ ઘણો સવાબ હાંસલ થશે. તેથી હઝરત પણ એ કાર્યમાં શરીક થયા.

કબર જ્યારે ખોદાઈને તૈયાર થઈ ગઈ ત્યારે હ. મુસા (અ.) એ પુછ્યું, તમે કબર તો તૈયાર કરી પણ તેનું માપ લીધું છે? પેલા શખ્સો કે જેઓ ફિરસ્તા હતા (જેમને હ. મુસા (અ.) ઓળખી શકયા નહોતા.) તેમણે કહયું કે, જે ખુદાના દોસ્ત માટે કબર ખોદાણી છે તે બરાબર તમારા કદના છે. આપ અંદર ઉતરીને જુઓ કે માપ બરાબર છે કે નહિં.

હ. મુસા (અ.) તરત જ કબરમાં ઉતર્યા અને માપ જોવા પોતે લાંબા થઈને સુતા તેવું જ આપથી કહેવાય ગયું કે, હાશ! ખુબ સરસ જગ્યા છે. અગર આ કબર મારા માટે હોત તો હું ઘણો ખુશ થાત. આ વખતે મલેકુલ મૌતે આપના હાથમાં બહેસ્તનું એક ફળ આપ્યું. તેને સુંઘતા વેંતજ હ. મુસા (અ.) નો રૂહ કબ્ઝ થતાં આપ વફાત પામ્યા.

ત્યાર બાદ ફિરસ્તાઓએ તેજ હાલતમાં તેમના ઉપર માટી નાંખી કબરને સપાટ જમીન જેવી બનાવી દીધી; જેથી કબરની નીશાની રહેવા પામી નહીં.

હ. મુસા (અ.) ની તુરબત કયાં છે તેનો પતો હજી કોઈને મળ્યો નથી, તેનું કારણ એ છે કે, હ. મુસા (અ.) ની ઇસરાઇલિ કોમ કબર પરસ્ત હતી તેથી

તેઓ કબરની પુજા નહિ કરે તે માટે હઝરતની કબર અદ્રશ્ય જેવી અર્થાત સપાટ જેવી બનાવવામાં આવી.

હ. મુસા (અ.) ૧૫૦ વર્ષની ઉમર ભોગવી ઇ. સ. પુર્વે ૧૪૨૧ માં વફાત પામ્યા હતા. બીજા મત પ્રમાણે ઇસ્રાઇલીઓને શામનો મુલક ફતેહ કરાવ્યા બાદ વફાત પામ્યાનું પણ મળી આવે છે.

## હઝરત યુશા બીન નુન અને બલઅમ બીન બાઉર

હ. યુશા બીન નુનના પિતાનું નામ એફરેમ બીન યુસુફ હતું. તેમની માતા હ. મુસા (અ.) ના બહેન મરીયમ હતા. એ મુજબ તેઓશ્રી હ. મુસા (અ.) ના ભાણેજ થતા હતા. તેમનો જન્મ ખ્રિસ્તી માન્યતા પ્રમાણે ઈ. સ. પુર્વે લગભગ ૧૫૩૫ માં થયો હતો.

હ. મુસા (અ.) ની વફાત પછી ઇસ્રાઇલીઓ સાત વર્ષ સુધી તૈયાના મેદાનમાં ભટકતા રહયા. જ્યારે ૪૦ વર્ષ પુરા થયા ત્યારે ખુદાતઆલાએ હ. યુશા બીન નુનને પયગમ્બરી બક્ષીને ફરમાવ્યું કે, બની ઇસ્રાઇલીઓને તૈયામાંથી બહાર કાઢી શામના મુલકને કબ્જે કરી, બધા મિસરમાં જઇને રહો. આ વખતે હ. યુશા (અ.) ની ઉમર ૮૪ વર્ષની હતી.

ઇસ્રાઇલીઓએ ખુદા અને હ. મુસા (અ.) ના હુકમની કરેલી અવગણનાની સજા ભોગવ્યા પછી તેઓને "તૈયા" નામના મેદાનમાંથી હ. યુશા (અ.) એ ખુદાના હુકમથી મુકત કર્યા અને પોતાની સરદારી નીચે ઇસ્રાઇલીઓના મોટા લશ્કરને લઇ નાની મોટી લડાઇઓ લડી શામ, કનઆનના મુલ્કોને ફતેહ કર્યા અને જેઓ કાફરો હતા તેમનો નાશ કર્યો અને જેઓએ હિદાયત માની ઇમાન લાવ્યા તેમને ઇલાહી પંથમાં દાખલ કર્યા.

ત્યારબાદ બની ઇસ્રાઇલીઓ કે જેઓ બાર કબીલામાં વહેંચાયેલા હતા તેમને હઝરતે જીતેલા મુલ્કો સુપ્રત કરી આપ્યા. જીતેલા સઘળા મુલ્કો હ. યુશા (અ.) એ પોતાને બક્ષીશ કરેલા હોવાથી તેમાંનું 'સલાહ' નામાનું શહેર ઇસ્રાઇલીઓના બાર કબીલાઓએ મળીને હઝરતને આપ્યું, જ્યાં હ. યુશા (અ.) વસવાટ કરવા લાગ્યા.

'કસસુલ અંબીયા' માં ઉલ્લેખ છે કે, ત્યારબાદ હ. યુશા (અ.) 'બાલક' બાદશાહના પાયતખ્ત 'બલકા' નામના શહેર ઉપર જંગી લશ્કર સાથે ચઢાઈ લઇ

ગયા. બાદશાહ બાલકે તેમનો મુકાબલો પોતાના પુષ્કળ લશ્કર સહિત કર્યો અને છ માસ સુધી ખુનખાર યુધ્ધ ચાલ્યું. આટલી લાંબી મુદત સુધી બાદશાહનું ટકી રહેવાનું કારણ એ હતું કે, બલક શહેરમાં તે કોમમાં એક નેક બંદો મકબુલે ખુદા યાને ખુદાની દરબારમાં સ્વીકારાયેલો ઇબાદતી શખ્સ રહેતો હતો. તેનું નામ 'બલઅમ બીન બાઉર' હતું. તે દરવેશ અને પરહેઝગાર હતો, પરવરદીગારે એની બંદગી અને ઇતાઅતને લીધે તેને 'ઇસ્મે આઝમ'ની નવાજેશ કરી હતી. પરીણામે તે જે માંગતો હતો તે તેને મળતું હતું અને તે જે કંઈ બોલતો હતો તે મુજબ બનતું હતું અને આ હકીકત તેની કોમ જાણતી હતી.

બાલક બાદશાહ પોતાના સરદારોને સાથે લઈ બલઅમ બીન બાઉર પાસે ગયો અને કહયું કે, તમે દુઆ કરો તો અમે યુશા ઉપર ફતેહ મેળવીએ. બલઅમે કહયું કે, હ. યુશા (અ.) ખુદાનો પયગમ્બર છે તેથી તમે સઘળા ઇમાન લાવી તેના દીનને કબુલ કરો. જવાબમાં બાદશાહે કહયું કે, અમે યુશાનો દીન કદીપણ કબુલ કરશું નહીં અને જો તમે અમારા માટે દુઆ નહીં કરશો તો તમને સુળી ઉપર ચડાવી દઈશું.

બલઅમે બાદશાહને આપેલા ઉત્તરથી તેની સ્ત્રી અજાણ નહોતી.

તે એક કાફીર અને આખા શહેરની સ્ત્રીઓમાં સૌથી વધારે ખુબસુરત અને મક્કાર સ્ત્રી હતી. તેણે પોતાના પતીને કહયું કે, જો તમે આપણા બાદશાહની ફતેહ માટે દુઆ ન કરવાના હો તો મને તલ્લાક આપી છુટી કરો. આથી બલઅમ ધર્મસંકટમાં આવી પડયો. જો કે તે અલ્લાહનો આશક તો જરૂર હતો, પણ બીજી તરફ તે પોતાની સ્ત્રીના રૂપ ઉપર એટલો મોહીત હતો. છેવટે તે પોતાની સ્ત્રીના સૌંદર્યના મોહમાં ફસાયો અને ખુદા અને પોતાની ફરજને ભુલ્યો અને પોતાની સ્ત્રીના કહેવા મુજબ બાલક બાદશાહની ફતેહ અને હ. યુશા (અ.) ની હાર થાય એ માટે દુઆ માંગવા લાગ્યો. પરીણામે હ. યુશા બીન નુનની વખતો વખત હાર થવા લાગી. પોતાની જીત થતી નહી હોવાથી હ. યુશા (અ.) એ ઇલાહી દરબારમાં દુઆ ગુજારી કે, યા રબ! અમે છ માસ થયા તારા હુકમથી લડી રહયા છીએ, છતાં એવું કયું કારણ છે કે, અમારી જીત થતી નથી. નીદા આવી કે, અય યુશા! તે કોમમાં અમારો એક પરહેઝગાર બંદો છે તેની દુઆને લીધે તમારો પરાજય થઇ રહયો છે. તે ઉપરથી હઝરતે અરજ કરી કે, યા ઇલાહી! તું તેનો એવો મર્તબો અને બુઝુર્ગી પાછી લઈ લે કે જે સત્યની સામે અસત્ય આચરી રહયો છે. આપની દુઆ દરબારે ઇલાહીમાં કબુલ થઇ.

ત્યાબાદ હ. યુશા (અ.) એ દુશ્મનો ઉપર જબરદસ્ત હલ્લો કરી તેમને ઘેરી લીધા. આથી ફરી બલઅમે હ. યુશાની હાર માટે દુઆ માંગી, પણ તે કુમાર્ગે ચડેલો હોવાથી તેણે ઇબાદતથી મેળવેલી સિધ્ધી નષ્ટ થતાં તેની એવી દુઆ કબુલ થઇ નહીં. બીજી બાજુ ખુનખાર યુધ્ધ ખેલાઈ રહયું હતું. તે દીવસ શુક્રવારનો હતો, તેથી હ. યુશાએ આજેજ લડાઇને ફતેહ કરવાની પ્રતીજ્ઞા લીધી; કારણ કે, આવતી કાલે શનીવાર હતો કે જે દીવસ ઘણો હુરમતવાળો ગણાતો હોવાથી હ. યુશાએ એ બરકતવાળો દીન અલ્લાહની ઇબાદતમાં ગાળવાનું નક્કી કરી ખુદાની હુજુરમાં અરજ ગુજારી કે, યા રબ! આજે સુર્યને તું હુકમ કર કે જ્યાં સુધી હું કાફરો ઉપર ફતેહ મેળવું નહીં, ત્યાં સુધી તે ડુબે નહીં, ખુદાએ હ. યુશાની દુઆ કબુલ ફરમાવી અને સુર્યાસ્તનો સમય થવા છતાં તેને ડુબવા દીધો નહીં. દરમ્યાન હ. યુશાના લશ્કરે કાફર બાદશાહને હરાવી તેને કત્લ કરી શહેરને ફતેહ કર્યું અને તે માટે હ. યુશા તથા બની ઇસ્રાઇલીઓએ ખુદાના દરબારમાં શુક્રાનાનો સીજદો અદા કર્યો.

• જ્યારે 'બલ્ક શહેર' નો કબજો હ. યુશા (અ.)એ લીધો ત્યારે આપની ખીઝમતમાં બલઅમે આવી સલામ કરી, દીલગીર થતાં કહયું કે, અય હઝરત! મેં લાચારી સાથે આપના હકમાં બદ દુઆ કરી હતી. હ. યુશાએ ફરમાવ્યું કે, મેં પણ તમારા માટે દુઆ માંગી તેથી અલ્લાહે તમારી વડાઈ અને મર્તબો છીનવી લીધા છે છતાં હું તમને ખુશખબર સંભળાવું છું કે, હવે તમારા માટે માત્ર ત્રણ હાજતો અલ્લાહ પાસે બાકી રહી છે. એ ત્રણ દુઆ પુરી કરવા જ્યારે પણ તમને ઇચ્છા થાય, ત્યારે જે માંગવામાં આવશે તે મંજુર કરવામાં આવશે. આથી બલઅમને પારાવાર દુઃખ થયું, કારણ કે, પોતાની ઇચ્છા નહી હોવા છતાં, પોતાની સ્ત્રીના રૂપમાં મોહીત બની તેના કહેવા પ્રમાણે ચાલી, ઇબાદતથી મેળવેલી મહાન સિધ્ધીસિધ્ધી ખોઈ ચુકયો હતો. બાદ ઘરે આવી તેણે પોતાની સ્ત્રીને કહયું કે, અય બદજાત! મેં તને નહોતું કહયું કે, પયગમ્બર વીરૂધ્ધ બદ દુઆ કરવી ગુનાહ છે! સાંભળ મેં મેળવેલી સઘળી કરામતો ખુદાએ લઈ લીધી છે, ફકત ત્રણ વખત દુઆ કબુલ થાય તેટલું બાકી રાખ્યું છે. આ સાંભળી તેની સ્ત્રીએ સ્ત્રી–ચરીત્ર કરતાં કહયું કે, ત્રણમાંથી એક દુઆ મારા માટે કરો અને બે દુઆ તમારા માટે રાખો,

બલઅમે કહયું કે, ના હવે એ નહિ બને! એ ત્રણે દુઆ મેં મારા માટે રોઝે કયામતના માટે રાખી છે કે જેના થકી હું ખુદા પાસે રહેમતની

માંગણી કરી બક્ષાઈ જાઉં; પણ તેની સ્ત્રીએ હઠ કરી અને કહયું કે, માત્ર એક જ દુઆ મારા માટે કરો કે જેથી અલ્લાહ ખુબસુરતી મને બક્ષે. બલઅમે તેને ખુબ સમજાવીને કહયું કે, તારું રૂપ અને સૌંદર્ય અન્ય સ્ત્રીઓ કરતાં અનેક ગણું ચડીયાતું છે. છતાં તે કોઇ રીતે માની નહિ, બલ્કે હઠાગ્રહી બની પોતાની માંગણી ચાલુ રાખી, તેથી બલઅમે લાચાર બની તેના માટે દરબારે ઇલાહિમાં દુઆ માંગી, તરત જ તેની સ્ત્રી એટલી બધી ખુબસુરત બની ગઈ કે ઘર આખું તેના હુસ્નોજમાલથી રૌશન થઈ ગયું. આવા અપાર રૂપના પ્રતાપે તેણીના વિચારો બદલાઈ ગયા અને તે ખરાબ બનીને કુમાર્ગે ચઢી ગઈ અને છેવટે એક જારકર્મી સ્ત્રી બની ગઈ.

એક દિવસ બલઅમ બાઉરે તેની સ્ત્રીને ખરાબ હાલતમાં જોઇ લીધી અને તેથી નારાજ થઇ ખુદાતઆલા પાસે બદ દુઆ માંગી, જેથી તે ઈન્સાન મટી કાળી કુતરી બની ગઈ. પોતાની માતાની આવી બદસુરત હાલત જોઈ તેના બાળકો રડવા લાગ્યા. જે ઉપરથી લોકોએ બલઅમને સમજાવતાં કહયું કે, અય બુઝુર્ગ! તમારા બાળકોની દયા ખાતર તમારી સ્ત્રીને વધુ નહિ તો જેવી હતી તેવી સુરત બક્ષવા દુઆ કરો કે જેથી તમારી સ્ત્રી તમારા હકમાં રહે અને કૌમ પણ આપને દયાળુ તરીકે માન આપે.

લોકોના આગ્રહથી બલઅમે પોતાની બાકી રહેલી એક દુઆનો ઉપયોગ પોતાની સ્ત્રીને અસલ સ્વરૂપમાં લાવવા માટે કર્યો, જેથી તેણી સ્ત્રી સ્વરૂપમાં પાછી આવી ગઈ.

આમ બલઅમની પેલી દુઆ સ્ત્રીની ખુબસુરતી મેળવવા માટે, બીજી દુઆ બદસુરતમાં ફેરવી નાંખવા માટે અને ત્રીજી દુઆ બદસુરતમાંથી અસલ સ્વરૂપમાં લાવવા માટે કરતાં, ત્રણે કરામતો જે ખુદાએ તેના માટે બાકી રાખી હતી તે સઘળી વ્યથ જતાં છેવટે તે મુશીબતમાં આવી પડયો.

'કસસુલ અંબિયા' માં જણાવ્યું છે કે, દરેક મોમિન મર્દોને વાજબ છે કે, લાભકારક ન હોય તેવી સ્ત્રીઓની કોઈ પણ વાત કે માંગણી સાંભળી તે ઉપર અમલ કરવો જોઇએ નહિ; કારણ કે સ્ત્રીની બેહુદી માંગણીનો સ્વીકાર કરવાથી પોતાની જાતને કયારેક નુકશાન સિવાય બીજો ફાયદો કદી પણ મળી શકતો નથી.

હ. યુશા (અ.) એ બલક શહેર ફતેહ કર્યા પછી જુદી જુદી લડાઇઓ લડી કેટલાક મુલ્કો પણ ફતેહ કર્યા હતા; તેમજ મેદાને "તૈયા" માંથી ઇસરાઇલીઓને મુકત કરાવી ૨૦ વર્ષ સુધી લડાઇઓ કરી હતી. તે પછી કેટલોક સમય દઆવતનું કામ કરી લોકોને દીને ઇલાહિમાં દાખલ કર્યા હતા.

હ. યુશા (અ.) ની વફાત થતાં તેમની લાશ માટે સંદુક (પેટી) બનાવી મિસરમાં રાખવામાં આવી હતી, પણ જ્યારે ઇસરાઇલીઓએ મિસરનો ત્યાગ કર્યો ત્યારે તે પેટી પોતાની સાથે લઈ ગયા અને તે પછી જ્યારે પેલેસ્ટાઇન ફતેહ કરવામાં આવ્યું ત્યારે તે સંદુકને જેરૂસલમમાં લાવી ત્યાં દફનાવવામાં આવી.

હ. યુશા (અ.) એ પોતાના આખરી દિવસોમાં 'શેશેમમાં' ઇસરાઇલીઓને ભેગા કરી તેઓને અલ્લાહની કૃપાઓ યાદ અપાવી ધર્મનો ઉપદેશ કર્યો હતો.

જોસફ નામનો ઇતિહાસકાર હ. યુશા બીન નુનના સંબંધમાં જણાવે છે કે, યુશા બહુ દુરઅંદેશ, પ્રખર રાજદ્વારી અને લોકપ્રિય વકતા હતા. આપ પોતાના વિચારો ઘણી જ સુંદર રીતે રજુ કરી શકતા હતા. વળી આપ બહાદુર અને યુધ્ધમાં અથાગ મહેનત કરનાર ઉપરાંત ઇન્સાફી અને દયાળુ પણ હતા.

## હ. દાઉદ (અ.) અને બાદશાહ તાલુત

'કસસુલ અંબીયા' માં ઉલ્લેખ છે કે, તાલુત નામનો એક શખ્સ બની ઇસરાઇલીઓના જનાવરો ચરાવતો હતો. એક દિવસ એવું બન્યું કે, તેના તાબા-માંથી એક જનાવર ખોવાઈ ગયું, તેથી તેના બદલા તરીકે જનાવરના માલિકે કિંમત માંગી, પણ તે ચુકવવા જેટલી તેની શકિત નહિ હોવાથી તે લાચાર બની હ. સેમ્યુઅલ (અ.) પાસે ગયો, એટલા માટે કે સેમ્યુઅલ (અ.) ની ભલામણથી કદાચ તે માફ કરી દે.

હ. સેમ્યુઅલ (અ.) એ તેને તેનું નામ પુછ્યું. તેણે પોતાનું નામ તાલુત હોવાનું જણાવ્યું.

કિતાબમાં લખેલ છે કે, એક વખત હ. જીબરાઇલ અમીને હ. સેમ્યુઅલ (અ.) ને બહેસ્તમાંથી ઝાડની એક ડાળી લાવી આપીને કહયું કે, જેનું કદ આ ડાળ (અસા લાકડી) ના બરાબર હશે તે બની ઇસરાઇલીઓનો બાદશાહ બનશે

અને તેનું નામ "તાલુત" હશે હવે આ શખ્સ કે જેનું નામ તાલુત હતું, તેનું કદ તે ડાળી બરાબર હતું.

એ ઉપરથી હ. સેમ્યુઅલ (અ.) એ બની ઇસરાઇલ કોમને કહયું કે, ખુદાતઆલા તમારા ઉપર તાલુતને બાદશાહ બનાવશે. આ સાંભળી ઇસરાઇલીઓએ કહયું કે, જે માણસ એક જાનવરની કિંમત પણ ચુકવી શકતો નથી, વળી જેણે નેસ્તીનો ધંધો કર્યો છે અને જેણે રસોયા તરીકે કામ કર્યું છે તેમજ ચામડા રંગનાર કારીગર છે તે અમારો બાદશાહ કેમ બની શકે? હ. સેમ્યુઅલ (અ.) એ કહયું કે, અલ્લાહ જેને ચહાય તેને રાજ્ય આપે છે; પણ ઇસરાઇલીઓએ તાલુતને એક મામુલી માણસ સમજી કહયું કે, અય સેમ્યુઅલ! તે બાદશાહ થશે એવી કાંઈ નિશાની છે? હ. સેમ્યુઅલે કહયું કે, તેની નિશાની એ છે કે, તે કોઇના સાથ વગર એકલો અમાલિકા રાક્ષસો પાસે જઈ "તાબુતે સકીના" તમને લાવી આપશે.

"અહેવાલે અંબિયા" માં તાબુતે સકીના માટે એમ જણાવેલ છે કે, "ઈસ્લામી ઇતિહાસમાં તેને 'મસકન શહાદત' અથવા 'સંદુકે શહાદત' કહે છે, જેને સોનાથી મઢી લેવામાં આવી હતી." ઉપરાંત ઇસ્લામી લેખકો એમ પણ જણાવે છે કે, તે પેટીમાં "મન્ના" હારૂન (અ.)ની લાકડી અને તૌરેતની તખ્તીઓ પણ રાખવામાં આવી હતી. તે ઉપરથી તે પેટીને તાબુતે સકીના કહેવામાં આવેલ છે. સકીનાનો બીજો અર્થ શાન્તિ પણ કરવામાં આવ્યો છે, તેને ઇસરાઇલીઓ ખુબ સંભાળ અને ઇજ્જત સાથે પોતાની સફરમાં લઈ જતાં હતા.

ત્યારબાદ હ. સેમ્યુઅલ (અ.) એ તાલુતને ભાગ્યવાન ગણી કહયું કે, તમે બની ઇસરાઇલીઓના બાદશાહ થશો, માટે તમે તે મેદાનમાં જાઓ કે જ્યાં તાબુતે સકીના છે અને તે બની ઇસરાઇલીઓને આપો. એ સાંભળી તાલુત તે લેવા માટે ત્યાંથી રવાના થઈ ગયો અને તે લાવીને ઇસરાઇલીઓને આપી, જે ઉપરથી તે કોમે તાલુતને પોતાના બાદશાહ તરીકે કબુલ રાખ્યો તાલુતે એ માટે અલ્લાહ-તઆલાના શુક્રાના અદા કર્યા.

પોતે બાદશાહ થયા પછી તાલુતે ઇસરાઇલીઓને હુકમ કર્યો કે, તમે સઘળા મારી સાથે યુધ્ધ કરવા ચાલો! હુકમને તાબે થઈ ઇસરાઇલીઓ તૈયાર થયા. રવાનગીના સમયે હ. સેમ્યુઅલ (અ.) એ બાદશાહ તાલુતને એક બખ્તર અર્પણ કરીને ફરમાવ્યું કે, આ બખ્તર જેના અંગ ઉપર બંધબેસતું આવશે, તેના હાથથી દુશ્મન બાદશાહ જાલુત માર્યો જશે.

રીવાયત છે કે, તાલુત એક લાખ એંસી હજાર ઈસ્રાઈલીઓના લશ્કરને પોતાની સાથે લઈ જાલુત સામે લડવા ગયો હતો. રસ્તામાં પેલેસ્ટાઈનની એક નહેર આવી કે જેનું પાણી ઘણું જ સ્વચ્છ હતું; પણ તે પાણી પીવાની પોતાના લશ્કરને બાદશાહ તાલુતે મના કરી, છતાં થોડાક સિવાયના બાકીનાઓએ તે પીધું અને જેમણે તે પીધું તેમની તૃષામાં ખુબ વધારો થયો અને તેઓએ ખુબ પાણી પીધું અને તેથી તેમની જીભો બહાર નીકળી પડી અને તે સઘળા મરણ પામ્યા. પણ જેઓએ ફરમાનબરદાર રહી પાણી નહોતું પીધું તેવા ફક્ત ૩૧૩ શખ્સો જ જીવતા રહયા કે જેમાં હ. દાઉદ તેમના માતપિતા અને ૭ ભાઇઓનો પણ સમાવેશ થતો હતો.

ત્યારબાદ સહુ આગળ વધ્યા. કુચ દરમ્યાન હ. દાઉદ (અ.) ને મ.ર્ગ વચ્ચે આવતા પત્થરો પુકારી પુકારી કહેવા લાગ્યા કે, અમને તમારી સાથે લઇ જાઓ, અમે જાલુતને મારી નાંખશું. અમે તેમાંના પત્થરો છીએ કે જેને ખુદાના હુકમથી હ. લુત (અ.) ની કોમ ઉપર વર્ષાવવામાં આવ્યા હતા. એ ઉપરથી હ. દાઉદ (અ.) એ પત્થરોને ઉંચકી પોતાની સાથે લઈ લીધા.

યુધ્ધના મોરચે બન્ને લશ્કરો જ્યારે સામસામા થયા, ત્યારે તાલુતના લશ્કરીઓએ કહયું કે, જાલુતનું લશ્કર ઘણું મોટું છે અને તેથી તેમનો સામનો આપણે કરી શકશું નહીં. તે ઉપરથી તાલુતના લશ્કરમાંના અમુકે કહયું કે, ભલે! આપણે થોડી સંખ્યામાં છીએ, પણ ખુદા આપણો મદદગાર છે. ત્યારબાદ બન્ને ફોજો સામસામી યુધ્ધ માટે તૈયાર થઈ અને તાલુતની કોમે પોતાની ફતેહ થાય એ માટે ખુદાતઆલા પાસે દુઆઓ માંગી.

બીજી તરફ દુશ્મન બાદશાહ જાલુત, સામા પક્ષની નાનકડી ફોજની મર્દાનગી જોઈ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો અને પોતાનું જંગી લશ્કર મુઠીભર માનવીઓ સામે લડે તેમાં તેને હીણપત જેવું લાગ્યું તેથી તેણે બાદશાહ તાલુતને કહી મોકલ્યું કે, જે સિપાઇઓ તું યુધ્ધ માટે લાવ્યો છે તેઓ મારા મુકાબલાને લાયક નથી, માટે બહેતર એ છે કે તું તારી હાર કબુલી લે અને મારે શરણે થા અને મારૂં વડપણ સ્વિકારી લે.

એના જવાબમાં તાલુતે હિમતભેર કહેવરાવ્યું કે, તું એવો ખ્યાલ નહી રાખજે કે મારૂં લશ્કર નાનું છે; પણ યાદ રાખજે કે મારો ખુદા મારી સાથે છે કે જે બહુ જ મોટો અને મહાબળવાન છે અને તે મને જરૂર ફતેહ આપશે.

તે બાદ થોડીક વારમાં એક ખુબસુરત નવયુવાન અંગ ઉપર લડાઈના બખ્તર સાથે હાથમાં ધ્વજ ફરકાવતો ઘોડા ઉપર સ્વાર બની મેદાનમાં આવ્યો અને ગર્જના કરતો કહેવા લાગ્યો કે, હું જાલુત છું તમારામાંથી એક એક મારી સાથે લડવા આવી જાઓ.

આ સાંભળી બાદશાહ તાલુતે પોતાના લશ્કરને હુકમ કર્યો કે, તમારામાં કોઈ એવો છે જે આ દુશ્મનનું માથું મને લાવી આપે? જે કોઇ લાવી આપશે તેને હું મારી અર્ધી સલ્તનત આપવા ઉપરાંત તેની શાદી મારી પુત્રી સાથે કરાવી આપીશ પણ કોઇએ તેનો જવાબ આપ્યો નહી. આથી તાલુત વિચારમાં પડી ગયો અને પોતે જ તેની સાથે લડી લેવા તૈયાર થયો.

બાદશાહ તાલુત પોતાના વિચારને અમલમાં મુકે તેટલામાં એક નવજવાન માથે લોખંડની ટોપી પહેરી અને શરીરે લીલો પોષાક ધારણ કરીને તાલુત સમક્ષ આવ્યો અને સલામ બજાવી કહયું કે, આપ ફીકર કરો નહી. અલ્લાહના હુકમથી દુશ્મન જાલુતને હું મારી નાંખીશ.

યુવકને જોઈ બાદશાહ તાલુતે પુછ્યું કે, તમે કઈ કોમમાંથી છો અને તમારૂં નામ શું છે? યુવાને કહયું કે, હું બની ઈસરાઈલિમાંથી છું અને મારૂં નામ દાઉદ છે.

આ વખતે બાદશાહ તાલુત કે જેમને હ. સેમ્યુઅલ (અ.) એ એક બખ્તર આપતાં ભવિષ્ય ઉચ્ચાર્યું હતું કે, "આ બખ્તર જેના શરીર ઉપર બંધબેસતું આવશે તેના હાથથી જાલુત માર્યો જશે," તરત જ તાલુતે તે બખ્તર મંગાવી હ. દાઉદને પહેરવા આપ્યું જે આપને બરાબર બંધબેસતું થયું; એ ઉપરથી બાદશાહ તાલુતે હ. દાઉદને કહયું કે, ખરેખર! જાલુતનું મૌત તમારા હાથે જ થશે.

તે બાદ હ. દાઉદ (અ.) બખ્તર પહેરી માર્ગમાંથી ઉંચકેલા પત્થરો સાથે લઈ, જાલુતની સામે લડવા રણમેદાનમાં આવી પહોંચ્યા.

પોતાના સામના માટે આવેલા નવજવાનને જોઈ જાલુતે કહયું કે, તું કેવા હથીયારોથી મારો મુકાબલો કરીશ? હ. દાઉદ (અ.) મે કહયું કે, ખુદાના હુકમથી હું આ પત્થરોથી તારૂં માથું તોડી નાંખીશ, જાલુતે કહયું કે સિંહની સામે પત્થરોથી લડી કોઇએ જીત મેળવી છે ખરી? હઝરતે કહયું કે, તું તો

કુતરો છે, કુતરાને તો પત્થરથી જ મારી નાંખવો જોઇએ. આટલું કહી હ. દાઉદ (અ.) પોતાની ગોફણમાં પત્થર ગોઠવી એની સામે નિશાન તાકી તેની છાતીમાં એવા જોરથી માર્યો કે, એના સખ્ત મારથી જાલુત જમીન ઉપર પટકાઈ પડયો અને મૌતને આધીન થઈ ગયો.

હ. દાઉદ (અ.) એ મારેલો પત્થર એની છાતી ઉપર લાગતાં જ તેના બે ટુકડા થઈ ગયા અને તેમાંનો એક જમણી તરફના તેના લશ્કર ઉપર પડયો અને તેથી તે લશ્કરનો નાશ થયો ત્યારે બીજો ટુકડો બીજી પાંખ ઉપરના લશ્કરના મધ્ય ભાગમાં પડતાં જ દુશ્મનનું લશ્કર વેરવિખેર થઇ નાશભાગ કરવા લાગ્યું. છતાં જેઓ તેમાં સપડાઈ ગયા, તેઓ મૌતને આધીન બન્યા. એ માટે ખુદાતઆલાએ ફરમાવ્યું છે કે જેનો સાર એમ છે કે, "બની ઇસ્રાઇલીઓએ હાર આપી જાલુતની કોમને અને અલ્લાહના હુકમથી દાઉદે જાલુતનો નાશ કર્યો."

લડાઈમાં ફતેહ મેળવ્યા પછી તાલુતે પોતે આપેલા કોલ અનુસાર હ. દાઉદ (અ.) ને અર્ધું રાજ આપી બાદશાહ બનાવ્યા, ઉપરાંત પોતાની પુત્રી સાથે તેમની શાદી પણ કરાવી આપી.

## હ. દાઉદ (અ.) સાથે તાલુતની દુશ્મનાવટ

'કસસુલ અંબિયા'માં એક રિવાયતના આધારે જણાવેલ છે કે, હ. દાઉદ (અ.) રાજ્યના માલિક બન્યા પછી ઘણા સૈનિકો આપને બહુ ચાહતા હતા, તેથી તાલુતને ધાસ્તી લાગી કે, કદાચ હ. દાઉદ તેનું રાજ્ય પણ લઈ લેશે. એથી તેણે હ. દાઉદ (અ.) ને મારી નાંખવાનો ઇરાદો કર્યો.

હ. દાઉદ (અ.) એ લડાઈ ફતેહ કર્યા પછી પાસે આવેલા એક પર્વતના કિનારે મસ્જીદ બનાવી અને ઉલમાઓ સાથે અલ્લાહની ઇબાદતમાં રાતદિન મશગુલ રહેવા લાગ્યા.

એક વખત તાલુત વિશાળ લશ્કર સાથે ત્યાં આવ્યો અને હ. દાઉદ (અ.) ને મારી નાંખવાના ઈરાદાથી મસ્જીદને તાલુતના લશ્કરીઓએ ખુલ્લી તલવારો સાથે ઘેરી લીધી અને તાલુતે ત્યાં પડાવ નાંખ્યો; પણ ખુદાની મરજી હ. દાઉદને બચાવી દુશ્મનને શિકસ્ત આપવાની હોવાથી, તાલુત અને તેનું લશ્કર રાતના સમયે નગ્ન તલવારો સહિત નીંદ્રાધીન થઈ ગયું.

હ. દાઉદ (અ.) એ ઇબાદતથી નિવૃત થઈ બહાર આવીને જોયું તો તાલુત પોતાની ફોજ સાથે ઘોરનિંદ્રામાં પડયો છે. હ. દાઉદ તાલુતનો ઈરાદો સમજી ગયા અને તેને નસિહત રૂપે ઇશારો કરવા ખાતર તેના હાથમાંથી તલવાર લઈ, ત્યાં પડેલા એક પત્થર ઉપર પટકી તેના બે ટુકડા કરી નાંખ્યા અને તાલુતના પેટ ઉપર તે પત્થરના બે ટુકડા, તલવાર અને એક પત્રમાં ચેતવણી લખીને મુકી દીધા. હ. દાઉદ (અ.)એ એ પત્રમાં લખ્યું હતું કે, "અય તાલુત! મેં તારીજ તલવારથી પત્થરના બે ટુકડા કર્યા છે. જો મેં ધાર્યું હોત તો તારા પેટ ઉપર તલવાર મારી તેના ટુકડા કરી નાંખત અને તેની તને જાણ સુધ્ધાં થવા દેત નહિ, માટે બહેતર એ છે કે તું અહિંથી ચાલ્યો જા!" બાદ હઝરત મસ્જીદમાં ચાલ્યા ગયા.

સવારે જાગૃત થતાં તાલુતે જોયું તો પોતાના પેટ ઉપર પત્થરના બે ટુકડા, તલવાર તથા એક પત્ર પડયા છે. એ જોઈ તે ગભરાઈ ગયો અને સ્વસ્થ થઇ પત્ર વાંચી પસ્તાવો કરવા લાગ્યો અને તરતજ લશ્કર સાથે બેતુલ મુકદ્દસ તરફ રવાના થઈ ગયો.

બેતુલ મુકદ્દસ પહોંચ્યા પછી તાલુતે પોતાના થોડાક ચુંનદા સૈનિકોને હુકમ કર્યો કે, જે મસ્જીદમાં હ. દાઉદ (અ.) વસવાટ કરી રહયા છે ત્યાં જઈ તેને તેમજ તેના સાથીઓને મારી નાંખો. હુકમ અનુસાર તેજ ઘડીએ એક નાનકડી ફોજ રવાના થઈ અને મધરાતે મસ્જીદ પાસે આવી પહોંચી. પણ તે દિવસે એવું બન્યું કે, તે રાત્રે હ. દાઉદ (અ.) કયાંક બહાર ગયા હોવાથી આપ મસ્જીદમાં હાજર નહોતા. સૈનિકોએ મસ્જીદમાં જઇ આબિદો અને ઉલમાઓ જે ત્યાં હાજર હતા તે બધાને મારી નાંખ્યા.

પાછળથી તાલુતને ખબર મળ્યા કે, હ. દાઉદ સિવાયના તેમના બધા સાથીઓ કત્લ થયા છે; જ્યારે તેનો ઈરાદો તો હ. દાઉદને મારી નાંખવાનો હતો. ત્યારબાદ તાલુતે હ. દાઉદ (અ.) ને આમંત્રણ મોકલી કહેવરાવ્યું કે, પોતાને હાથે થયેલી ભુલની તે માફી માંગવા ચહાય છે. દુતે આ સમાચાર જ્યારે હઝરતને આવીને કહયા; ત્યારે તેના જવાબમાં હ. દાઉદ (અ.) એ કહયું કે, તાલુતે નિર્દોષ આબિદોને મરાવી નાંખ્યા છે, એટલે જ્યાં સુધી તે આબિદોના ખુનના બદલામાં એક એક કાફરને મારી નાંખશે નહિં ત્યાં સુધી પોતે આવવાના નથી. દુતે ત્યાંથી પાછા ફરી તાલુતને એ હકિકત કહી. જે સાંભળી તાલુત ઘણો જ દુઃખી થયો અને હઝરતની સુચનાને અમલમાં મુકવા લડાઈના મોરચે ગયો; પણ ત્યાં પહોંચતા જ તે મરણ પામ્યો, એથી તેનું લશ્કર લડયા વગર જ પોતાના મુલકમાં પાછું ફર્યું.

તાલુતનું મૃત્યુ થતાં જ યહુદી કબીલાના આગેવાનો શામ દેશના હેબરાન શહેરમાં એકઠા થયા અને જાબાશ, ગીલીદના, યહુદીઓ સાથે મળી હ. દાઉદ (અ.) ને બાદશાહ તરીકે જાહેર કર્યા, તેમજ હ. દાઉદ નબીને હેબરાનમાં પધરામણી કરાવી, ત્યાં તેમની રાજ્યભિષેકની ક્રિયા કરી ગાદીએ બેસાડયા.

## હ. દાઉદ (અ.) ને પયગમ્બરી મળી

હ. દાઉદ (અ.) ના પિતાનું નામ અયસા બીન ઓબેદ બીન બૌઝે હતું. તેઓશ્રી હ. યાકુબ (અ.) થી નસલબનસલ ઉતરી આવ્યા હતા.

હ. અયસાને બધા મળી સાત ફરઝંદો હતા, જેમાં સૌથી નાના ફરઝંદ હ. દાઉદ નબી હતા. હ. અયસા પોતાના પરિવાર સાથે 'બેતુલ લહમ' માં રહેતા હતા. ખુદાના હુકમથી હ. સેમ્યુઅલ (અ.) એ બેતુલ લહમ જઈ હ. અયસાને ફરઝંદ દાઉદના જન્મની આશીર્વાદ સહીત મુબારકી આપી. હ. દાઉદ નબી ઘણાં જ ખુબસુરત અને મજબુત બાંધાના હતા. તેમને હ. સેમ્યુઅલ (અ.) એ પોતા પાસે રાખી ઇલ્મ શીખવી પ્રવિણ કર્યા હતા.

હ. દાઉદ (અ.) રાજસત્તા ઉપર આવ્યા પછી ૪૦ મે વર્ષે આપને પયગમ્બરી ઇનાયત થતાં આપના ઉપર ખુદાતઆલાએ "જંબુર" નામની કિતાબ નાઝીલ કરી હતી.

એ સંબંધમાં ખુદાતઆલાએ ફરમાવ્યું છે કે, "અય દાઉદ ! ખરેખર મેં તને ખલિફ (પયગમ્બર) બનાવ્યો જમીન ઉપર. બસ લોકોને હિદાયત કર હકકની અને નફસની ઇચ્છા મુજબ પેરવી કરીશ નહિં; જો તેમ કરવામાં આવશે તો ખુદાની રાહથી ગુમરાહ થઇ જઇશ."

હ. દાઉદ (અ.) ને રાજ્ય મળવાથી તાલુતના સૈન્યનો સીપેહસાલાર એબનરે આપની વિરૂધ્ધ થઈ તાલુતના દિકરા ઇશિબશતને મહાનેમ ગામમાં ગાદીએ બેસાડયો. ઇશિબશતની તરફેણમાં આશર, જઝરીલ અને એફ્રેમના રહેવાસીઓ, બન જમીનનો કબીલો, તેમજ ઇસરાઇલીઓનો મોટો ભાગ હતો.

બીજી તરફ આપસના કંકાસના પરિણામે ઇસરાઈલીઓમાં બે પક્ષ પડી ગયા હતા અને તેઓ વચ્ચે મારામારી થયા કરતી હતી, જે કેટલાક સમય સુધી ચાલુ રહી. તે બાદ ઇશિબશત અને એબનર વચ્ચે અણબનાવ જાગતા એબનર

ઇશબશતને મુકી હ. દાઉદ (અ.) ની મુલાકાતે નીકળ્યો, પણ માર્ગમાં એબનરને અયુબ નામના એક સરદારે મારી નાંખ્યો, કારણકે એબનરે તેના ભાઇને કત્લ કર્યો હતો. એની જાણ હ. દાઉદ (અ.) ને થતાં આપ અયુબ ઉપર ઘણા નારાજ થયા, પણ અયુબ ત્યાંથી નાશી છુટયો હોવાથી તે બચી ગયો હતો. થોડાક વખત પછી ઇશબશતને તેના બે નોકરોએ મારી નાંખ્યો જેની ખબર હ. દાઉદ (અ.)ને થતાંજ તેમણે બન્ને નોકરોને પકડી મૌતની સજા કરી અને ઇશબશતને માન સહીત દફન કરવામાં આવ્યો.

એબનર અને ઇશબશતના મૃત્યુ પછી ઇસિરાઇલીઓ વચ્ચે જે પક્ષ પડી ગયા હતા તેમને એકત્ર કરવામાં ખાસ મુશ્કેલી પડી નહીં, કેમકે ફીલીસ્તીન લોકો ઇસરાઇલીઓની અંદરોઅંદરની લડાઇનો લાભ લઇ રહયા હતા, જેથી તેમની સામે બચાવ કરવાનો ખ્યાલ ઉત્પન્ન થયો હતો, એટલે ઇસરાઇલીઓના કબીલાઓ જે હ. દાઉદ (અ.) થી વિરૂધ્ધ હતા, તેઓ પણ હઝરતને તાબે થયા અને ફરીથી હેબ-રાન શહેરમાં હ. દાઉદ (અ.) નો રાજ્યાભિષેક કરવામાં આવ્યો, પ્રથમ રાજ્યાભિષેક વખતે હઝરતની વય ૩૦ વર્ષની હતી, તે પછી ૭ વર્ષ અને ૬ મહીના આપે યહુદા કબીલા ઉપર રાજ્ય કર્યું અને ત્યારબાદ ફરીથી હેબરાનમાં રાજ્યાભિષેક થયો. બીજા રાજ્યાભિષેક પછી હ. દાઉદ (અ.) એ ૩૩ વર્ષ રાજ્ય ભોગવ્યું. બીજા રાજ્યાભિષેક પછી હઝરતે યબુસીત લોકો ઉપર હુમલો કરી જેરૂસલમ તાબે કર્યું અને ઝાયનની ટેકરી ઉપર મસ્જીદનો પાયો નાંખ્યો. જે મસ્જીદે–સુલેમાનના નામથી ઓળખાય છે અને શહેર મદીનત દાઉદ **City of David** કહેવાય છે.

હ' દાઉદ (અ.) એ ફીલીસ્તીનો ઉપર જે ફતેહ મેળવી હતી તેથી ફીનીશી-યન કિનારા ઉપરના તાયર શહેરના રાજા હિરામે હ. દાઉદ (અ.) સાથે સુલેહનો સંબંધ બાંધ્યો હતો. હીરામ અને હ. દાઉદ (અ.) વચ્ચેની મિત્રાચારીને લીધે હઝરતને ઘણી મદદ મળી. એ પહેલા ઇસરાઇલીઓ મોટા ભાગે ખેતી ઉપર ગુજરાન ચલાવતા હોવાથી તેઓમાં કારીગર વર્ગ જુજ હતો; તેમજ જ્યારે ફીલીસ્તીન લોકોએ ઇસિરાઇલીઓ ઉપર કાબુ મેળવ્યો તે વખતે ઇસરાઇલીઓને લડાઇના હથીયાર મળી શકે નહિં, તેટલા માટે ઇસરાઇલીઓના ગામોમાંથી લુહારોને ફીલીસ્તીન શહેરોમાં લઇ જવામાં આવ્યા હતા અને ઇસરાઇલીઓને માત્ર ખેતી પુરતાં ઓજારો ત્યાંથી પુરા પાડવામાં આવતા હતા, એટલે લોખંડની બનાવટ ઇસરાઇલીઓ વચ્ચેથી બંધ પાડવામાં આવી હતી, જેથી ઇસિરાઇલીઓને લડાઇ વખતે હથીયારો બનાવવામાં ઘણી અડચણ ઉભી થતી હતી. હીરામની મીત્રાચારીથી હ. દાઉદ (અ.) ને સુતારો

તથા લુહારો પુરા પાડવામાં આવ્યા અને તેમની મદદથી લોખંડ તથા બીજી ધાતુઓ બનાવવાના કારખાના જેરૂસલમમાં ખોલવામાં આવ્યા.

કલામે શરીફ સુરા અંબિયાની ૨૦ મી આયતમાં જણાવ્યા મુજબ હ. દાઉદ (અ.) એ પોતાના લશ્કર માટે હથીયારો બનાવવા શરૂ કર્યા હતા; ઉપરાંત ઝીરે-બખ્તર બનાવવાનું પણ ચાલુ કર્યું હતું.

સુરા અસ્સબાની આયાત ૧૦–૧૧ માં લોખંડ નરમ થઈ જવાની જે વિગત આપવામાં આવી છે તેનો અર્થ એવો થાય છે કે, હ. દાઉદ (અ.) એ ખાણોમાંથી મોટા જથ્થામાં લોખંડ કઢાવી તેને ગાળી સાફ કરવાનું શરૂ કર્યું હતું, કારણ કે ફીલીસ્તીન લોકો સાથે અણબનાવ અને લડાઇનો ભય હોવાથી તેઓ તરફથી આ ઉપયોગી ધાતુ મળવી બંધ થઈ ગઈ હતી.

હ. દાઉદ (અ.) ના પયગમ્બર તરીકેના મોઝીઝા એ હતા કે, તેમનો અવાજ ઘણોજ સુરીલો અને બુલંદ હતો, આપ જ્યારે 'જંબુર' કિતાબનું વાંચન કરતાં ત્યારે અવાજ સાંભળી સાંભળનારાના મસ્તક ડોલવા લાગી જતા અને જનાવરો અને પક્ષીઓ થંભી જતા હતા, અને વાતાવરણમાં અનેરી ઝલક પેદા થઈ જતી હતી. આપનો અવાજ ચાલીશ ફરલાંગ લાંબે સુધી સંભળાતો હતો. હ. દાઉદ (અ.) નો બીજો મોઝીઝો એ હતો કે, જ્યારે આપ લોખંડને સ્પર્શ કરતા ત્યારે તે મીણ જેવું નરમ થઈ જતું; ઉપરાંત આપ લડાઈમાં ઉપયોગી થાય એવા લોખંડના ઘણાજ મજબુત બખ્તર બનાવી તેનું વેચાણ કરી પોતાની રોઝી મેળવતા અને તેમાંથી ખુદાઇ હકક કાઢી હલાલની રોઝીથી પોતાનું ગુજરાન ચલાવતા હતા.

## હઝરત દાઉદ (અ.) નો અદલ ઇન્સાફ

હ. દાઉદ (અ.) ના રાજ અમલમાં અદલ ઈન્સાફ ઘણીજ સારી અને ચોખવટભરી રીતે થતો હતો. 'આકાશી સાંકળ' નામની સીરીઝમાં તેનો ઉલ્લેખ આ પ્રમાણે મળી આવે છે.

હ. દાઉદ પયગમ્બરના સમયમાં એક આકાશી સાંકળ લટકતી હતી. અને તે સાંકળથી તે વખતમાં ખરાખોટાનો ઈન્સાફ થતો હતો.

વાદી પ્રતિવાદીઓની તકરાર સાંભળી હ. દાઉદ (અ.) લોકોને મેદાનમાં એકઠા કરતાં અને નિયમ મુજબ બેઉ પક્ષકારોને કહેવામાં આવતું કે જે ખરો

હશે તેના હાથમાં સાંકળ પકડાશે અને જે ખોટો હશે તે સાંકળ પકડવા જતાં સાંકળ ઉંચે જતી રહેશે; અને એજ પ્રમાણે બનતું.

એ પ્રમાણે તે ઝમાનામાં ઝગડાઓનો નિકાલ ઘણીજ આસાનીથી થતો હતો અને ખરો ખોટો પરખાઇ આવતો હતો. કોઇ જાતનો ગેરલાભ ન લેવાય તે માટે પયગમ્બર ઘણી સંભાળ રાખતા હતા અને દાવેદારની હકીકત પહેલેથી લખાવી લેતા અથવા જાહેર પ્રજા સમક્ષ કબુલ કરાવતા કે જેથી પાછળથી કોઇ ગેરલાભ લઈ શકે નહિં.

આ મુજબ ઝગડાના થતા ફેંસલાને લીધે પ્રજામાંથી ઘણી જુજ ફરીયાદો નોંધાતી, કારણ કે ખરૂં ખોટું પારખવામાં કુદરતની મદદ આ "આકાશી સાંકળ" મારફતે મળતી હતી.

દુનિયાના લોકોમાં ઉત્તરોત્તર દગાબાજી, કપટ વધતું જાય છે. તેને લીધેજ લોકોની વય ઘટતી જાય છે.

અગાઉના લોકોમાં દગા અને કપટના બદલે ઇમાનદારી અને સચ્ચાઈ વિશેષ હતા અને ઇર્ષા, હસદ, લોભ, નિંદા બહુજ ઓછા પ્રમાણમાં હોવાથી લોકો શયતાની જાળથી બચતાં હતા અને તેથી તેઓની જીંદગી શાંત અને સુખી રહેતી. ત્યારે આજે આખર ઝમાનામાં દરેક ખરાબીઓ હદ વટાવી ગઈ છે અને તેથી મનુષ્યની જીંદગી પણ ટુંકી થઇ ગઈ છે.

હ. દાઉદના જમાનામાં કે જ્યારે 'આકાશી સાંકળ' થી ફેંસલા થતા ત્યારે લોકોમાં શ્રધ્ધા હતી અને ખોટું બોલવાથી બીતા હતા, છતાં કદાચ સમજફેરના લીધે ઝગડા થતાં તો તેનો નીકાલ સત્ય રીતે થવાથી ખોટાપણાને ઉત્તેજન મળતું નહોતું.

આ રીતે એ વખતના સાદા સ્વભાવના શ્રધ્ધાળુ લોકોને એ 'આકાશી સાંકળ' ખુદાઈ ન્યામત તરીકે એક આશીર્વાદ સમાન થઇ પડી હતી ને તેથી લોકો ઘણા સુખી હતા. આવી ખુદાની ન્યામતને રોકવાના કારણોમાં શયતાન હંમેશા જેમ ચળવળ કરતો રહે છે તે મુજબ એ વખતના લોકોના સુખ અને શાંતિ છીનવી લેવાનો પ્રપંચ પણ શયતાને રચ્યો. એવું બન્યું કે :—

એક વેપારીએ પોતાને જાત્રાએ જવાનું હોવાથી બીજાને ત્યાં પોતાની જંગમ મિલકત એટલે દાગીના અને ઝવેરાત અનામત મુકયા.

અમુક મુદ્દત બાદ જાત્રા કરી તે પાછો ફર્યો અને પોતાની અનામત મેળ-વવા માટે પેલા વેપારીને ત્યાં ગયો. પરંતુ પેલા વેપારીએ કહયું કે," મેં તો તમારી અમાનત તમને પાછી આપી દીધી છે, છતાં બીજી વખત એની માંગણી કરી ગળે શા માટે પડો છો?"

આવો જવાબ મળવાથી પેલા અમાનત મુકનારે ઘણી રીકઝીક કીધી, પરંતુ પેલો એકનો બે થયો નહિં.

આથી આ તકરાર હ. દાઉદ (અ.) પાસે ગઈ. હઝરતે અનામત રકમના દ્રવ્યની નોંધ લીધી અને પછી પેલા શાહુકારને બોલાવ્યો અને એ વિષે પુછ્યું, પેલા શાહુકારે કહયું કે, "નામદાર, મેં એની અનામત એને પાછી આપી દીધી છે. છતાં આવી ખોટી માંગણી કરી એ મને ગળે પડે છે."

બે વેપારીઓની ઊલટી સુલટી વાતનો બીજી કોઇ રીતે ફેંસલો થયો નહિં. છેવટે પેલી 'આકાશી સાંકળ' પકડવાની વાત રજુ થતાં શાહુકારે કબુલ કીધું કે, "હું સાંકળ પકડવાને તૈયાર છું."

છેવટે દિવસ નક્કી થયો ને તે મુજબ મુકદ્દમાનું પરિણામ જાણવાને લોકો ઈન્તિઝારીથી રાહ જોવા લાગ્યા અને ઠરાવેલા વખતે લોકો મેદાનમાં નિયમ મુજબ ભેગા થયા કે જ્યાં 'આકાશી સાંકળ' લટકતી હતી.

હ. દાઉદ (અ.) એ પણ ત્યાં પધારી પોતાની બેઠક લીધી.

વાદી પ્રતિવાદી બેઉ જણા પેલી 'આકાશી સાંકળ' રૂબરૂ ગયા. આકાશી સાંકળ ખુલ્લા મેદાનમાં રાખવામાં આવી હતી અને પેલા અનામત હજમ કરનાર શાહુકારે આ 'આકાશી સાંકળ' નો ગેરલાભ લેવા યુકિત રચી રાખી હતી.

પેલા દાવેદારની અનામત વસ્તુઓને એક પોકળ લાકડીની પોલમાં સમાવીને બેઉ છેડાને બંધ કરી તેની નકશીદાર મુઠ બનાવી તેને પોતાના હાથમાં ટેકા તરીકે રાખી તે મેદાનમાં આવ્યો.

'આકાશી સાંકળ' સનમુખ બીજા હજારો જોનારાઓની ઈન્તિઝારી વચ્ચે અનામત ભરેલી લાકડી પેલા અનામત મુકનારને પકડી રાખવા આપતા કહયું કે, "હું આકાશી સાંકળ પકડું તેટલો વખત આ લાકડી તારી પાસે રાખ."

પેલા અનામત મુકનારે એ લાકડી પોતાના હાથમાં લીધી. અને તે બાદ પેલા જવાબદારે બધા લોકો સાંભળે તેવી રીતે આકાશી સાંકળ તરફ જોઈને કહયું કે, "ઓ ખુદા ! મેં રાખેલી અનામત તેના માલિકને હાથોહાથ આપેલ છે અને તે જો ખરૂં હોય તો મારા હાથમાં આ સાંકળ પકડવા દેજે."

ખુદાને કોઈ છળકપટથી ઠગી શકતું નથી બલ્કે ખુદાને ઠગનાર પોતે ઠગાય છે.

જાહેર રીતે તો પેલાએ અનામત રકમ જે લાકડીમાં ભરેલ હતી, તે લાકડી દાવેદારને સોંપી હતી. પરંતુ એવી ઠગબાજીમાં મનુષ્ય સપડાય પણ ખુદાતઆલા કદી ઠગાતો નથી. આવી ઠગબાજી જોઈ ખુદાતઆલાએ 'આકાશી સાંકળ' ને આકાશ તરફ બધાના દેખતાં સદાબરી ખેંચી લીધી અને તે બાદ તે લટકતી બંધ થઈ ગઇ.
લોકો આ જોઈ અજબ થઈ ગયા અને વિચારવા લાગ્યા કે આ સાંકળ ખેંચાઈ કેમ ગઇ?

એ મુજબ તકરારનો કોઇ જાતનો નિર્ણય થયો નહિ. લોકો મુંઝવણમાં પડયા એટલે હ. દાઉદ (અ.) એ ખુદા પાસે દુઓ ગુજારી કે, ખુદાવંદ તારી મસ્લેહત કોઈ સમજી શકતું નથી, પણ આ તકરારનો નિર્ણય કેમ થાય?

હ. દાઉદ (અ.) ની દુઆ સાંભળી ખુદાતઆલાએ વહી મોકલાવી કે, "અનામત રાખનાર વેપારીએ કુદરતને છેતરવા યુક્તિ કીધી તેથી એ સાંકળ અમે ખેંચી લીધી છે; કારણ કે પેલાએ અરજદારને હાથમાં રાખવા જે લાકડી આપેલ છે તે પોકળ છે, તેમાં બધું અનામત દ્રવ્ય રાખેલું છે ને તેણે કરેલ અરજ મુજબ અનામત રકમો લાકડી મારફતે છુપી રીતે ભરેલી અરજદારના હાથમાં આપી હતી અને તેથી તેની ઠગાઈમાં તેને ઉઘાડો પાડવા માટેજ આ સાંકળ હંમેશને માટે ખેંચી લેવાઇ છે. હવેથી તે પાછી ફરી જોશો નહી અને તમારો ઇન્સાફ હવેથી તમો મુખ જુબાની અને પંચ વચ્ચે કરજો. કુદરતે હવેથી આ કપટબાજીથી જાહેરમાં તમારા માટેનું સાધન ખેંચી લઇને લોકોને સજા કરેલ છે."

આ ખુદાઈ સંદેશા મુજબ પેલાનું કપટ બધાની વચ્ચે ખુલ્લું થયું અને પછી એ લાકડીની મુઠ ખોલવામાં આવી અને તેમાં ભરેલુ દ્રવ્ય બધાએ જોયું અને તે તેના હકદારને સોંપવામાં આવ્યું.

પેલા કપટબાજ વેપારીને જાહેર પ્રજાએ ફિટકાર આપ્યો કે, ખુદાઈ ન્યામતરૂપ 'આકાશી સાંકળ' અમારા હાથમાંથી તારા પાપના લીધે ખેંચાઈ ગઈ અને

પ્રજા ઉપર અન્યાય થવાના કારણરૂપ પેલા વેપારીનું ઉશ્કેરાઈ જઈને લોકોએ ખુબ અપમાન કર્યું.

## હઝરત દાઉદ (અ.) ઉપર આવેલી મુશીબત

'કસસુલ અંબિયા' ના ઉલ્લેખ પ્રમાણે હ. દાઉદ (અ.) નું બલામાં સપડાઇ જવાનું કારણ એ હતું કે, એક વખત હ. દાઉદ (અ.) એક સહિફો કે જેમાં હ. ઇબ્રાહીમ, હ. ઇસહાક અને હ. યાકુબ (અ.) ની બુઝુર્ગીનું વર્ણન લખેલું હતું, તેનું વાંચન કરતાં આપને ખ્યાલ આવ્યો કે, "આ બુઝુર્ગોએ એવું તે શું કર્યું કે જેને લીધે તેમણે બુઝુર્ગી પ્રાપ્ત કરી?" તે વખતે દરબારે ઇલાહિથી નીદા આવી કે, "અય દાઉદ! મારી મોકલાવેલી બલાઓ ઉપર તેઓએ સબર કરી છે." આ સાંભળી હ. દાઉદ (અ.) એ ખુદાને અરજ કરી કે, યા રબ! તું મારા ઉપર પણ બલા મોકલ હું પણ સબર કરીશ.

બીજી રીવાયત છે કે, તાલુતની સલ્તનત જ્યારે હ. દાઉદ (અ.) ને મળી અને બાદશાહ થયા ત્યારે આનંદમાં આવી જઈ આપે કહયું કે, "કસમપુર્વક કહું છું કે, હું અદલ ઇન્સાફ બરાબર કરીશ." પણ તેમ કહેતી વખતે આપે "ઈન્શાહ-અલ્લાહ" એમ કહયું નહિં.

કહેવામાં આવ્યું છે કે, એક દિવસ હ. દાઉદ (અ.) પોતાના ઘરમાં બેઠા હતા, તે વખતે એક ઘણું જ ખુબસુરત કબુતર જેવું રંગીન પક્ષી ઘર સામે ઇબાદતગાહની બારી ઉપર આવીને બેઠું. આપ એ સુંદર પક્ષીને જોઈ તેને પકડવા ગયા. તેવું જ તે પક્ષી ઉડીને બાજુના બાગના ઝાડ ઉપર જઈ બેઠું, હઝરત તેને પકડવા તેની પુઠે બાગમાં ગયા, જ્યાં આપને એક નવજવાન, ખુબસુરત "બતશા" નામની સ્ત્રી હોજમાં સ્નાન કરતી દેખાણી. અરસપરસ એકબીજાની નજર મળી, પરિણામે એકબીજાના દીલમાં મહોબત ઉત્પન્ન થઇ ગઈ, તેથી હઝરતે કોઈકને પુછ્યું, આ બાગ કોનો છે? તેણે કહયું કે, 'બતશ' નો છે. હઝરતે પુછ્યું, એ પરણેલી છે? કહયું કે, હા. તેણીના લગ્ન 'ઉરીયા' સાથે થયેલાં છે.

તે ઉપરથી હ. દાઉદ (અ.) એ ઉરીયાને બોલાવી ઘણા રૂપીયા આપ્યા અને ઇનામની લાલચ આપી તેને રૂમના મુલકમાં નાતકા નામની જગ્યાએ જ્યાં સખ્ત લડાઇ ચાલતી હતી ત્યાં મોકલી આપ્યો. ત્યાં જઈ ઉરીયા લડાઈમાં શાહીદ થયો.

ઉરીયાના મરણ સમાચાર બતશાને મળતાં તે ઘણી રંજીદા થઈ અને કેટલાક

દિવસો શોકમાં વિતાવ્યા. પછી તે હ. દાઉદ (અ.) સાથે નિકાહથી જોડાણી.

એ પહેલા હ. દાઉદ (અ.) ને ૯૯ બીબીઓ હતી અને ઉરીયા સહીત આપ ૧૦૦ બીબીઓના ભરથાર બન્યા.

એક દિવસ હ. દાઉદ (અ.) મસ્જીદમાં અલ્લાહની ઈબાદત કરી રહયા હતા; અચાનક મસ્જીદની દીવાલ ફાટી અને તેમાંથી બે શખ્સો નીકળી હઝરત સમક્ષ આવી બેસી ગયા. જેઓને જોતાં જ હઝરત હેબતાઈ ગયા. ત્યારે આવનારાઓએ કહયું, ગભરાવ નહી અમે તમારી પાસે અમારો ઈન્સાફ કરાવવા આવ્યા છીએ તેનો ફેંસલો કરી આપો. હઝરતે કહયું કે, કહો તમારૂં શું કહેવું છે ?

આવનારાઓમાંથી ફરિયાદીએ કહયું કે, આ મારો ભાઇ છે અને તેની પાસે ૯૯ બકરીઓ છે ત્યારે મારી પાસે માત્ર એક જ બકરી છે, અને તેને પણ આપી દેવા તે મારી ઉપર બળજબરી કરી રહયો છે, તો આપ તેનો ફેંસલો કરી આપો.

આ સાંભળી હ. દાઉદ (અ.) એ ફરમાવ્યું કે, આમ કરી તારો ભાઈ તારા ઉપર અન્યાય કરી રહયો છે અને તારી એક બકરી પણ છીનવી લઈ તે પોતાની બકરીઓ સાથે જોરજુલ્મથી ભેળવી દેવા માંગે છે. આવું તેનું વર્તન વાજબી કહેવાય નહિ.

હઝરતનો એ મુજબનો ફેંસલો સાંભળી આવેલા બન્ને શખ્સો હસી પડયા અને કહયું કે, અય દાઉદ! આપને ૯૯ ઓરતો હોવા છતાં આપે ઈરાદાપુર્વક ઉરીયાને લડાઈમાં મોકલી તેની સ્ત્રી સાથે શાદી કરી લીધી. આમ કરી તમે તમારા નફસ ઉપર જુલ્મ અને ઉરીયાનો ગુનો વહોરી લીધો છે. આવી બેઈન્સાફીના ખાતર જ અમે તમારી સમક્ષ બકરી વિષેનો મુકદમો લઈ આવ્યા છીએ. એટલું કહી વાદી-પ્રતિવાદી બની આવેલા બન્ને ફિરસ્તાઓ ગૈબ થઈ ગયા.

આવા વાદવિવાદ ઉપરથી હ. દાઉદ (અ.) સમજી ગયા કે, માત્ર મને નસિયત કરવા ફિરસ્તા આવ્યા હતા, તેથી પોતાના હાથે થયેલી ભુલ માટે આપને ઘણોજ પશ્ચાતાપ થયો, જેનું પ્રાયશ્ચિત કરવા આપ સિઝદામાં પડી ૪૦ દિવસ સુધી અન્ન લીધા વગર તૌબા સાથે ઘણી ગીરીયાઝારીપુર્વક એકધારા રડતા રહયા, ત્યારે ખુદાતઆલા તરફથી હ. જીબરાઈલે આવીને કહયું કે, અય દાઉદ! તમે ખુદાનો ગુનો કર્યો છે તે માફ કરવામાં આવે છે, પણ ઉરીયાનો ગુનો તો તેની કબર પાસે જઈ માફ કરાવો અને જો તે માફ કરે તો માફ થાય.

તેથી હ. દાઉદ (અ.) એ ઉરીયાની કબર ઉપર જઈ પુકાર કરી કહયું કે, અય ઉરીયા ! એમ ત્રણ વખત પુકાર્યું. ત્રીજા અવાજે ઉરીયાએ જવાબ આપતાં કહયું કે, લબ્બેક ! તમે કોણ છો ? હઝરતે કહયું હું દાઉદ છું. ત્યારે ઉરીયાએ કહયું કે, અય ખુદાના ખલીફા તમે શા માટે અહીં આવ્યા છો ? હઝરતે ફરમાવ્યું કે, હું તમારી પાસે માફી માંગવા આવ્યો છું. ઉરીયાએ કહયું કે, અય હઝરત ! આપે મને લડાઈમાં મોકલ્યો હતો, જ્યાં હું શહીદ થયો, બદલામાં મને ખુદાતઆ-લાએ બહેસ્તમાં જગા આપી છે. તમે મારા સાથે જે કંઈ કર્યું હોય તે બધું હું તમને માફ કરૂં છું. એ સાંભળી હઝરત ખુશી થઈ પોતાને ઘેર આવ્યા.

બીજી વખત ફરીને જીબરાઈલે આવીને કહયું કે, અય દાઉદ ! આપને ખુદાએ સલામ સાથે કહેવરાવ્યું છે કે, "તમે ફરી ઉરીયાની કબર પાસે જઈ તમારો અને બતશાનો અહેવાલ વિગતવાર કહી માફી માંગો. તે મુજબ હ. દાઉદ (અ.) એ ઉરીયાની કબર પાસે જઈ ફરીને પુકાર કરી, ત્યારે ઉરીયાએ જવાબ આપ્યો. હઝરતે પોતાના હાથે થયેલી ઘટના વિસ્તારપુર્વક કહી સંભળાવી તેમજ બતશાની વિગત પણ વર્ણવી અને પોતાના હાથે થયેલી ભુલની માફી માંગી.

તે ઉપરથી ઉરીયાએ કહયું કે, આ બાબતમાં હું તમને હરગીઝ માફ કરીશ નહિ. આ સાંભળી હઝરત ઘણું રડવા લાગ્યા. બાદ દરબારે ઈલાહીથી નીદા આવી કે, અય દાઉદ ! રડ નહિ. હું બહેસ્તમાં ઉરીયા માટે યાકુતનો એક મહેલ બનાવીશ અને તેમાં હુરાઓને મુકીશ અને તેનાં ઉપર તેને મહોબત ઉત્પન્ન કરાવીશ. એવું કહેવાય છે કે ખુદાતઆલાએ બહેસ્તમાં એક યાકુત અને ઝવેરાતનો સુંદર મહેલ બનાવ્યો અને તેમાં હુરાઓને રાખી અને તે મહેલ ઉરીયાને દેખાડીને હકતાલાએ ફરમાવ્યું કે, અય ઉરીયા ! તું દાઉદને માફ કરી દે. હું તેનાં બદલામાં આ બહેસ્તી મહેલ તને આપીશ. ઉરીયા તે મહેલ અને તેનું રાચરચીલું જોઈ ઘણોજ ખુશી થઈ ગયો અને હર્ષનાં આવેશમાં આવીને પુકારી ઉઠયો કે, અય દાઉદ ! તમે કરેલો મારો ગુનો હું તમને માફ કરૂં છું. એ સાંભળી હ. દાઉદ (અ.) ખુશી થઈ તે બેતુલમુકદ્દસ તરફ જવા રવાના થયા.

હ. દાઉદ (અ.) ના બેતુલ–મુકદ્દસમાં આવ્યા પછી એક દીવસ આપે ઇલાહી દરબારમાં અરજ કરી કે, યા રબ ! જેવી રીતે તેં સારી તૌબા કબુલ કરી છે, તેવી રીતે તે ગુનાની એક નિશાની મારા પંડની ઉપર આપ કે જેને જોઇ હું હંમેશા તૌબા કરતો રહું. હકતાલાએ હઝરતની દુઆ કબુલ ફરમાવી અને તેમણે કરેલા ગુનાની નિશાની તેમના જમણા હાથ ઉપર રાખી દીધી. જેને હંમેશા

જોઈ હ. દાઉદ (અ.) પોતાની ભુલને યાદ કરી તૌબા સાથે અશતગફાર કરતાં અને તે નિશાની સૌને દેખાડતાં. જેને જોનારાએ જોઈ પોતાનાં જીવનની ફીકર કરી આહોઝારી સાથે રડતાં.

## હઝરત દાઉદ (અ.)એ બે ખેડુતોનો કરેલ અદલ ઇન્સાફ

'કસસુલ અંબિયા' માં લખેલ છે કે, એક દીવસ ઇલીયા નામનો ખેડુત તથા યુહન્ના નામનો ભરવાડ હ. દાઉદ (અ.) ની અદાલતમાં આવ્યા. ખેડુતે ભરવાડને દેખાડી ફરીયાદ કરતાં કહયું કે, આ શખ્સની બકરીઓએ મારા ખેતરનો પાક ખાઇ જઇ નુકશાન કર્યું છે, કૃપા કરી આપ તેનો ઇન્સાફ કરી આપો.

હ. દાઉદ (અ.) એ મુનસફ (કાજી) ને ફરમાવ્યું કે, ખેતર તથા બકરીઓની કિંમત નકકી કરો. ગણત્રી કરતાં ખેતરની કિંમત વધારે થઈ, તે ઉપરથી હઝરતે ઈન્સાફ કરી બકરીવાળાને બકરીઓ ખેતરવાળાને સુપ્રત કરવાનો હુકમ ફરમાવ્યો. આથી બકરીવાળો રડતો રડતો દરબારથી પાછો ફરતાં દરવાજા પાસે આવ્યો, જ્યાં હ. સુલેમાન (અ.) બેઠા હતા. હ. સુલેમાનની ઉમર આ વખતે ૭ વર્ષની હતી.

હ. સુલેમાન (અ.) બકરીવાળાને રડતો જોઈ તેને રડવાનું કારણ પુછયું. બકરીવાળાએ ઇન્સાફના ફેંસલાની હકીકત કહી સંભળાવી. તે સાંભળી હ. સુલેમાન (અ.) એ તેને કહયું કે, તમે પાછા હ. દાઉદ (અ.) ની હુઝુરમાં જઇને કહો કે, ઈન્સાફ એવો કરો કે જેના થકી મારા જેવા ગરીબને સહન કરવું પડે નહિં. સુચના અનુસાર બકરીવાળો હ. દાઉદ (અ.) ની હુઝુરમાં ગયો અને એ પ્રમાણે અરજ ગુજારી. જે ઉપરથી હઝરતે ફરમાવ્યું કે, આ રસ્તો તને કોણે બતાવ્યો? ત્યારે બકરીવાળાએ હ. સુલેમાનનું નામ આપ્યું. હઝરતે પોતાના પુત્ર હ. સુલેમાનને બોલાવી એ બાબતનો ઇન્સાફ કરવા કહયું, જે ઉપરથી હ. સુલેમાન (અ.) એ ફેંસલો આપતા ખેતરના માલીકને કહયું કે, તમે બકરીવાળાની બકરીઓ તમારા કબજામાં રાખો અને તેની ઉપજ યાને બકરીનું દુધ તેના બચ્ચા વિગેરેનો ઉપયોગ કરો અને બકરીવાળો તમારા ખેતરને પાણી સીંચે જ્યારે ખેતી જેવી હતી તેવી થઈ જાય ત્યારે બકરીઓના માલિકને તેની બકરીઓ પાછી આપી, તમે તમારૂં ખેતર તમારા સ્વાધિન લેજો. આમ કરવાથી તમો બન્નેમાંથી કોઇને પણ નુકશાની ખમવી પડશે નહિં.

હ. દાઉદ (અ.) આવો સંતોષી ફેંસલો સાંભળી ઘણાજ ખુશી થયા.

## હ. દાઉદ (અ.) ની દરબારમાં એક ડોશીએ હવા વિરૂધ્ધ કરેલી ફરિયાદ

એક દિવસ એક ગરીબ ડોશીએ હ. દાઉદ (અ.) ની હુઝુરમાં ફરિયાદ કરતાં કહયું કે, અય ખુદાતઆલાના ખલીફ ! હું વયોવૃધ્ધ ડોશી માથા ઉપર આટો લઈ મારા ઘર તરફ જઈ રહી હતી, તે વખતે હવા જોરથી આવી અને મારો આટો ઉડાડી લઇ ગઈ. મારા બાળ બચ્ચા ભુખ્યા છે તો આપ ઈન્સાફ કરી મને હવા પાસેથી મારો આટો અપાવો.

હ. દાઉદ (અ.) મે ફરમાવ્યું, અય ડોશી ! હવા મારા તાબામાં નથી, તેથી તેના બદલામાં હું આટો આપું છું તે લઈજા. આટો લઈ ડોશી દુઆ દેતી પોતાના ઘર તરફ રવાના થઈ.

ડોશી જ્યારે દરવાજા પાસે આવી ત્યારે હ. સુલેમાને તેણીને પુછ્યું કે, અય અમ્મા ! આ આટો કયાંથી લાવ્યા ? ત્યારે ડોશીએ બનેલી બીના કહી સંભળાવી. આ સાંભળી હ. સુલેમાન (અ.) એ ડોશીને કહયું કે, તમે હ. દાઉદ પાસે પાછા જાઓ અને કહો કે, મને ઈન્સાફ જોઇએ છે. એ મુજબ ડોશીએ હ. દાઉદ (અ.) ની હુજુરમાં જઈ ફરી અરજ કરી કે, અય પયગમ્બરે ખુદા ! મને આટો નહિં પણ ઈન્સાફ જોઇએ છે. હ. દાઉદે ફરમાવ્યું કે, અય અમ્મા ! તમને જેટલો આટો જોઇએ તેટલો લઈ જાઓ પણ હવા પાસેથી બદલો માંગો નહિં. તેથી ડોશી ઘણી રાજી થઈ, પુષ્કળ આટો લઈ ફરી દરવાજા પાસે આવી ત્યારે હ. સુલેમાન (અ.) એ ફરી તેને પુછ્યું કે, તમે ઈન્સાફ મેળવ્યા વગર કેમ જઇ રહયા છો ? તમે પાછા હઝરત પાસે જાઓ અને ઇન્સાફની માંગણી કરો. હ. સુલેમાનની દોરવણી અનુસાર ડોશી પાછી હ. દાઉદ (અ.) પાસે ગઈ અને આટો પાછો આપતાં અરજ કરી કે, અય હઝરત મને ઈન્સાફ જ જોઇએ છે. હ. દાઉદે ડોશીને પુછ્યું કે, આવી સલાહ તમને કોણે આપી ? ડોશીએ કહયું કે, હ. સુલેમાને મને આવી સલાહ આપી છે. તે ઉપરથી હઝરતે હ. સુલેમાન (અ.) ને બોલાવી કહયું કે, હવાને કેવી રીતે બોલાવું કારણ કે તે પકડી શકાય તેમ નથી. ત્યારે હ૦ સુલેમાન (અ.) એ કહયું કે, તે માટે તમારી દુઆ પુરતી છે. દુઆ કરશો તો ખુદાના હુકમથી હવા એક સુરતરૂપે આપની સેવામાં હાજર થશે. એમ નહિ કરો તો મને ધાસ્તી છે કે, કયામતના દિને એ બુઢીબાઈ તમારા વિરૂધ્ધ ફરીયાદ કરશે અને ત્યાં આપને ઇન્સાફ નહિં આપવા માટે જવાબ આપવો પડશે.

તરતજ હ. દાઉદ (અ.) એ દરબારે ઇલાહીમાં દુઆ માંગી અને તે કબુલ થતાંજ હવા ઈન્સાનના રૂપમાં હઝરતની હુજુરમાં હાજર થઈ. જેને હઝરતે ફરમાવ્યું કે, અય હવા ! આ ડોશીનો આટો તમે શા માટે ઉડાડી મુકયો ? હવાએ અરજ કરતાં કહયું કે, મેં આ કામ ખુદાના હુકમથી કર્યું છે. કારણ કે તે વખતે સમુદ્રના મધ્યમાં એક કોમના વહાણમાં કાણું પડયું હતું અને તે લગભગ ડુબી જવાની અણી ઉપર હતું. તે વખતે તે કોમે અલ્લાહની મનત માની કે, અમો આ સંકટ-માંથી બચશું તો વહાણમાંનો અમારો સઘળો માલ ખયરાત કરી આપશું. મેં ખુદાના હુકમથી એ બુઢી બાઇનો આટો લઈ જઈ વહાણનું કાણું પુરી દીધું, જેથી વહાણ ડુબતું બચી ગયું. એટલું બોલી હવા ગાયબ થઈ ગઈ.

તે બાદ ચોથા દીવસે વહાણ કિનારે પહોંચ્યું. તે વખતે મનત માનેલો સઘળો માલ હ. દાઉદ (અ.) એ પોતા પાસે મંગાવી તેમનો અર્ધો માલ હાજત-મંદોને ખયરાત કર્યો અને બાકીનો અર્ધો માલ આટાના બદલા તરીકે તે ડોશીને આપી દીધો, કારણ કે તેના આટાથી વહાણ બચી ગયું હતું.

ત્યારબાદ હ. દાઉદ (અ.) એ તે ડોશીને પુછયું કે, અય અમ્મા ! તમે ખુદાની એવી તે કઈ બંદગી કરી હતી કે જેનાં બદલા તરીકે તમે આટલો બધો માલ મેળવ્યો છે ?

ડોશીએ કહયું કે અય હઝરત ! મેં મારા ખાવા માટે એક રોટલી રાખી હતી તે દરમ્યાન ઘરના દ્વાર ઉપર એક ભુખ્યા ફકીરે આવી સવાલ નાંખ્યો. મેં મારી રોટલી તેને અલ્લાહના નામ ઉપર આપી દીધી; પણ એક રોટલીથી તેની ભુખ તૃપ્ત થઈ નહિં, તેથી તેણે સવાલ કર્યો તેને પેટ ભરી ખવરાવવા માટે, હું દાણા લઈ પડોશમાં પીસવા ગઈ, જ્યારે આટો લઈ હું પાછી આવતી હતી એટ-લામાં હવા જોરથી આવી મારો આટો ઉડાડી લઈ ગઈ. બાકી તો આપની દુઆ અને હ. સુલેમાનની સલાહનું આ પરીણામ છે કે, અલ્લાહે મને માલામાલ કરી આપી અને તે માટે હું અલ્લાહની અહેસાનમંદ છું.

કહેવામાં આવ્યું છે કે, હ. દાઉદ (અ.) એ હ જીબરાઈલના સંકેતથી પેલી ડોશીને કહયું કે, અમ્મા ! તમે જે કંઈ પણ માલ પ્રાપ્ત કર્યો છે તે આટા-નો બદલો છે અને તમે જે તમારા માટે રાખેલી રોટલી ફકીરને આપી હતી, તેના બદલા તરીકે તમને આખેરતમાં ૭૦ રોટલીઓ મળશે.

# માતાની આજ્ઞાનું પાલન કરનાર પુત્રને ખુદા તરફથી મળેલો બદલો

"કસસુલ અંબિયા" માં એક રીવાયતનો ઉલ્લેખ કરીને જણાવેલ છે કે, બની ઈસ્રાઈલિ કોમમાં એક માલદાર હતો. તેની પાસે એક ખુબસુરત રંગીન ગાય હતી, જેને જરીની ઝુલથી શણગારી મેદાનમાં ચરવા માટે છોડી મુકવામાં આવતી હતી.

તેજ કોમમાં એક પરહેઝગાર સ્ત્રી હતી. તેને એક નેકબખ્ત પુત્ર હતો. મા–દીકરાએ તેમનાં રહેઠાણ પાસે એક ઇબાદતગાહ બનાવી તેમાં તેઓ દરરોજ બંદગી કરતાં હતા. ઇબાદતગાહ પાસે એક મીઠા પાણીનો ઝરો તથા એક દાડમનું ઝાડ હતું. તે ઝાડમાં ખુદાની કુદરતથી રોજ બે દાડમ લાગતા હતા. જેનાં ઉપર મા–દીકરો પોતાનું ગુજરાન ચલાવતા હતા. આમ કેટલાક વર્ષો વીતી ગયા.

એક દિવસ છોકરાએ પોતાની માતાને કહયું કે, મા! મને ઇચ્છા થાય છે કે, બજારમાંથી કોઈક નવીન ચીજ ખરીદ કરીને ખાઉં. તેની માતાએ કહયું કે, અય બેટા! અલ્લાહ આપણને બે દાડમ આપે છે તે ઉપર સબર કર અને તે સિવાય બીજી વસ્તુની લાલચ કર નહિં. ત્યારબાદ તેઓએ ઝાડ તરફ નજર કરી તો બે દાડમ જે રોજ લટકતા હતા તે ગૈબ થઇ ગયા. આ દ્રષ્ય જોતાં જ તેની માતાએ કહયું કે જોયું, બેટા! બેસબરી તથા નાશુક્રાનાના લીધે ઝાડ ઉપરથી દાડમ ગૈબ થઈ ગયા." મા અને દીકરો તે દિવસે ભુખ્યા રહયા.

બીજે દિવસે ઉપર જણાવેલ ગાય પેલા મા દિકરા પાસે આવી અને કહયુ કે, મને કાપીને ખાઓ, હું તમારા ખોરાક માટે હલાલ છું. ગાયનું કહેવું સાંભળી માતાએ દીકરાને કહયું કે, "આ ગાય આપણને ગુનામાં ફસાવવા આવી છે." બાદ તેને તેઓએ હાંકી કાઢી.

ફરી બીજા દિવસે તેજ ગાયે આવીને કહયું કે, હું તમારા માટે હલાલ ખોરાક છું મને ઝબ્હ કરીને ખાઓ. છતાં મા દિકરાએ તેનું કહેવું માન્યુ નહિ અને તેને હાંકી મુકી.

ફરી ત્રીજા દિવસે પણ ગાયે આવીને પોતાને ઝબ્હે કરવા કહયું, છેવટે મા–દીકરાએ તેને હલાલ કરી તેના માંસના કવાબ બનાવ્યા. જ્યારે તેઓ કવાબ ખાતા હતા. ત્યારે ઈસ્રાઈલ કોમની એક દલાલ સ્ત્રી જે ઘરેઘર ફરીને લોકોની જરૂરીયાતની વસ્તુઓ લેતી તેમજ વેચતી હતી તે આવી ચડી. તેણીએ જોયું તો

મા—દિકરો ગાયના ગોસ્તના કુવાબ ખાઈ રહયા છે. એ સ્ત્રીને જોઇને મા—દીકરો હેબતાઇ ગયા—તેમને ડર લાગ્યો કે તેણી તેઓને બદનામ કરશે.

ગાય ઘરે નહિ આવવાથી તેનાં માલીકે તેની ઘણી શોધ કરાવી, પણ પત્તો લાગ્યો નહિ. દલાલણ કે જે ગાયની હકીકતથી માહિતગાર હતી તેણે ગાયના માલીકને એ સમાચાર આપ્યા અને ઘરની નિશાની પણ આપી.

એ મુજબ ગાયને કત્લ કરનારનો પત્તો મળતા તેણે હ. દાઉદ (અ.) ની હુઝુરમાં જઇ ફરિયાદ કરી અને ઇન્સાફ કરવા માંગણી કરી. હઝરતે મા—દીકરાને બોલાવી તપાસ કરી. પેલી મોમીન સ્ત્રીએ ખુલાસો કરતા કહયું કે, અમોને ગાયે પોતે કહયું કે, હું તમારા માટે હલાલ છું. તે ઉપરથી ગાયવાળાએ કહયું કે, જાનવર તે વાત કરતા હશે? એટલું કહી તેણે બદલાની માંગણી કરી. તેની માંગણી ઉપરથી હ. દાઉદ (અ.) એ તેને સમજાવતા કહયું કે, તમે તેઓને માફ કરી આપો અને ગાયના બદલામાં મારી પાસેથી જેટલું જોઇએ તેટલું દ્રવ્ય લ્યો. પણ ગાયનો માલિક સમજ્યો નહિ અને ગાયના બદલા સિવાય બીજુ કાંઇ તેણે માંગ્યું નહિ.

એટલામાં હ. જીબ્રાઇલે નાઝલ થઈને કહયું કે, અય દાઉદ! અલ્લાહે તમને સલામ સાથે કહેવરાવ્યું છે કે, બની ઇસરાઇલ કયામતનો બનાવ દુનિયામાં જોવા માંગે છે. તમે તેને કહો કે, આવતી કાલે ઇદના દિવસે સઘળા મેદાનમાં હાજર થાય. ઇલાહી હુકમ અનુસાર હઝરતે ઇસરાઇલ કોમમાં તે મુજબ એલાન કરાવ્યું.

ઇદના દીવસે તે કોમના સ્ત્રી—પુરૂષો તથા બાળકો સૌ મેદાનમાં હાજર થયા. તે વખતે હ. દાઉદ (અ.) એ 'ઝબુર' નું વાંચન શરૂ કર્યું. દરમ્યાન સઘળી માનવ-મેદની બેહોશ બની ગઇ. તે વખતે ખુદાના હુકમથી હ. જીબરાઇલે આવીને હ. દાઉદ (અ.) ને કહયું કે, આપ ગાયના માલિકને કહો કે, તે દીવસને યાદ કર કે જયારે તું તે શખ્સ સાથે તેનો નોકર બની શામના મુલ્ક તરફ જઈ રહયો હતો. આ વખતે તારા માલિકની સાથે પાંચસો ઊંટ, બકરા અને ઘણો માલ અસબાબ હતો અને માર્ગમાં તેં તેને મારી નાંખ્યો અને તેનો માલ અસબાબ તથા જાનવરો મીસર તરફ લઇ જઈ ત્યાં તેને વેચી તું તેની દૌલત દબાવી પાછો શામમાં આવી ગયો. તેં જેને કત્લ કર્યો છે, તેના જ એ સ્ત્રી અને બાળક છે, જેઓ તારી ગાયને ઝબ્હ કરી ખાઈ ગયા છે અને હાલ જેટલો માલ તારા પાસે મોજુદ છે, તે સઘળો તેઓનો છે. હ. દાઉદ (અ.) એ જીબરાઇલથી એ હકીકત સાંભળીને ગાયના માલિકની તપાસ કરી અને તેને પોતાની પાસે બોલાવ્યો. ગાયવાળાએ

કહયું કે, મેં કોઇને લુંટી કે મારી નાંખ્યો નથી. એટલામાં ખુદાની કુદરતથી તેની બોલવાની શકિત જતી રહી, પણ તેના હાથપગ તો સાક્ષી આપતાં જ રહયા. તેના હાથે કહયું.

અય હઝરત આ વાત સાચી છે, મેં તે સોદાગરને છુરીથી કત્લ કર્યો છે અને તેના ઊંટો, બકરા માલ અસબાબ બધો છીનવી લીધો છે. આવી જ રીતે શરીરના દરેકે દરેક અવયવો સાક્ષી આપવા લાગ્યા.

જે સાંભળી બની ઇસરાઇલીઓ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા.

બાદ હ. દાઉદ (અ.) એ કોમને સંબોધીને ફરમાવ્યું કે, અય મોમિનો ! આવી જ રીતે રોઝે મહેસર (કયામત) માં બનવાનું છે અને તે વખતે બધાના હાથ પગો શાક્ષી આપશે. એ માટે ખુદાતઆલાએ કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે, "આજ (કયામતના દીવસે) અમે તેઓના મોઢા ઉપર મહોર કરી દઇશું, પણ તેઓના હાથ બોલશે અને પગ દેખાડશે અને જે કંઈ તેઓએ કર્યું હશે દુનીયામાં."

માનવ સમુહથી ખીચોખીચ ભરાયેલા મેદાનમાં હકીકત પુરવાર થયા પછી હ. દાઉદ (અ.) એ પેલા મા દીકરાને ફેંસલો સંભળાવતા છોકરાને ફરમાવ્યું કે, આ કોમના સરદારે તારા બાપને મારી નાંખી તમામ માલ, દૌલત લુંટી ગયો હતો, હવે ખુદાનો હુકમ છે કે, તું તેને મારી નાંખ. તારા બાપનો બદલો લે અને તેની પાસે જે માલ અસબાબ છે તે પણ લઇ લે. હુકમ અનુસાર તેજ વખતે છોકરાએ ગાયના માલિકનું માથું ધડથી જુદુ કરી નાંખ્યું. અને પોતાની માલમત્તા મેળવી, ખુદાના શુક્રાના અદા કરી, પોતાની મા સાથે ઘર તરફ રવાના થયો.

## ખુદાઈ ફરમાનનું ઉલ્લંઘન કર્યું તો વાંદરા બની ગયા

કહેવામાં આવેલ છે કે, બની ઇસરાઇલની કોમના એક કબીલાવાળાઓએ રાતા સમુદ્રના કિનારે એક ઘર બનાવ્યું અને તૌરેતની આજ્ઞા વિરૂધ્ધ જઇ બેફરમાનીના કામો કરવા લાગ્યા.

"સબ્બથ" એટલે "શનિવાર" નો દીવસ યહુદીઓનો તહેવારનો દીવસ ગણાય છે. એ દીવસે શિકાર કે બીજા કોઈ પણ કામ કરવાની તેઓને મના કરવામાં આવી છે; આથી તે દીવસે સમુદ્રના માછલા પાણી ઉપર આવી નિર્ભયપણે ફરતાં; પણ અઠવાડીયાના બીજા દીવસોમાં તેઓ દેખાતાં નહિ. હ. દાઉદના રાજ્યમાં જે

યહુદીઓ રાતા સમુદ્રના કિનારા પર આવેલા એલા નામના ગામમાં રહેતા હતા. તેમાંના કેટલાકોએ ખુદાતઆલાની એ આજ્ઞાનું ઉલ્લંઘન કરી, શનિવારના દીવસે માછલીઓ પકડીને ખાધી. તેઓને શનીવારે માછલા પકડવાની મના હોવાથી સમુદ્રમાંથી તેઓ નહેરો ખોદતા અને શનીવારે જ્યારે માછલીઓ તે નહેરોમાં આવતી ત્યારે માછલા સમુદ્રમાં પાછા ચાલ્યા ન જાય એ માટે તેઓ રસ્તો બંધ કરી લેતાં અને બીજે દિવસે આવીને તેને પકડતાં. તેઓમાંના કેટલાક ધાર્મિકવૃત્તિના માણસોએ એમ કરનારને તેમ નહિ કરવા શિખામણ આપી, પણ તેનું કાંઈ પણ પરિણામ આવ્યું નહિ, એથી હ. દાઉદ (અ.) એ તેમને શ્રાપ આપ્યો અને ખુદાતઆલાએ તેમને વાંદરા બનાવી દીધા.

તે માટે ખુદાતઆલાએ કુરઆને શરીફની સુરએ બકર આયાત ૬૫માં ફરમાવ્યું છે કે, "અને ખરેખર તમે તેઓને જાણ્યા છે કે, જેઓએ તમારામાં શનિવારના દીવસે હુકમતું ઉલ્લઘંન કર્યું, પછી અમે તેઓને કહયું કે, તમે તુચ્છ વાંદરાઓ થાઓ."

કુરઆને શરીફ સુરતુલ અઅરાફ આયાત ૧૬૬માં ખુદાતઆલાએ ફરમાવ્યું છે કેઃ- "પછી જ્યારે તેઓએ જેની તેઓને મના કરવામાં આવી હતી તેની નાફરમાની કરી ત્યારે અમે તેઓને કહયું કે, તમે તુચ્છ હાંકી કાઢેલા વાંદરા થાઓ."

## હ. દાઉદ (અ.)ની વફાત

હ. દાઉદ (અ.)ને ૧૯ ફરઝંદો હતા, જેમાં હ. સુલેમાન (અ.) "બતશા"ના કુખે જન્મ્યા હતા.

કહેવામાં આવ્યું છે કે, જ્યારે હ. દાઉદ (અ.) ની વફાતનો સમય નજીક આવ્યો, ત્યારે હ. જીબ્રાઇલે આપને એક સંદુક(પેટી) લાવીને આપી અને કહયું કે, અય દાઉદ! આપના ફરઝંદોને પુછો કે આ પેટીમાં શું ચીજ છે? અને એનો ખુલાસો જે આપે તેને પયગમ્બરી તથા સલ્તનત અર્પણ કરજો. એ ઉપરથી હ. દાઉદ (અ.) એ પોતાના બધા ફરઝંદને બોલાવી પુછ્યું, જેનો જવાબ બીજાઓ આપી શકયા નહિ પણ સૌથી નાના પુત્ર હ. સુલેમાને કહયું કે, આ પેટીમાં એક વીંટી, ચાબુક તથા એક પત્ર એમ ત્રણ ચીજો છે. જ્યારે સંદુક ખોલી તપાસ્યું તો હ. સુલેમાન (અ.) ના કહેવા પ્રમાણે તેમાં ત્રણ ચીજો હતી.

બાદ હ. જીબ્રાઇલે કહયું કે, આ ત્રણે વસ્તુઓ મોજીઝાવાળી છે. તે પછી

તેમાં શું શું ચમત્કારો સમાયેલા છે તે સમજાવતા જીબ્રાઇલે કહ્યું કે, આ વીંટી બહેસ્તની છે જે શખ્સ તેને પોતાના હાથમાં રાખશે તે ઇચ્છીત વસ્તુ મેળવી શકશે, એટલુંજ નહિ પણ જ્યારે તે વીંટી ઉપર દ્રષ્ટી નાંખશે તો આખી મખલુકાત અને તેમાંની સઘળી ચીજો તેના તાબામાં આવી જશે. અને ચાબુક ગુનેગારોને લાચાર બનાવી મુકશે.

ત્યારબાદ હ. જીબ્રાઇલે હ. દાઉદ (અ) ને સંકેતમાં કહ્યું કે, તમારા ફરઝંદોને પુછો કે, આ પત્રમાં શું લખ્યું છે? જ્યારે હઝરતે પોતાના ફરઝંદોને પુછ્યું, ત્યારે બીજાઓ જવાબ આપી શકયા નહી પણ સૌથી નાના ફરઝંદ હ. સુલેમાને તેનો ખુલાસો કરતાં કહ્યું કે, એ પત્રોમાં પાંચ બાબતો લખેલી છે.

પહેલું ઇમાન, બીજી મહોબ્બત, ત્રીજી અક્કલ, ચોથી શરમ અને પાંચમી તાકાત.

જે સાંભળી હ. દાઉદે તેમને સવાલ કર્યો કે, એ દરેકનું સ્થાન શરીરના કયા કયા ભાગોમાં છે?

જવાબમાં હ. સુલેમાન (અ.) એ કહ્યું કે:—

ઇમાન અને મહોબ્બતનું સ્થાન દિલમાં છે, અક્કલનું સ્થાન મસ્તકમાં છે, શરમની જગ્યા આંખમાં છે અને કુવ્વત હાડકામાં રહેલી છે.

આવી ગુપ્ત અને દાનાઇભરી હકીકતો હ. દાઉદ (અ.) એ સાંભળ્યા પછી પોતાના ફરઝંદ હ. સુલેમાનને પોતાના પ્રતિનિધિ યાને ખલિફ બનાવ્યા અને પોતાની હૈયાતીમાં જ તેમનો રાજ્યાભિષેક કરી તેમને તખ્ત ઉપર બેસાડયા અને બહેસ્તથી સંદુકમાં આવેલી વીંટી પહેરાવી અને રાજદંડ તરીકે ચાબુક સુપ્રત કર્યો અને પોતે ગોશાનશીન તરીકે એક ઓરડામાં બેસી દુનિયાના સઘળા વ્યવહારથી મુકત થઇ અલ્લાહની યાદમાં મશ્ગુલ થયા અને ત્યારબાદ આપ વફાત પામ્યા. તે વખતે આપની ઉમર ૧૨૦ વર્ષની હતી.

## લુકમાન હકીમ બીન બાઉર અને તેમણે પોતાના ફરઝંદને કરેલી વસિયત

'ઇસ્ફહાની કુરઆન' માં એવો ઉલ્લેખ મળી આવે છે કે, લુકમાન, બાઉરના દિકરા હતા અને બાઉર હ. અય્યુબની બહેન કે માસીના પુત્ર કે પૌત્ર થતા હતા તેમનો જન્મ હ. દાઉદ (અ.) ના રાજ્ય અમલના દશમા વર્ષે થયો હતો અને હ.

યુનુસ (અ.) ના સમય સુધી તેવણે હૈયાતી ભોગવી હતી. કેટલાકનું કહેવું છે કે, તેઓ હજાર વર્ષ સુધી જીવ્યા હતા; વળી કેટલાકનો મત લુકમાન પયગમ્બર હતા એવો છે, તો કેટલાકનો મત તેવણ પયગમ્બર નહિ હતા એવો છે. વળી કેટલાકના મત મુજબ ખુદાએ તેમને પયગમ્બરી અથવા જ્ઞાન બેમાંથી ગમે તે એક પસંદ કરવાનો અખત્યાર આપ્યો હતો અને લુકમાને જ્ઞાન પસંદ કર્યું. એ મુજબ લુકમાન એક મહાન જ્ઞાની સખ્સ હતા અને તેમને ખુદાતઆલાએ તિક્ષણ બુધ્ધિ અને અસરકારક ભાષણ કરવાની શકિત પણ બક્ષી હતી. લુકમાને આશરે દશ હજાર ડહાપણભર્યાં વચનો કહયા છે, જેમાંનું દરેક વચન અતિં કિંમતી ગણાય છે.

'કસસુલ અંબિયા'માં જામેઉત તવારીખનો હવાલો આપતાં લખેલ છે કે, લુકમાન હકીમ હબ્શના રહેવાસી હતા, રંગે કાળા હતા અને આપના હોઠ જાડા હતા.

લુકમાન બની ઇસરાઇલના એક ગુલામ હતા અને તેમનાં માલિક પાસે તેમની સાથે બીજો પણ એક ગુલામ હતો. એક દીવસ તે ગુલામ પોતાના માલીકની કંઇક ચીજ ચોરીને ખાઈ ગયો. માલીકને તેની જાણ થતાં બન્ને ઉપર તેને શંકા ગઈ. એ બાબતની લુકમાનને ગંધ આવતાં તેણે પોતાના માલીકને કહયું કે, અમે બન્નેને ગરમ પાણી પીવરાવો કે જેથી બન્નેને ઉલટી થતાં ખાધેલી વસ્તુ બહાર નીકળી આવશે અને ચોર કોણ છે તેની ખબર પડશે. લુકમાનના માલીક તે પ્રમાણે કર્યું, જેની અસરથી થોડીકવાર પછી બીજા ગુલામના મોઢામાંથી ખાધેલી વસ્તુ ઉલ્ટી થતાં બહાર નીકળી આવી અને માલીકે તેને સજા કરી અને લુકમાનને હીકમતવાળો અને નેક ખસલતવાળો સમજી તેના ઉપર ખુશી થઈ તેને ગુલામીમાંથી આઝાદ કરી દીધો. લુકમાન હકીમની સૌથી પહેલી આ હીકમત હતી કે જેનાથી તેઓ આઝાદ થયા હતા.

લુકમાન આઝાદ થયા પછી એક દીવસ બપોરના સમયે હ. જીબ્રાઈલ આવીને તેમને કહયું કે, ખુદાતઆલા તમને આ જમીનનો ખલિફો બનાવશે. એ સાંભળતાંજ લુકમાને આજીજીપુર્વક કહયું કે, માલીકની મારા ઉપરની આવી અત્યં કૃપા માટે હું ઘણોજ અહેશાનમંદ છું, પણ મને ભય છે કે, મારાથી આવડોત મોટો ભાર ઉંચકી શકાશે નહિ. એ ઉપરથી ખુદાતઆલાએ પોતાની રહેમ દ્રષ્ટીથી તેમના દીલના દ્વારને ઉઘાડી દીધા અને તેમને અકકલ તથા હીકમતની બક્ષીશ કરી કે જેની બરકતથી લુકમાનને તેમજ હ. દાઉદ (અ.) ને પણ ફાયદો પહોંચ્યો હતો.

એક વખત લુકમાન હકીમના નાના દીકરાએ પોતાના પિતાને વિનંતી

કરતાં કહ્યું કે, મને મુસાફરી કરવાનો વિચાર છે. આથી લુકમાને તેને મુસાફરીની સફળતા પ્રાપ્ત થાય તેવી શિખામણ આપતાં કહ્યું કે, ઓ મારા પુત્ર ! ખુદાની સાથે કોઇને શરીક કરીશ નહિ, મતલબ કે ખુદા સિવાય અન્યની પુજા કરીશ નહિ. ઇબાદત બંદગી કરવાનું કદી પણ ચુકીશ નહિ. જેટલી થાય એટલી ભલાઈ કરજે. બુરાઈ મુદલ કરીશ નહિ. હર હાલતમાં સબર કરજે. કોઈપણ ઇન્શાન પ્રત્યે દ્વેષ રાખીશ નહિ અને તકબ્બુરી કરીશ નહિ કારણ કે કોઈ પણ તકબ્બુરી અને વડાઈ કરનારાઓને ખુદાતઆલા ચહાતો નથી. સત્યનો માર્ગ ગ્રહણ કરજે. અવાજમાં મીઠાશ અને મધુરતા રાખજે કારણ કે નાપસંદ અવાજ ગધેડાનો છે. જ્યારે વિદાયની સઘળી તૈયારીઓ તેમના ફરઝંદે કરી લીધી ત્યારે વિદાય દરમ્યાન માર્ગદર્શન આપતાં લુકમાને કહ્યું કે :—

અય બેટા ! સફરમાં જતાં રસ્તામાં એક મેદાન આવશે ત્યાં એક પાણીનો ચશ્મો અને તેના કિનારે એક ઝાડ હશે. તેના છાંયડે તું બેસીશ નહિ, પણ ત્યાં એક બુઝુગ દરવેશ મળશે તે જેમ તને કહે તે મુજબ વર્તજે.

વળી સફરમાં તું અમુક એક ગામે પહોંચીશ, જ્યાં એક ખુબસુરત અને માલદાર સ્ત્રી રહે છે, તે તને પોતાની સાથે શાદી કરવા કહેશે, પણ તું તેની સાથે શાદી કરીશ નહિ. અમુક જગ્યા કે જ્યાં એક શખ્સ રહે છે તે વર્ષોથી મારો કરજદાર છે તેના પાસેથી આપણી લેણી રકમ વસુલ કરજે; પણ તેને ત્યાં રાત રોકાઈશ નહિ. બસ મારી આટલી વસિયત ધ્યાનમાં રાખજે; હવે તું ખુશીથી જઈ શકે છે. ખુદા હાફિઝ; મેં તને અલ્લાહને હવાલે કર્યો છે.

ત્યારબાદ લુકમાનનો એ ફરઝંદ રવાના થઈ સફર કરતો કરતો એક બીયાબાન જંગલમાં જઈ પહોંચ્યો. ત્યાં તેણે એક પાણીનો ચશ્મો અને તેના કિનારે એક ઝાડ જોયું અને તેની છાંયા નીચે એક વયોવૃધ્ધ બુઝુર્ગને બેઠેલો જોયો. તેને બહુજ તૃષા લાગી હતી એથી પેલા ચસ્માનું પાણી પીવાની તેને ઇચ્છા થઈ. વળી ગરમીનો થાક ઉતારવા ઝાડના છાંયડે આરામ કરવાનું પણ તેને મન થયું, પણ તેને પોતાના પીતાની નસિહત યાદ આવી એટલે તે ત્યાંથી આગળ વધવા લાગ્યો. પેલા બુઝુર્ગે તેને આગળ વધતો જોઇ કહ્યું કે, અય છોકરા ! સુર્યના અસહય તાપમાં સફર કર નહિ. જરા છાંયડાના આસરે બેસી આરામ કર. છોકરાએ કહ્યું કે, એમ કરવાની મને મારા પિતાએ મનાઇ કરી છે. બુઝુર્ગે કહ્યું કે, અય છોકરા ! કસમ છે તને તારા પાલનહારના, તું મારૂં કહ્યું માન અને ધ્રખધખતા

તાપમાં જા નહિ. એ સાંભળી તેને પોતાના પિતાની એ નસિહત યાદ આવી કે, બુઝુર્ગ કહે તે પ્રમાણે વર્તજે.

તેથી ત્યાં રોકાયો અને એ ચશ્માનું પાણી પીધું અને પેલા બુઝુર્ગ પાસે ઝાડના છાંયડે આરામ કરતા નીદ્રાવશ થઇ ગયો. થોડાક સમય પછી એ ઝાડના દરમાંથી એક સર્પ છોકરાને ડંશવા બ્હાર નીકળ્યો. પણ તેને પેલા બુઝુર્ગે જોઇ લેતાં જ મારી નાંખ્યો અને તેનું માથું કાપી પોતા પાસે રાખી લીધું. છોકરો જ્યારે જાગૃત થયો ત્યારે તેણે પોતાની પાસે પડેલો માથા વગરનો સાપ જોયો. ત્યારબાદ પેલા બુઝુર્ગે બનેલી સઘળી હકીકત તેને કહી સંભળાવી. જે સાંભળી તે તાજુબ થયો અને બુઝુર્ગને સલામ કરી સફરમાં આગળ વધવા તૈયાર થયો, ત્યારે બુઝુર્ગે તેને કહયું કે, જો તારી ઇચ્છા હોય તો હું તારી સાથે આવું. છોકરાએ કહયું કે, ઘણુંજ સારૂં, આપ આવો તો આપની મહેરબાની.

છોકરો અને બુઝુર્ગ સફર કરતાં કરતાં પેલા ગામમાં પહોંચ્યા જ્યાં પેલી ખુબસુરત સ્ત્રી રહેતી હતી. નવીન પરોણાઓને આવેલા જોઇ ગામવાસીઓએ બન્નેને ઘણીજ ઇજ્જત સાથે આવકાર આપ્યો.

એક દિવસ ગ્રામજનોએ પેલા છોકરા પાસે આવીને કહયું કે, અમારામાં એક નેકબખ્ત માલદાર અને હસીન સ્ત્રી છે અને તેણી તમારી સાથે શાદી કરવા ઇચ્છે છે. છોકરાએ કહયું કે, શાદી કરવાની મારા પિતાની મને મના છે. એ સાંભળી પેલા બુઝુર્ગે કહયું કે, તેણી ખાનદાન અને શાદી માટે આરજુમંદ છે, માટે ના નહિ પણ હા કહી દે. દરવેશનું કહેવું માનવાની તેના પિતાએ આપેલી આજ્ઞા મુજબ, છોકરાએ તે માલદાર સ્ત્રી સાથે શાદી કરી.

શાદી થઇ ગયા બાદ કોઇએ છોકરાને ખબર આપી કે, તેણી ઘણી જ ખરાબ સ્ત્રી છે વળી તેણીએ નવ મરદો સાથે શાદી કરી પહેલી જ રાતે તેઓને મારી નાંખ્યા છે. એ સાંભળી છોકરો પસ્તાવા લાગ્યો. છોકરાની મુંઝવણ પેલા બુઝુર્ગ પીરમર્દ સમજી ગયા અને કહયું કે, તું જરાય ચિંતા કરીશ નહિ. પણ મારી સુચના પ્રમાણે એક યુકિત કરજે કે, જ્યારે તેણી રાત્રે તારી પાસે આવે તે વખતે કંઇક બહાનું કરી તું મારી પાસે આવી જજે. ઇન્શાહઅલ્લાહ તે વખતે આપણે તેનો ઇલાજ કરીશું.

જ્યારે રાત પડી અને તે સ્ત્રી છોકરા પાસે આવી, ત્યારે છોકરો કોઇક

બહાનું કરી દરવેશ પાસે પહોંચી ગયો. તરત જ બુઝુર્ગે બળતી સગડીમાં પોતા પાસે રાખેલું પેલા સર્પનું માથું નાંખી ને સગડી છોકરાને આપીને કહયું કે, સર્પનું માથું બળતા તેમાંથી ધુંવાડો નીકળશે, તે તેણીને લેવડાવજે, એટલે તેની અસરથી તે સ્ત્રીમાં જે કંઈ પણ હશે તે બહાર આવી જશે તે પછી તે સઘળું તું મારી પાસે લાવજે.

બુઝુર્ગની સુચના અનુસાર છોકરાએ કર્યું અને થોડીવાર પછી તેણે પીરમર્દને સઘળું લાવીને આપ્યું. જ્યારે બુઝુર્ગે તેમાં જોયું તો બે સર્પો બળી રહયા હતા. તેને દેખાડતા પીરમર્દે છોકરા કહયું કે, હવે તું તારી સ્ત્રી પાસે જા, બીક માત્ર આ બે સર્પોની હતી જે તારી બીબીના શરીરમાંથી નીકળી બળી રહયા છે. તે પછી છોકરો પોતાની પત્ની પાસે જઈ આખી રાત ત્યાંજ રહયો. જ્યારે સવાર થઇ ત્યારે ગામલોકોએ તેને જીવતો જોયો અને ઘણા રાજી થયા.

પછી લુકમાનના દીકરાએ દરવેશને કહયું કે, મારા પિતાનો કરજદાર ફલાણાં ગામમાં રહે છે. આપ મારી સાથે આવો તો સારૂં. તેથી બુઝુર્ગ અને છોકરો લુકમાનના કરજદાર પાસે ગયા અને છોકરાએ લેણી રકમની માંગણી કરી. ત્યારે દેણદારે કહયું કે, આજની રાત આપ મારે ત્યાં રહો. સવાર થતાં જ હું આપને હિસાબ ચુકતે આપી દઈશ. છોકરાએ કહયું કે, મને રાત રોકાવા મારા પિતાનો હુકમ નથી. એ સાંભળી બુઝુર્ગે કહયું કે, કોઈ પરવાહ નહિ. આપણે આજની રાત અહીં જ રહીશું; તેથી પીરમર્દના કહેવાથી છોકરો રાત રહેવા કબુલ થયો.

લુકમાનનો દેણદાર બહુ જ દગલબાઝ હતો. તેણે દરિયાકાંઠે બેમાળનું એક મકાન એવી યુકિતપુર્વક બનાવ્યું હતું કે ભરતી આવતાં પેલા માળમાં પાણી ફરી વળતું અને તેમાં સુતેલા હોય તે બધા ડુબીને મરણ પામતાં આવનારા લેણદારો માટે પણ તેણે એવો જ ઘાટ ઘડી રાખ્યો હતો. તે દગાબાઝે પોતાના મહેમાનોને ખાણું ખવરાવી રાતના સુવા માટે પેલો માળ આપ્યો જ્યાં બુઝુર્ગ અને તે છોકરાને સુતા વેંત જ નિદ્રાવશ થઇ ગયો, પણ બુઝુર્ગ જાગતો રહયો. સમય થતાં જ સમુદ્રમાં ભરતીનું પુર આવ્યું, તેની સાથે પાણી ઉછળવા લાગ્યું. સમય વિત્યો ન વિત્યો ત્યાં પાણી મકાનના પેલા માળમાં દાખલ થયું, તરત જ બુઝુર્ગે છોકરાને ઉંઘમાંથી ઉઠાડયો અને બન્ને બીજા માળ ઉપર ચાલ્યા ગયા કે જ્યાં દગલબાઝના છોકરાઓ સુતા હતા. બુઝુર્ગે તેઓને ઉચકી લીધા અને નીચેના માળમાં સુવડાવ્યા અને પોતે તથા લુકમાનનો છોકરો ઉપરના માળમાં સુતા.

સવાર થતાં જ દગાબાઝે બન્ને લેણદારોને સલામત અને પોતાના છોકરાઓને મરેલા જોયા. આવું ગંભીર દ્રષ્ય જોઇ તે બાવરો બની પુકારી પુકારી કહેવા લાગ્યો કે, અફસોસ! અફસોસ! મારા ફરેબમાં હું પોતે જ ફસાણો અને પાયમાલ થયો.

ત્યારબાદ લુકમાનના છોકરાએ તેના પાસેથી લેણી રકમ વસુલ કરી અને પોતાની સ્ત્રી અને બુઝુર્ગ સાથે વતન તરફ જવા રવાનો થયો.

સફર દરમ્યાન બુઝુર્ગનું રહેઠાણ આવ્યું ત્યારે છોકરાને બુઝુર્ગે કહયું કે, હું તારી સાથે આટલા દિવસ રહયો. આપણા વસવાટ દરમ્યાન તેં મને નેક યા બદ કેવો જોયો ?

છોકરાએ કહયું, આપ એક નેક પુરૂષ છો. વળી હું તમારા થકી જ જીવતો રહેવા પામ્યો છું અને માલ, ધન તેમજ નેક સ્ત્રી પણ મેળવવા ભાગ્યશાળી થયો છું.

ત્યારે દરવેશે કહયું કે, જો આ બધું તેં મારા થકી જ મેળવ્યું છે તો તેમાંથી મને હીસ્સો આપ. છોકરાએ કહયું કે, ઘણી ખુશીથી આપ તેમાંથી અડધું લઇ લીઓ. તે પછી પીરમર્દે થોડોક માલ તેની સ્ત્રી પાસે મુકી કહયું કે, આ બે ભાગમાંથી તારી મરજીમાં આવે તે એક લઈ લે. તેથી છોકરાએ પોતાની સ્ત્રીવાળો હીસ્સો રાખી બાકીનો માલ પેલા બુઝુર્ગને આપી પોતાના વતન તરફ રવાના થયો. થોડેક દુર ગયા પછી, છોકરાએ પાછળ ફરી જોયું તો બુઝુર્ગને તેણે પોતાની પાછળ આવતો જોયો. પીરમર્દે તેની પાસે આવીને કહયું કે, અય છોકરા! મને લાગે છે કે, તેં ભય પામી મને હીસ્સો આપ્યો છે. છોકરાએ કહયું કે, નહિ સાહેબ! આપ તો મારા ખેરખ્વાહ છો અને આપની જ કૃપા તેમજ મદદ વડે આ બધું હું મેળવી શકયો છું બલ્કે મારો પ્રાણ પણ તમે જ બચાવ્યો છે. એટલે આ બધું મેં આપને ખુશીથી આપ્યું છે.

છોકરાની ઇચ્છા જાણ્યા પછી પીરમર્દે કહયું કે, હું તારાથી ઘણો ખુશ છું. બાદ પોતાનો હીસ્સો તેને આપતાં બુઝુર્ગે કહયું કે, આ બધો માલ ખુદા તને મુબારક કરે. મને દુનિયાના માલની જરાએ તમન્ના નથી. હું તો અલ્લાહ તરફનો અમીન (વિશ્વાસુ) છું. મારૂં કર્તવ્ય ભુલેલાને માર્ગ દેખાડવાનું અને મુશીબતમાં સપડાએલાને મદદ કરવાનું છે. તે પછી તે બુઝુર્ગ ત્યાંથી ચાલ્યા ગયા. અને છોકરો માલ અસબાબ તથા પોતાની સ્ત્રી સાથે પોતાના વતને પહોંચી ગયો અને ઘરે જઇને પોતાના પીતાને પગે પડી સફરની સઘળી હકીકત કહી સંભળાવી.

# હ. સુલેમાન (અ.)

હ. દાઉદ નબી વફાત પામ્યા તે પહેલાં તેમણે હ. સુલેમાન (અ.) ને ખુદાતઆલાના હુકમથી પયગમ્બરી સોંપી રાજગાદી ઉપર બેસાડયા હતા એ આપણે અગાઉ જોઇ ગયા છીએ.

ઈસરાઈલી રાજ્યનો પાયો હ. સેમ્યુઅલ (અ.) એ તાલુતની નિમણુંક કરીને નાંખ્યો હતો અને ઇસરાઇલીઓની સ્વતંત્રતાને સ્વરૂપ આપવાની પહેલ પણ તેમણે કરી હતી. ત્યારબાદ હ. દાઉદ (અ.) એ ઈસરાઈલી રાજ્યને વિશાળ બનાવ્યું અને હ. સુલેમાન (અ.) એ તેને બંધારણપુર્વકનું બનાવી સુધાર્યું અને હુન્નર ઉદ્યોગ સ્થાપી વેપારને વધારી રાજ્યમાં આબાદી ફેલાવી.

હ. સુલેમાન (અ.) ની રાજનીતી આસપાસના રાજ્યો સાથે મિત્રચારીનો સંબંધ બાંધવાની હતી. ઈસરાઇલી રાજ્યની અતરાફમાં કેટલાક મજબુત અને આગેવાન રાજ્યો હતા કે જેમની મિત્રાચારી વગર ઈસરાઇલી વેપારને ખીલવવાનું શકય નહોતું, એથી મીસરના ફિરઓનની સાથે પણ હઝરતે મિત્રાચારીનો સંબંધ જોડયો. અને મિત્રાચારીની ગાંઠ મજબુત બને એ હેતુ અર્થે હ. સુલેમાન (અ.) એ ફીરઓનની પુત્રી સાથે લગ્ન પણ કર્યાં. ફિરઓને પોતાની પુત્રીને કન્યાદાન તરીકે "ગઝર" નામનું કનઆન શહેર કે જે મિસરના શહેનશાહના તાબામાં હતું, તે હ. સુલેમાન (અ.) ને આપ્યુ.

હ. સુલેમાન (અ.) ના પિતા હ. દાઉદ (અ.) એ પોતાના રાજ્ય અમલ દરમ્યાન ઝાયનની ટેકરી ઉપર 'મસ્જીદે-સુલેમાન' નો પાયો નાંખ્યો હતો. જેના ઉપર 'મસ્જીદે-સુલેમાન' (Solomon's Temple) બનાવવાનું કામ હ. સુલેમાન (અ.) એ હાથ ધર્યું અને તે માટે જોઈતું લાકડું તેમજ કારીગીરો હીરામે એવી શર્તે પુરા પાડયા કે હ. સુલેમાન (અ.) તેના બદલામાં દર વર્ષે ૨૦,૦૦૦ માપ ઘઉં અને ૨૦ માપ ઓલીવનું તેલ પુરૂં પાડે, કારણ કે સીરિયાની જમીનમાં ઘઉંની પેદાશ થતી હતી તેમજ મિસરના અનાજ ઉપર પણ ફીનીશીયન બંદરોનો ખોરાકીનો આધાર હતો.

ઇસરાઇલીઓ ઇજીપ્તની ગુલામીમાંથી મુકત થયા પછી ૪૦૮ વર્ષે તથા હ. સુલેમાન (અ.) ના રાજ અમલના ચોથા વર્ષે ઝીફ મહીનામં હઝરતે બાંધકામનો આરંભ કર્યો અને હજારો માણસોને કામે લગાડી સાડા સાત વર્ષે બુલ મહિનામાં મસ્જીદે સુલેમાનનું કામ પુરૂં કરાવ્યું. ત્યારબાદ આપે શાહી મહેલો તેમજ પોતાની બીબી માટે એક ખાસ મહેલ બનાવ્યા, જેના બાંધકામને તેર વર્ષ લાગ્યા હતા.

તાયરના કારીગરોએ મસ્જીદે સુલેમાન તથા મહેલોના શણગાર માટે પિન્તળ તથા બીજી ધાતુઓની અનેક ચીજો તૈયાર કરી હતી.

હ. સુલેમાન (અ.) ની અકકલમંદી તથા ઈન્સાફીપણાની હકીકતો ઘણી મશહુર છે.

બાઈબલના **I king** ના પ્રકરણ ત્રીજામાં જણાવ્યું છે કે, જે વખતે હ. સુલેમાન (અ.) એ ગીબીઆન શહેરમાં ખુદાનો આભાર માનવા કુરબાની કરી તે વખતે વહી દ્વારા આપને પુછવામાં આવ્યું કે, માંગો તમારી જે કંઇ ઈચ્છા હશે તે પુરી કરવામાં આવશે ત્યારે હ. સુલેમાન (અ.) એ માંગણી કરી કે, "યા બારીતઆલા મને અકકલમંદી અને મારિફતની બક્ષીશ કર કે જેથી હું મારી રૈયત સાથે ઇન્સાફથી વર્તું, સત્ય અને જુઠ, ખરા અને ખોટા વચ્ચેનો તફાવત સમજી શકું" હઝરતની આ માંગણી અલ્લાહને ઘણી જ પસંદ પડી.

હ. સુલેમાન (અ.) એ પોતાના રાજ્યને બાર ભાગોમાં વહેંચી તે ઉપર બાર ગવર્નરો નીમ્યા. રાજ્યના મુખ્ય અમલદારો ઇસરાઈલીઓ હતા. તે ઉપરાંત હઝરતે પોતાની બીજી પ્રજાને હુન્નર ઉદ્યોગ શીખવી કારીગરો તરીકે ધંધે લગાડી વેપાર હુન્નરને ઘણું ઉત્તેજન આપ્યું હતું. પરદેશ સાથે વેપાર ખીલવવા, અને બચાવ અર્થે ધોરી રસ્તાઓ ઉપર ચોકીયાત મુકયા અને સમુદ્ર માર્ગે વેપાર વધારવા વહાણોનો એક કાફલો પણ તૈયાર કર્યો. સીનાઈ પહાડવાળો પ્રદેશ કે જે સીનાન પેનીનસ્યુલાને નામે ઓળખાય છે તે, તથા તેની પુર્વ તરફ હેજાઝની ઉતરે આવેલા અદમ અને મીદીઅન કબીલાના ગામો જે હ. દાઉદ નબીના વખતથી જ તાબામાં હતા; ઉપરાંત સીનાન તથા અદમ વચ્ચેના અખાત ઉપરના બંદરો જે એલાથ અને એઝનના નામથી ઓળખાતા હતા, તે માર્ગે અરબસ્તાનના હીજાઝ, યમન વિગેરે પ્રાંતો સાથે તેમજ હિંદુસ્તાન અને ઈરાન સાથેનો વેપાર પણ વધાર્યો. હ. દાઉદ (અ.) ના વખતમાં લોખંડની ધાતુનો બહોળો ઉપયોગ થતો હતો. હ. સેલેમાન (અ.) એ પીતળની ધાતુના ઉદ્યોગને ઉત્તેજન આપ્યું તેથી પીતળની કારીગીરીના વાસણો બનવા લાગ્યા. બાબલ મંડપ નજીકના આફ્રિકાના કિનારાના પ્રદેશો (એબીસીનીયા) તરફ આવેલ 'ઓફીર' નામનાં દેશથી હઝરત વહાણો મારફત સોનું મંગાવવા લાગ્યા, તેથી સોનાનો વપરાશ પણ વધ્યો. હાથી દાંતનો વપરાશ પણ આપના જમાનામાં શરૂ થયો હતો, એવું તવારીખ ઉપરથી જણાય છે.

એવું કહેવામાં આવ્યું છે કે, દુનિયાના અન્ય કોઈ પાદશાહને નથી મળ્યું એવુ એક તખ્ત હ. સુલેમાન (અ.) ને મળ્યું હતું. એ તખ્તની જમણી અને ડાબી બાજુએ અસંખ્ય ખુરસીઓ મુકવામાં આવી હતી; તે ઉપર મનુષ્ય જાતના અને જીન્નોના ઉમરાવો બેસતા હતા; અને મુખ્ય ખુરસીઓની જમણી તથા ડાબી બાજુએ મનુષ્ય અને જીન્નોના વિદ્વાનો બેઠક લેતા હતા; અને બધી જાતના પક્ષીઓ પોતાના પીંછા એક બીજા સાથે ભેળવીને તખ્ત ઉપર છત્ર બનાવી દેતા હતા, એ તખ્ત ઉપર હ. સુલેમાન (અ.) જ્યારે બીરાજમાન થતાં ત્યારે પોતાને વારસામાં મળેલી વીંટી પહેરતા અને ઈસ્મે આઝમના બળથી આપ પોતાની ઈચ્છા મુજબ હવામાં ગમે ત્યાં ઉડયન કરી શકતા હતા.

કુરઆને શરીફમાં જુદા જુદા સ્થળે હ. સુલેમાન (અ.) ની બાદશાહી અને કારકિર્દીનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. આપને યમન તરફ પીગળેલા તાંબાનો એક ચશ્મો પણ મળી આવ્યો હતો, જેમાંથી મોટા મોટા વાસણો અને બીજી ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવતી હતી. હ. સુલેમાન (અ.) દેવ, જીન્ન, માનવ તેમજ જાનવરોની દરેક ભાષા ઉપર કાબુ ધરાવતા હતા અને તેમના ઉપર હુકમ પણ ચલાવતા હતા. આપની પાસે જે વીંટી હતી તેમાં 'ઈસ્મે આઝમ' લખેલું હતું, જેની બરકતથી આપ જે કંઈ ઈચ્છતા તે ઉમ્મીદ પાર પડતી. આપના ઉડતા તખ્તની શોભા માટે ચમત્કારીક અને અજાયબીભર્યા અનેક વર્ણનો મળી આવે છે.

હ. સુલેમાન (અ.) પાસે વિશાળ લશ્કર હતું અને તેને ત્રણ ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યું હતું. એક પાયદળ પહાડી માણસોનું, બીજું ઈસરાઈલો અને તેમની સાથે સબંધ ધરાવતા અન્ય કબિલાના માણસોનું અને ત્રીજું ઘોડેસ્વારોનું બનેલું હતું કે જેની ઝડપી ચાલના કારણે તેને પક્ષીઓની ઉપમાં આપવામાં આવી હતી. આ લશ્કર સાથે હ. સુલેમાન (અ.) એક વખત દક્ષિણ મીદીઅન તરફ જતા હતા ત્યારે માર્ગમાં પહાડો વચ્ચેની એક જગ્યા જે નમલની ખીણના નામે ઓળખાતી હતી, ત્યાંના રહેવાસીઓ હઝરતના લશકરની જાહોજલાલી જોઇ, પોતાના ઘરોમાં સંતાઇ ગયા. નમલ ખીણના અર્ધ જંગલી રહેવાસીઓ કે જેની સંખ્યા મોટી હતી છતાં તેઓ હઝરતને તાબે થયા. એ ઉપરથી હ. સુલેમાન (અ.)એ ખુદાના શુક્રાના સાથે દુઆ માંગી કે: "અય ખુદાવંદે કરીમ મને મદદ કર કે જેથી હું તને પસંદ પડે તેવા લોકકલ્યાણના કામો કરું."

## હ. સુલેમાન (અ.) સાથે કીડીઓના બાદશાહની મુલાકાત

એક દિવસ હ. સુલેમાન (અ.) પોતાના વઝીરે આઝમ આસિફ દેવ તથા અંગ રક્ષકો અને દૌલતમંદ શખ્સો સાથે તખ્ત ઉપર સ્વાર થઈ આકાશ માર્ગે ગમન કરી રહયા હતા, ત્યારે તેમના સાંભળવામાં એક અવાજ આવ્યો કે જેમાં ફિરસ્તાઓ ખુદાતઆલાની હુઝુરમાં તેમની બાદશાહી અને જાહોજલાલી માટે નિંદા કરતા હતા, જે ઉપરથી ખુદાતઆલાએ તેઓને ફરમાવ્યું કે, "મેં સુલેમાનને પયગમ્બરી અને બાદશાહી આપી છે પણ જો તેના દિલમાં એ માટે જરા પણ મોટાઇ આવી હોત તો, હું તેને હવા ઉપરથી જમીન ઉપર ફેંકી નાબુદ કરી દેત." આ સાંભળી હઝરતે ખુદાની હુઝુરમાં સિજદો કરી એ કરીમો રહીમના શુક્રાના અદા કર્યા.

ત્યારબાદ હ. સુલેમાન (અ.) એ તખ્તને જમીન ઉપર ઉતરવા ફરમાવ્યું તે મુજબ હવાએ તખ્તને એક મેદાનમાં ઉતાર્યું કે, જ્યાં કીડીઓની વસ્તી હતી.

તખ્તને નીચે ઉતરતું જોઇ, કીડીઓના બાદશાહ શાહમોરે કીડીઓને હકયું કે, તમે સઘળા પોતાના દરોમાં ચાલ્યા જાઓ, કદાચ તમે હ. સુલેમાનના તખ્ત નીચે કચડાઇ જશો. હઝરત જીવ જંતુ જનાવર તમામની બોલી સમજતા હોવાથી શાહમોરનું કીડીઓ પ્રત્યેનું કહેવું સાંભળી આપે મનમાં હસતાં હસતાં કહયું કે, કીડીઓ ઉપર પણ બાદશાહ છે અને તે તેઓનું રક્ષણ કરે છે ત્યારબાદ હઝરતે શાહમોરને પકડી પોતાની હથેળી ઉપર મુકીને પુછ્યું કે, અય શાહમોર! મારા તરફથી એવો શું જુલ્મ થતો જોયો કે તેં પોતાના લશ્કરને દરોમાં છુપાઇ જવા કહયું?

શાહમોરે અરજ કરી કે, અય નબીયુલ્લાહ! મેં આપના તરફથી થતો કોઇ જુલ્મ જોયો નથી, છતાં તેઓને મેં એટલા માટે તાકીદ કરી કે, કદાચ અજાણતાએ કોઇ કીડી ચગદાઈ જાય નહિ. હ. સુલેમાને કહયું કે, આવી રીતે તું તેમની ફીકર હમેંશા કર્યા કરે છે? તેણે કહયું, અલ્લાહે મને તેઓના ઉપર બાદશાહી બક્ષી છે, એટલે તેમની ફીકર કરવી મારા ઉપર લાજમ અને વાજબ બની જાય છે, એટલુંજ નહિ પણ કોઈ કીડી મરી જાય તો હું તેને ઉપાડી દર સુધી પહોંચાડી દઉં છું. હઝરતે કહયું કે તારી પાસે કેટલી કીડીઓ છે? શાહમોરે કહયું કે, મારી પાસે ચાલીસ હજાર હુજુરીઆઓ છે, ને પ્રત્યેક હુજુરીયાઓ પાસે ચાલીસ હજાર ચોપદાર છે. હઝરતે પુછ્યું કે, તારી સલ્તનત ઉત્તમ છે કે મારી? શાહમોરે કહયું કે, મારી સલ્તનત ઉત્તમ છે કારણ કે તમારા તખ્તને હવા ઉડાડે છે અને તમે તખ્ત ઉપર બેસો છો ત્યારે તખ્ત તમને ઉપાડે છે, આટલો જ ફરક છે મારી તમારી બાદશાહીમાં.

હ. સુલેમાને હસતાં હસતાં કહયું કે, એ તું કેવી રીતે જાણી શકયો?

શાહમોરે કહયું કે, ખુદાતઆલાએ અમારા જેવા અશકત જંતુઓને પણ કંઇક અકકલ તો બક્ષી છે. જો પરવાનગી આપો તો થોડાક સવાલો આપને પુછું.

હઝરતે ફરમાવ્યું, ભલે જે પુછવું હોય તે પુછ.

શાહમોરે કહયું કે, ખુદાતઆલા પાસે તમે એવી માંગણી કરી હતી કે, "અય રબ્બુલ આલમીન મને માફ કર અને મને એવી બાદશાહી આપ કે, હાલ કે હવે પછી તું કોઇને પણ આપવાનો ન હોય. અને ખરેખર તું મહાન બક્ષીસ કરવાવાળો ઉદાર છે." તમારી આવી માંગણીમાં હસદની ગંધ આવે છે કે જે એક પયગમ્બરમાં હોવી જોઇએ નહિ. ખુદા નુકતે નવાઝ છે, તે જેને ચાહે તેને બાદશાહી આપે, પણ મારા સિવાય કોઇને બાદશાહી નહિં આપજે, એમ કહેવું પયગમ્બરના દરજ્જાને છાજતું નથી.

આ સાંભળી હઝરત સહેજ નારાજ થયા, એ જોઈ શાહમોરે કહયું કે, અય હઝરત હકક વાત છે માટે નારાજ થાઓ નહી.

વળી ખુદાએ આપને વીંટી આપી છે. આપ જાણો છો તેનો ભેદ શું છે? હઝરતે કહયું કે, હું નથી જાણતો. એટલે શાહમોરે કહયું કે, ખુદાતઆલાએ તમને જે સલ્તનત આપી છે ફકત એ વીંટીના એક હીરાની કિંમત બરાબર છે જેથી તમે સમજી શકો કે દુનિયા કોઈ વસ્તુ નથી. વળી હવાને તમારા તાબામાં કરી અલ્લાહે તમને જાગૃત કર્યા છે કે, તમે વફાત બાદ સમજી શકો કે દુનિયા મિસાલ હવા સિવાય બીજું કંઇ નથી. આ સાંભળી હઝરત બહુ જ રડયા અને કહયું કે, અય શાહમોર ! ખરેખર તું કહે છે તે ખરૂં જ કહે છે. ખરેખર દુનિયા હવા મીસાલ છે.

પછી શાહમોરે કહયું કે, અય હઝરત! સુલેમાન શબ્દની માયના એ છે કે, દુનિયા ઉપર દિલ લગાડો નહિં અને તેનો ભરોસો કરો નહિ કારણ કે, મૌત માથા ઉપર ભમી રહયું છે.

હ. સુલેમાન (અ.) શાહમોરની મુખ્ય નસિહત સાંભળી લીધા બાદ ત્યાંથી રવાના થવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે શાહમોરે કહયું કે, અય હઝરત! અમારી દાવત સ્વીકારો અને પછી જાઓ. હઝરતે ફરમાવ્યું કે, ઘણી ખુશીથી તમારી દાવત કબુલ કરૂં છું.

ત્યારબાદ શાહમોરે, ટીડના પગની એક રાંગ લાવી હઝરત સામે મુકી, જે

જોઈ હઝરત હસ્યા અને કહ્યું કે, અય શાહમોર! તારા મારા અને મારા આખા લશ્કરને માટે આટલો ખોરાક પુરો થશે ખરો? જવાબમાં તેણે કહ્યું કે, રાંગને જરા જેટલી સમજો નહિ. અલ્લાહની કુદરત ઉપર ભરોસો રાખો. એની કુદરતનો પાર કોઈ પામી શકયું નથી, માટે તેની ઉપર કપડું ઢાંકી રાખી ખોરાક લીઓ. ખરેખર ખુદા બરકતદાર અને બુલંદ છે.

કહેવામાં આવ્યું છે કે, હ. સુલેમાન સહીત આપના લશ્કરે ખાણું લીધા પછી પણ રાંગનો કેટલોક ભાગ વધી પડયો હતો. એ જોઇ હઝરતે તાજુબી સાથે દરબારે ઈલાહીમાં માથું ઝુકાવી અરજ કરતાં કહ્યું કે, અય પરવરદિગાર! તારી કુદરતનો પાર કોઈ પામી શકયું નથી. ખરેખર તું વખાણને પાત્ર છે.

## હ. સુલેમાન (અ.) અને શાહઝાદી બીલકીશ

એક દિવસ હ. સુલેમાન (અ.) પોતાના તખ્ત ઉપર સ્વાર થઈ, હવામ સફર કરવા નીકળ્યા હતા; હંમેશ મુજબ આપની સાથે રસાલાના તમામ માણસો, દેવો, જીન્નો તેમજ ચરીંદા પરિંદા પણ સામેલ હતા. સફર દરમ્યાન બંદગીનો સમય થવાથી હઝરતે વઝુ કરવા માટે પાણી માંગ્યું. પણ પાણી તૈયાર નહી હોવાથી, પોતા ઉપર છાંયો કરી રહેલા પક્ષીઓ તરફ નજર કરી, ત્યારે આપને હુદહુદ નામનું પક્ષી દેખાયું નહિં. આ પક્ષીનું કામ પાણી શોધી કાઢવાનું હતું. તે એટલું બધું તિક્ષણ દ્રષ્ટીવાળું હતું કે જમીનની નીચે જ્યાં જ્યાં પાણી હોય ત્યાં ત્યાં તે જોઈ શકતું. અને જીન્નો તે પક્ષી જે ઠેકાણે તેની ચાંચથી જમીન ઉપર નીશાની કરતું તે જગ્યા ખોદીને પાણી કાઢતા, તેથી હઝરતે 'ઉકાબ' નામના પક્ષીને તેની તપાસ અર્થે મોકલ્યું, જેણે હુદહુદને હઝરત પાસે લાવી હાજર કર્યું.

હુદહુદ હાજર થઇ, પોતાની ગેરહાજરીનું કારણ વીગતવાર રજુ કરતાં કહ્યું કે, અય હઝરત! આપ જ્યારે સહેલ અર્થે તખ્ત ઉપર સ્વાર થયા, તે વખતે મેં મારી જાતના એક હુદહુદને બગીચાની દીવાલ ઉપર બેઠેલો જોયો અને તેની પાસે જઈને મેં પુછયું કે, તું કોણ છે? અને કયાંથી આવ્યોં છે? તેણે કહ્યું કે, હું શહેર 'શબા' થી આવ્યો છું અને ત્યાંનો વતની છું. ત્યાં "બીલકીશ" નામની સ્ત્રી રાજ્ય કરે છે, એ સ્ત્રીના તાબામાં દરેક કોમના ૧૨,૦૦૦ સરદારો છે અને દરેક સરદારના હાથ નીચે એક એક લાખ ઘોડેસ્વાર અને પાયદળ લશ્કર હંમેશા તૈયાર રહે છે. તે પક્ષીએ મને કહ્યું કે, તું મારી સાથે ચાલ હું તને એ બધું બતાવું મેં તેને અમારી ભાષામાં કહ્યું કે, મને મારા માલીક અને તેના લશ્કરથી છુટો

પડતાં ઘણો સમય થઇ ગયો છે. કદાચ તેમને પાણીની જરૂર પડશે તો તેઓ મારી શોધ કરશે અને ગેરહાજર જાણી મને સજા પણ કરશે.

અહીં એ જાણવું જરૂરતું છે કે, એ શાહઝાદીનું નામ 'બીલકીશ' હતું. અને તે શરાહીલ બીન માલેકની એકની એક પુત્રી હતી. તેનો બાપ આખા યમન પ્રાંતનો રાજા હતો અને તેના બાપદાદાઓએ ચાલીશ વર્ષ બસીં રાજ્ય કર્યું હતું. તે રાજ્યને 'સબા' નું રાજ્ય પણ કહેવામાં આવતું હતું અને તે ઘણું વિશાળ અને શકિતશાળી રાજ્ય ગણાતું હતું. તેની રૈયતનો મોટો ભાગ સુર્ય, ચંદ્ર અને બીજા ગ્રહોને પુજતો હતો. એ રાજ્યના રાજાના મૃત્યુ પછી તેની દીકરી 'બીલકીશ' રાજગાદી ઉપર આવી હતી. તેનામાં બુતપરસ્તી કરવા સિવાય બીજો કોઇપણ દુર્ગુણ નહોતો.

બાદ હુદહુદે કહયું કે, અય હઝરત! મેં આપની હુઝુરમાં હાજર થવા માટે ઘણી ઇચ્છા કરી, પણ બીલકીશની ઘણી જ તારીફ અને શાનો શૌકત સાંભળી તેને જોવા માટે હું પેલા હુદહુદ સાથે 'સબા' શહેર તરફ ગયો અને રાણી તથા તેના રાજ્યને જોયા જે ઘણાં જ રોનકદાર છે. મેં એ પણ જાણી લીધું કે, ત્યાંની રાણી કુંવારી છે અને સુર્યની પુજા કરે છે.

હઝરતે ફરમાવ્યું કે, તેં કેમ જાણ્યું કે તેણી સુર્યપુજક છે?

હુદહુદે કહયું કે, અય હઝરત! મેં રાણી બીલકીશને તેની પ્રજા ઉપર રાજ્ય કરતી જોઈ છે. ખુદાએ તેને પુષ્કળ ધનસંપતિ અને અપાર સૌંદર્ય બક્ષ્યુ છે. તે ખુબ જ હુસ્નોજમાલ છે. તેનું તખ્ત સોના, રૂપા અને રત્નોનું બનેલું છે. મેં તેને તથા તેની પ્રજાને ખુદાતઆલાને બદલે સુર્યની પુજા કરતાં પણ જોયા.

હુદહુદે કહેલી હકીકત સત્ય છે કે નહિ તેની ખાત્રી કરવા હ. સુલેમાન (અ.) એ એક પત્ર લખી તેના ઉપર પોતાની મહેર મારી રાણી બીલકીશને પહોંચાડવા, હુદહુદને આપ્યો. હુદહુદે તે પત્રને ચાંચમાં લઇ જઇ બીલકીશને પહોંચાડયો.

એવું કહેવામાં આવ્યું છે કે, જ્યારે પત્ર પક્ષીએ રાણીના ખોળામાં નાંખ્યો, તે વખતે તેણીની આસપાસ તેના અમીરો બેઠા હતા. બીજા એક મત પ્રમાણે તેણી જ્યારે પોતાના મહેલના એક ઓરડામાં સઘળા દ્વારો બંધ કરીને બેઠી હતી, તે વખતે હુદહુદે બારી વાટે અંદર જઇ તે કાગળ તેને પહોંચાડયો, જેને બીલકીશે પોતાની કચેરીમાં લાવી, પોતાના અમલદારોનો અભિપ્રાય જાણવા તેઓને બોલાવ્યા.

સઘળા ઉમરાવો, અમલદારો દરબારમાં એકઠા થયા, ત્યારે પત્રની હકીકત રજુ કરતાં બીલકીશે કહયું કે, મારી ઉપર હ. સુલેમાનનો પત્ર આવ્યો છે. જેની શરૂઆત 'બિસ્મીલ્લાહ હિર–રહેમાનિ રહીમ અર્થાત–ખુદાના નામથી શરૂ કરૂ છું, જે મહેરબાન અને રહેમવાળો છે,' થી કરવામાં આવી છે તે પત્રમાં હઝરત જણાવે છે કે, સુર્ય પરસ્તી તજી એકેશ્વરવાદી બની જાઓ, હું ચહાઉં છું કે, તમે મારૂ કહેવું કબુલ કરશો અને સામનો કરવાનો વિચાર કરશો નહિ. હું ઉમ્મીદ રાખુ છું કે, મારો પત્ર મળતાં તમે મારી રૂબરૂ આવી જશો. આખો પત્ર વાંચ્યા પછી અભિપ્રાય જાણવા બીલકીશે પુછયું કે :–

અય ઉમરાવો ! આ પત્રની હકીકત માટે તમારી શું સલાહ છે?

જવાબમાં ઉમરાવો અને સરદારોએ કહયું કે, ફીકર કરવાની કંઇ જરૂર નથી, અમે કુવ્વતવાળા અને જબરદસ્ત લડવૈયા છીએ.

ત્યારે બીલકીશે કહયું કે, તમારો ખ્યાલ ઠીક છે, પણ જો હું સુલેમાનનો હુકમ માન્ય રાખિશ નહિ તો તે આપણી સલતનતને બરબાદ કરી નાંખશે. તમારે સમજવું જોઇએ કે, જયારે જયારે રાજાઓ બીજાના મુલક ઉપર ચડાઇ કરી ફતેહ મેળવે છે ત્યારે દુશ્મન રાજ્યમાં દાખલ થતાં જ ત્યાંની પ્રજાને બરબાદ અને તેના સરદારોને બેઇજ્જત બનાવી મુકે છે તેથી મારો મત એવો છે કે, જો સુલેમાન પયગમ્બર હોય તો તેની સામે લડવું હું મુનાશીબ ધારતી નથી; પણ તેમની અજમાયસ તો આપણે કરવી જ જોઇએ અને તેમની પરિક્ષા કરવા અર્થે તેમને એક તોહફો મોકલવા માંગુ છું. જો તેવણ ખરેખર પયગમ્બર હશે તો, એકેશ્વર-વાદિ સિવાયના પરધર્મીનો તોહફો તેઓ કદી પણ સ્વિકારશે નહિ.

આ સાંભળી વજીરો, ઉમરાવો અને દરબારીઓએ કહયું કે, તે માટે આપ મુખત્યાર છો. જેમ યોગ્ય લાગે તેમ કરી શકો છો.

ત્યારબાદ બીલકીશે જુદી જુદી જાતની અવનવી ભેટો કે જેમાં સોના, ચાંદીની ઇંટો અને કળામય જરીયન ભરતના સુંદર પડદાઓ, કસ્તુરી, અંબર અને એક રત્નજડિત મુગટ વિગેરે હતું તે નજરાણા તરીકે પોતાના એલચી મારફત હઝરત માટે મોકલી.

આ વખતે હ. સુલેમાન (અ.) તખ્ત ઉપર બેઠા હતા, દરમ્યાન હવાએ હુજુર પાસે આવીને કહયું કે, અય હઝરત ! બીલકીશનો એલચી આપની સેવામાં શાહઝાદી તરફથી ભેટ સોગાદો લઇ આવી રહયો છે.

ત્યારબાદ બીલકીશનો એલચી કુરનીશ બજાવી હ. સુલેમાન (અ.) ના મહેલમાં દાખલ થયો; પણ ત્યાંનો મહાન દબદબો જોઇ તે તાજુબ થયો અને પોતાના મનમાં કહેવા લાગ્યો કે, શાહઝાદીએ મોકલેલી ભેટો હઝરતની શાનોશૌકત પાસે કંઈ પણ વીસાતમાં નથી. બાદ તેણે શાહઝાદી વતી હઝરતની હુજુરમાં નજરાણું પેશ કર્યું; જે જોઈ હ. સુલેમાન (અ.) મે તેને કહયું કે, શું આ નજરાણું મારા માટે લાવ્યા છો ? મારા માલિકે મને ઘણું બધું આપ્યું છે અને તે મારા માટે પુરતું છે, માટે લાવેલો તોહફો પાછો લઇ જાઓ, અને તેનાથી તમે ખુશ રહો. ઉપરાંત મારા તરફથી તમારી શાહઝાદીને કહેજો કે, હવે અમે એવું લશ્કર મોકલવાના છીએ, જેનો સામનો તમે કરી શકશો નહિ. બલ્કે હયરાન પરેશાન થઇ જશો. એ સાંભળી બીલકીશનો વકીલ તોહફા સાથે પોતાના મુલ્ક તરફ રવાના થઇ ગયો.

બીલકીશનો પ્રતિનિધિ પોતાને વતને આવી હઝરતે કહેલો સંદેશો શાહઝાદીને સંભળાવ્યો. ઉપરાંત હ. સુલેમાન (અ.) ની બાદશાહી અને પયગમ્બરીની પણ તારીફ કરી. તે સાંભળી બીલકીશે કહયું કે, એ બધું ખરું ! પણ પયગમ્બર હોવાની નિશાની મોજીઝો ગણાય છે એથી જ્યારે હ. સુલેમાન અમને મોજીઝો દેખાડશે, ત્યારે અમે ઇમાન લાવી એકેશ્વરવાદિ બનશું.

હ. સુલેમાન (અ.) પયગમ્બર છે કે નહિ, તેની ખાત્રી કરવા બીલકીશ તૈયારી કરવા લાગી.

પ્રથમ પરિક્ષા તરીકે તેણીએ મળતા ચહેરાના એકસો ગુલામ અને દાસીઓ વીણી કાઢી, તેઓને એકજ જાતનો પોષાક પહેરાવ્યો.

બીજી પરિક્ષા તરીકે તેણીએ છીદ્ર વિનાનું મોતી કાઢયું.

ત્રીજી પરિક્ષા તરીકે તેણીએ થોડીક ગર્ભવતી અને ગર્ભ વિનાની ઘોડીઓ ભેગી કરી.

અને ચોથી પરિક્ષા તરીકે તેણીએ એક ખાલી શીશો તૈયાર કર્યો.

એ મુજબ હઝરતની પરિક્ષા માટે તેણીએ ચાર ચીજો તૈયાર કરી, પોતાના પ્રતિનિધિને સુચના આપતાં કહયું કે, હ. સુલેમાનના દરબારમાં ચારે ચીજો પેશ કરજો અને વિનંતી સાથે કહેજો કે :-

એક સરખા વસ્ત્રધારીઓમાંથી ગુલામ અને દાસીઓને જુદા તારવી આપો.

આ મોતીમાં લોઢાના કોઈ પણ ઓજારની મદદ વગર વીંધ પાડી આપો.

ઘોડીઓમાંથી ગર્ભવતી તેમજ ગર્ભવિનાની જુદી જુદી કરી આપો.

અને શીશાને એવા પાણીથી ભરી આપો કે જે આસમાનથી વર્ષેલું કે જમીનમાંથી નીકળેલું ન હોય.

એમ કહી બીલકીશે તેને તાકીદ કરતાં કહ્યું કેઃ આનું પરિણામ શું આવે છે તેના સમાચાર ઉતાવળે લઇ ચાલ્યા આવજો.

અહિં બીલકીશ એ બધી તૈયારી કરી રહી હતી, ત્યારે હવા દ્વારા એલચી આવવાના સમાચાર હ. સુલેમાન (અ.) ને તેના રવાના થવા અગાઉ મળી ચુકયા હતા. તેથી હઝરતે ચૌદ ગાઉમાં પથરાયેલ એક વિશાળ મેદાન ફરતી સોના, રૂપાની ઇંટોવાળી જંગી દિવાલ બાંધવાનો હુકમ કર્યો. અને તેમાં કિંમતી ગાલીચાઓ પથરાવ્યા, તે ઉપરાંત ઇન્સાનો, જીન્નો, પશુ અને પક્ષીઓવાળું પોતાનું લશ્કર પણ તેમાં ગોઠવ્યું.

ટુંક મુદ્દત બાદ સફર કરતો બીલકીશનો એલચી આપની મુલાકાતે આવી પહોંચ્યો. જેણે શાહઝાદીની સુચના અનુસાર સાથે લાવેલી ચારે ચીજો હઝરતની હુઝુરમાં પેશ કરી અને ખુલાસા આપવાની અરજ ગુજારી.

હ. સુલેમાન (અ.) એ પ્રથમ મોઅ્જીઝા તરીકે, ગુલામો અને દાસીઓને તેઓની પાણી લેવાની રીતભાત ઉપરથી ઓળખીને જુદા જુદા કર્યા. (કારણ કે હાથ તથા ચહેરો ધોવા માટે પાણી લેતી વખતે દાસીઓએ એક હાથમાંથી બીજા હાથ ઉપર તે રેડ્યું હતું અને જે ગુલામો હતા તેઓએ પોતાના આખા હાથો ધોયા હતા.)

બીજા મોઅ્જીઝા તરીકે, હ. સુલેમાન (અ.) એ એક કીડાને મોતીમાં છીદ્ર કરવાનો હુકમ કરતાં, કીડાએ મોતીમાં વીંધ કરી આપ્યું.

ત્રીજા મોઅ્જીઝા તરીકે, હઝરતે ઘોડીઓની સામે દાણા તથા ઘાસ મુકાવ્યા, ત્યારે અમુક ઘોડીઓએ તરત જ દાણામાં મોઢું નાંખ્યું, જ્યારે બાકીની ઘોડીઓએ જરા રહીને મોઢું નાંખ્યું. એ ઉપરથી હ. સુલેમાન (અ.) એ ફરમાવ્યું કે, જે ઘોડીઓએ તરતજ દાણામાં મોઢું નાખ્યું તે ગર્ભવતી છે અને બાકીની ગર્ભરહીત છે.

છેલ્લો અને ચોથો મોઅ્જીઝો કરતાં હ. સુલેમાન (અ.) એ ફરમાવ્યું કે, ઘોડીઓને ખુબ દોડાવો અને તેના પસીનાથી ખાલી શીશો ભરી આપો.

એ મુજબ મોઅજીઝા પુર્ણ થયા પછી હ. સુલેમાને બીલકીશના પ્રતિનિધિને કેટલીક ભેટ સોગાદો આપવા ઉપરાંત તેણીના ચાર સવાલોના ઉપર મુજબ જવાબો આપી, તેમને તેમના વતન તરફ રવાના કર્યા.

બીલકીશનો એલચી પોતાના વતને પાછો ફર્યા પછી શાહઝાદીને બનેલી સઘળી હકીકત કહી સંભળાવી. એ સાંભળી તેણીએ આપને તાબે થવાનો સંકલ્પ કર્યો અને હ. સુલેમાનની હુઝુરમાં જવા માટે સફરની તૈયારી કરવાનો હુકમ આપ્યો અને પોતાનું તખ્ત તથા સઘળો ખજાનો એક મજબુત કિલ્લામાં મુકાવી તેના ઉપર તાળું માર્યું અને તે ઉપર મજબુત ચોકી પહેરો ગોઠવ્યો; જે બાદ તેણી મોટી ફોજ સાથે પોતાના વતનથી રવાના થઈ.

દરમ્યાન હવાએ હ. સુલેમાન (અ.) ને ખબર આપી કે, શહેર સબાની શાહઝાદી આપની મુલાકાતે આવી રહી છે. જીન્નો આ હકીકત સાંભળી ગભરાટમાં પડી પોત પોતામાં કહેવા લાગ્યા કે, બીલકીશ હુશનોજમાલ હોવાથી તેણી હુઝુરમાં આવતાં જ, હઝરત તેની સાથે શાદી કરશે. વળી બીલકીશ આપણા છુપા ભેદો જાણે છે તે હઝરતને કહી દેશે. એવા ખ્યાલથી જીન્નોમાંથી કેટલાકે તેણીની વિરૂધ્ધતા કરવા હઝરતને કહયું કે, બીલકીશમાં બુધ્ધિનો અભાવ છે કારણ કે તે પરીઓની પેદાશમાંથી છે. ઉપરાંત તેના પગની પીંડલી ઉપર ઘણા વાળ છે.

જીન્નોનું કહેવુ ખરૂં છે કે નહિ, તેની ખાત્રી કરવા હ. સુલેમાને બીલકીશ આવ્યા પહેલા તેના પગના નિરિક્ષણ અર્થે મહેલમાં દાખલ થવાના તેણીના માર્ગ વચ્ચે એક હોજ બનાવી તેમાં હીકમતથી બનાવેલી તરેહ તરેહની માછલીઓ મુકાવી અને તેના ઉપર કાચનો પુલ બંધાવ્યો કે જેથી બીલકીશ ત્યાં આવતાં જ તેને પાણી સમજી વીમાસણમાં પડી જાય અને પાણીથી બચવા પીંડલી પરતું વસ્ત્ર ઉંચું કરે, એટલે તેના પગના વાળ જાહેર થઇ જાય.

ઉપરાંત તેણીની બુધ્ધિની પરિક્ષા અર્થે હ. સુલેમાને પોતાના ઉમરાવોને ફરમાવ્યું કે, તમારામાં કોઈ એવો છે કે બીલકીશ આવીને ઈમાન લાવે તે પહેલાં તેનું તખ્ત મારી પાસે લાવી આપે! જીન્નોમાંથી એકે કહયું કે, યા હઝરત! આપને તખ્ત ઉપરથી ઉભા થતાં જેટલો સમય લાગે, માત્ર તેટલાજ સમયમાં હું હાજર કરવા શકિતમાન છું. તરતજ આસિફ બીન બરખીયા જે હઝરતનો વઝીર હતો તેણે કહયું કે, યા હઝરત! હું એનાથી પણ જલ્દી યાને આંખના પલકારામાં ઈલ્મે કિતાબ યાને ઇસ્મે આઝમની તાકાતથી તખ્તને હાજર કરીશ અને જોતજોતામાં આસિફે ઈસ્મે આઝમની બરકતથી તખ્તને હઝરત સમક્ષ લાવી મુકયું.

તખ્તને જોઈ હઝરતે ફરમાવ્યું કે, બીલકીશના તખ્તનું રૂપાંતર કરી નાંખો. કારણ કે હું એ જાણવા માંગું છું કે, બીલકીશ પોતાની અકકલથી તેને ઓળખી શકે છે કે નહિ ?

જ્યારે બીલકીશ હ. સુલેમાનની મુલાકાત માટે આપના મહેલમાં દાખલ થઇ અને પુલ પાસે આવી ત્યારે કાચના પુલને પાણી સમજી પાણીથી બચવા તેણીએ પોતાનો જામો ઉંચો કર્યો, જે જોતાં તેણીની પીંડલી ઉપર વાળ નહિ જણાતા, હઝરતને જીન્નોએ કહેલી વાત ખોટી જણાઈ.

બાદ તેણી હ. સુલેમાનની હુજુરમાં જવા ત્યાથી આગળ વધી અને ત્યાં પડેલું પોતાનું તખ્ત તેણીએ ઓળખી લીધું. એથી હઝરતને ખાત્રી થઇ કે બીલકીશ અકકલમંદ છે.

બીલકીશે હઝરત સાથે મઝહબી ઘણી ચર્ચા કરી અને તેથી સંતોષ પામતાં પોતે બુતપરસ્તી તજી "લાઇલાહા ઇલ્લિલાહ સુલેમાન નબીયુલ્લાહ"નો કલમો પડી દીનમાં દાખલ થઈ. તે બાદ તેણી હ. સુલેમાન (અ.)ની સાથે શાદીની પવિત્ર ગાંઠથી જોડાઈ.

એક દિવસ બીલકીશે હઝરતને અરજ કરતાં કહયું કે, યા નબીયુલ્લાહ ! આપ દરરોજ તખ્ત ઉપર સહેલ કરો છો. હું પણ તમારી સાથે ફલાણા ટાપુ તરફ સહેલ કરવા અને અવનવા આકર્ષક દેખાવો જોવાની ઉમ્મીદ રાખું છું. એથી હ. સુલેમાન (અ.) એ પોતાના રસાલા સાથે બીલકીશને પણ સાથે લઈ હવાને તે ટાપુ તરફ લઈ જવા હુકમ કર્યો. આપનું તખ્ત જ્યારે સમુદ્ર ઉપરથી પસાર થઇ રહયું હતું ત્યારે દરિયાઈ ઘોડા તખ્તને જોઈ દુર દુર ઉડી ગયા. ઘોડાઓને મેળવવા હઝરતે જીન્નોને હુકમ કરતા કહયું કે, પક્ષી માફક ઉડી ગયેલા એ પાંખવાળા ઘોડાઓને પકડી મારી પાસે હાજર કરો. જીન્નોએ કહયું કે, તેઓને અમે પકડી શકતા નથી પણ અમને ઉમ્મીદ છે કે સમધુન નામનો દેવ જે આપનો વિરોધી બની મોટા મહાસાગરમાં ભરાઇ બેઠો છે તે ઘોડાઓને પકડી લાવશે, અગર હુઝુરનો હુકમ હોય તો સમધુનને પકડી લાવીએ. હઝરતે તેને પકડી લાવવા હુકમ કર્યો, જેથી જીન્નોએ સમધુન દેવને પકડી હઝરત સમક્ષ હાજર કર્યો.

સમધુન દેવ આપને જોઇ કંપવા લાગ્યો. કારણ કે તે હ. સુલેમાન સાથે દુશ્મની રાખતો હતો. હવે પોતાને સજા મળશે એવા ભયથી તેણે બીતા બીતા વિનંતીપુર્વક કહયું કે, યા નબીયુલ્લાહ ! મને ક્ષમા કરો અને જે કંઈ હુકમ હોય

તે ફરમાવો જે હું બ-સરો-ચશ્મ બજાવી લાવવા તૈયાર છું. હઝરતે ફરમાવ્યું કે, દરીયાઈ પાંખવાળા ઘોડાઓને પકડી મારી સમક્ષ હાજર કર.

સમધુને અરજ કરતા કહયું કે, યા હઝરત! ઘોડાઓ અમુક ચશ્મામાંથી પાણી પીયે છે. જો થોડાક જીન્નોને મારી મદદે આપશો તો હું તે ઘોડાઓને પકડી લાવીશ. હઝરતે થોડાક જીન્નોને સમધુન સાથે મોકલાવ્યા, જેની મદદથી તેણે ૪૦ ઘોડા પકડી હઝરત સામે રજુ કર્યા, તેથી ખુશી થઈ આપે સમધુનને માફી આપી અને પોતાનો હુજુરીયો બનાવ્યો.

ઘોડા દેખાવે ઘણાજ સુંદર હોવાથી તેને જોવામાં હઝરત તલ્લીન બની ગયા. તે દરમ્યાન મગરીબની બંદગીનો સમય થઇ ગયો, જેનો ખ્યાલ આપને રહયો નહી.

ખુદાના હુકમથી તે વખતે હ. જીબ્રાઈલે આવી આપને કહયું કે, યા હઝરત! દુનિયાના માલમાં તમે એટલા બધા મશગુલ થઇ ગયા છો કે, મગરીબની બંદગી કરવાનું પણ ભુલી ગયા.

પયગામે ઇલાહી સાંભળી હઝરતે સિઝદામાં માથું નમાવી અસ્તગ્ફાર કહી ઝાર ઝાર રડતા કહયું કે, ખરેખર હું મારા રબની યાદને ભુલી ગયો અને માલની મહોબ્બતમાં એટલો બધો ગીરફતાર થઇ ગયો કે, સુર્ય પણ અસ્ત થઈ ગયો.

રીવાયત છે કે, હ. સુલેમાનની ગીરીયાઝારી ઉપરથી ખુદાતઆલાએ હઝરત મગરીબની બન્દગી ગુજારી લે ત્યાં સુધી સુર્યને ડુબતો થંભાવી દીધો.

કહેવામાં આવ્યું છે કે, સાંજની બંદગી ગુજાર્યા બાદ હઝરતે ઘોડાઓની પાંખો કપાવી નાંખી. એની નસલમાંથી તેજી (ગાઝી) ઘોડાઓની પેદાશ થઇ છે.

## હઝરત સુલેમાન (અ.) ની સીદુન શહેર ઉપર ચડાઇ

એક દિવસ હ. સુલેમાન (અ.) એ સમધુન દેવને પુછ્યું કે, તારા જોવામાં કોઇ એવી ચીજ આવી છે કે જે અજાયબીથી ભરપુર હોય? તેણે કહયું કે, પશ્ચિમ સમુદ્ર તરફ એક ટાપુ આવેલો છે અને તે ટાપુની અંદર એક મોટું શહેર છે; જેની ચારે બાજુ બહુજ મજબુત વિશાળ દિવાલ ચણી લેવામાં આવી છે અને તેની અંદર બાર મિનારા ઉભા કરવામાં આવ્યા છે. દરેક મિનારા ઉપર ધ્વજ ફરકયા કરે છે અને તેમાં એક નગારૂ રાખવામાં આવ્યું છે. તે શહેરની વચ્ચોવચ એક જંગી મેદાન છે, જેમાં સંગેમરમરનો એક આલીશાન મહેલ છે. જેના ઉંચા

મિનારા ઉપર બે સિંહો અને તેની ટોંચ ઉપર એક મુરઘો અને કેટલીક તીલસ્મી સુરતો પણ ગોઠવવામાં આવી છે. જે સઘળી અજાયબીથી ભરપુર છે. એક વખત હું તે મકાનની નજીક ગયો અને મેં જોયું કે એક મોટા તખ્ત ઉપર એક પરી પોતાની ખુબસુરત પુત્રીને ગોદમાં લઇને બેઠી છે અને તેની તહેનાતમાં ચાર હજાર ખુબસુરત દાસીઓ ઉભેલી છે.

મેં જોયું કે, થોડીક વાર પછી તે પરી પોતાની પુત્રી સાથે મહેલના બીજા ઓરડામાં ચાલી ગઇ. આ વખતે તક મળતાં મેં એક દાસીને પુછ્યું કે, આ શહેરનું નામ શું છે અને આ પરી અને તેની પુત્રી કોણ છે?

દાસીએ આશ્ચર્ય પામી કહયું કે, તમે કોઈ પરદેશી જણાવ છો! હું તો હમણા સુધી એમ જ સમજતી હતી કે, દુનિયામાં અમારા સીવાય બીજો કોઇ મુલ્ક કે મખલુકાત જેવું કંઇ છે જ નહિં. એમ કહી તેણીએ વધારે માહિતી આપતાં કહયું કે, આ શહેરનું નામ સીદુન છે. એ પરી તે અમારા બાદશાહની રાણી છે અને ગોદમાં બેઠેલી બાદશાહની શાહઝાદી છે.

તે બાદ તેણે મિનારા તરફ અંગુલી નિર્દેશ કરતાં કહયું કે, આ મિનારા ઉપર જે તિલસ્મી સુરતો છે તે રાખવાનું કારણ એ છે કે, કદી કોઇ દુશ્મન અમારા મુલ્ક ઉપર ચઢી આવે તો તરતજ એ સુરતો અમને અવાજ આપી ચડાઇ લાવનારની ખબર આપે છે અને એ સાંભળી અમે સૌ સાથે મળી આવનારાઓને મૌતના ઘાટે ધકેલી દઇએ છીએ.

પેલા મુરઘા (કુકડા) નું કામ અમારી પુજાનો સમય થતાં બાંગ પુકારવાનું છે; એ બાંગ સાંભળી અમે અમારા બાદશાહની પુજા કરીએ છીએ. કયારેક અમારા લોકોમાં ટંટો ફીસાદ ઉપસ્થિત થાય તો અમારો બાદશાહ અમને પેલા બાંધી રાખેલા સિંહો પાસે મોકલી આપે છે અને સિંહ તિલ્સમી તાસીરથી જે ગુનેગાર હોય, તેને ફાડીને મારી નાંખે છે, એથી અમે સૌ ગુના કરવાથી દુર રહીએ છીએ.

હ. સુલેમાન (અ.) એ સમધુન દેવ પાસેથી શહેર સીદુનની એ મુજબ હકીકત સાંભળી પોતાના લશ્કરને તે મુલ્ક ઉપર ચઢાઈ કરવાનો ઇરાદો જાહેર કર્યો. હુકમ અનુસાર પરીઓ અને જીન્નો વગેરે તમામ લશ્કર તખ્ત ઉપર હાજર થઇ ગયું. ત્યારબાદ હઝરતના તખ્તને આકાશ માર્ગે હવા શહેર સીદુન તરફ લઈ આવતી જોઈ, સીદુન શહેરના જાદુઈ નગારા ગડગડાટ કરવા લાગ્યા; જેને સાંભળતાં જ ત્યાંની

પ્રજા ભયભીત બની અહીંતહીં જોવા લાગી. તેમની નજરે જંગી લશ્કર સાથેનું એક તખ્ત પોતાના મુલ્ક તરફ આવતું દ્રષ્ટિએ પડયું. હવાએ જેવું તખ્તને ત્યાં ઉતાર્યું કે, તરત જ દુશ્મનોએ સામનો આરંભ્યો અને બન્ને લશ્કરો વચ્ચે ખુનખાર યુધ્ધ જામ્યું. પરિણામે સીદુનની ફોજ હારી ગઇ. એ ઉપરથી સીદુનનો બાદશાહ અનકબુત પોતે હ. સુલેમાન સામે લડવા આવ્યો. બન્ને વચ્ચે દારૂણ યુધ્ધ થયું. છેવટે હઝરતે તેનું માથુ ઉડાડી દીધું અને સીદુન શહેરને સર કર્યું ત્યારબાદ હ. સુલેમાન સીદુનની શાહઝાદી અને તેની ચાર હજાર દાસીઓ અને પોતાના રસાલા સહીત તખ્ત ઉપર સવાર થઇ ત્યાંથી પોતાના મુલ્ક તરફ આવવા રવાના થયા.

## હઝરત સુલેમાન (અ.) ઉપર બલા આવવાનું કારણ

હ. સુલેમાન (અ.)એ સીદુન શહેર ફત્તેહ કરી લીધા પછી તખ્ત ઉપર સવાર થઈ પાછા ફરતા, રસ્તામાં શાહઝાદીને આપે કહયું કે, તમે વહાદુલા શરીક ખુદાતઆલા ઉપર ઇમાન લાવી સત્યપંથ ગ્રહણ કરો. શાહઝાદીએ કહયું કે, આપ જ્યારે મને મારા પિતાની મુલાકાત કરાવશો ત્યારે હું દીનદાર બનીશ. હઝરતે કહયું કે, તમારા પિતાને તો મેં મારી નાંખેલ છે. હવે તેને કેમ જોઇ શકશો? પણ તેના અતીશય આગ્રહને વશ થઈ હઝરતે તેના પીતાનું માથું લાવી તેણીને દેખાડયું કે, જેની આંખો તીડો ફોલીને ખાઇ ગયા હતા. પોતાના પીતાની ખોપરીની આવી ભયંકર હાલત જોતાં જ શાહઝાદી મુર્છીત થઇ ગઈ. પણ જ્યારે શુધ્ધિમાં આવી ત્યારે ઘણી જ દીલગીરી અને ગમ સાથે આજીજી કરવા લાગી. એથી હઝરતે તેને ખુબ આશ્વાસન આપી સબર અખ્તયાર કરવા ફરમાવ્યું જે બાદ તેણી ઇમાન લાવી દીનમાં દાખલ થઈ. ત્યારબાદ હઝરતે તેની સાથે શાદી કરી.

છતાં પણ તેણી હમેશાં બેચેન અને દીલગીર રહયા કરતી હતી, તેથી હઝરતે આ પ્રમાણે ગમગીન રહેવાનું કારણ પુછયું. જવાબમાં તેણીએ કહયું કે, મને મારા પિતા ઉપર અનહદ મહોબ્બત હતી અને તેને જોયા વગર હું રહી શકતી નથી. તે ઉપરથી હઝરતે કહયું કે, જેની હસ્તી જગતમાં નથી તેને કેમ જોઇ કે મેળવી શકાય? ત્યારે તેણીએ કહયું કે, જો આપ મંજુરી આપો તો શિલ્પી પાસે મારા પિતાની મુર્તિ તૈયાર કરાવી તેને જોઇને હું સંતોષ મેળવું. એ ઉપરથી હઝરતે, તેણી પોતાના પીતાની મુર્તિની પુજા નહિ કરે એ શરતે એમ કરવાની રજા આપી, પણ મુર્તિ તૈયાર થયા પછી તેણીએ આપેલા વચનનો ભંગ કરી, છુપી રીતે તેની પુજા કરવા લાગી.

કહેવાય છે કે, અનક્બુતની શાહઝાદીએ હ. સુલેમાન (અ.)ને કહયું કે, મારી ઇચ્છા છે કે, એકાદ તીડની કુરબાની કરૂં. હઝરતે કહયું કે, તીડ કરતાં ઉંટની કુરબાની ઉત્તમ અને સવાબરૂપ ગણાય છે; પણ તેણીએ કહયું કે, મારી ઇચ્છા તો તીડને ઝબેહ કરવાની છે. તેની એ માંગણીનું મુળ કારણ એ હતું કે, તીડો તેના પીતાની આંખો ફોલીને ખાઇ ગયા હતા, તેથી તીડો ઉપર એ વેર વાળવા ઇચ્છતી હતી. હઝરતને એ બાબતની ખબર નહિ હોવાથી તેમણે તીડની કુરબાની કરવા મંજુરી આપી. આ પ્રમાણે તેણીએ એક ગુનો મઝહબ વિરૂધ્ધ ગુપ્તપણે મુર્તિ પુજા કરીને અને બીજો ગુનો નિર્દોષ તીડને કતલ કરીને એમ બે ગુનાના કામ કર્યા. એવું કહેવામાં આવ્યું છે કે, તેણીએ શા માટે પોતાના પીતાની મુર્તિ પોતા પાસે રાખી છે અને તીડની કુરબાની શા માટે કરે છે? તેનો વિચાર કે હકીકતની તપાસ કર્યા વિના એ મુજબની રજા હઝરતે આપવાથી આપના ઉપર બલા આવી પડી હતી. એ બલા સંબંધી હકીકત એમ છે કે :-

હ. સુલેમાન (અ.) પાસે ઇસ્મે આઝમ લખેલી વીંટી હતી. આપ જ્યારે કુદરતી હાજતે જતાં ત્યારે તે વીંટી પોતાની વિશ્વાસુ દાસી અમીનાને સોંપી જતા હતા. એક દિવસ રાબેતા મુજબ દાસીને વીંટી આપી આપ હાજતે ગયા. દરમિયાન સુખરા નામના એક દેવે જાદુઈ શકિતથી પોતાનો ચહેરો હઝરત જેવો બનાવી, દાસી પાસેથી વીંટી માંગી અને દાસીએ તેને હ. સુલેમાન સમજી વીંટી આપી દીધી. સુખરા દેવ તેને આંગળીમાં પહેરી તખ્ત ઉપર જઇ બેઠો. દેવ, પરી અને સઘળા તેને હ. સુલેમાન સમજી ખીઝમતમાં હાજર થઇ ગયા.

થોડીવાર પછી હ. સુલેમાન (અ.) એ હાજતથી પરવારી દાસી પાંસે આવી વીંટીની માંગણી કરી, ત્યારે દાસીએ કહયું કે, તે તો હ. સુલેમાન લઇ ગયા. તમે કોણ છો? પોતેજ સુલેમાન છે એમ હઝરતે તેણીને ઘણું ઘણું કહયું, પણ દાસી માની નહી. ત્યારબાદ હઝરત તખ્ત પાસે ગયા અને સુખરા દેવને હુકમો કરતો જોઈ કહયું કે સુલેમાન બીન દાઉદ હું છું; છતાં કોઇએ તેમની વાત માની નહી અને તેમને દીવાનો ગણી ત્યાંથી કાઢી મુકયા.

આથી આપ બેચેન બની બૈતુલ-મુકદ્દશની ઇબાદતગાહમાં જઇ લાગલાગટ ત્રણ દિવસ સુધી અન્ન લીધા વગર દરબારે ઇલાહીમાં સિજદામાં પડી રડતા રહયા.

છેવટે ભુખના દુ:ખથી મુકત થવા, આપ મસ્જીદમાંથી બહાર આવી ઇસરાઈલીઓના ઘર તરફ ગયા, પણ કોઇએ આપની જરાએ દરકાર કરી નહિં;

તેથી નિરાશ થઇ પાછા શહેર તરફ આવ્યા અને કાંઇ કામ ધંધો કરી પોતાનું ગુજરાન કરવાનો ઇરાદો કર્યો. તેમણે ઘણી કોશીષ કરી પણ કયાંય થાક લાગ્યો નહિ, છેવટે ભુખ્યા પેટે આપ સમુદ્ર કિનારે ગયા કે જ્યાં માછીમારની વસ્તી હતી. આપે એક માછીમારને કહયું કે, મને નોકરી ઉપર રાખો અને તેના બદલામાં યોગ્ય લાગે તે આપજો. માછીમારે કહયું કે, રોજ બે માછલી આપીશ. જે કબુલ કરી હઝરત તેની પાસે નોકરીએ રહયા. તે દિવસે આપને મહેનતાણામાં બે માછલી મળી, જેમાંથી એક મછીની બજારમાંથી રોટલી લઇ આવ્યા અને બીજી માછલી સેકી તેને રોટલી સાથે ખાઇ અલ્લાહનો શુક્ર અદા કર્યો. આમ ૪૦ દિવસ વ્યતીત થઈ ગયા.

ઇસ્મે આઝમવાળી વીંટી પહેરી સુખરા દેવે હ. સુલેમાનના તખ્ત ઉપર બેસી ૪૦ દિવસ સુધી રાજ્ય કર્યું. તે દરમ્યાન રાજયના કર્મચારીઓ, પરીઓ વગેરેને તેની રીતભાત અને સ્વભાવ ઉપરથી શંકા ઉત્પન્ન થતાં તેઓ પોતાના મનમાં વિચારવા લાગ્યા કે, તે હ. સુલેમાન નહિ પણ કોઈ દેવ હોવો જોઇએ.

રાજ્ય કર્મચારીઓમાં સૌથી વિદ્રાન અને બાહોશ આસિફ બીન બરખીયા હઝરતનો વજીરે આઝમ હતો. તે પણ એવીજ શંકાકુશંકામાં મુંઝાઈ પડયો હતો અને અનુકુળ સમયની રાહ જોઇ રહયો હતો. અનાય.સે તેને જોઇતો મોકો મળતાં તે ગુપ્ત રીતે હઝરત સુલેમાનની બીબીઓ પાસે જઇ પહોંચ્યો અને પુછયું કે, હઝરત અહિં આવે છે કે નહિં? બીબીઓએ કહયું કે, આજે ચાલીસ દિવસ થયા હઝરત અહિં આવ્યા નથી. ત્યારબાદ હઝરત વિષે તેણે અમીના દાસીને પુછયું. દાસીએ જવાબમાં કહયું કે, ૪૦ દીવસ થયા હઝરત આવતા નથી ને વીંટી આપતાં નથી.

આથી વઝીરની શંકા દ્રઢ થઈ; તેને લાગ્યું કે, આ બાબતમાં જરૂર કંઇક ભેદ સમાયેલો છે. એટલે તેણે પોતાની શંકાનું સમાધાન કરવા અને સત્ય શું છે તે જાણવા એમ નક્કી કર્યું કે, આલીમો પાસે "તૌરેત" કિતાબનું વાંચન કરાવવું કે જેથી કીતાબના ઇલ્મના બળે જે સત્ય હશે તે આપોઆપ જાહેર થઈ જશે.

આલીમોએ જેવું તૌરેતનું વાંચન શરૂ કર્યું કે, તરતજ પાક કલામોની બરકતથી સુખરા દેવ તખ્ત ઉપર બેચેની અનુભવવા લાગ્યો અને તેની અકળામણ હદ ઉપરાંત વધી ગઇ અને તખ્ત ઉપર બેસવું તેના માટે મુશ્કેલ થઈ પડયું. છેવટે તે તખ્તથી ઉતરી સમુદ્ર કિનારે જઈ આરામ લેવા બેઠો. ત્યાં પણ તે આરામનો દમ

લેઇ શકયો નહિ, કારણ કે તેનું પાપ તેને ડંખી રહયું હતું. પોતાના કર્તુકથી તે અજાણ નહોતો, વળી વીંટીની અસર તેને જંપી બેસવા દે તેમ નહોતી. આખરે અસત્યનો ઘડો છલકાઈ ગયો અને તે ત્યાંથી નાસી ગયો પણ તેના મનની અશાન્તિ ઘણીજ વધી ગઇ. આખરે હતાશ બનીને તેણે પોતાના હાથમાની વીંટી સમુદ્રમાં ફેંકી દીધી અને કોઈ અદ્રષ્ય સ્થાને જઈને રહયો.

એક દિવસ હ સુલેમાન (અ.) માછીમારનું કામ પુરૂં કરી થાકયાપાકયા દરિયા કિનારે સુતા હતા. આપના આરામમાં વિઘ્ન ન પડે તે માટે એક નાગ ઝાડના પાંદડાની ડાળી મોઢામાં રાખી હઝરતને હવા કરી રહયો હતો. દરમ્યાન નીયમ અનુસાર માછીમારની પુત્રી પીતા માટે ખાણું લઇને આવી તેણીએ આ દ્રષ્ય જોઇ, પોતાના પીતા પાસે જઈ સવિસ્તર હકીકત બયાન કરતાં કહયું કે, અય બાબાજાન! મને સુલેમાન સાથે પરણાવી આપો. એના સિવાય હું બીજા સાથે લગ્ન કરીશ નહિ. પોતાની પુત્રીની એવી ઇચ્છા જાણી, માછીમાર પુત્રીને લઈને હઝરત પાસે આવ્યો; આ વખતે નાગ ત્યાંથી ચાલ્યો ગયો હતો. અવાજ સાંભળી હઝરત જાગૃત થઈ ગયા ત્યારે માછીમારે કહયું કે, આપની શાદી મારી પુત્રી સાથે કરાવી આપીશ. હઝરતે કહયું કે, હું તો આપનો નોકર છું અને મજુરીમાં મને માત્ર બે માછલી જ મળે છે, તો હું તમારી પુત્રીની મહર કેવી રીતે આપી શકીશ? માછીમારે કહયું કે, મારી પુત્રી તમારા પાસે મહેર માંગતી નથી. વળી તમારા ભરણપોષણની જવાબદારી હું મારા ઉપર લઉં છું તેથી હઝરતે માછીમારની વાત માન્ય રાખી તેની દીકરી સાથે શાદી કરી.

સુખરા દેવે ઇસ્મે આઝમવાળી જે વીંટી દરિયામાં ફેંકી હતી, તેને એક માછલી ગળી ગઈ હતી. બીજા દીવસે હ. સુલેમાન સાથે માછીમારે મછી પકડવા દરિયામાં જાળ નાંખી. તેમાં બીજી માછલીઓ સાથે તે માછલી જાળમાં આવી ગઈ. તે દિવસે માછીમારે હઝરતને મહેનતાણામાં તે માછલી ઉપરાંત વધારાની બે માછ-લીઓ આપી.

હઝરતની બીબીએ માછલીને ચીરતાં જ તેના પેટમાંથી એક ઝળકતી વીંટી મળી આવી. તેના પ્રકાશથી આખું ઘર રોશન થઈ ગયું. આ જોઈ આપની બીબી અજાયબીમાં ગરકાવ થઈ ગઇ. હઝરતે પોતાની વીંટી ઓળખી લીધી અને તેને હાથમાં પહેરી લીધી. વીંટી પહેરતાં જ પક્ષીઓએ આવી આપના ઉપર છાંયડો કર્યો અને જીન્નો અને પરીઓ આપની ખીઝમતમાં તખ્ત સાથે હાઝર થઇ ગયા. આ વખતે હઝરતે પોતાની બીબીને પોતા ઓળખ આપતાં કહયું કે, હું સુલેમાન

બીન દાઉદ છું. ઉપરાંત પોતાતો પોતાનો અહેવાલ ઇતિથી અંત સુધી કહી સંભળાતવ્યો. યારબાદ હઝરત પોતાની બીબી સહીત તખ્ત ઉપર આરૂઢ થઇ પોતાના મુલ્કમાં આવી પહોંચ્યા.

હ. સુલેમાન આવી સીધા મહેલમાં ગયા અને સીદુનની શાહઝાદી અર્થાત પોતાની બીબીને તેના પીતાની મુર્તિ બનાવી પુજા કરવા માટે સખ્ત ઠપકો આપ્યો અને તેના પરિણામે પોતા ઉપર ઉતરેલી કુદરતી આફતોથી ૪૦ દિવસ સુધી કેટકેટલું દુઃખ આવી પડયું હતું તેનું વર્ણન કહી સંભળાવ્યું. બાદ હ. સુલેમાન (અ.) એ અનકબુતની મુર્તિના ટુકડે ટુકડા કરાવી નાંખ્યા અને એ મુજબ પોતાના જ ઘરમાં અજાણતાએ થઇ રહેલી બુતપરસ્તીનો નાશ કરાવ્યો.

બાદ હ. સુલેમાને સુખરા દેવની તપાસ કરાવી પણ તેનો કયાંય પતો મળ્યો નહિં. તે ઉપરથી હઝરતે જીન્નાતોને હુકમ કર્યો કે, તે જ્યાં હોય ત્યાંથી પકડી તેને મારી પાસે હાજર કરો. હુકમ અનુસાર જીન્નો તેની શોધ માટે રવાના થઈ તેને પકડીને હઝરતની હુજુરમાં હાજર કર્યો. સુખરા હાજર થતાં જ હઝરતે તેને ૪૦ દિવસ સુધી સખ્ત સજા ભોગવાનો અને તે પછી તેને મારી નાંખવા ફરમાવ્યું હુકમ મુજબ સજાનો અમલ પુરો થતાં જ સુખરા દેવને મારી નાંખવામાં આવ્યો.

તે પછી હ. સુલેમાન (અ.) એ કેટલાક વર્ષો સુધી રાજ અમલ ચલાવ્યો હતો અને બેતુલમુકદ્દસ કે જે હ. દાઉદ (અ.) એ બનાવ્યું હતું તેને વધુ વિસ્તારવાળું બનાવવા તેમણે જીન્નોને કામે લગાડયા. ઉપરાંત તેની શોભામાં વધારો કરવા અર્થે તેના સંગેમરમરના થાંભલા ઉપરાંત સુગંધી લાકડાના ચાર દરવાજા બનાવ્યા. પહેલા દરવાજાનું નામ બાબે દાઉદ, બીજાનું નામ બાબે તુમા, ત્રીજાનું નામ બાબે રહેમત અને ચોથાનું નામ બાબે નબીઉલ અરબી આખેરૂઝઝમાન રાખ્યું. વળી ઇબાદતગાહમાં ગંધકના ખુબીભર્યા ચિરાગો મુકાવ્યા, જેની રૌશનીનો પ્રકાશ ત્રણ ગાઉ દુર પહોંચતો હતો.

પણ હ. સુલેમાન (અ.) ના અંતકાળ નજીક આવ્યો ત્યાં સુધી ઇબાદતગાહ તૈયાર થઇ નહોતી એટલે પોતાના અંતકાળ વખતે આપ એક દરવાજાની પાસે લાકડીના ટેકે ઉભા રહી ગયા. તે વખતે ખુદાના હુકમથી મલેકુલ મૌતે આવી આપનો રૂહ કબ્ઝ કર્યો. આ હકીકતથી જીન્નો તદ્દન અજાણ હતા અને હઝરત લાકડીના ટેકે કાર્યનું નિરીક્ષણ કરી રહયા છે એમ સમજી તેઓ ઇબાદતગાહનું અધુરૂં કામ પુરૂં કરવા લાગ્યા. જેવું કામ સંપુર્ણ થયું, તેવી જ આપની લાકડી

જેને ઉધઇ ખાઇ ગઈ હતી તે તુટી પડી. અને હઝરત જમીન ઉપર ઢળી પડયા, તે સાથે જ આપનું તખ્ત હવામાં ગૈબ થઇ ગયું. એ સર્વ ઘટનામાં ખુદાનો રાઝ જીન્નોના અભિમાનને દુર કરવાનો હતો. જીન્નોને એવું અભિમાન હતું કે પોતે ગૈબના રહસ્યને સમજી શકે છે. પણ હઝરતની વફાત બાદ તેઓ પોતાની માન્યતામાં ખોટા પડયા હતા.

હ. સુલેમાન (અ.) ઈ. સ. પુર્વે ૯૭૫ માં વફાત પામ્યા હતા. તેમની ઉમર માટે જુદા જુદા મત છે. એક મત એવો છે કે, તેઓ ૧૨૦ વર્ષની ઉમર ભોગવી વફાત પામ્યા હતા.

## હઝરત યુનુસ અલૈહિસ્સલામ

અહેવાલે અંબિયામાં જણાવ્યા પ્રમાણે, હ. યુનુસ (અ.); હ. હુદ પયગમ્બરના વંશમાંથી હતા. તેમના પિતાનું નામ 'મતા' હતું. આપનો જન્મ "ગાથ–હેફ્રર" કે જે 'હેફા' બંદરની પુર્વે બંદરથી વીસ માઇલ ઉપર ગેલીલી પ્રાંતમાં આવેલું છે, ત્યાં થયો હતો. ગાથ હેફ્રર ઝેબુલમ કબીલાના તાબામાં હતું અને હ. યુનુસ પણ એજ કબીલાના હતા. તેઓ પયગમ્બરે મુર્સલિન હતા. આપને ખુદાની ઈબાદત કરવાનો બહુ શોખ હતો.

નૈનવા શહેર અસીરીયન શહેનશાહતનું પાયતખ્ત હતું અને તેની વસ્તી એક લાખ વીસ હજાર માણસોની હતી અને તેમની પાસે અસંખ્ય ઢોરો હતા. હાલમાં તે શહેરને દમીશ્ક કહેવામાં આવે છે.

'ઇસ્ફહાની–કુરઆન' ની તફસીરમાં ઉલ્લેખ છે કે, ત્યાંના લોકો મુર્તિપુજક બની ગયા હોવાથી ખુદાતઆલાએ તેમને ધર્મોપદેશ કરી સુમાર્ગે ચડાવવા માટે 'મતા' ના પુત્ર હ. યુનુસ (અ.) ને મોકલ્યા હતા. આપે નૈનવા જઇ ત્યાંના લોકોને ૪૦ વર્ષ સુધી હિદાયત કરી. સૌથી પ્રથમ તેઓને મુર્તિપુજા કરવા માટે પશ્ચાતાપ કરવા ઉપદેશ આપ્યો અને "લા ઇલાહા ઇલ્લાહા યુનુશ નબીયુલ્લાહ" નો કલમો આપ્યો; પણ ઉપદેશ ગ્રહણ કરવા અથવા કલમો પડવાની એ લોકોએ ચોખ્ખી ના પાડી અને કહેવા લાગ્યા કે, અમારા શરીરના ટુકડે ટુકડા કરી નાંખવામાં આવશે તો પણ અમે આપનો કલમો પડવાના નથી. ઉપરાંત હ. યુનુસ (અ.) ને તેઓએ એટલું દુ:ખ આપવા માંડયું કે તેમને શહેર છોડવું પડયું. આવી હાલતમાં હ. યુનુસ (અ.) એ એ જાલીમ લોકોને શિક્ષા કરવા ખુદાતઆલાની દરબારમાં અરદાસ

કરી, જેના જવાબમાં નીદા આવી કે, અય યુનુસ! જ્યારે સમય આવશે ત્યારે તેઓ ઉપર બલા નાઝીલ કરશું, છતાં હ. યુનુસ (અ.) પોતાના માલિકની ઈચ્છા વિના પોતાની સ્ત્રી તથા બાળકોને લઈ પોતાની કોમને તજી ત્યાંથી રવાના થઇ ગયા. રસ્તા વચ્ચે નદી આવી જે પુરથી ભરપુર હોવાથી, એક સાથે બધાને સામે કિનારે લઇ જવું મુશ્કેલ હતું તેથી હઝરત એક છોકરાને કિનારે રાખી, બીજા છોકરાને ખંભા ઉપર બેસાડી પોતાની સ્ત્રીનો હાથ પકડી નદી પાર કરવા લાગ્યા. થોડેક દુર જતાં ઉંડાણ આવ્યું અને પાણીના જબરા વહેણથી તેમની સ્ત્રીનો હાથ છુટી ગયો અને તેણીને બચાવવા જતાં ખંભા ઉપરથી છોકરો પાણીમાં પડી ગયો અને મા દીકરો તણાઈ ગયા. જેમને બચાવવા હઝરતે ઘણી કોશીશ કરી, જે નિષ્ફળ જતાં આપ ભારે હૃદયે કિનારે બેસાડેલા છોકરાને લેવા આવ્યા પણ તે નજરે પડયો નહિ. આપે તેની ઘણી શોધ કરી, જે વ્યર્થ જતાં આપે માની લીધું કે, કદાચ ફાડી ખાનાર વરૂ બાળકને ઉપાડી ગયું હશે.

અંતે રંજોગમ સાથે હ. યુનુસ (અ.) પુનઃ નનવા શહેરમાં આવી સરદારોને મળ્યા અને ફરીથી હિદાયત આપવાનું શરૂ કર્યું, પણ ગુમરાહ બનેલા લોકો ઉપર તેની કંઈ અસર થઇ નહિ, બલ્કે લોકો આપની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા, છતાં પોતે હિદાયત ચાલુ રાખી. લોકો જ્યારે હદ વટાવી આપને અનેક રીતે પરેશાન કરવા લાગ્યા, ત્યારે નારાજ થઇને ફરીથી આપે ચાલ્યા જવાનો ઇરાદો કર્યો અને જતાં પહેલાં તેમણે લોકોને જણાવ્યું કે, ૪૦ દીવસમાં તમારી ઉપર ખુદાઇ કહેર નાઝીલ થશે, કારણ કે તમારી બુતપરસ્તી અને બેહયાઈએ હવે માજા મુકી દીધી છે. એમ કહી આપ નૈનવા શહેરનો ત્યાગ કરી, પોતાના વતને જવા રવાના થઇ ગયા.

જ્યારે લોકો ઉપર શિક્ષાનો સમય નજીક આવ્યો તે વખતે ખુદાતઆલાએ દોઝખની ચોકી કરનાર ફિરસ્તાઓને અગ્નિનો એક તણખો બહાર કાઢવાનો હુકમ આપ્યો. તણખો મુળ સ્વરૂપ તજી એક કાળું વાદળ બની ગયું. પછી તેઓએ આકાશને તે કાળા વાદળાથી ઘેરાઈ ગયેલું જોયું કે જેમાંથી આગ ઝરતી હતી અને હવા તેના ધુમાડાથી ભરાઈ ગઇ હતી. ત્યારબાદ તે વાદળું તેઓના ગામ ઉપર પડું પડું થઈ રહયું, જે જોઈ તેઓ ગભરાટમાં પડી ગયા અને ઘરડા તથા જુવાનો પોતપોતાના બાળકોને લઈ, ફાટેલતુટેલ વસ્ત્રે ખેતરો તરફ દોડી ગયા અને કરેલા પાપ માટે ક્ષમા કરવા પુકાર કરી ખરા દીલથી પસ્તાવો કરી, ખુદાની હુઝુરમાં આજીજી કરવા લાગ્યા, એ ઉપરની ખુદાતઆલાએ કૃપા કરી તેમને માફી બક્ષી,

એટલે તેમના ઉપરથી તુફાન જતું રહયું અને તૌબા કરવાથી તેમની ઉપર આવનારી આફત દુર થતાં નૈનવા બચી ગયું.

હ. યુનુસ (અ.) ખુદાતઆલાના હુકમની વાટ જોયા કે ઇચ્છા જાણ્યા વિના ત્યાંથી રવાના થઈ ગયા હતા. તેમના રસ્તા વચ્ચે આવતો સમુદ્ર આપને પાર કરવાનો હતો. દરિયા કાંઠે આવતાં જ પોતાના વતન તરફ જતું એક વહાણ ઉભેલું તેમણે જોયું. તેમાં કેટલાક મુસાફરો બેઠા હતા. આપ પણ તે વહાણમાં સ્વાર થઇ ગયા. વહાણ ભર દરિયે પહોંચ્યું. તે વખતે ભયંકર તોફાન ફાટી નીકળ્યું અને ઉતારૂઓ પોતાની જીંદગીની ફીકરમાં પડી પોતપોતાની માન્યતા પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા. વહાણમાંનો કેટલોક માલ પણ દરિયામાં વામી દેવામાં આવ્યો, છતાં બચવાની આશા નહિ જણાતા ઉતારૂઓએ ધાર્યું કે, વહાણમાં કાંતો કોઇ ભાગી જતો ગુલામ અથવા કોઈ પાપી માણસ હોવો જોઇએ. આ સાંભળી હ. યુનુસ (અ.) એ કહયું કે, તમે ધારો છો તેવો પાપી માણસ હું છું; પણ લોકોએ તેમનું કહેવું માન્યું નહિ.

અંતે ઉતારૂઓએ પોતામાંથી એકનો ભોગ આપવાનું ઠરાવ્યું અને કેનો ભોગ આપવો તે નકી કરવા, ત્રણ વખત ચીઠીઓ નાંખતાં, ત્રણે વખતે ચીઠી હ. યુનુસ (અ.)ના નામની નીકળી. હઝરત કોણ છે અને કયાં જઈ રહયા છે, તે આપને પુછવામાં આવ્યું. આપે કહયું કે, હું હિબ્રુ છું અને અલ્લાહનો પયગમ્બર છું પણ હું ધારૂં છું કે ઇલાહી ફરમાનની તાબેદારી નહિ કરવાના સબબે આ આફત આવી પડી છે માટે સમુદ્રમાં મને ફેંકી દો. ઉતારૂઓએ જ્યારે જાણ્યું કે, હ. યુનુસ પયગમ્બર છે, ત્યારે તેઓ ગભરાયા કે જો પયગમ્બરને દરિયામાં નાંખી દેવામાં આવશે તો પોતે સૌ વધુ આફતમાં આવી પડશે, એટલે વહાણને બચાવી લેવા તેઓએ શકય તેટલી યુકિતઓ કામે લગાડી.

સમય જતાં તુફાનની ભયંકરતા વધી. મુસાફરોની હિંમત ભાંગી પડી અને સૌને એમ લાગ્યું કે, હવે વહાણ બચવા પામશે નહિ, એટલે ન છુટકે તેમણે હઝરતને દરિયામાં ફેંકી દીધા અને તરત જ તુફાન શાંત થઈ ગયું. એ વખતે સમુદ્રમાંની, ખુદાતઆલાએ એ કાર્ય માટે મુકરર કરેલી માછલી હ. યુનુસ (અ.) ને ગળી ગઇ.

હઝરત માછલીના પેટમાં કેટલો સમય રહયા, તે માટે જુદા જુદા મતો મળી આવે છે. કેટલાકો કહે છે હ. યુનુસ (અ.) માછલીના પેટમાં ૪૦ દિવસ રહયા હતા ત્યારે કેટલાક ૭૦ દિવસ તો કોઇ ત્રણ દિવસ રહયા હોવાનું જણાવે

છે. માછલીના પેટમાં પણ આપ અલ્લાહની ઈબાદત–બંદગીમાં મશગુલ રહી પોતાના ગુનાહની તૌબા માંગતા હતા. આપે દરબારે ઈલાહીમાં આજીજી સાથે દુઆ માંગી કે, "લા ઈલાહા ઈલ્લા અંતા સુબ્હાનકા ઇન્ની કુન્તો મિનઝાલેમીન" યાને "તારા સિવાય બીજો ખુદા નથી અને હું જુલ્મગારોમાંનો છું." આ વજીફો પડવાથી છેવટે ૪૦ દિવસ બાદ માછલીએ કાંઠે આવી હઝરતને ધીમેથી પોતાના પેટમાંથી બહાર કાઢી, જમીન ઉપર મુકયા. જમીન ઉપર આવતા આપે દરબારે ઈલાહિમાં શુક્રાનાનો સિજદો અદા કર્યો.

હ. યુનુસ (અ.) માછલીના પેટમાં રહેવાથી બહુ જ અશકત બની ગયા હતા અને માછલીનાં પેટમાં રહેવાથી જે દુઃખો સહન કર્યા હતા તેથી એક તાજા જન્મેલા બાળકના દેહ જેવું આપનું શરીર કુમળું બની ગયું હતું. એમ પણ કહેવામાં આવે છે કે, માછલી યુનુસ પયગમ્બરને ગળી ગયા પછી હંમેશા પોતાનું માથું ઉપર રાખી વહાણના પછવાડે તરતી હતી. જેથી હઝરત શ્વાસ લઇ શકે અને જ્યાં સુધી માછલીએ જમીન પાસે આવીને આપને પેટમાંથી બહાર કાઢયા ત્યાં સુધી આપે ખુદાના વખાણ અને બંદગી ચાલુ જ રાખી હતી.

માછલીના પેટમાંથી બહાર આવ્યા પછી, હઝરત એક સુકેલા ઝાડના ટેકે બેઠા; દરમ્યાન ખુદાએ તે ઝાડની ઉપર દુધીનો વેલો ઉગાડયો, જે આપને છાંયડો કરવા લાગ્યો અને એક બકરીએ આવીને દુધ આપ્યું. આમ આપ ઘણા જ ખુશ થયા અને અલ્લાહની નીયામતો માટે તે બારીતઆલાના શુક્રાના અદા કરવા લાગ્યા.

એક રાત્રે એવું બન્યું કે, દુધીના ઝાડમાં અચાનક કીડો પેદા થઈ તેના વેલાને કોતરી ખાઈ ગયો, બીજી સવારે છાંયડો આપતો વેલો નાશ પામેલો જણાતા આપ ઘણા જ દીલગીર થયા અને ખુદાતઆલા પાસે ફરીયાદ કરવા લાગ્યા. તે વખતે ઈલાહી પયગામ આવ્યો કે, અય યુનુસ ! એક દુધીના વેલાના નાશ થવાથી શું દીલગીર થાઓ છો ? અને નૈનવા જેવું શહેર નાશ પામે તેથી તમને દીલગીર ઉપજશે નહિ ? નૈનવા જ્યાં લાખ વીશ હજાર ઈન્સાનો ઉપરાંત અસંખ્ય ઢોરો વસે છે તેવા શહેરનો નાશ થાય તો તમને દીલગીરી ઉપજશે નહીં ? આ પયગામ સાંભળી હ. યુનુસ (અ.) એ પોતાથી થયેલી ભુલ માટે પશ્ચાતાપ કરી અલ્લાહના દરબારમાં માફી માંગી.

બીજી તરફ હ. યુનુસ (અ.) ની કોમે ગીરીયાઝારીના પ્રતાપે ઇલાહી અઝાબથી નજાત મેળવી અને હઝરતની શોધ કરવા લાગી; પણ આપનો પતો

તેઓ મેળવી શક્યા નહીં, તેથી તે કોમે દરબારે ઇલાહીમાં અરજ કરી કે, યા પરવરદિગાર! અમારી કોમ ઉપર તેં જે પયગમ્બર મોકલ્યો હતો તેને જ ફરી મોકલજે.

હ. યુનુસ (અ.)ને ફરી નૈનવા જવાનો ખુદાતઆલાનો હુકમ થયો કારણ કે સમસ્ત કોમ આપના આગમન માટે આતુર હતી. ઇલાહી હુકમ અનુસાર આપ નૈનવા જવા રવાના થયા. માર્ગમાં આપની બીબી અને બાળકો રાહ જોઇ બેઠા હતા. લોકોએ એક છોકરાને વરૂના મોઢામાંથી અને આપની બીબી તથા બીજા બાળકને ડુબી જતાં બચાવી લીધા હતા. હઝરત તેમને સાથે લઇ નૈનવા આવી પહોંચ્યા. આ વખતે કોમે આપનું બહુમાન કર્યું અને ઇજ્જત સાથે ગામમાં લઇ ગયા. ત્યારબાદ લોકોએ આપથી શરીઅત તથા ધર્મનો ઉપદેશ ગ્રહણ કર્યો જેના પ્રતાપે એક લાખથી વધુ જનસંખ્યા ઈમાન લાવી મઝહબે ઇલાહીમાં દાખલ થઇ.

હ. યુનુસ (અ.) ઇ. સ. પુર્વે ૮૪૦ થી ૮૦૦ દરમ્યાન હઇયાત હતા. આપની ઉમર વિષે ચોકકસ માહીતી મળતી નથી.

## હઝરત જરજીસ અલેહિસ્સલામ

'કસસુલ અંબિયા' માં જણાવવામાં આવ્યું છે કે, દાદીયાન નામે ફીલીસ્તીનનો બાદશાહ અને તેની પ્રજા બુતપરસ્તી કરતા હતા અને જે કોઈ પ્રજાજન તેના મતથી વિરૂધ્ધ વર્તતો તો તેને જીવતો આગમાં નાંખી બાળી મુકવામાં આવતો હતો. આવા અધર્મિ બાદશાહ અને તેની પ્રજાને હિદાયત કરવા અને તેઓને સત્યના માર્ગે લાવવા ખુદાતઆલાએ હ. જરજીસને પયગમ્બર બનાવી મોકલ્યા હતા.

હ. જરજીસ (અ.) તે મુલ્કમાં આવી લોકોને બુતપરસ્તી તજી એક જ અલ્લાહને માનવાની હિદાયત કરવા લાગ્યા. એ સાંભળી બાદશાહ દાદીયાને હઝરતને કહ્યું કે, અગર તમારો ખુદા સાચો છે તો દુનિયાની દૌલતથી તમને શા માટે મહેરૂમ રાખ્યા છે? હઝરતે કહ્યું કે, દુનિયાની દૌલત અને ઝીંદગી બન્ને નાશવંત છે, પણ જે ચીજ સદા રહેવાવાળી હોય તેજ ઉત્તમ અને બહેતર ગણાય. તેણે પુછ્યું કે, એવી કઈ ચીજ છે? હઝરતે ફરમાવ્યું કે, એવી ચીજ બહેસ્ત અને તેમાંની નીયામતો છે. હજી તો હઝરત જીન્નતની તારીફ કરતાં હતા ત્યાં જ તેણે આવેશમાં આવીને હુકમ કર્યો કે, એમને ફાંસીએ ચડાવી પત્થરથી મારી નાંખો અને તેમના હાડકાને આગમાં બાળી ખાક બનાવો. હુકમ અનુસાર કાફરોએ અમલ કર્યો અને આપના હાડકાને આગમાં ફેંકી દીધા. આગમાંથી હ. જરજીસે પુકારીને કહ્યું કે, "લા ઇલાહા ઇલિલ્લાહ" આમ ખુદાતઆલાએ આપને સજીવન કર્યા. આપ

સજીવન થઈ બહાર આવી લોકોને ઉપદેશ આપવા લાગ્યા અને કહ્યું કે, અય લોકો! કહો "લા ઈલાહા ઈલિલ્લાહ" આપને સજીવન થયેલા જોઇ દાદીયાને હુકમ કર્યો કે, એમને લોખંડની મેખો ગરમ કરી, હાથમાં ઠોકી મારી નાંખવામાં આવે. તે મુજબ અમલ થયો પણ ફિરસ્તાઓએ આવી આપને બચાવી લીધા અને આપ ફરીથી હિદાયત કરતાં ફરમાવ્યું કે, અય કાફરો! લા ઇલાહા ઈલિલ્લાહ કહો, બુતપરસ્તી તજો અને એક ખુદાની ઇબાદત કરો.

તેમના આવા ઉપદેશથી મુર્તિપુજક બાદશાહ બહુ જ કોપાયમાન થયો અને હઝરતની જીંદગીનો અંત આણવા તાંબાની એક દેગ મંગાવી, તેમાં ઘી અને ગંધક નંખાવ્યા, પછી દેગને સળગતા લાકડાની ભઠ્ઠી ઉપર મુકવામાં આવી. જ્યારે ઘી અને ગંધક જોશમાં આવી ઉકળવા લાગ્યા, ત્યારે હઝરતને તેમાં નાંખી દીધા. તરત જ ઈલાહિ કુદરતથી દેગ ઠંડી બની ગઇ અને તેમાંથી હઝરત સહીસલામત બહાર નીકળી આવ્યા.

દાદીયાને જ્યારે આવું અજાયબીભર્યું દ્રસ્ય જોયું ત્યારે તે વિચારોના વમળમાં ગોથા ખાવા લાગ્યો. ફરી તેને કબુધ્ધિ સુજી અને તેણે હઝરતને ફરી કેદમાં પુરાવી લોખંડની મેખો મરાવી અને આપના પેટ ઉપર ભારે વજનદાર પત્થર મુકાવ્યો, પણ સત્યને આંચ આવતી નથી એ સિધ્ધાંત અનુસાર જ્યારે રાતનો સમય થયો ત્યારે કેદખાનામાં ફિરસ્તાઓએ હાજર થઈ આપના પેટ ઉપરથી પત્થર ઉપાડી લીધો અને મેખ મારેલા ખીલા ખેંચી લીધા અને આપને ખાણું ખવડાવી કહ્યું કે, અય જરજીસ! તમે આવી બલાઓમાં સાત વર્ષ સુધી ઘેરાયેલા રહેશો; એટલા વખત સુધી તમારે સબર કરવી પડશે અને ત્યાર બાદ આપ શહીદ થશો. જે સઘળું હ. જરજીસે હસ્તે મુખડે કબુલ કર્યું.

બીજા દિવસની સવાર થતાં જ હ. જરજીસ (અ.) જેમને ફિરસ્તાઓએ કેદની મુશીબતમાંથી મુકત કર્યા હતા તેમણે બાદશાહ સમક્ષ આવીને કહ્યું કે, અય શાહ! જુઓ ખુદાએ મારા ઉપર રહેમની નજર કરી મને બલામાંથી બચાવી લીધો છે.

આમ હઝરતને અનેક આફતોથી બચી જતાં જોઈ દાદીયાને આપને ઘણી જ સખત સજા ફરમાવી અને તે ફરમાન અનુસાર હ. જરજીસ (અ.) ના કરવતથી બે ટુકડા કરી નાંખવામાં આવ્યા અને આપના મૃતદેહને ફાડી ખાનાર સિંહોના ભક્ષણ માટે મુકી દીધું, પણ સિંહોએ માંસ ખાવાને બદલે આપના શબને માથું ઝુકાવી માન આપ્યું.

ફરી તેજ રાત્રે ખુદાતઆલાએ આપને સજીવન કર્યા અને બીજા દિવસે કાફરો જ્યારે ઇદગાહમાં એકઠા થયા હતા ત્યારે આપે ત્યાં જઈ ખુદાના હુકમથી તેઓને રાહેરાસ્ત પર આવવા દઆવત આપી. એ મુજબ હઝરતને જીવતાં જોઇ, સૌ કોઈ આશ્ચર્ય સાથે અરસપરસ કહેવા લાગ્યા કે, ખરેખર જરજીસની આ બધી જાદુઈ કરામત લાગે છે. એથી આપને મહાત કરવા દાદીયાને મુલ્કના સઘળા જાદુગરોને મોટી લાલચો આપી એકઠા કર્યા અને તરેહતરેહના તિલસ્મી જાદુઓ તેમના પાસે તૈયાર કરાવ્યા. ઉપરાંત એક પાણીનો પ્યાલો મંત્રાવી, આપને પીવા આપ્યો, એવા હેતુસર કે તેની ખરાબ અસર આપને થતાં જ તેમની ધારેલી મકસદ પાર પડશે અને માર્ગ વચ્ચેથી કાંટો નીકળી જશે. પોતાંને જાદુ કરેલો પ્યાલો મળતાંજ હ. જરજીસ (અ.) એ 'બીસમીલ્લાહ, કહી એ મંત્રેલા પાણીને પી જઇને કહયું કે, તમે સારૂં કર્યું કારણ કે હું ઘણો જ તૃષાતુર હતો એટલે મને પાણી મળવાથી ઠંડક થઇ છે અને મને રાહત મળી છે. જાદુગરો અને લોકો હઝરતને મંત્રની શું અસર થાય છે તે જોવા આતરતાપુર્વક રાહ જોવા લાગ્યા; પણ ખુદા બચાવે તેને કોણ મારી શકે છે? કુદરતે આપને અણીશુધ્ધ બચાવી લીધા હોવાથી અને મંત્રની કંઇ પણ અસર થઈ નહી હોવાથી આપને જાદુગરોના સરદારે અરજ કરતાં કહયું કે, અય હઝરત! ખરેખર આપ મહાન છો એટલે અમારો જાદુ કે અમારી કળા આપને કાંઈ કરી શકે તેમ નથી.

એક દિવસ એક સ્ત્રીએ આવીને હઝરતને અરજ કરી કે, હું ગરીબ છું અને ફાકાકશીમાં જીવન ગુજારૂં છું. આજીવિકાના સાધન તરીકે મારી પાસે એક ગાય હતી, તે પણ મરી ગઈ છે તો આપ દુઆ કરો તો તે જીવતી થાય અને હું તેના ઉપર ગુજારો કરૂં.

આ સાંભળી હઝરતે ફરમાવ્યું કે, આ મારી લાકડી લે અને જ્યાં તારી ગાયના હાડકા પડયા હોય તેના ઉપર લાકડી મારી કહેજે કે ખુદાના હુકમથી ઉભી થા, એટલે તે ઉભી થઈ જશે. તે મુજબ તે બાઇએ અમલ કર્યો અને ગાય સજીવન બની ઉભી થઈ ગઇ. હઝરતનો એ મોઅજીઝો લોકોમાં ખુબ પ્રચલીત થઈ ગયો. ઉપરાંત આપનું વખતોવખત સજીવન થવું પણ લોકો માટે આશ્ચર્યની ઘટના બની જતાં સૌને આપના પ્રત્યે આદર અને શ્રધ્ધા ઉત્પન્ન થઈ ગઇ.

એક વખત બાદશાહના માનીતા ઉમરાવોમાંથી એકે કહયું કે, અય લોકો! હ. જીરજસની કરામતો જોઇ મને એમ ચોકકસ લાગે છે કે, તેઓ સાચા પયગમ્બર છે. જે સાંભળી તે કોમના લોકોએ કહયું કે, શું! તમને પણ જરજીસના જાદુએ

અસર કરી છે? તેણે કહયું કે, તમે ધારો છો તેવું કંઇ નથી, પણ આ સત્ય મને અલ્લાહે સુજાડયું છે. એટલું કહી તે શખ્સ અને બીજા ચાર હજાર લોકો કલમો પડી ઇમાન લાવી દીનમાં આવ્યા.

આ હકીકતની જાણ દાદીયાનને થતાં જ તેણે ઉમરાવ સુધ્ધાં તેના ચાર હજાર સાથીદારોને કત્લ કરાવી નાંખ્યા અને તેઓ શહીદોના દરજ્જે પહોંચ્યા.

એક વખત હ. જરજીસ (અ.) બાદશાહ દાદીયાનને હિદાયત કરતાં હતા, તે વખતે કહયું કે, હું ઇમાન તો લાવું જો તમે તમારી પયગમ્બરીની નીશાની રૂપે મોઅઝીઝો દેખાડો અને તે એ કે, જે ખુરસી ઉપર હું બેઠો છું તેના પાયામાંથી ચાર કિસ્મના ઝાડ પેદા થાય, વળી તે ઝાડને ફળ લાગે અને તેને હું ખાઉં તો હું સમજું કે તમે ખુદાના સાચા પયગમ્બર છો. હ. જરજીસ (અ.) એ તેજ વખતે ખુદાની દરબારમાં દુઆ ગુજારી અને તરત જ માંગણી મુજબ સઘળું ઉત્પન્ન થઇ ગયું. જે જોઇ દાદીયાને કહયું કે, ખરેખર આપ મોટા જાદુગર છો અને જાદુગર ઉપર ઇમાન લાવવું દુરસ્ત નથી.

ત્યારબાદ દાદીયાને હ. જરજીસનો અંત લાવવાના ઇરાદાથી નવીન યુકિત તરીકે તાંબાની એક મોટી ગાય તૈયાર કરાવી અને તેમાં હ. જરજીસને બંધ કરી ધખધખતી આગમાં ફેંકાવી દીધા. પણ ખુદાની ઇચ્છાથી તે વખતે એક તોફાની સુસવાટ કરતો વંટોળીઓ ફરી વળ્યો અને આકાશ અંધકારથી ઘેરાઈ ગયું, વિજળી ભયંકર કડાકા સાથે ચમકવા લાગી અને આખા મુલક ઉપર કેટલાએક દિવસો સુધી કાળું અંધારૂં છવાઇ ગયું. એથી લોકોને દીવસ કે રાત કલ્પવું મુશ્કેલ થઇ પડયું. તે દરમ્યાન ખુદાના હુકમથી ફિરસ્તાએ આવી તાંબાની બનાવટી ગાયને જોરદાર ઝટકો માર્યો અને હ. જરજીસને તેમાંથી મુકત કર્યા.

હ. જરજીસ (અ.) એ બહાર આવીને લોકોને ફરમાવ્યું કે, અય લોકો ! ખુદાથી ડરો અને તેના ઉપર ઇમાન લાવો. હઝરતનો ઉપદેશ સાંભળી તે કોમના લોકોએ કહયું કે, અય જરજીસ! અમારામાંથી જેઓ મરી ગયા છે તેઓને જીવતા કરી આપશો તો અમે ઇમાન લાવશું ! જો કે તે કોમના મરેલા માનવીઓને ઝમાનાઓ વીતી ચુકયા હતા અને તેમના હાડકાઓ પણ માટી સાથે મળી માટી બની ગયા હતા છતાં લોકો સત્યમાર્ગ ગ્રહણ કરે એ આશયથી આપે ખુદાની દરબારમાં મૃત માનવીઓ માટે દુઆ માગી અને તે દુઆની બરકતથી, તેજ વખતે બાર હજાર મુડદા જીવતા થઈ કબરોમાંથી બહાર આવ્યા, જેમાં એક નૌફિલ નામનો

શખ્સ હતો તેને હ. જરજીસ (અ.) એ પુછ્યું કે, અય શેખ તમારો ધર્મ કયો હતો અને તમને ગુજરવાને કેટલા વર્ષો થયા છે? તેણે જવાબમાં કહયું કે, મારા મૃત્યુને ચાર હજાર વર્ષો વીતી ચુકયા છે. મારી હઇયાતી દરમીયાન હું બુતપરસ્ત હતો અને તેથી હમણા સુધી અઝાબમાં ગીરફતાર હતો.

એક વખત ડોસીએ હ. જરજીસ (અ.) ની હુજુરમાં આવીને કહયું કે, મારો આ દીકરો આંધળો, લંગડો, ગુંગો અને બહેરો છે, તે સારો થાય તેવી આપ દુઆ કરો. તે ઉપરથી હઝરતે પોતાના મોઢાનું થુંક (આબે-દહન) લઈ તેની આંખ અને કાનોમાં લગાડયું એટલે તે સારો થઇ ગયો. માત્ર લંગડો અને ગુંગો રહયો. ત્યારબાદ હઝરતે પેલી ડોસીને ફરમાવ્યું કે, અલ્લાહની મરજી હશે તો હવે પછી તેને સારો કરી આપીશ. એ મોઝીઝાની અસર એ થવા પામી કે, ડોસી ઇમાન લાવી દીનમાં આવી.

જયારે એ હકીકતની ખબર બાદશાહ દાદીયાનને થઈ તો તેણે હ. જરજીસ (અ.) ને ડોસીના ઘરમાં કેદ કર્યા અને આપનું ખાવું પીવું પણ બંધ કર્યું. જે મકાનમાં હઝરતને કેદ કરવામાં આવ્યા હતા ત્યાં એક લાકડાનો થાંભલો હતો. આપની દુઆથી તે હર્યું ભર્યું હરીયાળું ઝાડ બની ગયું અને તેના ઉપર ફળો લાગ્યા. જે જોઈ ડોસી તો અચંબામાં ગરકાવ થઈ ગઇ. જ્યારે એની જાણ દાદીયાનને થઇ ત્યારે તેણે ડોસીના ઘરને તોડાવી જમીનદોસ્ત કરાવી નાંખ્યું. પછી તેણે ઝાડ તરફ નઝર કરી એટલે તે હતું તેવું સુકું બની ગયું.

ફરી તેણે હ. જરજીસને મેખો મરાવી અને સકંજાના ફાંસામાં નાંખી મરાવી નાંખ્યા અને આપના સબને આગમાં બાળી રાખ બનાવી દરિયામાં ફેંકાવી દીધી પણ સમુદ્રે આપના દેહ મુબારકને કિનારે લાવી સુકી જમીન ઉપર મુકયો. જ્યાં આપ ફરી સજીવન થયા. તે વખતે કાફરોએ આવી આપને કહયું કે, અય હઝરત! આપ અમારા બુતોને સિજદો કરો! હઝરતે કહયું કે, મારાથી એ કદી પણ બનશે નહીં. જો કે આપનું કહેવું સ્પષ્ટ હતું, પણ કાફરોની સમજે અર્થનો અનર્થ કાઢયો હતો. તેઓ એમ સમજ્યા કે હઝરત બુતોને સિજદો કરવા કબુલ થયા છે જ્યારે એ સમાચાર દાદીયાને જાણ્યા ત્યારે તરતજ તેણે હઝરતની હુઝુરમાં આવીને મહોબત સાથે કહયું કે, આજ તમે મારે ત્યાં આરામથી રહો, કારણ મેં તમને ઘણી તકલીફ આપી છે. હઝરત તે દિવસે દાદીયાનને ત્યાં રહી શુરીલા કંઠે તૌરેત વાંચવામાં મશગુલ થયા. તૌરેતના ખુદાઈ કલામો જ્યારે દાદીયાનની સ્ત્રીએ સાંભળ્યા કે તરત જ તેના દીલનો અંધકાર દુર થઈ ગયો અને તેણી કલમો પડી દીનમાં દાખલ થઇ.

હવે જે છોકરાને હઝરતે દુરૂસ્ત કર્યો હતો, તેની માએ ફરી પોતાના દીકરાને હઝરતની હુઝુરમાં લાવી કહયું કે, મારો પુત્ર લંગડો અને મુંગો છે. આપે ફરમાવ્યું હતું કે, ખુદાના હુકમથી હું તેને સારો કરી આપીશ. પોતે આપેલા વાયદાને સિધ્ધ કરતાં હઝરતે ફરમાવ્યું કે, અય છોકરા! તેણે જવાબ આપતા કહયું કે, લબ્બેક! (હાજર છું) યા નબીયુલ્લાહ! મતલબ તે ગુંગો મટી બોલતો થઇ ગયો. ફરી હઝરતે છોકરાને ફરમાવ્યું કે, તું જા અને મારા તરફથી બુતોને કહે કે, જરજીસ તમને બોલાવે છે. તરત જ છોકરો ઉભો થઇ ગયો. મતલબ કે તેનું લંગડાપણું જતું રહયું અને તેણે બુતો પાસે જઈ હઝરતનો પયગામ કહયો. જે સાંભળતા જ સઘળા બુતો પયગમ્બરના હુકમને માન આપી સિજદા સાથે હુઝુરમાં હાજર થયા, એટલે હઝરતે તેમને ઠોકર મારી માટીમાં મેળવી દીધા. આ દ્રષ્ય દાદીયાનની સ્ત્રીએ જોયું અને પોતાની કોમને ઉદ્દેશી કહયું કે, અય લોકો! જરજીસ સાચા પયગમ્બર છે માટે સૌ ઇમાન સાથે આપની હિદાયતને કબુલ કરો. દાદીયાનને એ બાબતની જાણ થતાંજ તેણે પોતાની સ્ત્રીને ફાંસીને લાકડે ચડાવી મારી નાંખી અને તે નેક સ્ત્રી સદાના માટે મોતને ભેટી દુનીયાને ત્યાગી જન્નત તરફ ચાલી ગઈ.

હવે હ. જરજીસનો અંતકાળ પણ નજીક આવી પહોંચ્યો હતો એટલે આપે પોતાનો ચહેરો આસમાન તરફ કરી આજીજી સહીત દરબારે ઇલાહીમાં દુઆ માંગતા કહયું કે, ખુદા યા! સાત વર્ષનો વાયદો પુરો થયો છે, અને હવે હું સબર પણ કરી શકતો નથી માટે તું મને શહાદત નસીબ ફરમાવ અને જેઓ ગુમરાહ છે તેના ઉપર તારો કહેર ઉતાર અને જેઓ ઇમાન લાવ્યા છે તેમના ઉપર તું તારી રહેમત વર્ષાવ.

હ. જરજીસ (અ.) ની દુઆ દરબારે ઇલાહીમાં કબુલ થતાંજ આકાશમાં આગના સોલા ચમકી ઉઠયા, વીજળી ચમકારા અને કડાકા સાથે કાફરો ઉપર ઉતરવા લાગી, તે જોતાં જ કાફરોએ હઝરત ઉપર તલવાર ખેંચી આપને શહીદ કર્યા. તેવો જ કુદરતી કહેર પુર ઝડપે ફરી વળ્યો અને સઘળા કાફરો આગમાં બળી જહન્નમવાસી થઇ ગયા.

## હ. ઝકરીઆ અને હ. યાહયા (અ.)

'અહેવાલે અંબીયા' માં જણાવ્યા પ્રમાણે હ. ઝકરીઆ (અ.) અંબીયાના ખાનદાનમાંથી હતા. યહુદાની ગાદી હેરોદ બીન એન્ટીપેટરના હાથમાં આવી હતી

અને તે રોમન રાજ્યના તાબામાં હતો. હેરોદના વખતમાં હ. ઝકરીઆ (અ.) મદદનીશ ધર્મગુરૂ તરીકે કામ કરતા હતા. તેમનું કાર્ય બૈતુલ મુકદ્દસમાં સુગંધી બાળવાનું હતું.

તે જમાનાની હાલત એવી હતી કે ખુદાના વલીઓ ઘરનો ખુણો પકડી બેઠા હતા. જ્યારે રીયાસત અને સીયાસતનો ગેરલાભ લેવાવાળા બની બેઠેલા આગેવાન, મોટા ધર્મગુરૂઓ જુદા જ હતા. તેઓ પોતાની મતલબ સાધવા હાકેમોની ખુશામત કરતા અને લોકોને નીચોવવામાં ખુદાના ખોફ રાખતા નહિ.

હ. ઝકરીયા (અ.) ના ધર્મપત્નિ 'ઇસબાત' હ. હારૂન (અ.) ની ઔલાદમાંથી હતા અને હ. ઇસા (અ.) ની માતા મરયમના માસી થતાં હતા. બાઇબલમાં તેમનું નામ એલીઝાબેથ જણાવેલું છે. તેણીની ઉમર મોટી થતાં છતાં કંઇ પણ સંતાન નહીં થવાથી સહેજ ગમગીન રહેતા હતા.

હ. ઝકરીયા (અ.) વૃધ્ધ થયા ત્યાં સુધી તેમને ત્યાં ઔલાદ થઇ નહોતી અને આપના ભત્રીજાઓ ઘણા દુષ્ટ સ્વભાવના હતા, એથી આપને બીક રહેતી હતી કે, કદાચ પોતાની વફાત પછી તેઓ લોકોને સત્ય ધર્મને દ્રઢતાપુર્વક વળગી રાખવાને બદલે તેમને ભરમાવીને મુર્તિપુજા તરફ લઈ જશે. આથી આપે એક દિવસ બૈતુલ-મુકદ્દશમાં જઇ ખુદાની હુજુરમાં અરજ કરી કે, ખુદા યા! હવે હું વૃધ્ધ થયો છું, મારા વાળ સફેદ થઇ ગયા છે માટે મારો વારસદાર એવો બનાવ કે જે ઘણો નેક, સાલેહ અને યાકુબ (અ.)ની ઔલાદમાંથી હોય.

એ વખતે જીબ્રાઇલ અમીને આવી વધામણી આપતાં કહયું કે, "ખુદાતઆલાએ તમારી દુઆ સાંભળી છે અને તમારી ધર્મપત્નિ 'ઇસબાત' ને ફરઝંદ થશે, તેનું નામ યાહયા રાખજો. યાહયાના જન્મ વખતે ઘણા હસનાતો થશે. યાહયા ખુદાના વહાલા થશે, તે ઘણા લોકોને ખુદાને રસ્તે દોરવશે અને એલીયાસ (અ.) ને રસ્તે ચાલશે." એમ કહી આ વાત થોડાક સમય સુધી ખાનગી રાખવા જણાવ્યું

એ બાબતમાં ખુદાતઆલાએ કુરઆને શરીફ સુરા આલે ઇમરાન આયાત ૩૮–૪૦ માં ફરમાવ્યું છે કે, "ખરેખર ખુદા તમને યાહયાના ખુશખબર આપે છે. જે ખુદાના શબ્દને માનનાર છે, તે એક આગેવાન, સ્ત્રી સંગતથી દુર રહેનાર અને પવિત્ર વંશનો પયગમ્બર છે."

હ. ઝકરીયા (અ.) એ અરજ કરી કે, હે પરવરદિગાર મને દીકરો કયાંથી થાય? કારણ કે મને ઘડપણ આવી પહોંચ્યું છે અને મારી સ્ત્રી વાંઝણી છે.

ત્યારે ફિરસ્તાઓમાંથી એકે કહયું કે, આજ સ્થિતિમાં પણ ખુદા જે ચ્હાય તે કરે છે.

હ. ઝકરીયા (અ.) એ અરજ કરી કે, હે પરવરદિગાર મારા માટે કંઈ નીશાની મુકરર કર.

તેનો ઉત્તર આપતાં ફિરસ્તાએ કહયું કે, તેની નીશાની એ છે કે, તમે માણસો સાથે ત્રણ દિવસ સુધી ઇશારા સિવાય વાત કરી શકશો નહી અને તમારા પરવરદિગારને બહુજ યાદ કરજો અને સાંજે અને સવારે તેની પવિત્રતા યાદ કરી બંદગી કરજો.

હુકમ અનુસાર હ. ઝકરીયા (અ.) એ ત્રણ દીવસ સુધી કોઇથી વાતચીત કરી નહી.

હ. ઝકરીયા (અ.) ની સ્ત્રી ઇસબાતને ગર્ભ રહયાને ૭ માસ થયા તે અરસા દરમિયાન ઇસા (અ.) પોતાની માતાના હમલમાં રહયા હતા. હ. ઝકરીઆને ઘરે મરયમ આવતાંજ બીબી ઇસબાતે તેને ઇસા માટે મુબારકી સાથે વધામણી આપી અને તે પછી ત્રીજા મહીને ઇસબાતે ફરજંદને જન્મ આપ્યો. તેની આઠમાં દીવસે સુન્નત કરવામાં આવી અને નામ પણ રાખવામાં આવ્યું. હઝરતના કુટુંબી-ઓએ બાળકનું નામ ઝકરીઆ રાખવાની ઈચ્છા દર્શાવી કારણ કે, તે ઝમાનામાં ઇસરાઇલીઓ અને અરબોમાં છોકરાનું નામ બાપના નામ જેવું રાખવામાં કોઈ જાતનો બાધ ગણવામાં આવતો નહોતો. પણ હ. ઝકરીઆ (અ.) એ બાળકનું નામ યાહયા રાખવા કહયું અને તેનું નામ યાહયા પાડવામાં આવ્યું.

હ. યાહયા (અ.) નો જન્મ થયો તે વખતે તેમના પિતા ઝકરીઆ (અ.) ની વય કેટલી હતી તે ચોકકસ જણાયું નથી, પણ તફસીર લખનારાઓએ ૬૦ થી ૯૦ વર્ષની તેમની ઉમર હોવાનું જણાયું છે. યાહયાનું નામ બાઇબલમાં જોન **John** જણાવેલ છે કે જેનો હીબરૂ ભાષામાં અર્થ "અલ્લાહતઆલાની બક્ષીસ" થાય છે.

હ. યાહયા (અ.) ૪ વર્ષના થયા તે દરમીયાન તેમની માતાએ કદી પણ યાહયાને ઘરની બહાર જતાં કે બાળકો સાથે રમતા જોયા નહોતા ; તેથી માતાએ કહયું કે, યાહયા તમે બાળકો સાથે કેમ રમતા નથી ? હ. યાહયાએ કહયું કે, અય મા ! મને ખુદાએ રમવા પેદા કર્યો નથી, પણ જે કારણ માટે તે માલિકે

મને પયદા કર્યો છે તેજ માર્ગ મારે ગ્રહણ કરવો જોઈએ. આટલું કહી આપ દિનરાત રડવામાં જ વ્યતીત કરવા લાગ્યા.

પોતાના પુત્રની આવી હાલત જોઇ હ. ઝકરીઆ (અ.) એ ખુદા પાસે અરજ કરી કે, યા રબ ! મેં તમારાથી એક વલી જેવો ફરજંદ માંગ્યો હતો પણ આતો રાત દિવસ રડયા કરે છે અને તેથી મને કયાંય ચેન પડતું નથી.

ખુદાતઆલાએ ફરમાવ્યું કે, તમે અમારાથી એક સાલેહ ફરઝંદ માંગ્યો હતો અને તેવો જ ફરઝંદ મેં તમને આપ્યો છે કે જે મારી બંદગી કરે અને મારી મહોબ્બતમાં રડયા કરે. એ સાંભળી હ. ઝકરીઆએ અલ્લાહતઆલાના શુક્રાના અદા કર્યા.

એક દિવસ હ. ઝકરીઆ (અ) લોકોને હિદાયત કરી રહયા હતા, તેમાં દૌઝખના અઝાબનું વર્ણન આવ્યું ત્યારે આપે ધીમા અવાજે કહયું કે, જો મારો ફરઝંદ આ બ્યાન સાંભળી જશે તો વધુ રડશે. હ. યાહયા આ વખતે એક ખુણામાં ભરાઇને બેઠા હતા. આપે જેવું દૌઝખનું વર્ણન સાંભળ્યું કે આપે એક મોટી ચીસ નાંખી અને રડતાં રડતાં જંગલ તરફ ચાલ્યા ગયા, જ્યાં સાત દિવસ અને સાત રાતો રડતી હાલતમાં પહાડો વચ્ચે ભટકતા રહયા. તેમના ચાલ્યા ગયા પછી આપના માતા પિતાએ ઘણી શોધખોળ કરી પણ કયાંય પત્તો લાગ્યો નહિ. સાત દિવસ બાદ એક ભરવાડે આવી ખબર આપી કે તમારો ફરઝંદ દીવસના પહાડોમાં રડતો ફરે છે અને રાતના ફલાણી ગુફામાં જઇને રહે છે. એવા સમાચાર મળતાં તેમની માતા જંગલમાં જઈ, તે ગુફા પાસે બેઠા. જ્યારે સંધ્યાકાળનો સમય થયો ત્યારે નિયમ અનુસાર હ. યાહયા ત્યાં આવી પહોંચ્યા. તેમને જોતાં જ માતાએ કહયું કે, અય બેટા ! તમે રડો નહિ અને ખામોશ રહો. હ. યાહયાએ કહયું કે, અય માતા, ખામોશ કેમ રહું ? મને દૌઝખની યાદ બેચેન બનાવી રહી છે. આ સાંભળી માતાએ કહયું કે, બેટા ! તમે એક વખત કહયું હતું તે યાદ છે કે અલ્લાહે મને રમવા પેદા કર્યો નથી, પણ જે કારણ માટે તે માલિકે જન્મ આપ્યો છે તેજ માર્ગ મારે ગ્રહણ કરવો જોઇએ ? માટે તે કાર્ય વસ્તી કે લોકોને ત્યાગ કરી જંગલમાં વસવાથી પાર પડવાનું નથી. અય બેટા ! જે મકસદ અર્થે તારો જન્મ થયો છે તે તો લોકોને ખુદાના ઘરની હિદાયત કરવાથી અને તેમને સત્યરાહનો ઉપદેશ આપવાથી અને માર્ગ ભુલેલાઓને રાહેરાસ્ત બતાવવાથી બર આવશે, માટે ઘરે ચાલો અને અલ્લાહે સુપ્રત કરેલા કાર્યને વેગ આપી ફરજ મુકત થાઓ. માતાની આવી આવી ઘણી તરેહની સમજાવટથી હ. યાહયા ઘરે આવ્યા. એ વખતે આપની ઉમર માત્ર ૭ વર્ષની હતી.

હ. યાહયા (અ.) યુવાઅવસ્થામાં પ્રવેશતાં જ લોકોને હિદાયત કરવા લાગ્યા અને તે સાથે લોકોને ઈસા (અ.) ના આગમનની વધામણી આપવા લાગ્યા. તે વખતના વડા ધર્મગુરૂઓ 'અનસ' અને 'કેફા' હતા. તેઓ અનેક જાતના ધર્મ ઢોંગથી લોકોને આડે માર્ગે દોરવતા, નીચોવતા અને લોકો પાસેથી મોટી રકમોની સલામો નજરાણા તરીકે મેળવવા અનેક પ્રકારની યુકિતઓ રચી કાઢી હતી અને તેને ધર્મનું રૂપ આપી લોકોને અંધશ્રધ્ધા તરફ લઇ જતા હતા; પણ એ સ્વાર્થી ધર્મગુરૂઓને પોતાની મતલબ પાર પાડવામાં હ. યાહયા (અ.) નો ઉપદેશ નડતો હોવાથી તેઓ હઝરતને તકલીફ પહોંચાડવા લાગ્યા અને અજ્ઞાન, જાહીલ ધર્મઝનુનીઓને ઉશ્કેરી હસરતનું અનેકવાર અપમાન કરાવવા પણ ચુકયા નહિ. પોતા માટે આવી વિષમ પરિસ્થિતી ઉપસ્થીત થતાં આપને જેરૂસલમમાં રહેવું બહુ મુશ્કીલ થઇ પડયું. જેથી આપ યરદન તરફ નીકળી ગયા અને ત્યાં જઇ શહેર બહાર જંગલમાં વસવાટ કરવા અને લોકોને હિદાયત આપવા લાગ્યા. હઝરતની રહેણીકરણી માટે એવો ઉલ્લેખ મળી આવે છે કે, આપ માત્ર ઉંટના વાળનું બનાવેલું કપડું પહેરતાં અને જંગલમાં જે કંઇ મળતું તે ખાઇ પોતાનું ગુજરાન ચલાવતા હતા.

હ. યાહયા (અ.) નો બોધ એવો હતો કે, અય લોકો! તમે એમ નહિ સમજતા કે, હ. ઈબ્રાહીમ (અ.) તમારા પયગમ્બર હોવાથી તમે છુટી જશો, અથવા તમારા ગમે તેવા કર્તવ્યો હોવા છતાં તેઓ તમને છોડાવશે. એવી ખોટી ભ્રમણા તમે કાઢી નાંખજો, પણ છુટકારો મેળવવા માટે લોકહીતના સુકાર્યો કરીને સવાબ મેળવો, લોકોને શિક્ષણ આપો અને જાહેલીયતને દુર કરો. જેમાંથી સવાબ હાસલ ન થાય તેવા નકામાં ખર્ચ કરો તે ખુદાતઆલા પસંદ કરતો નથી. જે ઝાડ ઉત્તમ ફળ આપતું નથી, તેવા ઝાડને કાપી નાંખવામાં આવશે. એ ધર્મ-ગુરૂઓ! તમે લોકોને નીચોવો નહિ, ખોટા વહેમો અને રિવાજો દુર કરો, રહેમદીલ થાઓ, દયાનો માર્ગ ગ્રહણ કરો, લોકોની શું શું હાજતો છે તેની તપાસ કરો અને નાગાને વસ્ત્ર આપો અને ભુખ્યાને ખોરાક આપો અને પરહેઝગારીનો ખોટો દેખાવ, ડોળ તજી દો અને તમારી ચાલચલણમાં સુધારો કરો.

'કસસુલ અંબિયા' માં જણાવ્યું છે કે, હ. ઝકરીયા (અ.) ની વફાત વિષે એવી હકીકત મળી આવી છે કે, આપ હમેશાં બની ઈસરાઈલીઓને વાએઝ નસિહત સંભળાવતા હતા, પણ ઈસરાઇલીઓ તે પ્રમાણે વર્તતા કે અમલ કરતાં નહિ, બલ્કે સાંભળ્યા છતાં શરાથી ઉલટા ચાલતા હતા; છતાં આપે હિદાયત તો ચાલુજ રાખી એથી લોકો આપને મારી નાંખવાની વેતરણ કરવા લાગ્યા. લોકોની

આવી અધમ મનોદશા જાણી હઝરત વિવશ બની પોતાનો જાન બચાવવા ગામ બહાર જઈ, ઝાડથી આસરો માંગ્યો, જેથી ઝાડ હઝરતને પોતામાં સમાવી લેવા વચ્ચેથી ફાટયું અને આપ તેમાં સંતાઈ ગયા. તે બાદ ઝાડ હતું તેવું થઇ ગયું. પણ કર્મસંજોગે આપના કપડાનો નાનકડો છેડો બહાર રહી ગયો, જેથી દુશ્મનોએ આપનો પતો મળી જતાં ઝાડને વહેરવા માટે કરવત મંગાવી અને તેનાથી ઝાડને વહેરવા લાગ્યા. જ્યારે આપના માથાની લગોલગ કરવત આવી પહોંચી, ત્યારે મુશીબતથી બચવા આપે અલ્લાહની દરબારમાં અરજ ગુજારી. તરત જ જીબરાઈલ અમીન દ્વારા ખુદાતઆલાએ ફરમાવ્યું કે, હે ઝકરીઆ! અગર જો ઉફ્ કરશો તો તમને સાબર પયગમ્બરો યાને સબુરી અખત્યાર કરનાર પયગમ્બરોમાં દાખલ કરીશ નહિ. યાદ કરો કે તમે મારી પનાહ માંગવાને બદલે ઝાડની પનાહ માંગી છે તો હવે ઝાડથી જ આશરો માંગો અથવા સબુરી અખત્યાર કરી કત્લ થઇ જાઓ.

ઇલાહી હુકમ અનુસાર હ. ઝકરીઆ (અ.) ચુંચા કર્યા વિના, સબર સાથે માથાથી પગ સુધી દુશ્મનોના હાથે કરવતથી વહેરાઇ વફાત પામ્યા.

પોતાના પિતાની વફાત કરૂણ રીતે થયાના સમાચાર જ્યારે હ. યાહયા (અ.) એ સાંભળ્યા ત્યારે બોલ્યા કે, "ઇન્નાલીલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન" એટલે "ખચિત ખુદા તરફથી આવ્યા છીએ અને ખચ્ચિત ખુદા તરફ પાછા ફરવાનું છે." આ આયાત ખાસ કરીને કોઇના મોતના સમાચાર મળતાં પડવામાં આવે છે.

'કસસુલ અંબીયા' માં લખેલ છે કે, હ. યાહયા (અ,) પોતાના પિતા હ. ઝકરીઆ (અ.) ની વફાત બાદ હમેશાં ઇલાહિ ઇબાદતમાં મશગુલ રહેતા હતા.

તે દરમ્યાન એક કિસ્સો એવો બન્યો કે, બની ઇસરાઇલ કોમમાં મલેકા નામની એક સ્ત્રીને, તેના પહેલા ધણીથી એક દીકરી થઈ હતી. ત્યારબાદ તેણી. શહેરના બાદશાહ સાથે નિકાહથી જોડાણી હતી. દરમ્યાન તેને એવી ઇચ્છા થઇ કે પોતાની દીકરીને તે પોતાના ભરથાર સાથે નિકાહ કરાવી આપે. જ્યારે લોકોને એ હકીકતની જાણ થઇ તો તેઓએ પણ તેને ટેકો આપ્યો. ત્યારબાદ ગામ લોકોએ હ. યાહયા (અ.) પાસે જઈ કહયું કે, નિકાહ પડાવી આપો. હઝરતે કહયું કે એ નિકાહ જાએઝ નથી.

બાદશાહને એની જાણ થતાં જ તેણે હુકમ આપ્યો કે, યાહયાને બાંધી.

મારી પાસે લઈ આવો. તે મુજબ લોકોએ આપને બાંધી બાદશાહ સમક્ષ હાજર કર્યા.

તરત જ હ. જીબ્રાઇલ અમીને ખુદાના હુકમથી આવીને કહયું કે, અય યાહયા ! હુકમ હોય તો આ શહેરને ગારત કરી દઉં. હ. યાહયા (અ.) એ કહયું કે, હું અલ્લાહની રજાબંદી ઉપર રાજી છું. ત્યારબાદ બાદશાહે હ. યાહયા (અ.) ને મારી નાંખવા ફરમાન કર્યું અને જલ્લાદોએ આપનું માથું મુબારક ધડથી જુદું કરી જયારે થાળમાં મુકયું ત્યારે હક નાહકનો ઉપદેશ આપતાં આપનુ સર મુબારક બોલી ઉઠયું કે "પોતાની સ્ત્રીની દીકરી સાથે નિકાહ કરવા વાજબ નથી."

હ. યાહયા (અ.) ની વફાત બાદ તે સ્ત્રી પોતાની દીકરીની નિકાહ પોતાના ભરથાર સાથે કરી આપ્યા. એ પાપી કૃત્યની સજા તરીકે તેની ઉપર ઇલાહી ગઝબ ઉતર્યો. કોઈ કામ અર્થે તેણી માળ ઉપરની અગાશીમાં ગઈ. એ દરમ્યાન પવનનો એક જોરદાર સુસવાટો આવ્યો અને તેને ઉડાડી જમીન ઉપર ફેંકી દીધી તેણી જમીન ઉપર ફેંકાતાંજ એક સિંહે તેને જોઈ લીધી અને તેણે તેણીને ફાડી ખાધી. જે બાદ તેનો ધણી પણ કોમ સહીત ઇલાહી ગઝબનો ભોગ બની જહન્નમનો અધિકારી બન્યો.

આવી રીતે હ. યાહયા (અ.) યુવાન વયે શહીદ થયા.

## હ. ઇસા અલેહિસ્સલામ

હ. ઇસા (અ.) નું જીવન વૃતાંત જાણવા અગાઉ તેમની માતા બીબી મરીયમ વિષેની હકીકત સંક્ષિપ્તમાં જાણવી ઠીક થઈ પડશે.

હ. ઇસા (અ.) બાપ વગર પેદા થયા હતા. તેઓ "રૂહઉલકુદુસ" એટલે પવિત્ર આત્મામાંથી જન્મ્યા હતા, એથી આપને "ઇસા રૂહ અલ્લાહ" પણ કહેવામાં આવે છે.

હ. ઇસા (અ.) ની માતા બીબી મરયમ પેલેસ્ટાઇનના ગેલીલી પ્રાંતના નઝારેથ નામના ગામડામાં રહેતા હતા. બીબી મરયમના પીતાનું નામ "ઇમરાન બીન માસાન" અને માતાનું નામ "હન્ના" હતું. હન્ના હ. ઝકરીઆ પયગમ્બરના ધર્મપત્ની "ઇસિબાત" ના બહેન થતાં હોવાથી હ. ઝકરીઆ બીબી મરયમના માસા થતાં હતા.

બીબી મરયમના જન્મ પહેલાં તેમની માતાને કંઈ પણ સંતાન નહીં

હતું, તેથી તેણીએ માનતા કરી કે, જો ખુદાતઆલા મને ફરઝંદ આપશે તો હું તેને બૈતુલ મુકદ્દશમાં અર્પણ કરીશ. જેથી તે પોતાની જીંદગી ખુદાની ઇબાદતમાં પસાર કરે. તે ઝમાનામાં આવી માનતા માનવાનો રિવાજ હતો.

માનતા પછી હન્નાને પુત્રના બદલે પુત્રી જન્મી, તેથી તેઓ દીલગીર થવા લાગ્યા, એથી ખુદાઈ ઇલહામ થયું કે, તમે દીલગીર થાઓ નહિ; તમારે ત્યાં જે પુત્રી જન્મી છે તે પુત્ર કરતાં બહેતર અને નેક છે. તેનું નામ "મરયમ" રાખો.

ઇલહામ સાંભળી તેઓ ખુશ થયા અને બૈતુલ મુકદ્દસમાં રાખવાની પોતાની માનતાને અમલમાં લાવવા મરયમના વડીલો તેણીને જેરૂસલમ લઇ ગયા.

જ્યારે બાળ મરયમને મસ્જીદમાં મુકવામાં આવી, તે વખતે આશરે ૨૦ માણસો તેની સંભાળ લેવા માટે તૈયાર થયા. જેનો ચોકકસ ઉકેલ લાવવા છેવટે આપસમાં સોરટી નાંખવાનું નકકી થયું અને જેનું નામ આવે તે મરયમની સંભાળ રાખે એમ ઠરાવવામાં આવ્યું. સોરટી કરવાની રીત એવી હતી કે જે કલમો વડે તેઓ તૌરેતનું પુસ્તક લખતાં તે કલમો અથવા તીરો ઓરદોન નામની નદીમાં નાંખે અને જેની કલમ અથવા તીર પાણીની સપાટી ઉપર ટટાર ઉભું રહે, તેણે તેણીની સંભાળ રાખવી. તેમ કરતાં હ. ઝકરીયાની કલમ પાણી ઉપર સ્થીર રહી અને તેમણે મરીયમની સંભાળ પોતાના હસ્તક લીધી.

ત્યારબાદ મરયમને બૈતુલ મુકદ્દસમાં વિદ્યા અભ્યાસ માટે રાખવામાં આવ્યા, તેણીને શીખવવાનું હ. ઝકરીઆએ પોતાના શીરે લીધું કેમકે હ. ઝકરીઆ (અ.) મરયમના માસા થતાં હતા. વળી વૃધ્ધ હોવાથી કુમારીકા માટે તે વધુ યોગ્ય હતું.

મરયમ ઘણા હોશીયાર હોવાથી ટુંક સમયમાં વિદ્યા અને મઝહબી જ્ઞાનમાં ખુબ પ્રવિણ બની આગળ વધવા લાગ્યા. બાર વર્ષની વય થતાં મરયમ બીજી યહુદી સ્ત્રીઓને શીખવવા સાથે સાથે પોતાનો અભ્યાસ પણ આગળ વધારતા રહયા હતા. તે ઝમાનામાં મુસવી, યહુદી તથા ઇસરાઇલીઓમાં સ્ત્રી તેમજ બાળકીઓને શિક્ષણ આપવાનો રિવાજ પ્રચલિત હતો.

બીબી મરયમ ઉમર લાયક થતાં તેમનું સગપણ એજ નઝારેથ ગામમાં રહેતા તેમના પિત્રાઇ ભાઈ 'યુસુફ' કે જે સુતારનો ધંધો કરતાં હતા તેમની જોડે કરવામાં આવ્યું. સગપણ પછી અને લગ્ન પહેલા એક દીવસ બીબી મરીયમ પડદા પાછળ નહાવાને ગયા, જ્યારે નહાઈને પરવાર્યા તેવો જ તેણીને પોતાના

ખડમાં એક ખુબસુરત માણસ નજરે પડયો (જે ફિરસ્તો જીબ્રાઈલ અમીન હતો) તેને જોતાં જ બીબી મરીયમે ગભરાતા હૃદયે કહયું કે, "બચ્ચીત હું ભલું કરનારા અલ્લાહનો આસરો લઉં છું કે, તમો બુરા કામો કરવાથી મને બચાવનાર હો" તેણે જવાબ આપ્યો કે, હું ફકત તમારા રબનો પયગામ પહોંચાડનાર છું કે, તમોને એક નેક ફરજંદ આપું." બીબી મરીયમે કહયું કે, "મને કોઇ પણ ઇન્સાને હાથ અડાડયો નથી અને પાક દામન છું એટલે મને ફરજંદ કેમ થાય?" ફિરસ્તાએ કહયું કે, ભલે તેમ હોવા છતાં રબ્બુલ આલમીન માટે બધું સહેલ છે. ખુદાતઆલા ફરમાવે છે કે, "અમે તેને ઈન્સાન માટે એક દાખલા રૂપ અને અમારી રહેમતનો દાખલો કરવા માંગીએ છીએ અને તેમ થવું નીર્માણ થએલું છે."

બીબી મરયમ વિષે કુરઆને શરીફમાં સુરતુલ મરયમ નામની સુરા નાઝીલ થઈ છે, ઉપરાંત અન્ય સ્થળે પણ તેણીનું વર્ણન આપવામાં આવ્યું છે.

સુરતુલ અંબીયાની આયાત ૯૧ માં જણાવ્યું છે કે, "તેણી કે જેણીએ પોતાને પાક દામન રાખી હતી અને તેણીમાં અમારા રૂહને ફુંકયું અને તેણીને અને તેણીના ફરજંદને સૃષ્ટિ ઉપર દાખલા રૂપ બનાવ્યા."

લખવામાં આવ્યું છે કે, હ. જીબ્રાઇલ અમીને હ. આદમની છીંક બીબી મરયમના ગીરેબાન યાને પહેરેલા પહેરણના ગળામાં મારી. બીજી એક રીવાયત એમ પણ છે કે, હ. જીબ્રાઇલ અમીને બીબી મરીયમના પેટમાં હવા ફુંકી તેથી તેણીને હ. ઈસાનો હમલ રહયો હતો.

સુરા આલે ઈમરાન આયાત ૪૬–૪૭ નો સાર એ છે કે :–

"અને ફિરસ્તાઓએ કહયું, એ મરયમ ખુદાતઆલા તને ખુશખબરી પહોંચાડે છે તે માટેની કે જેનું નામ "ઈસા મસીહ" છે. જે આ દુનિયામાં અને આખરતમાં માન પામેલા છે અને જે ખુદાની નજદીકના સાહેબોમાંથી છે અને તે નાની ઉમરથી મોટી ઉમર સુધી શીખવતા રહેશે. મરયમે કહયું, એ મારા રબ! મને કયારે ફરજંદ થશે! હજી તો મને કોઇ માણસે અડકી નથી! ખુદાતઆલાએ ફરમાવ્યું કે, એવી રીતે ખુદા જે ચાહે તે પેદા કરે છે. જયારે તે એક કામ કરવા ચાહે છે તે વખતે કહે છે "થા! અને તે થયું જ છે. (કુન ફય કુન)" અને તે તેને તૌરત અને હીકમત શીખવશે અને ઇનજીલ શીખવશે અને તેને બની ઇસરાઇલ ઉપર રસુલ બનાવશે."

બાયબલના નવા કરારમાં કરવામાં આવેલા ઉલ્લેખનો સાર એ છે કે, બીબી મરયમના સગપણ બાદ અને શાદી થઈ તે પહેલાં યુસુફ કે જે તેણીના સગપણના પતિ હતા, તેઓએ બીબી મરયમ સગર્ભા છે એમ સાંભળ્યું ત્યારે તેણીની સાથેનું પોતાનું સગપણ રદ કરવા વિચાર્યું; પણ યુસુફ સુતાર ઘણા નિતીવાન હોવાથી આવી રીતે ઉઘાડું અપમાન કરવું તેમને યોગ્ય લાગ્યું નહીં. પણ કોઈક બહાના હેઠળ છોડી દેવા વિચારી રહયા હતા. દરમ્યાન એક રાત્રે ફિરસ્તાએ તેમના સ્વપ્નમાં આવીને કહયું કે, ઓ યુસુફ ! દાઉદના દીકરા (યુસુફ હ. દાઉદ પયગમ્બરના વંશમાંથી હતા.) તારી વહુ મરયમને તેડી લાવવામાં ડર નહિ, કેમકે તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી છે અને તે દીકરો જણશે ને તું તેનું નામ ઈસું પાડજે; કેમકે તે એજ છે કે જે પોતાના લોકોને તારનાર થશે.

સ્વપ્નમાં થએલી બશારત પ્રમાણે યુસુફે પોતાની સ્ત્રી મરયમ વિષેની શંકા દૂર કરી અને ત્યારબાદ તેણે તેની સાથે શાદી કરી અને પોતાને ઘેર તેડી લાવ્યા.

તે અરસામાં રોમન શહેનશાહ સીઝરે રઈયત ઉપર નવો કર નાંખવા એવો હુકમ કર્યો કે, દરેક પ્રજાજન પોતાને વતને જઈ રહે કે જેથી લોકોના નામો રજીસ્ટર કરવાનું આસાન થાય તે મુજબ બીબી મરયમ અને તેમના પતિ નઝારથથી બેતલલહેમ ગયા, એટલા માટે કે યુસુફ દાઉદ નબીની ઔલાદના અને મદીનત દાઉદ (City of Dawid) ના રહેવાસી હતા. ત્યાં પહોંચ્યા પછી તેઓ હ. ઝકરીઆને ઘેર જઈને રહયાં કારણ કે હઝરતના ધર્મપત્ની મરયમના માસી થતાં હતા. કેટલાક સમય બાદ ત્યાંથી પાછા ફરતાં માર્ગમાં બીબી મરયમને પ્રસવની વેદના થઈ તેથી બીબી એક ખજુરીના ઝાડની ઓથમાં થડને ટેકે જઇ બેઠા અને વેદનાને લઇ કહેવા લાગ્યા કે હું ઇચ્છું છું કે, આ પહેલા મરી ગઈ હોત અને ભુલાઈ જઈ વિસરાઈ ગઇ હોત તો સારૂં થાત.

સુરા મરયમ આયાત ૨૩–૨૭ માં જણાવ્યું છે કે, "પછી તેણીના પેટમાંથી તે (ઈસા) અવાઝ કરી બોલ્યો કે, તું દીલગીર થા નહિ. ખરેખર તારા પરવરદીગારે તારા પગ નીચે એક નદી પેદા કરી છે અને તું તારા અંગ વડે ખજુરીનું થડ હલાવ એટલે તે તારા ઉપર તાજા અને પાકા ખજુર નાંખશે. પછી તું ખા અને પાણી પી અને તારી આંખો ઠંડી કર. પછી જો તું કોઇ માણસને દેખે, તો તું કહેજે કે, ખરેખર મેં કૃપાળુ ખુદાને માટે રોઝાની માનતા કરી છે તેથી હું આજે માણસ અને ફીરસ્તાઓ સાથે બોલીશ નહિં.

ત્યારબાદ બીબી મરયમે હ. ઈસાને જન્મ આપ્યો. બાયબલ લ્યુક પુસ્તકના પ્રકરણ બીજામાં જણાવ્યું છે કે, હ. ઈસા (અ.) આઠ દીવસના થયા ત્યારે તેમની સુન્નત કરવામાં આવી હતી.

હ. ઈસા (અ.) નો જન્મ થયો ત્યારે તેમને કપડામાં વીંટાળી ગભાણમાં સુવાડયા. કારણ કે મુસાફરખાનામાં જગા નહીં હતી. હ. ઈસાને સુવાડયા પછી ત્યાંના કેટલાક ભરવાડો આવ્યા. તેઓ બાળકના ચહેરા ઉપરનો પ્રકાશ જોઈ ગભરાવા લાગ્યા. તે વખતે ફીરસ્તાએ આવી તેઓને વધામણી આપી.

આ વખતે જેરૂસલમમાં રાજા હેરોદ રાજ કરતો હતો. હ. ઈસા (અ) નો જન્મ થતાં પેલેસ્ટાઈનની પુર્વેથી માગીઓએ જેરૂસલમ આવીને પુછ્યું કે યહુદીઓનો જે શાહ જન્મ્યો છે તે કયાં છે? કેમકે પુર્વમાં અમે એવો તારો જોયો છે અને તેથી તેની કદમબોસી કરવાને આવ્યા છીએ. એ સાંભળી રાજા હેરોદ તેમજ આખું જેરૂસલમ ગભરાટમાં પડી ગયું. ત્યારબાદ રાજા હેરોદે ધર્મગુરૂ અને કાઝીઓને એકઠાં કરી તેઓને પુછ્યું કે, મસીહાનો જન્મ કયાં થયો હોવો જોઈએ? તેઓએ જવાબ આપ્યો કે, યહુદાના બેથલહેમમાં, એમ ભવિષ્યવાદીએ લખ્યું છે.

ત્યારે હેરોદે તે માગીઓને ગુપ્ત રીતે તેડીને, તારો કઈ વેળાએ દેખાયો તે વિષે તેઓ પાસેથી ચોકસાથી ખબર મેળવી અને હેરોદે તેમને બેતુલલહેમમાં મોકલતા કહયું કે, તમે જઈને તે બાળક સંબંધી સારી પેઠે શોધ કરો અને તે મળ્યા પછી મને ખબર આપો કે જેથી હું પણ ત્યાં આવીને તેની કદમબોશી કરૂં. પછી રાજાનું એ મુજબનું કહેવું સાંભળીને માગીઓ ચાલ્યા ગયા. જે તારો પુર્વમાં તેઓએ જોયો હતો તે તેઓની આગળ ચાલતો ગયો ને બાળક હતો તે ઠેકાણા ઉપર આવીને થંભ્યો. તેઓ એ થંભેલા તારાને જોઈને ખુબ હરખાયા અને ઘરમાં જઈને તેઓએ બાળકને તેની મા મરયમની પાસે જોયો અને તેની મુલાકાત લઈ ઘણી કિંમતી ભેટ સોગાદો આપી, કદમબોશી કરી અને રાજા હેરોદ પાસે પાછા જવું નહિ એમ સ્વપ્નામાં ચેતવણી મળ્યાથી તેઓ બીજે માર્ગે પોતાના દેશમાં ચાલ્યા ગયા.

તેઓના પાછા ગયા પછી ખુદાતઆલા તરફથી ફિરસ્તાએ આવીને યુસુફને ચેતવણી આપી કે, તું ઉઠ અને બાળક તથા તેની માને લઈને મિસરમાં ચાલ્યો જા અને બીજો હુકમ થાય ત્યાં સુધી ત્યાંજ રહેજે, કારણ કે, બાળકને મારી નાંખવા સારૂં હેરોદ તેની શોધ કરવાનો છે.

એ મુજબની ચેતવણી મળતાં તે ઉઠયો અને બાળક તથા તેની માને લઈને મિસર ચાલ્યો ગયો અને તે ત્યાં હેરોદના મરણ સુધી રહયો.

જ્યારે હેરોદે જોયું કે, માગીઓએ મને ઠગ્યો છે ત્યારે તે ઘણો ગુસ્સે થયો અને માણસો મોકલીને તેણે જે વેળા માગીઓ પાસે ચોકસાઈથી ખબર મેળવી હતી, તે વેળા પ્રમાણે બે વર્ષના તથા તેથી નાના સઘળા બાળકો કે જેઓ બેતુલલહેમમાં તથા તેની આજુબાજુમાં હતા તે સઘળાને મારી નખાવ્યા.

રાજા હેરોદના મરણ બાદ ખુદાતઆલા તરફથી ફિરસ્તાએ આવી યુસુફને કહયું કે, તું ઉઠ અને બાળક તથા તેની માને લઈને યહુદાના બેતુલલહેમ દેશમાં જા કેમકે જેઓ બાળકનો જીવ લેવાની શોધ કરતાં હતા તેઓ મરી ગયા છે. સુચના મુજબ બાળક તથા તેની માને લઇને યહુદાના બેતુલલહેમાં આવ્યો. રાજા હેરોદ પછી તેની જગ્યાએ "યહુદા એન્ટીપાસ" આવ્યો. કહેવાય છે કે તે વખતે હ. ઇસા (અ.) ની ઉમર ૧૨ વર્ષની હતી.

હ. ઇસા (અ.) બાર વર્ષની ઉમરે બૈતુલમુકદ્દસ ગયા અને ત્યાં ધર્મગુરૂઓ સાથે શાસ્ત્રાર્થ કરી તેઓને મહાત કર્યા. સોળ વર્ષની ઉમર પછી ત્યાંજ પોતાનો વસવાટ કાયમ રાખ્યો અને લોકોને પોતામાં રહેલા ઉંડા તત્વજ્ઞાનનો પરીચય કરાવવા લાગ્યા. ૩૦ વર્ષ બાદ હ. ઇસા (અ.) પયગમ્બર તરીકે જાહેર થયા.

હ. ઇસા (અ.) ના જન્મથી લઇ ૩૦ વર્ષ પર્યંત હ. યાહયાએ લોકોને ધર્મબોધ કર્યો હતો અને તે સાથે હ. ઇશાના આવવાની આગાહી પણ કરતા રહયા હતા.

હ. યાહયાની વફાત બાદ જ્યારે હ. ઇસા (અ.) ૩૦ વર્ષના થયા ત્યારે તેમણે લોકોને મઝહબની દઆવત આપી મુરીદો બનાવવાનું કાર્ય હાથ ધર્યું.

ખ્રિસ્તીઓ હ. ઇસા (અ.) ને ખુદાના દીકરા તેમજ ખુદા તરીકે માને છે. તેમની એવી પણ માન્યતા છે કે, ખુદા પોતે ઇસાનું સ્વરૂપ ધારણ કરી આ જગતમાં માનવીઓને પાપનું પ્રાયશ્ચિત કરાવવા અને તેમનો ઉધ્ધાર કરવા આવ્યા છે. તેઓ બીબી મરયમને ખુદાની માતા તરીકે માને છે.

જ્યારે ઇસ્લામીઓ હ. ઇસાને અન્ય પયગમ્બરો જેવા પયગમ્બર હોવાનું અને ખુદાની કુદરતથી તેમનો જન્મ થયો હોવાનું માને છે અને જેઓ વખતના

પયગમ્બરના ફરમાન પ્રમાણે ચાલે તેઓ જ પાપથી મુક્ત બની નજાત મેળવશે ; એવી માન્યતા ધરાવે છે. બીબી મરયમ માટે ઇસ્લામીઓનો એવો મત છે કે, તેઓ એક પરહેઝગાર અને પાક બાનુ હતા; તેની પુજા અર્ચના કરવી એ એક પ્રકારનું શીર્ક છે.

ખ્રિસ્તીઓ હ. ઇસા (અ.) અને બીબી મરયમની મુર્તિઓ બનાવી પુજા કરે છે, જે ઇસ્લામની દ્રષ્ટિએ ગુનાહે કબીરા ગણાય છે.

## હઝરત ઇસા (અ.) નું પયગમ્બરી કાર્ય

હ. ઇસા (અ.) ૩૦ વર્ષની વયના થયા ત્યારે હ. યાહયા જેને બેપટીસ્ટ જોન પણ કહેવામાં આવે છે, તેમના પાસેથી મુસવી મઝહબની (હ. મુસાના મઝહબની) દિક્ષા લીધી હતી. હ. યાહયા, હ. મુસા (અ.) ની કિતાબ તૌરેત પ્રમાણે બોધ કરતા હતા.

હ. ઇસા (અ.) ના વખતમાં લોકો તૌરેતની આજ્ઞા પ્રમાણે નહિ ચાલતા ધર્મગુરૂઓના મનઘડીત સિધ્ધાંતો અને ક્રિયાઓ પ્રમાણે વર્તતા હતા અને હ. મુસા (અ.) ના ધર્મતત્વનું તદ્દન રૂપાંતર કરી નાંખ્યું હતું. હ. ઇસા (અ.) એ તે વખતના લોકોને અનુકુળ આવે તેવી નવી શરીઅત દાખલ કરી અને હ. મુસા (અ.) ના સિધ્ધાંતોને કાયમ રાખી તેમાં થયેલા બગાડાને દુર કરી, વાસ્તવીક માર્ગ દાખવ્યો અને શીખવ્યો હતો.

હ. ઇસા (અ.) ના હિદાયત કાળમાં યહુદિ ધાર્મિક સંપ્રદાયમાં એક "ફેરિસિ" અને બીજો "સૈડયુસિ" એવા બે વર્ગ હસ્તી ધરાવતા હતા. ફેરિસિઓ મોટા કર્મકાંડી હતા એટલે તેઓ ક્રિયાઓમાં રચ્યાપચ્યા રહેતા હતા; જ્યારે સૈડયુસિઓ તત્વજ્ઞાની અને સુધારક હતા. આમ બન્ને વર્ગ મુળ હ. મુસાના આદેશથી બહુજ દુર જઇ રહયા હતા. એ લોકો ધાર્મિક ક્રિયાઓ તેમજ તત્વજ્ઞાનની વાતો કરતા હોવા છતાં તેમના આમાલ અને આચરણ સારા નહિ હતા.

ફેરિસિઓ અને સૈડયુસિ વર્ગ ઉપરાંત એક પુજારીવર્ગ પણ હતો, જે સેનેગાગમંદીરમાં ધાર્મિક ક્રિયા કરાવતો. જે 'કોહેન' તરીકે ઓળખાતો હતો; ઉપરાંત બીજો એક શાસ્ત્રી વર્ગ પણ હતો જે શાસ્ત્રોનું વાંચન કરવા ઉપરાંત તેની સમજ આપવાનું કાર્ય પણ કરતો હતો. લોકો તેને "રબ્બી" ધર્મગુરૂ તરીકે સંબોધતા હતા.

અહિં એટલું જાણવું જરૂરનું છે કે, હ. યાકુબ પયગમ્બરની ઔલાદમાંથી

ઉતરી આવેલાઓને બની ઈસરાઇલ તરીકે ઓળખવામાં આવે છે, પણ રાજકિય કારણે હ. દાઉદ (અ.) ના ઝમાનામાં હ. યાકુબના એક પુત્ર યહુદા ઉપરથી યહુદીના નામે ઓળખાયેલા તેમજ તેમણે અલગ રાજ્યની સ્થાપના કરવાથી તેઓ યહુદીઓ તરીકે ઓળખાવા લાગ્યા હતા. ઈસરાઈલીઓ તેમજ યહુદીઓ હ. મુસા (અ.) ને માનનારા છે.

હ. ઇસાના ઝમાનામાં મુસવી મઝહબમાં ન્યાય કરનારી એકોતરી સભા હતી, જે લોકોનો ન્યાય ચુકવતી; પરંતુ તેની સત્તા માત્ર નામની જ હતી, કારણ કે, પેલેસ્ટાઇનમાં રોમન શહેનશાહ તરફથી ગવર્નરની નીમણુંક થતી અને સઘળી સત્તા તેની જ ચાલતી.

હ. ઇસા (અ.) ના વખતમાં એક દાણી વર્ગ હતો જે કર ઉઘરાવવાનો ઇજારો લઈ લોકો પાસેથી ભારે કર વસુલ કરતો. તે ઉપરાંત ભારે વ્યાજ વટાવનો ધંધો પણ ખુબ ધીખતો ચાલતો હતો. જેથી સીનેગાગની ઇબાદતગાહ વેપાર અને વેપારીઓથી ઘેરાયેલી રહેતી; મતલબ કે ઇબાદતગાહની હાલત બજારના રૂપમાં ફેરવી નાખવા જેવી કરી મુકી હતી.

યહુદીઓમાં કેટલાક કઢંગા રીવાજો ઘર કરી બેઠા હતા, જેવા કે આભડછેટ, વહેમી રિવાજો વગેરે અને ધર્મના નામે ધતીંગ દાખલ થઇ ગયું હતું. ધર્મ પાળનારાઓ પણ દંભી અને ઘમંડી બની ગયા હતા. આવી દરેક બદીઓનો નાશ કરી, ઝમાનાને અનુકુળ ધર્મ દાખવવાનું અને હિદાયત કરવાનું કામ હ. ઈસા (અ.) ને કરવાનુ હતું.

હ. ઇસા (અ) ઉપર ઇન્જીલ કિતાબ નાઝીલ થઇ હતી. હાલમાં તે કઈ કતાબ છે તે નકકી થઇ શકતું નથી. ખ્રિસ્તીઓ યાને ઈસાઇઓ બાયબલના નવા કરારને ઈન્જીલ તરીકે ઓળખાવે છે. હાલની ઇન્જીલને અંગ્રેજીમાં "ગોસ્પલ" કહેવામાં આવે છે, પરંતુ જે ઇન્જીલ વિષે કુરઆને શરીફમાં વર્ણન છે, જેની વાણી માત્ર ઈલાહીવાણી છે, તે હાલમાં દેખાડવામાં આવતી ઇન્જીલ હોય એમ સાબિત થતું નથી; કારણકે હાલની ઇન્જીલ ચાર ઇસ્મોની લખેલી છે, વળી તે જુદી જુદી રીતે લખાયેલી છે અને તેમાં કેટલીક હકીકતો એક બીજાથી તદ્દન ભિન્ન અથવા તો ઉલટી પણ જોવામાં આવે છે; ઉપરાંત તેમાં અમુક એક બાબતને ખુબ મહત્વ અપાયું હોય છે તો બીજામાં તે વિષે કંઇ પણ ઇશારો કે ખુલાસો દેખાતો નથી.

ગુજરાતીમાં ઇન્જીલને સુવાર્તા તરીકે ઓળખવામાં આવે છે અને તે હ. ઈસા (અ.) ની વફાત પછી આશરે એકસો વર્ષ બાદ કે તે દરમ્યાન ચાર જણાએ લખેલી છે. સુવાર્તાના લખનારાઓ હ. ઇસા (અ.) ની હયાતીમાં હસ્તીમાં હોય એવી કોઇ સાબિતી મળતી નથી પણ પાછળથી સાંભળેલી હકીકતો ઉપરથી તેઓએ લખ્યું હોય એમ જણાય છે; એમ છતાં હાલમાં ઇન્જીલ તરીકે બીજું પુસ્તક હસ્તીમાં નહી હોવાથી ઇસાઇઓ સાથે શાસ્ત્રાર્થ કરવા, તેમની માન્યતા પ્રમાણેની હાલની ઇન્જીલ કિતાબનો ઉપયોગ કરવામાં આવે છે. સુવાર્તા લખનારાઓના નામો આ પ્રમાણે છે. (૧) સેન્ટ મેથ્યુ (૨) સેન્ટ માર્ક (૩) સેન્ટ લ્યુક (૪) સેન્ટ જોન. એ ચારેની લખેલી સુવાર્તાને ઇન્જીલ ગોસ્પલ તરીકે ખ્રિસ્તીઓ ઓળખાવે છે.

હ. ઇસા (અ.) એ મઝહબના પ્રચાર અર્થે એક શિષ્યમંડળ સ્થાપવાનો વિચાર કર્યો અને તેને અમલમાં મુકવા પ્રથમ ગેલીલ પ્રાંતના સરોવર કિનારે આવેલા કેપરનામ શહેરમાં જઇ ત્યાંના લોકોને ઉપદેશ આપવા લાગ્યા. એ સરોવરને કાંઠે સાયમન ઉર્ફે પીટર જેને સમઉન તરીકે પણ ઓળખવામાં આવે છે તે તથા તેનો ભાઇ એન્ડ્રુ ધોબીનો ધંધો કરતા હતાં અને તેઓ હ. યુનુસના ફરઝંદો થતા હતા. તેમને સલામ કરીને તેણે કહ્યું કે, "કપડાં શું ધુવો છો? આવો હું તમને હૃદય ધોતા શીખવું." આ શીખામણની તેમના ઉપર અસર થઇ અને તેનામાં આસ્થા રાખીને તેઓ તેની પછવાડે ચાલી નીકળ્યા. ત્યાંથી આગળ વધતા માછીમારની હોડીમાં જેમ્સ બીન ઝબદી અને તેનો ભાઇ યાહયા ઉર્ફે જોન બીન ઝબદી કે જેઓ માછલા પકડતા હતા, તેમને હ. ઇસા (અ.) એ બોલાવીને કહયું કે, "આ માછલીઓ પકડવાને બદલે ચાલો આપણે વધારે સારા પ્રાણીઓ પકડીએ." અર્થાત મનુષ્યોને ઉપદેશ કરીએ. આ માછીઓ હઝરતની તેજસ્વી વાણી સાંભળી તેમના ઉપર ઇમાન લાવી, હોડી પોતાના પિતાને સુપ્રત કરી, હ. ઇસા (અ.) ની સાથે ચાલી નીકળ્યા.

હ. ઇસા મસીહ તેઓને સાથે લઈ કેપરનામની યહુદીઓની ઇબાદતગાહમાં ગયા અને એવી રીતે ધર્મબોધ આપવા લાગ્યા કે, જે રીતે અધિકાર સાથે કોઇ હુકમ કરતું હોય. આપના ઉપદેશની અસર લોકોના મન ઉપર એટલી ઉંડી ઘર કરી ગઇ કે લોકો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. ત્યારબાદ ત્યાંથી તેઓ સમઉનના ઘરે ગયા જ્યાં હઝરતે ઘણાં બીમારોને સારા કર્યા.

હ. ઇસા (અ.) ના અનેક મોજીઝામાંનો એ એક હતો કે, આપ માટીમાંથી

પતંગીયાના આકારના પક્ષીઓ બનાવતા અને તેમની અંદર ફુંક મારતાં એટલે તે હવામાં ઉડતાં અને અદ્રશ્ય થતાં ત્યારે મરી જઇ જમીન ઉપર પડી જતાં.

હ. ઇસા (અ.) ના ઝમાનામાં હકીમો ઘણા બુધ્ધીશાળી હતા. લોકોમાં તેમનો મોટો પ્રભાવ હતો. એ હકીમો ઇલાજ કરતાં તે મોજીઝા જેવો ગણાતો હતો અને તેને કારણે લોકોનાં આચાર વિચાર ઉપર અસર પડતી હતી. આવા સંજોગોમાં આ હકીમોના એવા આશ્ચર્યકારક કાર્યો તોડી પાડે તેવા શખ્સની જરૂરત હોવાથી અલ્લાહે હ. ઇસા (અ.) ને કરામતો આપી હતી.

તે અનુસાર આપનો બીજો મોજીઝો એ હતો કે, ગમે તેવા બિમારોને સારા કરતા અને મુડદાને જીવતા કર્યા હતા, તેમાં એક હ. નુહ (અ.) નો પુત્ર સામ હતો જે ચાર હજાર વર્ષ અગાઉ મરણ પામ્યો હતો.

એ ઉપરાંત થોડાક ખાણામાંથી હજારો માણસોને ખવડાવતા હતા, જેનો ઉલ્લેખ ઇરફ્હાની કુરઆનમાં આ પ્રમાણે મળી આવે છે.

એક દિવસ પોતાના શિષ્યોની અરજ ઉપરથી હ. ઇસા (અ.)એ ખોરાકનો ખુમ્ચો તેમને મોકલી આપવા ખુદાતઆલા પાસે દુઆ માંગી એટલે સૌના દેખતાં બે વાદળા વચ્ચેથી એક રાતો ખુમ્ચો તરત જ ઉતર્યો, જે તેઓની આગળ મુકવામાં આવ્યો એટલે હ. ઇસા (અ.) એ ઉભા થઇને વઝુ કર્યું, પ્રાર્થના કરી અને ખુમ્ચા ઉપર ઢાંકેલું કપડું ઉપાડી લીધું. શું શું ખાવાનું હતું તે માટે મુસલમાન લેખકોમાં જુદા જુદા મતો છે, પણ ઘણાએ કબુલ કરેલો મત એ છે કે, તેમાં ચરબી ટપકતી અને ભીંગડા તથા પાંખ વગરની એક તૈયાર તળેલી માછલી નજરે પડી. માછલીના માથા આગળ મીઠું અને તેની પુંછડી આગળ સરકો મુકેલો હતો અને તેની આસપાસ લસણ સીવાયના બધા ભાજીપાલા ઉપરાંત પાંચ રોટલા પણ હતા. જેમના એક રોટલા ઉપર જીત ફળનું તેલ, બીજા ઉપર મધ, ત્રીજા ઉપર માખણ, ચોથા ઉપર પનીર અને પાંચમાં ઉપર રાંધેલું માંસ હતું. તે વખતે હ. ઇસા (અ.)એ પોતાના શિષ્યોની વિનતીથી તેઓને એક વધુ ચમત્કાર દેખાડયો, તે એ હતો કે, હઝરતે તે માછલીને સજીવન કરી અને તેના ઉપર ભીંગડા તથા પાંખો લાવીને ફરી તેને તેની અસલ સ્થિતીમાં લાવ્યા. એ જોઇ પાસે ઉભેલાં લોકો ભય પામ્યા અને તેમાંથી કાંઇ ખાધું નહી. એટલે હ. ઇસાએ માંદા, અશક્ત અને ગરીબોને પોતાની પાસે બોલાવી એ ખાવા ફરમાવ્યું અને તે ખાધા પછી તે સઘળાની બીમારી જતી રહી. જો કે ૧૩૦ માણસોએ તેમાંથી ખાણું લીધુ હતું, છતાં ખોરાક જેટ-

લોને તેટલોજ બાકી રહયો હતો. ત્યારબાદ તે ખુમ્ચો તરત જ બધાના દેખતાં આસમાન તરફ ઉડી ગયો હતો અને જે લોકોએ તે ખોરાક ખાધો હતો તેઓ અશકિત અને માંદગીમાંથી મુકત થયા હતા. એ મુજબનું ખાવાનું ૪૦ દિવસ સુધી એકાંતરે ત્રણ વખત નીચે ઉતરતું અને ત્યાર પછી તે ખુમ્ચો આકાશ તરફ લઇ જવામાં આવ્યો. આશરે ૩૩૩ માણસો એને જાદુ છે એમ કહેવાથી અથવા બીજા મત પ્રમાણે તેમાંથી થોડોક ખોરાક ચોરી લેવાથી કુકકર બની ગયા હતા.

ઉપરાંત પાણી ઉપર ચાલવું, લોકોના શરીરમાંથી ભુતપ્રેત કાઢવા વગેરે અનેક પ્રકારના ચમત્કારો હ. ઇસા (અ.) એ દેખાડયા હતા, જેનું સવીસ્તર વર્ણન બાઇબલના નવા કરારમાં કરવામાં આવ્યું છે.

ચાર શિષ્યો બનાવ્યા બાદ કેપર નામના બંદર ઉપર જકાત ખાતાના કારભારી લેવી બીન અલફીઅસ જેને સેન્ટ મેથ્યુ કહે છે તેને હ. ઇસાએ હિદાયત કરી એથી તે પણ તેમની સાથે ચાલી નીકળ્યો. ત્યારબાદ તેમણે જેમ્સ બીન અલફીઅસ, યહુદા બીન અલફીઅસ, સમઉન કનઆની, યહુદા સહરયુતા, થોમસ, ફીલીપ, બારથો લોમીઓ એમ બાર જણાનું શિષ્યમંડળ બનાવ્યું, જેને હવ્વારીયુન તરીકે ઓળખવામાં આવે છે.

હ. ઇસા (અ.) પેલેસ્ટાઇનના નાના મોટા દરેક ગામડામાં ફરતાં અને પોતાની સાથે હવ્વારીયુનને પણ ફેરવતાં અને તેની પાસેથી પણ હિદાયત કરાવતા હતા. હ. ઇસા ઘણા ભાગે ગરીબ મજુર વર્ગના લોકોને ઉપદેશ આપતાં અને પાપી પતિત થયેલાઓને પણ હિદાયત કરતા હતા અને તેઓના પાપની માફી આપી દિક્ષા આપતા. તેઓશ્રી કોઈની આભડછેટ રાખતા નહિ.

એક વખત એક ફેરિસીએ હ. ઇસાને હવ્વારીયુન સહીત જમણની દઆવત આપી. જમણ લીધા બાદ ત્યાં એક હલકો ધંધો કરનારી સ્ત્રી આવી ઝાર ઝાર રડવા લાગી, એટલે સુધી કે તેણીએ પોતાના આંસુઓથી હઝરતના પગ ભીંજવી નાંખ્યા. ત્યારબાદ તેને ખ્યાલ આવ્યો કે, પોતાના કલુષિત આંસુથી હઝરતના ચરણો અપવિત્ર થયા હશે એમ માની તે સ્ત્રીએ પોતાના માથાના વાળથી આપના પગને સ્વચ્છ કરી પોતે કરેલા પાપો માટે તૌબા કરવા લાગી, તેથી આપે તેનાં સઘળા પાપો માફ કર્યા, જે ત્યાં બેઠેલા આમ વર્ગના માણસોને રચ્યું નહિ. એટલે કહેવા લાગ્યા કે, આવી પાપી સ્ત્રીના ગુનાહ કેમ માફ થાય ?

તેના જવાબમાં હ. ઇસા (અ.) એ ફરમાવ્યું કે, એક શેઠના બે કરજદાર

હોય જેમાં એક પાંચસોનો અને બીજો પચાસનો દેવાદાર હોય. એ બન્નેને જો માફ કરવામાં આવે તો તેમાંથી વધુ ખુશી કોણ થશે ?

હવ્વારીયુનમાંથી સાયમને કહયું કે, પાંચસોનો દેવાદાર વધુ ખુશ થાય.

હ. ઇસા (અ.) એ જણાવ્યું કે, તેજ મુજબ આ સ્ત્રીએ વધુમાં વધું પાપ કર્યાં છે, પણ તેને માફ કરવાથી તે કેટલી બધી ખુશ થઈ? ત્યારબાદ હ. ઇસાએ તે સ્ત્રીને દિક્ષા આપી મઝહબમાં દાખલ કરી.

ત્યારબાદ લોકોએ એક ઝારકર્મી સ્ત્રીને પકડી લાવી હ. ઇસા (અ.) પાસે હાજર કરતાં કહયું કે, આ ઝારકર્મી સ્ત્રી છે અને તેને પત્થરથી મારી નાંખવી જોઇએ, એવું હ. મુસાના નિયમ શાસ્ત્રમાં લખેલું છે; માટે તે વિષે આપનો શું અભિપ્રાય છે? પુછનારાઓની મુરાદ એવી હતી કે હ. ઇસા, હ. મુસાના શાસ્ત્રથી વિરૂધ્ધ મત ઉચ્ચારતાંજ તેમની ઉપર અધર્મી હોવાનું તહોમત ચડાવવું. હ. ઇસા (અ.) એ ઉતર આપતાં ફરમાવ્યું કે, તમારૂં કહેવું બરાબર છે, માટે તમારામાંથી જે કોઈ નિષ્પાપી હોય તેણે આ સ્ત્રીને પ્રથમ પત્થર મારવો. એ સાંભળી આવનારાઓ એક પછી એક ત્યાંથી ચાલ્યા ગયા, કારણ કે તેઓમાં કોઈ પણ જાતનું પાપ કર્યું ન હોય એવો એક પણ શખ્સ હતો નહિ.

પેલી સ્ત્રીને ત્યાંજ બેઠેલી જોઈ હ. ઇસાએ ફરમાવ્યું કે, અય બાઈ! તું હવે તારે ઘેર જા અને હવેથી પાપના કામો કરીશ નહિ.

હ. ઇસા (અ) નો ઉપદેશ ઢોંગી ધર્મગુરૂઓ, લોકોને ચુસનારા બ્યાજખાઉ શ્રીમંતો અને અંધશ્રધ્ધાળુ કર્મકાંડીઓ વિરૂધ્ધ હંમેશા થતો હોવાથી તેઓ બહુજ રોષે ભરાતાં અને આપના ઉપદેશનો અનર્થ કરી કોઈ પણ રીતે આપને રાજદ્રોહી કે ધર્મદ્રોહી ઠેરાવવા મથતા હતા.

હ. ઇસા (અ.) જે ઉપદેશ કરતાં હતા તેનો સાર એ હતો કે, લોકોમાં મોટામાં મોટો તે ગણાય કે જે લોકોનો નોકર થઈ રહેવા કબુલ કરે. જે કોઈ પોતાને મોટો કહેવડાવવાની કોશીશ કરતો હોય તે હલકોજ ગણાય, જે કોઈ નમનતાઇથી ચાલતો હોય તેજ ખરી રીતે મોટો માણસ છે.

અફસોસ! ઓ કાઝીઓ! અને ધર્મઢોંગીઓ! તમે યતીમ અને વિધવાના માલને પણ ખાઈ જાઓ છો અને નેક દેખાવા માટે લાંબી લાંબી ઇબાદત કરો છો પણ ખચ્ચીત સાનજો કે આવા કામ કરનાર જહન્નમમાં જશે.

અફસોસ ! એ આંધળાઓ ! તમારી પાસે જે સચ્ચાઇથી વર્તે તેનો કંઇ હિસાબ નથી પણ જે તમને સોનાના ચાંદલા કરે છે તેજ નેક છે એમ માનો છો.

અફસોસ ! એ આંધળા ભોમિયાઓ ! તમે આંખની કીકી જેવી વસ્તુ માટે ઇમાનદારી બતાવો છો પણ હાથીઓને હજમ કરી જાઓ છો. તમારી પાઘડી સફેદ અને ચોખ્ખી છે પણ તમારૂં અંદરનું દિલ લોકો પાસેથી નીચોવેલા અને જુલ્મોથી લીધેલા પૈસાથી ગંદુ થઈ ગયું છે.

અફસોસ એ કાઝીઓ અને ઉલમાઓ ! તમે સફેદ ચુનો લગાવેલા ઉજળા કુબા જેવા છો, જે દેખાવમાં ઘણા શોભીના છે પણ તેની નીચે મરેલા માણસોના હાડકા ભરેલા છે.

આવા અનેક પ્રકારના સત્ય ઉપદેશથી યહુદી ધર્મગુરૂઓ, ધર્મ ઢોંગીઓ અને શ્રીમંતોનો રોષ ભભુકી ઉઠયો હતો અને જેમ તેઓએ હ. યાહયા પયગમ્બરનો વધ કર્યો હતો તેમ હ. ઈસા (અ.) ને મારી નાંખવાનો લાગ પણ તેઓ શોધી રહયા હતા.

હ. ઈસા (અ.) ના વખતમાં જે હવ્વારીયુન હતા તેઓમાં અગ્રગણ્ય તરીકે સેન્ટ પીટર ઉર્ફે સમઉન અસસફા હતા. તેઓ હ. ઈસા (અ.) પછી ઇન્જલ કિતાબ પ્રમાણે અથવા તેમના ઉપદેશ ઉપરથી તારવેલા સિધ્ધાંતો મુજબ મઝહબનો પ્રચાર કરતા હતા. હ. સમઉન (અ.), હ. મુસાના નીયમ શાસ્ત્ર પ્રમાણે તેમજ હ. ઇસા (અ.) ના આદેશ અનુસાર સુન્નત (ખત્ના) કરવાનો ઉપદેશ કરતા હતા; પણ સેન્ટ પોલ અને ધર્મ પ્રચારકો તેમનાથી વિરૂધ્ધ પ્રચાર કરતા હતા. મતલબ કે હાલના ઈસાઇ ધર્મના જે સિધ્ધાંતો છે, તે સેન્ટ પોલ અને તે પછીના ધાર્મિક પ્રચારકોના પ્રચાર અનુસારના જોવામાં આવે છે. તેની સાબીતી એ છે કે હાલના ખ્રિસ્તીઓ સુન્નત કરાવતા નથી, જ્યારે સુન્નત કરાવવી એ તેમના ખરા ધાર્મિક યકીદા પ્રમાણે તેઓ ઉપર ફરજ છે.

જ્યારે એક તરફથી ધર્મગુરૂઓ હ. ઈસા (અ.) ને શહીદ કરવાની કોશીષમાં હતા, ત્યારે હઝરત જેરૂસલમ આવીને ઉપદેશ દેવા લાગ્યા કે, તમે મને ગોતી નહિ શકો, જ્યાં હું રહું છું ત્યાં તમે પહોંચી નહિ શકો, હું યહુદીઓના પુર્વજોના પહેલાનો છું. આ મંદીરને તોડીને ફરીથી બાંધી શકું છું. આવા ગુઢાર્થભર્યા આધ્યાત્મિક ઉપદેશને ધર્મગુરૂઓ, ફેરિસિઓ તેમજ અન્ય લોકો સમજી ન શકયા, જેથી આપના ઉપર અનેક જાતના તહોમતો ચડાવવા લાગ્યા.

એટલામાં પાસ ઓવરનો તહેવાર આવ્યો. તે દિવસની સાંજે યહુદી લોકો ઘેટાના બચ્ચાની કુરબાની કરે છે અને બીજા સાત દીવસ સુધી ખમીર વગરની રોટલી ખાય છે. તેને (The day of unleaveued bread) પાસ ઓવરના તહેવારો કહેવામાં આવે છે. એ તહેવારો હ. મુસા (અ.) જે દિવસે મિસરથી રવાના થયા, તેની આગલી સાંજે હ. મુસાના હુકમ મુજબ કરેલી કુરબાની અને તેનો ભુંજેલો ગોસ્ત અને ખમીર વગરની રોટલી જે સફરમાં સાથે લેવામાં આવી હતી. તેની યાદદાસ્ત જાળવી રાખવાની છે.

હ. ઈસા (અ.) આ વખતે પોતાના સાથીઓ સહીત બીથાની નામના ગામડામાં હતા. આપને આપના સાથીઓએ પુછ્યું કે, આજે સાંજે પાસ ઓવરનો તહેવાર છે તો ખાણુ ક્યાં લેશું ? ઇસા મસીહે જણાવ્યું કે, જેરૂસલમમાં ફલાણા શખ્સને ખબર આપો કે, મારો દિવસ આવી પહોંચ્યો છે માટે આજે સાંજે તમારે ત્યાં ખાણું લઇશું.

તે મુજબ હ. ઈસા (અ.) પોતાના ૧૨ સાથીઓ સાથે સાંજના સમયે તેના ઘરે ગયા અને ખાણું લેવા બેઠા. તે વખતે આપે જણાવ્યું કે, ખચીત તમારામાંથી એક જણુ મને દગો દેશે.

હ. ઈસા (અ.) ની આગાહી સહરણુતા માટે હતી અને તે સાબીત થઇને જ રહી, કારણ કે રાત્રીતું ખાણું લઇ સહરણુતા ગામમાં ગયો, જ્યારે હ. ઈસા (અ.) ત્રણ હવ્વારીયુનને લઇ ઓલીવની ટેકરી ઉપર ગયા, જ્યાં આખી રાત ઈબાદતમાં ગુજારી અને પરોઢીએ જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે સહરણુતા સાથે વડા ધર્મગુરૂના માણસો હ. ઈસા (અ.) ને પકડવા આવ્યા હતા. તેઓ હઝરતને પકડી વડા ધર્મગુરૂ કેફા પાસે લઇ ગયા.

કેફાએ હ. ઇસા (અ.) ની વિરૂધ્ધમાં શું કહેવું તે વિષે લોકોને સવાલો પુછ્યા અને પછી કેસ ચલાવવામાં આવ્યો. આવો કોઇ પણ મુકરદમો ચલાવવાને એકોતેરી સભા ભરાતી, જેનો છેવટનો ફેંસલો વડો ધર્મગુરૂ આપતો. પુછપરછ ઉપરથી લોકોએ જણાવ્યું કે, આ શખ્સ અમારી ધાર્મિક લાગણી દુ:ખવે છે તેથી અમો ઘણા ઉશ્કેરાઇ ગયા છીએ. તે અમારા ધર્મગુરૂ માટે એવા શબ્દો બોલે છે જે અમારાથી સહન થતા નથી માટે તેને સજા થવી જોઇએ અને સુળીએ ચડાવી તેનું માથુ ઉતારી લેવું જોઇએ.

વડા ધર્મગુરૂ અને આગેવાનોએ હ. ઈસા (અ.) ઉપર તહોમત મુકી,

તેમને મોતની સજા કરવાનો ઇરાદો કર્યો પણ પોતાને તેવી સજા કરવાનો અખત્યાર નહિ હોવાથી અને તે માટે રોમન ગવર્નરની રજા મેળવવી જરૂરી હોવાથી હ. ઇસા (અ.) ઉપર તહોમત મુકવામાં આવ્યુ કે, તેઓ રાજદ્રોહી છે કારણ કે તે રોમન સત્તા ઉથલાવી નાંખી પોતે બાદશાહ થવા ઇચ્છે છે, હઝરતના ઉપર આવા આરોપો મુકી તેમને કેદ કરી રોમના ગવર્નર 'પોનટસ પાઇલેટ' પાસે મોકલી દેવામાં આવ્યા. પોનટસે વડા ધર્મગુરૂ અને લોકોની ખ્વાહેશ પ્રમાણે હ. ઇસા (અ.) ને શુળીએ ચડાવવાની શિક્ષા ફરમાવી.

ખ્રિસ્તીઓના મત પ્રમાણે હ. ઇસા (અ.) ને જ્યારે શુળી ઉપર લઇ જવામાં આવ્યા ત્યારે અને આપનો કેસ ચાલ્યો તે વખતે સઘળા હવ્વારીયુનો આપનો ત્યાગ કરી નાસી છુટયા હતા. માત્ર પીટર સભાગૃહની બહાર શું થાય છે તે જોવા ઉભો રહયો હતો, એટલામાં કોઇને ખબર પડી કે પીટર બહાર ઉભો છે એટલે તરતજ એક જણે કહયું કે, આ માણસ પણ ઇસાની સાથે રહી તેના કામમાં મદદ કરતો હતો. એ સાભળી પીટરે ફરી ફરીને ત્રણ વખત કહયું કે, ઇસા કોણ છે તેની મને ખબર નથી.

આ માટે ચોખવટ કરતાં 'માત્થી' પોતાની બાયબલમાંની સુવાર્તામાં આ પ્રમાણે લખે છે. "ત્યારે ઇસુ તેઓને કહે છે કે, તમે સૌ આજ રાત્રે મારા સંબંધી ઠોકર ખાશો. ત્યારે પીટરે ઉત્તર દેતાં કહયું કે, જો બધા સંબંધી ઠોકર ખાશે, તો પણ હું ઠોકર નહિ ખાઇશ. ઇશુએ તેને કહયું કે, હું તને ખચિત કહું છું કે આજ રાત્રે મુરઘો બોલ્યા પહેલાં ત્રણ વખત તું મારો નકાર કરીશ. પીટર તેને કહે છે, જો તારી સાથે મારે મરવું પડે તો પણ હું તારો નકાર નહિજ કરીશ.

કેટલાક ઇસ્લામી તવારીખનવેશોનું માનવું છે કે, હ. ઇસા (અ.) ને શુળીની શિક્ષા થઇ, છતાં તેઓ કેદખાનામાંથી તો અણીસુધ્ધ બચવા પામ્યા હતા અને તેમના બદલે યહુદા સહરયુતા જે હઝરતને પકડાવવા આવ્યો હતો, તેનો ચહેરો કુદરતી બદલાઇ જતાં, તેને હ. ઇસા સમજી શુળી ઉપર ચડાવી દેવામાં આવ્યો હતો. જ્યારે હઝરત ત્યાંથી સલામત સ્થળે જતાં રહયા હતા અને એજ જીસમથી આસમાન ઉપર ચાલ્યા ગયા હતા એવો ઉલ્લેખ મળી આવે છે. ઇસ્લામીઓના બીજા મત પ્રમાણે હ. ઇસા (અ.) ની તુરબત કાશ્મીર ખાતે શ્રીનગરમાં હોવાનું જણાવ્યું છે.

હ. ઇસા (અ.) ને શુળી અર્થાંત ક્રોસ ઉપર ચડાવી શહીદ કર્યા બદલ ખ્રિસ્તી તથા મુસલમાનોમાં મતભેદ છે અને તે વિષે ખ્રિસ્તી પાદરી અને ઇસ્લામી

મોલવીઓ વાદવિવાદ કરી, પોતપોતાના મતમાં મકકમ રહે છે. કુરઆને શરીફ સુરા અનનિસા આયાત ૧૫૭માં ખુદાતઆલાએ ફરમાવ્યું છે કે :-

" અને તેઓ કહે છે કે, ખચિત અમોએ મસીહ ઇસા ઇબ્ને મરયમને કત્લ કર્યા, પણ તેઓએ તેમને કત્લ કર્યા નથી, ને શુળી પણ આપી નથી ; પણ તેઓ તે બાબત વહેમમાં જ રહયા છે અને જેઓ એ વાતમાં મતફેર રાખે છે, તેઓ માત્ર શકના સબબથી. (યાને શંકાશીલ બની વાદવિવાદ કરે છે.)"

હ. ઇસા (અ.) ૩૬ વર્ષની ઉમર ભોગવી વફાત પામ્યા હતા, અથવા આસમાન ઉપર ચાલ્યા ગયા હતા. તેઓ ખરી રીતે ૩૦ વર્ષની ઉમર બાદ પયગમ્બરી કાર્ય કરી દીને ઇલાહી માટે સતત ૭ વર્ષ મહેનત કરી દઆવતનું કાર્ય કરી, પોતાનાં પુર્વજો હ. મુસા તથા હ. ઇબ્રાહીમ (અ.) ના આદેશોને નવા સ્વરૂપમાં રજુ કરી અસલનો જુનો મઝહબ કાયમ કર્યો હતો, પરંતુ પાછળથી હ. ઇસાના આદેશોને ફેરવી નાંખી ઇસાઇઓએ મઝહબની મનઘડીત રીતે સ્થાપના કરી, નવીન ઇસાઈ ખ્રિસ્તી ધર્મ ઉત્પન્ન કર્યો છે.

એટલે ઇસ્લામની માન્યતા પ્રમાણે જ્યારે કયામતનો દીવસ આવશે ત્યારે દજ્જાલ પ્રગટ થશે અને આખી આલમને ગુમરાહ બનાવી દેશે ત્યારે ઇમામ મહેંદી જાહેર થશે. તે સાથે હ. ઇસા (અ.) દીને મોહમદી યાને ઇસ્લામનાં અકીદા સાથે ફરી દુનીયામાં આવશે અને ૪૦ વર્ષ સુધી લોકો સાથે રહેશે. જે બાદ તેઓશ્રી ઇન્તેકાલ ફરમાવશે.

હ. ઇસા (અ.) ને હિબ્રુ ભાષામાં "યોશુઆ" અથવા "યશુઅ" કહેલ છે જેનો અરબ લોકો અપભ્રંશ કરી "ઇસા" અને ગ્રીક લોકો (Jesus) ઉચ્ચાર કરે છે. મસીહાનો અર્થ "તેલ ચોપડી અભીષેક કરવો" એવો થાય છે. હિબ્રુ ભાષામાં "મસીહા" અને ગ્રીકમાં "ક્રાઇસ્ટ" કહે છે. જ્યારે અંગ્રેજીમાં ક્રાઇસ્ટનો અર્થ (Anointed) એટલે તેલ ચોપડી અભિષેક કરેલો થાય છે. ખ્રિસ્તીઓ યુવરાજ અથવા ગાદીવારસ એવો અર્થ કરે છે. મસીહાનો અર્થ મુડદાને સજીવન કરનાર પણ થાય છે.

## હ. ઇસા (અ.) અને જમજમા બાદશાહની ખોપરી

"કસસુલ અંબિયા" માં જણાવ્યું છે કે, એક વખત હ. ઇસા (અ.) શામ દેશની વેરાન ભુમી ઉપરથી જઈ રહયાં હતા ત્યારે માર્ગમાં માણસના માથાની એક જુની ખોપરી આપના જોવામાં આવી; એ જોઈ હ. ઇસા (અ.) એ ખુદા-

તઆલાની દરબારમાં અરજ ગુજારી કે, "યા બારીતઆલા! આ ખોપરીને વાચ્યા બક્ષ કે જેથી તે મારી સાથે વાતચિત કરે." ખુદાતઆલાએ ફરમાવ્યું કે, અય ઇસા! તું એને જે જે પુછશે તેનો તે જવાબ આપશે.

હ. ઇસા (અ.) એ કહયું કે, અય ખોપરી? ખુદાના હુકમથી બોલ! ત્યારે ખોપરી બોલી, "અશહદો અન લાઇલાહા ઇલ્લાહ વ અશહદો અન્ન ઇસા રૂહ અલ્લાહ" અને તેણે વધુમાં કહયું કે, હું બાદશાહ જમજમા, સખી મર્દ, સૈયદ અને પસંદ કરાએલો હતો. અનેક બાદશાહ મારા તાબામાં હતા. હું દુનીયાની દૌલત, જાહોજલાલી અને ઇજ્જતથી ભરપુર હતો. અય પયગમ્બરે ખુદા! જો હું મારી જાહોજલાલીની વિગત રજુ કરૂં તો આપ તાજુબ થશો, કારણ કે મેં શાનોશૌકત સાથે ચારસો વર્ષ બાદશાહી કરી હતી. આવી રીતે તેણે પોતાની હયાત જીંદગીમાં બનેલા બનાવોની વધુ હકીકત રજુ કરતાં કહયું કે, હું દરરોજ ફકીર અને મોહતાજોને દીનાર આપતો, ભુખ્યાઓને ભોજન તથા નાગાઓને વસ્ત્ર આપતો હતો અને હું બુતપરસ્ત હતો. મારા મૃત્યુને આજે સો વર્ષ વિતી ચુકયાં છે.

મારી હયાતી દરમ્યાન એક દીવસ એવું બન્યું કે, હું બેઠો હતો તે અરસામાં ગરમીની મોસમ ચાલુ હતી. તે વખતે મારા શરીરમાં સુસ્તી પેદા થઈ, તે સાથેજ હું પારાવાર બેચેની અનુભવવા લાગ્યો, એટલે પથારીમાં જઈ પડયો. તરતજ મેં મારા નોકરોને કહયું કે, મારો ઉપચાર કરો, તેવાજ મહાન અને મોટા અફલાતુન હકીમો મારા ઈલાજ માટે કામે લાગી ગયા, પણ તેમનાં ઈલાજો મારા માટે કારગત નીવડયા નહિં.

આમ ચાર દીવસ તો જેમ તેમ નીકળી ગયા અને પાંચમા દીવસે મારી હાલત ઘણી ગંભીર બની ગઈ અને મારી ઝબાન બંધ થઈ ગઈ, મોઢું કાળું પડી ગયું, શરીર કંપવા લાગ્યું, આંખની રૌશની ચાલી ગઈ અને હું બેહોશ થઈ ગયો. બેહોશીવાળી સંકરાત દરમ્યાન મારા સામે એક શખ્સ યાને મલકુલ મૌત દેખાણો કે જેની શિકલ ઘણીંજ ભયંકર હતી અને તેને અનેક બિકાળ મોઢા અને અનેક હાથ હતા. તેમે જોતાં જ હું ભયતીત બની ગયો અને ગીરીયા-ઝારી તથા કાલાવાલા કરવા લાગ્યો, પણ તેણે મારૂં કંઈ સાંભળ્યુ નહિ. તેની સાથે બીજા પણ મવક્કલ યાને તાબેદાર ફિરસ્તા હતા. તે બધાના હાથમાં, અગ્નિ ઝરતાં ગુરઝ અને તિક્ષણ હથિયારો હતા, જે વડે તેઓ મારા ઉપર તુટી પડયા, અને મારા આખા શરીરની નસો તથા તંતુઓમાંથી મારો જીવ ખેંચવા લાગ્યા. અય

પયગમ્બરે ખુદા! મારા શરીરમાંથી પ્રાણ નીકળતા મને એવી અસહ્ય વેદના થઈ કે જાણે કોઈ ઝીણા કપડાંને કાંટાળા ઝાડ પર બીછાવ્યા પછી, તેના એક છેડાને ખેંચતા જેમ કપડાનો તાંતણે તાંતણો ખેંચાઇ પીંખાઈ છુટો પડી જાય છે તેવી રીતે મારા જીવને કબ્ઝ કરવામાં આવ્યો.

વળી થોડીકવાર પછી મારો પ્રાણ ફરી દેહમાં દાખલ થયો ત્યારે મેં પોતાને કબરમાં જોયો. તે સાથે મુનકીર અને નકીર ઉપરાંત બીજા અઝાબ દેનારા ફિરસ્તાઓને જમીન ચીરી મારી પાસે આવતા મેં જોયા, તેવો જ હું ગભરાઇ ગયો. તે પછી તેઓએ મને કહ્યું કે, તે જે નેકી બદી કરી છે તે લખ અને તેની મજાહ ચાખ. મેં દુનિયામાં જે જે કામો કર્યાં હતા, તે સઘળા મને ત્યારે એક પછી એક યાદ આવવા લાગ્યા, જેને મેં મારી આંગળીથી આબે દહન યાને મોઢાના થુંક વડે મારા કફન ઉપર લખ્યા.

ત્યારબાદ તેઓએ મને સાત સવાલો તોહિદ યાને ખુદાની એકતા અર્થાત ખુદા એક છે એ વિષે પુછયા. જેના જવાબો હું આપી શકયો નહિ. મને નિર-ઉતર યાને લાજવાબ થયેલો જોઈ તેઓ અગ્નિના ગુરઝો મારી મને તકલીફ આપવા લાગ્યા. મેં આવું દુઃખ નહી આપવા ઘણી ઘણી આજીજી કરી પણ તેની તેઓ ઉપર કાંઇ અસર થઇ નહિં. ત્યારબાદ તે ખોપરીએ પોતા ઉપર મૌત દરમ્યાન અને પછી એક પછી એક જે જે દુઃખો પડયા હતા તેનું વિસ્તારીને વર્ણન કર્યું.

ખોપરીની આ હકીકત સાંભળી હ. ઈસા (અ.) પુકારીને હૃદયને હચમચાવી મુકે એવી રીતે ખુબ રડયા એટલે સુધી કે તેઓશ્રી બેહોશ થઇ ગયા; પછી જ્યારે હોશમાં આવ્યા ત્યારે એજ જુની ખોપરીએ પોતાની અધુરી કથનીને આગળ ચલાવતા કહયું કે, અય પયગમ્બરે ખુદા! મેં દુનિયામાં કંઇક સવાબના કામો પણ કર્યાં હતા. ભુખ્યા તરસ્યાઓને ખવડાવ્યું હતું, નાગાઓને શરીર ઢાંકવા વસ્ત્રો આપ્યા હતા અને ગરીબ મહોતાજોની હાજતો પુરી પાડી હતી. એ પુન્યના પ્રતાપે આજે ખુદાતઆલાએ આવી વેરાન જગ્યામાં મને આપની માનભરી મુલાકાતનો લાભ આપ્યો છે અને તે પણ એટલા માટે કે, મારા જેવા અધમ અને ગુનેહગારના હાલ ઉપર આપને દયા આવે અને આપ ઇલાહિ દરબારમાં દુઆ કરો કે જેથી મારો છુટકારો થાય.

યા નબીયુલ્લાહ! હું ઇલીયાસ નબીની કોમમાંથી છું. હવે આપ આ ગુનેહગારના હકમાં દુઆ કરો કે જેથી ખુદાવંદે આલમીન મને આઝાબમાંથી છુટકારો આપે અને ફરી મને જીવતો કરી દુનિયામાં મોકલે.

ત્યારબાદ હ. ઇસા (અ.) એ તેના હકમાં ખુદાતઆલાની હુજુરમાં દુઆ માંગી. ઇલાહિ દરબારથી હુકમ થયો કે, અય ઇસા! રોઝે અઝલમાં લખ્યું છે કે, તારી દુઆથી હું તેને જીવતો કરીને ફરી દુનિયામાં મોકલીશ અને હું તેને આઝાબથી મુકત કરીશ; કારણ કે દુનિયામાં તે એક સખી હતો. હ. ઇસા ઇલાહી પયગામ સાંભળી ખુદાનો શુક્ર અદા કર્યો અને પ્રસન્ન થઇ જમજમા બાદશાહની ખોપરી ઉપર દુઆ માંગી કે તરતજ તેનું શરીર તૈયાર થઇ ગયું અને જમજમા જીવતો થઇ બોલી ઉઠયો, "અશહદો અન્ન લાઇલાહા ઇલ્લાહ વ અશહદો અન્ન ઇસા રૂહ અલ્લાહ."

ત્યારબાદ જમજમા દુનિયા ઉપર ૮૦ વર્ષ જીવતો રહી, ઇબાદતે ઇલાહીમાં હંમેશા મશગુલ રહેવા લાગ્યો અને તેણે માત્ર એક અલ્લાહ ઉપર ઇમાન રાખી નેકીના કાર્યમાં જીંદગી પસાર કરી અને છેલ્લા દમ સુધી સાચા રસ્તા ઉપર મુસ્તકીમ રહી દુનિયાનો ત્યાગ કર્યો. જેથી ખુદાવંદે કરીમે તેના ગુનાહ માફ કર્યા અને તે જન્નતનશીન થયો.

ખાતેમુલ અંબીયા

# હ. મોહમ્મદ મુસ્તફા રસુલ

## ( સ. અ. વ. )

ખાતેમુલ અંબીયા હ. મોહમ્મદ મુસ્તફા રસુલ (સ. અ.) ની જન્મભુમિ અરબસ્તાન છે, આથી આ પ્રકરણમાં હ. રસુલ કરીમના જીવન અને કાર્યની રૂપરેખા રજુ કરવા પહેલાં આપના આગમન પુર્વેની આરબ પ્રજાની સ્થિતિ અને તેની જીવન પધ્ધતિનો ટુંકમાં ઉલ્લેખ કરવો જરૂરી છે.

હ. મોહમ્મદ મુસ્તફા રસુલ (સ. અ. વ.) ના જીવનવૃતાંતને સમજાવવા આવું એક બીજું પુસ્તક પણ પુરતું નથી. અહીં આપના જીવનની આછી રૂપ-રેખા રજુ કરવાની હોઈ, આપના જીવનના કેટલાક મહત્વના પ્રસંગો અતિશય ટુંકાવીને રજુ કર્યા છે. ખાતેમુલ અંબીયા હ. મોહમ્મદ મુસ્તફાના જીવનવૃતાંતના ગુજરાતી ભાષામાં અનેક પુસ્તકો છે, જે વાંચી સંપુર્ણરીતે જાણકાર થવું જોઇએ.

## હ. મોહમ્મદ મુસ્તફા રસુલ (સ. અ. વ.)ના આગમન પુર્વેનું આરબ પ્રજાનું જીવન.

અરબસ્તાનમાં વસવાટ કરતી આરબ પ્રજા શુરવીર, ટેકીલી અને ખડતલ હોવા છતાં હ. રસુલ કરીમના આગમન પુર્વે અશિક્ષિત અને બીન કેળવાએલી હોઇ તે સમયની તેમની રહેણીકરણી, જીવનપધ્ધતિ અને ધાર્મિક રીવાજો ખુબ ધ્રુણાસ્પદ અને માનવતા વિરૂધ્ધના હતા.

તે સમયે આરબો જુદા જુદા કબીલાઓમાં વહેંચાએલા હતા. કબીલા કબીલા વચ્ચે વંશપરંપરાગત વેરભાવ ચાલ્યા આવતા હતા. આ કારણે આરબોમાં હમેશાં આપસમાં ટંટા ફિસાદ અને લડાઇઓ થયા કરતી હતી. આવા ટંટા ફિસાદ અને લડાઇઓમાં જ આરબોની સઘળી શકિત ખર્ચાઇ જતી હતી.

ઈ. સ. ની છઠ્ઠી સદી સુધી અરબસ્તાનમાં કોઇ એક રાજસત્તા નહોતી. આ સમયે સંખ્યાબંધ નાની મોટી સત્તાઓ સ્થાપાતી અને વિલીન થઇ જતી. આમ દેશના વહીવટમાં અંધકાર અને અંધાધુંધી હોવાથી આરબોને કોઇ કાબુમાં રાખે તેવી મહાસત્તા હસ્તી ધરાવતી ન હતી.

સામાજિક અને નૈતિક રીતે આરબો જે જીવન જીવતા હતા તે ઉપરથી તેઓની ઘોર અજ્ઞાનતા જણાઇ આવતી હતી. સ્ત્રીઓની હાલત તે સમયે ખુબ દયાજનક હતી. સ્ત્રી સનમાનનો સંપુર્ણપણે નાશ થયો હતો. આરબો સ્ત્રીઓ સાથે હલકો અને તિરસ્કારયુકત વર્તાવ કરતા હતા. તેઓને ત્યાં જ્યારે પુત્રીનો જન્મ થતો તો તેને મારી નાંખવા સુધીની હદે પહોંચતા હતા. પોતાની પુત્રી બીજાને ઘરે જાય અને પોતાનો કોઈ જમાઇ થાય એ બાબતને તેઓ હિણપદ માનતા હતા.

અરબસ્તાનમાં ગુલામગીરીનો કનિષ્ટ રીવાજ સામાન્ય રીતે જોવામાં આવતો. આવા ગુલામ પુરૂષો સાથે નિર્દયતાભર્યો વરતાવ રાખવામાં આવતો હતો. સ્ત્રીઓને વારસામાં કંઇ હકક મળતો નહિ. પુરૂષ અનેક સ્ત્રી સાથે લગ્ન કરતો અને તે સ્ત્રીઓને પોતાની મરજીમાં આવે ત્યારે કંઈ પણ હકક આપ્યા વિના તલ્લાક આપી દેતો હતો.

નૈતિક રીતે પણ આ લોકોનું પતન જ થએલું હતું તેઓ દારૂ, જુગાર અને લુંટફાટમાં જકડાએલા હતા. અરણ્યવાસી અરબોનો મુખ્ય ધંધો ઉંટ, ઘેટા, બકરા, ઘોડા, ખચ્ચર વિગેરે રાખવાનો હતો. આ માલધારીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ પ્રાણીઓને ઘાસ ચારાની સગવડ પ્રમાણે લઇ જતા અને કામચલાઉ તંબુ ઉભા કરી તેમાં તેઓ રહેતા. ગામવાસીઓ ખેતી અને વેપાર કરતા તેમ કેટલાક નોકરી અને હુન્નર ઉદ્યોગ પણ કરતા.

વર્ષના આઠ મહીના દરમ્યાન આરબો લુંટફાટ, ટંટા ફિસાદ અને લડાઈ ઝગડામાં જ પસાર કરતા. બાકીના ચાર મહિનાને પવિત્ર સમજી આ સઘળા તોફાનો છોડી દઇ હજ વિગેરે ધાર્મિક ક્રિયામાં પસાર કરતા હતા. આવી કેટલીક અજ્ઞાનતા અને કુટેવો હોવા છતાં કેટલાક આરબો સ્વાભિમાની, વતન અને કુટુંબ પ્રેમી, મહેમાન નવાઝ, એકવચની, ટેકીલા ને હિંમતવાન જોવામાં આવતા હતા.

પયગમ્બર સાહેબના જન્મ સમયે અરબસ્તાનના મોટા ભાગ ઉપર પરદેશીઓની સત્તા હતી. રોમન, ઇરાન અને ઇથીઓપિયા જેવા રાજ્યો અરબસ્તાનના જુદા જુદા ભાગ ઉપર કબજો જમાવી બેઠા હતા.

અરબસ્તાન વાસીઓના ધર્મ વિષે અગર જો ઉલ્લેખ કરીએ તો આરબ લોકોનો મુખ્ય ધર્મ અનેક દેવ દેવીઓની પુજા કરવાનો હતો. આ દેવ દેવીઓ અનેક પ્રકારની ધાતુઓ, પત્થર, માટી, લાકડા અને છાણ વિગેરેના બનેલા રહેતા, જેમાં કેટલીક મોટી મુર્તિઓને તહેવારના દિવસે પુજતા હતા. મુર્તિ પુજા વખતે

નગ્ન સ્થિતિમાં નાચવું, ગાવું, બજાવવું અને તેને પ્રાણીઓના ભોગ ધરવા વિગેરે કુરિવાજો હતા. કેટલાક આરબો અલ્લાહને માનતા પણ સાથે સાથે તારા, સુર્ય, ચંદ્રની પણ પુજા કરતા, જેને "સાબી" ધર્મવાળા તરીકે ઓળખવામાં આવતા હતા. ધાર્મિક બાબતમાં અનેક વહેમને પ્રતાપે નિર્દોષ પ્રાણીઓ અને ઇન્સાનોના કરપીણ રીતે ભોગ દેવાતા હતા. મકકામાં આવેલા ખાને કાબામાં ૩૬૦ નાની મોટી મુર્તિઓ હતી. અને તેની પુજા પણ શરમજનક રીતે થતી હતી.

અરબસ્તાનમાં પરદેશથી આવેલા ખ્રિસ્તીઓ, યહુદીઓ અને જરથોસ્તો પણ સારા પ્રમાણમાં હતા. આ સઘળાઓ પણ મુર્તિપુજા, ધર્મઝનુન અને અનેક પ્રકારના વહેમમાં ફસાએલા હોવાથી અંદરો અંદર ધર્મના નામે ટંટા ફિસાદ મચાવતા અને ખુનો કરતા, બીજાના ધર્મ ઉપર સરસાઈ ભોગવવા વાદવિવાદ અને ધતિંગો કરતા હતા.

આ રીતે અંધકારના વાદળો સમગ્ર અરબસ્તાન ઉપર છવાઇ ગયા હતા. આવા સમયે ઈલાહી પ્રકાશની જરૂર જણાઇ હતી. પરિણામે ખુદાતઆલાના ફઝલો કરમથી ઈ. સ. ૫૭૧ની એપ્રીલની ૨૦મી તારીખે એટલે ૧૨મી રબીઉલ અવ્વલના સોમવારે સુર્યોદય વખતે રહેમતુલ આલમીન હ. રસુલ કરીમ મોહમદ મુસ્તફા (સ. અ. વ.)નો મકકા ખાતે મુબારક જન્મ થયો. આપના જન્મના સમાચાર સાંભળી આપના દાદા અબ્દુમુતલિબ આપની માતા "અમીના" ને મુબારકી આપવા ઘરમાં આવ્યા અને આપને ઘણાં વહાલ સહીત ખોળામાં લીધા અને આપનું નામ "મોહમ્મદ" રાખ્યું. હઝરતના જન્મથી આખા હાશમી કબીલામાં ખુશાલી વ્યાપી ગઇ.

## હઝરત રસુલ કરીમના પુર્વજો

હ. મોહમ્મદ મુસ્તફા રસુલ (સ. અ. વ.) ની વંશાવળીનો સંબંધ હ. ઈબ્રાહીમ પયગમ્બર સુધી મળતો રહે છે; એટલે આપ હ ઇબ્રાહીમ પયગમ્બરના વંશમાંથી ઉતરી આવ્યા છો. હ. ઇબ્રાહીમના બે ફરઝંદો હતા. હ. ઈસમાઇલ અને હ. ઇસહાક. આ બન્ને ફરઝંદોમાંથી હ. ઇસમાઇલ (અ. સ.) ના વંશજો મકકામાં રહયા અને કાબતુલ્લાના વાલી તરીકે દરજ્જો ભોગવતા રહયા. જ્યારે હ. ઈસહાક (અ. સ.) ના વંશજો શામમાં રહયા અને જેરૂસલમમાં બૈતુલ્લમુકદસના વાલી તરીકે રહેતા આવ્યા. હ. ઈસમાઇલના વંશમાંથી હ. મોહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) થયા અને હ. ઈસહાક (અ. સ.) ના વંશમાંથી હ. મુસા, હ. દાઉદ, હ. ઇસા વિગેરે પયગમ્બરો થયા.

હ. ઇસમાઇલના વંશજો અરબસ્તાનમાં જ રહેવા લાગ્યા અને તેઓની આલ ઔલાદ ઘણી વધી. હ. ઇસમાઇલના વંશમાંથી ઉતરી આવેલા "અદનાન" અને તેના પુત્ર "મઆદ" તે સમયમાં ખુબ સત્તાધારી તરીકે લેખાતા હતા. 'મઆદ'ના વંશજો ઘણા કબીલામાં વહેંચાઇ ગયા જેમનો એક કબીલો કુસઇ ઉપરથી 'કુરેશી' કબીલા તરીકે પ્રખ્યાત હતો. કુસઇથી અબ્દેમુનાફ થયા. અબ્દેમુનાફથી અબુ હાશમ થયા. હ. હાશમના નામ ઉપરથી હાશમીઓ અને આપને હાશમી ખાનદાન તરીકે ઓળખવામાં આવે છે. અબુ હાશમથી અબ્દુલમુતલિબ અને અબ્દુલમુતલિબના ફરઝંદ અબ્દલ્લાહ કે જે હ. મોહમ્મદ મુસ્તફાના પિતાશ્રી થાય. અબ્દુલમુતલિબને દશ ફરઝંદો હતા, જેમાં અબુતાલિબ કે જે અવ્વલ ઈમામ, હ. અલી (અ. સ.) ના પિતાશ્રી થાય. આ રીતે આપ હ. અલી (અ. સ.) કાકાના દીકરા ભાઈ થતા હતા.

હ. નબી મોહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) તેમના માતુશ્રી બીબી અમીનાના કુખે જન્મ્યા તે પહેલા અમુક મહિના અગાઉ જ આપના પિતાશ્રી હ. અબ્દુલ્લાહ શામ દેશના પ્રવાસે જતાં રસ્તામાં મદીના ખાતે વફાત પામ્યા હતા; આથી હાશમી ખાનદાનને અને આપની માતુશ્રી બીબી અમીનાને પારાવાર દુઃખ થયું, પણ આપના મુબારક જન્મથી એ દુઃખ ઓછું થયું.

આપના જન્મના આગલા અઠવાડીયામાં એક ખ્રિસ્તી બાદશાહ મકકા ઉપર મોટા સૈન્યને લઇને ચડી આવ્યો પણ ખુદાઈ શકિતના પ્રતાપે, આવેલા ખ્રિસ્તી સૈન્ય ઉપર "અબાબીલ" નામના અસંખ્ય પક્ષીઓએ ચાંચમાં કાંકરીઓ વડે હુમલો કર્યો જેથી ખ્રિસ્તી બાદશાહ અને તેનું વિશાળ સૈન્ય હતાશ થઇને નાસી ગયું. આ રીતે મકકાવાસીઓનો વગર સામને વિજય થયો.

## પયગમ્બર સાહેબની બાલ્ય અવસ્થા

કુરેશી અને અન્ય કબીલાના રીવાજ મુજબ હ. મોહમ્મદ સાહેબને એક ગામડામાં "હલીમા સાદીયા" નામની ધાવને ત્યાં ઉછેર માટે રાખવામાં આવ્યા હતા. આ બાનુએ આપને કાળજીપુર્વક ઉછેર્યા હતા. આપ ચાર વર્ષના થયા બાદ 'હલીમા સાદીયા' એ મકકા આવી અને આપને આપની માતાજી બીબી અમીનાને સુપરત કર્યા. આપ છ વર્ષના થયા ત્યારે આપને આપના માતાજી સાથે લઇને મદીના ગયા હતા. મદીનાથી પાછા આવતા રસ્તામાં 'અબવા' નામની જગ્યાએ એકાએક આપના માતાજી અમીના બિમાર પડયા અને વફાત પામ્યા. જેથી

આપને અપાર દુઃખ થયું. આ પછી આપના દાદા હ. અબ્દુલમુતલિબ પાસે આપ રહેતા હતા. થોડા વર્ષ બાદ દાદા અબ્દુલમુતલિબ પણ વફાત પામ્યા. ત્યારબાદ આપના કાકા અબુતાલિબે વહાલભરી દેખરેખ રાખી આપનો ઉછેર કર્યો.

હ. અબુતાલિબ વેપાર કરતા હોઈ, વેપાર અર્થે દેશાવર ખાતે વખતોવખત મુસાફરીએ જતા હતા. મુસાફરીમાં આપને પણ સાથે લઇ જતા. આ વખતે આપની ઉમર ૯ વર્ષની હતી. એક વખતે શામના પ્રવાસે જતા રસ્તામાં ખ્રિસ્તી પાદરી "બહીરા" કે જે તૌરેત અને ઇન્જીલનો મોટો અભ્યાસી હતો, તે ત્યાં મઠ બાંધીને રહેતો હતો. હ. મોહમ્મદ મુસ્તફા (અ. સ.) ને તેણે પોતાના ઈલ્મ વડે ઓળખી કાઢયા અને આ બાળક આખર ઝમાનાના પયગમ્બર થવાના છે એવી ખાત્રી થઈ, જેથી હ. અબુતાલિબ અને સઘળા કાફલાને જમવાની દાવત આપી. વિદાય વેળાએ હ. અબુતાલિબને "બહીરા" એ જણાવ્યું કે આપ આ બાળક મોહમ્મદ સાહેબને રૂમ અને શામ તરફ લઇ ન જશો કારણ કે ત્યાંના લોકો આખર ઝમાનાના પયગમ્બરની નિશાનીઓથી પરિચીત હોઈ આપના શત્રુ બની નુકશાન કરશે. પાદરીની આ વાત ઉપરથી હ. અબુતાલિબ શામ તરફ ન જતા મક્કા પાછા ફર્યા.

## આપની યુવાવસ્થા અને શાદી

આપ નાનપણથી જ શાંત અને એકાંતપ્રિય હતા. પોતાના રોજીંદા કામમાંથી આપને જે સમય મળતો તે ઇબાદત અને ચિંતનમાં પસાર કરતા હતા. આપની પવિત્ર અને શુધ્ધ ચારિત્ર્યની મક્કાવાસીઓ ઉપર ઉંડી છાપ પડી હતી. આપને દરેક "અમીન" તરીકે સંબોધતા. આપ નાનપણથી જ જનકલ્યાણનું કાર્ય કરતા હતા. બીજાનું દુઃખ જોઈ આપને પારાવાર દુઃખ થતું. પિડીતોનું દુઃખ દુર કરવા આપ સઘળા પ્રકારનો ભોગ આપતા. અંદરોઅંદરના ઝગડાનો પણ આપ કુનેહ અને શાંતિથી નિકાલ કરતા હતા.

આપની યુવાવસ્થા દરમ્યાન "ખાને કાબા"નું સમારકામ થતું હતું. કાબતુલ્લામાં આવેલા મુબારક 'સંગે અસવદ'ને સમારકામ બાદ મુળ જગ્યાએ પધરાવવો હતો. આ વખતે અરબોના મુખ્ય ચાર કબીલાઓએ તે સંગે અસવદને પધરાવવાનો પોતાનો હક હોવાનો દાવો કર્યો. અંદરોઅંદર લડાઇ થવાનો ભય ઉભો થયો ત્યારે આપે આ દરેક કબીલાવાળાની ઈચ્છાથી એવો ન્યાય કર્યો કે

ચારે કબીલાવાળા એક ચાદરમાં સંગે અસવદને રાખીને તેના છેડા ઉંચકે અને ચારે કબીલાવાળા આ રીતે પધરાવવાનો લાભ લીએ. આ પ્રમાણે સંગે અસવદને ઉંચકી મુળ જગ્યાએ લાવ્યા, બાદ આપે પોતાના મુબારક હાથે તેને મુળ જગ્યાએ રાખી દીધો. આ રીતે ભયંકર ઝઘડાનો કુનેહથી અંત આવ્યો.

આપ જેમ જેમ વધુ મોટા થતા ગયા તેમ એકાંતવાસની ખ્વાહેશ વધતી ગઇ. મક્કા પાસેની પહાડી ટેકરીઓ ઉપર જઈ કલાકો પર્યંત ધ્યાન અને ચિંતનમાં આપ બેસી રહેતા. વર્ષોના ધ્યાન અને ચિંતન પછી આપને ખાત્રી થઇ કે અલ્લાહ એક જ છે અને તે અલ્લાહતઆલાના દિદાર કરવાની આપને લગની લાગી.

આપ સાહેબની ઉંમર જ્યારે ૨૫ વર્ષની થઇ ત્યારે આપ ઘણા જ માલદાર વેપારી બાનુ ખતીજતુલ કુબરા બિન્તે ખવૈલિદ કે જેઓ વિધવા હતા તેને ત્યાં નોકરી રહયા. આપ દેશદેશાવર જઇ વેપારમાં સારા પ્રમાણમાં નફો કરી લાવતા. આપની પ્રમાણીકતા તરફ ખેંચાઇ બીબી ખતીજાએ આપની સાથે શાદી કરવા માંગણી કરી, પરિણામે આપે તે માંગણીનો સ્વિકાર કરી શાદી કરી. બીબી ખતીજાની ઉમર શાદી વખતે ૪૦ વર્ષની હતી. આપનાથી બીબી ખતીજા ૧૫ વર્ષ મોટા હતા. આ શાદી પાછળ આપનો વિધવાનો ઉદ્ધાર કરવાનો અને બીબી ખતીજાની વિપુલ ધન સંપતિ ઇસ્લામના પ્રચાર અર્થે ખર્ચાય એવો શુભ હેતુ હતો. આ પ્રથમ શાદી ઘણી જ સુખરૂપ નીવડી. બીબી ખતીજાથી આપને બે ફરઝંદો કાસિમ અને અબ્દલ્લાહ અને ચાર પુત્રીઓ ઝયનબ, રૂકૈયા, ઉમ્મે કુલસુમ અને હઝરત ફાતિમા જન્મ્યા હતા. જેમાં બન્ને ફરઝંદો નાનપણમાં જ વફાત પામ્યા હતા. બાકી ચાર પુત્રીઓ હઇયાત હતી.

આપ મુર્તિપુજાના સખ્ત વિરોધી હતા અને એક જ અલ્લાહમાં માનનારા હતા. ખાનેકાબામાં મુર્તિપુજા વખતે થતી અનેક વિચિત્ર અને શરમજનક વિધિઓ જોઇ આપને બહુ જ દુઃખ થતું હતું. આપ અલ્લાહતઆલાને અરબોની આવી જાહેલીયત ભરેલી ધાર્મિક ક્રિયાઓમાંથી ઉગારવા દર્દભરી રીતે આઝીઝી કરતા હતા અને કોઇ વખતે આવી અધમ હાલત જોઇ રડી પડતા હતા.

સ્ત્રીઓની દયાજનક કરૂણ હાલત જોઈ આપનું હૃદય દ્રવી ઉઠતું. આપ, સ્ત્રીઓનું સન્માન કરવા 'લોકોને ભારપુર્વક ઉપદેશ આપતા હતા. ગુલામો પ્રત્યે આપનું વર્તન મમતાભર્યું અને ઉદાર હતું. આપ ગુલામોના ઉપર થતો ઝુલ્મ જોઇ શકતા

નહિ હતા. આપ ગુલામથી ન થઈ શકતા કામોનો બોજો હળવો કરવા તેને મદદ કરતા. એક બિમાર ગુલામ અનાજ દળવાની ઘંટી ખેંચી શકતો નહિ હતો, આ જોઇ આપે ગુલામને ફરમાવ્યું, "તું આરામ કર હું તારૂં કામ કરી આપું." આમ કરી ગુલામનું સઘળું અનાજ આપે દળી આપ્યું.

ગુલામીની પ્રથા નાબુદ કરવા આપે મોટો ભોગ આપ્યો હતો. આપની સંપતીનો ઉપયોગ ગુલામોને આઝાદ કરવા અર્થે કર્યો હતો અને સંખ્યાબંધ ગુલામોને આઝાદ કરાવ્યા હતા.

આપની ઉમર જ્યારે ૩૨ વર્ષની હતી ત્યારે આપના કાકા હ. અબુતાલીબના ઘરવાળા ફાતમા બિન્તે અસદના કુખે કાબતુલ્લાહમાં એક બાળકનો જન્મ થયાનું સાંભળી આપ ત્યાં પધાર્યા અને આ બાળકને ખોળામાં લઇ તેની આંખ અને ગાલ ઉપર ચુંબન કર્યું અને હ. અબુતાલીબને મુબારકી આપી અને આપે તે બાળકનું નામ "અલી" રાખ્યું. હ અબુતાલીબને આપે કહયું, "મને સગો ભાઈ નથી પણ આ મને સગા ભાઈ જેવો વહાલો લાગે છે. હું તેને સગો ભાઈ ગણીશ" હ. અબુતાલીબે કહયું, "હા એ તમારો ભાઈ છે." હ. મૌલા મુર્તઝાઅલીનો જન્મ થવો એ આપના જીવનમાં ખુશીનો મોટો બનાવ હતો.

આપ ૪૦ વર્ષની ઉમરના થયા ત્યારે આગળ કરતાં પણ વધુ સમય એકાંતમાં રહી ધ્યાન અને ચિંતનમાં પસાર કરવા લાગ્યા હતા. મકકા શરીફથી ઉત્તરમાં આવેલા "હીરા" પહાડની ગુફામાં જઈ આપ દીવસો અને મહીનાઓ ઇબાદતમાં પસાર કરતા હતા; ત્યાં આપ એટલા બધા ધ્યાન અને ચિંતનમાં તલ્લીન થઈ જતાં કે ખાનપાન કે નિંદ્રાની પણ દરકાર કરતાં નહિ. આપ લોકો સાથે બહુજ ઓછો સમય પસાર કરતાં. આ સમય દરમ્યાના રાત્રીના વખતે આપને હેરતભર્યા સ્વપ્ના આવતાં અને આકાશવાણી સંભળાતી.

એક દીવસ આપ કોહે હીરામાં ધ્યાનમસ્ત સ્થીતીમાં બિરાજમાન હતા એવામાં આપે જોયું કે એકાએક અંધારૂં થઈ ગયું. આ પછી અંધકારમાં આપે નુરાની પ્રકાશ જોયો. પ્રકાશમાં આપે જોયું કે આપનાજ મુબારક ચહેરાને મળતી એક વ્યક્તિ પૃથ્વી અને આકાશ વચ્ચે ઉભી રહી સ્મિત કરી રહી હતી. આ પછી આપે એજ વ્યકિતને ડુંગરાઓ પાસે ઉભેલી જોઈ. આ પ્રસંગે આપે એક એવું પણ દ્રશ્ય નિહાળ્યું જેમાં અસંખ્ય ઇન્સાનોને યાતના ભોગવતા અને ચીચયારીઓ પાડતાં જોયા. સ્વપ્ન અવસ્થામાં આપે આવી દિવ્ય વાણી સાંભળી : "આ મોહમ્મદ છે; અલ્લાહનો રસુલ છે, તુ આદમ છો, નુહ છો અને તુંજ ઇબ્રાહીમ,

મુસા અને ઇસા છે. હે મોહમ્મદ ! તું લોકોને તારા મઆબુદ તરફ બોલાવ, ને ખુદા એક છે, તેના જેવો બીજો કોઈ નથી. દરેક સ્થળે અને દરેક દિશામાં તે એકજ છે અને તેજ સંપુર્ણ છે."

પયગમ્બરી મળવા બાબતનો ઇશારો પણ આપને આ પ્રમાણે કરવામાં આવ્યો હતો. આ ઇશારામાં આપના પવીત્ર કાર્યમાં આવનારા સંકટોથી પણ પરીચીત કરવામાં આવ્યા હતા અને એ સમયે ધૈર્ય ધારણ કરવા જણાવ્યું હતું. આકાશવાણીમાં આપે વધુમાં સાંભળ્યું, "એ મુહમ્મદ તારા ઉપર ભાર મુકવામાં આવશે. જેથી તારી કેડ વળી જશે. તે ભાર ઉઠાવી લીધા પછી ચોમેર સરળતા વ્યાપશે માટે ગભરાઇશ નહિ. અગાઉનાં રસુલો (પયગમ્બરો)ના જેમ હિંમત રાખજે."

આ પછી જાગૃત અવસ્થામાં હ. જીબ્રાઇલ અમીન આપના પાસે આવ્યા અને પોતાની ઓળખાણ આપી કહયું, "હું આપને વધામણી આપું છું કે આપ આપની કોમના અને સમગ્ર જગતના પયગમ્બર છો. અલ્લાહે પોતાનો પયગામ જગતને સંભળાવવા આપની નિમણુંક કરી છે, આપ રસુલિલ્લાહ થયા છો. ખુદાતઆલાએ આપને સઘળી કળા સુપ્રત કરી છે."

આ સંદેશો સાંભળી આપના મુખમાંથી "લબ્બેક" "લબ્બેક" ના શબ્દો નિકળી પડયા. આ વખતે આપની ઉમર ૪૦ વર્ષની હતી. આ પ્રસંગ આપને નબુવત મળ્યાનો હતો.

આ પછી આપ અંતર આત્માનો અવાજ સાંભળવા લાગ્યા, જેને "વહી" તરીકે સંબોધવામાં આવે છે. પ્રથમ વહી હીરાની ગારમાં આપને તખ્તી ઉપર લખેલી મળી. આ સમયે આપે હ. જીબરાઇલને જણાવ્યું, "હું ઉમ્મી છું. (અભણ છું) તેથી કેમ વાંચુ?" હ. જીબરાઇલે જણાવ્યું, "આપ આપના પરવરદિગારનું નામ લઇને વાંચો." આ સાંભળી આપ "બિસમિલ્લાહ હિર રહમા નિર રહીમ" પડયા અને વાંચવું શરૂ કર્યું અને સઘળી આયાત વાંચી નાંખી. આ આયાત કુરઆને શરીફમાં સુરે અલકમાં ૩૦માં પારામાં આવેલી છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે, "તારા પરવરદિગારનું નામ લઇ વાંચ, કે જેણે સર્વ ચીજ પેદા કરી છે. તેણે માણસને ઠરેલા લોહીમાંથી પેદા કર્યો છે. વાંચ, તારો પરવરદિગાર ઘણો જ મહાન છે. જેણે કલમથી લખતાં શિખવ્યું છે, તેણે માણસને તે શિખવ્યું છે જે તે જાણતો ન હતો."

આપના ઉપર ઉપરેલી વહીમાં આ પ્રથમ વહી હતી. આ બનાવ બન્યા પછી આપે આપની પત્નિ હ. બીબી ખતીજા અને હ. અલી (અ. સ.) ની મુલાકાત લઈ બનેલો બનાવ કહી સંભળાવ્યો. બન્નેએ આપને મુબારકીઓ આપી અને કલમો પડી ઇસ્લામ કબુલ કર્યો. બાળકોમાં પ્રથમ કલમો પડનાર હ. અલી હતા અને સ્ત્રીઓમાં પ્રથમ કલમો પડનાર બીબી ખતીજા હતા. આ પછી હ. અબુબકરનો ગુલામ ઝેદ કે જેનું આપે પુત્ર તરીકે પાલન કર્યું હતું તેણે ઈસ્લામ અંગીકાર કર્યો.

નબુવતના પ્રથમ વર્ષમાં હિદાયતનું કાર્ય ગુપ્તપણે થતું હતું. કારણ આપના શત્રુઓ ઘણા હતા. પ્રથમ ઇસ્લામ સ્વિકાર કરનારાઓમાં હ. ઉસમાન, હ. ઝુબેર, હ. અબુબકર સીદીક, હ. અબ્દુલ રહેમાન બિન ઓફ, હ. સઆદ બિન વકાસ, તલહા, અબ્દુલ્લા ઇબ્ને મઝઉન, ઉબયદા અને સુબેહરૂમીનો પણ સમાવેશ થાય છે.

બીજી વહીમાં આપને આપના સંબંધીઓમાં ઈસ્લામનો પ્રચાર કરવા આજ્ઞા થઇ, જેનું આપે પાલન કર્યું. પણ આ વખતે આપના કાકા અબુલહબે ખુબ દુશ્મની કરી હતી અને આપના વિરૂધ્ધમાં ખુબ પ્રચાર કર્યો હતો. આમ છતાં આપે પ્રચાર કામ ચાલુ જ રાખ્યું. જેમાં આપને પારાવાર મુશ્કેલીઓ સહન કરવી પડી. આવા સંજોગમાં આપના કાકા અબુતાલિબના ફરજંદ હ. અલી (અ. સ.)એ આપને હિંમત આપી અને દરેક સંજોગમાં આપને પડખે ઉભા રહી સહાયતા આપવા વચન આપ્યું. આ વખતે હ. અલી (અ. સ.) ની ઉમર માત્ર ૧૧ વર્ષની હતી.

નબુવતના બીજા વર્ષે ૪૦ માણસોએ ઇસ્લામ અંગીકાર કર્યો; પરંતુ દુશ્મનોનું જોર પણ વધતું જ જતું હતું. સઘળા મક્કાવાસીઓ આપના કટ્ટા દુશ્મન બની ગયા,હતા: અમીર માવીયાનો પિતા, અબુસુફિયાન અબુલહબ, અબુજહેલ, વાલીદ બિન મુગેરા અને આસબીન વાયલ શબિયા જેવા તે સમયના મોટા સરદારો અને ઉમરાવો આપના શત્રુઓ હતા. ખાસ કરીને ઉમૈયા વંશના લોકો આપની વધુ દુશ્મની કરતા હતા. આવા વખતે પણ આપના કાકા અબુતાલિબ અને તેમના વહાલા ફરજંદ હ. ઇમામ અલી (અ. સ.) દરેક રીતે આપને સહાયતા કરતા અને હિંમત આપતા હતા.

હ. રસુલે કરીમ ઉપર દુશ્મનોએ અનેક જાતના આક્ષેપો મુકયા, છેલ્લે

અનેક પ્રકારની લાલચો આપી પણ આપ ડગ્યા નહી અને ઈસ્લામનું પ્રચાર કાર્ય ચાલુ રાખ્યું.

હ. રસુલ કરીમ અને જેઓ આપની હિદાયતથી ઈસ્લામમાં દાખલ થયા હતા તે સઘળાઓના ઉપર અનેક જાતના ઝુલ્મો ગુજારવામાં આવતા હતા. કેટલાકને જાનથી મારી નાંખવામાં આવતા કેટલાકને એટલો બધો માર મારવામાં આવતો કે તેઓ બેશુધ્ધ થઇ જતા; છતાં આવા દરેક ઝુલ્મો સહન કરીને પણ તેઓ પોતાના દીન મઝહબ ઈસ્લામને વળગી રહયા હતા.

આવા કપરા કાળમાં પણ ઇસ્લામનું પ્રચાર કામ ચાલુ જ રહેતું અને દિવસે દિવસે માણસો ઈસ્લામમાં દાખલ થતાં રહયા. નબુવતના ચાર વર્ષ દરમ્યાન જે લોકો દાખલ થયા જેમાં થોડા શ્રીમંતો સિવાય મોટા ભાગના ગરીબો અને ગુલામો અને તેની સ્ત્રીઓ હતી. આ ઈસ્લામીઓ ઉપર હવે હદબહાર ઝુલ્મ થવા લાગ્યો ત્યારે ખુદાઇ આજ્ઞા અનુસાર હ. રસુલે કરીમે મુસલમાનોને મકકાથી ઇથોપિયા ચાલ્યા જવા જણાવ્યું. ઇથોપિયાનો ખ્રિસ્તી બાદશાહ "નજજાશી" ભલો અને ઉદાર દિલનો હતો. મુસલમાનો ઇથોપિયા ગયા પણ ત્યાં પણ તેને સુખેથી રહેવા ન દેવા અને ત્યાંથી હાંકી કાઢવા નજજાશીના કાન ભંભેરવાને શત્રુઓએ કંઈ પણ કચાસ ન રાખી. આ વખતે સત્ય હકીકતથી નજજાશીને વાકેફ કરવા હ. અલી (અ. સ.) ના ભાઈ હ. જાફરે ઘણું જ ઉત્તમ કામ કર્યું. પરિણામે બાદશાહે મુસલમાનોને પોતાના રાજ્યમાં સુખેથી રહેવા પરવાનગી આપી અને ખોટી ફરિયાદ કરનારા શત્રુઓને કાઢી મુકયા.

આ પછી આપનું પ્રચાર કામ ઠીક રીતે ચાલવા લાગ્યું; પણ અબુજહેલને આ પ્રચાર જરા પણ ગમતો નહિં હતો. એક દિવસ ક્રોધે ભરાઇ હ. રસુલે કરીમના ઉપર તેણે હુમલો કર્યો પણ આ વિષેની આપના કાકા હ. હમઝાને ખબર મળતાં તેઓ હઝરતની વારે દોડી ગયા અને એક ઝાપટ મારી જણાવ્યું કે, "યાદ રાખ હ. મોહમ્મદને જરાપણ તકલીફ આપી છે તો તારી ખેર નથી. અમો હાશમીઓ હ. મોહમ્મદના પડખે છીએ. તેઓનું અપમાન અમો સાંખી લેવાના નથી." તે સાથે જણાવ્યું કે, "જો હું પણ હવે ઇસ્લામનો કલમો પડી મુસલમાન થઈ જાઉં છું." ત્યાબાદ હ. હમઝા ઈસ્લામમાં દાખલ થયા. હ. હમઝાએ ઈસ્લામ સ્વિકાર્યો તેથી મુસલમાનોમાં નવું જોમ આવ્યું અને પયગમ્બર સાહેબના કાર્યમાં ઘણો જ વેગ મળ્યો. આ અરસામાં હ. ઉમરે પણ ઇસ્લામનો

સ્વિકાર કર્યો; આથી મુસલમાનોની તાકાતમાં ઓર વધારો થયો. હ. ઉમર ખીતાબ પહેલાં તેમના બહેન અને બનેવી પણ ઈસ્લામમાં દાખલ થયા હતા.

આમ એક પછી એક મોટા સરદારોને ઇસ્લામમાં દાખલ થતાં જોઇને દુશ્મનોના ક્રોધનો પાર ન રહયો અને તેઓએ એક પ્રતિજ્ઞા પત્ર બનાવ્યું જેમાં ઈસ્લામીઓ સાથે ખાનપાન, બેટા બેટી વિગેરેનો વ્યવહાર ન રાખવા તેમ તેના સાથેના દરેક સંબંધ તોડી નાંખવા લખાણુ લખવામાં આવ્યું અને તે પ્રતિજ્ઞા પત્ર કાબતુલ્લાની દિવાલ ઉપર ચોડવામાં આવ્યો.

દુશમનોના સામાજીક બહિષ્કાર અને સતત પજવણીનો ભય જોતાં હ. અબુતાલિબની સલાહથી હ. રસુલ્લિાહ, હાશમી ખાનદાનના માણસો અને સંબંધીઓને લઇને એક સાંકડી ખીણુ કે જ્યાં દુશ્મનો હુમલો કરી ન શકે તેવી "શાએબે અબુતાલિબ" નામની જગ્યા કે જે હાશમીઓના વારસાની હતી ત્યાં રહેવા ચાલ્યા ગયા. આ જગ્યા મકકાથી પુર્વમાં થોડે દુર આવેલી છે.

આ સાંકડા વિસ્તારમાં સઘળા માણસો ત્રણુ વર્ષ પર્યંત રહયા. પુરતા અનાજના અભાવે ઝાડના પાંદડા, ઘાસ અને ચામડા ઉકાળીને ખાતા અને ભુખ ભાંગતા, કોઈ કોઇ દિવસ અપવાસો પણુ કરવા પડતા. નાના બચ્ચાં અને સ્ત્રીઓ ભુખના લીધે ચીચીયારીઓ પાડતાં અને રડી પડતા. આવા અસહય ખાનપાનની તકલીફથી સઘળાના શરીરો દુર્બળ બની ગયા, છતાં તેઓ પોતાના વિચારોમાં ડગ્યા નહિ, તેમ ઇસ્લામ મઝહબ છોડયો નહિ.

આ સમયે મકકામાં વસતા કેટલાક દયાળુઓ મકકાવાસી દુશ્મનોને સમજાવવા પ્રયાસો કર્યાં પણુ દુશ્મનો પીગળ્યા નહિ. પણુ 'મુતઈન બીન અદબ' નામના એક બળવાન સરદારનું હૃદય દ્રવી ઉઠયું અને તેણે પેલા પ્રતિજ્ઞા પત્રને ઉભા થઇને કાબતુલ્લાની દીવાલ ઉપરથી ઉતારી ફાડી નાંખ્યુ અને જણાવ્યું જાઓ તમારા આવા ઝુલમ સામે મારો સખ્ત વાંધો છે. આ પછી કેટલાક મકકાવાસીઓ શાએબે અબુતાલિબની ખીણુ તરફ ગયા અને આપને તથા હાશમીઓને મકકા ખાતે લઈ આવ્યા અને તેમની સાથે સઘળો વ્યવહાર ચાલુ કરી દીધો. આમ ત્રણુ વર્ષના મહાન દુઃખ પછી ઇસ્લામીઓ ફરી મકકામાં વસવાટ કરવા લાગ્યા.

આ બનાવ પછી રસુલિલ્લાહને મએરાજ થઈ જેમાં આપને અલ્લાહતઆલાનો સાક્ષાત્કાર થયો અને આપ અનેક ગુપ્ત ભેદોથી માહેતગાર થયા.

નબુવતના દશમાં વર્ષે આપના કાકા હ. અબુતાલિબ કે જેના તરફથી આપને ઘણીજ મદદ અને સથ્યારો મળતો રહેતો હતો તેની વફાત થઇ. આથી આપને ઘણુંજ દુઃખ થયું. આ વખતે આપના એક કાકા હ. અબ્બાસે ઈસ્લામનો સ્વીકાર કર્યો જેથી આપના કાર્યને ઘણો ટેકો મળતો રહયો.

આપના અતિ વફાદાર, આપના માટે પોતાની વિપુલ ધન સંપતિ ઉદાર દિલે ખર્ચી નાંખનાર, સ્ત્રીઓમાં પ્રથમ પાક કલમો પડનાર અને હંમેશના સુખ દુઃખના ભાગીદાર આપના ઘરવાળા હ. બીબી ખતીજા પણ વફાત પામ્યા, જેથી આપને પારાવાર દુઃખ થયું. હ. બીબી ખતીજા ૬૫ વર્ષની ઉમર ભોગવી વફાત પામ્યા હતા. આ વખતે આપની ઉમર ૫૦ વર્ષની હતી.

આપના કાકા અબુતાલીબ અને આપના ભલા અને દયાળુ મહેરદાર બીબી ખતીજાના અવસાન બાદ પણ આપે ધિરજ રાખી પોતાનું પયગમ્બરી કામ ચાલુજ રાખ્યું. આપે હવે મકકાની બહાર પ્રચાર કરવાનો ઈરાદો કર્યો અને મકકાથી ૬૦ માઇલના અંતરે આવેલા તાએફ નામના શહેરમાં ઇસ્લામના પ્રચાર અર્થે પોતાનાં પાલક પુત્ર ઝેદને સાથે લઇને ગયા. તાયફમાં સઘળા લોકો મુર્તિ પુજા કરતા હતા. ત્યાં લાત દેવીનું મોટું મંદિર હતું. તાયફ એટલે મુર્તિ પુજાનું કેન્દ્રસ્થાન. આપે તાયફના લોકોને ઇસ્લામની દાવત આપી અને એકજ અલ્લાહને માનવા હિદાયત કરી, પણ તાયફવાળાઓએ આપને સાંભળ્યા નહીં, આપની મશ્કરી કરી પથરા મારી આપને તાયફમાંથી હાંકી કાઢયા. આ રીતે તાયફવાળાઓએ આપને ખુબ હેરાન અને પરેશાન કર્યા; છતાં આપ હિંમત હાર્યા નહિ અને ફરી મકકામાં આવી પોતાનું પયગમ્બરી કાર્ય ચાલુ રાખ્યું.

આ બનાવ બન્યા પછી હજના દિવસો આવ્યા. હજના દિવસોમાં મકકા શરીફમાં દેશદેશાવરથી સંખ્યાબંધ માણસો આવતાં હતા. આ હજના મેળામાં આપે હિદાયતનું કામ ચાલુ કર્યું. આપ મકકાની ઉતરે "અકબા" નામની ટેકરી ઉપર હિદાયત કરી રહયાં હતા ત્યારે કેટલાક યસરબ (કે જેનું પાછળથી નામ મદીના રાખવામાં આવ્યું હતું.) વાસીઓએ ઇસ્લામ વિષેનું પ્રવચન સાંભળ્યું. આ પ્રવચનની યસરબવાળાઓ ઉપર એટલી બધી અસર થઈ કે તેજ વખતે કેટલાક જણા કલમો પડી મુસલમાન થઈ ગયા અને પોતાના ગામ યસરબ જઈ આ વિષેનો પ્રચાર કર્યો. પરીણામે બે મોટા કબીલાઓ બીજા વર્ષની હજ વખતે મકકા આવી અને પયગમ્બર સાહેબના હાથે ઇસ્લામમાં દાખલ થયા અને તેઓએ

એકજ અલ્લાહને માનવા વિગેરે ઉસુલો વિષેનું પ્રતિજ્ઞા પત્ર લખી આપ્યું. આ પ્રતિજ્ઞા પત્રને "અકબાની પહેલી પ્રતિજ્ઞા" તરીકે ઓળખવામાં આવે છે.

યસરબવાસીઓની માંગણીથી અહિં વધુ પ્રચાર અર્થે આપે મકકાથી મસઅબ બીન ઉમરને મોકલ્યા, જેણે ઘણીજ બાહોશીથી કામ કર્યું અને સુંદર સફળતા મળી.

ઇસ્લામનો ઝડપી પ્રચાર થતો જોઇ મકકાવાસીઓ ચોંકી ઉઠયા અને આ લોકોએ હ. પયગમ્બર સાહેબને શહીદ કરવા કાવતરૂં ઘડયું. પરંતુ ઈલાહી પ્રેરણાના લીધે આપને આ બાબતની જાણ થઈ ગઈ. આ બાબતથી આપે હ. અલી (અ. સ.) ને જાણ કરી. હ. અલી (અ. સ.) એ જણાવ્યું કે આપ નિર્ભય રહો. દુશ્મનો આપના ઘરને જે રાતના ઘેરો ઘાલીને શહીદ કરવા માગતા હતા તે રાતના આપના બીછાનામાં હ. અલી (અ. સ.) સુઇ ગયા અને આપ હ. અબુબકરને સાથે લઇ મકકાથી રાતોરાત ચાલ્યા જઇ "શોર" નામના પર્વતની ગુફામાં સંતાઈ ગયા. દુશ્મનોએ પયગમ્બર સાહેબના ઘર ઉપર હુમલો કર્યો અને જ્યારે આપના બદલે હ. અલી (અ. સ.) ને જોયા ત્યારે તેઓએ હ. અલી (અ. સ) ને પુછયું, મોહમ્મદ (સાહેબ) કયાં છે. હ. અલી (અ. સ.) એ જણાવ્યું શું મોહમ્મદ સાહેબને મને સોંપી ગયા હતા કે મને પુછો છો? આવા જવાબથી તેઓ ગુસ્સે થઇ ચાલ્યા ગયા. બાદ ઠેકઠેકાણે માણસો મોકલી તપાસ કરાવી પણ પતો લાગ્યો નહિ. હ. રસુલ કરીમ ત્રણ દિવસ સુધી કોહેશોરમાં જ હતા પણ ઇલાહી કુદરતથી તેઓ તેમને જોઈ શકયા નહિ. આપ ચોથે દિવસે હ. અબુબકરને સાથે લઇ ઉંટ ઉપર સ્વાર થઇ મદીના તરફ રવાના થયા અને આખરે મદીનાથી ત્રણ માઇલના છેટે "કુબા" પધાર્યા અને ત્યાં આપ ૧૪ દિવસ રહયા. આપના કુબા પધારવાના અસરબના લોકોને સમાચાર મળ્યા જેથી ટોળેટોળાં આપના દિદાર અર્થે આવવા લાગ્યા. અહિં આપે નાની એવી મસ્જીદ બંધાવી અને તેમાં બેસી હિદાયતનું કામ કર્યું. ઇસ્લામની આ પ્રથમ મસ્જીદ હતી.

આપની સુચના અનુસાર હ. અલી (અ. સ.) મકકાવાસીઓના લેતીદેતીના કામ પતાવી પગે ચાલીને કુબા પધાર્યા. હ. અલી (અ. સ.) મકકાથી પગે ચાલીને આવી રહયા છે, એવું સાંભળી આપ તેમને લેવા સામા ગયા અને હ. અલી (અ. સ.)ને ભેટી પડયા અને તેઓના પગમાં પડી ગએલા ફ્રફોલા જોઈ દિલગીર

થયા અને આપે તેઓના પગને ચુંબન કર્યું, તે એટલા માટે કે આપને ઈસ્લામનાં કાર્યમાં રાહત મળે અને તે પછીના ઈમામોનો માર્ગ આસાન બને.

કુબાથી આપ યસરબના લોકોના ઉમળકાભર્યા આગ્રહથી યસરબ પધાર્યા. યસરબવાસીઓએ આપને ભારે દબદબા અને ધામધુમ સાથે પધરામણી કરાવી. આપને એવું માન આપવામાં આવ્યું કે આ પહેલા એવું માન કોઈને આપવામાં આવ્યું ન હતું. આપે "અબુઐયુબ" ના આગ્રહથી તેમના ઘરે ઉતારો રાખ્યો. રસુલિલ્લાહની પધરામણીની ખુશાલીમાં યસરબનું નામ "મદિનતુન્નબી" રાખવામાં આવ્યું. પાછળથી તે મદીના તરીકે પ્રખ્યાત થયું. આપ ઇ. સ. ૬૨૨ સંપ્ટેમ્બરની ૨૦મી તારીખ એટલે રબીઉલ અવ્વલની આઠમી તારીખ અને સોમવારના મદીના પધાર્યા હતા. આજ દિવસથી ઈસ્લામનો હીજરી સન શરૂ થયો છે. મકકા શરીફમાં રહેલા આપના સગા સબંધીઓ તેમ કેટલાક ઈસ્લામીઓ હીજરત કરીને મદીના આવીને રહયા. આ વખતે આપની ઉમર પર વર્ષની હતી.

## રસુલિલ્લાહના હીજરત પછીના વર્ષો

આપના મદીનાના નિવાસ પછી ઇસ્લામના પ્રચારનું કાર્ય ખુબ વિકસવા લાગ્યું. અશાંતિ અને અધર્મતાનો નાશ થવા લાગ્યો. લડાઇ ઝઘડા વેરઝેર ભુલી લોકો શાંતિને ઝંખવા લાગ્યા. આપને મદીનાવાસીઓએ મદીનાના હાકમ તરીકેની વરણી કરી. આ પદવી ધારણ કરતાની સાથે આપે ઇસ્લામી રાજ્યની રાજનીતિ નકકી કરી અને સ્થાનીક તેમજ દેશમાં સુલેહ શાંતિ અને આબાદી સ્થાપવાને ઝડપભેર કાર્ય આરંભી દીધું. તે સાથે ઇસ્લામ મઝહબનો પ્રચાર પણ જારી રાખ્યો. તે સાથે શત્રુઓ પ્રત્યે ઉદારતાભર્યું વર્તન રાખવામાં આવ્યું અને ઈસ્લામના પાયાના સિધ્ધાંતો: અહિંસા, પ્રેમ, શાંતિ સહિષ્ણુતા અને સંગઠનનો જોશભેર પ્રચાર થવા લાગ્યો. રાજ્યના કાનુનો ઘડવામાં આવ્યા, જેમાં ન્યાયને પ્રધાનપદ આપવામાં આવ્યું. દરેકના હકકો જળવાઇ રહે તેવી જોગવાઇ કરવામાં આવી. કોઈને ગેરઇન્સાફ ન થાય એ માટે સંપુર્ણ લક્ષ આપવામાં આવ્યું આ રીતે સર્વાંગી વિકાસના પંથે માનવજાતને દોરવવાના મહાન કાર્યની શુભ શરૂઆત થઇ. સ્થાનીક અને અતરાફના કબીલાવાળા તેમ અન્ય કોમો જેવા કે યહુદીઓ, ખ્રિસ્તીઓ, જરથોસ્તો વિગેરે જોગા ફરમાનો બહાર પાડી ઇસ્લામી રાજ્યથી સહકાર રાખવા તેમ તેના નિયમોને તાબે રહેવા અનુરોધ કરવામાં આવ્યો. આ રીતે દિનપ્રતિદીન ઇસ્લામી રાજ્યની તરકકીના ચિન્હો જણાવ લાગ્યા.

મદીનાની ઇસ્લામી સલ્તનતને ફુલતી ફાલતી જોઈ મકકાના દુશ્મનો ખળ-

ભળી ઉઠયા. તેઓએ નવા હસ્તીમાં આવેલા આ રાજયને ઉખેડી નાંખવા પ્રયત્નો શરૂ કરી દીધા અને મદીના ઉપર વ્યવસ્થિત રીતે હુમલો લઈ જવાની વેતરણ કરવા લાગ્યા. આખરે મકકાના કુરેશીઓએ ૧૦૦૦ માણસોનું લશ્કર એકઠું કર્યું જેમાં ઘોડેસ્વારો અને ઉંટસ્વારો પણ હતા.

રસુલિલ્લાહને આ વાતની ખબર મળી કે તરત જ આપે પણ એક નાનુ લશ્કર તૈયાર કર્યું; જેની સંખ્યા માત્ર ૩૧૩ જણાની હતી. દુશ્મનો મકકાથી ૨૮૬ માઇલના અંતરે આવેલા મદીના તરફ આવવા રવાના થયા. આપે ઇસ્લામના આ નાના લશ્કરની આગેવાની હ. અલી, હ. હમઝા અને ઉબેદાને આપી અને મકકાથી આવતા લશ્કરનો રસ્તામાં સામનો કરવા રવાના થયા. અર્ધે રસ્તે "બદર" નામના ગામ પાસે બન્ને લશ્કરનો ભેટો થયો અને ખુનખાર યુધ્ધ થયું જેમાં દુશ્મનોની હાર થઇ કુરેશીઓના લશ્કરનો સરદાર અબુ જહેલ માર્યો ગયો અને ઈસ્લામના લશ્કરનો વિજય થયો.

જંગે બદરની લડાઈમાં માત્ર ૧૯ મદીનાવાસીઓ અને કુરેશીઓના ૪૯ માણસો મરાણા હતા, બાકીનાને કેદ કરવામાં આવ્યા અને બીજા કેટલાક ભાગી ગયા. કેદ થયેલાને પયગમ્બર સાહેબે ફરી હુમલો ન કરવાની શરતે માફી આપી છોડી મુકયા.

જંગે બદરની લડાઇમાં થયેલા ચમત્કારીક વિજયથી ઈસ્લામીઓમાં નવું બળ આવ્યું. ત્યારબાદ એક પછી એક ૮૦ ધર્મ યુધ્ધો થયા હતાં, જેમાં જંગે ઓહદના યુધ્ધમાં શિસ્તના અભાવે હાર થઇ હતી, બાકીના દરેક યુધ્ધોમાં ઇસ્લામીઓનો વિજય થયો હતો. આ સઘળી લડાઈઓમાં હ. અલી (અ. સ.) એ આગેવાની ભર્યો ભાગ લીધો હતો. માત્ર જંગે તબુકની લડાઈમા ભાગ લીધો નહિ હતો, કારણ કે રસુલિલ્લાહે આપને મદીનાના રક્ષણનું કામ સોંપ્યું હતું.

હીજરી સનના બીજા વર્ષે રસુલિલ્લાહની વહાલીદુ ખતર હ. બીબી ફાતમાતુઝ ઝોહરાના લગ્ન ઈલાહી હુકમ અનુસાર મૌલા અલી (અ. સ.) સાથે થયા હતા. આ લગ્ન કોઇપણ પ્રકારની ધામધુમ વિના સાદાઇથી થયા હતાં અને હ. બીબી ફાતમાને દહેજમાં બહુ જુજ વસ્તુ આપી હતી.

હ. નબી મોહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) એ પોતાના પ્રથમ મહોરદાર બીબી ખતીજાની વફાત બાદ ૧૧ લગ્નો કર્યા હતા, જેમાં હ. અબુબકર (ર. સ.) ના પુત્રી બીબી આયશા સિવાય દરેક સ્ત્રીઓ વિધવા હતી. રસુલિલ્લાહે વિધવાના ઉધ્ધાર

અર્થેજ આ લગ્નો કર્યા હતા.

હીજરી સનના પાંચમાં વર્ષે ખંદકની લડાઇ થઇ હતી, જેમાં ઇસ્લામીઓનો શાનદાર વિજય થયો હતો. મકકાવાસીઓનું લસ્કર ૧૦૦૦૦નું હતું, જ્યારે મદીના-વાસી ઇસ્લામીઓનું માત્ર ૩૦૦૦નું હતું. દુશ્મનો તરફનો મહાન લડવૈયો "અમર ઇબ્ને અબ્દેવદ" આ લડાઈમાં હ. અલી (અ. સ.) ના હાથે મરાણો હતો. બાદ દુશ્મનનોના લશ્કરમાં કુદરતી વંટોળીઓ અને આંધી આવી જેથી તેઓ માલ અસબાબ છોડીને છિન્નભિન્ન હાલતમાં ભાગી ગયા. ઇસ્લામનો આ એક મહાન વિજય હતો. આ વિજય પછી ઇસ્લામીઓ વધુ જોરાવર અને સંગઠીત બન્યા હતા. ઇસ્લામનું દાવતનું કામ પણ બમણા જોરથી થવા લાગ્યું હતું.

રસુલે કરીમે ઇસ્લામની દાવત માટે અનેક વાએઝીનની નિમણુંક કરી હતી અને તેઓને જુદા જુદા પ્રદેશમાં મોકલ્યા હતા. દેશાવર ખાતે દાવતનું કામ કરવા જનાર વાએઝીનને કાર્યપદ્ધતિ અને તેઓની પવીત્ર ફરજનું ભાન આપ સારી રીતે કરાવી પછી વિદાય આપતા હતા. આ રીતે ઇસ્લામની દાવતનું કામ નમુનેદાર રીતે ચાલતું હતું.

આ દાવતનું કામ અપુર્વ પ્રગતિ સાથે ચાલતું છતાં મકકા અને મદીનાની રિયાસતોની આપસમાં દુશ્મની ચાલુજ હતી. પયગમ્બર સાહેબ જાણતા હતા કે જ્યાં સુધી આ બે રાજ્યો મિત્ર નહીં બને ત્યાં સુધી અખંડ અરબસ્તાન થઈ શકશે નહીં તેમ અરબસ્તાન આઝાદીપુર્વક સુખ શાંતિથી રહી શકશે નહીં. આ સિવાય મકકામાં આવેલા પવિત્ર સ્થળ "કાબતુલ્લાહ" ઉપર દરેક અરબોનો સરખો હકક હતો. આ પવિત્ર સ્થળે દર વર્ષે મેળો ભરાતો અને તેમાં દરેક અરબો ભાગ લેતા. મદીનાવાળા મકકાની હજ કરવા ઘણાજ આતુર હતા પણ અંદરોઅંદરના સંપના અભાવે ઘણી ભીતી રહેતી હતી.

આપ મદીના પધાર્યા અને ઠરીઠામ થઈ રહેવા લાગ્યા ત્યારબાદ ઇસ્લામ મઝહબની ક્રિયાઓ ઇલાહિ હુકમ પ્રમાણે મુકરર કરતા ગયા. નમાઝ પડવા માટેનો કીબલો કાબેતુલ્લા તરફ રાખવાનું, અઝાન પુકારવાનું, નમાઝ બા કાયદા પડવાનું તેમ રોઝા, ઝકાત, હજ વિગેરેના નિયમો દાખલ કર્યા હતા.

મદીનાવાસીઓની હજ માટેની આકાંક્ષા જોઈ હ. રસુલે કરીમે ૧૪૦૦ ઇસ્લામીઓને સાથે લઇને હજ માટે મકકા શરીફ જવા રવાના થયા. આ હજના સમયમાં લડાઇઓ બંધ રહેતી જેથી ખાસ ભય ન હતો. છતાં દુશ્મનોએ ૮૦

માણુસોની ટુકડી મોકલી મદીનાવાળાઓનો રસ્તો રોકયો. નબી સાહેબે કંઈ સામનો ન કર્યો તેમ હથિયારનો પણ ઉપયોગ ન કર્યો છતાં ઇસ્લામીઓએ પેલા ૮૦ માણુસોને પકડી લીધા અને પયગમ્બર સાહેબ પાસે હાજર કર્યા. પયગમ્બર સાહેબે આ સઘળાને ઉદાર દિલે માફી આપી. આથી મકકાવાસીઓ ઉપર તેની સારી અસર થઈ. આ પછી બન્ને પક્ષો એકત્ર થયા અને સુલેહના કરારો કરવામાં આવ્યા. દેશની અખંડતા જળવાઈ રહે અને ધર્મનું રક્ષણ થતું રહે તે માટે દુશ્મનો તરફ ઉદાર દિલે વર્તાવ કર્યો અને સુલેહનામું લખાણું. આ સંધીને "હુદેબીયાની સંધી" ના નામથી ઓળખવામાં આવે છે. આ હજ ઇસ્લામીઓની પહેલી હજ હતી.

આ પછી હીજરતના સાતમા વર્ષે બીજી હજ થઇ. આ પછી મકકાના મોટા મોટા કબીલાઓએ ઇસ્લામનો સ્વિકાર કર્યો હતો. આ સમયે ઇસ્લામીઓનું ચિંતાનું એક મોટું કારણ યહુદીઓ હતા. યહુદીઓની કપટનીતિ અને ફિસાદથી ઇસ્લામીઓ તંગ આવી ગયા હતા. વારંવાર સમજુતીથી કામ લેવાની ઇસ્લામી-ઓની ન્યાય અને શાંત વલણનો યહુદીઓ તરફથી ગેરલાભ લેવામાં આવતો હતો આના પરિણામે "ખયબર" ની લડાઈ થઈ.

જંગે ખયબરમાં હ. પયગમ્બર સાહેબે હ. ઇમામ અલી (અ. સ.) ની સહાય લીધી હતી. હ. અલી (અ. સ.) ની શુરવીરતાના કારણે ૪૦ દિવસમાં ખયબરનો કિલ્લો સર કર્યો હતો. આ બનાવ ઇતિહાસમાં સુપ્રસિધ્ધ છે.

ખયબર ઉપર ઇસ્લામીઓએ શાનદાર વિજય મેળવ્યો પણ યહુદીઓ સાથે પયગમ્બર સાહેબે અજબ ઉદારતા દાખવી હતી. ખયબરની લડાઈ પછી યહુદીઓ શાંત પડયા. મધ્ય અરબસ્તાન હવે સંપુર્ણ શાંત બન્યું હતું. અહિંની પ્રજા ઇસ્લામમાં દાખલ થઈ હતી અને નીતિભર્યું શાંત જીવન પસાર કરી રહી હતી. આ પછી આપે ઉત્તર અને દક્ષિણ તરફ લક્ષ કેન્દ્રિત કર્યું. આ વિસ્તાર પરદેશીઓના હાથમાં હતો. આ બે વિસ્તારોમાંથી દક્ષિણ વિસ્તાર ઇરાનના તાબામાં અને ઉત્તરનો વિસ્તાર રોમના તાબામાં હતો.

આ બન્ને પરદેશી સત્તાઓ ઇરાન અને રોમ હમેશાં આપસમાં ઝઘડાઓ કરતી હતી. હ. નબી સાહેબે આ બન્ને વિસ્તારોના સમ્રાટોને શાંતપણે રાજ્ય કરવાનું, અધર્મ તજી દેવાનું અને નીતિ અપનાવવાનું કહેણ મોકલ્યું અને ઇસ્લામનો મહાન સિધ્ધાંત પણ સમજાવ્યો. સંદેશા લઇને એલચીઓ રવાના થયા પણ આંતર રાજ્યના કાનુનનો ભંગ કરી સુલેહના દુતોને મારી નાંખવામાં આવતાં.

આનું પરિણામ યુદ્ધમાં આવ્યું અને લડાઈ થઈ. આ લડાઇને જંગે "મુતા" ના નામથી ઓળખવામાં આવે છે.

જંગે મુતામાં ઈસ્લામીઓ અને ઇસાઇઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયું, જેમાં ઈસ્લામીઓનો એક વધુ ભવ્ય અને શાનદાર વિજય થયો અને ઉત્તર અરબસ્તાન પણ ઇસ્લામી સલ્તનત નીચે મુકવામાં આવ્યું.

આ ચિંતાનો નાશ થયો કે તુરતજ મકકવાસીઓનો ફરી સળગતો પ્રશ્ન ઉપસ્થિત થયો. મકકાવાસીઓ "હુદેલીયાના કરાર" નો ભંગ કરવા લાગ્યા હતા. અંતે અહિં કાયમી શાંતિ સ્થાપવા એક વધુ યુદ્ધ માટે તૈયારી કરવામાં આવી અને આખરે ૧૦૦૦૦ ના લશ્કર ઉપર હ. ઉમરને સરદારી આપી મદીના તરફ કુચ કરી પણ દુશ્મનોના દિલમાં ધાક બેસી જવાના પ્રતાપે નજીવા, સામના બાદ મકકા શહેર સર કરવામાં આવ્યું.

આ વિજય પછી મકકામાંથી અને કાબતુલ્લામાંથી મુર્તિપુજાનો સદંતર નાશ કરવામાં આવ્યો અને એક જ અલ્લાહ સિવાય કોઇને પણ પોતાના મઆબુદ તરીકે ન સ્વિકારવા ઢંઢેરો પીટાવવામાં આવ્યો. આ રીતે ઈસ્લામનો રાજકિય રીતે અને ધાર્મિક રીતે ચમત્કારીક વિજય થયો. હ. રસુલિલ્લાહને મદીનાનું રહેઠાણ પસંદ હોવાથી આપે કાયમી રહેઠાણ મદીના જ રાખ્યું.

મકકાની ફતેહ પછી એવું જ એક મુર્તિપુજાના કેંદ્રસમું હતું "તાયફ". તાયફવાસીઓ મદીનાની સરકારનો સ્વીકાર કરતા ન હતા. મકકાના પતન પછી તાયફવાસીઓ વધારે ઝનુની બન્યાં હતા. તેઓને દાબી દેવા ઈસ્લામી લશ્કર રવાના થયું. ખુબ ઓછી ખુનખરાબી થયા પછી આ બળવાખોરોને ઝેર કરવામાં આવ્યા. આ બળવાખોર પ્રદેશના લોકો ધીમે ધીમે સત્ય સમજવા લાગ્યા અને ઘણાઓ ઈસ્લામ કબુલ કરી નીતિથી જીવન જીવવા લાગ્યા. જે સ્થળેથી પયગમ્બર સાહેબને માર મારી હાંકી કાઢયા હતા એવા તાયફવાસીઓ આખરે પયગમ્બર સાહેબના વફાદાર અનુયાયી બની ગયા.

કેટલાક સમય પછી બીઝનટાઈનના શાહે અરબસ્તાન ઉપર હુમલો કર્યો. રસુલિલ્લાહે સામનો કરવા ઈસ્લામી લશ્કર મોકલ્યું અને "તબુક" પાસે આવ્યા. આ સમયે બીઝનટાઇનની રાજધાનીમાં બળવો થયો જેથી દુશ્મનો તેમાં રોકાઇ રહયાં. આમ પોતાના દેશના બળવાની શાંતિ જાળવવાના કાર્ય માટે દુશ્મનોએ સાધારણ સામના પછી લશ્કર પાછું ખેંચી લીધું અને ઈસ્લામી લશ્કરનો વિજય થયો.

જંગે તબુકની લડાઈ વખતે રસુલિલ્લાહ "તબુક" પધાર્યા હતા. એ સમય દરમ્યાન આપે હ. અલી (અ. સ.)ને પોતાના ખલિફ તરીકે નિમણુંક કરી મક્કાના રક્ષણની જવાબદારી સોંપી હતી. આપે આ વખતે ફરમાવ્યું હતું કે, "અમારી જગ્યાએ હ. અલી (અ. સ.) ની નિમણુંક કરીએ છીએ. જેમ હ. મુસાને હારૂન હતા તેમ હ. અલી અમારા જમણા હાથ સમાન છે."

આજ સમયમાં ધ્યાન ખેંચનારો બનાવ એ બન્યો કે મદિનાની ઉતરે સીરિયાની સરહદ ઉપર આવેલા તાઈ કબીલાએ ઇસ્લામનો સ્વિકાર કર્યો. આ તાઇ કબીલાનો સરદાર "અદીતાઇ" સુપ્રસિધ્ધ હાતમતાઇનો પુત્ર હતો.

ઉપરા ઉપરી મળેલા વિજયોને પરિણામે ઇસ્લામની શકિતનો ખુબ વિકાસ થયો. રાજ્યનો વિસ્તાર પણ વધ્યો. ઉત્તરમાં સીરિયાની સરહદથી માંડીને દક્ષિણમાં હિંદી મહાસાગરના વિસ્તાર સુધી ઇસ્લામી સલ્તનતની આણ પ્રર્વતતી હતી. રોમ અને ઇરાન જેવી સત્તાઓ આપસના ઝઘડામાં રોકાએલી હતી એટલે ઇસ્લામી રાજ્યને તેનો ભય નહિ હતો.

રસુલિલ્લાહએ હવે ઇસ્લામી રાજ્યને સુવ્યવસ્થિત બનાવવાને સઘળું લક્ષ કેન્દ્રીત કર્યું. જુદા જુદા પ્રાંતોમાં પીઢ અને કાબેલ હાકમોની નિમણુંકો કરી. ન્યાયનીતિ અને રક્ષણ માટે પુરતી તકેદારી રાખવામાં આવી. મુસ્લીમો અને બીન મુસ્લિમોને સમાન નાગરીક અધિકારો આપવામાં આવ્યા.

ઇસ્લામી લડાઇઓની મહાન ફતેહો અને સુવ્યવસ્થાના સમયે આપની ઉમર ૬૨ વર્ષની હતી. હવે આપે હજ માટે તૈયારી કરવા માંડી. ઇ. સ. ૬૩૨ માં એટલે હીજરી સન ૧૧ માં વર્ષે એક લાખ ચાલીસ હજાર મુસ્લિમો સાથે આપે મક્કા શરીફ જઇને હજ કરી ઇસ્લામી ઇતિહાસમાં આ હજને "હજ્જતુલ અકબર" અને હજ્જતુલ વિદા" યાને મોટી હજ અને આખરી હજ તરીકે ઓળખવામાં આવે છે. હજની ક્રિયા પુરી કરી આપે "અરફા" ની ટેકરી ઉપરથી હાજરીન સઘળા મુસલમાનોને ગંભીર વદને અસરકારક ઉપદેશ આપ્યો અને નીતિ વચનો સંભળાવ્યા અને ફરી એક વખત સહુને પરમસત્ય વિષેનું રહસ્યમય જ્ઞાન સંભળાવ્યું. સ્ત્રી પુરૂષોના માનવ અધિકારોની સમજણ આપી દરેકને સહુ સહુના અધિકારો પ્રમાણે વર્ત્વા અને તેને જાળવી રાખવા આજ્ઞા કરી. ગુલામો પ્રત્યે મમતાભર્યું વર્તન રાખવા નસિહત કરી.

આ સઘળી નસિહતો આપની અંતીમ હતી કારણ કે આપ

ફરી હજ નિમીતે મક્કા આવી શકવાના નહિ હતા. હજ કરવા આવેલા મુસલમાનોને હિદાયત કરી આપ મદીના જવાને રસ્તામાં "ગદીરે ખુમ" નામના મેદાન પાસે સઘળા મુસલમાનો સહીત આવ્યા ત્યારે આપને ઇલાહિ વાણી સંભળાઇ તે એ હતી કે :–

**"યા અય્યુહર રસુલો બલ્લિગમાં ઉન્ઝેલ એલયકા મિર્રબ્બેક વઇલિલમતફ્અલ ફ્મા બલ્લગત રેસાલહુતહુ; વલ્લાહો યઅસેમોકમેનન નાસ; ઈન્નલ્લાહ લા યહદિલ કવમલ કાફેરીન."**

"અય રસુલ! તમારા પાલણહાર તરફથી જે તમારી ઉપર નાઝિલ થયું છે, તે (સંદેશો લોકોને) પહોંચાડી દો; અને જો તમે એમ નહિ કરશો, તો પછી તમો એ તે (ખુદા)ના પયગામનો પ્રચાર કર્યો નથી. અને ખુદાતઆલા તમોને લોકોથી બચાવશે. ખરેખર અલ્લાહ પાક અધર્મી લોકોને સદમાર્ગે લઇ જતો નથી."

(સુરે માએદાર આ. ૬૭)

આ ઇલાહી વાણી સાંભળી હ. પયગમ્બર સાહેબે ગદીરે ખુમના મેદાનમાં લોકોને એકઠા કર્યા. આ દિવસ ૧૮ મી ઝીલહજનો હતો. આપે આ ઇલાહિ સંદેશો સંભળાવવાને ઉંટોના કજાવાનું મિમ્બર બનાવ્યું અને સઘળા મુસલમાનો જોઇ શકે અને સાંભળી શકે તેમ મિમ્બર ઉપર ચડી બુલંદ અવાજે ઇલાહી સંદેશો કહી સંભળાવ્યો અને ત્યારબાદ આપે ઇલાહી હુકમ પ્રમાણે અવ્વલ ઇમામ હ. અલી (અ. સ.) ને આપના વસી–વારસદાર તરીકે જાહેર કર્યા. આપે વધુમાં તેઓના વિષે જાહેરાત કરતાં સમજાવ્યું :–

**"અલ્લાહુહુમ્મા વાલમન વાલાહુ, વ આદેમન અદાહુ વ નસુર મન નસરહુ વખઝુલ મન ખઝલ."**

"અલ્લાહ તું તેને દોસ્ત રાખજે જે અલીની દોસ્તી રાખે છે. તું તેને સહાયતા કરજે જે અલીને સહાયતા આપે છે. જે અલીને ઉતારી પાડવા માંગે છે. યા અલ્લાહ! તું તેને ઉતારી પાડજે."

હ. અલી (અ. સ.) ને વસી જાહેર કર્યા બાદ નીચે પ્રમાણેનો ઇલાહી હુકમ કહી સંભળાવ્યો.

**"અલ યવમ અકમલતો લકુમ દીનકુમ વ અતમમતો અલયકુમ નેઅમતી વ રઝીતો લકોમુલ ઇસ્લામ દીના."**

"આજ દિવસે મેં તમારા માટે તમારો ધર્મ સંપુર્ણ કર્યો છે અને તમારા ઉપર મેં મારી મહેરબાની પુરી કરી છે અને તમારા માટે મેં ઈસ્લામ ધર્મ પસંદ કર્યો છે."

(સુરતુલ માએદા આ. ૩.)

આ ઇલાહી વાણી દ્વારા વિશ્વમાં રસુલિલ્લાહે ઝમાનાના ઇમામને જાહેર કર્યા અને ઇમામની મહાનતાઓ સાથે બોધ આપ્યો. જાહેર ઇમામ વગર ધર્મ અધુરો છે. ઇમામ વગર અલ્લાહની નિયામતો પુરી થતી નથી. ઇમામથીજ સઘળું સંપુર્ણ થાય છે, એવો મહત્વપુર્ણ બનાવ "ગદીરે ખુમ" ના મેદાનમાં આપના છેલ્લા જીવન પ્રસંગે પ્રસિધ્ધ થયો. ઇસ્લામ કે જે અલ્લાહનો પસંદ કરાએલો મઝહબ છે તે સાથે તેની સંપુર્ણતા ઝમાનાના ઇમામથી થાય છે. એ બાબત આનાથી સહેજે સમજાય તેવી છે.

ઉપરોકત ઇલાહિ આજ્ઞા સાંભળી ઇસ્લામીઓમાં અનેરો આનંદ વ્યાપી ગયો અને "અંતા મૌલાઇ, અંતા મૌલાઇ" ની ગગનભેદી ગર્જનાઓથી ગદીરે ખુમનું મેદાન ગાજી ઉઠયું. બાદ સહુએ હ. અલી (અ. સ.) ને મુબારકીઓ આપી. જેમાં હ. ઉમર (રઝી.) પ્રથમ હતા. ઇસ્લામના રાજકવિ હિસ્સામ બિન સાબિતે એક કસીદો રજુ કર્યો જેથી આખાય વાતાવરણમાં "યાઅલી, યાઅલી"નો મુબારક નાદ ગુંજી ઉઠયો.

આ રીતે વિશ્વના ઇમામની ઝહુરાત થઇ અને તે દિવસે ઇસ્લામ સંપુર્ણતાએ પહોંચ્યો અને વિશ્વને સદા પ્રકાશ દાખવનાર દિવ્ય ઇમામ મળ્યા.

આપ "ગદીરે ખુમ" થી મદીના પધાર્યા. આપની ઉમર હવે ૬૩ વર્ષની થઇ હતી. આપને ઇસ્લામના પ્રચારથી અને અનેક લડાઇઓ તેમ સતત કામકાજથી થકાવટ આવી ગઇ હતી. આપ શરીરે અશકત થઇ ગયા હતા અને આપને તાવ આવવા લાગ્યો હતો.

આવી બીમાર હાલતમાં પણ આપ મસ્જીદમાં જતાં અને છેલ્લી નસિહતો સંભળાવતા. આપની માંદગીથી ઇસ્લામીઓ વ્યાકુળ બની ગયા હતા. દિવસે દિવસે આપ શારીરીક રીતે વધુને વધુ અશકત થતા ગયા. આપ હવે મસ્જીદમાં પણ જઇ શકતા નહીં હતા. આથી લોકોમાં વધુ બેચેની વ્યાપી ગઇ.

આ દરમ્યાન ફરી આપે હ. અલી (અ. સ.)ની પવિત્ર આલ અને કુરાને શરીફને વળગી રહેવા આજ્ઞા કરી અને આ મહાન ઇલાહિ રસી જે હંમેશા હાજર અને મોજુદ રહેશે અને હમેશાં અતુટ રહેશે અને તેને વળગી રહેવા હિદાયત કરી હતી.

આ પછી એક રાતે આપને વધુ તાવ આવ્યો, જેથી આપ ઘણા જ અશક્ત થઈ ગયા. આ સ્થિતિમાં પણ આપ પરવરદિગારને યાદ કરતા હતા. કુટુંબીજનોને તેમ મુસલમાનોને નારાજ ન થવા ભલામણ કરતા હતા. આપ સાથે નસિહતો પણ કરતા હતા. પછીના દિવસો વધુ માંદગીમાં પસાર થયા. આખરે હી. સ. ૧૧માં આપ ૬૩ વર્ષનું આયુષ્ય ભોગવી આ ફાની દુનિયામાંથી રહેલત ફરમાવી ગયા. આપની વફાત વખતે આપના મુખમાંથી "ઉમ્મતિ ઉમ્મતિ" યાને મારી ઉમ્મત મારી ઉમ્મતના દર્દ અને લાગણીભર્યા ઉદ્‌ગારો નીકળતા હતા.

હ. રસુલ કરીમ (સ. અ. વ.) ની વફાત બાદ હ. અલી (અ. સ.) આપની અંતિમ ક્રિયામાં રોકાયા હતા. આ સમયે ઇસ્લામીઓએ ઇસ્લામના ખલિફાની ચુંટણી માટે ચર્ચા શરૂ કરી પરિણામે હ અબુબકરને ઇસ્લામના ખલિફા તરીકે ચુંટી કાઢયા. ખલિફા તરીકે હ. અલી (અ. સ.)નો હકક થતો હોવા છતાં ઈસ્લામીઓની ઐકયતા જળવાઇ રહે અને શાંતિથી ઇસ્લામનું રાજય ચાલે તે માટે આપે પોતાના હકકને જતો કર્યો. પરિણામે હ. અલી (અ. સ.) મુસ્લિમોના આધ્યાત્મિક વડા તરીકે તો રહયા જ અને રસુલિલ્લાહના ઉતરાધિકારી તરીકે તેઓશ્રી અવ્વલ ઇમામ બન્યા અને તેઓથી પેઢી દર પેઢી ઇમામો જાહેર થતા રહી આજ સુધી ઝમાનાના ઈમામ તરીકે દુનિયાને હિદાયત કરી, સિરાતલ મુસ્તકીમ યાને સતપંથ બતાવી રહયા છે અને રોજે કયામત સુધી એ હિદાયતના માલીક ઝમાનાના ઈમામ હાઝર અને મૌજુદ રહેશે.

END